# ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમ

## 331 - સમાજશાસ્ત્ર

પુસ્તક 1-2-3

અભ્યાસક્રમ સંયોજક
સુશ્રી ગૌરી દિવાકર

ભાષાંતર સંયોજક
ડૉ.રાજેશ કુમાર

**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન**
(MHRD *નીચે સ્વાયત્ત સંસ્થા, ભારત સરકાર*)
A-24-25, *સંસ્થાકીય વિસ્તાર, સેક્ટર* -62, *નોઈડા* -201309 (*યુ. પી.*)
*વેબસાઈટ* : www.nios.ac.in, *ટોલ ફ્રી નં.* . 18001809393

© રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન

મુદ્રણ :એપ્રિલ , 2015 પ્રત...

સચિવ, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન, એ-24-25, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા નેશનલ હાઈવે 24, સેક્ટર-62, નોઈડા-201309 દ્વારા
પ્રકાશિત અને મુદ્રિત : ન્યુ ઈનાબ ઓફસેટ, સી -91, ઓખ્લા ઈન્ડલ એરીયા, ફેસ -1, ન્યુ દિલ્હી - 110020

## અભ્યાસક્રમ સમિતી

પ્રમુખ
પ્રો. સચ્ચિદાનંદન
ચેરમેન, એ. એન. સિન્હા સંસ્થા
પટના

પ્રો. ડી. સુંદરમ્
રીટા. પ્રોફેસર એન્ડ H.O.D.
મદ્રાસ યુનિવર્સિટી

પ્રો. એસ. એન. રાઠા
રીટા. પ્રોફેસર એન્ડ H.O.D.
મદ્રાસ યુનિવર્સિટી

પ્રો. રાજેન્દ્ર પ્રસાદ
રીટાર્યર ડાયરેક્ટર
આગરા
ઈન્ડિયન સોશીયલ સાયન્સ એસોશીએશન

પ્રો. એમ. એન. કર્ણ
વિભાગધ્યાક્ષ - સમાજશાસ્ત્ર
નેહ યુનિવર્સિટી

પ્રો. એ.બી. શરણ
રિટા. પ્રોફેસર એન્ડ વિભાગાધ્યક્ષ
રાંચી યુનિવર્સિટી
રાંચી

પ્રો. વી.એસ. ઉપાધ્યાય
રિટા. પ્રોફેસર એન્ડ હેડ
રાંચી યુનિવર્સિટી
રાંચી

ડૉ. એસ. પ્રસાદ
રિટા. એન.સી.ઈ.આર.ટી.
ન્યુ દિલ્હી

ડૉ. મંજૂ ભટ્ટ
ડી.ઈ.એસ.એસ.એચ
એન.સી.ઈ. આર.ટી.
ન્યુ દિલ્હી

સંયોજક
પ્રિતી શ્રી વાસ્તવ
કાર્યપાલક અધિકારી
એન. આઈ. ઓ.એસ

## સમીક્ષક સમિતિ

પ્રમુખ
પ્રો. જે.એસ.ગાંધી (પ્રિતિષ્ઠિત વિદ્વાન)
સેન્ટર ઓફ સ્ટડીઝ ઓફ સોશિયલ સિસ્ટમ્સ
જવાહરલાલ નહેરુ, યુનિવર્સિટી
દિલ્હી

**સભ્યો**

પ્રો. તુલસી પટેલ
ડિપાર્ટમેન્ટ ઓફ સમાજશાસ્ત્ર ભવન,
અર્થશાસ્ત્ર સ્કૂલ - દિલ્હી
દિલ્હી યુનિવર્સિટી
દિલ્હી

પ્રો. બી.કે. નાગલા
સમાજશાસ્ત્ર ભવન,
મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી
દિલ્હી યુનિવર્સિટી
દિલ્હી

શ્રી રવિ કપૂર
પ્રવાચક (રીટાયર)
સમાજશાસ્ત્ર ભવન,
જામીઆ મિલીઆ ઈસ્માલીઆ
દિલ્હી

ડૉ. કિરણ પ્રીત
પ્રવાચક
સમાજશાસ્ત્ર ભવન,
પંજાબ યુનિવર્સિટી
ચંદીગઢ

## સંપાદક

પ્રમુખ
પ્રો. જે.એસ.ગાંધી (પ્રિતિષ્ઠિત વિદ્વાન)
સેન્ટર ઓફ સ્ટીડીઝ ઓફ સોશિયલ સિસ્ટમ્સ
જવાહરલાલ નહેરુ, યુનિવર્સિટી
દિલ્હી

## એન.આઈ.ઓ.એસ. સંયોજક ટીમ

ડૉ. સુસ્મિતા મિશ્રા
સંસ્થાપક (એકેડેમીક)

ડૉ. ઓ.પી. શર્મા
સહાય સંસ્થાપક
(એકેડેમિક)

ડૉ.સોમા. ભટ્ટાચાર્ય
સંસ્થા અધિકારી (અંગ્રેજી)

## ગુજરાતી ભાષાંતર

ડૉ. મહેન્દ્ર ચોટલિયા
એસો. પ્રોફેસર,
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
સરદાર પટેલ યુનિર્વસિટી

શ્રી વિશાલ ભાદાણી
આસી. પ્રોફેસર
ડિપાર્ટમેન્ટ.ઓફ. કોમ્પ્યુ. સ્કિલ,
મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ

## તમારી સાથે બે બોલ...

*વ્હાલા વિદ્યાર્થી મિત્રો,*

*સમાજશાસ્ત્ર વિષયમાં તમારું સ્વાગત છે. ઉચ્ચતર માધ્યમિક ધોરણમાં આ નવો વિષય છે સમાજશાસ્ત્ર એ સામાજિક સંબંધો અને વ્યવહારનો અભ્યાસ કરે છે. આ વિષય સામાજિક સંબંધો કેવી રીતે વિકસે છે અને પરિવર્તન-ને સમજવામાં મદદ કરશે. તદઉપરાંત તમને સમાજ સંતુલનને ટકાવી રાખનાર વિવિધ પ્રક્રિયાઓ અને ઘટકો સમજવા મળશે.*

*આ વિષય દ્વારા તમને સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો, ભારતીય સમાજ અને વિવિધ સામાજિક સંસ્થાઓ વિશે પરિચિત કરશે.*

*અભ્યાસક્રમ પાંચ પુસ્તકમાં વિભાજિત છે. પ્રથમ ચાર પુસ્તક ફરજિયાત છે. જયારે પાંચમું પુસ્તક એ વૈકલ્પિક છે, જેમાં બે માંથી કોઈ એક વિકલ્પ પસંદ કરી શકો.*

*પહેલા પુસ્તકમાં તમે સમાજશાસ્ત્રનો ઉદ્દભવ અને મહત્ત્વનાં મૂળભૂત ખ્યાલો તદઉપરાંત સમાજના અભ્યાસ માટેની ચોક્કસ રીતનો અભ્યાસ કરશો. બીજા પુસ્તકમાં તમે મહત્ત્વની વૈશ્વિક સામાજિક સંસ્થાઓનો અભ્યાસ કરશો. ત્રીજું પુસ્તક સામાજિક પરિવર્તન, સામાજિકરણ, સામાજિક નિયમન, વિઘટન અને પર્યાવરણ વિશે માહિતગાર કરશે. ચોથું પુસ્તક ભારતીય સમાજનાં વિવિધ ભાગો અને સમાજના વિવિધ ભાગોની સમસ્યાઓની માહિતી આપશે.*

*પાંચમા પુસ્તકમાં કોઈ બે માંથી એક અભ્યાસક્રમ પસંદ કરી શકો જેવા કે સ્ત્રીઓનો દરજજો અને સંસ્કૃતિ. સ્ત્રીઓના દરજજાનો મોડ્યુલ સ્ત્રીઓનો દરજજો અને જાતીય અસમાનતા વિશે માહિતગાર કરશે. સ્ત્રીઓની સમસ્યાઓ, સમાનતા અને સ્ત્રી સશક્તીકરણના પ્રયાસો વિશે પરિચિત કરશે. સંસ્કૃતિનો મોડ્યુલ ભારતીય સાંસ્કૃતિક વારસો અને સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તદઉપરાંત સંસ્કૃતિ ઉપર સમૂહ સંચારના માધ્યમોની અસર વિશે માહિતગાર કરશે. સામાજિક જાગૃતિ આપણને સંપૂર્ણ વૈશ્વિક માણસ અને સમાજમાં સારી રીતે રહેતા શીખવે છે.*

*અંતે, પ્રથમ પુસ્તકમાં શું અભ્યાસ કરવાનો છે તે કહીએ સમાજશાસ્ત્ર વિશે અને તેનો યુરોપ અને ભારતમાં ઉદ્દભવ વિશે માહિતગાર થશો. તમે સમાજશાસ્ત્રનો સામાજિક વિજ્ઞાન જેવા કે ઈતિહાસ, રાજકીય વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વગેરેનો સંબંધ સમજશો. સમાજના અભ્યાસ માટેની ચોક્કસ રીતો પણ શીખશો. સમાજ, સમૂહ, સંગઠન અને સંસ્થાઓ વચ્ચેનો ભેદ ઓળખવા, સમર્થ બનશો. સામાજિક ખ્યાલો વિશે તમે પરિચીત થશો અને અંતે સમાજની વિવિધ પ્રક્રિયાઓ વિશે શીખશો.*

*શુભેચ્છાઓ સાથે !*

**- પાઠયક્રમ સમિતિ**

# વાંચન સામગ્રીનો ઉપયોગ કેવી રીતે કરશો ?

સ્વ-અધ્યયન પસંદ કરવા બદલ આપને શુભેચ્છાઓ. તમારી અનુકુળતા અને સગવડ માટે, વિષય નિષ્ણાંતોની મદદથી નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કૂલીંગ' દ્વારા આ વાંચન સામગ્રી તૈયાર કરવામાં આવેલ છે. સ્વ-અધ્યયનમાં મદદરૂપ થઈ શકે તે અંગે જરૂરી રચના/પગથીયાંનું પાલન કરવામાં આવેલ છે. આપવામાં આવેલ સુચનોનું પાલન કરીને આપ શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરી શકશો. ઉપયોગમાં લીધેલ સાંકેતિક ચિન્હો આપના અભ્યાસમાં મદદરૂપ થશે.

**શિર્ષક :** પાઠની વિષયવસ્તુની સ્પષ્ટ માહિતી આપશે. શિર્ષક ખાસ વાંચો.

**પ્રસ્તાવના :** આગળના પાઠ સાથે તેનો સંબંધ સ્થાપી, પાઠની વિગત વાર માહિતી આપશો.

**હેતુઓ :** પાઠના અભ્યાસના અંતે તમારી પાસેથી શું શિખવાની અપેક્ષા છે તે સુચવતા વિધાનો છે. તમારે તે ધ્યાનથી વાંચવા અને પાઠના અભ્યાસના અંતે તમે તે પ્રમાણે શિખ્યા કે નહીં તેની ખાતરી કરો.

**વિષયવસ્તુ :** વિષય વસ્તુને જુદા-જુદા પાઠમાં વહેંચેલ છે. એક ભાગ તમને બીજા ભાગ સુધી લઈ જાય છે. ખાનામાં, મોટા કે **ઘાટા** અક્ષરે/*ત્રાસા* અક્ષરોમાં દર્શાવેલ વિગતો ખૂબ અગત્યની માહિતી દર્શાવે છે, ખાસ વાંચો અને ધ્યાનમાં રાખો.

**નોંધ :** દરેક પાના પર થોડી ખાલી જગ્યા રાખેલ છે, જેનો આપ ઉપયોગી નોંધ કરવા કરી શકો છો.

**પાઠગત પ્રશ્નો :** દરેક પાઠના અંતે હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો તેના જવાબ સાથે આપેલા છે. જે તમને તમારી પ્રગતિ ચકાસવામાં મદદ કરશે. તેના જવાબ આપી તમારી પ્રગતિ ચોક્કસ ચકાસો. તેના પરથી મળતું તારણ તમારે આગળના પાઠ પર જવું કે પાઠની ફરીથી તૈયારી કરવી તે જણાવશે.

**તમે શું શિખ્યા ?** પાઠની મુખ્ય વિગતો કે તેમાં સમાયેલા મહત્વના મુદ્દાઓની યાદી દરેક પાઠના અંતે આપેલ છે. જે તમને તમે કરેલ અભ્યાસના પુનરાવર્તન (રીવીઝન)માં મદદ કરશે. આ યાદીમાં તમને જરૂરી લાગે તેનો ઉમેરો કરી શકો છે.

**સ્વ-અધ્યયન માટેના પ્રશ્નો :** દરેક પાઠના અંતે લાંબા અને ટુંકા પ્રશ્નો મહાવરા માટે આપેલ છે જે તમને પાઠની પુરી સમજ અને તૈયારીમાં મદદ કરશે.

**સ્વ-અધ્યયનના પ્રશ્નોના જવાબ :** સ્વ-અધ્યયનના પ્રશ્નોના તમે આપેલા જવાબ કેટલા સાચા છે તે જાણવામાં આપને મદદ કરશે.

**પ્રવૃત્તિ :** વિષય વસ્તુની સારી સમજ માટે કેટલીક પ્રવૃત્તિ દર્શાવેલ છે, જે કરવાંથી આપ વિષય વસ્તુનો શ્રેષ્ઠ અભ્યાસ કરી શકશો.

# વાંચન સામગ્રીનું સર્વસામાન્ય નિરીક્ષણ

**પુસ્તક - 1**

**મોડ્યુલ- 1 : સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો**

1. સમાજશાસ્ત્રઃ એક પરિચય
2. સમાજશાસ્ત્રનો ઉદ્દભવ અને વિકાસ
3. સમાજશાસ્ત્રનો અન્ય સમાજ- વિજ્ઞાન સાથે સંબંધ
4. સમાજશાસ્ત્રમાં સંશોધન માટેની પદ્ધતિઓ અને કાર્યરીતિઓ
5. સમાજ, સમુદાય, સંઘ અને સંસ્થા
6. સામાજિક સમૂહ
7. સામાજિક સંરચના અને પ્રણાલી
8. સામાજિક ધોરણો અને મૂલ્યો
9. દરજ્જો અને ભૂમિકા
10. સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષ
11. સંક્રમણ, આત્મસાતીકરણ અને એકીકરણ

**પુસ્તક - 2**

**મોડ્યુલ - 2 : સમાજશાસ્ત્રનો અન્ય સમાજ-વિજ્ઞાન સાથે સંબંધ**

12. લગ્ન
13. કુટુંબ
14. સગપણ/સંબંધ
15. અર્થવ્યવસ્થા, રાજય વ્યવસ્થા અને ધર્મ
16. સામાજિક સ્તરીકરણ

**પુસ્તક - 3**

**મોડ્યુલ - 3 : સામાજિક પરિવર્તન, સમાજીકરણ અને સામાજિક નિયંત્રણ**

17. સામાજિક પરિવર્તનનાં પરિબળો
18. સામાજિક પરિવર્તનની પ્રક્રિયાઓ
19. સમાજીકરણ : એક શૈક્ષણિક પ્રક્રિયા
20. સામાજિક નિયંત્રણ
21. સામાજિક વિચલન
22. સમાજ અને વાતાવરણ

**પુસ્તક - 4**

**મોડ્યુલ - 4 ભારતીય સમાજ**

23. ભારતીય સમાજ ચિંતન
24. એકતા અને અનેકતા
25. રાષ્ટ્રીય એકીકરણ : ખ્યાલ અને પડકાર
26. ભારતીય સમાજ : આદિવાસી ગ્રામણી અને નગરીય
27. ભારતમાં જાતિ વ્યવસ્થા
28. ભારતના મુખ્ય ધાર્મિક સમુદાયો
29. ભારતની મુખ્ય સામાજિક સમસ્યાઓ
30. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સમસ્યાઓ
31. અન્ય પછાત વર્ગોની સમસ્યાઓ

પુસ્તક - 5 (વૈકલ્પિક મોડ્યુલ)

**વૈકલ્પિક મોડ્યુલ - 1 સ્ત્રીઓનો દરજ્જો**

32. ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય
33. લૈંગિક ભેદભાવ અને લૈંગિક સમાનતા
34. મહિલાઓની સમસ્યા
35. મહિલાઓનું સશક્તીકરણ અને મુક્તિ

**વૈકલ્પિક મોડ્યુલ - 2 સંસ્કૃતિ**

32. લગ્ન
33. કુટુંબ
34. સગપણ/સંબંધ
35. અર્થવ્યવસ્થા, રાજય વ્યવસ્થા અને ધર્મ

# વિષય સૂચિ

## મોડ્યુલ 1 - સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો


| પાઠ નં. | પાઠનું નામ | પાન નંબર |
|---|---|---|
| 1. | સમાજશાસ્ત્ર એક પરિચય | 1 - 10 |
| 2. | સમાજશાસ્ત્રનો ઉદ્દભવ અને વિકાસ | 11 - 22 |
| 3. | સમાજશાસ્ત્રનો અન્ય સમાજ- વિજ્ઞાન સાથેનો સંબંધ | 23 - 35 |
| 4. | સમાજશાસ્ત્રમાં સંશોધન માટેની પદ્ધતિઓ અને કાર્યરીતિઓ | 36 - 47 |
| 5. | સમાજ, સમુદાય, સંઘ અને સંસ્થા | 49 - 60 |
| 6. | સામાજિક સમૂહ | 61 - 71 |
| 7. | સામાજિક સંરચના અને પ્રણાલી | 72 - 83 |
| 8. | સામાજિક ધોરણો અને મૂલ્યો | 84 - 97 |
| 9. | દરજ્જો અને ભૂમિકા | 98 - 107 |
| 10. | સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષ | 108 - 121 |
| 11. | સંક્રમણ, આત્મસાતીકરણ અને એકીકરણ | 122 - 133 |

# 1

# સમાજશાસ્ત્ર - એક પરિચય

*સમાજ લોકો દ્વારા બને છે અને તેમાં એ લોકો માટે પણ સ્થાન છે કે, જેઓ તેને બનાવે છે. પોતાના રોજબરોજના જીવનમાં લોકો સામાન્ય રીતે માનવ સમાજ અને ખાસ કરીને એવા "સમાજ" વિશે વિચારે છે કે, જેમાં તેઓ રહે છે. યુરોપમાં આવેલી નવજાગરણ અને ઔદ્યોગિક ક્રાંતિએ માનવ સમાજ ઘડતરના પરંપરાગત આધારો પર પ્રશ્નાર્થ મૂક્યો, અને એક નવી મૂલ્ય- પ્રણાલી પર ધ્યાન કેન્દ્રિત કરીને તેની પૂનઃરચના કરી. આપણને સહજ પ્રશ્ન થાય છે એવું શું છે જે લોકોને પરસ્પર જોડી રાખે છે? એવી કઈ પ્રક્રિયાઓ છે જે લોકોનું સામાજિક અસ્તિત્વ બનાવે છે ? સમાજ કેવી રીતે ટકે છે? આ બધાં પાસાઓ દ્વારા સમાજની સંરચના થાય છે કે, જે ખરેખર સામાજિક સંબંધોના તાણા-વાણા છે. આનાથી સમાજશાસ્ત્રીઓને પ્રેરણા મળી કે તેઓ સમાજ સંરચના અને પ્રક્રિયાઓ પર પધ્ધતિસર વિચાર કરે.*

*આ પાઠમાં આપણે સમાજશાસ્ત્રના અર્થ વિશે ચર્ચા કરીશું એટલે કે, તેની વ્યાખ્યા અને સ્વરૂપ વિશે સમજૂતી મેળવીશું. તેમાં આપણે સામાજિક સંબંધોના લક્ષણો, અને વિષયવસ્તુના આધારે ઊભા થતાં સમાજશાસ્ત્રના સમગ્ર ચિત્રને સમજીશું. એટલે કે સમાજશાસ્ત્રના વિવિધ મુદ્દાઓનો અભ્યાસ કરીશું.*

## હેતુઓ

*આ પાઠનો અભ્યાસ કર્યા પછી તમે :*

- *સમાજશાસ્ત્રનો અર્થ સમજાવી શકશો,*
- *સમાજશાસ્ત્રના સ્વરૂપની ચર્ચા કરી શકશો,*
- *સમાજશાસ્ત્રીય દષ્ટિકોણ પર ચર્ચા કરી શકશો,*







- સમાજશાસ્ત્રના વિષયવસ્તુનું અને કાર્યક્ષેત્રનું વર્ણન કરી શકશો તથા
- રોજિંદા વ્યવહારમાં સમાજશાસ્ત્રની પ્રસ્તુતતા કહી શકશો.

## 1.1 સમાજશાસ્ત્ર એટલે શું?

ઓગસ્ત કોંતે પહેલા વિદ્વાન હતાં કે જેમણે માનવીય આંતરસબંધોના શાસ્ત્રનાં સંદર્ભમાં 'સમાજશાસ્ત્ર' શબ્દનો પ્રયોગ કરેલો. આ sociology શબ્દ મૂળ લેટીન શબ્દ 'સોસિયસ' (આંતરસબંધ) અને ગ્રીક શબ્દ લોગોસ (સિદ્ધાંત)ને જોડીને બન્યો છે કે જેનો અર્થ માનવીય આંતરસબંધોથી બનેલા સમાજનું વિજ્ઞાન કે સિદ્ધાંત થાય છે.કોંન્તે એવા સમાજશાસ્ત્રનું સ્થાપન કરવા માંગતા હતા કે એવા નિયમો પ્રગટ કરવામાં મદદ કરે જે તેમના વિશ્વાસ પ્રમાણે વિકાસ અને પરિવર્તનનું નિયંત્રણ કરે છે. હર્બટ સ્પેન્સરે સમાજના પોતાના પદ્ધતિસરના અભ્યાસનો વિકાસ કર્યો અને નિર્ભીકપણે 'સમાજશાસ્ત્ર' શબ્દનો પ્રયોગ ઉપયોગ કર્યો.

સરળ શબ્દોમાં કહીએ તો સમાજશાસ્ત્ર એટલે લોકજીવનનો અભ્યાસ કરવાની એક રીત. સમાજશાસ્ત્રીઓ એવું જાણવા માગે છે કે લોકો જેવું વર્તન કરે છે તેવું જ શા માટે કરે છે ? તેઓ સમૂહો શા માટે બનાવે છે ? શા માટે યુદ્ધ કરે છે? શા માટે પૂજા કે લગ્ન કરે છે? શા માટે મત આપે છે? અને લોકોના આંતર સબંધોથી નીપજે છે એવા દરેક કાર્ય શા માટે કરે છે? એટલે સમાજશાસ્ત્રની પરિભાષામાં આપણે એમ કહી શકીએ કે **સમાજશાસ્ત્ર સામાજિક સબંધો, સંસ્થાઓ અને સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ છે.** સમાજશાસ્ત્રીઓ એ સમાજશાસ્ત્રની ઘણી બધી વ્યાખ્યાઓ આપી છે. ઓગષ્ટ કોમ્તેએ સમાજશાસ્ત્રને વ્યાખ્યાયિત કરવાની સમસ્યાના ઉકેલરૂપે સમાજશાસ્ત્રને એક વિદ્યાશાખા કહીને તેના સ્વરૂપની રૂપરેખા આપી છે. ત્યાર પછીના સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રના અર્થ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ. હોબ હાઉસે સમજાવ્યું કે સમાજશાસ્ત્ર માનવમનની પારસ્પરિક ક્રિયાઓનો અભ્યાસ કરે છે. પાર્ક અને બર્ગેસનું માનવું એવું હતું કે "સમાજશાસ્ત્ર સામુહિક વ્યવહારનું વિજ્ઞાન છે." વળી, એમાઈલ દુર્ખામે વધુ ચોક્કસ/સ્પષ્ટ બનીને જણાવ્યું કે "સમાજશાસ્ત્ર સામાજિક વાતાવરણનો અભ્યાસ છે."

મેક્સ વેબરે જુદી રીતે સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપી છે. તે કહે છે કે માનવ પ્રવૃત્તિઓ કોઈ ક્રિયાભિમુખ હોય છે. ક્રિયાઓનો ઉદ્દેશ્ય હેતુઓની પરિપૂર્તિ હોય છે. સમાજમાં લોકો અમુક ધ્યેયો/હિતોની પ્રાપ્તિ માટે ક્રિયા કરતા હોય છે. મેક્સ વેબરના મતે આ ક્રિયાઓ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ છે. સમાજશાસ્ત્રના ઉદ્દભવથી લઈને આજ સુધી સામાજિક ક્રિયાઓને સમાજશાસ્ત્રના નિયમો ગણવામાં આવ્યા છે.

ટૂંકમાં એવું માની શકાય કે સમાજશાસ્ત્ર માનવ જીવનના સામાજિક પાસાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. તદુપરાંત, સમાજશાસ્ત્ર, માનવીય આંતર સબંધો પર વૈજ્ઞાનિક ઢબે એકત્રિત કરેલ જ્ઞાન ભંડાર છે. "આંતર સબંધ" એટલે આપણે એવું સમજી શકીએ કે બે કે વધુ વ્યકિતઓ વચ્ચેનો પારસ્પરિક સબંધ - આંતર-ઉદ્દીપન અને પ્રતિભાવ. **તેથી સમાજશાસ્ત્રીઓને સમાજમાં રહેતા વ્યક્તિ અને માનવ સમૂહો સાથે સબંધ છે. આ વ્યાખ્યાઓ પરથી આપણે એવું સમજીએ છીએ કે સમાજશાસ્ત્ર માનવ સમાજ અને સામાજિક વ્યવહારોની સાથોસાથ સામાજિક સબંધો અને તેના સ્વરૂપોનો અભ્યાસ છે.**

## 1.2 સમાજશાસ્ત્રનું સ્વરૂપ

સમાજશાસ્ત્ર એક વૈજ્ઞાનિક વિદ્યાશાખા છે. તેને વિજ્ઞાન એટલા માટે કહે છે તેમાં અન્વેષણ/શોધ માટે તટસ્થ/વસ્તુનિષ્ઠ અને વ્યવસ્થિત પદ્ધતિઓનો ઉપયોગ થાય છે, અને સામાજિક વાસ્તવિકતાનું મૂલ્યાંકન અનુભવજન્ય પૂરાવાઓ અને અર્થઘટનને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે. પણ તેને નૈસર્ગિક શાસ્ત્રો/વિજ્ઞાનના બીબામાં ઢાળી ન શકાય કારણ કે માનવીય વ્યવહાર / વર્તન પ્રાકૃતિક દુનિયાથી ભિન્ન છે. આ તફાવતોમાં એક એ છે કે, નૈસર્ગિક વિજ્ઞાનનું વિષયવસ્તુ સાપેક્ષ રીતે સ્થિર અને અપરિવર્તનશીલ હોય છે જ્યારે સમાજશાસ્ત્રનું વિષયવસ્તું લવચીક અને અને ગતિશીલ હોય છે.

### પાઠગત પ્રશ્નો

દરેક વિધાનની સામે સત્ય અથવા અસત્ય લખો :

1. ઔદ્યોગિક ક્રાંતિ અમેરિકામાં થઈ.
2. ઓગષ્ટ કોમ્તેને સમાજશાસ્ત્રના પિતા કહેવામાં આવે છે.
3. સમાજશાસ્ત્ર સામાજિક સબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ છે.
4. સમાજશાસ્ત્ર માનવ સમાજનો અભ્યાસ નથી.
5. માનવ વ્યવહાર લવચીક અને ગતિશીલ છે.

## 1.3 વિજ્ઞાન એટલે શું?

વિજ્ઞાન એટલે કોઈ વસ્તુ / પદાર્થ / ઘટના પર જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની તપાસમાં વસ્તુનિષ્ઠ / તટસ્થ પદ્ધતિઓ અને તર્કનો ઉપયોગ કરવામાં આવે. વિજ્ઞાનના ત્રણ લક્ષ્યો છે : પ્રથમ એ કે કોઈપણ વસ્તુ / ઘટના શા માટે બને છે તે સમજાવવું, બીજુ કે સામાન્યીકરણ કરવું એટલે કે વ્યકિતગત / વ્યક્તિક બાબતોથી પર જઈને એવા વિધાનો કરવા કે જે સમૂહ પર લાગુ થાય. ત્રીજું કે આગાહી કરવી, ઉપલબ્ધ જ્ઞાનના આધારે ભવિષ્યમાં શું બનવાનું છે તેની આગાહી કરવી.

વૈજ્ઞાનિક શોધનો મૂળ વિચાર, પૂર્વગ્રહ અને પક્ષપાત રહિત તટસ્થ /વસ્તુનિષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. તેથી જ સમાજશાસ્ત્રમાં નૈસર્ગિક વિજ્ઞાનની તટસ્થતા પ્રાપ્ત કરવાનો આગ્રહ હોય છે. વિજ્ઞાનની યોગ્ય પદ્ધતિ એ છે કે વિવર્ણાત્મક ધારણોને તથ્યો સાથે મેળવીને સતત અભ્યાસ ચકાસણી તપાસ થાય - ભલે એ તપાસ પ્રયોગો દ્વારા થાય, કે અનુભવ દ્વારા આ સંદર્ભમાં સમાજશાસ્ત્ર પણ વિજ્ઞાન છે કારણ કે તે સામાજિક વાસ્તવિકતાના તટસ્થ અને તાર્કિક જ્ઞાનની જરૂરિયાતો પૂરી કરે છે અને વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરે છે. જોન્સનન મતે સમાજશાસ્ત્રમાં વિજ્ઞાનના નીચે પ્રમાણેનાં લક્ષણો હોય છે.

(ક) **સમાજશાસ્ત્ર સૈદ્ધાંતિક છે :** તેમાં (સમાજશાસ્ત્રમાં) સંકુલ અવલોકનોનો સાર આપીને તર્ક

સંગત ધારણાઓના રૂપમાં પ્રસ્તુત કરવાનો પ્રયાસ હોય છે જે વિષયવસ્તુના કાર્ય કારણ સબંધ સમજાવવા સમર્થ હોય. તેનો મુખ્ય ધ્યેય, સામાજના સ્વરૂપને સમજાવવા માટે સમાજશાસ્ત્રીય આંકડાઓ/માહિતીનું અર્થઘટન કરવું અને સમજાવવું તથા એવી પૂર્ણધારણા રજૂ કરવી કે જેની અંતિમ પ્રમાણિતતા આગળ જતા અનુભવજન્ય સંશોધન દ્વારા ચકાસી શકાય.

(ખ) **સમાજશાસ્ત્ર અનુભવજન્ય છે :** સમાજશાસ્ત્ર અવલોકન અને તર્ક પર આધાર રાખે છે નહી કે અલૌકિક/અનુમાન આધારિત અને તેનાં પરિણામો નીપજો માત્ર ધારણા નથી હોતી એ સત્ય છે કે પોતાના સર્જનાત્મક કાર્યની શરૂઆતમાં વૈજ્ઞાનિક અનુમાનોનાં આધાર લે છે પણ આદર્શ રીતે તો તેઓ પોતાની વૈજ્ઞાનિક શોધના સ્વરૂપમાં પ્રગટ કરતાં પહેલા જ તે અનુમાનોની વાસ્તવિકતાલક્ષી ચકાસણી કરી છે. સમાજશાસ્ત્રીય જ્ઞાનનાં બધા જ પાસાંઓ સામાજિક વ્યવહારના મૂલ્યાંકનના વિષય છે. અથવા તો અનુભવજન્ય પરીક્ષણની ચકાસણીના આધારે તપાસી તોલી શકાય.

(ગ) **સમાજશાસ્ત્ર સંચયાત્મક છે :** સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો પરસ્પરપૂરક હોય છે, જૂના સિદ્ધાંતોના વિકાસ અને વિસ્તૃતીકરણથી નવા સિદ્ધાંતો બને છે. આમ, સૈદ્ધાંતિક એકીકરણ, સમાજશાસ્ત્રીય સૂત્રોના નિર્માણનું લક્ષ્ય બને છે. એટલે સમાજશાસ્ત્ર સંચયાત્મક છે.

(ઘ) **સમાજશાસ્ત્ર નીતિશાસ્ત્ર નથી :** સમાજશાસ્ત્રીઓ એવું પૂછતાં નથી કે કોઈ ચોક્કસ સામાજિક વર્તન સાચું છે કે ખોટું તેઓ માત્ર તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે. તેઓ સમસ્યાઓ/પ્રશ્નોને તપાસે છે. સમાજશાસ્ત્રનો પ્રાથમિક મુદ્દો માનવીય સબંધોનો અભ્યાસ છે. આ સંદર્ભમાં, મોરીસ જીન્સબર્ગ એવું માને છે કે નૈતિક સમસ્યાઓનો ઉકેલ તટસ્થતાપૂર્વક થવો જોઈએ. માત્ર પરિસ્થિતિના સંપૂર્ણ જ્ઞાન પર આધારિત તટસ્થતા તથા તર્ક સંગતતા જ સમાજશાસ્ત્ર વૈજ્ઞાનિક પ્રતિષ્ઠા નિશ્ચિત કરી શકે છે.

આ બધાં પરિબળોની દષ્ટિથી જોઈએ તો સમાજશાસ્ત્ર પૂર્ણતાથી ઘણું દૂર છે, પણ, ધીરે-ધીરે એ તરફ આગળ વધી રહ્યું છે.

## 1.4 પરિપ્રેક્ષ્યોનું સમાજશાસ્ત્ર

સામાજિક પરિપ્રેક્ષ્ય એ સમાજ તથા સામાજિક વ્યવહાર સબંધી વ્યાપક માન્યતાઓ છે જે ચોક્કસ/ વિશિષ્ટ સમસ્યાઓના અભ્યાસ માટે દષ્ટિકોણ પ્રદાન કરે છે. સમાજશાસ્ત્રમાં બે મુખ્ય વિવરણાત્મક છે. (1) પ્રત્યક્ષવાદ (પરંપરાગત વૈજ્ઞાનિક અને (2) પ્રતિભાસમીમાંસા કે જેને "ઓછું વૈજ્ઞાનિક" ગણી શકાય તેમાં કેટલાક સંશોધકો વૈજ્ઞાનિક સિદ્ધાંતોના અમલીકરણ કરતાં અર્થઘટનની પદ્ધતિના ઉપયોગ કરવાનું વધારે પસંદ કરે છે. અન્ય વિષયોની જેમ સમાજશાસ્ત્રમાં ઘટનાઓના અર્થઘટનની વિભિન્ન રીતો છે. સામાન્ય રીતે આપણે એવું વિચારવા ઊભા નથી રહેતા કે આપણા રોજબરોજના વ્યવહારમાં ઉપરોક્ત પૈકી કોઈને કોઈ કાર્યશીલ હોય છે.

### 1.4.1 પ્રત્યક્ષવાદ

પ્રત્યક્ષવાદ સમાજશાસ્ત્રની પરંપરાવાદી રીત છે કે જેને સામાન્ય રીતે ઓગષ્ટ કોમ્તે સાથે જોડવામાં આવે છે. કોમ્ટેનું સામાજિક તથ્યોની નોંધણી પરનું ભારણ નૈસર્ગિક વિજ્ઞાન જેવું છે જેમાં વિશ્લેષણની

સમજૂતીના પ્રમુખ લક્ષણો ચોકસાઈ અને તટસ્થતા હોય છે. વૈજ્ઞાનિક પદ્ધતિમાં તથ્યોની નોંધણીમાં તર્ક એ એક વિશેષ ઘટક છે. આમ, કોમ્તેએ વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે જ્ઞાન નિર્માણમાં પોતાનું યોગદાન આપ્યું છે. સંગ્રહિત માહિતી કે જેમાં મત/અભિપ્રયો, વલણો અને શ્રદ્ધાનો સમાવેશ થાય છે તેનું પરીક્ષણ અને પ્રમાણભૂતતા, વિવેક/સમજણ અને વિશ્લેષણનો આધારશિલાઓ છે. આ પ્રકારની પદ્ધતિ તેના અમલીકરણ તથા ઉપયોગ / અનુપયોગ / કાર્યાન્વિયન માટે સાર્વત્રિક હોય છે.

પ્રત્યક્ષવાદ સંશોધનમાં તટસ્થતા અને વસ્તુનિષ્ઠતાની જરૂરિયાત પર ભાર આપે છે. તે નૈસર્ગિક વિજ્ઞાનની પદ્ધતિઓ સાથે સરખામણી કરવાના પ્રયત્ન પર આધારિત છે.

1. સમસ્યા ઓળખ
2. તથ્યોનું સંકલન
3. વિવરણાત્મક પૂર્વધારણા
4. પૂર્વધારણા-ચકાસણીની પદ્ધતિ
5. પરિણામોનું વિશ્લેષણ
6. જરૂર જણાય તો પુનઃપરીક્ષણ
7. પરિણામોનું અર્થઘટન : રિપોર્ટ

**સૂચિતાર્થ :** પ્રત્યક્ષવાદના વ્યાપક સૂચિતાર્થએ છે કે એક વસ્તુનિષ્ઠ વિશ્વ છે જેને આપણે વસ્તુનિષ્ઠ અને વૈજ્ઞાનિક ભાષામાં સમજી શકીએ છીએ.

સમાજશાસ્ત્રની પ્રત્યક્ષવાદી વિચારધારામાં બે મુખ્ય સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યો છે જેઓ વૈજ્ઞાનિક યુક્તિઓ/પદ્ધતિઓ દ્વારા પોતાની નીપજો મેળવે છે. તે બે સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય આ પ્રમાણે છે:

1. **ક્રિયાશીલ પરિપ્રેક્ષ્ય :** ક્રિયાશીલ વિશ્લેષણ જેને ઉમેરવું અને સંરચનાત્મક ઉમેરવું પણ કહે તેનું મૂળ સમાજશાસ્ત્રના ઉદ્દભવમાં છે. હર્બટ સ્પેન્સર અને એમાઈલ દૂર્ખમ એના સ્થાપકો છે. તેઓના મતે સમાજ એક સ્વ નિયંત્રિત, સ્વયંપોષક સમાજ પ્રણાલી છે. જેની કેટલીક મૂળભૂત જરૂરિયાતો છ. જેવી કે સમાજ વ્યવસ્થાનું સંરક્ષણ, માલ અને સેવાઓ પૂરી પાડવી તથા બાળકોને સુરક્ષા આપવી. તેઓ માને છે કે જો આ જરૂરિયાત સંતોષાય તો સમાજમાં સંતુલન જળવાઈ રહે. ટૂંકમાં ઉમેરવું સામાજિક પ્રણાલીની વ્યવસ્થા અને સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

2. **સંઘર્ષ પરિપ્રેક્ષ્ય :** સંઘર્ષ સિદ્ધાંતવાદીઓ સામાજિક અસમાનતા પર ભાર આપે છે અને સમાજને એવી વ્યક્તિઓ અને સમૂહોથી બનેલી પ્રણાલી માને છે, કે જેઓ દુર્લભ સંસાધનો માટે પ્રતિસ્પર્ધા કરી રહ્યા છે. આ સમૂહ કાં તો પરસ્પર સંઘ બનાવી શકે અથવા પરસ્પર સહયોગ કરી શકે છે, પણ સપાટી પરના આ સદભાવની નીચે દુલર્ભ સંસાધનો પર નિયંત્રણ મેળવવા પ્રતિસ્પર્ધાત્મક સંઘર્ષ ચાલતો હોય છે. સંઘર્ષ પરિપ્રેક્ષ્ય બૃહદ માનવીય સ્તર પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. આધુનિક સમાજમાં કાર્લ માર્ક્સે બુર્ઝવા (ઉત્પાદન એકમોના માલિકો) અને proletarola (આ માલિકો માટે કામ કરવાવાળા મજૂરો ) વચ્ચે થતા સંઘર્ષ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. પણ

આજના સંઘર્ષ સિધ્ધાંતવાદીઓએ આ પરિપ્રેક્ષ્યને વિસ્તારીને તેના અલ્પ સમૂહ તથા મૂળભૂત સબંધોને પણ સમાવી લીધા છે.

### 1.4.2 પ્રતિભાસમીમાંસા (Phenomenology)

દ્વિતીય સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યને પ્રતિભાસમીમાંસા કહે છે. મુખ્યતઃ તેનો ઉદ્દભવ મેક્સ વેબરથી થયો છે. પ્રતિભાસમીમાંસકોનું કાર્ય માનવીય વ્યવહારને કર્તાની પોતાની પરિસ્થિતિના સંદર્ભમાં સમજવાનું છે. આમ, પ્રતિભાસમીમાંસક દુનિયાનો અનુભવ કેવી રીતે થાય છે તે તપાસે છે તેના માટે લોકો જે માને/ધારે છે તે જ વાસ્તવિકતા છે. તેથી આ પરિપ્રેક્ષ્યમાં અભ્યાસની અધ્યયનની વસ્તુનિષ્ઠ પદ્ધતિઓના વિકાસ પર ઓછું ભારણ આપવામાં આવે છે, જેનો અભ્યાસ થઈ રહ્યો છે દુનિયાને તેની જ દૃષ્ટિથી જોવાને વધુ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેથી, આ પરિપ્રેક્ષ્યમાં કર્તાઓના વ્યક્તિગત અર્થઘટનોની સમજૂતીની જરૂર પર વધુ ભાર આપવામાં આવે છે.

**સૂચિતાર્થ :** આ પદ્ધતિનો વ્યાપક સૂચિતાર્થ એવો છે કે લોકોનાં અવલોકનો અને દૃષ્ટિકોણથી સમાજ-નિર્માણ થાય છે. વસ્તુપરક અર્થમાં સામાજિક વિશ્વનું કાંઈ અસ્તિત્વ નથી.

ઉપર્યુક્ત સામાજિક પરિપ્રેક્ષ્યોમાંથી પ્રત્યેક સામાજિક-વાસ્તવ / યર્થાથતા અલગ-અલગ પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેવા કેઃ ક્રિયાશીલ પરિપ્રેક્ષ્ય સામાજિક વ્યવસ્થા તથા સ્થિરતા પર, સંઘર્ષ સિદ્ધાંત સામાજિક તંગદિલી અને પરિવર્તન પર, તથા પ્રતિભાસમીમાંસા પરિપ્રેક્ષ્ય સામાજિક યર્થાથની કર્તાઓના વ્યક્તિગત અર્થઘટનો પર આ પરિપ્રેક્ષ્ય  પ્રત્યેક સમાજની પ્રકૃતિ અને તેનું વિશ્લેષણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**પાઠગત પ્રશ્નો : 1.2**

યોગ્ય શબ્દો વડે ખાલી જગ્યા પૂરો :

1. ......... ને અન્વેષણની વસ્તુપરક પદ્ધતિનો પ્રયોગ કહેવામાં આવે છે.
2. .......... સમાજશાસ્ત્રની પરંપરાગત પધ્ધતિ છે.
3. ક્રિયાશીલ પરિપ્રેક્ષ્ય ......... તથા .......... પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
4. સમાજશાસ્ત્રી  પરિપ્રેક્ષ્ય સમાજ તથા સમાજના તથા સામાજિક વ્યવહારના વિષયોમાં વ્યાપક..........છે.

## 1.5 સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

સમાજશાસ્ત્ર, માનવ સમાજનો પધ્ધતિસર અને તટસ્થ/વસ્તુનિષ્ઠ અભ્યાસ છે. સમાજશાસ્ત્ર વ્યક્તિના





સામાજિક કાર્યોનો અભ્યાસ કરે છે. સામાજિક સબંધ, જેવા કે પતિ-પત્નિનો સંબંધ ગુરુ-શિષ્યનો સબંધ, વિક્રેતા અને ગ્રાહકનો સબંધ તથા સામાજિક પ્રક્રિયાઓ જેવી કે સહકાર, પ્રતિસ્પર્ધા, સંઘર્ષ અને સંગઠન, સમુદાય તથા રાષ્ટ્ર અને સામાજિક સંરચનાઓ (પરિવાર, વર્ગ રાજ્ય) વગેરે સમાજશાસ્ત્રીય અભ્યાસના આધારો છે. નિયમો અને મૂલ્યો દ્વારા નિર્દેશીત અર્થઘટનો સામાજિક સંસ્થાઓને જન્મ આપે છે. સમાજશાસ્ત્ર, આમ, સામાજિક જીવનનો સમગ્ર અભ્યાસ છે. સમાજશાસ્ત્રની રૂચિઓ અને અભિરૂચિઓની શ્રેણી ખૂબ જ વ્યાપક છે. તે સામાજિક સબંધો, સંસ્થાઓ અને સંગઠનોનું આર્થિક, રાજકીય, નૈતિક, ધાર્મિક તથા માનવ જીવનના સામાજિક પાસાંઓને આધારે સ્તરીકરણ અને સ્વરૂપ પુરૂ પાડે છે.

જો કે સમાજશાસ્ત્રના વિષયવસ્તુ પર કોઈ સામાન્ય મત નથી. આમ છતાં એવું માનવામાં આવે છે કે સમાજશાસ્ત્ર સામાજિક સંસ્થાઓ, રાજ્ય તથા નિયામક વ્યવસ્થાઓને આકાર આપતી પ્રણાલીઓનો અભ્યાસ કરે છે. તેથી આપણે સમાજશાસ્ત્રમાં સામાજિક સંગઠન, સામાજિક સંરચના, સંસ્થાઓ તથા સંસ્કૃતિના વિષયમાં અભ્યાસ કરીએ છીએ.

## 1.5.1 સમાજિક સંગઠન

"સામાજિક સંગઠન" શબ્દ સમાજના વિભિન્ન પક્ષોના પરસ્પરાવલંબન તરફ ઈશારો કરે છે અને તે સમૂહો, સમુદાયો, એકત્રીકરણો જેવા બધા જ ટકાઉ સામાજિક અસ્તિત્વોનું એક અનિવાર્ય લક્ષણ છે. હર્બટ સ્પેન્સરે આર્થિક રાજનૈતિક અને અન્ય સામાજિક વિભાગોના આંતર સબંધો (સંયોજન-વિયોજન) ને દર્શાવવા માટે સામાજિક સંગઠન શબ્દનો ઉપયોગ કર્યો છે.

એમાઈલ દુર્ખીમ મૂલ્યો અને નૈતિકતાના સામાન્ય મત દ્વારા સામાજિક એકિકીરણ અને નિયમનને સામાજિક સંગઠનમાં સમાવી લે છે. વર્તમાન સમયમાં "સામાજિક સંગઠન" શબ્દ પ્રયોગ કારખાનાઓ તથા દવાખાનાઓના કર્મચારી જૂથોથી લઈને વિશાળ સ્તરના સમાજ અને સંગઠનોમાં બધા આકારોના વિભિન્ન અંગ-સમૂહોના પરસ્પરાવલંબનને દર્શાવવા માટે કરવામાં આવે છે.

## 1.5.2 સામાજિક સંરચના

સામાજિક સંરચના એટલે વ્યકિતઓ વચ્ચેના આંતરસબંધોની ભાત (pattern). પ્રત્યેક સમાજની પોતાની એક સામાજિક સંરચના હોય છે, જે તેની શક્તિ અને સ્થિતિ સંબંધિત મુખ્ય સંસ્થાઓ, સમૂહો અને વ્યવસ્થાઓને સાંકળીને બને છે. એવું કહેવાય છે કે , સમાજિક સંરચનાની તુલના માનવ શરીરરચના (Anatomy) તથા શરીરવિજ્ઞાન (physiology) ના અભ્યાસ સાથે કરી શકાય.

### 1.5.3 સામાજિક સંસ્થા

સામાજિક સંસ્થા એક કાર્યપ્રણાલી છે, પ્રથા છે ઉપકરણ/સાધન છે અને તેથી જ એક કાળખંડ-સમય અવધીમાં સંગ્રહિત વિવિધ રીતિ-રિવાજો તથા ટેવોનું પ્રતિરૂપ છે. પ્રત્યેક સમાજમાં લોકો પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે સામાજિક સંસ્થાઓનું સર્જન કરતા હોય છે. (માનવજીવન અને તેની શાખાઓને આકાર આપવાનું અને આકાર સુધારવાનું સાધન છે. સામાજીકરણની પ્રક્રિયા દ્વારા સંસ્કૃતિ એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાંતરીત થાય છે). સંસ્થાઓ માનવીય કાર્ય-સંપાદનનું ઉપકરણ, તથા હથિયાર હોય છે. આવી રીતે કોઈ સંસ્થા, નિયમો, મૂલ્યો અને ભૂમિકાઓનો એક સ્થાયી સમૂહ છે.

### 1.5. 4 સંસ્કૃતિ

સંસ્કૃતિમાં પ્રતિકો, ચિહ્નો તથા ભાષા ઉપરાંત ધર્મ, રીતિ-રિવાજો, કર્મકાંડો, માન્યતાઓ અને કલાકૃતિઓનો સમાવેશ થાય છે. હકીકતમાં સંસ્કૃતિ રોજ-બરોજના જીવનનું માર્ગદર્શક બળ છે. સંસ્કૃતિ પોતાની રીતે સંસ્કૃતિ સામાજિક હોય છે.

## 1.6. સમાજશાસ્ત્રની પ્રસ્તુતતા

સમાજશાસ્ત્ર એવો વિષય છે જેની આપણા જીવનમાં મહત્વપૂર્ણ વ્યાવહારિક પ્રસ્તુત છે. તે સામાજિક સમીક્ષા, અને વ્યવહારિક સમાજ સુધારણામાં વિવિધ રીતે સહાય કરે છે. જેમાં મુખ્યત: નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

1. કોઈપણ સામાજિક પરિસ્થિતિઓના જૂથની વધુ સારી સમજ હંમેશા તેના પર નિયંત્રણ લાવવાનો વધુ સારો અવસર આપે છે.
2. સમાજશાસ્ત્ર આપણી સાંસ્કૃતિક સંવેદનશીલતાને વધારવાના સાધન આપે છે જેનાથી વિવિધ સાંસ્કૃતિક મૂલ્યોની જાગૃતિ પર આધારિત નીતિઓ બનાવી શકાય.
3. આપણે એક વિશિષ્ટ નીતિગત કાર્યક્રમ અમલીકરણનાં પરિણામોની તપાસ કરી શકીએ.
4. અંતે, કદાચ સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, સમાજશાસ્ત્ર જે આત્મજ્ઞાન આપે છે તેના પ્રકાશમાં વ્યક્તિઓ અને સમૂહોને પોતાના જીવનની પરિસ્થિતિઓ સુધારવાની વધુ એક તક આપે છે.

## પાઠગત પ્રશ્નો 1.3

નીચેના પ્રશ્નોના જવાબ 1 થી 8 વાક્યોમાં આપો :

1. સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર શું છે ?
2. રોજિંદા જીવનમાં સમાજશાસ્ત્રની પ્રસ્તુતતા કેટલી છે ?
3. વિજ્ઞાનનાં ચાર લક્ષણો કયા છે ?

## તમે શું શીખ્યા

- સમાજશાસ્ત્રનો ઉદ્ભવ આધુનિક ઔદ્યોગિક સમાજના વિકાસના પ્રારંભમાં એક બૌદ્ધિક પ્રયાસના રૂપમાં થયો, અને આ સમાજનો અભ્યાસ જ તેની મુખ્ય રુચિ રહી છે.
- એક વિષય તરીકે સમાજશાસ્ત્રની એક સ્પષ્ટ વૈજ્ઞાનિક પ્રતિષ્ઠા છે, જે સમાજ અને તેનાં સ્વરૂપોના અભ્યાસ સબંધિત તેના મૂળ ખ્યાલો, અભિગમો અને વર્ગીકરણો પર આધારિત છે.
- કોમ્તે, સ્પેંસર, મર્ક્સ, વેબર તથા દુર્ખીમના દષ્ટિકોણ તથા મંતવ્યો/સિદ્ધાંતોથી એ સ્પષ્ટ થાય છે કે વૈજ્ઞાનિક વિષય હોવાની સાથો સાથ સમાજશાસ્ત્રની રૂચિ માનવીય સમસ્યાઓને સમજવામાં પણ છે.
- સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિસ્તૃત છે જેમાં સામાન્ય રીતે : સમાજ તથા વ્યક્તિઓના પરિપ્રેક્ષ્યથી સામાજિક સબંધોના અભ્યાસનો સમાવેશ થાય છે અને ખાસ કરીને વિશિષ્ટ વ્યકિત, સમૂહ અને સંસ્થાનો સમાવેશ થાય છે.

## સ્વ-અધ્યયન માટેના પ્રશ્નો

1. સમાજશાસ્ત્રનું તાત્પર્ય શું છે ?
2. સામાજિક પરિપ્રેક્ષ્યની વિશિષ્ટતા શું છે ?
3. ઓગસ્ટ કોમ્તેને સમાજશાસ્ત્રના પિતા શા માટે કહેવામાં આવે છે ?
4. સમાજશાસ્ત્રમાં દુર્ખીમની રૂચિ શું છે ?
5. સમાજશાસ્ત્ર એટલે શું ? સમાજશાસ્ત્રની વૈજ્ઞાનિક પ્રકૃતિની સમીક્ષા કરો.
6. સમાજશાસ્ત્રના વિવિધ પરિપ્રેક્ષ્યો સમજાવો.
7. સમાજશાસ્ત્રનું સ્વરૂપ તથા કાર્યક્ષેત્રનું વર્ણન કરો.

## પાઠગત પ્રશ્નોના જવાબ

1.1

1. અસત્ય
2. સત્ય
3. સત્ય
4. અસત્ય
5. સત્ય

1.2 1. *વિજ્ઞાન*

2. *પ્રત્યક્ષવાદ*

3. *સામાજિક વ્યવસ્થાઓ અને સ્થિરતા*

4. *માન્યતાઓ*

**1.3 3. સૈદ્ધાંતિક, અનુભવજન્ય, સંચયાત્મક, નીતિશાસ્ત્ર નથી.**

## સંદર્ભ પુસ્તકો


- *બોટ્ટોમાર, ટી.બી. (1978) સોશિયોલોજી : અ ગાઈડ ટુ પ્રોબ્લેમ એન્ડ લીટરેચર, બોમ્બે : બ્લેકી એન્ડ સન્સ*
- *ગિડ્ડેન્સ, એન્થની (1994) સોશિયોલોજી : ઓક્સફર્ડ, પોલીટી પ્રેસ ઈન એસોસિએશન વીથ બ્લેકવેલ પબ્લિશર્સ*
- *જોન્સન, એચ.એમ. (1960), સોશિયોલોજી અ સિસ્ટેમેટિક ઈન્ટ્રોડક્શન, બોમ્બે : એલાઈડ પબ્લિશર્સ, પ્રાઈવેટ લિમિટેડ*
- *મિલ્સ, સી. રાઈટ (1959) ધ સોશિયોલોજીકલ ઈમેજીનેશન ન્યુયોર્ક : ઓક્સફર્ડ યુનિવર્સિટી, પ્રેસ.*
- *નાગલા, બી.કે. અને એસ.બી. સિંહ (2002) ઈન્ટ્રોડક્શન ટુ સોશિયલોજી નવી દિલ્લી : એન.સી.ઈ.આર.ટી.*

2

# સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ અને વિકાસ

*પ્રથમ પ્રકરણમાં તમે સમાજશાસ્ત્રના સ્વરૂપ અને કાર્યક્ષેત્ર વિશે સમજૂતી મેળવી. આ પ્રકરણમાં તમે પાશ્ચાત્ય દેશોમાં તથા ભારતમાં સમાજશાસ્ત્રના ઉદ્દભવ અને વિકાસ વિશે અભ્યાસ કરશો.*

## હેતુઓ:

*આ પાઠનો અભ્યાસ કર્યા પછી તમે :*

- *એક વિષય તરીકે સમાજશાસ્ત્રના ઉદ્દભવના કારણો સમજી શકશો*
- *પશ્ચિમમાં સમાજશાસ્ત્રના વિકાસના ઈતિહાસનું વર્ણન કરી શકશો, તથા*
- *ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસના ઈતિહાસનું વર્ણન કરી શકશો*

## 2.1 પશ્ચિમમાં સમાજશાસ્ત્રનો ઉદ્દભવ

*મનુષ્યની હંમેશા પોતાના સમાજને જાણવાની અને તેના વિશે વિચાર કરવાની રુચિ રહી છે. આપણે ઈતિહાસનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવશે કે, તે સમયમાં પણ સમાજશાસ્ત્રીય દષ્ટિ/સૂઝ જોવા મળતી હતી. આપણે એવું કહી શકીએ કે ભલે એક વિષય તરીકે તેનો ઈતિહાસ બહુ લાંબો ન હોય પરંતુ તેનો ભૂતકાળ ખૂબ મોટો છે. કેટલાક વિદ્વાનો સમાજશાસ્ત્રના ઉદ્દભવના મૂળ કૌટિલ્યના અર્થશાસ્ત્ર અને એરિસ્ટોટલના રાજ્યશાસ્ત્રમાં જુએ છે. ઉદાહરણ તરીકે જ્યારે એરિસ્ટોટલ એવું કહે કે* **"માણસ એક રાજનૈતિક (એટલે કે સામાજિક) પ્રાણી છે"** *ત્યારે તેના કથનમાં સમાજશાસ્ત્રના બીજ પડેલા છે. બીજા કેટલાક વિદ્વાનો તેના મૂળ મોન્ટેસ્ક જેવા ફ્રેંચ વિદ્વાનોના લખાણોમાં તપાસે છે. મોન્ટેસ્કે સમાજનું વર્ગીકરણ આપ્યું છે જેમાં સરળમાં સરળ વર્ગ તરીકે શિકારીઓ તથા ખાદ્ય-સંગ્રહકોના વર્ગનો સમાવેશ કરવામાં આવે છે. એટલે કે જ્યારે પણ આપણે પ્રાચીન સમાજને સમજવો હોય ત્યારે પ્રશિષ્ઠ સાહિત્યની મદદ લઈએ છીએ. આમ છતાં, આપણે એ સમજવું જોઈએ કે કોઈ સમાજ અને તેની વિવિધ બાબતો સમજવામાં રસ લેવો અને સમાજનો અભ્યાસ એક વિષય તરીકે કરવો એ બંને અલગ બાબતો છે. પોતાના સમયને સમજવાની*

*વૃત્તિ તો માણસમાં હંમેશા રહી જ છે, પણ એક વિષય તરીકે સમાજશાસ્ત્રનો ઉદ્દભવ 1789ની ફ્રેંચક્રાંતિ પછી થયો છે.*

**ફ્રેંચ ક્રાંતિથી સમાજમાં મોટા પાયે સામાજિક રાજનૈતિક પરિવર્તનો આવ્યાં, જે પછીથી પારિવારિક જીવન તથા અન્ય સામાજિક સબંધોમાં વિઘટનનાં કારણો બન્યાં.**

*આ પાર્શ્વભૂમિકામાં, કેટલાક તત્કાલીન સામાજિક ચિંતકોની રૂચિ પોતાના સમાજના નવ નિર્માણમાં હતી. આવા એક ચિંતક કલોડ હેનરી ડે સેંટ-સાઈમન હતા. તેમણે કહ્યું કે, સમાજમાં પરિવર્તન લાવવા માટે પેલા આપણે તેના બધાં પાસાંઓનો અભ્યાસ કરવો જોઈએ, જેથી આપણે સમસ્યાનું મૂળ જાણી શકીએ. ચિંતનની આ જ પરંપરાને સેંટ-સાઈમનના શિષ્ય ઓગસ્ટ કોમ્તેએ (1798-1857) આગળ વધારી.* **ઓગસ્ટ કોમ્તેને સમાજશાસ્ત્રના પિતા કહેવામાં આવે છે.** *કોમ્તેએ દલીલ કરતાં જણાવ્યું કે આપણે ભૌતિક વિજ્ઞાનમાં જે અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ કરીએ છીએ તે જ સમાજના અભ્યાસ માટે ઉપયોગમાં લેવી જોઈએ. આ પ્રકારના અભ્યાસથી સમાજના ઉદ્દભવ તથા કાર્યપ્રણાલીના નિયમોનું જ્ઞાન થાય છે. એકવાર આવું જ્ઞાન ઉપલબ્ધ થાય તો આપણે વૈજ્ઞાનિક આધાર પર સમાજનું નિર્માણ કરી શકીશું. આમ, સામાજિક પુનર્રચનાનો કાર્યક્રમ સમાજ સબંધી વૈજ્ઞાનિક સમજનું અનુકરણ કરશે. આગળની ચર્ચામાં આપણે પ્રાચીન તથા આધુનિક સમાજશાસ્ત્રીઓના વિચારો પર વિમર્શ કરીશું.*

*ઓગસ્ટ કોમ્તેએ, જેમણે 'સમાજશાસ્ત્ર' નું નામ પાડયું, માનવ સમાજના વિકાસના ત્રણ તબક્કાઓ દર્શાવ્યા છે.*

**ધર્મશાસ્ત્રીય :** *પ્રથમ તબક્કામાં વિવિધ ઘટના / બનાવોની સમજૂતીનો આધાર ધર્મ હતો તેથી આ તબક્કાને ધર્મશાસ્ત્રીય તબક્કો કહે છે.*

**દર્શનશાસ્ત્રીય :** *ધર્મશાસ્ત્રીય પછીનો તબક્કો દર્શનશાસ્ત્રીય હતો જેમાં બધી જ સમજૂતીઓ દાર્શનિક હતી.*

**પ્રત્યક્ષવાદ :** *માનવીય ચિંતનના વિકાસનો અંતિમ તબક્કો પ્રત્યક્ષવાદ હતો જેમાં ઘટનાની સમજૂતી સામાજિક જગત માટેના વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આપવામાં આવતી. આ વિકાસના વિચારને અંગ્રેજ સમાજશાસ્ત્રી* **હર્બર્ટ સ્પેન્સર (1820-1903)** *નાં લખાણોએ આગળ વધાર્યો. તેમણે લખેલ ગ્રંથ "પ્રિન્સીપલ્સ ઓફ સોશિયોલોજી " સામજશાસ્ત્રના સિદ્ધાંતો ત્રણ ખંડમાં વિભાજિત છે. જેમાં તેઓએ વિકાસવાદના સિધ્ધાંતની સાર્વત્રિકતા માટે દલીલ કરી છે.*

*સ્પેન્સરને સંપૂર્ણ વિશ્વાસ હતો કે સમાજ પણ એ જ રીતે વિકસે છે જેમ જીવિત પ્રાણીઓ જેમ-જેમ પેઢીઓ પસાર થતી રહે છે તેમ તેમ સમાજના સૌથી વધુ યોગ્ય તથા બુદ્ધિવાન (સૌથી સશક્ત) સભ્યો ટકે છે અને અલ્પ યોગ્ય સભ્યો સમાપ્ત થઈ જાય છે. આમ, સમય જતાં સમાજ વધુને વધુ વિશિષ્ટ અને સંકુલ બનતો જાય છે.*

સ્પેન્સરનાં આ સિદ્ધાંતને યોગ્યત્તમની ચિરંજીવિતા (સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ) કહે છે. જોકે આ વાક્યાંશ સ્પેંસરે ઘડેલો પણ તેને તેના સમકાલીન ચાર્લ્સ ડાર્વિન સાથે જોડવામાં આવેલ છે. ચાર્લ્સ ડાર્વિને પછીથી પ્રસ્તાવિત કર્યુ કે જીવંત પ્રાણી સમય સાથે વિકસે છે. જેથી તેઓ પોતાના વાતાવરણની પરિસ્થિતિઓમાં જીવતા રહી શકે. બંને વિચારોની સમાનતાના કારણે સ્પેન્સરનો સમાજ ઉદ્દભવનો વિચાર 'સામાજિક ડાર્વિનિઝમ' નામથી પ્રખ્યાત થયો છે.

અમેરિકામાં ઓગસ્ટ કોમ્તે તથા હર્બર્ટ સ્પેન્સરના સમાજશાસ્ત્રનું પ્રતિનિધિત્વ લેસ્ટર વર્ડ (1814-1913) કર્યુ. તેમણે "સૈદ્ધાંતિક" અને "વ્યવહારુ" સમાજશાસ્ત્રને અલગ કર્યા અને દલીલ કરી કે વૈજ્ઞાનિક પ્રક્રિયાઓથી સામાજિક ઉત્કર્ષ શક્ય છે.

**સમાજશાસ્ત્રને એક સ્વતંત્ર વિષય તથા વિજ્ઞાનના રૂપમાં વિકસિત કરવાનું શ્રેય ફ્રેંચ સમાજશાસ્ત્રી એમાઈલ દુર્ખીમ (1858-1917) ને જાય છે. તેમણે કેટલાંક પ્રખ્યાત પુસ્તકો લખ્યાં છે જે આજે પણ વંચાય છે. આ પુસ્તકોમાં સમાજમાં શ્રમ વિભાજન (1893) સમાજશાસ્ત્રીય પદ્ધતિઓના નિયમો (1895) આત્મહત્યાઃ એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (1897) અને ધાર્મિક જીવનમાં પ્રાથમિક સ્વરૂપો (1915) નો સમાવેશ થાય છે.**

એમાઈલ દુર્ખીમે કહ્યું કે સમાજશાસ્ત્રી, સામાજિક તથ્યોનો અભ્યાસ કરે છે જે વસ્તુનિષ્ઠ અને સામુહિક ચેતનામાં અસ્તિત્વ ધરાવે છે. સામાજિક તત્થોના ઉદાહરણ તરીકે આપણે લગ્નના નિયમો, કાયદાઓ, રિવાજો અને વિવિધ પ્રકારના સામાજિક આંકડાઓને લઈ શકીએ. તેથી, સામાજિક તથ્યોનું અસ્તિત્વ માનવ મનની બહાર છે, પણ તે માનવીય વ્યવહારને અંકુશમાં રાખે છે. આમ, સામાજિક તથ્યોનું જદ્‌ગમ સ્થાન વ્યક્તિમાં નથી હોતું. તેની સમજૂતી જીવવૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક, પર્યાવરણીય કે ભૌગોલિક તથ્યો દ્વારા મળતી નથી પરંતુ બીજાં સામાજિક તથ્યો દ્વારા જ મળે છે.

આત્મહત્યા પરના પોતાના પુસ્તકમાં દુર્ખીમ દર્શાવે છે કે આત્મહત્યા ભલે વ્યકિતગત કાર્ય હોય, પણ આત્મહત્યાનો દર વ્યકિતગત નથી. દર વર્ષે હજાર વ્યકિતઓમાંથી જેટલી વ્યકિતઓ આત્મહત્યા કરે છે તે એ સમાજનો આત્મહત્યા દર કહેવાય છે. આત્મહત્યા દર એક સામાજિક તથ્ય છે, કોઈ એક વ્યકિતગત આત્મહત્યાની બાબત નથી. સમય સાથે આત્મહત્યા દરમાં આવતું પરિવર્તન તે સમાજમાં આવતા પરિવર્તનનું સૂચક છે. તેથી એક પૂર્વવર્તી સામાજિક તથ્ય અન્ય કોઈ સામાજિક તથ્યને સમજાવે છે. દુર્ખિમે દર્શાવ્યું કે આ અર્થમાં સમાજશાસ્ત્રીય સમજૂતીઓને પોતાની સ્વાયતતા છે, જે બીજા સમાજ વિજ્ઞાન સબંધી વિષયોની સમજૂતીથી અલગ છે. દુર્ખીમનો અંગ્રેજી (બ્રિટિશ)સામાજિક નૃવંશશાસ્ત્ર (Social Anthoropology) પર જબરદસ્ત પ્રભાવ છે.-

જર્મનીમાં સૌથી વધારે પ્રતિભાશાળી કામ મેક્સ વેબર (1864-1920) નું હતું. તેઓ પોતાના 'સમાજશાસ્ત્રના મૂળ ખ્યાલો', 'સામાન્ય આર્થિક ઈતિહાસ', 'પ્રોટેસ્ટંટ નીતિ શાસ્ત્ર અને મૂડીવાદની અસ્મિતા' તથા સામાજિક અને આર્થિક સંગઠનોનો સિદ્ધાંત જેવા પુસ્તકોથી પ્રખ્યાત છે. દુર્ખીમની સરખામણીમાં વેબરે કહર્યું કે **સમાજશાસ્ત્રી સામાજિક ક્રિયાઓનો અભ્યાસ કરે છે કે જે**

**એવું કાર્ય છે જેને વ્યકિત અર્થપૂર્ણ સમજે છે.** સમાજશાસ્ત્રીનું કાર્ય, કોઈ ક્રિયાના વ્યક્તિલક્ષી અર્થને સમજવાનું છે. વેબર ખાસ કરીને એવાં પરિબળોનો અભ્યાસ કરવા માગતા હતા કે જેને પાશ્ચાત્ય યુરોપમાં મૂડીવાદને પોષ્યો. તેમનું કહેવું એવું હતું કે પ્રોટેસ્ટંટ સંપ્રદાયે કર્મનિષ્ઠા નૈતિકતા નિર્માણ કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી. તેમણે સમાજ મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓમાં પણ મહત્વનું યોગદાન આપ્યું.

સમાજશાસ્ત્રમાં જર્મન સામાજિક વિચારક **કાર્લ માર્કસ (1818-1883)** ના વિચારોનો પણ ખૂબ પ્રભાવ રહ્યો. હકીકતમાં, વેબરના સમાજશાસ્ત્રનો ઘણો ભાગ માર્કસના વિચારોની પ્રતિક્રિયા હતી. માર્કસે સમજાવ્યું કે પ્રત્યેક સમાજ જે ગુલામીપ્રથાથી શરૂ થાય છે તે બે વર્ગોમાં વહેંચાય જ્યા છે. એક વર્ગ એવા લોકોનો કે જે જમીન, સાધનો તથા ટેકનોલોજીના માલિક હોય છે, અને બીજો વર્ગ એવા લોકોનો કે જેઓ પાસે બજારમાં વેચવા માટે પોતાના શ્રમથી વધારે કંઈ જ હોતું નથી. વ્યકિતનો વ્યવહાર, પ્રેરણા અને વિચારોને સમજવા માટે વર્ગ એક પ્રસ્તુત પરિબળ છે. માર્કસે માનવ વ્યવહારને નિર્ધારિત કરવા માટે ઐતિહાસિક પરિબળોની ભૂમિકા પર ભાર આપ્યો છે. માર્કસનો વિશ્વાસ હતો કે સંઘર્ષ સામાજિક પરિવર્તનનો પ્રવર્તક છે. એટલા માટે તેમણે સંઘર્ષને એવી જ રીતે કેન્દ્રિત મહત્વનો માન્યો કે જેવી રીતે કોમ્તે જેવા પ્રત્યક્ષવાદીઓએ વ્યવસ્થાની ભૂમિકાને માની હતી.

આપણે સમાજશાસ્ત્રના ફ્રાંસ (કોમ્તે, દુર્ખીમ, જર્મની (માર્કસ, વેબર) અને ઇંગ્લેન્ડ (સ્પેન્સર)માં વિકાસની ચર્ચા કરી, આ બધા વિદ્વાનોના યોગદાનનો દુનિયાભરના સમાજશાસ્ત્ર પર પ્રભાવ પડ્યો. ત્યારબાદ 1929-30 આસપાસ જી.એમ. મીડ, તાલકોટ પાર્સન તથા સી. સાઈટ મિલ્સનો અમેરિકા અને વિશ્વના બાકીના ભાગોના સમાજશાસ્ત્ર પર પ્રભાવ પડ્યો.
ઓગણીસમી સદી અને વીસમી સદીની શરૂઆતમાં ધીરે-ધીરે પશ્ચિમની યુનિવર્સીટીઓમાં સમાજશાસ્ત્ર વિભાગ શરૂ થયા. ઉત્તર અમેરિકામાં શિકાગો યુનિવર્સિટીમાં પ્રથમ સમાજશાસ્ત્ર વિભાગ 1892 માં શરૂ થયો. કેનેડામાં મેકગીલ યુનિવર્સિટીમાં પ્રથમ સમાજશાસ્ત્ર વિભાગ 19૨2 માં અસ્તિત્વમાં આવ્યો. અમેરિકામાં હાર્વર્ડ યુનિવર્સીટીમા 1930માં, કેલિફોર્નિયાના બર્કલે યુનિવર્સિટી 1950 માં અને પ્રિંસ્ટન યુનિવર્સિટીમાં 1960 સમાજશાસ્ત્ર વિભાગ શરૂ કરવામાં આવ્યા. તથા કોલમ્બિયા અને યેલ યુનિવર્સિટીમાં ત્યારબાદ સમાજશાસ્ત્ર વિભાગ ખોલવામાં આવ્યા. જો કે બ્રિટનના બહુ મહાન સમાજશાસ્ત્રીઓએ વિષયના વિકાસમાં યોગદાન આપ્યું પણ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગ ખૂબ મોડા શરૂ થયા. ત્યાં સુધી કે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં આ વિભાગ 1960 માં શરૂ થયો.

## પાઠગત પ્રશ્નો 2.1

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

1. એરિસ્ટોટલના કયા કથનથી સમાજશાસ્ત્રના બીજ રોપાયાં એવુ માનવામાં આવે છે ?

..........................................................................................

2. કઈ ક્રાંતિ બાદ સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો હોવાનું મનાય છે? તે ક્રાંતિ કયા વર્ષે થયેલી ?

..................................................................................................

3. કોને 'સમાજશાસ્ત્રના પિતા' ગણવામાં આવે છે?

..................................................................................................

4. પ્રત્યક્ષવાદની વ્યાખ્યા આપો.

..................................................................................................

5. કોમ્તેના મતે માનવ સમાજ વિકાસ કયા તબક્કાઓમાંથી પસાર થયો છે?

..................................................................................................

6. હર્બર્ટ સ્પેન્સરે લખેલા પુસ્તકોનાં નામ લખો.

..................................................................................................

7. 1897 માં પ્રકાશિત થયેલ પુસ્તક 'આત્મહત્યા' ના લેખક કોણ છે ?

..................................................................................................

8. મેક્સ વેબરે લખેલ કોઈ એક પુસ્તકનું નામ લખો.

..................................................................................................

## 2.2. ભારતમાં સમાજશાસ્ત્રનો વિકાસ

ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસને ત્રણ સમય ખંડમાં વહેંચી શકાય. પ્રથમ સમય ખંડ 1769 થી 1900 સુધીનો છે. આ સમય ખંડમાં સમાજશાસ્ત્રનો પાયો નખાયો. 1901 થી 1950 સુધીના દ્વિતિય સમય ખંડમાં સમાજશાસ્ત્રએ યુનિવર્સિટી વિષય, એક વ્યવસાય બન્યો. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદથી શરૂ થયેલા તૃતીય સમયખંડમાં, સુઆયોજિત વિકાસના કાર્યક્રમો, વિદેશી તજજ્ઞો સાથે ભારતીય સમાજશાસ્ત્રીઓના વધતા જતા વિચાર-વિમર્શ સંશોધન માટે પૈસાની ઉપલબ્ધતા તથા સંશોધન અને પ્રકાશન માટેની વ્યવસ્થામાં વૃધ્ધિ થઈ.

### 2.2.1 ભારતમાં સમાજશાસ્ત્રની આધારશિલા

ભારતમાં પોતાના શાસનકાળ દરમિયાન બ્રિટિશ અધિકારીઓએ અનુભવ્યું કે વ્યવસ્થિત શાસન ચલાવવા માટે ભારતીય સમાજ તથા સંસ્કૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે. સમૃદ્ધ પરિવારો અને

તેમના રીતિ રિવાજો વિશે પણ માહિતી મેળવવી જરૂરી હતી કારણ કે મહેસૂલ-ઉઘરાણી માટે તેમનો ઉપયોગ કરવાનો હતો. એવું વિચારવામાં આવ્યું કે જો સ્થાનિક સમાજ પર તેમના કાયદાઓ અને રીતિરિવાજો અનુસાર, શાસન લાગુ પાડવામાં આવે તો શાંતિ અને સદ્‌ભાવ જળવાઈ રહેશે. તેથી ભારતીય કાયદાઓ અને રીતિરિવાજોને કાળજીપૂર્વક તેમજ ઝીણવટપૂર્વક રેકોર્ડ/સંગ્રહ કરવાની જરૂર હતી આનાથી ભારતમાં સમાજશાસ્ત્રની શરૂઆતને પ્રોત્સાહન મળ્યું.

**વિલિયમ જોન્સે 1774માં 'રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બંગાલ' ની સ્થાપના કરી, જેનો ઉદ્દેશ્ય ભારતની પ્રકૃતિ અને લોકોને સમજવાનો હતો.**

બંગાળ અને બિહારના તત્કાલીન ગવર્નર હેનરી વેસ્લીના માર્ગદર્શન હેઠળ 1769માં આ દિશામાં પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો. ફ્રાંસિસ બુચનનને 1807માં બંગાળના લોકોનો સર્વે કર્યો. 1810માં એબે ડુબોય નામના ફ્રેન્ચ મિશનરીએ 'હિન્દુ રહેણીકરણી, રીતિરિવાજ અને સંસ્કારો' નામનું પ્રસિદ્ધ પુસ્તક લખ્યુ જેમાં તેઓએ જ્ઞાતિપ્રથાના લક્ષણો તથા જ્ઞાતિઓ વચ્ચેના આંતર સબંધોનું વર્ણન કર્યું. 1820માં વોલ્ટર હેમિલ્ટને એક ગેઝેટિયર પ્રકાશિત કર્યું, 'હિન્દુસ્તાન તથા સંલગ્ન દેશોનું ભૌગોલિક આંકડાકીય તથા ઐતિહાસિક વર્ણન' જેમાં ભારતની વસ્તીનું અનુમાન લગાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ બધાં કાર્યોએ ઓગણીસમી સદીમાં થયેલા કેટલાંક પધ્ધતિસરના અધ્યયનો/અભ્યાસો માટે આધારશિલા તૈયાર કરી આપી.**અંગ્રેજ સરકારે પ્રથમ અખિલ ભારતીય વસતિ ગણતરી યોજી હતી.** વસતિ ગણતરીની જરૂરીયાત એટલા માટે ઊભી થઈ કે દુષ્કાળ રાહત, સફાઈ કામ, રોગચાળાનું નિયંત્રણ જેવા કાર્યો માટે માહિતીની જરૂર હતી. તદુપરાંત ગણતરીની જરૂર એટલા માટે પણ હતી કે સામાજિક તથા સાંસ્કૃતિક પરિવર્તનોને કારણે લોકો લૂપ્ત થઈ જાય તે પહેલા તેમના જીવન વિશે વિસ્તારપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરી લેવામાં આવે. ઔપનિવેશક/વસાહતી (Colonial) અધિકારીઓ (જેવા કે વિલ્સન, રિબ્યે, બૈન્સ, બ્લન્ટ, થોર્સ્ટન, ઓ મોલે, હટ્ટન વગેરે) ના પ્રયત્નોથી વસતિ-ગણતરી, જનસંખ્યા સમાજ અને સાંસ્કૃતિક જીવનને લગતી માહિતી/આંકડાઓ મેળવવાનું અમૂલ્ય સાધન બની ગયું.

બ્રિટિશ પ્રશાસન પ્રાચીન ભારતીય સાહિત્યને સમજવા ઈચ્છતા હતા, કારણ કે જેના આધારે લોકો પોતાનું જીવન ગાળતા હતાં એવા ઘણા બધાં વિચારો તેમાં પડેલા હતાં. શરૂઆતથી જ ધાર્મિક પરંપરાઓ, રીતિરિવાજો અને કાયદાઓ સાથે સંલગ્ન મુકદમાઓના નિર્ણય કરવામાં ન્યાયાધીશોની મદદ કરવા માટે સંસ્કૃત તથા અરબીના વિદ્વાનોની નિમણૂક કરવામાં આવતી. 1776માં, બ્રિટિશ ન્યાયાધીશોની મદદ માટે હિન્દુ કાયદા પર અંગ્રેજીમાં એક પુસ્તક સંસ્કૃત વિદ્વાનોની મદદથી લખાવવામાં આવેલ. રોયલ એશિયાટિક સોસાયટી ઓફ, બંગાલના સંસ્થાપક પ્રમુખ વિલિયમ જોન્સની સંસ્કૃતમાં વિશેષ અભિરૂચિ હતી. તેમનું સામાયિક 'જર્નલ ઓફ અશિયાટિક સોસાયટી ઓફ બંગાલ' (1784) ની મુખ્ય પ્રવૃત્તિ સંસ્કૃત અરબી સાહિત્યના અભ્યાસ આધારીત લેખિત પ્રકાશિત કરવાની હતી. ઓગણીસમી સદીમાં જર્મન વિદ્વાન મૈકસમૂલરે ઘણા બધા પ્રાચીન ભારતીય ગ્રંથોના જર્મન ભાષામાં અનુવાદ કર્યા, જે તે પછીથી અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યા.

ત્યારપછી, ઓગણીસમી સદીના છેલ્લા દસકામાં ઘણા બધા વિદ્વાનોએ આ લેખો લખવાનો લાભ લીધો. ઉદાહરણ તરીકે હેનરી મોને પોતાના બંને પુસ્તકો 'પ્રાચીન કાયદો' (1861) અને પૂર્વ તથા પશ્ચિમમાં ગ્રામિણ સમાજે (1871) માં ભારત વિશે લખાયેલા પુસ્તકોનાં સંદર્ભ આપ્યા

છે. તેમણે ભારતની મુલાકાત પણ લીધી હતી. કાર્લ માર્ક્સ તથા મેક્સવેર જેમના પુસ્તકો ઉપર પહેલા પણ ધ્યાન ગયું હશે, તેમ સમાજશાસ્ત્રના વિકાસમાં કેન્દ્રિય સ્થાન ધરાવે છે. આ બંને વિદ્વાનોએ ભારતને લગતી માહિતીનો ઉપયોગ કર્યો છે.

## 2.2.2. ભારતમાં સમાજશાસ્ત્રનું વ્યાવસાયીકરણઃ

આ સદીના/કાળના શરૂઆતના વર્ષોમાં, બ્રિટિશ અધિકારીઓએ લોકોની જીવનશૈલી, રીતિરિવાજો અને કાયદાઓને લગતા પોતાના અન્વેષણ કાર્યને જોશભેર ચાલુ રાખ્યું. કૂક, શેરિંગ, થર્સ્ટન, રસેલ, હીરાલાલ, એબટસન વગેરે વિદ્વાનોના નિરીક્ષણ હેઠળ વર્ણો અને જ્ઞાતિઓ પર ઘણા બધાં ગ્રંથોના ભાગ તૈયાર કરવામાં આવ્યા. દરેક ભાગમાં આ સમાજ તેમની વસતિ અને વિસ્તાર વિશે સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવતું. આમાંથી કેટલાક ભાગોમાં જ્ઞાતિઓને વર્ણોમાં રૂપાંતરણની શક્યતાઓ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો હતો. સર હર્બર્ટ રિજલે પોતાના પુસ્તક 'પીપલ ઓફ ઈન્ડિયા' ભારતના લોકપ્રિય (1916) માં પ્રથમવાર જ્ઞાતિ વર્ણ સાતત્ય પર ધ્યાન આપ્યું.

સાથોસાથ, યુરોપના વ્યાવસાયિક સમાજશાસ્ત્રીઓ અને નૃવંશશાસ્ત્રીઓએ ભારતમાં કામ કરવાનું શરૂ કર્યું. 1901 થી 1902 સુધી કરેલા પોતાના વિસ્તરણ કાર્યના અધાર પર 1906માં ડબલ્યુ.એચ.આર. રિવર્સે નીલગિરિના ગ્વાલા સમુદાય-ટોડા લોકો પર એક સંશોધન પુસ્તિકા પ્રકાશિત કરી. પછી તેમણે પોતાના શિષ્ય એ.આર. બ્રાઉન (જે પાછળથી એ.આર. રેડફિલફ બ્રાઉન થયા) ને અંદામાન ટાપુ પરના લોકો વચ્ચે જઈને તેનો અભ્યાસ કરવા માટે મોકલ્યા. બ્રાઉને અંદામાનના લોકો સાથે બે વર્ષ (1906-08) વિતાવ્યા. તેમના વિશેની બ્રાઉનની સંશોધન પુસ્તિકા 1922માં પ્રકાશિત થઈ. રિવર્સને કલકત્તા યુનિવર્સિટીના નૃવંશશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવેલ પણ તેઓ પદભાર સંભાળે તે પહેલા જ 1921માં તેમનું મૃત્યુ થઈ ગયું. કલકત્તામાં આપવા માટે તૈયાર કરેલા તેમના વક્તવ્યો પછીથી 1924માં 'સામાજિક સંગઠન' શીર્ષકના પુસ્તકના રૂપમાં પ્રકાશિત થયા. ભારતીય સમાજશાસ્ત્ર પર તેમનો પ્રભાવ તેમના શિષ્ય જી.એસ. ઘુર્યે તથા કે.પી. ચટ્ટોપાધ્યાયનાં કાર્યો દ્વારા ચાલુ રહ્યો.

વીસમી સદીનાં પ્રથમ બે દસકાઓમાં એલ.કે. અનંતકૃષ્ણ અય્યર તથા એસ.સી. રોયે મુખ્ય યોગદાન આપ્યું. અય્યરે કેરળના સીરીયાઈ ખ્રિસ્તિઓ પર ઉપયોગી સર્વે ઉપરાંત કોચિન તથા મૈસૂરની જ્ઞાતિઓ અને જન જાતિઓના વિવરણો લખ્યા. એસ.સી. રોય કે જેઓ વ્યવસાયે વકીલ હતા તેમણે ઓરયન, મુંડા તથા બિરહોર વગેરે ભારતીય જનજાતીઓનો અભ્યાસ કર્યો.

**મુંબઈમાં સમાજશાસ્ત્રનો એક પૂર્ણ વિભાગ 1919માં અસ્તિત્વમાં આવ્યો.**
**કલકત્તામાં નૃવંશશાસ્ત્ર વિભાગ 1921 માં સ્થાપવામાં આવ્યો.**



આકૃતિ

આ સમય દરમિયાન, ભારતીય યુનિવર્સિટીઓમાં સમાજશાસ્ત્ર તથા સામાજિક નૃવંશશાસ્ત્રને શૈક્ષણિક વિષય તરીકે શરૂ કરવાના પગલા લેવામાં આવ્યા. 1914માં, મુંબઈ યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ સમાજશાસ્ત્રનું અધ્યાપન શરૂ થયું. મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રનો પૂર્ણ વિભાગ 1919માં શરૂ થયો. તે જ વર્ષે એસ.સી.રોયે સમાજશાસ્ત્ર તથા નૃવંશશાસ્ત્રનું પ્રથમ સામાયિક 'મેન ઈન ઈન્ડિયા' (ભારતના લોકો) શરૂ કર્યું. મુંબઈના સમાજશાસ્ત્ર વિભાગે જી.એસ. ધુર્યેના નેતૃત્વમાં ઉન્નતિ કરી જેમણે ભારતના વિવિધ ભાગોમાંથી આવતાં પોતાના પ્રત્યેક વિદ્યાર્થીઓને સલાહ આપતા કે તે પોતાના વિસ્તારમાં જ વિસ્તરણ કાર્ય કરે અને તેમાંથી પ્રત્યેક કાર્યનું તેઓ વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરતાં. આવી રીતે ધુર્યે ભારતીય સમુદાયો પર વિશાળ/બૃહદ સાહિત્ય રચવામાં/એકઠું કરવામાં સફળતા પ્રાપ્ત કરી. 1951માં તેઓએ ઈન્ડિયન સોશિયોલોજિકલ સોસાયટીની સ્થાપના કરી અને 'સોશિયોલોજિકલ બુલેટિન' નામનું સામાયિક શરૂ કર્યું.

વળી, આ તરફ લખનઉ પણ સમાજશાસ્ત્ર તથા નૃવંશશાસ્ત્રના એક મહત્ત્વપૂર્ણ કેન્દ્રના રૂપમાં વિકસ્યું. 1921માં રાધા કમલ મુખર્જીના નેતૃત્વ હેઠળ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો એક સંયુક્ત વિભાગ શરૂ કરવામાં આવ્યો. એક વર્ષ પછી ડી.પી. મુખર્જી આ વિભાગમાં આવ્યા અને 1928માં ડી.એન. મજુમદારને આદીમ-અર્થશાસ્ત્ર ભણાવવા માટે નિયુક્ત કર્યા. આ ત્રણ વિદ્વાનોને કારણે લખનઉ સમાજશાસ્ત્ર તથા નૃવંશશાસ્ત્રમાં અધ્યાયન અને સંશોધનના એક પ્રમુખ કેન્દ્ર તરીકે વિકસ્યુ. જો કે, સમાજશાસ્ત્રનો સ્વતંત્ર વિભાગ 1951માં અસ્તિત્વમાં આવ્યો કે જે પછીથી સમાજશાસ્ત્ર અને સમાજ - કાર્યનો સંયુક્ત વિભાગ બની ગયો.

આ સમય દરમિયાન ભારતીય તથા મૂળ વિદેશી વિદ્વાનોએ ભારતીય સમાજ વિશે ઘણા મહત્વના ગ્રંથ આપ્યા. એસ.સી. રોય ઉપરાંત, જે.એચ. હટટન તથા જે.સી. મિલ્સે નાગા ટેકરીઓનુ જન-જાતિઓ પર વિસ્તૃત અભ્યાસ રજૂ કર્યો. **વેરિયર એલ્વિન** તથા **ક્રિસ્ટોફ વોન ફ્યુરર હેમેનડોફ** માટે ભારતીય જન-જાતિઓ સાથે/વચ્ચે ઘણા વર્ષો ગાળ્યા અને તેમના પર સંશોધન પુસ્તકો લખ્યા. એલ્વિને કેટલાંક એવા વિકલ્પો અને પધ્ધતિઓ સુચવી કે જેનાથી આ વન્યજાતિ આદિવાસીઓની સ્થિતિમાં સુધારો લાવી શકાય. **ડી.એન. મજુમદારે** ઉત્તર અને પશ્ચિમ ભારતમાં પોતાનું કાર્યક્ષેત્ર કર્યુ અને ઘણા બધાં પ્રતિષ્ઠિત ગ્રંથોની રચના કરી. 1919માં તેઓ ધ ઈસ્ટર્ન એન્થ્રોપોલોજિસ્ટ નામનું એક સામાયિક સ્થાપ્યું. **એન.કે. બોઝ** આ સમયમાં/તબક્કાના એ મહત્વપૂર્ણ વિદ્વાન હતા. અને તે જન-જાતિઓમાં થતાં પરિવર્તન પૂરૂ કરેલા પોતાના કાર્ય માટે પ્રખ્યાત છે. વળી આ જ તબક્કાનાં અંતિમ દસકામાં કૂર્ગો પર કેરલા એમ.એન. શ્રી નિવાસના કાર્યને મૂકવામાં આવશે. આ કામ મેરેજ એનડ ફેમિલી ઈન મૈસુર શિર્ષક હેઠળ 1942માં પ્રકાશિત થયું.

## 2.2.3 ભારતમાં સ્વતંત્રતા બાદ સમાજશાસ્ત્રનો વિકાસ

ભારતીય સ્વતંત્રતા બાદ ભારતીય સમાજશાસ્ત્ર તથા નૃવંશશાસ્ત્રી સંયુક્ત રાજ્ય અમેરીકાના પોતાના સહકર્મીઓના સંપર્કમાં આવ્યા. આ પહેલા તેમના વિદ્યાકિય સંપર્કો મુખ્યતઃ બ્રિટિશ વિદ્વાનો સાથે હતા. ભારતીય તથા અમેરિકાના સમાજશાસ્ત્રીઓને ઘણા બધાં સહયોગી પ્રકલ્પો શરૂ થયા, પ્રકાશનો અને સંશોધનોમાં વૃધ્ધિ થઈ. સમાજશાસ્ત્ર તથા સામાજિક નૃવંશશાસ્ત્ર યુનિવર્સિટીઓમાં ભણાવવવાના વિષયો બની ગયા, તેના વધુને વધુ વિભાગો ખુલવા લાગ્યા. તેથી અધ્યાપન અને સંશોધનના નવા પદ નિર્મિત થયા. બીજી શબ્દોમાં કહીએ તો સમાજશાસ્ત્ર

*તથા સામાજિક નૃવંશશાસ્ત્રની લોકપ્રિયતામાં ઝડપથી વૃધ્ધિ થઈ.*

**સમાજશાસ્ત્રીઓએ યોજના તથા વિકાસના કાર્યોમાં સક્રિય રીતે સામેલ કરવામાં આવ્યા. વસતિ ગણતરી સંગઠન, કેન્દ્રિત કલ્યાણ વિભાગ, અનુસુચિત જાતિ તથા જનજાતિ કાર્યાલય, જનજાતિય સંશોધન સંસ્થા તથા સમૂદાય વિકાસ કાર્યક્રમો સાથે સંલગ્ન સંસ્થાઓને સમાજશાસ્ત્રીઓ તથા નૃવંશશાસ્ત્રીઓની જરૂર પડી.**

*આ વિષયોની લોકપ્રિયતાનું બીજુ કારણ ભારતમાં યોજનાબધ્ધ વિકાસની શરૂઆત પણ હતી. સ્થાનિક સમૂદાયોની સામાજિક આર્થિક સમસ્યાઓને જાણવાની જરૂર ઉપરાંત તેના શક્ય ઉપાય પણ સૂચવવાના હતા. 1969માં, ઈન્ડિયન કાંઉસિલે ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ (ICSSR)ના આગમનની સાથે સમાજશાસ્ત્રનો વ્યાપ વધ્યો. 1951માં સ્થાપિત ઈન્ડિયન સોશિયલોજિકલ સોસાયટી, જેના વિશે અગાઉ જણાવ્યું છે, તે ઉપરાંત સમાજશાસ્ત્રીઓ માટે બીજો રાષ્ટ્રિય મંચ 'ઓલ ઈન્ડિયા સોશિયોલોજીકલ કોન્ફરંસ' હતી જેની સ્થાપના 1955માં આર.એન. સક્સેનાએ કરી હતી. પરંતુ 1967માં આ બંને વ્યાવસાયિક સંસ્થાઓનું મિશ્રણ થઈ ગયું. ત્યારથી આ સંસ્થા સમાજશાસ્ત્રીઓ માટે એક વાર્ષિક સંમેલનનું આયોજન કરે છે, જે દેશમાં એક મહત્વપૂર્ણ વ્યાવસાયિક ઘટના છે.*

*આ સમયખંડમાં ગામડાંઓને લગતા ઘણા અભ્યાસો કરવામાં આવ્યા. તેના નિષ્કર્ષરૂપે અનેક સંશોધન પુસ્તિકાઓ પ્રકાશમાં આવી. જેમાંથી કેટલીક તો આજે પણ અત્યંત પ્રસ્તુત છે. ઉદાહરણ તરીકે, મેક્કિમ મેરિયટ દ્વારા સંપાદિત ગ્રંથ 'વિલેજ ઈન્ડિયા' (1955) એચ.એસ.દુબે દ્વારા કરવામાં આવેલો હૈદરાબાદના એક ગામનો અભ્યાસ ઈન્ડિયન વિલેજ (1956) એમ.એન.શ્રીનિવાસ દ્વારા સંપાદિત 'ઈન્ડિયાઝ વિલેજ' (1956). બીજાં પણ ઘણાં મહત્ત્વપૂર્ણ કાર્યો છે જે ભારતની સ્વતંત્રતા પછીની સિદ્ધિઓ છે. કેથલીન ગોગે તાંજોરના એક ગામનો અભ્યાસ કર્યો અને એવા પરિવર્તનોનું વિશ્લેષણ/વિવરણ કર્યુ જે તે ગામમાં અંગ્રેજી શાસનના પરિણામ સ્વરૂપે આવ્યા હતા. એફ.જી.બેઈલીએ ઓરિસ્સાના એક ગામ વિશે લખ્યું અને એવા પરિવર્તનોને આંક્યા કે જે ત્યાંની જમીનના બજારના સંપર્કમાં આવવાથી આવ્યા. શ્રીનિવાસે કર્ણાટકના એક ગામનો અભ્યાસ કરીને 'પ્રભુત્વ ધરાવતી જ્ઞાતિ' નો ખ્યાલ આપ્યો. એટલે કે એવી જ્ઞાતિ કે જેનું માત્ર આર્થિક સંસાધનો પર પ્રભુત્વ હોય અને સુનિશ્ચિત રાજનૈતિક પ્રભુત્વ પણ હોય . એસ.સી. દુબેએ ઉત્તરપ્રદેશના પશ્ચિમના કેટલાક ગામોમાં યોજનાબદ્ધ વિકાસ કાર્યક્રમો અને સામાજિક તથા સાંસ્કૃતિક પરિબળોના પારસ્પરિક સબંધોનો અભ્યાસ કર્યો. તામિલનાડુના એક ગામનો અભ્યાસ કરીને આન્દ્રે બેટીલે દર્શાવ્યું કે વર્ણ-પ્રણાલીમાં કેવી રીતે પરિવર્તન આવ્યું.*

*આ ઉપરાંત, ઘણા બધાં ભારતીય સમુદાયના, જેમાં જ્ઞાતિઓ અને જનજાતિઓ બંનેનો સમાવેશ થાય છે તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો. શ્રી નિવાસે 1940માં કૂર્ગો પર એકઠા કરેલા પોતાના આંકડાઓ પર પુનઃ કામ કર્યું, અને 1952માં પ્રકાશિત પોતાના પુસ્તકમાં જ્ઞાતિ-પ્રથામાં ઉર્ધ્વગામી ગતિ (એટલે સંસ્કૃતિકરણ) નો ખ્યાલ આપ્યો. લૂઈ ડયુમોંટ નામના ફ્રેંચ સમાજશાસ્ત્રીએ તામિલનાડુના પરમલાઈ કલ્લાર સમુદાયનો અભ્યાસ કર્યો અને તેમના સામાજિક સંગઠનો, ખાસ કરીને તેમની વિવાહ પ્રણાલીનું વિવરણ આપ્યું. ટી.એન. મદને કાશ્મીરી પંડિતોના સબંધોની પ્રકૃતિ તથા પરિવારોનો અભ્યાસ કર્યો. સચ્ચિદાનંદે બિહાર અને ઝારખંડના કેટલાક જનજાતિય સમૂહોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો. માર્ટિન ઓરાંનનું કાર્ય-કેન્દ્ર સંથાલો પર ઔદ્યોગિકરણનો પ્રભાવ તપાસવાનું રહ્યું. એ.એમ. શાહે ગુજરાતના એક ગામમાં પરિવાર અને*

કુટુંબના ગતિશીલ પરિબળોનો અભ્યાસ કર્યો.

ભારતીય સમાજના અનુભવજન્ય અધ્યયનમાં યોગદાન ઉપરાંત ભારતીય સમાજશાસ્ત્રીઓએ પોતાના સંશોધન કાર્યો દ્વારા મહત્ત્વપૂર્ણ સૈદ્ધાંતિક દૃષ્ટિ પણ પ્રાપ્ત કરી છે આપણે અગાઉ જોયું તેમ કુર્ગો પર કરેલા પોતાના અભ્યાસના આધારે શ્રી નિવાસે સંસ્કૃતીકરણનો ખ્યાલ આપ્યો. સૈધ્ધાંતિક મહત્વનું બીજું કાર્ય ડ્યુમોન્ટનું હતું જેણે પોતાના પુસ્તક 'હોમો હાયરેકીક્સ' માં જ્ઞાતિ પ્રથાના મૂળ સિદ્ધાંતો તથા લક્ષણોની સમીક્ષા કરી છે. તેમણે સમાજશાસ્ત્ર એક અગ્રણી સામાયિક 'કન્ટ્રીબ્યુશન્સ ટુ ઈન્ડિયન સોશિયોલોજી' પણ શરૂ કર્યું. કેટલાય ભારતીય સમાજશાસ્ત્રીઓએ ભારતીય પરંપરાઓ અને આધુનિકતાના પારસ્પરિક આંતર સબંધોની સૈદ્ધાંતિક તપાસ કરી. ઉદાહરણ તરીકે, યોગેન્દ્રસિંહે પોતાના પુસ્તક ભારતીય પરંપરાઓનું આધુનીકરણમાં છેલ્લા દસકમાં જ્ઞાતિ આધારિત, લિંગ-સંબંધિત, હિંસા-સબંધી, વિકાસ-સબંધી, સ્તરીકરણ વગેરે મુદ્દાઓને આવરી લેતા અભ્યાસમાં વૃદ્ધિ થઈ છે. આમ, ભારતીય સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર આંતરરાષ્ટ્રિય સ્તર પર પોતાની ઓળખ ઊભી કરવામાં સફળ રહ્યા છે.

## પાઠગત પ્રશ્નો 2.2

**નીચેનાં પ્રશ્નોના જવાબ આપો :**

1. ભારતીય સમાજશાસ્ત્રને તમે કેટલા સમયખંડમાં વિભાજતિ કરશો ?

   ..........................................................................................

2. રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બંગાલની સ્થાપના કઈ સાલમાં અને કોના દ્વારા કરવામાં આવી?

   ..........................................................................................

3. મેક્સમૂલરનું યોગદાન શું હતું ?

   ..........................................................................................

4. 'એન્શિયંટ લો' નામનું પુસ્તક કોણે લખ્યું છે ?

   ..........................................................................................

5. ડબલ્યુ.એચ.આર. રિવર્સ કયા સમાજનો અભ્યાસ કર્યો છે ?

   ..........................................................................................

6. કોચિન તથા મૈસૂરની જ્ઞાતિઓ અને જનજાતિઓનો અભ્યાસ કોણે કર્યો ?

   ..........................................................................................

7. પહેલો નૃવંશશાસ્ત્ર વિભાગ ક્યારે અને કયાં સ્થપાયો?

   ..........................................................................................

8. કન્ટ્રીબ્યુશન્સ ટુ ઈન્ડિયન સોશિયોલોજી નામનું સામાયિક કોણે શરૂ કર્યું?

   ..........................................................................................

9. કેટલાંક સમુદાયોના નામની યાદી બનાવો જેનો અભ્યાસ સમાજશાસ્ત્રીઓએ સ્વતંત્રતા બાદ કર્યો છે?

   ..........................................................................................

10. જી.એસ. ઘુર્યે 1951 માં કઈ વ્યાવસાયિક સંસ્થા સ્થાપી ?

..........................................................................................

## તમે શું શીખ્યા

- માનવની હંમેશા પોતાના સમાજને જાણવાની તથા તેના વિશે વિચાર કરવાની રુચિ રહી છે પણ સમાજશાસ્ત્ર વિષય ફ્રેંચ ક્રાંતિ પછીથી અસ્તિત્વમાં આવ્યો.
- ઓગસ્ટ કોમ્તે, 1838 માં 'સમાજશાસ્ત્ર' શબ્દનો ઉપયોગ કર્યો.
- કોમ્તેએ સમાજના વૈજ્ઞાનિક અભ્યાસનું સૂચન કર્યુ કારણ કે, આ રીતે એકત્રિત જ્ઞાન સામાજિક ઉત્થાન માટે ઉપયોગમાં લઈ શકાય છે.
- એમાઈલ દુર્ખીમ અને મેક્સ વેબરે ક્રમશઃ ફ્રાંસ અને જર્મનીમાં, સમાજશાસ્ત્રના વિકાસ માટે પ્રમુખ યોગદાન આપ્યું.
- એક વિષય તરીકે સમાજશાસ્ત્રનો દ્વિતીય વિશ્વ યુદ્ધ પછીથી તીવ્ર ગતિએ વિકાસ થયો.
- ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસના મૂળ ઔપનિવેશક/બ્રિટિશ શાસનકાળ સુધી જાય.
- રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બંગાલની સ્થાપનાથી સમાજમનોવૈજ્ઞાનિક સંશોધનમાં જબરદસ્ત વિકાસ થયો.
- સમાજશાસ્ત્રનો પ્રથમ પૂર્ણ વિભાગ 1919 માં મુંબઈ યુનિવર્સિટીમાં શરૂ થયો.
- સ્વતંત્રતા પછી ભારતમાં ગામડાઓના અભ્યાસ શરૂ થયા જેનું મુખ્ય કારણ ભારતીય સમાજશાસ્ત્રીઓનો પોતાના અમેરીકી સહકર્મીઓ સાથેનો સહયોગ હતો.
- સ્વતંત્રતા પછી ભારતમાં સમાજશાસ્ત્ર વિભાગોની સંખ્યા વધી છે અને તેથી સંશોધન પ્રકલ્પોમાં પણ વૃદ્ધિ થઈ છે.

## સ્વ-અધ્યયનના પ્રશ્નો

1. સમાજશાસ્ત્રના વિકાસમાં એમાઈલ દુર્ખીમ અને મેકસ વેબરના યોગદાનનું વર્ણન કરો.
2. ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસનું વર્ણન તમારા શબ્દોમાં કરો.
3. એસ.સી. રોયનું મુખ્ય યોગદાન લખો.
4. ભારતની સ્વતંત્રતા પછી સમાજશાસ્ત્રનાં મુખ્ય યોગદાન કયું છે ?

## પાઠગત પ્રશ્નોના જવાબ

૨.1. 1. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે.

2. 1789ની ફ્રેંચ ક્રાંતિ
3. ઓગસ્ટ કોમ્તે
4. જેમાં ઘટનાઓની સમજૂતિ વૈજ્ઞાનિક અભિગમથી આપવામાં આવે.
5. ધર્મશાસ્ત્રીય, દર્શનશાસ્ત્રીય, પ્રત્યક્ષવાદ
6. સમાજશાસ્ત્રના સિદ્ધાંત
7. એમાઈલ દુર્ખીમ
8. સમાજશાસ્ત્રના મૂળ ખ્યાલો

2.2 1. ત્રણ સમયખંડ

1769-1900 - સમાજશાસ્ત્રની આધારશિલા
1901-1950 - સમાજશાસ્ત્ર વ્યવસાય બન્યું
સ્વતંત્રતા પછી - યોજનાબદ્ધિ વિકાસ

2. 1774 માં વિલિયમ જોન્સે રોયલ અશિયાટિક સોસાયટી ઓફ બંગાલની સ્થાપના કરી હતી.
3. ઘણા બધાં પ્રાચીન ભારતીય ગ્રંથોના જર્મનમાં અનુવાદ કર્યા જેના પછી અંગ્રેજીમાં અનુવાદ થયા.
4. હેનરી મેઈન
5. ટોડા નામનો નીલગિરીનો ગ્વાલા સમુદાય
6. એલ. કે. અનંતકૃષ્ણ અય્યા
7. 1921 માં, કલકત્તામાં નૃવંશશાસ્ત્ર વિભાગ સ્થાપિત થયો.
8. ડ્યુમોન્ટ
9. કૂર્ગ, સંથાલ, પારામલાઈ કલ્લાર
10. તેઓએ ઈન્ડિયન સોશિયલોજિકલ સોસાયટીની સ્થાપના કરી.

## સંદર્ભ પુસ્તકો


1. ટી.બી. બોટોમાર : સોશિયોલોજી (1927)
2. એલેક્સ ઈન્કેલ્સ : વ્હોટ ઈઝ સોશિયોલોજી (1993)
3. એન્થની ગિડ્ડેંસ : સોશિયોલોજી (1993)
4. ડી.એન. ધનગરે : થીમ્સ એન્ડ પર્સપેક્ટિ ઈન્ડિયન સોશિયોલોજી (1993)
5. યોગેન્દ્રસિંહ : ઈન્ડિયન સોશિયોલોજી (1986)
6. પી.કે.બી. નાયર (સંપાદક) : સોશિયોલોજી ઈન ઈન્ડિયા (1982)

# 3

# સમાજશાસ્ત્રનો અન્ય સમાજ-વિજ્ઞાન સાથે સંબંધ

*તમે આગળના બે પ્રકરણોમાં સમાજશાસ્ત્રનો અર્થ, કાર્યક્ષેત્ર અને ઈતિહાસ વિશે સમજૂતિ મેળવી. આ પ્રકરણમાં તમે સમાજશાસ્ત્ર અને તેનો અન્ય સામાજિક વિજ્ઞાન સાથેના સંબંધો વિશે અભ્યાસ કરશો. કાર્યક્ષેત્ર અને વીષયવસ્તુના આધારે સમાજશાસ્ત્ર તથા અન્ય સામાજિક વિજ્ઞાન જેવા કે ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સામાજિક કાર્ય, મનોવિજ્ઞાન અને નૃવંશશાસ્ત્ર એ બધાં સ્વતંત્ર છે. આમ છતાં આ બધાં વિષયો પરસ્પર નિર્ભર છે કારણ કે તેમનો સબંધ માનવસમાજ સાથે છે.*

## ઉદ્દેશ્યો :

**આ પ્રકરણના અભ્યાસ પછી તમે :**

- *સમાજશાસ્ત્રની ભિન્ન પ્રકૃતિ/સ્વરૂપ સમજી શકશે.*
- *સમાજશાસ્ત્રના અન્ય સામાજિક વિજ્ઞાનો સાથેના સબંધો સમજી શકશો.*

## 3.1 સમાજશાસ્ત્ર અને ઈતિહાસ વચ્ચેનો સંબંધ

*સમાજશાસ્ત્ર અને ઈતિહાસ વચ્ચેના સબંધ વિશે વિચારતાં પ્રશ્ન થાય કે, શું સમાજશાસ્ત્ર નૈસર્ગિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનની જેમ સામાજિક વિજ્ઞાન છે કે ઈતિહાસ લેખનની પ્રક્રિયા છે? ઓગણિસમી સદીમાં અને વીસમી સદીની શરૂઆતના સમાજશાસ્ત્રીઓનું માનવું હતું કે સમાજશાસ્ત્ર, સમાજનું નૈસર્ગિક વિજ્ઞાન હતું. પરંતુ પછીથી તે માન્યતા નબળી પડવા લાગી અને સમાજશાસ્ત્રીઓ એવુ અનુભવ્યું કે નિસંદેહ આપણો વિષય એક સામાજિક વિજ્ઞાન હતો. તેમાંથી કેટલાક સમાજશાસ્ત્રીઓ એવું માનતા હતાં તે ઈતિહાસ લેખનનો એક પ્રકાર હતું.*

**ઈતિહાસ એ ભૂતકાળનો અભ્યાસ છે, જે લોકો દ્વારા ભોગવાઈ ચૂકયો છે. ઈતિહાસકારોની અભ્યાસ સામગ્રી પુરાતત્વખાતાના રેકોર્ડસ, સંગ્રહાલયો, પુસ્તકાલયો અને લોકોના વ્યકિતગત સંગ્રહોના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે.**

*પ્રાચીન સમયના અધ્યયનકર્તા ઈતિહાસકારો શિલાલેખોનો અભ્યાસ કરે છે. એવું બની શકે કે ઐતિહાસિક સામગ્રી અધૂરી હોય, અથવા તો થોડી તૂટેલી હોય, ભૂલાઈ ગયેલી હોય અથવા તો મેળવવી દુલર્ભ હોય. તેથી ઈતિહાસકારોએ મર્યાદિત અભ્યાસ સામગ્રીના આધારે જ ભૂતકાળના અર્થઘટનો કરવા પડે છે.*

**ઈતિહાસકારો વિશિષ્ટ સમાજ સાથે સબંધિત હોય છે. તે ચોક્કસ સમયમાં પ્રચલીત સમાજવ્યવસ્થા વિશે વાત કરે છે.** *ઈતિહાસકારો મર્યાદિત સ્તર પર તુલના કરે છે તેઓ એક જ ક્ષેત્રના સમાજની તુલના કરી શકે છે, ખાસ કરીને એવા સમાજની કે જેનો આકાર નાનો હોય પરંતુ એવો સમાજ જેનો આકાર ખૂબ મોટો હોય તથા ભિન્ન હોય તેની તુલના ઈતિહાસના કાર્યક્ષેત્રની બહાર છે. તેથી ઈતિહાસકાર સમગ્ર માનવ સમાજ વિશે વ્યાપક અનુમાન કરવાનો પ્રયાસ કરતાં નથી. તેઓ કોઈ વિશિષ્ટ સામાજિક સ્થિતિનું ઝીણવટપૂર્વક અધ્યયન આપે છે.*

*તુલનાત્મક રીતે જોઈએ તો* **સમાજશાસ્ત્રનું મુખ્ય કાર્ય તો સમકાલીન સમાજના અભ્યાસ સાથે સબંધિત છે.** *સમાજશાસ્ત્રી પોતે / જાતે જ અધ્યયન સામગ્રી એકઠી કરે છે અને અન્ય દ્વારા એકઠી કરેલી સામગ્રી (પ્રાંરભિક આંકડા) પર નિર્ભર નથી રહેતા. આંકડાઓ/માહિતી એકઠી કરતી વખતે સમાજશાસ્ત્રી બધાં પાસાંઓનું ધ્યાન રાખે છે. જો કોઈ સમસ્યા/પ્રશ્નનો ઉકેલ/ઉત્તર તેને ન મળે તો તે પૂનઃવિસ્તરણ કાર્ય માટે જાય છે અને માહિતી એકઠી કરે છે. આવી રીતે સમાજશાસ્ત્રી દ્વારા પ્રાપ્ત માહિતી તથા આંકડાઓ વધુ વ્યાપક હોય છે જ્યારે ઈતિહાસકાર ઉપલબ્ધ સામગ્રી પર નિર્ભર રહે છે.*

*અલબત, સમાજશાસ્ત્રી સમકાલીન સમાજનો અભ્યાસ કરે છે પરંતુ તે સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનને સમજવા માટે ઐતિહાસિક સામગ્રીનો આધાર લે છે. તે જૂના/અગાઉના સમાજનો સામાજિક અભ્યાસ કરે છે. ટૂંકમાં, એક સમાજશાસ્ત્રી પોતાના વિષયની પધ્ધતિનો ઉપયોગ કરીને એક ઐતિહાસિક સમાજનો અભ્યાસ કરી શકે છે તથા વિભિન્ન સંસ્થાઓના પરસ્પર સબંધો સમજાવી શકે છે. ઐતિહાસિક સમાજના અભ્યાસ માટે જો આ પરિપ્રેક્ષ્યનો વિસ્તાર કરવામાં આવે તો સમાજશાસ્ત્રની આ શાખાને ઐતિહાસિક સમાજશાસ્ત્રના નામથી ઓળખી શકાય છે. ઈતિહાસ અને સમાજશાસ્ત્ર વચ્ચે પાયાનો તફાવત છે કે ઈતિહાસ ભૂતકાળના સમજાનો અભ્યાસ કરે છે જ્યારે સમાજશાસ્ત્ર વર્તમાન સમાજનો અભ્યાસ કરે છે. ઈતિહાસ સમકાલીન સમાજ સાથે કોઈ વિશેષ સબંધ નથી રાખતો જ્યારે સમાજશાસ્ત્ર ભૂતકાળના સમાજનો પણ અભ્યાસ કરે છે.*

*એક મહત્વનો તફાવત એ પણ છે કે* **ઈતિહાસ પોતાના વિસ્તારને વિશેષ સમાજ પૂરતો સીમિત રાખે છે જ્યારે સમાજશાસ્ત્ર સંપૂર્ણ માનવ સમાજ વિશે વ્યાપક સામાન્યીકરણ કરે છે.** *સરળ શબ્દોમાં કહીએ તો સમાજશાસ્ત્ર સૂક્ષ્મ સ્તર પર અભ્યાસ કરે છે પણ તેનાં ઉદ્દેશ્ય બૃહદ સ્તરનો હોય છે. સમાજશાસ્ત્રી પણ એક વિશેષ સમાજનો અભ્યાસ વિસ્તૃત રીતે કરે છે પણ તે સામાન્યીકરણ કરવાના ઉદ્દેશ્યથી પોતે કરેલા એક સમાજના અભ્યાસને અન્ય સમાજ સાથે સરખાવે છે. સમાજશાસ્ત્રી માને છે કે તુલનાત્મક પધ્ધતિ પોતાના વિષયની સૌથી મહત્વની રીત છે કારણ કે આ વિશેષથી સામાન્ય તરફ લઈ જવામાં મદદ કરે છે.* **સમાજશાસ્ત્ર એક અવલોકનાત્મક, તુલનાત્મક અને સામાન્યીકરણનું વિજ્ઞાન છે. ઈતિહાસનો આધાર દસ્તાવેજોના વિશ્લેષણ પર નિર્ભર રહે છે.** *તે વિશેષ પરિસ્થિતિની સ્પષ્ટતા કરવાનો પ્રયાસ કરે છે. સમય અને સ્થળના પરિબળોને ધ્યાનમાં રાખીને તેના નિષ્કર્ષ કાઢવામાં આવે છે.*

## 3.2 સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

*રાજ્યશાસ્ત્ર ને 'સરકારનું વિજ્ઞાન' અથવા 'રાજકીય કે રાજનીતિનું વિજ્ઞાન' કહેવામાં આવે છે. તેને રાજ્ય તથા સત્તાના અંગોના પધ્ધતિસરના અભ્યાસ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. રાજ્યશાસ્ત્ર સમાજમાં સત્તાની વહેંચણી સ્વરૂપનો અભ્યાસ કરે છે. તેમજ સત્તા માટે સ્પર્ધાના નિયમ, તથા સરકારની પ્રકૃતિ અને કાર્ય (કાયદાકીય, કાર્યપાલક અને ન્યાયિક)નો અભ્યાસ કરે છે. રાજ્યશાસ્ત્ર સામાન્ય રીતે આધુનિક, સંગઠિત અને વિકસિત સમાજનો અભ્યાસ કરે છે.*





અન્ય શબ્દોમાં કહીએ તો એવા સમાજનો અભ્યાસ કરવામાં આવે છે જેને પોતાના લેખીત અધિનિયમ તથા રાજ્યશાસન તંત્ર હોય.

રાજ્યશાસ્ત્રનો સબંધ સમાજ અને તેની રાજનૈતિક પરિસ્થિતિ જેવી બૃહદ વ્યવસ્થા સાથે છે. સૂક્ષ્મ એકમો સાથે નહીં જેના માટે સમાજશાસ્ત્રીઓ પ્રખ્યાત છે. રાજયશાસ્ત્ર સમાજમાં ગહન વિસ્તરણ કાર્ય કરતું નથી. તે ક્ષેત્ર/સમાજમાં જઈને માહિતી/આંકડા એકત્રિત કરવા પર ઓછું ભારણ આપે છે. તેને માહિતી/આંકડાઓ પ્રકાશિત દસ્તાવેજો, વસતિ-ગણતરી, દફતરી-અહેવાલ, સંસદની કાર્યવાહી તથા અન્ય રાજકીય પરિબળો અને ચૂંટણી પરિણામો વગેરે દ્વારા પ્રાપ્ત થાય છે. તેનો અર્થ એ થયો કે રાજયશાસ્ત્રીઓ ક્ષેત્ર/સમાજનાં માહિતી/આંકડા એકઠા કરવા જતાં નથી. તેઓ જે માહિતી/આંકડાઓનું અર્થઘટન કરે છે તે અન્ય દ્વારા એકત્રિત કરવામાં આવે છે. તેથી રાજ્યશાસ્ત્ર મૂળભૂત રીતે રાજનૈતિક સંસ્થાઓ સાથે સંબંધિત છે તથા સમાજમાં સત્તા વહેંચણી અને કાયદા-કાનૂનની વ્યવસ્થાનો અભ્યાસ કરેછે. રાજનૈતિક દર્શનશાસ્ત્ર રાજ્યશાસ્ત્રનું એક મુખ્ય અભ્યાસ ક્ષેત્ર છે જે રાજની ઉત્પતિ તથા કાયદા વ્યવસ્થાની જરૂરિયાતનો અભ્યાસ કરે છે.

સમાજશાસ્ત્ર દરેક પ્રકારના સમાજનો અભ્યાસ કરે છે. જેમકે, 'આદિવાસી' , 'ખેડૂત' શહેરી-ઔદ્યોગિક સમાજ વગેરે.તેનું સ્વરૂપ જ તુલનાત્મક છે તે સમાજમાં સત્તાની વહેંચણી વિશે અભ્યાસ કરે છે જે સમાજનો (આદિવાસી, ખેડૂત) અભ્યાસ રાજશાસ્ત્ર કરતું નથી. 1940 માં નૃવંશશાસ્ત્રીઓએ પણ આવા સમાજનો અભ્યાસ કર્યો હતો જેમાં રાજ્યની સંસ્થાઓના અભાવ હતો. એવા સમાજને રાજ્ય વિહિત સમાજ કહેવામાં આવતા. આનું એક ઉદાહરણ હતો સુદાનને 'ન્યુર' સમાજ નૃવંશશાસ્ત્રીઓ રાજ્યવિહિન સમાજની સમજૂતી આપતા આવા સમાજમાં વ્યવસ્થા કેવી રીતે જાળવવામાં આવતી તેના વિશે સમજાવે છે. રાજ્ય ન હોવું એટલે પરસ્પર વિવાદ અને સંઘર્ષનો અભાવ એવું નહીં. પ્રત્યેક સમાજને પોતાના કાયદા વ્યવસ્થાની જાળવણી કરવાની પોતાની રીત હોય છે. સમાજશાસ્ત્ર રાજ્યશાસ્ત્રીઓની સૂઝ-બૂઝમાં મદદ કરે છે. તે સમજાવે છે કે એક આમ સમાજમાં સામાજિક નિયંત્રણના સાધનો કયા છે અને તેનો ઉપયોગ કેવી રીતે થાય છે.

આપણે અગાઉ જોયું કે રાજ્યશાસ્ત્રનો સબંધ રાજનૈતિક સંસ્થાઓ સાથે છે. સમાજશાસ્ત્ર કોઈ એક સંસ્થાને અગ્રિમતા આપતું નથી. તેની દૃષ્ટિમાં બધી સંસ્થાઓ એક સમાન છે કારણ કે સમાજના કામમાં બધી સંસ્થાઓનું યોગદાન હોય છે. તે માટે સમાજની અન્ય સંસ્થાઓમાંની એક સંસ્થા એટલે રાજ્ય-સંસ્થા છે. તથા તેનું વિશ્લેષણ અન્ય સંસ્થાઓ સાથેના તેના સબંધને ધ્યાનમાં લઈને થવું જોઈએ. સમાજશાસ્ત્રી રાજનૈતિક સંસ્થાઓનો હવે વિશેષ અભ્યાસ કરે છે. અને તેને રાજનૈતિક સમાજશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે. આ રાજ્યશાસ્ત્ર સાથે ઘણું બધું સામ્ય છે પણ રાજ્યનૈતિક સમાજશાસ્ત્ર સત્તાની વહેંચણી તંત્રોનું નિયંત્રણ તથા કાયદા વ્યવસ્થાને સામાજિક આધાર માનીને વિશ્લેષણ કરે છે. સામાજિક સ્તરીકરણ, સત્તાની વહેંચણી કે સામાજિક વ્યવસ્થા જાળવવામાં નિષેધ તથા અન્ય પ્રતિબંધનોની ભૂમિકા કે રાજતંત્રમાં સાહચર્ય વગેરે સામાજિક પ્રશ્નો છે.

સમાજશાસ્ત્રી સૂક્ષ્મ સ્તરના એકમનું વિસ્તરણ ક્ષેત્ર કાર્ય કરે છે. પછી ભલે તે શહેરી આડોશ પડોશ હોય કે રાજકીય પક્ષો હોય. તે સ્થાનિક સ્તરના કાર્યોની પ્રક્રિયાનું સ્પષ્ટીકરણ કરે છે. સ્થાનિક પરિસ્થિતિઓની તુલના દ્વારા તે નિષ્કર્ષ કાઢે છે. રાજ્યશાસ્ત્ર તથા સમાજશાસ્ત્ર બંનેનો ઉદ્દેશ્ય રાજકીય સમસ્યાઓ સુધી પહોંચવાનો છે પણ બંનેની રીતો અલગ-અલગ છે. રાજ્યશાસ્ત્રી બૃહદ/વ્યાપક એકમોનો અભ્યાસ કરીને તેની નીપજ કાઢે છે. સમાજશાસ્ત્રી સૂક્ષ્મ એકમોની પધ્ધતિસરની તુલના કરે છે અને ત્યારબાદ સામાન્ય નિષ્કર્ષ સુધી પહોંચે છે.

## પાઠગત પ્રશ્નો : 3.1

નીચે આપેલા વિધાનો 'સત્ય' કે 'અસત્ય' છે તે તપાસો. 'સત્ય' માટે કૌસમાં 'સ' લખો અને અસત્ય માટે 'અ' લખો.

1. ઈતિહાસ ભૂતકાળના સમાજનો અભ્યાસ કરે છે. ( )
2. સમાજશાસ્ત્ર એક અવલોકનાત્મક વિજ્ઞાન છે. ( )
3. રાજ્યશાસ્ત્ર માનવસમાજની બધી સંસ્થાઓનો અભ્યાસ કરે છે. ( )
4. ઈતિહાસકાર મધ્ય-સત્ર ચૂંટણીનો અભ્યાસ કરે છે. ( )
5. સમાજશાસ્ત્રી પોતાની માહિતી/આંકડાઓ પુરાતત્વ વિભાગમાંથી મેળવે છે. ( )

## 3.3 સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

આજે બધા જ સામાજિક વિજ્ઞાનમાં, અર્થશાસ્ત્ર સૌથી વધુ વિકસિત શાસ્ત્ર સમજવામાં આવે તેમાં ગુણાત્મક અને સંખ્યાત્મક એમ બંને પરંપરાઓનો વિકાસ છે. અર્થશાસ્ત્રની એક શાખાનું નામ ઈકોનોમેટ્રી છે જેનો સંબંધ આર્થિક ઘટનાના સંખ્યાત્મક મૂલ્યાંકન સાથે છે. અન્ય સામાજિક વિજ્ઞાનોની સરખામણીમાં આધુનિક અર્થશાસ્ત્ર ખૂબ જ ગાણિતીક છે.

અર્થશાસ્ત્ર ઉત્પાદનના પાસાંઓ, તેના વિતરણ તથા વિનિમય અને સમાજમાં તેના ઉપભોગનો અભ્યાસ કરે છે. તે એવા અવલોકનથી શરૂ થાય છે કે સંસાધનો મર્યાદિત તથા અપૂરતા છે જ્યારે માણસની જરૂરિયાતો અને ઈચ્છાઓ અમર્યાદિત છે. તેથી મર્યાદિત સંસાધનો તથા અમર્યાદિત જરૂરિયાતો વચ્ચે સમતોલન જાળવી રાખવાની જરૂરિયાત છે. આ માટે માનવી એવી વ્યૂહરચના અપનાવે છે કે ઉપલબ્ધ સંશાધનોનો સર્વોત્તમ ઉપયોગ કરવો અને સાથો-સાથ જરૂરીયાતો પર નિયંત્રણ મૂકવું. આમ, સંસાધનો તથા જરૂરિયાતો વચ્ચે સમતોલન જાળવવાની પ્રક્રિયાને કરકસર કહે છે તથા તેના અભ્યાસને આર્થિક અધ્યયનનું વિજ્ઞાન પણ કહે છે.

અર્થશાસ્ત્ર આધુનિક, સંકુલ અને શહેરી ઔદ્યોગિક સમાજની આર્થિક વ્યવસ્થાનો અભ્યાસ કરવા પર વિશેષ ભાર આપે છે. અર્થશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્ર વચ્ચે કેટલુંક સામ્ય જોવા મળે છે. બંને વિષયો આધુનિક સમાજના વિશિષ્ટ સંસ્થા, આર્થિક કે રાજકીય, પર વધારે ભારણ આપે છે. અર્થશાસ્ત્રી આધુનિક આર્થિક સંસ્થાઓ (જેમકે રોકાણ,બેંક, બજાર) ને તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં જુએ છે તથા સામાન્ય પરિણામ સુધી પહોંચે છે. અલબત, તે સામાજિક પરિબળો (જેવાં કે સંબંધો, ધર્મ, મૂલ્યો)ને આર્થિક સ્થિતિને અસર કરનાર ગણે છે પણ તેને જરૂરી "અતાર્કિક" સમજે છે જે આર્થિક વિકાસને ધીમો કરે છે અથવા બરબાદ પણ કરે છે. વિકાસશીલ અર્થવ્યવસ્થા માટે તાર્કિક નિર્ણય લેવાના હોય છે જેથી તેને ફાયદો અને નફો થઈ શકે.પ્રત્યેક આર્થિક વ્યવસ્થા વધુમાં વધુ લાભ તથા વળતરના સિધ્ધાંત પર આધારિત હોય છે. આ તથ્યોને જોડ્યા બાદ આપણે એવું કહી શકીએ કે અર્થશાસ્ત્રનો સંબંધ નીચેના પાસાંઓ / પરિબળો સાથે છે :

- સમાજમાં માંગ અને પુરવઠા વચ્ચે સબંધ સાથે,
- પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટે સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ સાથે તથા
- આર્થિક વિકાસની સમસ્યાઓ સાથે.

સમાજશાસ્ત્રીઓની દૃષ્ટિમાં માનવ સમાજની અનેક સંસ્થાઓમાંની એક આર્થિક સંસ્થા પણ છે. એટલા માટે તે અન્ય સંસ્થાઓના અધ્યયનને પ્રાથમિકતા આપતું નથી. તે આર્થિક સંસ્થાઓની કાર્યશૈલીને અન્ય સંસ્થાઓ સાથેના સબંધને તપાસે છે.

અર્થશાસ્ત્રમાં સામાજિક પરિબળોના યોગદાનની વિસ્તૃત તપાસ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રીઓનું માનવું છે કે સંસાધનોનો ઉપયોગ તથા વિતરણ સબંધિત નિર્ણયોને સામાજિક પરિબળ સૌથી વધુ પ્રભાવિત કરે છે. અર્થશાસ્ત્રીઓને અતાર્કિક લાગતા પરિબળો હકીકતમાં લોકોના પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ મહત્વના/અર્થપૂર્ણ હોય છે. સમાજશાસ્ત્રી આ બિંદુને આદિવાસી તથા ખેડૂત અભ્યાસના અધ્યયનમાં ઉપયોગ કરે છે. અનેક સમાજના લોકો ખોટા ખર્ચ કરે છે. જેથી તેની આબરૂ અને માન-પાન વધે, અન્ય શબ્દોમાં કહીએ તો નાણાંને સામાજિક ઉદ્દેશ્યો માટે ખર્ચ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રી અર્થશાસ્ત્રના સામાજિક પાસાંઓને જુએ છે આ સંદર્ભમાં, તેમનું કાર્ય અર્થશાસ્ત્રીઓ કરતા જુદુ છે. અર્થશાસ્ત્રીઓ લોકોની ક્રિયાઓનું આર્થિક પરિણામ જુએ છે.

આ બંને વિષયોના તફાવત દર્શાવતા અન્ય પાસાઓ પણ છે. અર્થશાસ્ત્રી પોતાના આંકડા સરકારી દસ્તાવેજો, વસતી-ગણતરી, બેંકીગ સંસ્થાઓની કામગીરી, આર્થિક સર્વેક્ષણ તથા હિસાબી સંસ્થાઓમાંથી પ્રાપ્ત કરે છે. આ આંકડાઓ બૃહદ પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા હોય છે. આ સંસ્થાઓના અભ્યાસ દ્વારા અર્થશાસ્ત્રી કોઈ નિષ્કર્ષ સુધી પહોંચવાના પ્રયત્ન કરે છે. તે ભાગ્યે જ સૂક્ષ્મ એકમો પર અભ્યાસ કરે છે. જેવા કે ગ્રામ્ય સ્તર પર કે શહેરી મહોલ્લાઓ પર. આનાથી વિપરીત સમાજશાસ્ત્રી નાના-નાના એકમોના સ્તરે ક્ષેત્રકાર્ય કરીને પોતાનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્રીઓની અભ્યાસ પદ્ધતિ આગમન પદ્ધતિ છે. એટલે કે પેલા તે સામાન્ય પરિણામ સુધી પહોંચે જેના પરથી વિશિષ્ટ કથનો સુધી પહોંચી શકાય. આ બાજુ સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિ નિગમન પધ્ધતિ છે જેમાં વિશિષ્ટ/ચોક્કસ કથનથી સામાન્ય કથન સુધી પહોંચવામાં આવે છે. અંતમાં, સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર જેવું સંખ્યાત્મક નથી.

## 3.4 સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચેનો સંબંધ

સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચે 'સૈધ્ધાંતિક વિજ્ઞાન' અને 'વ્યવહારૂ વિજ્ઞાન' જેવો જ સબંધ છે. સામાજિક કાર્યનો સંબંધ માનવસમૂહના સુધાર માટે 'વિચારોના લાગુકરણ'ની તકનીક સાથે છે.

સામાજીક કાર્ય મૂળભૂત રીતે અમેરિકન ખ્યાલ છે. તેનો વિકાસ માનવ કલ્યાણ માટે થયો છે. વીસમી સદીની શરૂઆતમાં એવું અનુભવાયું કે સમાજશાસ્ત્રી મુખ્ય રીતે તો સમાજની કાર્યશૈલી

વિશે જ્ઞાન પ્રાપ્ત કરવા તથા તેના પર દાર્શનિક સંવાદ રજૂ કરવા સાથે સબંધિત છે. આદર્શ સમાજનો પ્રશ્ન પણ ઉભો થયો પરંતુ તેને બનાવવા માટે કઈ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો એ વાત પર વિચાર કરવામાં આવ્યો નહીં.

વીસમી સદીમાં ગરીબ અને પૈસાદાર વ્યક્તિઓ વચ્ચે અંતર વધી રહ્યું હતું તથા સમાજમાં પરિવર્તન આવી રહ્યું હતું. નિસહાય વ્યક્તિ વધી રહ્યા હતા. આવી પરિસ્થિતિમાં લોકોની પરિસ્થિતિમાં સુધાર લાવવો એ જ કેન્દ્ર મુદ્દો હતો. જયાં સુધી તેનો ઉપયોગ કરવામાં ન આવે ત્યાં સુધી જ્ઞાનનું કોઈ મહત્વ નથી. સામાજિક કાર્ય આ જ પરિસ્થિતિની ઉપલબ્ધિ હતું. તે મનુષ્યના ઉત્થાન માટે ઉપયોગી ટેકનોલોજી સાબીત થયું છે.

પરંતુ કોઈપણ કાર્ય માટે સામાજિક વ્યવસ્થાની જાણકારી જરૂરી છે જે સમાજશાસ્ત્ર દ્વારા પ્રાપ્ત થાય છે. એટલા માટે સામાજિક કાર્ય સમાજશાસ્ત્રના જ્ઞાન પર નિર્ભર રહેછે. સમાજશાસ્ત્ર સમાજ વિશે વિસ્તૃત પદ્ધતિસરની માહિતી/સમજૂતી આપે છે. જ્ઞાનની ઉપયોગલક્ષી સમજણ પણ પૂરી પાડે છે. સમાજશાસ્ત્રનું ઉપયોગલક્ષી ક્ષેત્ર વ્યવહારૂ સમાજશાસ્ત્ર તરીકે ઓળખાય છે.

સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચે વ્યવહારૂ સમાજશાસ્ત્ર આવે છે. ચાલો આપણે સામાજિક કાર્ય અને વ્યવહારૂ સમાજશાસ્ત્ર વચ્ચેનો તફાવત સમજીએ. વ્યવહારૂ સમાજશાસ્ત્ર એવા ક્ષેત્રોની તપાસ કરે છે જ્યાં સામાજિક જ્ઞાન ઉપયોગ બની શકે છે, પરંતુ સમાજશાસ્ત્રી પોતે સામાજિક કાર્ય કરતા નથી. તેઓ સામાજિક કાર્યની પ્રકૃતિ/સ્વરૂપ શું હોવું જોઈએ અને કેવી રીતે હોવું જોઈએ. તેમાં વિશેષ રસ ધરાવે છે. સામાજિક કાર્યકર ક્રિયા કરવાની માત્ર યોજના જ નથી બનાવતા, પણ તે પોતે જ તેનો અમલ કરે. તેથી ખરેખર તો સામાજિક કાર્ય વ્યવહારૂ વિજ્ઞાન છે.

## પાઠગત પ્રશ્નો : 3.2

નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

1. સામાજિક કાર્યનો અર્થ શું થાય ?

..........................................................................................

2. અર્થશાસ્ત્ર એટલે શું ?

..........................................................................................

3. અર્થશાસ્ત્રીઓ કેવી રીતે સમાજનો અભ્યાસ કરે છે?

..............................................................................................

4. સમાજશાસ્ત્રી પોતાના અભ્યાસ માટે કઈ પધ્ધતિનો ઉપયોગ કરે છે?

..............................................................................................

5. 'વ્યવહારૂ સમાજશાસ્ત્ર' એટલે શું?

..............................................................................................

## 3.5 સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચેનો સબંધ

સામાજિક વિજ્ઞાનમાં 'વ્યક્તિ' અને 'સમાજ' એ બે મુખ્ય ખ્યાલો છે. વ્યક્તિઓ - વ્યક્તિઓ વચ્ચેના નિભાવણીપાત્ર સંબંધોના સમૂહ તરીકે સમાજની વ્યાખ્યા કરવામાં આવે છે.સમાજમાં પ્રત્યેક વ્યક્તિએ પોતાની અલગ-અલગ ઓળખ, સ્વાતંત્રતા અને માનસિકતા હોયછે, જેના આધારે એક જ સમાજમાં બે વ્યક્તિઓના વ્યવહાર/વર્તનમાં તફાવત હોય છે. તેઓને સમાજમાં કઈ રીતે વર્તવું તેની સમજણ સમાજમાંથી જ પ્રાપ્ત થાય છે.

આ સામાજિક જ્ઞાનને વ્યક્તિ આત્મસાત કરી લે છે અને તે પ્રમાણે વર્તન કરે છે. આ જ્ઞાનને ઉપયોગમાં/ક્રિયામાં લાવવા માટે વ્યક્તિ વર્તન વૈવિધ્ય દર્શાવે છે. અલબત એક જ પરિસ્થિતિમાં પ્રત્યેક વ્યક્તિ અલગ-અલગ રીતે વર્તન કરે છે.

જે વિષય વ્યક્તિના વર્તન વિશે ધ્યાન કેન્દ્રિત કરે છે તેને મનોવિજ્ઞાન કહે છે. મનોવિજ્ઞાન વ્યક્તિની માનસિક સંરચના, તેની સ્મરણ શક્તિ, વિદ્વતા, આંતરિક સમસ્યાઓ તથા મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો અભ્યાસ કરે છે. અન્ય શબ્દોમાં, મનોવિજ્ઞાન વ્યક્તિઓના વર્તન-રીતિઓને સમજવાનો પ્રયાસ કરે છે. તે માનસિક તથ્યોનો અભ્યાસ કરે છે. મનોવિજ્ઞાન ગુણાત્મક મૂલ્યાંકન ઉપરાંત તે મનઃસ્થિતિને વ્યવસ્થિત સમજવા માટે સંખ્યાત્મક પદ્ધતિઓનો વધુમાં વધુ ઉપયોગ કરે છે. કેટલીક મનોવૈજ્ઞાનિક સ્થિતિને સમજવા માટે, વ્યક્તિની જૈવિક વ્યવસ્થા/તંત્રની જાણકારી જરૂરી હોય છે. તે માટે મનોવિજ્ઞાન મનુષ્યોના શારીરિક, ખાસ કરીને જ્ઞાનતંતુ-તંત્રને સમજવા પર વિશેષ ધ્યાન આપે છે. મનોવિજ્ઞાનમાં એવી શાખા જે ટોળામાં લોકોના વ્યવહારનો અભ્યાસ કરે છે તેને 'સામાજિક મનોવિજ્ઞાન' કહે છે. જનસમૂહના વર્તનને સામુહિક વર્તન પણ કહેવામાં આવે છે જે મનોવિજ્ઞાનનું એક વિષયવસ્તુ છે અને તે સ્થાયી સંસ્થાઓ (જેવી કે પડોશી તથા પરિવાર) માં થતાં વર્તનથી ભિન્ન છે. સ્થાયી સંસ્થાઓમાં થતા વર્તનને સામાજિક વર્તન કહે છે જે સમાજશાસ્ત્રનું વિષય છે. સામાજિક મનોવિજ્ઞાન સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનની વચ્ચેનો વિષય છે.

મનોવિજ્ઞાનમાં માનસિક તથ્યોનો અભ્યાસ કરવામાં આવે છે જે વ્યક્તિની માનસિક સંરચના સાથે સંકળાયેલ હોય છે. આ બાજુ સમાજશાસ્ત્રમાં સામાજિક તથ્યોનો અભ્યાસ કરવામાં આવે છે. સામાજિક તથ્યનું એક ઉદાહરણ છે ભાષા. સામાજીકરણની પ્રક્રિયામાં વ્યક્તિ ભાષા આત્મસાત કરે છે. પરંતુ તેનો ઉપયોગ કરતી વખતે તે વિશિષ્ટ રીતો અપનાવે છે જે તેના વ્યક્તિત્વ, મનોવૈજ્ઞાનિક તથ્ય, પસંદ અને નાપસંદ અને અન્ય વ્યક્તિગત પરિબળો પર આધાર રાખે છે. તે ભાષાની સંરચના, તેનું વ્યાકરણ, શબ્દકોષ, ઉચ્ચારણ, નિયમો વગેરેને બદલી શકે નહીં, કારણ કે આ બધા વિષયો સમાજશાસ્ત્રીઓ સાથે સંલગ્ન છે.

આપણે હવે સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વચ્ચેનો તફાવત એક ઉદાહરણ દ્વારા સમજીએ. ધારી લો કે એ કોર્ટમાં મુકદમો ચાલી રહ્યો છે અને આરોપી, વકીલ તથા ન્યાયાધિશ આ મુકદમા પર દલીલ/ચર્ચા કરી રહ્યા છે. જે અધિનિયમને આધારે ચુકાદો આવવાનો છે તે સમાજશાસ્ત્રીઓની રૂચિનો વિષય છે. પ્રત્યેક સભ્યના અધિકાર અને ફરજ, સમાજશાસ્ત્રીઓની રૂચિના વિષય છે.ટૂંકમાં કહીએ તો સમાજશાસ્ત્રી મુકદમાની સંપૂર્ણ પ્રક્રિયામાં ભાગ લઈ રહ્યા છે. પણ કોર્ટની પ્રક્રિયામાં વ્યસ્ત બધી વ્યક્તિઓના મનમાં શું છે, તે મનોવૈજ્ઞાનિકોની રૂચિનો વિષય છે. આ જ કારણ છે કે સમાજશાસ્ત્રી સામાજિક અને માનસિક તથ્યો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે. સમાજનો અભ્યાસ સમાજશાસ્ત્રી અને માનસિક વર્તનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરે છે.

આપણે હવે એ સમજી લેવું જોઈએ કે પદ અને ભૂમિકા, જેના વિશે તમે આગળ જાણશો, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રને જોડતી કડીઓ છે. પદ વ્યક્તિની સામાજિક સ્થિતિ દર્શાવે છે અને તે પ્રમાણે તે વર્તન કરે છે જેને ભૂમિકા કહે છે. પદ, અધિકારો અને ફરજોનું સામુહિક રૂપ છે જે સમાજ દ્વારા આપવામાં તથા સ્પષ્ટ કરવામાં આવે છે. સમાજ પદનું વિતરણ કરે છે. વ્યક્તિ કાર્ય કરે છે. પરંતુ જે રીતે તે કાર્ય કરવાની અપેક્ષાઓ રાખવામાં આવે તે સમાજ દ્વારા જ ઘડાય છે. તેથી પદ અને ફરજ વ્યક્તિને સમાજ સાથે જોડે છે અને સમાજશાસ્ત્ર તથા મનોવિજ્ઞાનની વચ્ચે સંબંધ સ્થાપિત કરે છે.

## 3.6 સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર વચ્ચેનો સંબંધ

સૌ પ્રથમ પ્રશ્ન એ થાય કે આ નૃવંશશાસ્ત્ર એટલે શું? નૃવંશશાસ્ત્ર એટલે માનવના જૈવિક, સામાજિક અને સાંસ્કૃતિક પાસાઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર. નૃવંશશાસ્ત્રની જે શાખા મનુષ્યના જૈવિક પાસાંઓનો અભ્યાસ કરે છે તેને ભૌતિક અથવા જૈવિક નૃવંશશાસ્ત્ર કહે છે. જે શાખા સામાજિક અને સાંસ્કૃતિક પાસાંઓનો અભ્યાસ કરે છે તેને સામાજિક નૃવંશશાસ્ત્ર કહે છે. નૃવંશશાસ્ત્રની ત્રીજી શાખામાં ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે તેને ભાષાકિય નૃવંશશાસ્ત્ર કહેવામાં આવે છે. નૃવંશશાસ્ત્રની એવી શાખા કે જે માનવના પૂર્વ ઐતિહાસિક અને લેખન પ્રારંભ પહેલાનો





અભ્યાસ કરે છે તેને પુરાતત્વીય નૃવંશશાસ્ત્ર કહે છે. આ ચારેય શાખાઓમાંથી સમાજશાસ્ત્ર, સામાજિક નૃવંશશાસ્ત્ર સાથે વધુ ગહન રીતે સંકળાયેલ છે. તમે અગાઉના પ્રકરણમાં જાણી ગયા છો કે સમાજશાસ્ત્રનો ઉદ્દભવ એક વિષય તરીકે અઢારમી સદીના અંત તથા ઓગણીસમી સદીની શરૂઆતમાં થયો હતો. એક વિષય તરીકે સામાજિક નૃવંશશાસ્ત્રનો પ્રારંભ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયો, પરંતુ એક વિષય તરીકેની સાચી પ્રતિષ્ઠા વીસમી સદીમાં મળી. સમાજશાસ્ત્ર સંકુલ, આધુનિક અને શહેરી ઔદ્યોગિક સમાજના અભ્યાસ પર વધુ ભારણ આપ્યું. શરૂઆતમાં સમાજશાસ્ત્રીઓએ પોતાના જ સમાજનો અભ્યાસ કર્યો. જ્યારે નૃવંશશાસ્ત્રીઓએ પોતાનાથી જુદા સમાજનો અભ્યાસ કર્યો. આ કારણથી સમાજશાસ્ત્રને પોતાના જ સમાજનો અભ્યાસ કરનાર અને નૃવંશશાસ્ત્રને અન્ય સંસ્કૃતિઓનો અભ્યાસ કરનાર તરીકેની ખ્યાતિ મળી. આ તફાવત ઉપરાંત બંને વિષયોમાં કેટલીક સમાનતાઓ પણ છે. બંને વિષયોએ માનવ સમાજને પૂર્ણ રીતે સમજવાનો પ્રયાસ કર્યો. બંનેનો સ્વભાવ તુલનાત્મક છે. ફ્રેંચ સમાજશાસ્ત્રી એમાઈલ દુર્ખીમે નૃવંશશાસ્ત્રને તુલનાત્મક સમાજશાસ્ત્ર કહયું છે. સામાજિક નૃવંશશાસ્ત્રને સમાજશાસ્ત્રની જ એક શાખા ગણવામાં આવ્યું તથા આદિ સમાજનું સમાજશાસ્ત્ર કહેવામાં આવ્યું.

કોઈપણ સમસ્યા વગર સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર વચ્ચેનો ભેદ પારખી શકાય. 'આપણા' અને 'તેઓના' સમાજ વચ્ચે ભેદ એવો જ છે જેવો 'સભ્ય' અને 'પ્રાચીન' સમાજ વચ્ચે ભેદ છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ તથા આફ્રિકા એવા દેશો છે જ્યાના નિવાસી ગોરા ઉપનિવેશક લોકોથી બિલકુલ જુદા હતાં. પરંતુ આ સમાજશાસ્ત્ર અને સામાજિક નૃવંશશાસ્ત્ર વચ્ચેનો ભેદ ભારતમાં બહુ ઉપયોગી સાબિત ન થયો. કારણ કે વિવિધ વસતીઓ વચ્ચે સાતત્ય હતું. ઘણા બધાં કિસ્સાઓમાં આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ કે શહેરી અને ગ્રામિણ લોકો વચ્ચે તફાવત કરવો શક્ય નથી હોતું. આવી પરિસ્થિતિમાં સમાજશાસ્ત્ર અને સામાજિક નૃવંશશાસ્ત્ર વચ્ચેનો ભેદ પૂર્ણ રીતે ભૂંસાઈ જાય છે.

અમુક સમય બાદ, સામાજિક નૃવંશશાસ્ત્રીઓએ પોતાના અભ્યાસ ક્ષેત્રમાં શહેરી તથા ઔદ્યોગિક સમાજના અભ્યાસને આવરી લીધો કે જે પહેલા સમાજશાસ્ત્રીઓના અભ્યાસ ક્ષેત્રમાં આવતું. આવું એટલા માટે થયું કે આદિવાસી સમાજ શહેરી ઔદ્યોગીકરણને લીધે પરિવર્તન તરફ પગ માંડી રહ્યો હતો. સમાજશાસ્ત્રે પણ પોતાના અભ્યાસ ક્ષેત્રનો વિસ્તાર કરતા આદિવાસી અને ખેડૂત સમાજને આવરી લીધા પરિણામે, સમાજશાસ્ત્ર અને સામાજિક નૃવંશશાસ્ત્ર વચ્ચેનો તફાવત લગભગ નહિવત બની ગયો.

એક સમય એવો હતો કે સમાજશાસ્ત્ર અને સામાજિક નૃવંશશાસ્ત્ર વિભિન્ન પ્રકારના સમાજના અભ્યાસના વિષયો બની ગયા હતા તથા તેઓ વિભિન્ન સિદ્ધાંતોના વિકાસમાં સહયોગ આપતા હતા. સમાજશાસ્ત્રીઓએ આંકડાઓ એકત્રિત કરીને સર્વેક્ષણ પદ્ધતિને વિકસિત કરવામાં યોગદાન

આપ્યું. નૃવંશશાસ્ત્રીઓએ બંધુતા અને ધર્મને સમજવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. કારણ કે આ બંને સંસ્થાઓ સામાન્ય સમાજમાં વધારે પ્રભાવશાળી હતી. શિક્ષણ અને શહેરી-ઔદ્યોગીકરણ સમાજને સમજવા માટે સમાજશાસ્ત્રીઓનું યોગદાન બહુમૂલ્ય છે કારણ કે આ સંસ્થાઓ આધુનિક સમાજ માટે પ્રાથમિક મહત્વના છે આ તફાવતો હોવા છતાં સમાજશાસ્ત્ર અને સામાજિક નૃવંશશાસ્ત્ર વચ્ચે અન્ય સામાજિક વિજ્ઞાનની સરખામણીમાં વધારે સમાનતાઓ છે.

## પાઠગત પ્રશ્નો : 3.3

**યોગ્ય શબ્દો દ્વારા ખાલી જગ્યા પૂરો :**

1. મનોવિજ્ઞાન ............. તથ્યોનો અભ્યાસ કરે છે.
2. પદનો અર્થ ............ જે વ્યક્તિ સમાજમાં ગ્રહણ કરે છે.
3. ............ વિષય મનુષ્યના જૈવિક અને સામાજિક-સાંસ્કૃતિક પાસાંઓનો અભ્યાસ કરે છે.
4. પ્રારંભમાં સામાજિક નૃવંશશાસ્ત્ર ............. સમાજનો અભ્યાસ કરતું હતું.
5. સર્વેક્ષણ પધ્ધતિ ............. નું મહત્વપૂર્ણ યોગદાન છે.

## તમે શું શીખ્યા

- આપણે જ્યારે સમાજશાસ્ત્ર તથા અન્ય સામાજિક વિજ્ઞાન વચ્ચેના સબંધોની ચર્ચા કરીએ ત્યારે એ માની લેવું જોઈએ કે પ્રત્યેક વિષયોની સ્વાયત્તતા હોય છે. પરંતુ આ સ્વાયત્તતા/સ્વતંત્રતા હોવા છતાં આ વિષયો પરસ્પર ગુઢ રીતે સંકળાયેલા હોય છે.
- સમાજશાસ્ત્ર સાંપ્રત સમાજનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રી પોતાના આંકડાઓ ક્ષેત્ર અભ્યાસ અને સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા પ્રાપ્ત કરે છે.
- ઈતિહાસકાર ભૂતકાળની ઘટનાઓ તથા ઉપલબ્ધ ભૌતિક તથ્યોના આધારે વિશ્લેષણ કરે છે.
- ઈતિહાસ અને સમાજશાસ્ત્ર વચ્ચે મુખ્ય તફાવત એ છે કે ઈતિહાસ ભૂતકાળના સમાજનો અને સમાજશાસ્ત્ર વર્તમાન સમાજનો અભ્યાસ કરે છે.
- સમાજશાસ્ત્ર સુક્ષ્મ સ્તર પર અભ્યાસ કરી વ્યાપક સ્તરના ઉદ્દેશ્યોની પૂર્તિ કરે છે.
- સમાજશાસ્ત્રી સામાન્ય રીતે સામાજિક તથા સાંસ્કૃતિક પરિવર્તનને સમજવા માટે ઐતિહાસિક તથ્યોની મદદ લે છે.
- સમાજશાસ્ત્ર અવલોકનાત્મક તુલનાત્મક અને સામાજીકરણ કરવાવાળુ વિજ્ઞાન છે જ્યારે



નોંધ

ઈતિહાસમાં દસ્તાવેજોનાં અર્થઘટનો કરવામાં આવે છે.

- રાજયશાસ્ત્ર સંકુલ, વિકસિત અને આધુનિક સમાજનો અભ્યાસ કરે છે. એટલે કે જે સમાજમાં રાજ્ય અને લેખીત કાયદા હોય, આ સંપૂર્ણ રાજકીય વ્યવસ્થા સાથે સંબંધ રાખે છે જ્યારે સમાજશાસ્ત્ર સૂક્ષ્મ સ્તર પર અભ્યાસ કરવા માટે પ્રખ્યાત છે.
- સમાજશાસ્ત્રી આદિવાસી, ખેડૂત કે શહેરી ઔદ્યોગિક જેવા બધા જ પ્રકારના સમાજનો અભ્યાસ કરે છે.
- રાજ્યશાસ્ત્ર માત્ર રાજકિય સંસ્થાઓનો અભ્યાસ કરે છે અને સમાજશાસ્ત્રીઓ માટે બધી સંસ્થાઓ સમાન હોય છે.
- અર્થશાસ્ત્રી ઉત્પાદન, વિતરણ અને વિનિમય, તથા સમાજમાં ઉપભોગ સાથે નિસ્બત રાખે છે.
- સમાજશાસ્ત્રી અર્થશાસ્ત્રના સામાજિક પાસાને જૂએ છે અને તેથી તેમનું કાર્ય અર્થશાસ્ત્રીઓ કરતા જુદુ છે.
- અર્થશાસ્ત્રીઓની અભ્યાસ પધ્ધતિ આગમન હોય છે એટલે કે પહેલા સામાન્ય પ્રસ્તાવ સુધી પહોંચે છે અને ત્યારબાદ વિશિષ્ટ વિવરણ આપે છે. સમાજશાસ્ત્રની પધ્ધતિ નિગમન પધ્ધતિ છે.
- સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્રની જેમ સંખ્યાત્મક નથી હોતું.
- સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચે શુધ્ધ/સૈધ્ધાંતિક વિજ્ઞાન અને વ્યવહારૂ વિજ્ઞાન જેવો સંબંધ છે.
- સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચે વ્યવહારૂ સમાજશાસ્ત્ર આવે છે.
- માનવ ઉત્થાન માટેના સામાજિક કાર્યોએ યોગ્ય તકનીક પ્રદાન કરી.
- સામાજિક કાર્ય એક વ્યવહારિક ક્ષેત્ર છે.તે ક્રિયાની તકનીક છે.
- મનોવિજ્ઞાન માનવ શરીરને, વિશેષ કરીને જ્ઞાનતંતુતંત્રને સમજવા પર વધુ ભાર આપે છે.
- મનોવિજ્ઞાન વ્યકિતની માનસિક સંરચના તથા માનસિક તથ્યોનો અભ્યાસ કરે છે અને સમાજશાસ્ત્ર સામાજિક તથ્યોનો અભ્યાસ કરે છે.
- નૃવંશશાસ્ત્રમાં મનુષ્યોના જૈવિક તથા સામાજિક સાંસ્કૃતિક પાસાંઓનો અભ્યાસ કરવામાં આવે છે.

- મનુષ્યના સામાજિક તથા સાંસ્કૃતિક પાસાંઓના અભ્યાસને સામાજિક નૃવંશશાસ્ત્ર કહે છે.
- સમાજશાસ્ત્રને પોતાના જ સમાજનો અભ્યાસ કરનારના રૂપમાં અને નૃવંશશાસ્ત્રને અન્યની સંસ્કૃતિનો અભ્યાસ કરનાર રૂપમાં જોવામાં આવે છે.
- અન્ય બધા સામાજિક વિજ્ઞાનની સરખામણીમાં સમાજશાસ્ત્ર, સામાજિક માનવશાસ્ત્ર સાથે સૌથી વધુ સબંધ ધરાવે છે. આંતર વિષય સંશોધન કાર્યમાં સંશોધનકર્તા અન્ય વિષયમાંથી પધ્ધતિઓ, પ્રયુક્તિઓ અને પરિપ્રેક્ષ્ય ઉછીના લે છે.

## સ્વ-અધ્યયન માટેના પ્રશ્નો:

1. સમાજશાસ્ત્ર ઈતિહાસથી કેવી રીતે જુદુ છે ? તથા બંને વિષયોમાં કઈ સામ્યતાઓ છે તે તમારા શબ્દોમાં વર્ણવો.
2. રાજ્યશાસ્ત્ર સમાજશાસ્ત્રથી કેવી રીતે જુદુ છે તથા સામ્યતાઓ વર્ણવો.
3. સામાજિક કાર્ય અર્થશાસ્ત્રના કાર્યથી કેવી રીતે ભિન્ન છે? સમજાવો.
4. સૈધ્ધાંતિક વિજ્ઞાન અને વ્યવહારૂ વિજ્ઞાન એટલે તમે શું સમજો છો? વર્ણન કરો.
5. સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રમાં શું તફાવત છે.

## પાઠગત પ્રશ્નોના જવાબ

3.1 (અ) સત્ય

(બ) સત્ય

(ક) અસત્ય

(ડ) અસત્ય

(ઈ) અસત્ય

3.2 અ. સામાજિક કાર્ય મનુષ્યોના ઉત્થાન માટે ઉપયોગી ટેકનોલોજી સાથે સબંધિત છે.

બ. સમાજમાં ઉત્પાદન, વિતરણ તથા વિનિમય અને ઉપયોગ જેવાં પાસાંઓનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે.

ક. અર્થશાસ્ત્ર આધુનિક, સંકુલ અને શહેરી ઔદ્યોગીકરણ સમાજના અભ્યાસ પર ભાર મૂકે છે.

ડ. નિગમન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

ઈ. સમાજશાસ્ત્રની એ શાખા જે ઉપયોગ/વ્યવહારૂ ક્ષેત્ર સાથે સબંધીત છે તેને વ્યવહારૂ સમાજશાસ્ત્ર કહે છે.

3.3 1. માનસિક

2. સામાજિક સ્થિતિ

3. નૃવંશશાસ્ત્ર

4. આદિવાસી

5. સમાજશાસ્ત્રી

## સંદર્ભ પુસ્તકો

1. ટી.બી. બોટમોર : સમાજશાસ્ત્ર (1992)

2. એંથની ગિંડ્સ : સમાજશાસ્ત્ર (1993)

3. ગ્લેબર્ટ : સમાજશાસ્ત્ર

# 4

## સમાજશાસ્ત્રમાં સંશોધન માટેની પદ્ધતિઓ તથા કાર્યરીતિઓ

સમાજશાસ્ત્રનો ઉદ્દેશ્ય માનવ વ્યવહારની વર્તનની સમજૂતી આપવાનો છે. આવા ઉદ્દેશ્યની પ્રાપ્તિ/પૂર્તિ માટે સમાજશાસ્ત્રીઓએ આંકડાઓ/માહિતીઓ એકત્રિત કરવા માટેની પધ્ધતિઓ અને કાર્યરીતિઓ વિકસાવી છે જે આ કાર્યમાં મદદ કરે છે. આ એકત્રિત કરેલ આંકડાઓ/માહિતીનો ઉપયોગ સામાજિક સમસ્યાઓના ઉકેલ લાવવા માટે કરવામાં આવે છે. દરેક પ્રક્રિયાને પોતાની વિશિષ્ટ કાર્ય પ્રણાલી એટલે કે કાર્યરીતિ હોય છે. આ પ્રણાલી આંકડાઓ/માહિતી એકત્રિત કરવામાં તથા તેનું વિશ્લેષણ કરવામાં સહાયરૂપ થાય છે. આ પ્રકરણમાં આપણે સમાજશાસ્ત્રમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિઓ અને કાર્યરીતિઓની ચર્ચા કરીશું.

### ઉદ્દેશ્યો

આ પાઠનો અભ્યાસ કર્યા પછી તમે :

- સંશોધનની વિવિધ પધ્ધતિઓ જેવી કે, ઐતિહાસિક, તુલનાત્મક, પ્રયોગાત્મક, વ્યવહારૂ, તથા સૈધ્ધાંતિક વગેરેની સમીક્ષાત્મક ચર્ચા કરી શકશો,
- આંકડાઓ/માહિતી એકત્રિત કરવા માટે ઉપયોગી એવી વિવિધ કાર્યરિતીઓની સમજૂતી આપી શકશો. દા.ત. અવલોકન, સર્વે, વ્યકિત અભ્યાસ, પ્રશ્નાવલી, તથા ઈન્ટરવ્યું.

સૈધ્ધાંતિક રીતે સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા પાછળ પૂર્વધારણા એવી છે કે સંપૂર્ણ વસ્તુનિષ્ઠ/તટસ્થ અને સર્વસામાન્ય આંકડાઓ/માહિતી એકત્રિત કરવી અશક્ય છે. સમાજશાસ્ત્રી આ તથ્યનો સ્વીકાર કરે છે.અને પોતાના સંશોધન કાર્યમાં સુવ્યવસ્થિત પધ્ધતિસરની યોજના પ્રમાણે જેટલું શક્ય હોય તેટલું કામ કરવાનો પ્રયત્ન કરે છે. એટલા માટે તેઓએ ઘણા બધા પ્રકારની કાર્યરીતિઓનો ઉપયોગ કર્યો છે. જો કે સમાજશાસ્ત્રી તેમની પોતાની પધ્ધતિઓનો ઉપયોગ કરે છે તો પણ આ બધી પધ્ધતિઓનો મૂળ આધાર વ્યવસ્થિત, વૈજ્ઞાનિક કાર્યરિતી હોય છે. હવે આપણે સમાજશાસ્ત્રમાં ઉપયોગમાં લેવામાં આવતી નીચે પ્રમાણેની પધ્ધતિઓ વિશે ચર્ચા કરીશું.

## 4.1 ઐતિહાસિક પદ્ધતિ

ઐતિહાસિક પધ્ધતિનો ઉપયોગ ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં આવતા સામાજિક પરિવર્તનોનો અભ્યાસ કરવા માટે થાય છે. આ પધ્ધતિમાં સંશોધનકર્તા ભૂતકાળના જે સમયખંડનો વિશેષ અભ્યાસ કરે છે તે સમયની ઘટનાઓ વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરે છે. તથા આ માહિતીના સ્ત્રોતોની પ્રમાણભૂતતાના વિશ્લેષણ પર વધારે ભાર આવે છે. ઈતિહાસકાર દ્વારા માહિતી એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતા સાધનોમાં દરેક પ્રકારના લેખીત દસ્તાવેજનો સમાવેશ થાય છે. જેમકે : તત્કાલીન કાયદો, સાર્વજનિક દસ્તાવેજો,રિપોર્ટ (અહેવાલ) વ્યાવસાયિક દસ્તાવેજો, સમાચારપત્ર, ડાયરીઓ, પત્રો, વંશાવલિઓ, પ્રવાસ વર્ણનનો તથા અન્ય બધાં જ પ્રકારનું સાહિત્ય. આ બધાં સંદર્ભમાંની સાથોસાથ તે સમયના ટકી રહેલા બાંધકામ અને કલાકૃતિઓનો પણ આધાર લેવામાં આવે છે. આ પધ્ધતિમાં સામાજિક સંસ્થાઓની ઉત્પતિ, વિકાસ અને રૂપાંતરણનો પણ અભ્યાસ કરવામાં આવે છ. તેના માટે સમાજશાસ્ત્રી એક અથવા એકથી વધારે સમાજ વિશે લાંબા સમય સુધી પ્રાપ્ત કરેલી માહિતીનો ઉપયોગ કરે છે. સામાજિક વર્તન સંબંધી ભૂતકાળના અનુભવોના આધારે એક સૂઝ/સમજ પ્રાપ્ત કરવાનો કરવો એ જ આ પદ્ધતિનો મુખ્ય અભિગમ છે.

સમાજશાસ્ત્રી સંશોધનમાં એક ઐતિહાસિક પદ્ધતિ મુખ્ય બે સ્વરૂપે વિકસી.

પ્રથમ સ્વરૂપ પ્રાચીન સમાજશાસ્ત્રીઓનું છે જે પ્રથમ ઐતિહાસિક દર્શન, અને પછી જીવ વિજ્ઞાનના ક્રમિક વિકાસનાં સિધ્ધાંત દ્વારા પ્રભાવિત થયું. આ પધ્ધતિમાં, સંશોધન અને સિદ્ધાંતની સમસ્યાઓના ક્રમિક વિકાસ પર ધ્યાન આપવામાં આવે છે. સામાજિક સંસ્થાઓના ઉદ્દભવ, વિકાસ અને રૂપાંતરણ તથા સમાજ અને સભ્યતાઓની સમસ્યાઓ આ સંશોધન પધ્ધતિના કેન્દ્રસ્થાને છે. આ બધાં પરિબળોનો સંપૂર્ણ માનવ ઈતિહાસ અને બધી મુખ્ય સામાજિક સંસ્થાઓ સાથે ઘનિષ્ઠ સંબંધ જેનો સ્પષ્ટ ખ્યાલ ઓગસ્ટ કોન્તે, સ્પેન્સર તથા હોબહાઉસ દ્વારા મળે છે.

ઐતિહાસિક પદ્ધતિનું બીજુ સ્વરૂપ મુખ્યતઃ મેક્સ વેબરની કૃતિઓમાં મળે છે. આ વિષય સંબંધીત તેમનું પુસ્તક મૂડીવાદનો ઉદ્દ્ભવ ''આધુનિક બ્યુરોક્સીનો વિકસ'' તથા ''વિશ્વના ધર્મોનો અર્થ'' વ્યવસ્થા પર પ્રભાવ આ સંશોધન પધ્ધતિની ખાસ બાબત એ છે કે, તેમાં સામાજિક સંરચના તથા તેના પ્રકારોમાં આવેલા ઐતિહાસિક પરિવર્તનોની ઉંડી તપાસ કરવામાં આવે છે. તદઉપરાંત આ પરિવર્તનોની સમાજમાં આવેલા અન્ય પરિવર્તનો સાથે તુલના પણ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં કેઝ્યુઅલ (આકસ્મિક) અર્થઘટનો અને ઐતિહાસિક અર્થઘટનો એમ બંને સમજૂતિનો સમાવેશ થાય છે.

### તુલનાત્મક પદ્ધતિ

તુલનાત્મક પદ્ધતિ દ્વારા અલગ-અલગ નાના-મોટા સમૂદાયો અને સામાજિક સંગઠનોના વ્યવહાર વર્તનમાં આવેલા પરિવર્તનનોની તુલના કરવામાં આવે છે. આ પધ્ધતિમાં વિશ્લેષણ દ્વારા તપાસ કરવામાં આવે છે કે આ પરિવર્તનોમાં ઘણી પારસ્પરિક સમાનતઓ તથા ક્ષમતાઓ છે, તથા તેના મુખ્ય કારણો કયા છે. અભ્યાસ હેતુ માટે પસંદ કરેલા પરિબળો એક સમજવા વિશેષ વર્ગમાં હોઈ શકે, ઉદાહરણ તરીકે વિવિધ વર્ગોમાં સ્થાન શ્રેણી બદલવાની ગતિશીલતા.

સામાન્ય રીતે તુલનાત્મક પદ્ધતિમાં, ઐતિહાસિક પધ્ધતિ અને આંતર-સાંસ્કૃતિક પધ્ધતિઓનો

સમાવેશ થાય છે. કેટલાક લેખકો તુલનાત્મક અને ઐતિહાસિક બંને પધ્ધતિઓને એક સમાન જ ગણવા માગે છે. અને તત્કાલીન સભ્યતાઓની તુલના કરવા માટે તેને આંતર-સાંસ્કૃતિક પધ્ધતસ્ તરીકે ઓળખાવે છે.

સમાજશાસ્ત્રીય સંશોધન અંતર્ગત તુલનાત્મક (આંતર-સાંસ્કૃતિક) પધ્ધતિની માન્યતા એવી છે કે, એક સમાજ અથવા સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ ત્યાં સુધી સંપૂર્ણ ન થાય જ્યાં સુધી કોઈ બીજા સમાજ અથવા સામાજિક વ્યવસ્થા સાથે તેની તુલના કરવામાં ન આવે. નૃવંશશાસ્ત્ર સ્ત્રીઓએ સમાજ પ્રણાલી કેવી રીતે વિકસે છે, અને પરિવર્તન પામે છે તે દર્શાવવા માટે આનો ભરપૂર ઉપયોગ કર્યો છે. એટલે આપણે એવો નિષ્કર્ષ કાઢી શકીએ કે આપણા સમાજમાં આવેલા પરિવર્તનોમાં સાર્વત્રિક માનવીય પ્રવૃત્તિઓ પ્રતિબંબિત છે. પણ આપણે એ જાણતા નથી કે અન્ય સામાજિક વ્યવસ્થાઓમાં બીજી કઈ-કઈ વિશેષતાઓ ભરેલી છે. તે સમજવા માટે બંનેમાં તુલના કરવી જરૂરી છે.

મરડૉકે ‘સામાજિક સંરચના’ નામના પોતાના પુસ્તકમાં પારિવારિક માળખાનો , તથા કાર્ય પધ્ધતિનો અભ્યાસ કરવા માટે આંતર સાંસ્કૃતિક પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. તેમણે જાણ્યું છે દરેકની અંદર એક પ્રકારનો સૂક્ષ્મ પરિવાર હોય છે. ખાસ કરીને તેણે વિભક્ત પરિવારો/કુટુંબોની સર્વવ્યાપકતા વિશેના સંશોધનમાં જણાવ્યું કે, આવા પરિવાર કાંતો પરિવાર-સંસ્થાનું એક સ્વરૂપ છે અથવા તો તે એવું એકમ છે જેનાથી વધુ સંકુલ સ્વરૂપો આકાર લે છે.

ટૂંકમાં કહીએ તો તુલનાત્મક અભ્યાસ પધ્ધતિનો ઉપયોગ વિભિન્ન દેશો, પ્રદેશો કે ધર્મો સંબંધીત માહિતી/આંકડાઓ એકત્રિત કરવા માટે કરવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા એ જાણવાનો પ્રયત્ન કરે છે કે શું એવું કોઈ સામાન્ય તથ્ય છે જેના દ્વારા આપણે માનવીય વ્યવહાર-વર્તનની સમજૂતી મેળવી શકીએ. આમ, તુલનાત્મક પધ્ધતિ દ્વારા વિભિન્ન સમુદાયો અને સંસ્થાઓ વચ્ચે રહેલું સામ્ય અને વૈવિધ્ય શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

ઘણો લાંબો વખત સુધી તુલનાત્મક પદ્ધતિમાં સમાજશાસ્ત્ર અભ્યાસની સર્વોત્તમ પદ્ધતિ માનવામાં આવી. આ પધ્ધતિ પૂર્વધારણાને ચકાસવાનું એક સાધન છે. આધુનિક સમાજશાસ્ત્રી આ પદ્ધતિનો ઉપયોગ સૂક્ષ્મ મર્યાદિત સ્તર પર જ તુલનાત્મક અભ્યાસ કરવા માટે કરે છે. ઉદાહરણ તરીકે શહેરી જીવન તથા તલાખ કે તરૂણ અપરાધનો દર, પરિવારનો આકાર અને સ્થળ બદલવાની પ્રવૃત્તિ અથવા સામાજિક સ્થાન બદલવાની પ્રવૃત્તિ અથવા સામાજિક સ્તર તથા શિક્ષણ જેવા સૂક્ષ્મ સંશોધન કાર્યોમાં જ તેને સદ્ઉપયોગ કરવામાં આવે છે. આવી રીતે મેળવેલ માહિતી તથા અનુભવના આધાર પર સૈધ્ધાંતિક સહસંબંધ સ્થાપિત કરવામાં આવ્યો છે.

વિકાસવાદી સમાજશાસ્ત્રીઓએ આ પધ્ધતિને પ્રથમ અપનાવેલી પણ દુર્ખીમે તેના “સામાજિક પધ્ધતિઓના નિયમો” નામના પુસ્તકમાં વિધિવત્ત રીતે તેનું મહત્વ પ્રતિપાદિત કર્યુ. દુર્ખીમે વ્યવહાર-પ્રવૃત્તિનું વર્ગીકરણ કર્યુ (જેમકે આત્મહત્યાનો દર) જેથી સામાજિક ઘટનાઓમાં પારસ્પરિક સંબંધ વિષયક ધારણાઓ ચકાસી શકાય. આ નમૂનાનો ઉપયોગ તુલના કરવા માટે કરી શકાય છે. જો કે સમાજશાસ્ત્રના સંદર્ભમાં તે પ્રયોગાત્મક પધ્ધતિની નિકટતમ માનવામાં આવે છે. દુર્ખીમે તુલનાત્મક ઐતિહાસિક પધ્ધતિના પક્ષમાં પોતાનો મત વ્યકત કર્યો છે કારણ કે સમાજશાસ્ત્રી પ્રયોગશાળાની જેમ પ્રયોગ નથી કરી શકતા પણ સમાન પરિસ્થિતિઓનો પધ્ધતિસરની તુલના દ્વારા એક પ્રકારનો

અપ્રત્યક્ષ પ્રયોગ કરી શકે છે.

## 4.2 પ્રયોગાત્મક પદ્ધતિ

પ્રયોગ એટલે એવી પ્રક્રિયા કે, જેમાં શોધકર્તા બે સર્વસમાન સમૂહોમાંથી એક સમૂહ એટલે કે, પ્રાયોગિક સમૂહની અવસ્થામાં નવા પરિવર્તનશીલ પરિબળોને જોડ છે અને બીજા અપ્રભાવી સમૂહ સાથે તુલના કરી નવા પરિબળ સમૂહ પર પડતી અસરનો અભ્યાસ કરવો. જો પ્રાયોગિક સમૂહ પર આ નવા પરિબળના નિયંત્રિત સમૂહથી જુદી અસર થાય તો પ્રાયોગિક સમૂહના વર્તનમાં પરિવર્તન આવે છે, અને પછી એવું નક્કી થાય કે તે નવા પરિબળને જોડવાના કારણથી જ પરિવર્તન આવ્યું છે. પ્રયોગશાળામાં જે પરિસ્થિતિ પ્રાયોગિક સમૂહમાં પરિવર્તિત થઈ જાય છે, અને જે પ્રયોગનો વિષય હોય છે તેને બાદ કરતા બધી જ પરિસ્થિતિઓ પૂર્વ-નિયંત્રિત હોય છે. સમાજશાસ્ત્રમાં પણ "ક્ષેત્ર-પરિક્ષણ/પ્રયોગ" કરવામાં આવ્યા છે પણ તેનું સ્થાન પ્રયોશાળાને બદલે વાસ્તવિક દુનિયા હોય છે. જે લોકોના વર્તનનો અભ્યાસ કરવામાં આવે છે. તેઓને એ ખ્યાલ પણ નથી હોતો કે શોધકર્તા, સંશોધક તેમના વર્તનનો અભ્યાસ કરે છે. આ પ્રકારના અધ્યયનમાં તુલનાત્મક અભ્યાસ પધ્ધતિના કેટલાક ચોક્કસ લક્ષણો જોવા મળે છે. આ તથ્યની સમજૂતી માટે અહીં કેટલાક ઉદાહરણો આપવામાં આવ્યા છે.

પોતાના સંશોધનમાં ડેનિયલે 196માં ઈંગ્લેંક ચાલતા જાતીય/રંગપ્રેશ ભેદભાવની સમીાન શોધ કરી. આ કાર્ય માટે તેણે ત્રણ અલગ-અલગ જાતીના વ્યક્તિઓ પસંદ કરી. તેમાં એક ઈંગ્લેન્ડનાં, બીજા વેસ્ટઈન્ડીયઝન તથા ત્રીજા હંગેરીના રહેવાસી હતા. આ ત્રણેયને તેણે રહેઠાણ, નોકરી અને વિમાન કવર શોધવાનું કહેવામાં આવ્યું. આ ત્રણેય શૈક્ષણિક લાયકાત એક સમાન હતી, તથા ત્રણેયને અંગ્રેજી ભાષાનું સારૂ એવું જ્ઞાન હતું. તેમના પરિણામમો જણાવે છે કે ઈંગ્લેન્ડના રહેવાસીએ બધા જ ક્ષેત્રોમાં બીજા બંને ઉમેદવારો કરતાં વધુ સફળતા પ્રાપ્ત કરી. હંગેરીનો રહેવાસી દ્વિતીય શ્રેણી મળી જ્યારે વેસ્ટઈન્ડીઝના રહેવાસીને સૌથી ઓછી સફળતા મળી.

માયરસને પોતાના (એક્સપેરીમેન્ટલ વીધાઉટ રેટ્સ) પુસ્તકમાં આ પ્રમાણે પ્રશ્નો પૂછ્યા : શું તમે કાફેમાં જઈને આવેલ કર્યુ છે કે લોકો કલઈ જગ્યાઓ બેસે છે? તમે ક્યારેય એવું જાણવાનો પ્રયત્ન કર્યો કે જ્યારે લોકોને એ જ જગ્યાએ બેવું હોય જ્યાં પહેલેથી જ લોકો બેઠા છે ત્યારે શું થાય ? જો તમે આવુ કર્યુ હોય તો તમે સમકાલીન સમાજશાસ્ત્રની એક ચોક્કસ શાખામાં પ્રચલિત એવી પ્રયોગ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ સંદર્ભમાં માયરસન એવા શોધકાર્યોનું પણ વર્ણન કર્યુ છે જેમાં કાફે, લાઈબ્રેરી વગેરે જગ્યા પર ઘટતી પરિસ્થિતિ વધુ ઘટનાઓ દર્શાવવા છે કે આવી ઘટનાઓ ત્યારે જ ઘટે છે જ્યારે કાંઈ અચાનક ત્યાં પહેલેથી બેઠેલ લોકોને જાણ કર્યા વગર તેના અધિકાર ક્ષેત્રમાં અથવા ઈચ્છા વિરૂધ્ધ/અનપેક્ષિત રીતે તેમની વચ્ચે જઈ ચડે છે.

## 4.3. ક્રિયાત્મક / વ્યવહારૂ પધ્ધતિ

સમાજશાસ્ત્ર અને સામાજિક નૃવંશશાસ્ત્રમાં ઉત્ક્રાંતિવાદીઓની પદ્ધતિ અને દાવાઓની પ્રતિક્રિયા તરીકે વ્યવહાર પદ્ધતિનો ઉદ્ભવ થયો. વ્યવહારૂ પદ્ધતિ અને કાર્ય વિશ્લેષણ જેવાં શબ્દો સમાનાર્થી

તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. છતાં પણ વ્યવહારૂ પદ્ધતિની ચર્ચા કરતાં પહલા તેનો અને કાર્ય વિશ્લેષણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો જરૂરી છે. કાર્ય વિશ્લેષણની પ્રક્રિયામાં શોધકર્તા વારંવાર પુનરાવર્તિત થતી ઘટનાઓનું વિશ્લેષણ-વિવેચન કરે છે અને તપાસે છે કે તેનું બૃહદ સામાજિક વ્યવસ્થા, જેનું તે અંક અંગ છે, પર કેવી અસર પડે છે. આવી રીતે સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રના ક્ષેત્રમાં અભ્યાસ કરવા માટેનું એક સક્ષમ સાધન તરીકે સિદ્ધ થાય છે.

તેનો ઉદ્દેશ્ય સમાજમાં વ્યાપક રીતે પ્રવર્તમાન સામાજિક તથા સાંસ્કૃતિક તથ્યો-તત્વોની તપાસ તથા પરિક્ષણ કરવાનો છે. અન્ય શબ્દોમાં કહીએ તો આનો અર્થ એવો થાય છે આ તત્વ સમાજમાં રહીને કેવી રીતે સમાજને અસર કરે છે અને સમાજ દ્વારા અસર પામે છે. વ્યવહારૂ પધ્ધતિનો એક અર્થ કાર્યક્ષમતા અને સામાજિક માળખાની કાર્ય પ્રણાલીનું વિવેચન કરવું એવો પણ થાય. સમાજશાસ્ત્રના સંદર્ભમાં આ પદ્ધતિનો ઉલ્લેખ 19 માં સદીમાં ફ્રેંચ સમાજશાસ્ત્રી એમાઈલ દુર્ખીમ તથા 20 મી સદીમાં એમેરીકન સમાજશાસ્ત્રી તાસ્કોટ પાર્સન અને તેમના શિષ્યોએ કર્યો. પરંતુ આ પધ્ધતિના મૂળ ઉત્ક્રાંતિવાદની કાર્યપ્રણાલી સાથે જોડાયેલા છે. આ ક્ષેત્રના નોંધપાત્ર પુસ્તકો બ્રોનિસ્લા માલિનોસ્કી તથા એ.આર. ચેડક્લિફ બ્રાઉન દ્વારા રચવામાં આવ્યા હતા. આ પધ્ધતિનો મૂળ ઉદ્દેશ્ય સમગ્ર સમાજ વ્યવસ્થાનો અભ્યાસ છે જે વ્યવસ્થા કેવી રીતે કામ કરે છે, તેમાં પરીવર્તન કેવી રીતે આવે છે અને તેના સામાજિક પરિણામોનો અભ્યાસ કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે. આમ, આ પધ્ધતિ એવો દૃષ્ટિકોણ આપે છે જેના દ્વારા સમાજનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન થઈ શકે. તેનું કેન્દ્રબિંદુ સમાજમાં વ્યવસ્થા અને સ્થિરતાનો સ્ત્રોત-ઉદ્ગમ શોધવાનું છે. તેમાં ખાસ કરી નીચેની બાબતો પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે :

(અ) સામાજિક જીવન વ્યવસ્થા જાળવી રાખવા માટે સામાજિક સંસ્થાઓ કેવી રીતે મદદરૂપ થાય છે, અને

(બ) સામાજિક વ્યવસ્થા વર્તન વ્યવહાર પર કેવો પ્રભાર પડે છે.

વ્યવહારૂ/કાર્યક્ષમતાવાદી પધ્ધતિ અંતર્ગત સમાજની કલ્પના એવા સ્વરૂપમાં કરવામાં આવે છે કે જેના અનેક અંગો એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય છે કે તેને અલગ ન કરી શકાય. તથા તે અંગોનું અલગ-અલગ અભ્યાસ પણ ન કરી શકાય.આમાંથી જો કોઈ એક અંગમાં કોઈ પરિવર્તન આવે તો તેનાથી આખી વ્યવસ્થાનું સંતુલન અમૂક હદ સુધી બગડી જાય છે. અને કયારેક તેની અસર એ હદ સુધી પહોંચે કે , આખીય વ્યવસ્થાને બદલવાની જરૂર પડે છે.

19 મી સદીમાં જીવવિજ્ઞાનના જૈવિક વિકાસ પ્રણાલીના પ્રતિમાન તરીકે વ્યવહારૂ/કાર્યક્ષમના પધ્ધતિના ઉદ્દભવ થયો તથા હર્બટ સ્પેન્સર સમાજ વિશ્લેષણ માટે જીવ વિજ્ઞાન જેવી જ સામ્યતાઓ શોધી કાઢી, તેઓનું કહેવું હતું કે, સમાજ પણ એક જીવીત એકમ છે. જેમ એક જીવના પ્રત્યેક અંગપરસ્પર અભિન્ન રીતે જોડાયેલા હોય છે. એવી જ રીતે સમાજના દરેક અંગો જોડાયેલા રહીને સાથે મળીને એક જ દિશામાં કામ કરે છે. જેમ શરીરમાં હૃદય બધા અંગોને લોહી પુરૂ પાડે છે તેમ સામાજિક સંસ્થાઓ- પ્રણાલીઓ પણ સમગ્ર સમાજ માટે પોતાનું વિશિષ્ટ યોગદાન આપે છે.

રોબર્ટ કે. મર્ટને આ જૈવિક સમાનતાના સિદ્ધાંતોનું ખંડન કર્યુ છતાં પણ તે વ્યવહારૂ/કાર્યક્ષમ પધ્ધતિના પાયારૂપ તત્વથી અલગ ન થયા. તેમના માટે પણ સમાજ અભિન્ન રીતે જોડાયેલા અનેક અંગોનું સમગ્ર રૂપ છે. આ બધાં અંગો સાથે મળીને સમાજ સંચાલનનું કાર્ય કરે છે. મર્ટન કાર્યનો અર્થ

આપતા જણાવે છે કે, લોકોની પ્રવૃત્તિઓના સારા પરિણામો કે જે સામાજિક સંતુલન જાળવવામાં મદદ કરે. તેનાથી વિપરીત એવા પણ કાર્યો હોય છે.

જે સામાજિક સંતુલન બગાડવા યોગદાન આપે છે. કાર્યક્ષમ વિશ્લેષણ પરિપ્રેક્ષ્યમાં સમૂહ એક એવું કાર્યરત એકમ છે જેના બધાં અંગો સમગ્ર સમૂહની ભલાઈ માટે કામ કરે છે. આપણે જ્યારે કોઈ નાના અંગના કાર્ય વિશે વિચાર કરીએ છીએ ત્યારે આપણે એ જોવું જોઈએ કે, આ નાના અંગના કાર્યોને મોટા બૃહદ સમૂહના કાર્યો સાથે કેવો સંબંધ છે. આ વિચારધારને કોઈપણ સામાજિક સમૂહ કે આખી સામાજિક વ્યવસ્થા અથવા એક કોલેજ કે પરિવાર જેવા નાના એકમો પર પણ લાગુ કરી શકાય. અંતે આપણે એવા નિષ્કર્ષ પર આવીએ છીએ કે કાર્યક્ષમ વિશ્લેષણ એક એવી પ્રક્રિયા છે જે એવા તત્વો અને શક્તિઓ સાથે સંકળાયેલ છે જે સમાજમાં એકીકરણ, સંતુલન કે અસંતુલન પેદા કરે છે. આ પધ્ધતિ દ્વારા આપણે સમાજના વિભિન્ન એકમો વચ્ચે કોઈ નિશ્ચિત સમયમાં ઉપલબ્ધ પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરી શકીએ છીએ.

## 4.4 આનુભવિક પદ્ધતિ

આ પધ્ધતિમાં ક્ષેત્ર-વિસ્તારમાંથી માહિતી / આંકડાઓ એકત્રિત કરવામાં આવે છે. સમાજ સંબંધિત તથ્યોનું યથાવત રૂપમાં અધ્યયન તથા વિવેચન કરવામાં આવે છે. આ પધ્ધતિમાં અવલોકન, સર્વે, પ્રયોગ, વ્યકિત અભ્યાસ જેવી / કાર્યરીતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

### પાઠગત પ્રશ્નો 4.1

**નીચે આપેલા પ્રશ્નોની સામે 'સત્ય' કે 'અસત્ય' લખો.**

1. એક સમાજનો સંપૂર્ણ અભ્યાસ ત્યારે જ કરી શકાય જ્યારે તેની તુલના અન્ય સમાજ સાથે કરવામાં આવે (સત્ય / અસત્ય)
2. પરિવારની સંરચના અને કર્તત્વનો અભ્યાસ કરવા માટે મર્ડોક કલાઈદુ એ આંતર સાંસ્કૃતિક પધ્ધતિનો ઉપયોગ કર્યો. (સત્ય / અસત્ય)
3. દુર્ખીમે તુલનાત્મક પધ્ધતિનું મહત્વ પ્રસ્થાપિત કર્યું. (સત્ય / અસત્ય)
4. સમાજશાસ્ત્રમાં પ્રયોગ શક્ય છે.
5. ઐતિહાસિક પધ્ધતિના સ્રોતે કયા-કયા છે ?
6. સમાજશાસ્ત્રમાં સામાજિક સંશોધનની કેટલી પદ્ધતિઓ છે ?
7. કાર્યક્ષમવાદ અને કાર્યક્ષમ વિશ્લેષણમાં શું તફાવત છે ?
8. આનુભવિક પધ્ધતિમાં કઈ કાર્ય પ્રણાલી/ કાર્યરીતિઓ ઉપયોગમાં લેવામાં આવે છે.

## 4.5. માહિતી/આંકડા સ્રોતો :

સમાજશાસ્ત્રી સંશોધન કરવા માટે પ્રાથમિક અને ગૌણ/દ્વિતીય એમ બંને પ્રકારની માહિતી / આંકડાઓનો ઉપયોગ કરે છે. પ્રાથમિક માહિતી / આંકડા એટલે કે જે તે પોતાના અભ્યાસ ક્ષેત્રમાંથી પોતે એકત્રિત કરે છે. આ આંકડાઓ/માહિતી ઈન્ટરવ્યુ, પ્રશ્નાવલી અથવા અવલોકન દ્વારા એકત્રિત કરવામાં આવે છે. ગૌણ/દ્વિતીય માહિતી/આંકડાઓ શોધકર્તા અન્ય સ્ત્રોત દ્વારા પ્રાપ્ત કરે છે અથવા તો એવી માહિતી/આંકડાઓ કે જે પહેલેથી જ ક્યાંક એકત્રિત કરવામાં આવ્યા હોય. (અલબત, આવી માહિતી કે આંકડાઓ જાહેર જનતાના ઉપયોગ માટે નથી હોતા) ગૌણ દ્વિતીય માહિતી કે આંકડામાં મુખ્ય સ્રોત આ પ્રમાણે છે :

(અ) રેખાચિત્ર, આત્મકથા, પત્રો, ડાયરી, નવલકથાઓ

(બ) જર્નલ્સ, ગુણવત્તાસભર વર્તમાન પત્રો, રેડિયો પ્રસારણ, ટી.વી. કાર્યક્રમ.

(ક) વસતિ ગણતરીના આંકડાઓ, વ્યાપાર જગતના આંકડાઓ, ન્યાયાલયોના દસ્તાવેજો, સમાજ સેવક સંસ્થાઓ સરકારી વિભાગોના અર્થ વ્યવસ્થા સંબંધી દસ્તાવેજો, દયાધર્મ કરતી સંસ્થાઓ તથા પ્રેશર ગ્રુપ સંસ્થાઓના આંકડાઓ વગેરે.

આપણે એક બાબત હંમેશા યાદ રાખવી જોઈ કે, કોઈપણ પ્રકારના સંશોધનમાં, અને ખાસ કરીને સામાજિક સંશોધનમાં ઉપરોક્ત બંને પ્રકારના આંકડાઓ માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે.

## 4.6 આંકડાઓ / માહિતી એકત્રિત કરવાની કાર્યરીતિઓ

સમાજશાસ્ત્રી સંશોધન વિષયને ધ્યાનમાં રાખીને આંકડાઓ કે માહિતી એકત્રિત રાખીને વિભિન્ન કાર્યરીતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં મુખ્ય પાંચ પ્રકારની કાર્યરિતીઓનો સમાવેશ થાય છે.

1. અવલોકન
2. સર્વેક્ષણ
3. વ્યક્તિ અભ્યાસ
4. પ્રશ્નાવલી
5. ઈન્ટરવ્યુ / પ્રશ્નોત્તરી

## 4.7 અવલોકન

જ્યારે કોઈ અન્ય કાર્યરીતિ ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોય ત્યારે અવલોકન કાર્યરીતિનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ઘટનાને વિશેષ રીતે જોઈ સમજીને જરૂરી સામગ્રી એકત્રિત કરી શકાય છે. ઉદાહરણ તરીકે ચૂંટણી સમયે મત આપનારા લોકોનું વર્તન. આ કાર્યરીતિનો ઉદ્દેશ્ય માનવતા વર્તનનો અભ્યાસ કરવો છે.





બે રીતે અવલોકન શક્ય છે :

1. ઘટનામાં પોતે ભાગીદાર બનીને કરવામાં આવતું અવલોકન (Participant observation)
2. ઘટનામાં પોતે ભાગીદાર બન્યા વગર જ કરવામાં આવતું અવલોકન (Non-participant observation)

## પાર્ટીસિપન્ટ ઓબ્સર્વેશન

આ કાર્યરીતિ ઘટનામાં પોતે ભાગીદાર બનીને માહિતી કે આંકડા એકત્રિત કરવા માટેની પધ્ધતિ છે. કોઈ નાના અને અશિક્ષિત સમાજમાં સામેલ થઈને ભાગ લઈને સામગ્રી એકત્રિત કરી શકાય છે. પરંતુ સંકુલ સમાજમાં આ પધ્ધતિથી કાર્ય કરવું અઘરૂ બને છે. પણ હા, જ્યારે શોધકર્તા ને જે તે સમુદાયનું અંગ બનીને તેની પરિસ્થિતિના મૂળ સુધી જઈને તેની અંદરની માહિતી પ્રાપ્ત કરવી હોય ત્યારે આ કાર્યરિતી ખૂબ જ અસરકારક સાબીત થાય છે. આ કાર્યરિતીનો ઉપયોગ કરવા માટે એક ખાસ પરિપકવતા અને અનુભવની જરૂર હોય છે કારણ કે ઘણી વખત અવલોકનકર્તા પરિસ્થિતિમાં એટલો ઓતપ્રોત થઈ જાય કે તટસ્થા રહી નથી શકતા તેથી આ કામ માટ પરિપકવતાની જરૂર હોય છે.

## નોન પાર્ટિસિપન્ટ ઓબ્સરર્વેશન

સમુદાય અથવા પરિસ્થિતિની પ્રવૃત્તિઓમાં ભાગીદાર બન્યા વગર કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કર્યા વગર પ્રેક્ષક સમૂહથી અલિપ્ત રહીને આ કાર્યરીતિનો ઉપયોગ કરે છે. તે દુર રહીને સમુદાયના વર્તન વ્યવહારનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરે છે. ઘણીવાર એવુ બને છે કે, અભ્યાસપાત્ર લોકો અસહજતાનો અનુભવ કરે છે જેના કારણે એમના વર્તનમાં કૃત્રિમતા પણ આવી શકે છે.

સહભાગી બન્યા વગર અવલોકનની પ્રક્રિયા કોઈ પૂર્વનિર્ધારીત યોજના પર આધારીત હોતી નથી. પરંતુ સામાજિક પરિસ્થિતિઓનો એક માપદંડ તૈયાર કરી શકાય, અને એ માપદંડ આધારિત/ અનુરૂપ પરિસ્થિતિઓ વિશે પધ્ધતિસર કાર્યક્રમ નક્કી કરી શકાય છે. આવી રીતે યોગ્ય પ્રકારની માહિતી પ્રાપ્ત કરી શકાય છે, અને તેના પરિણામ યોગ્ય રીતે રેકોર્ડ કરી શકાય છે. આવું એટલા માટે શક્ય બને છે કારણ કે અવલોકનકર્તા જે સામાજિક પ્રક્રિયાનું અવલોકન કરે છે તેમાં ક્રિયાશીલ હળી-મળી જતો નથી. અવલોકનકર્તા કોઈપણ રીતે તે વ્યવસ્થાથી પ્રભાવિત થતો નથી તેથી, તે દૂર રહીને પધ્ધતિસર સ્થિતિનું મૂલ્યાંકન કરી શકે છે, અને જાણી શકે છે કે ક્યારે શું, અને કેવી રીતે બન્યું.

સરન્ટકોર્સ (1998) બીજા છ પ્રકારના અવલોકનોની ચર્ચા કરી છે જેમકે

## સુનિયોજીત અને અનિયોજીત અવલોકન

સુનિયોજીત અવલોકનની વિશેષતા એ છે કે, તેમાં અવલોકન માટેના એકમો રેકોર્ડ કરવામાં માહિતી, અવલોકન માટે પસંદ કરવાની માહિતી આંકડાઓ અને અવલોકન પરિસ્થિતિઓના ધોરણોની કાળજીપૂર્વકની વ્યાખ્યા કરવામાં આવે છે. અનિયોજીત અવલોકન સુનિયોજીત અવલોકન ના નિશ્ચિત આદર્શ પરંપરાગત પધ્ધતિથી તદ્દન વિરુધ્ધ છે. સુનિયોજીત અવલોકન ચોક્કસ નિર્માણોના અભ્યાસ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જેમાં અવલોકનના વિષયવસ્તુની પસંદગી ઓછી હોય છે જ્યારે અનિયોજીત અવલોકનમાં એ વધારે હોય છે.

### પ્રાકૃતિક અને પ્રયોગશાળામાં કરવામાં આવતા અવલોકન

જે અવલોકન પ્રકૃતિના સાનિધ્ય અને વાતાવરણમાં કરવામાં આવે તેને પ્રાકૃતિક અવલોકન કહે છે. જે અવલોકન કરવા માટે પ્રયોગશાળાની જરૂર પડે તેને પ્રયોગ શાળામાં થતું અવલોકન કહે છે.

### પ્રગટ અને અપ્રગટ અવલોકન

### પ્રત્યક્ષ અને પરોક્ષ અવલોકન : -

પ્રત્યક્ષ અવલોકનમાં અવલોકનકર્તાની ભૂમિકા નિષ્ક્રિય રહે છે. એટલે કે, તે પરિસ્થિતિને નિયંત્રિત અથવા સાનુકૂળ બનાવતા નથી. અવલોકનકર્તા જે ઘટના ઘટે છે માત્ર તેને જ રેકોર્ડ કરે છે. પરોક્ષ અવલોકનમાં પ્રયોગપાત્રનું સીધુ અવલોકન શક્ય નથી કારણ કે, કાંતો પ્રયોગપાત્ર મૃત હોય અથવા તો સહભાગી થવાની મનાઈ કરે. મોટાભાગે હત્યા જેવી પરિસ્થિતિનું અવલોકન કરવા માટે અપરાધ શોધકો દ્વારા કરવામાં આવે છે અથવા ઈન્ટરવ્યુ-પ્રશ્નોત્તરી દ્વારા માહિતી એકત્રીત કરવામાં આવે છે. ત્યારબાદ તેનું પૃથ્થકરણ અને અર્થઘટન કરવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં સર્વેનો ઉપયોગ મોટા પાયે કરવામાં આવે છે. ખાસ કરીને પ્રયોગાત્મક પધ્ધતિ અને પાર્ટિસિપન્ટ ઓબ્સર્વેશન કાર્યરિતીના સ્વરૂપમાં સર્વનાં નમૂનાઓને એક નિશ્ચિત નિષ્કર્ષ સુધી પહોંચવાના ઉદ્દેશ્યથી પસંદ કરવામાં આવે છે. એક વિશાળ સમૂદાયમાંથી એકત્રિત કરેલા નમૂનાઓના આધારે સમજૂતી મેળવવામાં આવે છે જે લગભગ સાચી જ હોય છે એમ એક મોટા એકમો વિશે યોગ્ય મંતવ્ય બાંધી શકાય. ઉદાહરણ તરીકે જનતાના મંતવ્યો જાણવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલ સર્વે. ક્યારેક-ક્યારેક સમાજશાસ્ત્રી નમૂનાઓની જગ્યાએ સમગ્ર પ્રજાતીનો અભ્યાસ કરે છે. ખાસ કરીને જ્યારે પ્રજાતી/વસતિ વધારે હોય. જ્યારે એક વિશાળ જનસમુદાયમાંથી નમૂનાઓ એકત્રિત કરવામાં આવે ત્યારે સમાજશાસ્ત્રી એ નમૂનાઓ એક મોટા સમૂદાય તરીકે માને છે અને તેના આધારે વિશાળ સમૂદાય વિશે પોતાના મંતવ્યો બાંધે છે જે હંમેશા વિશાળ સમૂદાય વિશે સાચા નથી હોતા. વ્યકિત અભ્યાસ માટે સર્વેનો ઉપયોગ થઈ શકે છે. સમાજશાસ્ત્રીઓ પોતાના અભ્યાસના સ્વરૂપના આધારે વિવિધ પ્રકારના સર્વેનો ઉપયોગ કરે છે.

### ગુપ્ત અને મુક્ત અવલોકન

ગુપ્ત અવલોકનમાં પ્રયોગપાત્રો પોતાનું અવલોકન થઈ રહ્યું છે તે હકિકતથી અજાણ હોય છે. સામાન્ય રીતે આ પ્રકારના અવલોકનમાં સંશોધક પોતે જ પ્રવૃત્તિઓમાં ભાગીદાર હોય છે. જેથી પરિસ્થિતિમાં તેની હાજરીની પ્રસ્તુતતા સમજાવી શકાય. આ પ્રકારના અવલોકનો સામાન્ય રીતે અનિયોજીત હોય છે. ઘણીવાર આ કારણથી તેમને પોતાના સામાન્ય વર્તણૂકથી દૂર જઈને વર્તન કરવું પડે. ઉદાહરણ તરીકે જો પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મીને જાણ હોય કે કોઈ સંશોધક તેનું અવલોકન કરે છે તો તે કયારેય અપરાધી સાથે અતિહિંસક વ્યવહાર નહીં કરે ઉલટાનું એવું દર્શાવવાનો પ્રયત્ન કરશે જે બહું નમ્ર અને દયાળું છે.

### સામાજીક સર્વે / મોજણી

એક ચોક્કસ સમુદાયની વિકટ સમસ્યાને સમજીને અને તેને દૂર કરવા માટે ઉપાય દર્શાવવાના હેતુથી સર્વે કરવામાં આવે છે જે ખૂબ જ સુનિયોજિત અને વિસ્તૃત હોય છે. સર્વેનો ઉદ્દેશ્ય માહિતી પ્રાપ્ત કરવાનો હોય છે. આવી રીતે એકત્રિત કરેલી માહિતી અને આંકડાઓ જેટલા વિસ્તૃત અને ચોક્કસ હોય કે સમસ્યાના સમાધાનની યોજના તેટલી જ ઉત્તમ હોય તથા સમુદાય માટે લક્ષ્યની પ્રાપ્તિ એટલી જ સંપૂર્ણ અને ઉપયોગી હોય છે.

સર્વેની ઘણી બધી પધ્ધતિઓ છે.

**સર્વનું વર્ગીકરણ**

1. વર્ણનાત્મક સર્વે : આ સર્વેનો ઉપયોગ શું છે અને કઈ જરૂરિયાત છે તે જાણવા માટે થાય છે.
2. વ્યાખ્યાત્મક સર્વે : પરિવર્તનની ઓળખ તથા તેના કારણો જાણવા માટે આ પ્રકારના સર્વેનો ઉપયોગ થાય છે.
3. ભવિષ્ય દર્શક સર્વે : ભવિષ્યમાં કેવા પરિવર્તન આવી શકે અને નીતિઓની શક્ય અસર કેવી થશે તે જાણવા માટે આ સર્વેનો ઉપયોગ થાય છે.
4. મૂલ્યાંકનાત્મક સર્વે : ભૂતકાળમાં અપનાવેલી નીતિઓના પરિણામોનું મૂલ્યાંકન કરવા માટે આ સર્વેનો ઉપયોગ થાય છે.

વ્યકિત અભ્યાસ (care Study)

વ્યકિત (વસ્તુ-સ્થિતિ) અભ્યાસ ચોક્કસ વ્યકિત-વસ્તુ-સ્થિતિના પૃથક્કરણ દ્વારા સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરવાની એક પદ્ધતિ છે. આ અભ્યાસનો વિષય (કેસ) એટલે કે, જેનો અભ્યાસ કરવાનો છે તે, કોઈ વ્યક્તિ, જૂથ, સંસ્થા, વર્ગખંડ, ઘટના, પ્રક્રિયા,કોઈ સમાજ અથવા તો સામાજિક જીવનનો કોઈ એકમ પણ હોઈ શકે છે. જે તે વિષય-કેસને સંલગ્ન બધી જ માહિતી એકત્રિત કરવામાં આવે છે. અને પ્રસ્તુત માહિતીને કેસનાં સંદર્ભમાં સંયોજિત કરવામાં આવે છે.વ્યકિત અભ્યાસ પદ્ધતિ ઉપલબ્ધ તથ્યોને વિશિષ્ટ પાત્રતા આપે છે. અને વિવિધ પ્રકારની માહિતીને કેસ સાથે જોડીને અભ્યાસ કરે છે. આમ, સામાન્ય રીતે જે નાની-નાની વિગતોની અન્ય પદ્ધતિઓમાં અવગણના થાય છે. તેનો ગુઢ અભ્યાસ કરવાની તક મળે છે. આ પદ્ધતિની મૂળભૂત ધારણા એવી છે કે, જે કેસનો અભ્યાસ થઈ રહ્યો છે તે વિશિષ્ટ છે અને તેનો ગહન અભ્યાસ કરવાથી તેના જેવા અન્ય કેસ-વ્યકિતઓ વિશે સામાન્યીકરણ કરી શકાય.

ટૂકમાં વ્યકિત અભ્યાસ દ્વારા કોઈ એક એકમના વર્તન-વ્યવહારનો અનેક રીતે વિશ્લેષણ કરી શકાય છે. આ પદ્ધતિમાં કેટલાંક માપનોની જરૂરીયાત પડતી હોય છે. (ઉદાહરણ તરીકે પુરુષો દ્વારા ઘરકામ-વાસણો ધોવાની પ્રવૃત્તિ) આમ, આ પદ્ધતિમાં અભ્યાસની જે રીતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં અવલોકન, પ્રશ્નોત્તરી, પ્રશ્નાવલી, સમાચાર પત્રના અહેવાલો, પત્રો, રોજનીશી, ભાગીદારી વગેરેનો સમાવેશ થાય છે.

પ્રશ્નાવલી ( )

પ્રશ્નાવલી ખૂબ જ ધ્યાન પૂર્વક બનાવવી જોઈએ તથા તેની ઉપયોગીતાનું નિરીક્ષણ પણ ચોક્કસ કરવું જોઈએ. તેમાં ઉપયોગમાં લેવાતા શબ્દો અને શબ્દ-સમૂહો સરળ રીતે સમજી શકાય તેવા હોવા જોઈએ. પ્રશ્ન અસ્પષ્ટ અને સંદિગ્ધ ન હોય તેની ખાસ તકેદારી રાખવી. તેના જવાબો પણ ટૂંકા, સરળ અને વિશ્લેષણ-યોગ્ય હોવા જોઈએ. તેમાં કોઈ નૈતિક મૂલ્ય સંકળાયેલું ન હોય અને તેના દ્વારા એવી વિગતો મળવી જોઈએ. જેનાથી પૂર્વધારણાની ચકાસણી કરી શકાય. સંશોધક-શોધકર્તાએ નક્કી કરવાનું હોય છે. કે લોકો પાસેથી પ્રત્યક્ષ રૂબરૂ મળીને પ્રશ્નોત્તરી કરે, અથવા તેમના ઘેર પોસ્ટ દ્વારા પ્રશ્નાવલી ઉત્તરદાતાઓને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે.

રૂબરૂ મુલાકાત (Interview)

રૂબરૂ મુલાકાત એટલે ચોક્કસ માહિતી મેળવવા શોધકર્તા અને ઉત્તરદાતા વચ્ચે થતો વાર્તાલાપ અનેક સમાજશાસ્ત્રી વિગતો એકત્રીત કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. પ્રશ્નોત્તરી દરમિયાન

સંશોધક ઉત્તરદાતા સાથેની વાતચીતમાં પોતે વિગતો નોંધે છે. રૂબરૂ મુલાકાતના બે પ્રકાર હોય છે :

(1)પૂર્વ નિર્ધારીત યોજના અનુસાર તથા ઔપચારિક રીતે જેમાં આયોજનબધ્ધ રીતે કામ કરવામાં આવે, બધા જ પ્રશ્નો પહેલેથી જ નક્કી હોય છે. અને તેની શબ્દાવલી પણ એક સમાન હોય છે. આ અધિકૃત અને નિયંત્રિત પદ્ધતિ છે.

(2) અનૌપચારિક પ્રશ્નોત્તરી જેના અંતર્ગત ઉત્તરદાતા પોતાના જવાબોને વધારી-ઘટાડી શકે તેની કોઈ પૂર્વનિશ્ચિત યોજના કે શબ્દાવલી પણ નથી હોતી. જો ઉત્તરદાતાને વાંધો ન હોય તો ટેપ-રોકર્ડર આ કાર્યમાં ખૂબ જ સરળ અને ઉપયોગી સાધન સિદ્ધ થઈ શકે. આ સમગ્ર પ્રક્રિયામાં પ્રશ્નોત્તરી કરનારે ખૂબ જ ચૂસ્તી અને હોંશિયારી દર્શાવીને ઉત્તરદાતા પાસેથી અભ્યાસને લગતી બધી માહિતી પ્રાપ્ત કરવાની હોય છે.

પ્રશ્નોત્તરી ઈન્ટરવ્યુ પદ્ધતિની પસંદગી ઘણા બધાં પરિબળો પર નિર્ભર છે જેવી કે, અભ્યાસનો હેતું, સમય તથા ફંડની ઉપલબ્ધી, અને શોધકર્તાની કાર્ય કુશળતા. જવાબ જેટલા ઉચ્ચ કોટીના અને ચોક્કસ હશે. વસ્તુસ્થિતિ સંલગ્ન પ્રતિક્રિયા, મનોવૃત્તિ તથા મત એટલા જ સાચા અને સ્પષ્ટ હોવાની આશા રાખી શકાય છે. જવાબોની પારસ્પરિક તુલના પણ કરી શકાય છે. જવાબ જેટલા મુક્ત હશે તેટલું વધારે વિસ્તૃત અને સ્પષ્ટ ચિત્ર સામે આવશે, ખાસ કરીને ત્યારે જયારે કોઈ એક કેસ વિશે માહિતી મેળવવાની હોય.

ઉપરોક્ત પદ્ધતિઓ એકબીજાથી ભિન્ન નથી. તેમનું મિશ્રણ પણ કરી શકાય છે. અંતે તો આ બધાનો ઉદ્દેશ્ય એક જ છે કે, લોકો જે રીતના વર્તન-વ્યવહાર કરે છે. તે શા માટે કરે છે ? તેનો અભ્યાસ કરવો.

આ પદ્ધતિઓ દ્વારા જ સમાજશાસ્ત્રને સિદ્ધાંત તથા આધારભૂત ધારણા-સંકલ્પના મળી છે. આ પદ્ધતિઓ એક બીજાનો વિક્લપ નથી. પણ પૂરક છે. તેનો આધાર તમારે શોધવું શું છે તેના પર છે. એક જ વિષયના વિવિધ પાસાઓ વિશે માહિતી પ્રાપ્ત કરવા માટે એક પદ્ધતિ બીજી પદ્ધતિ કરતાં વધુ ઉપયોગી સિદ્ધ થઈ શકે છે. ઉદાહરણ તરીકે સર્વે કરતી વખતે અવલોકન પદ્ધતિની પણ જરૂર પડે છે.

## પાઠગત પ્રશ્નો 4.2

1. માહિતી એકત્ર કરવાના ક્યા ક્યા પ્રકારો છે ?

2. માહિતી એકત્ર કરવાની પાંચ પદ્ધતિઓના નામ જણાવો.

3. અવલોકનના મુખ્ય બે પ્રકારો ક્યા છે?

4. શું વ્યક્તિ અભ્યાસમાં સર્વેનો ઉપયોગ કરી શકાય ?

5. રૂબરૂ મુલાકાતના બે પ્રકારો ક્યા છે ?

## પાઠાન્ત પ્રશ્નો

1. ઐતિહાસિક, તુલનાત્મક, પ્રયોગાત્મક અને કાર્યક્ષમ પદ્ધતિઓની સમજૂતી આપો.
2. આનુભવિક પદ્ધતિ એટલે શું ? તેમાં ઉપયોગી માહિતી એકત્ર કરવા માટેની કાર્યરીતીની ચર્ચા કરો.
3. અવલોકનની વ્યાખ્યા આપી તેના પ્રકારો ચર્ચો.
4. વ્યક્તિ અભ્યાસ એટલે શુ ? મોજણી અને વ્યક્તિ અભ્યાસ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
૫. રૂબરૂ મુલાકાત અને પ્રશ્નોત્તરીની વ્યાખ્યા આપી તેમના વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

## પાઠગત પ્રશ્નોના જવાબ 4.1

4.1

1. સત્ય
2. અસત્ય
3. સત્ય
4. સત્ય
5. જુઓ 4.1
6. પાંચ
7. જુઓ 4.2
8. જુઓ 4.4

4.2

1. જુઓ 4.5
2. જુઓ 4.6
3. જુઓ 4.7
4. જુઓ 4.7
5. જુઓ 4.7

## અભ્યાસાર્થે વાંચન-પુસ્તકો

બોટોમોર, ટીબી (1970) સોશીયોલોજી : અ ગાઈડ ટૂ પ્રોબ્લેમ્સ એન્ડ લીટરેચર

ગલતુંગ, જહોન (1967) થીઅરી એન્ડ મેખડ્સ ઓફ સોશ્યલ રીસર્ચ

ગુડ, વિલિયમ જે એન્ડ પોલ કે હટ (1952) મેથડ્સ ઈન સોશ્યલ રીસર્ચ

જહોદા, મારીયા તથા અન્ય (1951) રીસર્ચ મેથડ્સ ઈન સોશ્યલ રીલેશન્સ

# 6

# સામાજિક સમૂહ

આગળના પ્રકરણમાં આપણે સમાજ સમુદાય, સંઘ અને સમુદાય જેવા ખ્યાલો વિશે સમજૂતી મેળવી. એટલે અત્યાર સુધી એ વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે, આ બધા જ શબ્દો એક સમૂહ દર્શાવે છે. જેનાથી એ સમજી શકાય કે, માનવજાતિ કેવા પ્રકારના સમૂહમાં રહે છે. જો કે આપણે સામાજિક સમૂહ શબ્દનો વિશિષ્ટ રીતે એટલા માટે ઉપયોગ કરીએ છીએ. જેનાથી આપણને ખ્યાલ આવે કે લોકો એક વિશાળ સમુદાય તરીકે કેવી રીતે સાથે રહે છે. સામાજિક સમુદાય માનવ જીવનના મૂળભૂત એકમ છે, જેના અંતર્ગત લોકો પોતાનું જીવન પસાર કરે છે. અને અર્થસભર આંતરક્રિયાઓ કરે છે. સમાજશાસ્ત્રીઓ માનવ સમાજની કાર્યપ્રણાલીઓ સમજવા માટે "સામાજિક સમૂહ" ખ્યાલનો ઉપયોગ કરે છે.

જેમ કે, આપણે બધા જાણીએ છીએ કે, સમાજમાં રહેનાર વ્યક્તિ એકલી નથી હોતી. તેને તેની આસપાસ વસતા લોકોની જરૂર હોય છે. જેને તે પોતાની મુશ્કેલીઓ, વિચારો તથા અનુભવો વહેંચી શકે. દરેકને માનવ સંગતિની જરૂર હોય છે. તેથી માણસજાતી એક સામાજિક પ્રાણી છે. પરંતુ જેમ આપણે પહેલાં જોયું તેમ સમાજ એક અમૂર્ત ખ્યાલ છે. તેને જોઈ શકાતો નથી. તેને માત્ર સામાજિક ધોરણોના અસ્તિત્વ તથા વ્યવહાર દ્વારા અનુભવી શકાય છે. આ ધોરણો વ્યક્તિના વર્તન વ્યવહારને નિયંત્રિત તથા અભિમુખ કરે છે. તેથી હવે આપણી સામે પ્રશ્ન એ ઊભો થાય કે, જો આપણે સમાજ જોઈ શકતા નથી તો આપણા માટે તેનું મહત્વ શું છે ? આ સંદર્ભમાં સમૂહ નો ખ્યાલ અર્થસભર બને છે.

## ઉદ્દેશ્યો

આ પ્રકરણના અભ્યાસ બાદ તમે :

- સામાજિક સમૂહ ના ખ્યાલની વ્યાખ્યા આપી શકશો.
- "સામાજિક સમૂહ" ના લક્ષણો સમજી શકશો.
- સામાજિક સમૂહના પ્રકારો સમજી શકશો.
- "સમૂહ" , સમાજ, સંસ્થા અને સમુદાય વચ્ચેનો તફાવત સમજી શકશો.

## 6.1 સામાજિક સમૂહ એટલે શું ?

સામાન્ય રીતે સામાજિક સમૂહ એટલે નિયમિત રીતે પરસ્પર મળતા લોકોનો સમુચ્ચય. સમૂહ સામાજિક પ્રાણીઓ વચ્ચે સામાજિક સંબંધ સ્થાપીત કરે છે. સમૂહ સમાજનો એક એકમ છે. જેમાં સમાજના બધાજ લક્ષણો, હોય સિવાય કે તે મૂર્ત સ્વરૂપમાં હોય છે. (અને આપણે જાણીએ છીએ તેમ સમાજ એક અમૂર્ત વિચાર છે.) આપણે પરિવાર/કુટુંબ જેવા સમૂહમાં રહીએ છીએ. આપણો સંબંધ કોઈ વંશ કે, ગોત્ર સાથે રહેલો હોય છે. તેથી સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રને સામાજિક સમૂહોના વિજ્ઞાન તરીકે ઓળખાવ્યું છે. દરેક સમાજના વ્યક્તિઓ વચ્ચે અનેક પ્રકારની આંતરક્રિયા થતી હોય છે. (જેનો ચોક્કસ અર્થ તથા હેતુ હોય છે.) આ આંતરક્રિયાઓ સામુહિક રૂપમાં હોય છે, અને સાથો સાથ જેમની સામૂહિક ઓળખ હોય છે તેવા જ વ્યક્તિઓ વચ્ચે પરસ્પર આંતરક્રિયાઓ થાય છે. સામાજિક સમૂહની રચનામાં આવી ઓળખ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે.

## 6.2 સામાજિક સમૂહના લક્ષણો

સામાજિક સમૂહની ઉપરોક્ત વ્યાખ્યા અને વર્ણનના આધારે નીચેના લક્ષણો તારવી શકાય :

1. વ્યક્તિઓની સંખ્યા : કોઈપણ સમૂહમાં ઓછામાં ઓછા બે વ્યક્તિઓ હોવા જરૂરી છે.
2. સભ્યપદની જાગૃતતા :પ્રત્યેક સભ્ય પોતાના સમૂહના સભ્યપદ વિશે જાગૃત હોય છે.
3. સંગઠીત સંરચના :પ્રત્યેક સમૂહ સંરચનાત્મક રીતે સંગઠિત હોય છે.
4. અર્થસભર અને હેતુપૂર્ણ આંતરક્રિયા :સભ્યો વચ્ચે નિશ્ચિત અર્થ તથા હેતુ માટે આંતરક્રિયા થાય છે.
5. પોતાનાપણાની ભાવના :સમૂહમાં "આપણે સૌ" એવી ભાવના હોય છે.
6. સામુહિક ધ્યેયો અને હિતો :સમૂહના સભ્યો સામુહિક ધ્યેય સાથે કાર્યરત હોય છે, દા.ત. ક્રિકેટ ક્લબના સભ્યો ક્રિકેટની રમત રમી મેચ જીતવાના ઉદ્દેશ્ય સાથે પરસ્પર સંકળાયેલા હોય છે.
7. સામુહિક ધોરણો :દરેક સમૂહને પોતાના નિયમો, કે ધોરણો હોય છે, અને દરેક સભ્યને તેનું પાલન કરવાનું હોય છે.
8. સાપેક્ષ સ્થાયી સ્વરૂપ :પ્રત્યેક સમૂહ સાપેક્ષ રીતે સ્થાયી હોય છે.
9. નામ : મહદઅંશે પ્રત્યેક સમૂહનું એક નામ હોય છે.
10. ચોક્કસ સંસ્કૃતિ જેમ કે ભાષા અને પ્રતિકો : દરેક સમૂહમાં વર્તનના ચોક્કસ નિયમો હોય છે. આંતરક્રિયાની ચોક્કસ રીત ભાષા અને પ્રત્યાયન પ્રતિકો હોય છે.
11. પારસ્પરિક સંબંધો : કોઈ પણ સમૂહના સભ્યો પરસ્પર એકબીજા સાથે સંબંધીત હોય છે. દા.ત. એક પરિવારમાં દરેક સભ્યો સગા વ્હાલાની ભાવનાથી જોડાયેલા હોય છે.

## 6.3 કેટલાક સંબંધિત શબ્દો

સામાજિક સમૂહને સમજવા માટે આપણે કેટલાક સંબંધિત - સંલગ્ન શબ્દો સમજવા જોઈએ. ઉદાહરણ તરીકે,

સામુહિકતા : સામુહિકતા એટલે એવા વ્યક્તિઓનો સમૂહ જેમની વચ્ચે કોઈ આંતરક્રિયા થતી નથી, દા.ત. રોડ પર ચાલતા લોકો.

ટોળુ : અમુક ચોક્કસ સમયે એકત્રિત થતા લોકોના સમૂહને ટોળુ કહે છે. ઉદાહરણ તરીકે તમે જોયું હશે કે, તમારી શેરી કે, ગામમાં ભવાઈ કે શેરી નાટક જોવા લોકો એકઠા થાય છે. આ એકઠા થયેલા લોકોને ટોળું કહે છે. ટોળાના બે પ્રકાર પડે છે :

1. સક્રિય ટોળું : કોઈ નાટક જોતી વખતે લોકો આનંદમાં આવીને તાળીઓ પાડે તેને સક્રિય ટોળું કહે છે. કારણ કે, તેમાં લોકો સક્રિય હોય છે.
2. નિષ્ક્રિય ટોળું : સ્થાનિક બજારમાં ખરીદી કરતા લોકો નિષ્ક્રિય ટોળાનું ઉદાહરણ છે કારણ કે, અહીંયાં લોકો નિષ્ક્રિય હોય છે.

વર્ગ : વર્ગ એટલે એવા વ્યક્તિઓનો સમૂહ જેઓમાં કોઈ સામાન્ય વિશિષ્ટ લક્ષણ એકસમાન હોય દા.ત. સમાન જાતિ કે આવક.

ચાલો હવે આપણે જોઈએ કે, સામાજિક સમૂહ ઉપરોક્ત શબ્દોથી કેવી રીતે ભિન્ન છે.

સામાજિક સમૂહ વ્યક્તિઓનો સંગઠિત સમુચ્ચય છે જેમાં સભ્યપદની જાગૃતતા હોય છે. અને કોઈ નિશ્ચિત હેતુ માટે તેઓ એકઠા થતા નથી. જોકે ટોળા કે વર્ગની સરખામણીમાં સામાજિક સમૂહ વધુ સ્થાયી હોય છે. તેમાં સમાજના બધા જ લક્ષણો જોવા મળે છે. અને આ સંકલ્પનાને આધારે આપણે સમાજને મૂર્ત સ્વરૂપમાં સમજી શકીએ છીએ. તે સામાજિક મનુષ્યોનું સંગઠન છે જેઓ સામાજિક સંબંધો દ્વારા એકબીજા સાથે સંકળાયેલા હોય છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ સમૂહને સામાજિક મણકા કહે છે. એટલે કે, મણકાઓ મળીને સમાજની માળા ગુંથે છે.



## પાઠગત પ્રશ્નો 6.1

એક વાક્યમાં જવાબ આપો :

અ સામાજિક સમૂહ એટલે તમે શું સમજો છો ?

.....................................................................................

બ શું સમૂહોને સામાજિક સરંચનાના મણકા કહી શકાય ? હા તો કેવી રીતે ?

.....................................................................................

ક શું તમે માનો છો કે સમાજ સમૂહો દ્વારા બને છે ?

.....................................................................................

ડ સમૂહનું એક ઉદાહરણ આપો.

.....................................................................................

## 6.4 સમૂહોના પ્રકારો

સમાજ સમૂહો દ્વારા નિર્મિત થાય છે, અને સમૂહો વિવિધ પ્રકારના હોય છે. તેઓમાં પરસ્પર સમાનતા તથા વૈવિધ્ય હોય છે. સામાજિક સમૂહોને સમજવા માટે સમાજશાસ્ત્રીઓએ તેને વિભિન્ન પ્રકારોમાં વહેંચ્યા છે. કેટલાક સમૂહ પ્રાકૃતિક રીતે બનતા હોય છે. જેમકે, બાળકોનું કુદરતી રીતે પરિવાર સમૂહમાં સભ્ય તરીકે આવવું. કેટલાક સમૂહો આકસ્મિક રીતે બને છે. દા.ત. કોઈ ક્રિકેટ કલબ જેને કેટલાક વ્યક્તિઓ બનાવે છે, અને તેના સભ્યો તરીકે જોડાય છે. આપણે એ તથ્ય યાદ રાખવું જોઈએ કે, દરેક વ્યક્તિ સમાજના વિવિધ સમૂહોનો સભ્ય છે. અલબત, કેટલાક સમૂહો વ્યકિતની અંગત બાબતોને લગતા હોય છે. જેમકે, પરિવાર તથા સગાંવ્હાલાં વગેરે. અન્ય સમૂહો વ્યક્તિના સાર્વજનિક જીવનના ભાગ હોય છે. જેમ કે, કોઈ ક્લબ અથવા રાજનૈતિક દળનું સભ્યપદ.

> પરિવાર એક સંઘ તરીકે સમૂહ છે,
>
> પરંતુ એક સંસ્થા તરીકે નહીં

કેટલાક સમાજશાસ્ત્રીઓએ એવું સૂચવ્યુ કે, સમૂહના વર્ગીકરણમાં તેના આકારને એક માપદંડ બનાવવું જોઈએ. ઉદાહરણ તરીકે પતિ અને પત્ની બે વ્યક્તિઓ મળીને પણ સમૂહ બનાવે જેને યુગલ કહી શકાય. તો બીજી બાજુ ત્રણ વ્યક્તિઓ મળીને સમૂહ બનાવે તેવું "ત્રયી" પણ હોઈ

શકે તથા એવા પણ સમૂહ હોઈ શકે જેમાં સભ્યોની સંખ્યા ખૂબ વધારે હોય દા.ત. યુવાદળ.


જર્મન સામજશાસ્ત્રી એફ.ટોની એ સમૂહના મુખ્ય બે પ્રકારો દર્શાવ્યા છે.

1. જૈમિનશાફ્ટ અર્થાત સમુદાય

2. જેસિલશાફ્ટ અર્થાત સંઘ

ઔપચારિક નિયમોની હાજરી હોય તેવા સમૂહને ઔપચારિક સમૂહ અને એવા કોઇ નિયમો ન હોય તેને અનૌપચારિક સમૂહ કહે છે. દા.ત. પરિવાર એક અનૌપચારિક સમૂહ છે જ્યારે શાળા એક ઔપચારિક સમૂહ છે.

સંબંધોને સ્વરૂપના આધારે સમૂહોને પ્રાથિમક, દ્વિતિય અને તૃતિય જેવા વર્ગોમાં વહેંચી શકાય.




## 6.4.1 પ્રાથમિક સમૂહ

જ્યાં પ્રત્યક્ષ સંપર્ક તથા ઘનિષ્ટ સંબંધ હોય તેને પ્રાથમિક સમૂહ કહે છે. દા.ત પરિવાર અથવા ચોક, નાનું ગામ, પ્રાથમિક સમૂહ, અને અન્ય સમૂહો (હવે જેને દ્વિતિય સમૂહ તરીકે ઓળખવામાં આવે છે.) પાયાના ખ્યાલોના ભાગ છે. પ્રાથમિક સમૂહ કોઇપણ સમાજની સામાજિક સંરચનાનો મહત્વનો ભાગ છે. પ્રાથમિક સમૂહના બાહ્ય લક્ષણો આ પ્રમાણે છે :

- નાનો આકાર
- પ્રત્યક્ષ સંપર્ક
- ભૌતિક નજીકતા

પ્રાથમિક સમૂહના આંતરિક લક્ષણો આ પ્રમાણે છે :

- "આપણે"ની ભાવના
- પરોપકારીતા - સમૂહ માટે સહભાવ
- સહ વિકાસ
- સહિષ્ણુ સ્વભાવ

- સંબંધો જ સાધન અને સાધ્ય
- ભાવાત્મક ઘનિષ્ઠતા સાથે અનૌપચારિક, સામાજિક નિયમો તથા આંતર-વ્યક્તિ સંબંધોનું પ્રભુત્વ.

### 6.4.2 દ્વિતિય સમૂહ

જેવા અવૈયક્તિક સંબંધો હોય, પ્રત્યક્ષ સંપર્ક ન હોય તેને દ્વિતિય સમૂહ કહે છે. ઉદાહરણ તરીકે, રાજનૈતિક દળ, જ્ઞાતિ અથવા શ્રમ, સંઘ.દ્વિતિય સમૂહના બાહ્ય લક્ષણો આ પ્રમાણે છે :

- મોટો આકાર : રેડ ક્રોસ સોસાયટીના સભ્યો આખી દુનિયામાં છે.
- અપ્રત્યક્ષ સંબંધ :- સભ્યો અપ્રત્યક્ષ રીતે પરસ્પર જોડાયેલા રહે છે. દા.ત. પત્ર, ફોન, ફેક્સ, ઇ-મેઇલ વગેરે દ્વારા.
- ધ્યેય-પ્રેરિત : આ સમૂહનું મુખ્ય કાર્ય કોઇ ચોક્કસ ધ્યેય સિદ્ધ કરવાનું હોય છે.
- સભ્યપદ વૈકલ્પિક હોય : આવા સમૂહોમાં સભ્યપદ ફરજિયાત નથી હોતું. કોઇ પણ વ્યક્તિ સ્વેચ્છાએ રોટરી ક્લબ કે રેડ ક્રોસ સોસાયટીના સભ્ય બની શકે છે.

પ્રાથમિક અને દ્વિતિય સમૂહ વચ્ચે તફાવત

| લક્ષણો | પ્રાથમિક સમૂહ | દ્વિતિય સમૂહ |
|---|---|---|
| આકાર | નાનો | મોટો |
| સંપર્ક સમયગાળો | દીર્ઘ-અનંત | ટૂંકો |
| નજીકતાનું સ્વરૂપ | વધારે-પ્રત્યક્ષ | ઓછું-પરોક્ષ |
| હિતનું સ્વરૂપ | વિસ્તરેલું | ચોક્કસ |
| સંબંધોનું સ્વરૂપ | ઘનિષ્ઠ | અવૈયક્તિક |
| વધારે જોવા મળે છે. | ગ્રામીણ સમાજમાં | શહેરી સમાજમાં |

### 6.4.3 તૃતીય સમૂહ

આ સમૂહ સમાન લક્ષણોવાળા અનેક સમૂહો દ્વારા બને છે અને તેમાં સંપર્ક અથવા આંતરક્રિયા માત્ર વૈચારિક હોય છે. ઉદાહરણ તરીકે શ્રમ-સંગઠનોનો એક પરિસંઘ જે ઘણા બધા સંગઠનોથી બને છે.

## પાઠગત પ્રશ્ન 6.2

એક વાક્યમાં જવાબ આપો :

1. સંબંધોના આધારે સમૂહના ક્યા ત્રણ વર્ગો છે ?

2. તમે કેવા પ્રકારના સમૂહમાં પ્રત્યક્ષ સંપર્ક જુઓ છો ?

3. કોઈ રાજનૈતિક દળ કેવા પ્રકારનો સમૂહ હોય છે ?

## 6.5 સમૂહની સંરચના

સરંચનાના આધારે સમૂહનું વર્ગીકરણ નીચે પ્રમાણે થાય છે.

રૈખિક સમૂહ : રૈખિક સમૂહ એટલે એવા વ્યકિત-સભ્યોનો સમુચ્ચય જેમાં તેઓ કોઈ પણ પ્રકારના ક્રમિક હોદ્દાને મહત્વ આપ્યા વગર મળે. ઉદાહરણ તરીકે, મિત્રો અને સાથીઓના સમૂહો.

ઉર્ધ્વાકાર સમૂહ : વ્યક્તિઓનો એવો સમૂહ કે જેમાં ક્રમિક હોદ્દાઓને વિશેષ મહત્વ આપવામાં આવે અને તે પ્રમાણે જ કાર્યો કરવામાં આવે. ઉદાહરણ તરીકે વર્ગ, જ્ઞાતિ, અધિકારી વર્ગ વગેરે. ભારતીય સમાજમાં જ્ઞાતિઓ હંમેશા ઉર્ધ્વાકાર સમૂહની રીતે સંગઠીત થાય છે.

પોતીકો-સમૂહ અને પારકો - સમૂહ : લાગણીના આધારે પોતીકો-સમૂહ અને પારકો સમૂહ એમ બે ભાગ પડે છે. પોતીકો સમૂહ એટલે કે, એવા વ્યક્તિઓનો સમૂહ કે , જેઓ આંતરીક રીતે એકતા અને ભાઈચારાની લાગણીથી મળતા હોય છે. આ સમૂહના સભ્યો, પારકા-સમૂહો પ્રત્યે ઈર્ષા અને ગુરૂતાગ્રંથિ અનુભવતા હોય છે. પોતીકો-સમૂહ હંમેશા પારકા -સમૂહને પોતાની સંસ્કૃતિના આધારે મૂલવે છે. તેથી તેઓમાં શ્રેષ્ઠતા કે હિનતા જેવા ભાવો જન્મે છે. અને આવી માનસિકતા-જાગૃતતાને ઈથનોસેન્ટીઝમ સ્વ- ટ્રી સમૂહ શ્રેષ્ઠતા) તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ભારતીય સમાજમાં આવેલી મોટાભાગની જ્ઞાતિઓ પોતાને જ શ્રેષ્ઠ સમજે છે.

ઉદાહરણ તરીકે, ગ્રામીણ સમાજમાં ઉચ્ચ જ્ઞાતિઓ અને નીચલી જ્ઞાતિઓ પોતાને માટે પોતીકા-સમૂહો છે પરંતુ એકબીજા માટે તેઓ પારકા-સમૂહો છે. સામાન્ય રીતે પોતીકા-સમૂહો આપણો-સમૂહ અને પારકા-સમૂહો તેઓના-સમૂહ તરીકે ઓળખાય છે.

આમ, આ સમૂહો અનુભૂતિના આધારે એક-બીજાથી જુદા છે.

કેટલાક સમાજશાસ્ત્રીઓ સંપર્કના સમયગાળાના આધારે બંને સમૂહોમાં તફાવત જણાવે છે. એટલે કે, ક્ષણિક સમૂહ અને સંયોગ સમૂહ. ઉદાહરણ તરીકે એક વ્યક્તિ તમને બસ-સ્ટેન્ડ પર મળે તો તે ક્ષણિક સમૂહ છે અને જે સમૂહના સભ્યો લાંબા સમય સુધી મળે તો તે સ્થાયી સમૂહ

બને છે. દા.ત. મિત્ર સમૂહ.

સમાજશાસ્ત્રીય સાહિત્યમાં આપણને એક અન્ય પ્રકારના સમૂહની સંકલ્પના મળે છે જેને સંદર્ભ સમૂહ કહે છે તેનો ઉપયોગ સભ્યપદ સમૂહ કરતાં વિપરીત હોય છે. કોઈ વ્યક્તિ, જે સમૂહ સાથે સંબંધ રાખે તે તેનો સભ્યપદ સમૂહ હોય છે, જ્યારે સંદર્ભ સમૂહમાં વ્યક્તિ તે સમૂહના આદર્શ અને ધોરણો પોતાના જીવનમાં/વર્તનમાં ઉતારે એનો અર્થ એવો થયો કે, સંદર્ભ સમૂહ તેને કહેવાય જેને વ્યક્તિ પોતાના કાર્યો કરવા માટે આદર્શ ગણે. તે હંમેશા આ સમૂહનો સભ્ય બનવા માગે છે. ઉદાહરણ તરીકે, કોઈ ગામમાં ગરીબ ખેત મજૂર માટે, જમીન માલીકો સંદર્ભ સમૂહ છે. એવી જ રીતે શિક્ષિત બેરોજગારો, નોકરીયાત વર્ગને સંદર્ભ સમૂહ સમજે છે.

સમૂહ મુક્ત અને બંધ પણ હોય છે.

મુક્ત સમૂહ એટલે જેનું સભ્યપદ સ્વૈચ્છિક હોય છે અને તેમાં સભ્યોની ગતિશીલતા હોય છે. દા.ત. ફૂટબોલ ક્લબ

કોઈ વ્યકિતના વ્યક્તિત્વને ઘડવામાં સમૂહ અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે.

બંધ સમૂહમાં સભ્યપદ સીમિત હોય છે અને ગતિશીલતા સાપેક્ષ રીતે મુશ્કેલ હોય છે. દા.ત. જ્ઞાતિ-સમૂહ

## પાઠગત પ્રશ્નો 6.3

યોગ્ય શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.

1. ................સમૂહ રૈખિક સમૂહનું ઉદાહરણ છે.
2. ................સમૂહો, વર્ગ, જ્ઞાતિ અને આધિકારી વગ્રના ઉદાહરણો છે.
3. શિક્ષિત બેરોજગારો માટે, નોકરીયાત વર્ગ ..................સમૂહનું ઉદાહરણ છે.
4. મુક્ત સમૂહમાં સભ્યોની ગતિશીલતા............હોય છે.

## 6.6.સમૂહ અને સમાજમાં તફાવત

| સમૂહ | સમાજ |
|---|---|
| લોકોના સમુચ્ચય | સામાજિક સંબંધોની કાર્ય વ્યવસ્થા |
| કૃત્રિમ રચના | સ્વાભાવિક તથા પ્રાકૃતિક વ્યવસ્થા |
| સમૂહ સંગઠીત થાય છે. | સમૂહોનો લવચીક સંગ્રહ |
| અસ્થાયી હોય છે. | સ્થાયી હોય છે. |
| મૂર્ત સમુચ્ચય છે. | અમૂર્ત સંક્લપના છે. |

પોતાનાપણાની ભાવના    જોડાયેલા હોવાની ભાવના

## 6.7 સમૂહ અને સંસ્થા વચ્ચે તફાવત

| સમૂહ | સંસ્થા |
|---|---|
| ● સમૂહ વ્યક્તિઓનો સંગ્રહ છે. | ઉદ્દેશ્ય આધારિત એકઠા થયેલા લોકોથી બને છે. |
| ● અસ્થાયી હોય છે. | હંમેશા સ્થાયી હોય છે. |

## 6.8 સમૂહ અને સમુદાય વચ્ચે તફાવત

| સમૂહ | સમુદાય |
|---|---|
| ● સમૂહ રચાય છે | સ્વાભાવિક રીતે બને છે અને |
| | તેની રચના પણ થાય છે. |
| ● કોઈ ચોક્કસ ઉદ્દેશ્ય | સમૂદાય સભ્યોના સમગ્ર |
| માટે સમૂહ રચાય છે. | જીવન સાથે સંલગ્ન હોય છે. |
| ● સમૂહ, સમૂદાયનો | સમૂદાયમાં અનેક સમૂહો |
| અંગ હોય છે. | હોય છે. |

આમ, ઘણા બધા પ્રકારના સમૂહો હોય છે. જેમાંથી કેટલામાં આપણે નિશ્ચિત ઉદ્દેશ્યોની પૂર્તિ માટે સભ્ય બનીએ છીએ. આ એક એવું માધ્યમ છે કે, જેના દ્વારા આપણે સંસ્કૃતિ શીખીએ છીએ, સંસ્કૃતિનો વ્યવહાર કરીએ છીએ અને સંસ્કૃતિને બદલીએ પણ છીએ.

### પાઠગત પ્રશ્નો 6.4

નીચેના વિધાનો સામે ખરા ( ✓ ) ખોટા (X )ની નિશાની કરો.

1. આપણે ની ભાવના પ્રાથમિક સમૂહ સાથે જોડાયેલી છે. (   )
2. સમૂહમાં નિશ્ચિત ધોરણો અને નિયમો હોય છે. (   )
3. સમૂહમાં અનેક સમૂદાયો હોય છે. (   )

- સામાજિક સમૂહો એટલે કે, માનવ જીવનના પાયાના એકમો
- સમૂહ સમાજનો એકમ હોય છે જેમાં સમાજના બધાં જ લક્ષણો જોઈ શકાય છે.
- પ્રત્યેક વ્યક્તિ એક અથવા બીજા સમૂહની સભ્ય હોય છે. જેમ કે, પરિવાર, મિત્ર સમૂહ વગેરે.
- સમૂહ એટલે વ્યક્તિઓનું સંગઠિત સંકલન.
- પ્રત્યેક સમૂહમાં આપણાપણાની ભાવના હોય છે.
- પ્રત્યેક પ્રાથમિક સમૂહમાં પ્રત્યક્ષ સંપર્ક હોય છે.
- સમાજશાસ્ત્રીઓએ સમૂહના પ્રકારો ઓળખાવ્યા છે.

## પાઠાયાંત પ્રશ્નો

1. પ્રાથમિક સમૂહ અને દ્વિતિય સમૂહ વચ્ચે તફાવત સમજાવો.
2. સામાજિક સમૂહના લક્ષણો વર્ણવો.
3. સમૂહ અને સમુદાય વચ્ચે શો તફાવત છે ?
4. પોતીકા-સમૂહ અને પારકા-સમૂહ વિશે તમારા શબ્દોમાં વર્ણન કરો.

## શબ્દાવલી

પરોપકારીતા : સમૂહના હિત માટે નિઃસ્વાર્થ ભાવના

ક્રમિક હોદ્દા : અસમાન સંબંધ

પૂર્વગ્રહ : મનમાં રહેલા પૂર્વવિચારો

## પાઠગત પ્રશ્નોના જવાબ

6.1

1. સામાજિક સમૂહ એટલે એવા એકમો જ્યાં મનુષ્ય રહેતા હોય.
2. હા
3. હા

4. પરિવાર/રાજનૈતિક દળ વગેરે

6.2

1. પ્રાથમિક, દ્વિતિય, તૃતીય

2. પ્રાથમિક સમૂહ

3. દ્વિતીય સમૂહ

6.3

1. સાથીઓ

2. ઉર્ધ્વાકાર

3. સંદર્ભ

4. શક્ય/સંભવ

6.4

1.

2. X

3. X

## અભ્યસાર્થે વાંચન પુસ્તકો

1. આર.એમ. મેકઈવર એંડ વી.એચ. "પેજ સોશિયાલોજી" (1985)

2. ટી.એન. બોટામોર સોશિયોલોજી, (1972)

3. એન્થની ગિડન્સ સોશીયોલોજી, (1993)

4. સી.એચ. કૂલે- સોશ્યલ ઓર્ગેનાઈઝેશન, (1909)

5. આર.કે. મેર્ટન- સોશ્યલ થીયરી એંડ સોશ્યલ સ્ટ્રક્ચર, (1968)

નોંધ

# 7

# સામાજિક સંરચના અને પ્રણાલી

એક હાઈસ્કૂલમાં દર વર્ષે વિદ્યાર્થીઓ બદલાતા રહે છે. કેટલાક વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈને આગળના ધોરણમાં પ્રવેશ મેળવે છે. નવા વિદ્યાર્થીઓ બીજી શાળા-વિદ્યાલયોમાં જાય છે. તો વળી કેટલાક વિદ્યાર્થીઓ આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે શાળા-અભ્યાસ છોડી દે છે. પરંતુ એક સામાજિક સંસ્થા તરીકે શાળાનું અસ્તિત્વ જળવાઈ રહે છે. આપણે સામાન્ય રીતે એવા અનેક વર્તનોથી (જેમ કે બ્રશ કરવું, નાસ્તો કરવો, શાળાએ જવું વગેરે) ટેવાઈ જઈએ છીએ કે, આપણે તેના પ્રત્યે ધ્યાન આપતા નથી. પરંતુ આ જ બધી ક્રિયાઓ માનવ સમાજ સંરચનાની મહત્વની જાણકારી આપે છે. જો આપણે આપણી દૈનિક ક્રિયાઓનું અવલોકન કરીએ તો ખ્યાલ આવશે કે , સામાજિક સંરચનાની કેટલી અસર આપણા રોજ-બરોજના જીવન પર પડે છે. આપણી શાળાઓ તથા ધંધાર્થી સંસ્થાઓ આપણા જમવાના, અને સુવાના સમય નક્કી કરે છે. મોટા ભાગે આપણા માતા-પિતા તથા રોજગાર-બજારની માંગ આપણી કારકીર્દીના ધ્યેય અને સફળતા મેળવવામાં મદદરૂપ થાય છે ?

## ઉદ્દેશ્યો

આ પ્રકરણના અભ્યાસ બાદ તમે:


- સામાજિક સંરચનાની વ્યાખ્યા આપી શકશો
- તેના મૂખ્ય લક્ષણો સમજાવી શકશો
- સામાજિક સંરચનાના આધારો જેવા કે જરૂરિયાત ,ભૂમિકા અને હોદો વર્ણવી શકશો.
- સામાજિક તંત્રનો અર્થ સમજાવી શકશો
- સામાજિક તંત્રની સંરચના સમજાવી શકશો.

## 7.1 સામાજિક સંરચના અને સામાજિક સંગઠન

### 7.1.1 સામાજિક સંરચનાની વ્યાખ્યા

રોજબરોજના કાર્યો કુશળતાથી કરવામાં સામાજિક સંરચના મદદરૂપ થાય છે. તેનાથી આપણને અસંખ્ય સૂક્ષ્મ કાર્યો કરવામાંથી મુક્તિ મળે છે જે નહિતર આપણે કરવા પડે. સામાજિક સંરચનાથી સમૂહ અને સમાજ વચ્ચે એક સ્તર પર સ્થિરતા આવે છે. સામાજિક સંરચના એક સામાજિક વાસ્તવિકતા છે જેની સીધી અસર આપણા દૈનિક જીવન પર પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સંરચના સમાજના સંભવિત સંબંધોને વ્યવસ્થિત કરવાની એક રીત છે. સામાજિક તંત્ર સામાજિક સંરચના સાથે ગાઢ રીતે સંકળાયેલુ છે. સંરચના વગર કોઈ એકમ કાર્ય કરી શકે નહી. જોકે આપણે જાણીએ છીએ કે , સમાજશાસ્ત્રમાં સામાજિક સંરચનાની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી કારણ કે આવી કોઈ પણ વ્યાખ્યા સમાજશાસ્ત્રીઓની વાસ્તવિક્તા જોવાની દૃષ્ટિ પર આધારીત છે. ઘણા બધા વિચારકોએ સંરચનાની સંકલ્પના વિશે વિવિધ મંતવ્યો રચ્યા છે. કેટલાક સમાજશાસ્ત્રીએ સામાજિક સંરચનાને, સામાજિક મૂલ્યોને આધારે વ્યાખ્યાયિત કરીને વર્ગીકૃત કરેલ છે તો બીજા કેટલાકે સંરચનામાં લક્ષ્યોની પૂર્તિના મહત્વ વિશે વાત કરી છે. દા.ત., પરિવાર, શાળા કે સેના કારણ કે તે જ કોઈ પણ સંરચનાના હાર્દ હોય છે. સમાજશાસ્ત્રીઓએ ઘણી વાર સંરચનાને સંઘ, સંસ્થા અને સમૂહના અભ્યાસમાં સમાવિષ્ટ કરી છે. સામાન્ય રીતે 'સંરચના' શબ્દનો એવો અર્થ થાય કે, કોઈ વસ્તુના એવા ભાગો કે જે એકબીજા સાથે ક્રમિક રીતે જોડાયેલા હોય. એટલે કે 'સંરચના' એટલે વિવિધ ભાગોને વ્યવસ્થિત રીતે જોડવા અન્ય શબ્દોમાં કહી શકાય કે, સંરચના એટલે વિવિધ ભાગોનો સ્થિર આંતરિક સંબંધ. સામાન્ય રીતે સંરચના એવી વ્યવસ્થા છે જે માનવ વ્યવહારને નિયંત્રિત થતા નિર્દેશિત કરે. સમાજશાસ્ત્રના દૃષ્ટિકોણથી સંરચના, સંગઠન વ્યવસ્થિત કરવાની પદ્ધતિ દર્શાવે છે, કે જે માનવ વ્યવહારને નિર્દેશિત કરે છે. તેનાથી અમુક વિશિષ્ટ પ્રકારના માનવ વ્યવહારો પર પણ નિયંત્રણ આવે છે.

સામાજિક સંરચના દર્શાવે છે કે, સમૂહ કે સમાજના વિભિન્ન એકમો કેવી રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય છે. કેટલાક સમાજશાસ્ત્રીઓના મતે સામાજિક સંરચના શબ્દનો ઉપયોગ આંતર-સંબંધીત સંસ્થાઓની ચોક્કસ ગોઠવણીમાં એજન્સીઓ તથા સામાજિક ભાતમાં તેમ જ દરેક વ્યક્તિની સામાજિક ભૂમિકાના સંદર્ભમાં કરવામાં આવે છે. એવું કહેવાય છે કે સામાજિક સંરચનાં આપણા સમાજની રૂપરેખા પ્રસ્તુત કરે છે. સમૂહ, સંસ્થા, સંઘ અને સંગઠન સામાજિક સંરચનાના એકમો છે. જેમ કે આપણે જાણીએ છીએ બધા સ્ત્રી પુરૂષો એકબીજા સાથે સંબંધ ધરાવે છે. તે પછી સમૂહ, સંઘ કે સંગઠનના સ્વરૂપમાં હોઈ શકે છે. સામાજિક સંરચના આ જ સંરચનાત્મક એકમો દ્વારા બને છે, અને તેના આધારે જ સમાજ ચાલે છે. હકિકતમાં આ સંરચના વિશ્વમાં આપણા અસ્તિત્વ પૂર્વેથી ચાલી આવે છે. આપણા જન્મ પહેલા પેઢીઓની પેઢીઓને તેની અસર થઈ છે. સંરચના આપણા વર્તન-આચરણને નિરંતર ઘડે છે.




સામાજિક તંત્રમાં આ પ્રક્રિયા આપણી જો આપણે આપણા શરીર-બંધારણનું ઉદાહરણ જોઈએ તો આપણને સામાજિક સંરચનાનો અર્થ તુરંત સમજાય છે. શરીર વિભિન્ન અંગોનો સમુહ છે જેમ કે હાથ,પગ, મોં, નાક, કાન, વગેરે શરીર આ પરસ્પર-જોડાયેલા અને પરસ્પર-આશ્રિત આ બધા અંગોની મદદથી કાર્ય કરે છે. સામાજિક સંરચના પણ ઘણા બધા અંગો ભાગોની ગોઠવણ છે દા.ત., પરિવાર, શાળા, કારખાનું , કાર્યાલય, પોલિસ, સેવા સંસ્થાઓ, જેલ, દવાખાનુ, મંદિર-મસ્જીદ વગેરે.

## પાઠગત પ્રશ્ન 7.1

સાચા જવાબ સામે ખરા (✓) ની નિશાની કરો

1. સામાજિક સંરચના ____________ સાથે સંકળાયેલી છે.
   (અ) હોદ્દા અને ભૂમિકા
   (બ) મૂલ્યો
   (ક) સમાજ અથવા સમૂદાયના વિભિન્ન એકમો સાથે જોડાઈ રહેવાની રીત
2. નીચેનામાંથી ____________ સામાજિક સંરચનાના એકમો છે.
   (અ) એક હોદ્દો

(બ) એક સંગઠન

(ક) ઉપરોક્ત બંને

3. સંગઠન એટલે ______________

(અ) સામાજિક સંબંધોનો સમન્વય

(બ) વિભિન્ન ભાગોનો સમન્વય

(ક) ચોક્કસ સ્થિતિઓ

## 7.2 સામાજિક સંરચનાના લક્ષણો.

સામાજિક સંરચનાનું નિર્માણ માનવના આંતરિક સંબંધો, અને સંગઠનથી થાય જે કોઈ ચોક્કસ ઉદેશ્ય કે લક્ષ્યની પ્રાપ્તિ માટે સંગઠિત થાય છે. આ લક્ષ્યની પૂર્તિ માટે સામાજિક સંરચનામાં કેટલાક ચોક્કસ સિદ્ધાંતોનું હોવુ આવશ્યક છે. જે નીચે પ્રમાણે છે.

1 ધોરણાત્મક પ્રણાલી : ધોરણાત્મક પ્રણાલી સમાજમાં આદર્શો અને મૂલ્યોનું સ્થાપન કરે છે. સંસ્થા અને સંઘ તે પ્રમાણે એકબીજા સાથે જોડાયેલા રહે છે. લોકો સ્વીકૃત સામાજિક ધોરણો પ્રમાણે પોતાની ભૂમિકા ભજવે છે. ઉદાહરણ તરીકે, ભારતમાં આજે પણ અમેરીકા જેટલા વૃદ્ધાશ્રમો પ્રચલિત નથી. આ તફાવત ધોરણાત્મક સંરચનાને કારણે છે જે ભિન્ન જીવનમૂલ્યોને માન્યતા આપે છે. ભારતીય માન્યતા પ્રમાણે વૃદ્ધોને અમેરિકાની જેમ વૃદ્ધાશ્રમમાં મોકલવા યોગ્ય બાબત નથી. પરિણામે આપણને બન્ને સમાજની સામાજિક સંરચનાઓમાં તફાવત લાગે છે.

2 સ્થિતિ વ્યવસ્થા : સ્થિતિ વ્યવસ્થાનો સંબંધ વ્યક્તિની સ્થિતિ અને ભૂમિકા સાથે છે. વ્યકિતની ઈચ્છાઓ, અને અભિલાષાઓ ભિન્ન-ભિન્ન હોય છે. કોઇ પણ સામાજિક સંરચના વ્યકિતની પરિસ્થિતિ કે ભૂમિકાના વ્યવસ્થિત કાર્ય-નિર્ધારણ પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે આપણે જ્યારે 'પદ' શબ્દ સાંભળીએ છીએ ત્યારે આપણે તે 'હોદ્દા' કે 'પ્રતિષ્ઠા' સાથે જોઈએ છીએ. સમાજશાસ્ત્રમાં વ્યક્તિ જે સ્થિતિ-પરિસ્થિતમાં હોય તેને 'પદ' કહે છે. અંહિયા સ્થિતિનો અર્થ અમૂક હદ સુધી પ્રતિષ્ઠા સાથે હોઈ શકે જેમ કે ન્યાયાધિશ, ડૉકટર અથવા ઓછી પ્રતિષ્ઠાવાળો કન્ડકટર સમાજમાં આપણે બધાને એક સાથે અલગ અલગ દરજ્જાઓ આપીએ છીએ. તમે એક જ સમયે પૂત્ર કે પૂત્રી હોઈ શકો અને વિદ્યાર્થી કે શિક્ષક પણ હોઈ શકો. જેમ જીવનમાં અને સમાજમાં બદલાય તેમ તમારી સ્થિતિ બદલાતી રહે છે.

3. અધીકૃતિ પ્રણાલી : ધોરણોને સમાજમાં યોગ્ય રીતે લાગુ કરવા માટે સમાજમાં અધીકૃતિ પ્રણાલી હોય છે. બીજા શબ્દોમાં તેને દંડ અને પૂરસ્કાર પણ કહી શકાય. સામાજિક સંરચનાના વિભિન્ન ભાગો વચ્ચે સમન્વય સામાજિક ધોરણોના પાલન પર નિર્ભર કરે છે. જે લોકો આ ધોરણોને માનતા નથી તેને સજા આપવામાં આવે છે. પરંતુ, અમાન્યતા પણ સમાજનું વિશેષ લક્ષણ છે જેના વગર સમાજમાં પરિવર્તન આવતું નથી. આ સામાજિક પ્રક્રિયાનો પ્રભાવશાળી વિરોધાભાસ છે. જો અધિકૃતી પ્રણાલી યોગ્ય રીતે કાર્ય કરે તો જ સામાજિક સંરચના સ્થિર રહી શકે છે. આ સ્થિરતા આપણા દેશની સામાજિક અને રાજકીય પરિસ્થિતિ દર્શાવે છે. ઉદાહરણ તરીકે, ભારતમાં હાલ બળાત્કાર માટે મૃત્યુદંડ આપવો જોઈએ કે ન આપવો જોઈએ એ અંગે ભારે ચર્ચા થઈ રહી છે, ખાસ કરીને ગુજરાતમાં થયેલા રમખાણો (કે જેમાં

બળાત્કારના ઘણા બધા કિસ્સાઓ બન્યા હતા) બાદ, તથા ભારતમાં વધી રહેલા બળાત્કારોના સંદર્ભમાં આ ચર્ચા વધારે ઉગ્ર બની. અધિકૃતિ કાંતો સકારાત્મક હોય અથવા નકારાત્મક હોય છે. સમાજશાસ્ત્રમાં A લાવવો હકારાત્મક અધિકૃતી છે પણ F લાવવો નકારાત્મક અધિકૃતી છે. નોકરી પ્રગતિ કરવી એ સકારાત્મક તો નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે તે નકારાત્મક છે.

4. પૂર્વાનુમાનિત પ્રતિક્રિયા પ્રણાલી : 'કાર્યમાં નિષ્ઠા' જેવા શબ્દો આપણે રોજ સાંભળીએ છીએ અથવા તો રસ્તા પર બોર્ડ વાંચીએ છીએ "આપણે શહેર, ચોખ્ખુ રાખીએ." આ બધી ક્રિયાઓ પૂર્વાનુમાનિત પ્રતિક્રિયા પ્રણાલીના કાર્યો છે. પૂર્વાનુમાનિત પ્રતિક્રિયા પ્રણાલી વ્યક્તિ પાસે એવી આશા રાખે છે કે તે સામાજિક વ્યવસ્થા જાળવવામાં ભાગીદાર બને. તે સૂચવે છે કે દરેકે પોતાની જવાબદારી સમજવી જોઈએ અને તેને નીભાવવાના પ્રયત્નો કરવા જોઈએ. આના આધારે સામાજિક સંરચના સફળતાપૂર્વક કાર્ય કરી શકે છે.

## 7.2.1 સામાજિક સંગઠનનો અર્થ

સામાજિક સંરચનાની સંકલ્પનામાં જ સામાજિક સંગઠનનો ખ્યાલ સમાયેલો છે. સામાજિક સંરચનાનો સંબંધ સામાજિક સંગઠનના મૂખ્ય સ્વરૂપો સાથે છે એટલે કે સમૂહના પ્રકારો, સંઘો અને સંસ્થાઓ. ચાલો આપણે "સંગંઠન" શબ્દનો અર્થ સમજીએ. સંગઠન એટલે વ્યક્તિઓ કે, વિભાગોનું સંકલન તેથી મંદિર, મસ્જીદ, કૉલેજ, અખાડાઓ અને રાજનૈતિક દળ સંગઠનના ઉદાહરણો છે. આ બધાંમાં વ્યક્તિઓ કે વિભાગોનું સંકલન છે કે જેઓ આંતરિક રીતે જોડાયેલા છે અથવા એકબીજા પર નિર્ભર છે. આપણે એક શૈક્ષણિક સંસ્થા કે, કોલેજનું ઉદાહરણ લઈ શકીએ. એક કોલેજમાં આચાર્ય, અધ્યાપકો, કલાર્ક, વિદ્યાર્થીઓ વગેરે હોય છે. તે ખરેખર તો લોકો અને વિભાગોનું સંકલન છે એટલે કે એક સંગઠન છે. દરેકે પોતાની ભૂમિકા ભજવવાની છે. ત્યારે જ સામાજિક સંબંધોમાં સમન્વય જળવાઈ રહે છે.

સંગઠનના ઘણા બધા પ્રકારો હોય છે. રાજ્યને રાજનૈતિક સંગઠન કહે છે. કારણકે તેનો સંબંધ રાજનૈતિક બાબતો સાથે છે. કારખાનુ એક આર્થિક સંગઠન છે. કારણ કે તેને સંબંધ વસ્તુ ઉત્પાદન અને વહેંચણી સાથે છે. મંદિર/મસ્જીદ એક ધાર્મિક સંગઠન છે જે ધાર્મિક આધ્યાત્મિક બાબતોનું ધ્યાન રાખે છે. આ બધાં જ સમાજના વિવિધ સંગઠનો છે. સંગઠન અને સામાજિક સંરચના એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. પરંતુ આ બંને સંકલ્પનાઓ અલગ અલગ બિંદુ પર ભાર આપે છે. સંગઠન સામાજિક સંબંધોના સમન્વય પર ભાર આપે છે જ્યારે સામાજિક સંરચના સ્થિતિ અને કેટલાક નિયમો તથા સામાજિક સંબંધો પર પણ ભાર આપે છે.

## પાઠગત પ્રશ્નો 7.2

**કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દની પસંદગી કરી ખાલી જગ્યા પૂરો.**

1. ભૂમિકા એટલે ______________ વર્તન (સોંપેલુ, અપેક્ષીત, ચોક્કસ)

2. સમાજમાં એક વ્યક્તિની સ્થિતિને ______________ કહે છે (શ્રેણી, પદ, હોદ્દો)

3. ______________ પ્રભાવ પર સામાજિક સંરચનાની સ્થિરતા નિર્ભર છે. (અધિકૃતી, સકારાત્મકતા, નકારાત્મકતા)

4. એક વૃદ્ધ મહિલા, અનાથ બાળક, એક ડોકટર એક વકીલ વગેરે ______________ ના ઉદાહરણ છે. ( હોદ્દો, જરૂરિયાત, મૂલ્ય)

## 7.3 સામાજિક સંરચનાના આધારસ્તંભો

જેમ આપણે અગાઉ જોયું તેમ સામાજિક સંરચના આંતરિક રીતે સંકળાયેલા ભિન્ન ભાગોનો સમુહ છે. તેથી જ સમાજ શાંતિપૂર્ણ રીતે કાર્ય કરી શકે છે. સંસ્થા, સંઘ, સમૂહ, સંગઠન વગેરે સામાજિક સંરચનાનાં અંગો છે.

સામાજિક સંરચનાનાં કાર્યોને સમજવા માટે આપણે તેના આધારસ્તંભોનું વિશ્લેષણ કરીએ.

### (1) લક્ષ્ય મેળવવાની જરૂરિયાત

મનુષ્ય સામાજિક સંરચનાનો મૂખ્ય ઘટક છે. મનુષ્યોના સ્વભાવ અને રસ-રૂચિ વિભિન્ન હોય છે. સામાજિક સંરચનાનો વિકાસ તેના વિભિન્ન સંગઠકો વચ્ચેના આંતર સંબંધો પર આધારીત હોય છે. આ આંતર-સંબંધોના મૂળમાં જ સમાન લક્ષ્યની પૂર્તિ રહેલી છે. ઉદાહરણ તરીકે કુટુંબ કે સંબંધ વ્યવસ્થા સામાજિક સંરચનાનો ભાગ છે. અંહિ બધા જ સભ્યો પરિવારની ખુશી માટે એક-બીજા સાથે જોડાયેલા હોય છે.

### (2) પોતાની ભૂમિકા અને પદ સ્વીકારવાની તૈયારી

પ્રત્યેક સામાજિક સંરચના પોતાના સભ્યોને એક ચોક્કસ પદ અને ભૂમિકા આપે છે. પદ સામાન્ય

રીતે એક અમૂક સમાજનું સામાજિક સ્થાન છે. ભૂમિકા એટલે વ્યક્તિએ સ્વીકારેલું આચરણ કે, જે સમાજ કે સમૂહમાં તેનું પદ નક્કી કરે છે. પદ સાથે સંકળાયેલી ઘણી બધી ભૂમિકાઓ હોય છે. અંગ્રેજીના શિક્ષક માત્ર અંગ્રેજી જ ભણાવે તેવી અપેક્ષા નથી હોતી પરંતુ તેઓ ચિંતિત વાલિઓને મળે, નાટકમાં રસ લેનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે સાથો સાથ પૂસ્તકાલયમાં પૂસ્તકો ખરીદવા માટે સૂચનો પણ કરે તેવી અપેક્ષાઓ પણ રાખવામાં આવે છે. પદ અને ભૂમિકાઓનો આધાર પ્રથા, પરંપરા અને સામાજિક કરારો પર હોય છે. અંહીયા જ પદ વિવિધ સંસ્થાઓ, એજન્સીઓ , અને તરેહોને જન્મ આપે છે. જ્યારે તે વિશિષ્ટ રીતે સંકળાય છે ત્યારે આ બધાં ઘટકો સામાજિક સંરચનાનું નિર્માણ કરે છે. સામાજિક સંરચનામાં દરેક મનુષ્યને ચોક્કસ ‘પદ’ અને જવાબદારી આપવામાં આવે છે. વ્યક્તિના મૃત્યુથી તેના પદ કે જવાબદારીમાં કોઈ પરિવર્તન નથી આવતું. મૃત વ્યક્તિની જગ્યાએ કોઈ નવી વ્યક્તિ આવે તો તેને પણ પદ પ્રમાણે સમાજમાં ભૂમિકા ભજવવી પડે છે. જો પદ નવું હોય, તલાક લીધેલી એકલી મહીલાના સંદર્ભમાં તો તેના માટે ભૂમિકા નિર્ધારીત કરવી પડતી હોય છે. નવા વ્યક્તિઓ દ્વારા પદની ભૂમિકા ધીરે ધીરે આત્મસાત થવા લાગે છે.

## પાઠગત પ્રશ્નો 7.3

સાચા જવાબ પસંદ કરો.

1. સામાજિક સંરચનાનું મૂખ્ય ઘટક ____________ છે.
   (અ) સમૂહ
   (બ) સંસ્થા
   (ક) મનુષ્ય
2. પદ એટલે ____________.
   (અ) સમાજમાં કે સમૂહમાં નિશ્ચિત થયેલ સ્થાન
   (બ) કોઈક દ્વારા સ્વીકારેલ સામાજિક વર્તન
   (ક) ઉપરોક્ત બંને
3. ભૂમિકા એટલે ____________.
   (અ) સમાજમા કે સમૂહમાં પદ પ્રાપ્ત વ્યક્તિનું વર્તન
   (બ) એક સમૂહ કે સમાજ દ્વારા નિશ્ચિત પદ
   (ક) ઉપરોક્તમાંથી એક પણ નહી

## 7.4 સામાજિક પ્રણાલીનો અર્થ

'સામાજિક પ્રણાલી' માં અર્થ સમજતા પૂર્વ 'પ્રણાલી' શબ્દનો અર્થ સમજવો જરૂરી છે. પ્રણાલી એટલે " વિવિધ એકમોની વ્યવસ્થિત ગોઠવણ." ટૂંકમાં પ્રણાલીના લક્ષણો આ પ્રમાણે છે.

1. પ્રણાલી વિવિધ ભાગોથી બને છે.
2. વિભિન્ન ભાગો વચ્ચે પદ્ધતિસરનો સંબંધ હોવો જોઈએ.
3. આ ભાગોની ગોઠવણમાંથી એક તરેહ બનવી જોઈએ.
4. પ્રણાલીના ભાગો વચ્ચે વ્યવહારિક સંબંધ હોવો જોઈએ.
5. વ્યવહારિક રીતે પરસ્પર સંબંધિત હોવાને લીધે બધા ભાગ નવું અસ્તિત્વ બનાવે છે.

'પ્રણાલી' શબ્દની વિભાવના સમજ્યા બાદ હવે આપણે 'સામાજિક પ્રણાલી' વિશે સમજીએ. સામાજિક પ્રણાલી  આંતરક્રિયાઓની પરસ્પર એક પધ્ધતિસરની ગોઠવણી છે. વ્યક્તિઓની અનેકતાથી સામાજિક પ્રણાલી બને છે. તેઓ સામાજિક પ્રણાલીના અર્થ અને ધોરણ પ્રમાણે પરસ્પર આંતર-વ્યવહાર કરે છે. સામાજિક પ્રાણાલીના કેટલાક ઉપ-ખંડો પણ છે (જેમ કે રાજનૈતિક પ્રણાલી, ધાર્મિક પ્રાણાલી, આર્થિક પ્રણાલી વગેરે) તેઓ સામાજિક પ્રણાલીના માન્ય અને વિતરીત ધોરણો પ્રમાણે વ્યવહાર કરે છે.

### 7.4.1 સામાજિક પ્રણાલીના લક્ષણો

1. સામાજિક પ્રણાલી વ્યક્તિઓની અનેકતાથી બને છે.
2. આંતર-વ્યવહાર અર્થસભર હોવો જોઈએ
3. સામાજિક પ્રણાલી એક એકતા છે જેમાં સંસ્થાઓ, રિવાજો, પ્રથાઓ, પ્રક્રિયાઓ અને નિયમો સુગ્રથિત રીતે સંકળાયેલા હોય.
4. સામાજિક પ્રણાલીમાં વિભિન્ન ભાગો વચ્ચે વ્યવહારિક સંબંધ હોય છે. જેમ એક સાયકલમાં એક હેંડલ, બે પૈડાઓ, એક ચેઈન, વગેરે હોય છે પણ આ સાયકલ ચલાવવા માટે આ બધા ભાગોનુ વ્યવસ્થિત રીતે એકબીજા સાથે જોડાવું જરૂરી છે. આનો અર્થ એવો થયો કે, બધા ભાગો એક બીજા પર આશ્રિત હોય છે.
5. સામાજિક પ્રણાલી સાંસ્કૃતિક પ્રણાલી સાથે સંકળાયેલ છે .સંસ્કૃતિ પરસ્પરસંબંધ અને

આંતરક્રિયા નક્કી કરે છે.

6. સામાજિક પ્રણાલી પર્યાવરણ સાથે પણ જોડાયેલી છે. પર્યાવરણનો ચોક્કસ સમય, સ્થળ અને સમાજ સાથે સંબંધ હોય છે. પર્યાવરણની અસર જીવનની તમામ પ્રવૃત્તિઓ પર હોય છે.

### પાઠગત પ્રશ્નો 7.4

નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો.

1. સામાજિક પ્રણાલી આંતરક્રિયા પર આધારિત નથી. ( )
2. સામાજિક પ્રણાલી સાંસ્કૃતિક પ્રણાલી સાથે સંબંધીત નથી. ( )
3. સામાજિક પ્રણાલીના વિવિધ ભાગો વચ્ચે વ્યાવહારિક સંબંધ હોય છે. ( )

## 7.5 સામાજિક પ્રણાલીના આધાર સ્તંભો

સામાજિક પ્રણાલીની સંકલ્પનાને બરાબર સમજવા માટે નીચે આપેલા આધારસ્તંભો સમજવા જરૂરી છે.

1. માન્યતા અને જ્ઞાન : બ્રહ્માંડના કોઈ પણ પાસાંને સત્ય માનવામાં આવે તેને માન્યતા કહે છે. માન્યતા સામાજિક ક્રિયાનો પાયો છે.
2. ભાવના : માન્યતા સાથે ભાવના ગહન રીતે સંકળાયેલી છે. આપણને ભાવના દ્વારા ખ્યાલ આવે છે કે, આપણે વિશ્વ વિશે શું અનુભવીએ છીએ. ભાવના અનુભવ તથા સાંસ્કૃતિક તાલીમની નિપજ છે. ભાવનાના ઘણા પ્રકારો હોઈ શકે જેમ કે બૌદ્ધિક, સૈદ્ધાંતિક, ધાર્મિક વગેરે. ભાવનાની ઐતિહાસિક તથા સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ હોય છે. જેમ આપણે જાણીએ છીએ તેમ અંગ્રેજોએ "ભાગલા પાડો અને રાજ કરો નીતિ" દ્વારા હિન્દુ અને મુસ્લિમ કોમ વચ્ચે ઘાતક ધાર્મિક ભાવનાઓ ઊભી કરી હતી. હિન્દુ-મુસ્લિમ વચ્ચે અંગ્રેજ શાસનકાળ દરમ્યાન જેટલી ઘાતક ભાવના જન્મી તેટલી પાછળના એક હજાર વર્ષમાં પણ નહોતી જન્મી.
3. લક્ષ્ય અથવા હેતુ : હેતુઓ સામાજિક પ્રણાલી રચે છે. સામાજિક પ્રણાલીના સભ્યો યોગ્ય આંતરક્રિયા દ્વારા કોઈ ચોક્કસ હેતુ કે, લક્ષ્ય સિદ્ધ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. સામાજિક પ્રણાલીનું સ્વરૂપ મનુષ્યની જરૂરિયાત, લક્ષ્ય તથા પરિણામોથી નક્કી થાય છે. મનુષ્ય પ્રાથમિક રીતે જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા પ્રયત્નશીલ રહે છે જેમ કે ખોરાક, કપડા આવાસ વગેરે.
4. ધોરણો : ધોરણો એટલે સામાજિક સંબંધોમાં શું સાચું છે અને શું ખોટું , યોગ્ય કે અયોગ્ય છે તે નક્કી કરતા સિદ્ધાંતો. દરેક સામાજિક પ્રણાલીમાં ચોક્કસ ધોરણો હોય છે. જે દરેક વ્યક્તિએ પાળવાના હોય છે.
5. પદ અને ભૂમિકા : સામાજિક પ્રણાલીમાં દરેક વ્યક્તિનું એક પદ હોય છે. પદ કાં તો સોંપવામાં

આવે છે અથવા તો પ્રાપ્ત કરવામાં આવે છે. સોંપેલુ પદ એટલે કે, સમાજ કે સમૂહ દ્વારા સોંપવામાં આવેલ કે પદ-જવાબદારી તે જાતિ જ્ઞાતિ અને ઉંમર પર આધારીત હોય છે. પ્રાપ્ત કરેલ પદ એટલે કે, વ્યક્તિએ મહેનત દ્વારા પ્રાપ્ત કરેલ પદ - ઉદાહરણ તરીકે, નીચલી જ્ઞાતિની કોઈ વ્યક્તિ પરિશ્રમથી ઉચ્ચ આર્થિક સફળતા પ્રાપ્ત કરે છે. આપણે સોંપાયેલ અને પ્રાપ્ત કરેલ બંનેનું મિશ્રણ હોય તેવા ઉદાહરણ તરીકે અનુસુચિત જનજાતિના આઈ.એ.એસ. અધિકારીને લઈ શકીએ. સામાજિક પ્રણાલીમાં વ્યક્તિ પાસેથી એવી આશા રાખવામાં આવે છે કે, તે પોતાના પદ અનુસાર ભૂમિકા ભજવે. વ્યક્તિ બદલાય જાય પણ તેનું પદ અને ભૂમિકા બદલાતા નથી.

6. શ્રેણી : શ્રેણી એટલે કે ક્રમિક વ્યવસ્થામાં સ્થાન. તેમાં પ્રણાલી દ્વારા વ્યક્તિને જે શ્રેણી આપવામાં આવી હોય તેનુ મહત્વ હોય છે. કોઈ વ્યક્તિને બે તથ્યોના આધારે શ્રેણી આપવામાં આવે છે: એકમાં તેનું મૂલ્યાંકન કરીને શ્રેણી આપવામાં આવે, અને બીજામાં વ્યવસ્થાના ધોરણો પ્રમાણે શ્રેણી આપવામાં આવે. ઉદાહરણ તરીકે આધુનિક સમયમાં એક કંપનીનો બિઝનેસમેન શિક્ષક કરતાં ઉચ્ચ શ્રેણી ભોગવે છે, જ્યારે પ્રાચિન સમયમાં એક શિક્ષકની શ્રેણી રાજા કરતાં પણ ઊંચી માનવામાં આવતી.

7. શક્તિ : આપણામાંથી ઘણા બધાં એવુ માને છે કે, આપણે મત આપીને રાજકારણીઓને સત્તા-પર બેસાડીએ છીએ તો પણ તેઓ ઘણા બધાં નિર્ણયોમાં આપણી દરકાર કરતાં નથી. શકિતનો સંબંધ કોઈને નિયંત્રિત કરવા કે, તેને અમૂક બાબતોથી વંચિત રાખવા સાથે છે. રાજ્ય તથા પોલિસ વ્યવસ્થા શક્તિનું નિદર્શન કરતા એકમો છે.

8. અનુમતી : અનુમતી એટલે સામાજિક પ્રણાલી દ્વારા પોતાના ધોરણો અને ઉદેશ્યોની પૂર્તિ માટે નક્કી કરવામાં આવતા સજા તેમજ પૂરસ્કાર.અનુમતી સકારાત્મક અને નકારાત્મક હોય છે. ઉદાહરણ તરીકે કોઈ ગુનેગારને મૃત્યુદંડ આપવામાં આવે તો તે નકારાત્મક અનુમતી છે અને જો તેને પૂનર્વાસ કરવાની તક આપવામાં આવે તો તે હકારાત્મક અનુમતી છે.

9. સુવિધા : સુવિધા એટલે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ઉપયોગી સાધનો. વ્યક્તિ સામાજિક પ્રણાલીમાં કુશળતાપૂર્વક પોતાની ભૂમિકા ભજવી શકે, તે માટે યોગ્ય સુવિધાઓ મળવી જોઈએ. સુવિધાઓ માત્ર હોવા ખાતર નહીં પણ તેના સાચા અનુભવ માટે હોવી જોઈએ. સામાજિક વ્યવસ્થાઓના લક્ષ્યો સુવિધાઓના ઉપયોગ દ્વારા જ પૂર્ણ કરી શકાય છે.

## પાઠગત પ્રશ્નો 7.5

નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો:

1. ધોરણો એટલે સમાજમાં સાચું કે ખોટું શું છે તે નક્કી કરવાના માપદંડો છે. ()
2. શ્રેણી અને સ્થાન એક જ છે. ()
3. શક્તિ એટલે કોઈને નિયંત્રિત કે વંચિત રાખવાની ક્ષમતા. ()
4. અનુમતી માત્ર નકારાત્મક હોય છે. ()
5. પદ સોંપાયેલ તથા પ્રાપ્ત કરેલ હોય છે. ()

## તમે જે શીખ્યા

- સામાજિક સંરચના સમાજમાં શક્ય સંબંધો સંગઠીત કરવાનો માર્ગ છે.
- સામાજિક સંરચના સામાજિક સંગઠનના મૂખ્ય રૂપો જેવા કે સંઘ, સંસ્થા, સમૂહ વગેરે સાથે સંલગ્ન છે.
- સામાજિક સંરચનાના મૂખ્ય લક્ષણોમાં ધોરણાત્મક પ્રણાલી, હકારાત્મક પ્રણાલી અને પૂર્વાનુમાનિક પ્રતિક્રિયા પ્રણાલી છે.
- સામાજિક સંરચનાના આધાર સ્તંભોમાં લક્ષ્યની પ્રાપ્તિ, પોતાની ભૂમિકા અને પદ સ્વીકાર કરવાની તૈયારી તથા ધોરણો અને નિયમોનો સમાવેશ થાય છે.
- વિભિન્ન ભાગોની પદ્ધતિસરની ગોઠવણ એટલે પ્રણાલી.
- સામાજિક પ્રણાલી પરસ્પર સંબંધિત સામાજિક કાર્યોની સુવ્યવસ્થિત તથા પદ્ધતિસરની ગોઠવણ છે.
- સામાજિક પ્રણાલીના લક્ષણો વ્યક્તિના પરસ્પર વ્યવહારોની અનેક્તા પર નિર્ભર છે.
- સામાજિક પ્રણાલી એક એકતા છે. તેના વિભિન્ન ભાગો જેવા કે, સંસ્થા, રિવાજ, પરંપરા, પ્રક્રિયા તથા નિયમોને એકરૂપમાં ગોઠવે છે.
- સામાજિક પ્રણાલી સાંસ્કૃતિક પ્રણાલી તથા પર્યાવરણ સાથે સંકળાયેલ હોય છે.
- સામાજિક પ્રણાલીના ઘટકોમાં માન્યતા તથા જ્ઞાન, ભાવના લક્ષ્ય, ધોરણો, પદ, ભૂમિકા, શ્રેણી, શક્તિ, અનુમતી તથા સુવિધાનો સમાવેશ થાય છે.
- સામાજિક સંરચનાની વ્યવસ્થા વ્યક્તિઓની આંતરક્રિયાની અનેક્તા પર આધારીત છે.
- સામાજિક પ્રણાલી, સામાજિક સંરચના સાથે વ્યવહારિક રીતે સંબંધિત હોય છે.
- સામાજિક સંરચના સમાજને અપેક્ષિત રૂપે વ્યવસ્થિત થવાની એક પ્રણાલી છે.
- સામાજિક સંરચનાથી ખ્યાલ આવે છે કે, વિભિન્ન એકમો, સમાજમાં એક બીજા સાથે કેવી રીતે જોડાયેલા છે.
- સમાજિક સંરચનામાં સામાજિક સંગઠનના મૂખ્ય સ્વરૂપો જેવા કે સંસ્થા, સમૂહ સંઘ વગેરેનો સમાવેશ થાય છે.
- સામાજિક સંગઠન તથા સામાજિક સંરચના એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

## પાઠગત પ્રશ્નો

1. સામાજિક સંરચના અને સામાજિક સંગઠન વિશે તમારા શબ્દોમાં વર્ણન કરો.
2. 100 થી 150 શબ્દોમાં નીચેના ઘટકો સમજાવો.
   (અ) ભૂમિકા (બ) પદ
   (ક) ધોરણો (ડ) અનુમતી
   (ઇ) શક્તિ
3. સામાજિક પ્રણાલીના મુખ્ય લક્ષણો સમજાવો.
4. સામાજિક પ્રણાલીના ઘટકો જણાવો.

### શબ્દાવલી

(1) જ્ઞાન : સમાજશાસ્ત્રમાં ‘જ્ઞાન’નો અર્થ તેના સામાજિક સંદર્ભમાં કરવામાં આવે છે.

(2) ધોરણો: ધોરણો એટલે સમાજમાં સિદ્ધાંતોની જાળવણી માટે પાળવામાં આવતા નિયમો.

(3) મૂલ્યો : જીવનમાં યોગ્ય અને અયોગ્ય શું છે તેની સમજ મૂલ્યો દ્વારા મળે છે જે આપણી સંસ્કૃતિ દ્વારા વારસામાં મળે છે.

## પાઠગત પ્રશ્નોના જવાબ

7.1 (1) અપેક્ષિત (2)ખરૂ. (3) ખોટુ

7.2 (1) અપેક્ષિત (2) પદ (3) લક્ષ્ય (4) અધિકૃત (5) પદ
(6) મૂલ્યો

7.3 (1) સાચુ (2) સાચુ (3) સાચુ (4)ખોટુ (5) સાચુ

7.4 (1) ખોટુ (2) ખોટુ (3) સાચુ

7.5 (1) સાચુ (2) ખોટુ (3) સાચુ (4) ખોટુ (5) સાચુ

# 8

# સામાજિક ધોરણો અને મૂલ્યો

જ્યારે શિક્ષક વર્ગખંડમાં પ્રવેશે ત્યારે વિદ્યાર્થીઓ ઊભા થઈને તેને માન આપે છે. બધા જ આધુનિક સમાજમાં દારૂ પીવો, પરિક્ષામાં ચોરી કરવી વગેરેને સ્વીકારવામાં આવતું નથી અને તેને હાનિકારક માનવામાં આવે છે. બીજી બાજુ બાળકોનું માતાપિતા પ્રત્યેનું આજ્ઞાંકિત વર્તન ખૂબ જ જરૂરી ગણવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં આ બધા જાણીતા ધોરણો અને મૂલ્યો છે. આ પ્રકરણમાં આપણે ધોરણો અને મૂલ્યો શું છે અને સમાજને સમાજવામાં તેમનું શું મહત્વ છે તે અંગે સમજૂતિ મેળવીશું.

## ઉદ્દેશ્યો

આ પ્રકરણના અભ્યાસ બાદ તમે:

- સમાજશાસ્ત્રીઓ ધોરણો અને ધોરણો ઘડતરની પ્રક્રિયા વિશે શું માને છે તે સમજાવી શકશો
- સમાજમાં ધોરણોનુ મહત્વ સમજાવી શકશો
- ધોરણોના વિવિધ પ્રકારો ચર્ચી શકશો
- સમાજશાસ્ત્રીઓ મૂલ્યો વિશે શું કહે છે તે સમજાવી શકશો
- પારંપરિક અને આધુનિક મૂલ્યો અને તેમના વચ્ચે થતાં સંઘર્ષ જણાવી શકશો
- ધોરણો તથા મૂલ્યો વચ્ચેનો સંબંધ વર્ણવી શકશો.

## 8.1 ધોરણો

ધોરણો અને મૂલ્યો પ્રત્યેક સમાજના જરૂરી અંગો છે. જો આપણે તેને સામાજિક અસ્તિત્વના આધારસ્તંભ ગણીએ તો તે વધારે યોગ્ય ગણાશે. વ્યક્તિ દ્વારા આચરવામાં આવતાં અપેક્ષિત, યોગ્ય, સારા કે ખરાબ વર્તનો જ મૂલ્ય છે. એક સમાજના મૂલ્યો બીજા સમાજથી ભિન્ન હોય છે. વ્યક્તિના મૂલ્યો તેની સંસ્કૃતિમાંથી ઉત્પન્ન થતાં હોય છે. ઉદાહરણ તરીકે ભારતમાં મોટા ભાગના

લોકો પૂત્ર પ્રાપ્તિની ઈચ્છા રાખે છે, તથા કેટલા સંજોગોમાં સ્ત્રી ભૃણ હત્યા પણ કરવામાં આવે છે. અન્ય શબ્દમાં કહીએ તો પૂત્રને પૂત્રી કરતાં વધારે મહત્વ આપવામાં આવે છે. બીજી બાજુ ધોરણો સામાન્ય રીતે વર્તનનું ખરૂ અને યોગ્ય સ્વરૂપ હોય છે. સાંપ્રત સમાજમાં વ્યક્તિએ સમાજમાં કેવી રીતે વર્તવુ જોઇએ તેના કેટલાક નિર્દેશો છે. આમ ધોરણોને મૂલ્યોના પ્રતિબિંબ તરીકે સમજવા જોઈએ. જો વિદ્યાર્થીઓ શિક્ષકના વર્ગખંડ પ્રવેશથી ઊભા થાય તો તે ધોરણ (વર્તન) વિદ્યાર્થીના મૂલ્યો (ગુણ) દર્શાવે છે. બધા જ માનવીય સમૂહો ધોરણોના ચોક્કસ સમૂહોને પ્રતિબિંબિત કરે છે જે સત્કારાત્મક અથવા નકારાત્મક અનુમતિ દ્વારા ઘડાય છે.

આપણે સામાન્ય રીતે ડોકટર પાસેથી કેવા વર્તનની અપેક્ષા રાખીએ ? એક ડોક્ટર પાસેથી તે શાંત સ્થિર ચિત્ત, સહાનુભૂતિ પૂર્ણ તથા હંમેશા પ્રતિભાવાત્મક રહે તેવી અપેક્ષા હોય છે. કહેવાનો અર્થ એ છે કે , ડોકટર પાસેથી આપણે અમુક ચોક્કસ પ્રકારની અપેક્ષા રાખીએ છીએ જે આપણે બીજા ધંધાર્થીઓ પાસેથી, જેમ કે પોલીસ, પાસેથી નથી રાખતા. ધોરણો એટલે કે ડોકટરના વર્તનને નિયંત્રિત કરે તે સિદ્ધાંત કે નિયમ. આપણે જે સામાજિક પરિસ્થિતિઓમાં કામ કરતા હોઈએ તેમાં આપણા વર્તનને નિયંત્રિત કરતા સિદ્ધાંત કે નિયમને ધોરણ કહે છે. ધોરણો સમૂહ-આધારીત અપેક્ષાઓ છે. આવી અપેક્ષાઓ આપણને આવા વિધાનોમાં ઝળકતી દેખાય છે. ''સારા નાગરિકો હંમેશા જીવનનો આદર કરે છે'', ''નાનાઓએ હંમેશા વડીલોને માન આપવું જોઈએ.'' ઉદાહરણ તરીકે ભારતમાં સામાજિક પ્રસંગોએ બાળકો વડીલોને પગે લાગે છે. ધોરણો વ્યકિતના વર્તનને સીમાબદ્ધ કરવાની રીત છે. આ અર્થમાં ધોરણો એક અલેખિત નિયમ છે. ધોરણો માનવ વ્યવહારને નિર્ધારીત કરવા, માર્ગદર્શન આપવા, નિયંત્રિત કરવા તથા ભવિષ્યવાણી કરવાનું કામ કરે છે. તેથી હવે એ સ્પષ્ટ છે કે , ધોરણો એ અલેખિત નિયમો અને વ્યવસ્થાઓનું રૂપ છે જેના આધારે સમૂહ ટકે છે.

આપણે વ્યકિતગત તથા સામાજિક ધોરણો વચ્ચે તફાવત પાડી શકીએ. વ્યકિતગત ધોરણો વ્યકિતના ચારિત્ર્યમાં વણાયેલા હોય છે. અને વ્યકિતની સાથે જ રહે છે. આવા ધોરણો વ્યક્તિની સાથે સંકળાયેલા લોકોને અસર પહોંચાડતા હોય છે. ઉદાહરણ તરીકે કોઈ વ્યકિત નવા વર્ષે એવો પ્રણ સંકલ્પ લે કે તે ધુમ્રપાન છોડી દેશે અને તેનું પાલન કરે તો તેને વ્યક્તિગત ધોરણ કહે છે.

પરંતુ સમાજશાસ્ત્રીઓને સામાજિક ધોરણોમાં વધુ રસ પડે છે. સામાજિક ધોરણો લોકોનાં સમૂહ દ્વારા ઘડેલા એવા નિયમો છે કે જે એવું દર્શાવે છે કે વિવિધ પરિસ્થિતિઓમાં લોકોએ કેવી રીતે વ્યવહાર કરવો જોઇએ અથવા ન કરવો જોઇએ. ઉદાહરણ તરીકે બાળકોએ ઘરની બહાર જવા માટે માતા-પિતાની પરવાનગી લેવી જોઈએ સામાજિક ધોરણોને હંમેશા સમાજની અનુમતી મળવી જોઇએ. આ અનુમતી સકારાત્મક અને નકારાત્મક હોય છે. નકારાત્મક અનુમતીમાં ધોરણ તોડનાર વ્યક્તિઓને સમૂહ દ્વારા દંડ આપવામાં આવે છે અને જે વ્યક્તિઓ ધોરણોનું પાલન કરે છે તેને સકારાત્મક અનુમતીના ભાગરૂપ પુરસ્કાર આપવામાં આવે છે. બીજી બાજુ જે બાળકો માતા-પિતાની આજ્ઞાનું પાલન નથી કરતાં પરીવારના સભ્યો તેની સમીક્ષા કરે છે. કાર્યસ્થળ પર સારૂં કાર્ય કરવા બદલ કર્મચારીનો સકારાત્મક અનુમતી તરીકે તેના પદમાં બઢતી અપાય છે. આપણે એવુ કહી શકીએ કે અનુમતી વ્યક્તિ કે સમૂહના વર્તનની પ્રતિક્રિયા દર્શાવે છે જેનાથી સમાજમાં ધોરણોનું પાલન યોગ્ય રીતે થાય છે. અનુમતિ ઔપચારિક કે અનૌપચારિક હોઈ શકે

છે. ઔપચારિક અનુમતિ એવા સમૂહ કે એજન્સીઓમાં જોવા મળે છે જેમનું કામ જ લોકો સમાજના ધોરણો બરાબર પાલન કરે છે કે કેમ તે જોવાનુ છે.આધુનિક સમાજમાં ઔપચારિક અનુમતિના પ્રકારોમાં પોલિસ, ન્યાયાલય અને જેલ જેવી એજન્સીઓનો સમાવેશ થાય છે કે જેઓ દંડ-વ્યવસ્થા સાથે સંકળાયેલા છે. ઉદાહરણ તરીકે વાહન અકસ્માતના અપરાધીનો કાંતો દંડ વસુલ કરવામાં આવે છે અથવા તો લાયસન્સ જપ્ત કરવામાં આવે છે. ઔપચારિક સકારાત્મક સ્વીકૃતિ-અનુમતિને આપણે સામાજિક જીવનના વિવિધ ક્ષેત્રોમાં જોઈએ છીએ દા.ત. વિરતા માટે ચંદ્રક-મેડલ આપવામાં આવે છે. અધ્યયન-અધ્યાપનને લગતી સફળતા માટે ડિગ્રી કે ડિપ્લોમા આપવામાં આવે છે.

અનૌપચારિક અનુમતિ, સકારાત્મક કે, નકારાત્મક દરેક સમાજની દિનચર્યા સંબંધી લાક્ષણિકતા છે. સકારાત્મક અનુમતિ એટલે કે જેમાં આપણે કોઈક ને ''ખૂબ સારૂ કર્યું'' કહીએ છીએ અથવા તેની પ્રશંસારૂપે સ્મિત કરીએ કે પછી તેની પીઠ થપથપાવીએ છીએ. નકારાત્મક અનુમતિ એટલે જેમાં કોઈકનું અપમાન કરવુ, કોઈકને વઢવું, કે કોઈને શારીરિક દૂર રાખવા વગેરે. ઔપચારિક અનુમતિનું પાલન પરિવાર, મિત્રો, પડોશીઓ દ્વારા સ્વીકૃતિ મેળવા તથા હાસ્યાસ્પદ બનવાં, શરમજનક પરિસ્થિતિમાં મુકાવા કે શારીરિક રીતે દૂર કરવાથી બચવા માટે જરૂરી છે. લોકો ઔપચારિક અને અનૌપચારિક એમ બંનેનું સરખુ મહત્વ સમજે છે.

ઉપરોક્ત ચર્ચાના આધારે આપણે ધોરણોના નીચે પ્રમાણેના લક્ષણો તારવી શકીએ.

1. ધોરણોએ સમાજના અંગો છે.

2. ધોરણો સકારાત્મક અને નકારાત્મક બંને હોય છે.

3. ધોરણો ઔપચારિક અને અનૌપચારિક બંને હોય છે.

4. ધોરણો અનુમતિ સાથે સંલગ્ન હોય છે.

## પાઠગત પ્રશ્નો 8.1

સાચા જવાબ પર ખરા (✓) ની નીશાની કરો.

1. નીચેનામાંથી કયું મૂલ્યનું ઉદાહરણ છે ?

(અ) નંદિની એવુ માને છે કોકે પરિક્ષામાં ચોરી કરવી ખોટી વાત છે.

(બ) રાજેશનું માનવું છે કે, તેના બાળકો માટે વાંચવું ખુબ જરૂરી છે.

(ક) સંજીવ માને છે કે બાળકોએ ચા કે કોફી ન પીવી જોઈએ.

(ઘ) ઉપરોક્ત બધાં

2. નીચેનામાંથી સકારાત્મક અનુમતિનું ઉદાહરણ કયુ છે?

અ. જેલની સજા

બ. સારા નાગરિક હોવાથી સરકાર દ્વારા રોકડ પૂરસ્કાર

ક. કોઈ ખોવાયેલા બાળક માટે તમારી દયા વૃત્તિ જોઈને કોઈ સ્મિત કરે

ડ. 'બ' અને 'ક' બંને

3. ધોરણો ____________ હોય શકે.

અ. કોઈ સમૂહમાં સામાન્ય વર્તન

બ. અલેખિત નિયમ


ક. સારા અને ખરાબ માટેના વિધાનો

ડ. ઉપરોક્ત બધા

## 8.2 ધોરણોનું મહત્વ

ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, સામાજિક ધોરણો સામાજિક સંરચનાનો આધાર છે. ધોરણો વ્યક્તિઓના વ્યવહારને તથા પારસ્પરિક વ્યવહાર સ્થાપિત કરવામાં મદદ કરે છે. ધોરણોથી આપણા વ્યવહારમાં નિયમિતતા આવે છે. અને આપણને દિશા સૂચન મળે છે. તેનાથી આપણી રીતભાત વ્યવસ્થિત થાય છે અને જીવન નિયમિત થાય છે. કોઈ વ્યક્તિ સામાજિક ધોરણોની અવગણના કરે તો બીજા લોકો તેની સમીક્ષા કરે છે. ઉદાહરણ તરીકે વિદ્યાર્થીઓએ શિક્ષક સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ તે શીખવવામાં આવે છે. જ્યારે શિક્ષક વર્ગખંડમાં પ્રવેશે ત્યારે વિદ્યાર્થીઓએ ઊભા થવું , શિક્ષક પ્રશ્ન પૂછે ત્યારે ઊભા થઈ જવાબ આપવો, વર્ગખંડમાં વિદ્યાર્થીઓ પ્રવેશ કરે ત્યારે શિક્ષકની અનુમતી લેવી વગેરે અને જો વિદ્યાર્થીઓ આ નિયમોનું પાલન ન કરે તો તેની ટીકા થાય અને તેને દંડ મળે છે.

ધોરણો આપણા જીવનના અવિભાજ્ય અંગો છે. આપણે આપણા રોજબરોજના જીવનમાં અનેક લોકોને મળીએ છીએ, અને એક બીજાને અસર પહોંચાડીએ છીએ. ધોરણો વગર વ્યક્તિએ પ્રત્યેક ક્ષણ નિર્ણય લેવાના ભારનો સામનો કરવો પડે છે. નીચેના ઉદાહરણથી આપણે સમજીએ કે , ધોરણો આપણા દૈનિક કાર્યોને કેવા સરળ બનાવે છે. દા.ત. કોલેજ જનાર વિદ્યાર્થી સવારે ઊઠે છે, મોં ધુવે છે, ન્હાય છે, નાસ્તો કરે છે, કપડા પહેરે છે, વાહનો પર કોલેજ જાય છે, બીજા મિત્રોને મળે છે, વ્યાખ્યાનો સાંભળે છે, પુસ્તકાલયમાં જાય છે, મિત્રો સાથે ગપ્પા મારે છે, અને સાંજે ઘરે પરત ફરે છે અને આમ જ ચાલે છે. વિદ્યાર્થીને આ બધુ કરવામાં કાંઇ તકલીફ પડતી નથી. તેનું કારણ એ છે કે આ બધા કાર્યો કોઈને કોઈ ધોરણ દ્વારા નિર્ધારિત થાય છે. વિદ્યાર્થીને આ બધા ધોરણોની માહીતી હોવાથી તેનું કાર્ય સરળ થઈ જાય છે.



ધોરણો સમાજને જોડનારી શક્તિ આપે છે. લોકોનું સામુહિક તથા સહકારી જીવન ધોરણો દ્વારા જ શક્ય બને છે. ધોરણો સાથે સંલગ્ન પ્રણાલી સમાજને આંતરિક રીતે જોડી રાખવા મજબૂતી આપે છે, જેના વગર સામાજિક જીવન શક્ય નથી. ઉદાહરણ તરીકે કોઈ કાર્યાલયમાં બધા કર્મચારીઓ તથા અધિકારીઓ એ સમયપાલન તથા કાર્યો પૂરા કરવા માટેના ખાસ નિયમોનું પાલન કરવું પડે છે. આ નિયમો તેમને એક સહભાગી મંચ પર લાવવામાં મદદ કરે છે. ધોરણો સામાજિક વ્યવસ્થાને જાળવી રાખવામાં મદદ કરે છે.

## 8.2.1 ધોરણોના પ્રકારો

સામાજિક ધોરણો ઘણા બધા પ્રકારના હોય છે. તે અલગ-અલગ સ્વરૂપમાં હોય છે. તે પોતાના કડક સ્વભાવ અને સમય-અવધીને આધારે એક બીજાથી અલગ પડે છે. વ્યક્તિ અને સમાજ પર તેની અસર અને પ્રભાવ એક સરખો હોતો નથી. તેથી સમાજશાસ્ત્રમાં ચોક્કસ માપનો નથી. અને દરેક સમાજશાસ્ત્રી પોતાની આગવી સુચિ આપે છે. આમાંથી પ્રથમ એ છે કે, ધોરણો નિદર્શન પણ હોય, અને નિષેધાત્મક પણ હોય છે. નિર્દેશક ધોરણો એવું દર્શાવે છે કે, લોકોએ શું કરવું જોઈએ અને નિષેધાત્મક ધોરણો દર્શાવે છે કે લોકોએ શું ન કરવું. પ્રાથમિક રીતે આ બંને પ્રકાર સાથે જ હોય છે એટલે કે આપણી પાસેથી અમુક કાર્ય કરવાની અપેક્ષા રાખવામાં આવે છે અને અમુક કાર્ય ન કરવા માટે સૂચવાય છે. દા.ત. આપણા સમાજમાં કપડા પહેરવા જ જોઈએ તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ધોરણો વિશેનું બીજુ અવલોકન એવું દર્શાવે છે કે, અમુક ધોરણો સર્વ વ્યાપી હોય છે એટલે કે સમાજમાં બધાને લાગુ પડે છે જ્યારે અમૂક ધોરણો ચોક્કસ સમૂહ કે વર્ગને જ લાગુ પડે છે. પ્રથમને આપણે સામાજિક ધોરણો અને બીજાને સંસ્થાત્મક ધોરણો કહીએ છીએ. બે અજાણ્યા લોકો મળે ત્યારે હાથ મેળવે છે તે સામાજિક ધોરણનું ઉદાહરણ છે અને હિન્દુઓની કેટલીક જ્ઞાતિઓમાં જનોઈ પહેરવાની પ્રથા સંસ્થાત્મક ધોરણનું ઉદાહરણ છે.

ધોરણોના આ બે પ્રકારો નિર્દેશનાત્મક અને નિષેધાત્મક તથા સામુદાયિક અને સંસ્થાત્મક ધોરણો અમૂક સમયે પરસ્પર મીશ્રીત થઈ જાય છે. આમ છતાં સામાજિક ધોરણોના મૂખ્ય ત્રણ પ્રકાર પડે છે. લોકમાર્ગ, લોકાચાર અને પ્રથા જેના વિશે હવે આપણે ચર્ચા કરીશુ.

લોકાચાર ધોરણોની બીજી શ્રેણીમાં આવે છે. લોકાચાર એટલે વર્તન-વ્યવહારની રીત જે લોકો દ્વારા નિર્દેશીત હોય છે અને તેનું પાલન થતું હોય છે. સામાન્ય શબ્દોમાં કહીએ તો જ્યારે સમૂહ અમૂક નિયમોને સમૂહ-સમાજ માટે યોગ્ય સમજે, સમૂહની ભલાઈ માટે ગણે ત્યારે તે લોકાચાર બને છે. લોકાચાર સકારાત્મક અને નકારાત્મક હોય છે. સકારાત્મક લોકાચાર શું હોવુ જોઈએ તે દર્શાવે છે. દા.ત, વડીલોને માન આપવું, સત્ય બોલવુ વગેરે. નકારાત્મક લોકાચાર સૂચવે છે કે અમૂક વસ્તુ ન કરવી જોઈએ દા.ત. ચોરી ન કરવી, અસત્ય ન બોલવું, લોકાચારના માધ્યમથી લોકો પરસ્પર પોતાની ઓળખ ઊભી કરે છે. પરિણામે લોકાચાર લોકોને આંતરિક રીતે બાંધે છે. આમ, લોકાચાર સામાજિક પ્રણાલીને જાળવી રાખવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે વિદ્યાર્થીઓએ પોતાની શાળામાં નક્કી કરેલ ગણવેશ પહેરવો જ જોઈએ તે માત્ર સ્વિકૃત વર્તન જ નહી પરંતુ નિર્દેશીત વર્તન પણ છે. અને આ ગણવેશ વિદ્યાર્થીઓમાં નિસંદેહ પરસ્પર ઐકયની ભાવના જગાડે છે.

પ્રથા બીજા પ્રકારના સામાજિક ધોરણોમાં આવે છે. પ્રથા એટલે વ્યક્તિગત સંપર્ક સાથે લોકો સામાજિક કાર્યો કરે તેવી સામાજિક સ્વિકૃતી પામેલી રીત. ખાવા-પીવાની, લોકો સાથે હળવા-મળવાની, સાથે રમવાની, કામ કરવાની માન્ય પ્રક્રિયાને પ્રથા કહી શકાય. પ્રથા આપણી સંસ્કૃતિની જાળવણી કરે છે અને એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાંતર થાય છે. દા.ત, ભારતમાં એવી પ્રથા છે કે પરિક્ષામાં અથવા શુભ પાવન પ્રસંગોએ વડીલો-માતાપિતાના ચરણસ્પર્શ કરી આશિર્વાદ લેવા. પરંતુ પશ્ચિમી દેશોમાં આવી પ્રથા નથી. બાળકો- યુવાનોએ પોતાના વડીલોને આવી પ્રથાઓ પાળતા જોયા છે. આમ, આ પ્રથા પેઢી-દર-પેઢી આપણી સંસ્કૃતિનો ભાગ બની ગઈ. પ્રથાથી આપણા સામાજિક જીવનમાં સ્થિરતા અને નિશ્ચિતતા આવે છે. દુનિયાના બધા જ સમૂદાયોમાં પ્રથાઓ જોવા મળે છે. કોઈ સમાજ પ્રથા વગર ચાલી શકે નહીં તેથી પ્રથાઓ સામાજિક નિયંત્રણના પ્રભાવશાળી સાધન તરીકે કાર્ય કરે છે. કોઈ વ્યક્તિ કદાચ જ પ્રથાની પકડમાંથી છટકી શકે. પ્રથાઓ નિયમો ઘડવામાં અને સ્થાપવામાં પૃષ્ઠભૂમિનું કાર્ય કરે છે. જ્યારે રાજ્ય ભાર પૂર્વક નિયમ અનુસાર આપે છે ત્યારે પ્રજા માટે તે અનિવાર્ય પણે પાળવાનો કાયદો બને છે.

## 8.3 ધોરણ વિહીનતા

ધોરણ વિહીનતા એટલે સામાજિક ધોરણો અને નિયમોથી અલિપ્ત રહેવુ. મોટા ભાગે સમાજ વ્યવસ્થિત રીતે કાર્ય કરે છે. મહદઅંશે લોકો અજાગ્રત રીતે પોતાના સમાજ કે સમૂહના નિયમોનુ પાલન કરતાં હોય છે. તેથી સામાન્ય રીતે લોકો એવુ જ કરતા હોય છે. જેની સમાજ તેમની પાસેથી અપેક્ષા રાખે છે. આનાથી સમાજ સહજ રીતે ચાલ્યા કરે છે. પરંતુ આવું હંમેશા થતું નથી. એવી સ્થિતિમાં કે, જ્યાં નિયમો પરસ્પર વિરોધાભાસ દર્શાવતા હોય, નિયમો તૂટવા લાગે ત્યાં લોકો પોતાના જ સાથીઓથી અંતર અનુભવે છે. આવુ ત્યારે જ થાય જ્યારે મૂલ્યો અને ધ્યેયો પર સર્વાનુમતિ ન થાય અથવા નિશ્ચિતતા ન આવે. આવી સ્થિતિમાં લોકો મૂલ્યો પ્રત્યે ઓછા પ્રતિબધ્ધ જોવા મળે છે તથા વ્યક્તિગત આચરણમાં સામાજિક માર્ગદર્શનનો અભાવ જોવા મળે છે. તેઓ સામાજિક હિતની વિરૂધ્ધમાં પોતાના વ્યક્તિગત લક્ષ્યાંકો સાધવા મથ્યા કરે છે. આવા સમયે સામાજિક નિયંત્રણ બિન અસરકારક બને છે આવી રીતે સમાજમાં અવ્યવસ્થા સર્જાવાનો ડર રહે છે. અને આવી સ્થિતિને નિરાશાજનક સ્થિતિ કહે છે.

### પાઠગત પ્રશ્નો 8.2

કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. ધોરણો ____________ ની અપેક્ષાઓ છે. (વ્યક્તિ દ્વારા ભાગીદારી, સમૂહ દ્વારા ભાગીદારી)
2. ધોરણોને વિવિધ પ્રકારના ____________ અને દંડ દ્વારા અનુમોદન મળે છે. (પુરસ્કાર, સ્વીકૃતિ)
3. ધોરણોના ત્રણ પ્રકારમાં લોકમાર્ગ, ____________ અને પ્રથા છે. (પરમ્પરા, લોકાચાર, અનુષ્ઠાન)
4. ધોરણો સમાજને ____________ આપે છે. (આંતરિક મજબૂતી, ભય, સ્પર્ધા)
5. ધોરણો સામાજિક વ્યવસ્થાને ____________ માં મદદ કરે છે. (તોડવા, જાળવવા, આગળ વધારવા)
6. જો ____________ હોય તો સામાજિક ધોરણો એકબીજાનું ખંડન કરે છે અથવા તો તૂટી જાય છે. (ભટકાવ, ધોરણ વિહીનતા)
7. ધોરણ વિહીનતાની સ્થિતિમાં સામાજિક નિયંત્રણ ____________ થાય છે. (પ્રભાવી, મજબૂત, બિનઅસરકારક)
8. યોગ્ય ધોરણો વગર સમાજમાં ____________ નો ભય રહે છે. (દંડ, અવ્યવસ્થા,

નોંધ

અસ્થિરતા)

8.4 મૂલ્યોં : સમાજમાં શું ઈચ્છનિય છે, સાચુ છે, અને સમાજના સભ્યો માટે સારૂ છે તે દર્શાવતી સંકલ્પનાને મૂલ્યો કહે છે. મૂલ્યો સામાજિક અગ્રિમતા, સમાજની ચોક્કસ પસંદગી, તથા આપણને ભવિષ્યમાં કાર્ય કરવા માટે દષ્ટિ આપે છે. વ્યક્તિના મૂલ્યો જે તે સંસ્કૃતિ દ્વારા ઘડાય છે. સામાજિક મૂલ્યો, અને સામાજિક સંરચના તથા સંસ્થાઓ પરસ્પર પરિવર્તન લાવે છે. આ બાબત સ્પષ્ટ કરવા માટે આપે જોવુ જોઈએ કે, પરંપરાગત સમાજથી લઈને આધુનિક સમાજ સુધી મૂલ્યો કઈ રીતે નિર્માણ પામ્યા.

## 8.4.1 મૂલ્યોનું મહત્વ

નીચે દર્શાવેલા કારણોને લીધે મૂલ્યોનું ખૂબ જ મહત્વ છે.

1. મૂલ્યો સામૂહિક વ્યવહારમાં સ્થિરતા લાવે છે : મૂલ્યો સમાજને એક સાથે જોડી રાખે છે કારણ કે, તેમાં તેની સહભાગીદારી હોય છે. મૂલ્યો બધા લોકો દ્વારા પાળવામાં આવતા હોવાથી લોકો પરસ્પર તાદાત્મ્ય ભાવ અનુભવે છે.
2. જે નિયમો સમાજની ચોક્કસ પ્રવૃત્તિઓને નિયંત્રિત કરે છે તેને મૂલ્યો માન્યતા આપે છે. નિયમોનો સ્વિકાર અને પાલન એટલા માટે જ કરવામાં આવે છે કારણ કે તેમાં મૂલ્યો રહેલા છે.
3. મૂલ્યો વિવિધ પ્રકારના નિયમો વચ્ચે સંતુલન જાળવવામાં મદદ કરે છે. જો ભારતમાં સમાનતાનું મૂલ્ય સ્વીકારાય તો તેને સ્ત્રી-પુરુષ, પતિ-પત્ની અને જ્ઞાતિઓ વચ્ચે રહેલા નિયમોમાં ફેરબદલ કરવા પડે.

## 8.4.2 પારંપરિક અને આધુનિક મૂલ્યો

પારંપરિક ભારતીય સમાજ ક્રમિક હોદ્દેદારી, બહુવિધતા અને પવિત્રતાના સિદ્ધાંત પર રચવામાં આવ્યો હતો.

ક્રમિક-હોદ્દેદારી એટલે કે, જેમાં ઉચ્ચથી નિમ્ન પ્રણાલીમાં સામાજિક એકમોની ગોઠવણી થાય. ઉદાહરણ તરીકે એવું "માનવામાં"આવે છે કે, બ્રાહ્મણો બ્રહ્માના મૂખમાંથી સર્જન પામ્યા તેથી તેઓ શુદ્ર કરતાં સૌથી ઊંચી પદવી પર સ્થાપિત થયા અને એવુ મનાય છે કે શુદ્રો ભગવાનના પગમાંથી ઉત્પન્ન થયા. આ ક્રમીક-હોદ્દેદારી માત્ર જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓના ક્રમ નિશ્ચિત કરવામાં નહી પરંતુ હિન્દુ સમાજના બીજા અનેક પાસાઓ જેવા કે જીવન-ચક્ર, વય શ્રેણી તથા નૈતિક કર્તવ્યો પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે શુદ્ર પહેલા ભણાવવાનું કે પૂજાનું કાર્ય કરી ન શકતા ક્રમિક -હોદ્દેદારી પ્રથામાં દરેક સ્તરે અસમાનતા હોવાથી પ્રત્યેક વ્યક્તિ અને જ્ઞાતિ સમૂહ માટે એક ચોક્કસ અને સુરક્ષિત સ્થાન હોય છે. ઉદાહરણ તરીકે કુંભાર પોતાના જીવનકાર્ય માટે ઘડાઓ બનાવે છે. આ તેનો જીવનનિર્વાહ ચલાવવાનો સુરક્ષીત માર્ગ છે. કોઈ બીજી જ્ઞાતિ કે પેટા

જ્ઞાતિને આ અધિકાર મળતો નહોતો.

બહુવિધતા એટલે અન્યની જીવનશૈલી પ્રત્યે સહનશીલતા જાળવી પોતાનું જીવન જીવવું. ઉદાહરણ તરીકે હિન્દુ ધર્મ અનિવાર્યપણે સહનશીલ હતો, અને અચાનક પરિવર્તન કરતા તેણે અન્ય ધર્મોની વિચારસરણીને પોતાનામાં સમાવી લીધા. હિંદુઓએ એક જ ધ્યેય તરફ જતાં અનેક પંથોનો સ્વીકાર કર્યો. તેથી અન્ય ધાર્મિક વિચારધારાઓ ભારતમાં ટકી અને સેંકડો વર્ષોથી ફૂલી-ફાલી છે. સિદ્ધાંતો અને કર્મકાંડોમાં તફાવત હોવા છતાં વિભિન્ન ધર્મોના લોકો હળી મળીને રહે છે, અને મૂલ્ય પ્રણાલી જ્ઞાતિ પ્રથા માટે જરૂરી હતી. દરેક જ્ઞાતિને પોતાના આગવા વ્યવસાય, રીવાજો, રીતિઓ અને પ્રથા હોય છે. પ્રત્યેક જ્ઞાતિ અમુક રીતે એકબીજાથી ભિન્ન હોય અને અમૂક રીતે એકબીજા પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે, વાળંદ ખેડૂતના વાળ કાપી આપે છે અને બદલામાં ખેડૂત અમુક અંશે અનાજ આપે છે.

પવિત્રતા વ્યક્તિ અને સમૂહને એક રીતે જોડી રાખે છે. જેમાં સમૂહની વ્યક્તિ પર અગ્રીમતા હોય છે. અને વ્યકિત પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે કે, તે સમૂદાયના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને પોતાની ફરજો બજાવે અને પોતાના અધિકારો ભોગવે ,ઉદાહરણ તરીકે પરંપરાગત ભારતમાં વિશાળ સંયુક્ત પરિવારોમાં નિર્ભર વૃદ્ધો, વિધવાઓ, કુંવારાઓ તથા અંપગ લોકોનો સમાવેશ થાય છે. જો કે દરેક વ્યક્તિ પોતાના સામર્થ્ય અનુસાર યોગદાન આપે છે. છતાં એવી આશા રાખવામાં આવે છે કે, વ્યક્તિની જરૂરીયાત મુજબ જ તે સામૂહિક સંપત્તિનો ઉપયોગ કરે. આનાથી લોકોમાં પોતાની ઈચ્છાઓ પ્રત્યે તથા પોતાના સાથીઓ અને વ્યાપક સમુદાયના હિતમાં આત્મનિયંત્રણની લાગણી જન્મે છે.

ઉપરોક્ત ચર્ચાના આધારે આપણને ખ્યાલ આવે છે કે, પારંપરિક ભારતીય સમાજમાં મૂલ્યોનું કેવું મહત્વ હતું. હવે આપણે આધુનિક સમાજમાં મૂલ્યોના સ્થાન વિશે ચર્ચા કરીશું. આધુનિક ભારતીય રાજ્ય જે મૂળભૂત મૂલ્યોનું સમર્થન કરે છે તે આપણા બંધારણની દેણ છે. આ મૂલ્યોમાં લોકશાહી, સર્વધર્મ સમભાવ તથા સમાજવાદનો સમાવેશ થાય છે. જો કે મૂળભૂત રીતે તો આ ખ્યાલો પાશ્ચાત્ય છે પણ જરૂરી ફેરફારો અને ભારતીયકરણ દ્વારા તેને સારી રીતે લાગુ કરી શકાય.

લોકશાહીની તકની સમાનતા પર ભાર આપે છે. લોકશાહીમાં એવું માનવામાં આવે છે કે, સ્વાયત્ત અને સ્વતંત્ર વ્યક્તિ નિર્ણયની પ્રક્રિયામાં સહભાગી થવા માટે સક્ષમ છે. ઉદાહરણ તરીકે દેશના નાગરિકો જે સ્થાનિક, રાજ્ય સ્તરના અને કેન્દ્રીય શાસન માટે પોતાના આગેવાનો ચૂંટે છે.

સર્વધર્મ-સમભાવનો અર્થ થાય કે અન્ય સમૂદાયો અને ખાસ કરીને ધાર્મિક સમૂદાયોના વ્યવહારો અને રીવાજ પ્રત્યે આદર સન્માન. આવી સ્થિતિમાં આપણે બીજા ધર્મની વિશેષતાઓની ઓળખ કરીએ તથા સ્વીકારીએ તે અપેક્ષીત છે. તેનો બીજો અર્થ એવો પણ થાય કે, આપણે બીજા સંપ્રદાયના કાર્યોમાં હસ્તક્ષેપ ન કરીએ તથા તેમની વિશિષ્ટ જીવનશૈલીને સકારાત્મક રીતે સ્વીકાર કરીએ.

સમાજવાદ એટલે કે સમૂદાયના ભૌતિક સંસાધનોનું ઉત્પાદન, વિતરણ તથા વિનિમય એવી રીતે

કરવામાં આવે કે તેનાથી બધાનું ભલું થાય. સમાજવાદ અમુક વર્ગ પાસે ધનનું કેન્દ્રીકરણ તથા ઈજારાશાહીનો વિરોધાભાસી વિચાર છે.

### 8.4.3 મૂલ્યોના લક્ષણો

- મૂલ્યો આસ્થા અને વિશ્વાસની બાબત છે.
- મૂલ્યો અમૂર્ત હોય છે તેમાં જ્ઞાનાત્મક તત્વ હોય છે.
- મૂલ્યો સ્વભાવગતરૂપે ધોરણાત્મક હોય છે.
- મૂલ્યો એટલે એવા વિચાર છે કે જેમાં લોકોની ભાગીદારી હોય.
- મૂલ્યો ભાવનાઓ અને લાગણીઓ સાથે જોડાયેલા હોય છે.
- મૂલ્યો વસ્તુઓની પસંદગી પર આધારીત હોય છે.
- મૂલ્યો સાપેક્ષ રીતે સ્થાયી હોય છે.
- મૂલ્યોથી સમાજમાં આંતરિક મજબૂતી આવે છે.
- મૂલ્યો જનકલ્યાણ માટે પ્રેરીત હોય છે.
- મૂલ્યોમાં ક્રમીક હોદ્દેદારી હોય છે.

### 8.4.4 મૂલ્ય-સંઘર્ષ

ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, મૂલ્યો ક્રમિક રીતે વિકસ્યા છે. અને સમાજમાં તેની અગત્યની ભૂમિકા છે. પરંતુ સાંપ્રત ભારતીય સમાજમાં મહત્વના કર્તવ્ય તરીકે પરંપરાગત તથા આધુનિક એમ બંને મૂલ્યો વચ્ચે તાલમેલ રાખવાનું છે. આ વિભાગમાં આપણે જોઈશું કે એક તરફ મૂલ્યો સામ સામે સંઘર્ષમાં છે તો બીજી તરફ તેમાં સામ્ય પણ છે.

આપણે એવું કહી શકીએ કે, બહુવિધતાના પારંપરિક મૂલ્ય તથા સર્વધર્મ સમભાવના આધુનિક મૂલ્યમાં કોઈ વિરોધાભાસ નથી. કારણ કે, બંનેના પાયામાં જીવનશૈલીની સહનશીલતા છે. પરંતુ બંને વચ્ચે એક તફાવત પણ છે. પારંપરિક બહુવિધતા પ્રત્યેક સમૂહની વિશિષ્ટ પરંપરાઓ સાથે સંલગ્ન હતી જેનાથી સામાજિક સુવિધાઓને માન્યતા મળતી પણ સર્વધર્મ-સમભાવમાં સંપન્ન વર્ગ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, તેઓ ઓછા સંપન્ન લોકોના માર્ગમાં બાધા ન બને.

ક્રમીક હોદ્દેદારી એક મહત્વનું પારંપરિક મૂલ્ય હતું તેમાં અગત્યની બાબત હતી કે, સંસાધનોની ઉપલબ્ધતા અને વહેંચણી જન્મ આધારિત હતી. ઉદાહરણ તરીકે બ્રાહ્મણોને અન્ય જ્ઞાતિઓ

કરતાં ઊંચુ સ્થાન આપવામાં આવ્યું હતું. આધુનિક સમાજમાં વ્યક્તિના કાર્ય અને યોગદાન પર સામાજિક પ્રતિષ્ઠા નિર્ભર છે. પવિત્રતાના પારંપરિક મૂલ્ય પ્રમાણે એ જરૂરી હતું. વ્યક્તિ પોતાના વ્યક્તિગત સ્વાર્થી દૂર જઈને સામૂહિક લક્ષ્ય સિદ્ધ કરે પરંતુ તો પણ લોકશાહી એવું દર્શાવે છે કે, વ્યક્તિ સ્વાયત્ત અને સ્વતંત્ર છે જે સામૂહિક હિતના ભોગે પણ પોતાના વ્યક્તિગત સ્વાર્થ પૂરા કરી શકે છે.આમ, પવિત્રતા અને વ્યક્તિવાદ પરસ્પર ભિન્ન છે. અહીં એટલું સ્પષ્ટ થાય છે કે, પાંરપરિક મૂલ્યો અને આધુનિક મૂલ્યો વચ્ચે એકરૂપતા માત્ર બહુવિધતા અને સર્વધર્મ સમભાવની બાબતમાં જ જોવા મળે છે.

આમ, છતાં પાંરપરિક અને આધુનિક મૂલ્યો વચ્ચે સંકલન કરી શકાય એના માટે આપણે કેટલાક ઉદાહરણો જોઈએ. પરંપરાગત રીતે જ્ઞાતિ-વ્યવસ્થામાં ક્રિયાકાંડ જેમ પ્રતિષ્ઠા હતી. આધુનિક ભારતમાં જ્ઞાતિઓ વધુને વધુ બિનસાંપ્રદાયિક બનીને તેના સભ્યોને મદદ કરે છે.તેથી જ્ઞાતિ મંડળો શૈક્ષણિક સંકુલો, આર્થિક મંડળીઓ, ખોલે છે. તથા ઘર બનાવવા માટે ફંડ આપે છે. આ જ્ઞાતિ મંડળો પોતાના ઉમેદવારોને ચૂંટણીમાં ટેકો આપે છે. આધુનિક ભારતમાં જ્ઞાતિઓનું બિનસાંપ્રદાયિક થાવું, ખાસ શહેરોમાં  દર્શાવે છે કે, તેમાં પરંપરા અને આધુનિકતાના મિશ્ર લક્ષણો છે. જ્ઞાતિ વ્યવસ્થાનો પરંપરાગત જન્મ આધારિત વ્યવસાયનો સિદ્ધાંત હવે રહ્યો નથી તેથી એવું કહી શકાય કે, પરંપરાગત અને આધુનિક મૂલ્યો વચ્ચેની ખાઇ પૂરાઈ રહી છે.

## 8.4.4. 1 મૂલ્યોના પ્રકાર

મૂલ્યોને ક્રમીક રીતે વર્ગીકૃત કરી શકાય. આપણે સામાન્ય રીતે એવું કહી શકીએ કે, મૂલ્યો બહુ બધે જ છે. મૂલ્યો સ્વાભાવિક રીતે જ માનવીય હોય છે. તેમાં વિવિધતા હોય . રાધાકૃષ્ણ મુખર્જીએ ભારતીય સમાજને લગતા બે પ્રકારના મૂલ્યોની ચર્ચા કરી છે.

1. નૈતિક મૂલ્યો : પ્રત્યેક સમાજમાં વિવિધ પ્રકારના નૈતિક મૂલ્યો હોય છે. નૈતિક મૂલ્યો વૈજ્ઞાનિક હોતા નથી તે ધર્મ અને વિવિધ સામાજિક પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા હોય છે. ઉદાહરણ તરીકે માતા- પિતાને માન આપવું, ચોરી ન કરવી, ખોટુ ન બોલવું વગેરે. સમાજ આ મૂલ્યો તોડવાની પરવાનગી આપતો નથી.

2. તાર્કિક મૂલ્યો : આવા મૂલ્યો વૈજ્ઞાનિક હોય છે.દા.ત. પરિશ્રમ એ આધુનિક સમાજનું તાર્કિક મૂલ્ય છે.

3. સૌંદર્યને લગતા મૂલ્યો : સાહિત્ય, કલા, સંસ્કૃતિ વગેરે સૌંદર્યને લગતા મૂલ્યો છે.

આ મૂલ્યો બે પ્રકારોમાં વહેંચી શકાય.

પ્રબળ મૂલ્યો : એવા મૂલ્યો કે જેનો પ્રભાવ વ્યક્તિના મન પર પ્રબળ હોય તથા જેને તોડવું

વ્યક્તિ માટે સંભવ ન હોય.

વૈકલ્પિક મૂલ્યો : એવા મૂલ્યો કે જેમાં વ્યક્તિને સ્વતંત્રતા હોય કે તે પોતાની ઈચ્છા અને પસંદ પ્રમાણે વર્તન કરે.

## 8.5 ધોરણો અને મૂલ્યો વચ્ચે સંબંધ :

મૂલ્યો એટલે જે સારૂ છે અને ઈચ્છનીય છે તેવું વર્તન. મૂલ્યોથી આપણને આચરણમાં માર્ગદર્શન મળે છે. આ સંદર્ભમાં તેને 'ઉચ્ચ શ્રેણીના ધોરણો' કહેવાય છે. તે ચોક્કસ પરિસ્થિતિઓમાં યોગ્ય અને સ્વીકાર્ય વર્તન સૂચિત કરે છે. ધોરણોનું પાલન કરવાથી જ મૂલ્યોનું સંયોજન થાય છે. એ બંને વચ્ચેનો સંબંધ નીચેના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ થાય છે.સમાજમાં "અંગતતા"નું મૂલ્ય પળાય તો તેનાથી વર્તનને એક સામાન્ય માર્ગદર્શન મળે છે. ધોરણો આપણને સમજાવે છે કે, અંગતનાના મૂલ્યને વર્તનમાં કેવી રીતે રૂપાંતરીત કરી શકાય. દા.ત. ખાનગીને લગતા ધોરણો જણાવે છે કે, કોઈના પત્રો તેની પરવાનગી વિના ખોલવા ન જોઈએ. કોઈ વ્યક્તિના ખાનગી જીવનમાં દખલગીરી ન કરવી જોઈએ કારણ કે, તેનું જીવન તેનું અંગત છે. આવી રીતે ધોરણોની શ્રૃંખલા લોકોએ લોકોના અંગતતા મૂલ્ય પ્રમાણે વર્તન કરવું જોઈએ.

### પાઠગત પ્રશ્નો 8.3

**કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

1. સામાજિક સંરચનામાં કોઈ પરિવર્તન સામાજીક ...........થવાથી થાય છે. (સંસ્થા, મૂલ્ય, ક્રિયા)
2. ભારતીય સમાજવાદ સંસાધનોનું નિર્ધારણ તથા તેની વહેંચણીની ભૂમિકા................પર આધારિત છે. (જન્મ, પ્રતિભા, વર્ગ)
3. .....................તકની સમાનતા પર ભાર આપે છે. (સમાજવાદ, પવિત્રતા, લોકશાહી)
4. પવિત્રતાની બાબતમાં વ્યક્તિઓએ .............લક્ષ્યો સાધવા જોઈએ. (વ્યક્તિગત, સામૂહિક)
5. સમાજવાદ, વિતરણના .................સિદ્ધાંત પર આધારિત છે. (પ્રતિભા આધારિત, સામાજિક પ્રતિષ્ઠા આધારિત, જરૂરીયાત આધારિત)

### તમે જે શીખ્યા

- તમે જાણ્યું કે ધોરણો એટલે શું અને ખાસ કરીને સામાજિક ધોરણો તથા સમાજમાં ધોરણોનું

મહત્વ.

- હવે તમને એ સ્પષ્ટ થયું કે, ધોરણો માર્ગદર્શક છે જે આપણને વિશિષ્ટ પરિસ્થિતિમાં વર્તનની રીત શીખવે છે.
- તમે મૂલ્યો વિશે પણ જાણ્યું કે કેવી રીતે દરેક સમાજમાં મૂલ્યોની અગત્યની ભૂમિકા રહેલી છે.
- મૂલ્યોનો વિકાસ કાળક્રમે થયો છે.
- એ સ્પષ્ટ છે કે, મૂલ્યો જે સારૂ છે અને ઈચ્છનીય છે તેના ખ્યાલો છે જે સમાજની હયાતી માટે અનિવાર્ય છે.
- ધોરણો મૂલ્યોના પ્રતિબિંબના રૂપમાં જોઈ શકાય છે.
- ધોરણો અલેખિત કાયદાઓ છે.
- એક જ મૂલ્યની વિવિધ અભિવ્યક્તિ રૂપે ધોરણો હોઈ શકે છે.
- આથી આપણે એવું કહી શકીએ કે, ધોરણો અને મૂલ્યોના સમાયોજનથી જ એક સ્થિર સમાજ રચી શકાય.

## પાઠયાંત પ્રશ્નો

નીચેના પ્રશ્નોના જવાબ 100 થી 150 શબ્દોમાં આપો.

1. નીચેના શબ્દોની વ્યાખ્યા આપી સમજૂતિ આપો.

   (અ) ધોરણો (બ) મૂલ્યો
2. ધોરણો અને મૂલ્યો વચ્ચેનો સંબંધ સમજાવો.
3. ધોરણોના વિવિધ પ્રકારો ક્યા કયા છે ? તમારા શબ્દોમાં વર્ણવો.
4. મૂલ્યોનું આપણા સમાજમાં શું મહત્વ છે ? ઉદાહરણ આપી સમજાવો.
5. ધોરણ વિહીનતા દ્વારા તમે શું સમજો છો ? ઉદાહરણ આપી સમજાવો.

## પાઠગત પ્રશ્નોના જવાબ

8.1

1. ક  2. બ  3. બ



8.2

1. સમૂહ આધારિત
2. અનુમતિ
3. લોકાચાર
4. મજબૂતી
5. જાળવી રાખવું
6. ધોરણ વિહીનતા
7. અપ્રભાવી
8. અવ્યવસ્થા

8.3

1. મૂલ્ય
2. પ્રતિભા
3. લોકશાહી
4. સામૂહિક
5. પ્રતિભા આધારિત

# 9

# દરજ્જો અને ભૂમિકા

સમાજશાસ્ત્રનું મુખ્ય કાર્ય સામાજીક વ્યવસ્થાની પ્રકૃતિનું પરીક્ષણ અને વિશ્લેષણ કરવાનું છે. આ કાર્યનો એક ભાગ આપણે પૂર્ણ કરી ચુક્યા છીએ. 'માપદંડો અને મૂલ્યો'નામના પ્રકરણમાં આપણે જોયું કે સામાજીક ક્રિયાઓની ક્રમબદ્ધતા અને નિયમિતતા એ ધારા-ધોરણો અને જીવન મૂલ્યો પર આધારિત હોય છે જે વ્યક્તિઓના પરસ્પર સંબંધોને નિર્ધારીત કરે છે અને તેને યોગ્ય દિશા આપે છે. જીવનના ધારા-ધોરણો અને મૂલ્યો જ સંબંધો અને આંતરક્રિયાઓની સંભાવના દર્શાવે છે, તેમને એક પધ્ધતિમાં ઢાળે છે અને સમાજને એક માળખું પ્રદાન કરે છે હવે આપણે એક અન્ય ઘટના અથવા ઘટકની ચર્ચા કરવા માંગીએ છીએ જેનો ધારા-ધોરણો અને જીવન મૂલ્યો સાથે ઘનિષ્ઠ સંબંધ છે તથા તેનું સમાજની વર્તમાન વ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોદાન છે. આ ઘટક સામાજીક સ્થિતિ તથા સામાજીક ભૂમિકા સાથે સંબંધિત છે.

## ઉદ્દેશ્યો

આ પ્રકરણના અભ્યાસ પછી તમે

- સામાજીક સ્થિતિનો અર્થ સમજાવી શકશો
- સામાજીક વ્યાખ્યાયિત કરી શકશો તથા તેના પ્રકારોની ચર્ચા કરી શકશો
- સામાજીક ભૂમિકાને વ્યાખ્યાયિત કરી શકશો તથા તેના પ્રકારોની ચર્ચા કરી શકશો.

## 9.1 સામાજિક સ્થિતિઓ/સ્થાનો

આપણે જાણીએ છીએ કે સામાજિક વ્યવસ્થા સાથે સંકળાયેલી દરેક સભ્યો પાસે એક જ પ્રકારના કાર્યોની અપેક્ષા રાખી શકાય નહી. કોઈ માપદંડ કોઈ ચોક્કસ વ્યક્તિને લાગુ પડે છે કે નહી તેનો આધાર સામાજિક વ્યવસ્થામાં તે વ્યક્તિની સ્થિતિ અને સ્થાન પર હોય છે. સામાજિક વ્યવસ્થાની

સંરચના અને સંગઠનના સર્વાદ્દિક મહત્વપૂર્ણ પાસાઓમાંનું એક પાસુ એ છે કે તેના સભ્યોને એક સમગ્ર સમૂહમાં અથવા તેમનાથી સંબંધિત તેમના ઉપસમુહોમાં તેમના દ્વારા ઘરેણા કરેલ સામાજિક સ્થિતિઓ અનુસાર વિભેદીત કરવામાં આવે છે.

જૉનસનના મત મુજબ એક સામાજિક સ્થાનના બે ભાગો હોય છે, એક માં જવાબદારી સામેલ હોય છે તો બીજામાં અધિકાર સામેલ હોય છે. જ્યારે એક વ્યક્તિની કેટલીક નિર્ધારીત જવાબદારીઓ હોય અને તેનાથી સંબંધિત અધિકાર પણ તેને પ્રાપ્ત હોય ત્યારે તે વ્યક્તિને સામાજિક વ્યવસ્થાની અંદર એક સામાજિક સ્થાન પ્રાપ્ત થાય છે. સામાજિક સ્થાનના આ બે ભાગોમાંથી આપણે એકને "ભૂમિકા" કહીશુ અને બીજાને (સ્ટેરસ) કહીશુ, "ભૂમિકા"નો સંબંધ જવાબદારીઓ સાથે હોય છે અને "દરજ્જા" (સ્ટેટસ)નો સંબંધ અધિકારો સાથે હોય છે તેથી સામાજિક સ્થાન હક અને ફરજનો સંયુક્ત રીતે નિર્દેશ કરતી બાબત (એન્ટીટી) છે.

**સામાજિક સ્થાન :** એક વ્યક્તિની એક સમુદાય અથવા સમાજમાં એક સામાજીક ઓળખ હોય છે. સામાજિક સ્થાન પ્રાકૃતિક રીતે અલગ-અલગ હોઈ શકે છે (જેમકે કેટલાક સામાજીક સ્થાનનો જાતિ સાથે સંબંધ હોય છે) અથવા ચોક્કસ રીતે વિશિષ્ટ હોઈ શકે છે. (જેમ કે કેટલાક સામાજીક સ્થાનનો જાતિ સાથે સંબંધ હોય છે) અથવા ચોક્કસ રીતે વિશિષ્ટ હોઈ શકે છે. (જેમ કે લોકોની વ્યાવસાયિક સ્થિતિઓની બાબતમાં હોય છે.)

## 9.2 દરજ્જો અને ભૂમિકા

સામાજિક વિજ્ઞાનોમાં દરજ્જા ભૂમિકાની અવધારણાનું મહત્વ વધી રહ્યુ છે. આપણે તેમને વ્યાખ્યાયિત કરવા ઈચ્છીએ છીએ અને તેમની વચ્ચેનો ભેદ જાણવા ઈચ્છીએ છીએ 'પ્રતિષ્ઠા અને 'ભૂમિકા'ની અલગ-અલગ ઓળખ રાલ્ફ લિંટનના આ કથનથી સરળ બની જાય છે તેઓ કહે છે. તમને દરજ્જો પ્રાપ્ત થાય છે પરંતુ તમારિ ભૂમિકા નિભાવવાની હોય છે. સમાજમાં દરેક સ્થાન અથવા પ્રતિષ્ઠા પોતાની સાથે કેટલાક અપેક્ષિત વ્યવહારોની પધ્ધતિઓ સાથે લઈને આવે છે. લિંટન કહે છે કે દરજ્જો અને ભૂમિકા 'એક જ સિક્કાની બે બાજુઓ છે'

સામાજિક સ્વરૂપો અથવા પધ્ધતિઓમાંથી પ્રાપ્ત દરજ્જાઓ અને ભૂમિકાઓ તે પધ્ધતિઓના અભિન્ન અંગો છે. આ અભિન્ન અંગો જે-તે વ્યક્તિ કે જે દરજ્જો ધરાવે છે અને ભૂમિકાઓ નિભાવે છે તેને અનુરૂપ સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

સામાજિક સંરચના વિશ્લેષણ માટે દરજ્જો અને ભૂમિકાની અવધારણાઓ પ્રાથમિક ઉપકરણ છે પ્રતિષ્ઠા એટલે સમાજમાં અથવા સમુદાયમાં એક ચોક્કસ સ્થાન. દરેક સમાજ અને દરેક સમુદાયમાં આવા અનેક સ્થાનો હોય છે અને જે વ્યક્તિ જેટલા સમુદાયો અને સમુહોથી સંબંધિત હોય છે તેટલા જ સામાજિક સ્થાન તે પ્રાપ્ત કરે છે.

આમ, દરેક વ્યક્તિ સમાજમાં ઘણા સ્થાનો પ્રાપ્ત કરે છે તેને દરજ્જાઓ કહેવાય છે એક સ્ત્રી સંગીતકાર, એક શિક્ષક એક પત્ની અને એક માતા હોઈ શકે છે આ દરેક સ્થાન કે જેની સાથે હક અને ફરજો સંકળાયેલા હોય છે તે એક દરજ્જો છે. એક વ્યક્તિને અનેક સામાજિક દરજ્જાઓ પ્રાપ્ત થઈ શકે છે. તેમાંથી એકને આપણે મુખ્ય દરજ્જો કહી શકીએ છીએ. જેના દ્વારા વ્યક્તિ સમાજમાં ઓળખાય છે.

આધુનિક માનવ શાસ્ત્ર તથા સમાજશાસ્ત્રના વિકાસ સાથે દરજ્જાની અવધારણાનું પણ સાંસ્કૃતિક રૂપથી નિર્ધારીત અધિકારો અને કર્તવ્યોનો સમાવેશ કરવા માટે વિસ્તૃતીકરણ કરવામાં આવ્યુ છે.

## 9.3 સામાજિક દરજ્જો

'સંસ્કૃતિ' શબ્દની માફક 'દરજ્જો' શબ્દનો ઉપયોગ પણ દ્વિઅર્થી થવા લાગ્યો છે. 'દરજ્જો એટલે એક ચોક્કસ પધ્ધતિમાં પ્રાપ્ત એક ચોક્કસ સ્થાન. તેથી એ કહેવુ યોગ્ય છે કે દરેક વ્યક્તિ એક કરતા વધુ દરજ્જાઓ ધરાવે છે છતા પણ જ્યાં સુધી તે શબ્દને કોઈ રીતે પારિભાષિત કરવામાં નથી આવતો ત્યાં સુધી વ્યક્તિના દરજ્જાનો અર્થ તે વ્યક્તિએ ધારણ કરેલા તમામ દરજ્જાઓ ના સમગ્ર રૂપ સાથે જોડાયેલો હોય છે. તે સમગ્ર સમાજના સંદર્ભમાં તેનું સ્થાન દર્શાવે છે.

એક દરજ્જો સામાન્ય રીતે અધિકારો તથા કર્તવ્યોનું સંકલન હોય છે આ અધિકારો અને કર્તવ્યો વ્યક્તિઓ દ્વારા જ અભિવ્યક્ત થતા હોવાથી દરજ્જો અને તેમને પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ વચ્ચે ભેદ કરવો મુશ્કેલ છે.

**વિસ્તૃત રૂપથી સમાજશાસ્ત્રમાં દરજ્જાના બે અર્થ છે.**

(1) સંબંધશીલ શબ્દ : મોટા ભાગના સમાજશાસ્ત્રીઓ 'દરજ્જા'ને સામાન્ય રીતે એક વ્યક્તિ દ્વારા એક સામાજિક વ્યવસ્થામાં ધારણ કરવામાં આવતી સ્થિતિ અથવા સ્થાનના રૂપમાં વ્યાખ્યાયિત કરે છે. ઉદાહરણ તરીકે વૈવાહિક પધ્ધતિમાં 'પતિ' અને 'પત્ની' બે દરજ્જાઓ છે એ જ પ્રમાણે કાનુની વ્યવસથામાં 'વકીલ', 'જુનિયર' તથા 'જજ' દરજ્જાઓ છે. નોંધનીય છે કે 'દરજ્જો' શબ્દ પણ રીતે સંબંધશીલ શબ્દ છે જેનો અર્થ છે કે પ્રત્યેક દરજ્જો તેના એક અથવા એકથી વધુ દરજ્જાઓ સંબંધને પરિણામે અસ્તિત્વ ધરાવે છે. ઉદાહરણ તરીકે 'પતિ' સાથેના એક એવો દરજ્જો છે કે જેનો સીધો સંબંધ 'પત્ની' સાથે છે. એજ પ્રમાણે ન્યાય પ્રણાલીમાં અન્ય સંબંધિત દરજ્જાઓ વિના 'જજ' ના દરજ્જાનું કોઈ મહત્વ રહેતુ નથી.

પ્રારંભમાં 'દરજ્જા'ની અવધારણા સામાજિક વ્યવસ્થામાં આનુવંશિક રીતે પ્રાપ્ત પદ ના સંદર્ભમાં કરવામાં આવતી હતી ઓગણીસમી સદીના સુપ્રસિદ્ધ અંગ્રેજી વિકાસવાદી લેખકો સર હેનરી મૈન તથા ખૂબ મહત્વના અમેરિકન સમાજ શાસ્ત્રીઓ રોબર્ટ ઇ. પાર્ક અને અર્નેસ્ટ ડબ્લ્યુ બર્નિસ મૈને.

(2) સહભાગી દરજ્જો : સામાજિક વ્યવસ્થામાં દરજ્જાઓ અલગ-અલગ સ્થિતિઓ/સ્થાનો છે તેથી તેઓ તેમને પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ માટે સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવે છે. વાસ્તવમાં, ધારણ કરનાર કોઈ વ્યક્તિ વિના પણ દરજ્જાનું અસ્તિત્વ સંભવ છે અને નવા વડાપ્રધાનની પસંદગી કરવાની બાકી હોય ત્યારે 'વડા પ્રધાન'ના દરજ્જાનું અસ્તિત્વ તો હોય જ છે. લોકો સામાજિક વ્યવસ્થામાં ભાગીદારી દ્વારા જ દરજ્જાઓ સાથે જોડાયેલા હોય છે. આ જ સરળ સિદ્ધાંતમાં સામાજિક સૂઝનું હાર્દ રહેલું છે કે જે સૂચવે છે કે સામાજિક વ્યવસ્થા માત્ર તેમાં સમાવિષ્ટ લોકો પૂરતી જ મર્યાદિત હોતી નથી જો આપણે ધારણ કરેલા તમામ દરજ્જાઓને સમગ્ર રૂપથી જોઈએ તો પરિણામ સ્વરૂપે આપણે દરજ્જાઓનો સમૂહ પ્રાપ્ત થાય છે દરેક દરજ્જાઓનો સમૂહ મોટી સંખ્યામાં ભિન્ન-ભિન્ન દરજ્જાઓને સમાવે છે કે જે આપણે સામાજિક વ્યવસ્થામાં ધરાવીએ છીએ. આ દરજ્જાઓનો સમૂહ મોટી સંખ્યામાં ભિન્ન-ભિન્ન દરજ્જાઓને સમાવે છે કે જે આપણે સામાજિક

વ્યવસ્થામાં ધરાવીએ છીએ. આ દરજ્જાઓનો સમૂહ વ્યક્તિને સામાજિક વ્યવસ્થાના બહુ-પરિમાણીય માળખામાં કે જેમાં આપણે રહીએ છીએ તેની સાથે જોડે છે.

> દરજ્જો/પ્રતિષ્ઠા : કોઈ એક સમાજના સદસ્યો દ્વારા કોઈ એક ચોક્કસ સમૂહને આપવામાં આવેલ સામાજિક સન્માન કે પ્રતિષ્ઠા સમાન દરજ્જો ધરાવતા લોકો સામાન્ય રીતે ભિન્ન-ભિન્ન જીવન શૈલી (જૂથના સભ્યો જેને અનુસરતા હોય તે વર્તણુક પધ્ધતિ) ધરાવતો હોય છે. દરજ્જાને કારણે મળતો વિશેષાધિકાર હકારાત્મક કે નકારાત્મક હોઈ શકે.

### 9.3.1 દરજ્જા/પ્રતિષ્ટાની લાક્ષણિકતાઓ/ગુણધર્મો

દરજ્જામાં સામાન્ય રીતે નીચેની લાક્ષણિકતાઓનો સમાવેશ થાય છે.

1. પ્રતિષ્ઠાએ સામાજિક જરૂરીયાત અને અભિરૂચીનું પરિણામ છે.
2. પ્રતિષ્ઠાએ બીજાઓ પર અમુક અંશે સત્તાનો નિર્દેશ કરે છે.
3. પ્રતિષ્ઠા એ સાપેક્ષ બાબત છે.
4. પ્રતિષ્ઠા સામાજિક સ્તરીકરણ પણ સૂચવે છે
5. પ્રતિષ્ઠા ચોક્કસ વિશેષાધિકારો અને પ્રતિરક્ષાઓ ધરાવે છે જેવી કે ચોક્કસ જગ્યાનો ઉપયોગ કરવાનો અધિકાર, સેક્રેટરીની સેવાનો અધિકાર વગેરે
6. દરજ્જામાં અમુક અંશે પ્રતિષ્ઠાનો પણ સમાવેશ થાય છે
7. દરજ્જો મેહનતાણાનો અધિકાર પણ ધરાવે છે.
8. દરજ્જો ભૂમિકાથી અલગ કરી શકાય નહી

### 9.3.2 દરજ્જાના પ્રકારો

દરજ્જાઓ જૈવિક પરિબળો જેવા કે જાતિ, જ્ઞાતિ કે વર્ણ પર આધારિત હોવા છતા તેને સાંસ્કૃતિક રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે મુખ્યત્વે બે પ્રકારના દરજ્જાઓ લોકો ધરાવે છે, પ્રત્યારોપિત દરજ્જો અને પ્રાપ્ત દરજ્જો.

પ્રત્યારોપિત દરજ્જો એ સામાજિક સ્થિતિ છે કે જે વ્યક્તિના જન્મથી તેને મળે છે અને તેથી તે સામાન્ય રીતે કાયમી હોય છે. તેથી પ્રત્યારોપિત દરજ્જો એવી બાબત છે કે જે વ્યક્તિ જન્મથી જ મેળવે છે અને પોતાના સમગ્ર જીવન દરમિયાન ધરાવે છે ઉદાહરણ તરીકે જાતિ, જ્ઞાતિ, વર્ણ વગેરે. ઉદાહરણ તરીકે એક બ્રાહ્મણ જન્મથી જ બ્રાહ્મણનો પ્રત્યારોપિત દરજ્જો ભોગવે છે. આ ઉપરાંત જાતિ, વંશ, જન્મ સ્થળ અને કૌટુંબિક નામ પણ પ્રત્યારોપિત દરજ્જાનું નિમિત્ત બને છે. આવા દરજ્જાઓ પ્રત્યારોપિત કહી શકાય. પ્રત્યારોપિત દરજ્જાઓ સામાન્ય રીતે જન્મથી જ નક્કી થઈ જાય છે. ભારતમાં જ્ઞાતિનો દરજ્જો એ સામાન્ય રીતે પ્રત્યારોપિત દરજ્જો છે જોકે તેમાં સાંસ્કૃતિકરણ અને આંતરજ્ઞાતીય લગ્નોને કારણે કેટલાક પરિવર્તનો આવી રહ્યા છે. કેટલાક દેશોમાં સામાજિક વર્ગને પણ પ્રત્યારોપિત દરજ્જામાં સમાવવામાં આવે છે કે સમાજ દ્વારા મનસ્વી રીતે આપવામાં આવે છે.

પ્રાપ્ત દરજ્જો એવી બાબત છે કે જે પસંદ કરવામાં કે પ્રાપ્ત કરવામાં આવે છે જેમકે પરિણીત વ્યક્તિ, માતા-પિતા, મિત્ર, ડોક્ટર અથવા એન્જીનીયર, પ્રાપ્ત દરજ્જો વ્યક્તિના પોતાના પ્રયત્નોથી પ્રાપ્ત કરેલો હોય છે સમાજ આવા પરિવર્તનોને પ્રાપ્ત દરજ્જાની ઓળખ પ્રદાન કરે છે. વારસાગત રીતે, જૈવિક ગુણધર્મોને આધારે કે અન્ય પરિબળો કે જેના પર વ્યક્તિનો અંકુશ નથી હોતો તેવી બાબતોને કારણે જે નક્કી નથી થઈ શકતા તેવા દરજ્જાઓ પ્રાપ્ત દરજ્જાઓ તરીકે ઓળખાય છે. પ્રાપ્ત દરજ્જોએ અમુક અંશે હતુ-પૂર્વકના પ્રયત્ન કે પસંદગીનું પરિણામ હોય છે. તેથી, પ્રાપ્ત દરજ્જો એવી બાબત છે કે વ્યક્તિએ કરેલા કાર્યો પર આધારિત છે. લેખકનો દરજ્જો પુસ્તકના પ્રકાશનથી પ્રાપ્ત થાય છે. પતિનો દરજ્જો લગ્ન કરવાથી અને લગ્નનું લાઈસેંસ પ્રાપ્ત કરવાથી થાય છે. કોઈ વ્યક્તિ એક લેખક અથવા એ પતિના રૂપમાં જન્મતી નથી. આ પ્રમાણે વ્યક્તિનો વૈવાહિક દરજ્જો અને વ્યાવસાયિક દરજ્જો પ્રાપ્ત કરવામાં આવે છે.

કેટલાક દરજ્જાઓ પ્રત્યારોપિત અને પ્રાપ્ત બંને ઘટકો ધરાવે છે. પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરવી એ ચોક્કસપણે એક સિદ્ધિ છે, પરંતુ કોઈ વ્યક્તિ એક વખત આ ડીગ્રી મેળવી લે છે પછી તે તેના જીવન અને ભૂમિકાનો એક કાયમી ભાગ બની જાય છે અને અન્ય લોકો દ્વારા પણ તેને એ જ રીતે જોવામાં આવે છે. તેથી તમામ તથ્યો અને હેતુઓથી આ એક પ્રત્યારોપિત દરજ્જો બની જાય છે કેટલાક દરજ્જાઓ લોકોને આપવામાં આવે છે જ્યારે કેટલાક તેમના દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે. પ્રત્યારોપિત દરજ્જાઓ અનૈચ્છિક જુથની સભ્યતાથી પ્રાપ્ત થાય છે જ્યારે પ્રાપ્ત દરજ્જાઓ સ્વૈચ્છિક જુથની સભ્યતાથી પ્રાપ્ત થાય છે. ઉદાહરણ તરીકે જાતિ સંબંધિત દરજ્જો પ્રાપ્ત નહી પરંતુ પ્રત્યારોપિત હોય છે. આ દરજ્જાઓ જૈવિક પરિસ્થિતિઓ પર આધારીત છે અને આપણે આ બાબતમાં કંઈ ખાસ કરી શકતા નથી.

## પાઠગત પ્રશ્નો 9.1

યોગ્ય શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.

1. સામાજિક વ્યવસ્થામાં સભ્યોને જુથમાં તેમના દ્વારા ધારણ કરેલ ________________ પ્રમાણે અલગ ઓળખ આપવામાં આવે છે.
2. સામાજિક સ્થિતિના બે ભાગો ________________ અને ________________ છે.
3. તમે દરજ્જો પ્રાપ્ત કરો છો પરંતુ તમે સમાજમાં નિભાવો ________________ છો.
4. દરજ્જાના બે પ્રકારો ________________ અને ________________ છે.
5. પ્રત્યારોપિત દરજ્જાનું એક ઉદાહરણ ________________ છે.
6. પ્રાપ્ત દરજ્જાનું એક ઉદાહરણ ________________ છે.

## 9.4 સામાજિક ભૂમિકા

દરજ્જાની અવધારણા/ખ્યાલએ ભૂમિકાની અવધારણા/ખ્યાલ સાથે સંબંધિત છે. આ બાબતને લિંટન દરજ્જાનું ગિતશીલ પાસુ કહે છે આ બંને ઘટકોની આપણે આ સંદર્ભમાં અને સંદર્ભ જુથના સંબંધમાં ચર્ચા કરીશું પ્રતિષ્ઠા અને ભૂમિકાને એકબીજાથી સંપૂર્ણ અલગ કરવા અસંભવ છે તેથી ભૂમિકાને દરજ્જાનું ગતિશીલ અથવા વ્યાવહારિક પાસુ ગણવામાં આવે છે. તે દરજ્જાનું ગતિશીલ પાસુ છે તથા હક અને ફરજોનું સંયોજન છે.

દરેક દરજ્જાની સાથે એક અથવા વધુ ભૂમિકાઓ જોડાયેલી હોય છે દરજ્જાઓ પ્રાપ્ત કરવામાં આવે છે જ્યારે ભૂમિકાઓ નિભાવવામાં આવે છે. ભૂમિકા અને દરજ્જા સાથે જોડાયેલી અપેક્ષિત વ્યવહાર પધ્ધતિ છે જેની સાથે ચોક્કસ હક અને ફરજો સંકળાયેલા હોય છે ભૂમિકા એક પધ્ધતિ છે જેમાં કોઈ વ્યક્તિ પોતાની ફરજો નિભાવે છે તથા પોતાના હકો અને વિશેષાધિકારો ભોગવે છે. ભૂમિકા એક એવી બાબત છે કે જે એક વ્યક્તિ પોતાના દ્વારા ધારિત દરજ્જાઓ અનુસાર નિભાવે છે. સમાન દરજ્જો ધરાવતી અલગ-અલગ વ્યક્તિઓ અલગ-અલગ કાર્યો કરે છે સ્પષ્ટ છે. અને ભૂમિકાની અવધારણા/ખ્યાલ આપણને આ તફાવતની નોંધ લેવાની સાનૂકુળતા કરી આપે છે.

નાટકિય સંદર્ભથી ઉત્પન્ન થયેલ સામાજિક ભૂમિકાની અવધારણા ખ્યાલનો ઉપયોગ સમાજશાસ્ત્રમાં સામાજિક આંતરક્રિયાના હેતુ માટે થાય છે. ભૂમિકાઓ એ સામાજિક રીતે વ્યાખ્યાયિત અપેક્ષાઓ છે કે જે એક વ્યક્તિ એક વ્યક્તિ એક સામાજિક સ્થિતિમાં રહીને પૂર્ણ કરે છે આ સંદર્ભમાં ભૂમિકા સામાજિક સ્થિતિ સાથે જોડાયેલ વિચારોનો એક સમૂહ છે કે જે એક અથવા વધુ સ્થિતિઓ સાથે તેનો સંબંધ વ્યાખ્યાયિત કરે છે. ઉદાહરણ તરીકે શિક્ષકની ભૂમિકા વિદ્યાર્થીઓના સંબંધમાં શિક્ષકો વિશેના વિચારોના સમૂહની આસપાસ આપેલી હોય છે. શિક્ષકો વિશ્વાસના પર્યાયી હોય છે. 'જીવનમૂલ્યો' સાથે સંબંધિત લક્ષ્યોને તેમણે પ્રાપ્ત કરવા જોઈએ, 'માપદંડો' કે જેમને શિક્ષકોએ વ્યવહારમાં ઉતારવા જોઈએ વગેરે બાબતોની આમાં સમાવેશ થાય છે. વિદ્યાર્થીની ભૂમિકામાં સામાન્ય રીતે એ માન્યતા રહેલી હોય છે કે વિદ્યાર્થીને શિક્ષક કરતા ઓછુ જ્ઞાન હોય છે. આ ઉપરાંત વિદ્યાર્થીની ભૂમિકામાં જીવન મૂલ્ય જેમ કે શિક્ષણ જ એકમાત્ર લક્ષ્ય છે વગેરે પણ સમાયેલ હોય છે. આ ઉપરાંત કેટલીક અપેક્ષાઓ જેમ કે વિદ્યાર્થીઓ સમયસર આવશે, મહેનત કરશે, તેમને સોંપવામાં આવેલ અભ્યાસ કાર્ય પૂર્ણ કરશે અને શિક્ષકો તથા અન્ય વિદ્યાર્થીઓ પ્રતિ સન્માનની વૃત્તિ જાળવી રાખશે વગેરેનો પણ સમાવેશ થાય છે.

જો એક ચોક્કસ દરજ્જા સાથે સંકળાયેલ વિવિધ ભૂમિકાઓને ભેગી કરી દેવામાં આવે તો પરિણામ સ્વરૂપે એક ભૂમિકા -સમૂહ બને છે. કેટલીક વખત જયરિ લોકોને વિરોધાભાસી અને અસંગત ભૂમિકાઓનો સામનો કરવો પડે છે ત્યારે ભૂમિકા-સંઘર્ષની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે ઉદાહરણ તરીકે ભૂમિકા-સંઘર્ષની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે ઉદાહરણ તરીકે માતા-પિતા માટે ત્યારે સંઘર્ષની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે જ્યારે એકતરફ તેમને નોકરી આપનાર વ્યક્તિ તેમની પાસે પૂર્ણ નિષ્ઠાની અપેક્ષા રાખે છે અને બીજી તેમને પોતાના બિમાર બાળકોની દેખરેખ રાખવી પડે છે. ભૂમિકા-સંઘર્ષના ઉપાય માટે ઘણા કાર્યો થઈ શકે છે સૌપ્રથમ એ નક્કી કરવુ જોઈએ કઈ ભૂમિકા વધારે મહત્વની છે અને પછી અન્ય ભૂમિકાઓનું થોડા સમય માટે ઓછુ મહત્ત્વ આપવું જોઈએ. બીજો ઉપાય એ છે કે સંઘર્ષ ઉત્પન્ન કરતા બે દરજ્જાઓમાંથી એકને છોડી દેવો જોઈએ. (જો કોઈ વ્યક્તિનો વ્યવસાય તેને તેની માતા અથવા પિતા તરીકેની જવાબદારીમાં અડચણ ઉત્પન્ન કરતો હોય તો તે વ્યક્તિ પોતાનો વ્યવસાય છોડી શકે છે) ત્રીજો ઉપાય એ છે ભૂમિકામાં થોડો અલગ લાવવો જોઈએ સમાન ભૂમિકા નિભાવતા અલગ-અલગ વ્યક્તિઓ વચ્ચે તે કાર્યને વહેંચવાનો પ્રયાસ કરવો જોઈએ. ચોથા ઉપાય એ છે કે જે -તે ભૂમિકાથી એક ચોક્કસ અંતર જાળવી રાખવું જોઈએ. ઉદાહરણ તરીકે મેનેજરો કે જેમને પોતાની ફર્મ ઓછી ખર્ચાળ, વધુ સક્ષમ અને પ્રગિતશીલ બનાવવા માટે ઘણા કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવા માટે જે કંઈ પણ કરવું પડે છે. તેનાથી સ્વયંને અલગ રાખવાની વિવિધ પધ્ધતિઓ શોધી શકે છે.

**સામાજિક ભૂમિકા :** સમાજમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરેલ વ્યક્તિનો અપેક્ષિત વ્યવહાર. સામાજિક ભૂમિકાનો ખ્યાલ મુળ રૂપથી થિયેટરમાંથી આવે છે કે જ્યાં અભિનેતાઓ મંચ પર પોત-પોતાની ભૂમિકાઓ નિભાવતા હોય છે પ્રત્યેક સમાજમાં લોકો વિવિધ પ્રકારની પ્રવૃતિના સંદર્ભમાં અલગ-અલગ ભૂમિકાઓ નિભાવતા હોય છે.

### 9.4.1 ભૂમિકાની લાક્ષણિકતાઓ/ગુણધર્મો

1. ભૂમિકા દરજ્જાનું એક પ્રગતિશીલ પાસુ છે.
2. ભૂમિકાનું અસ્તિત્વ દરજ્જામાં રહેલુ હોય છે. ભૂમિકાને દરજ્જાથી અલગ કરી શકાય નહી.
3. ભૂમિકા કદી શૂન્યાવકાશમાં નથી હોતી. તેનું એક પ્રબળ સાંસ્કૃતિક પાસુ હોય છે.
4. સંસ્કૃતિ ભૂમિકાનું એક આદર્શમૂલક પાસુ છે.
5. ભૂમિકા સાપેક્ષ હોય છે.

દરજ્જાઓ વિના ભૂમિકાઓનું અસ્તિત્વ સંભવ નથી અને ભૂમિકાઓ વિના દરજ્જાઓનું અસ્તિત્વ સંભવ નથી. દરજ્જાની જેમ ભૂમિકા પણ બે અર્થમાં પ્રસ્તુત થાય છે. પ્રત્યેક વ્યક્તિ વિવિધ પેટર્નમાંથી તારવેલી ભૂમિકાઓ નિભાવે છે અને સાથે-સાથે સામાન્ય ભૂમિકા પણ નિભાવે છે કે જે આ તમામ ભૂમિકાઓનું સમગ્રરૂપથી પ્રતિનિધિત્વ કરે છે અને નિર્ધારીત કરે છે કે વ્યક્તિનું સમાજમાં શું યોગદાન છે અને સમાજ પાસેથી એ શું અપેક્ષા રાખી શકે છે.

પ્રત્યેક દરજ્જામાં અનેક ભૂમિકાઓ રહેલી હોય છે. શિક્ષકનો દરજ્જો ધરાવનાર એક વ્યક્તિ વિદ્યાર્થીઓ સાથે અલગ રીતે વર્તે છે, પોતાના સહકર્મીઓ સાથે અલગ રીતે વર્તે છે અને આચાર્ય સાથે અલગ રીતે વર્તે છે. ભૂમિકાઓનું સમુહ કે જે દરજ્જાના સંદર્ભમાં પ્રસ્તુત થાય છે તેને ભૂમિકા-સમૂહ કહેવાય છે.

સામાજિક ભૂમિકાઓ વ્યવહારને નિયમિત અને સંગઠિત કરે છે વિશેષ રૂપથી તે ચોક્કસ કાર્યોના સંપાદન માટે માધ્યમ સાધન પ્રદાન કરે છે. ઉદાહરણ તરીકે શિક્ષક અને વિદ્યાર્થી પોતાની ભૂમિકાઓ યોગ્ય રીતે નિભાવે તો શિક્ષણ વધુ અસરકારક રીતે પરીપૂર્ણ થઈ શકે છે. આ કાર્યમાં જીવનના અન્ય ક્ષેત્રોની બાબતોને છોડી દેવામાં આવે છે. જેથી જે કાર્ય હાથમાં છે તેના પર મન એકાગ્ર કરી શકાય.

ભૂમિકાઓ સામાન્ય જીવનને ક્રમ (વ્યવસ્થા) અને સંભાવના પ્રદાન કરે છે. પોત-પોતાની ભૂમિકાઓના સંદર્ભમાં પરસ્પર આંતરક્રિયા દ્વારા કાર્યરત શિક્ષક અને વિદ્યાર્થીઓ જાણે છે કે એમણે શું કરવાનું છે અને કેવી રીતે કરવાનું છે. એક-બીજાની ભૂમિકાઓ વિશે જાગૃત રહીને તેઓ અન્યના કાર્યોને જાણી અને સમજી શકે છે. સાંસ્કૃતિના એક પાસા તરીકે ભૂમિકાઓ સમાજ માટે માર્ગદર્શિકા પ્રદાન કરે છે.

### 9.4.2 ભૂમિકાઓના પ્રકાર

ભૂમિકા પધ્ધતિ 'કામગીરી' પર ભાર આપે છે તેમાં કોઈ ભૂમિકા ધારક તેની ઉંમર, જાતિ તથા સામુદાયિકતા ને લક્ષમાં લીધા વિના શું કરી શકે છે અને કેટલી સારી રીતે કરી શકે છે તેનું મહત્વ હોય છે. બિંટન 'પ્રત્યારોપિત' અને 'પ્રાપ્ત' ભૂમિકાઓ વચ્ચે તફાવત દર્શાવે છે. જો કોઈ ભૂમિકા ધારક કોઈ ગુણ વિશેષ અથવા અનિયંત્રીત સંબંધો દ્વારા આપ મેળે ભૂમિકા પ્રાપ્ત કરે તો તેને

'પ્રત્યારોપિત' ભૂમિકા કહેવાય છે. આ પ્રકારની ભૂમિકા ઉદાહરણો એક વિશેષ પરિવારમાં જન્મ, જન્મ ક્રમ, જાતી વગેરે છે.

> પ્રત્યારોપિત ભૂમિકાઓ : એવી ભૂમિકા કે જે વ્યક્તિને જન્મ સમયે આપમેળે મળે છે અથવા નિશ્ચિત ઉંમરે પ્રાપ્ત થાય છે તેને પ્રત્યારોપિત ભૂમિકા કહે છે. સર્વાધિક સાર્વભૌમ પ્રત્યારોપિત ભૂમિકા વ્યક્તિની જાતી હોય છે, પુરુષ અથવા સ્ત્રી વિભિન્ન ઉંમરના સ્તરો સાથે વિભિન્ન અપેક્ષાઓ જોડાયેલી હોય છે. એક ચોક્કસ જાતિ, વંશ અથવા ધાર્મિક સંપ્રદાયમાં જન્મ લેવાથી પ્રાપ્ત થતી ભૂમિકાઓ પ્રત્યારોપિત ભૂમિકાઓ છે. તેથી, આ પ્રકારની ભૂમિકાઓ પર મૂળ પ્રભાવ જન્મનો હોય છે. પરંપરાગત રીતે કોઈ ખાસ શાતિમાં જન્મ થવાથી ખાસ ભૂમિકાઓ નિભાવવાની રહે છે. ઉદાહરણ તરીકે પુજારીનો દીકરો એક પુજારી બનવાની જ શિક્ષા મેળવશે

તકનીકી રીતે, ભૂમિકાઓ 'પ્રત્યારોપિત' નથી હોતી તેને 'પ્રાપ્ત' ભૂમિકાઓ કહેવાય છે.

> **પ્રાપ્ત ભૂમિકાઓ :** વ્યક્તિએ પસંદ કરેલી અથવા મહેનતથી પ્રાપ્ત કરેલી ભૂમિકાને પ્રાપ્ત ભૂમિકા કહે છે તે વ્યક્તિના પ્રયાસો અને કાર્યોનું પરિણામ હોય છે. તેથી વ્યક્તિગત પ્રયત્નો દ્વારા મેળવેલી ભૂમિકાઓ પ્રાપ્ત ભૂમિકાઓ તરીકે ઓળખાય છે. દાખલા તરીકે સેનામાં જનરલ બનવું, ડૉક્ટર અથવા એન્જીનીયર બનવુ વગેરે.

## પાઠગત પ્રશ્ન 9.2

યોગ્ય શબ્દો દ્વારા ખાલી જગ્યા પુરો

1. ____________ એ દરજ્જાનું પ્રગતિશીલ પાસુ છે.
2. એક ચોક્કસ દરજ્જા સાથે જોડાયેલ વિવિધ ભૂમિકાઓના સંયોજનને ................. કહે છે.
3. ભૂમિકાને દરજ્જાથી ...................કરી શકાય નહી.
4. ભૂમિકાનું આદર્શમૂલક પાસુ ...............છે.
૫. ભૂમિકાઓના બે પ્રકારો ................ અને.....................છે.

## તમે જે શીખ્યા

- આપણે આ પ્રકરણો આરંભ દરજ્જાની મહત્ત્વત્તાની જાણકારી સાથે કર્યો અને સૂચવ્યુ કે અનેક સામાજિક પરિસ્થિતિઓનો સમગ્ર અર્થ તેમાં સમાવિષ્ટ દરજ્જાઓ પર આધારીત હોય છે.
- આ ઉપરાંત આપણે એ બાબત પર ભાર રાખ્યો કે એક જટિલ સમાજમાં વ્યક્તિઓ વ્યચેના સામાજિક સંબંધો દરજ્જાઓ પર આધારીત હોય છે.

- આપણે દરજ્જો અને ભૂમિકામાં તફાવત દર્શાવ્યો. દરજ્જો એક સંરચનાત્મક ઘટના છે અને ભૂમિકા એક વ્યવહારિક ઘટના છે. દરજ્જો સમાજશાસ્ત્રની એક અવધારણા/ખ્યાલ છે, ભૂમિકા સામાજિક મનોવિજ્ઞાનની એક અવધારણા/ખ્યાલ છે, ભૂમિકા સામાજિક મનોવિજ્ઞાનની અદરજ્જાઓ સમાજમાં ઉદ્ભવે છે. અને જૂના દરજ્જાઓ અદશ્ય થઈ જાય છે. ખાસ કરીને, વ્યાવસાયિક દરજ્જાઓમાં સક્ષમ અને યોગ્ય ધારકો પોતાની જવાબદારીઓ અને અધિકારોનું ક્ષેત્ર વધારી દે છે જ્યારે અયોગ્ય અને નિર્બળ લોકો તેનાથી વિપરીત પ્રભાવની અસર હેઠળ આવી જાય છે. આપણે પ્રત્યાોપિત દરજ્જો અને ભૂમિકા તથા પ્રાપ્ત દરજ્જો અને ભૂમિકાની પણ ચર્ચા કરી.

## પાઠગત પ્રશ્ન 9.3

1. પ્રમુખ દરજ્જો કોને કહે છે ?

........................................................................................

2. સંબંધશીલ અને ભાગીદારી દરજ્જાઓ એટલે શું ?

........................................................................................

3. ભૂમિકાની કોઈ પણ ત્રણ લાક્ષણિકતાઓ/ગુણધર્મો જણાવો.

........................................................................................

## પાઠાન્ત પ્રશ્ન

1. સામાજિક સ્થિતિને વ્યાખ્યાયિત કરો.
2. સામાજિક દરજ્જાને વ્યાખ્યાયિત કરો. સામાજિક દરજ્જો અને ભૂમિકા વચ્ચેના સંબંધની ચર્ચા કરો.
3. 'દરજ્જો' અને 'ભૂમિકા'ને વ્યાખ્યાયિત કરો અને ઉદાહરણોના ઉપયોગ દ્વારા તેમની વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
4. 'પ્રત્યારોપિત દરજ્જો' અને 'પ્રાપ્ત દરજ્જો' વચ્ચે મૂળ તફાવત શું છે? પ્રત્યેકનું વિવેચન

નોંધ

કરો

5. ભૂમિકા એટલે શું? ભૂમિકાના અલગ-અલગ પ્રકારોની ચર્ચા કરો.
6. 'દરજ્જાઓ પ્રાપ્ત/ધારણ કરવામાં આવે છએ અને ભૂમિકાઓ નિભાવવામાં આવે છે.' આ વિધાન પર ટિપ્પણી કરો
7. ભૂમિકા-સંઘર્ષ એટલે શું? ભૂમિકા-સંઘર્ષને સંભાળવા માટે ઉપયોગ થતી કાર્ય વિધીની ચર્ચા કરો.
8. નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.
   (અ) દરજ્જાઓનો સમુહ
   (બ) ભૂમિકા-સમુહ
   (ક) પ્રત્યારોપિત તથા પ્રાપ્ત દરજ્જાઓ
   (ડ) પ્રત્યારોપિત તથા પ્રાપ્ત ભૂમિકાઓ
   (ઇ) ભૂમિકા-તાણ તથા ભૂમિકા-સંઘર્ષ
   (ફ) ભૂમિકા અંતર

## પાઠગત પ્રશ્નોના જવાબો

9.1 1. સામાજિક સ્થાન/સ્થિતિ 2. ભૂમિકા અને દરજ્જો
3. ભૂમિકા 4. પ્રત્યારોપિત, પ્રાપ્ત
5. બ્રાહ્મણ પુરુષ-સ્ત્રી વગેરે

9.2 1. ભૂમિકા 2. ભૂમિકા-સમુહ
3. અલગ 4. સંસ્કૃતિ
5. પ્રત્યારોપિત, પ્રાપ્ત

9.3 1. વિભાગ 9.2નો સંદર્ભ લો
2. વિભાગ 9.3નો સંદર્ભ લો
3. વિભાગ 9.4 નો સંદર્ભ લો

## સંદર્ભ પુસ્તકો

બિયરસ્ટેડ, રોબર્ટ, (1970), ધી સોશ્યલ ઓર્ડર, નવી દિલ્હી ટાટા મેકગ્રોહિલ પબ્લિશિંગ કં.લિ.

ડેવિસ, કે. (1949), હ્યૂમન સોસાયટી, મૈકમિલન

ગિડિંસ, એંથની (1993), સોશિયોલોજી, શિકાગો, ધી યુનિવર્સિટી ઓફ શિકાગો પ્રેસ.

જૉનસન, હૈરી એમ. (1960) સોશિયોલોજી, નવી દિલ્હીં એલાઈડ પબ્લીશર્સ પ્રા.લિ.

લિંટન, રાલ્ફ (1936) ધી સ્ટડી ઓફ મેન. એપિલ્ટન-સેન્ચૂરી-કોફ્ટસ આઈ.એન.સી

# 10

## સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષ

અત્યાર સુધીમાં તમે સમાજશાસ્ત્રમાં વપરાતાં કેટલાક પાયાના ખ્યાલો જેવા કે સમાજ, સમુદાય, સમૂહ, વ્યક્તિ તથા સંગઠનથી પરિચિત થઈ ગયા હશો. વાસ્તવમાં તેઓ સમાજને એક પાયાનું માળખું પુરું પાડે છે. સમાજ કોઈ સ્થાયી અથવા સ્થિર વસ્તુ નથી. તે સતત પરિવર્તનશીલ હોય છે. આ પરિવર્તન સમાજના સભ્યોની પારસ્પરિક આંતરક્રિયાઓથી સંભવ બને છે. સંપર્ક અને પારસ્પરિક વાતચીતના માધ્યમથી મનુષ્યોની પ્રવૃત્તિઓમાં આંતરક્રિયાઓ પ્રતિબિંબિત થાય છે. આ સંદર્ભમાં કેટલીક એવી કાર્ય - વિધિઓનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, જેના દ્વારા વ્યક્તિ અને સમૂહ પોતાની જરૂરિયાતો અને અપેક્ષાઓ પ્રમાણે પ્રવૃત્તિઓ કરે છે. આ કાર્ય - વિધિઓને "સામાજિક પ્રક્રિયાઓ " તરીકે ઓળખવામાં આવે છે. સહયોગ, પ્રતિસ્પર્ધા તથા સંઘર્ષ કોઈ ચોક્કસ સામાજિક સંદર્ભમાં વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતી વિભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓના મૂળ સિધ્ધાંતોનો

શું તમે ક્યારેય અહેસાસ કર્યો છે કે, તમે સમાજને જોઈ શકતા નથી. ? તમે માત્ર વ્યક્તિઓને પારસ્પરિક આંતર - ક્રિયાઓ કરતી જોઈ શકો છો. આ આંતરક્રિયાઓની પાછળ એક ચોક્કસ અર્થ અથવા હેતુ રહેલો હોય છે. આ અર્થ અથવા હેતુ મિત્રો, કૌટુંબિક સભ્યો, પાડોશીઓ, પરિચિતો તથા અપરિચિતોની સાથેના આંતર વ્યક્તિગત સંબંધોમાં સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષના વિભિન્ન પ્રકારોમાં અભિવ્યક્ત થાય છે.

### ઉદ્દેશ્યો

આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ તમે :-

- સામાજિક પ્રક્રિયાઓને સમજાવી શકશો.
- એ પધ્ધતિને સમજી શકશો કે જેમાં વ્યક્તિ અને માનવ સમુદાય પોતાની પ્રવૃત્તિઓ કરે છે.
- સામાજીક આંતરક્રિયાઓની પ્રકૃતિ અને પ્રકારોનું વર્ણન કરી શકશો .
- સહયોગ વિશેના સર્વ સામાન્ય મૂળભૂત ખ્યાલ તથા તેની પ્રકૃતિને સ્પષ્ટ કરી શકશો.
- પ્રતિસ્પર્ધા વિશેના સર્વ સામાન્ય મૂળભૂત ખ્યાલ તથા તેની પ્રકૃતિની વ્યાખ્યા સ્પષ્ટ કરી શકશો.
- સંઘર્ષ વિશેના સર્વ સામાન્ય મૂળભૂત ખ્યાલ તથા તેની પ્રકૃતિનું વર્ણન કરી શકશો.

- સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષને એક સામાજિક નિરંતરતાના રૂપમાં સમજાવી શકશો.

## 10.1 સામાજિક આંતરક્રિયાના રૂપમાં સામાજિક પ્રક્રિયા

સામાજિક પ્રક્રિયાની એક સામાજિક પ્રક્રિયા ભૂતકાળમાં બનેલી ઘટનાઓથી મળીને બનેલી હોય છે. તે પરંપરાઓ, રૂઢિઓ, નૈતિક, આદર્શો તથા મૂળ પ્રવૃત્તિઓ પર પણ આધારિત હોય છે. સામાજિક પ્રક્રિયા સ્વભાવથી જટિલ અને અચેતન હોઈ શકે છે, જ્યારે સામાજિક આંતરક્રિયાઓ મૂર્ત હોય છે. તે પરસ્પર આદાન - પ્રદાન, વાસ્તવિક તથા સામાજિક સંપર્ક પર આધારિત હોય છે. સામાજિક પ્રક્રિયા માનવ - સમુદાયના જીવનમાં વિભિન્ન પરિવર્તનોથી સંબંધિત હોય છે તે આંતરક્રિયાની પ્રકૃતિ પર અવલંબિત હોય છે. જેમાં ઐતિહાસિક, સાંસ્કૃતિક, રાજનીતિ તથા આર્થિક, ધાર્મિક અને સામાજિક પાસાંઓનો સમાવેશ થઈ શકે છે. આંતરક્રિયાનો સંબંધ કોઈ ક્રિયાની પ્રતિક્રિયા સ્વરૂપે કરેલી ક્રિયા અથવા કાર્ય સાથે હોય છે. જ્યારે આંતરક્રિયાનું પુનરાવર્તન થાય છે ત્યારે તે એક સામાજીક પ્રક્રિયા બની જાય છે.

| |
|---|
| જ્યારે કોઈ પતિ - પત્ની પ્રેમ, આત્મીયતા અને સહાનુભૂતિને કારણે એકબીજાની સહાયતા કરે તો તે ક્રિયા સહયોગનું સ્વરૂપ ધારણ કરી લે છે અને તે એક સામાજિક પ્રક્રિયા બની જાય છે. |

સામાજિક આંતરક્રિયા અને સામાજિક પ્રક્રિયાઓ પરસ્પર સંકળાયેલી હોય છે. એક વગર બીજાનું અસ્તિત્વ શક્ય નથી.

આ મુજબ સામાજિક પ્રક્રિયાઓનો અર્થ થાય છે. વ્યક્તિઓ અથવા સમુહો વચ્ચે થતી આંતરક્રિયા કે જેમાં સહયોગ, સંઘર્ષ, સામાજિક વિભેદન તથા એકીકરણ, વિકાસ, બંધન અને પણ સામેલ છે. અન્ય શબ્દોમાં સામાજિક પ્રક્રિયા એક એવી પધ્ધતિ છે કે જેમાં એક સમૂહના સભ્યોના સંબંધ જ્યારે પરસ્પર ગાઢ થઈ જાય છે તો તે એક વિશિષ્ટ અને ચોક્કસ ઓળખાણ અને વિશેષતા ધારણ કરી લે છે.


સામાજિક આંતરક્રિયા કે જે સામાજીક પ્રક્રિયાથી અલગ ઓળખાણ ધરાવે છે. તે મૂર્ત, વાસ્તવિક તથા વાર્તાલાપ, સામાજિક તથા પરસ્પર સંબંધો પર આધારિત હોય છે. પરસ્પર પ્રભાવોની એક પ્રણાલીમાં એક સાથે જોડાયેલા સમાજના સભ્યોની આંતરક્રિયાને સામાજિક આંતરક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. મોટા ભાગે તે સમકાલીન પરિસ્થિતિઓથી સંબંધિત હોય છે, અને તેથી તેને નક્કર અને વાસ્તવિક સમજવામાં આવે છે.

આ પ્રમાણે સામાજીક આંતરક્રિયા એક જટિલ પ્રક્રિયા છે અને તે માનવ આંતરક્રિયાના ત્રણ મુખ્ય સ્વરૂપો સહયોગ, પ્રતિસ્પર્ધા તથા સંઘર્ષથી બનેલી હોય છે.

## 10.2. સહયોગ

સામાન્ય રીતે સહયોગનો અર્થ થાય છે. એક સામાન્ય હેતુ માટે સાથે મળીને કામ કરવું. શું તમે તમારા ગામમાં અથવા પડોશમાં એ સમયે લોકોના પરસ્પર વ્યવહાર તરફ ધ્યાન આપ્યું છે કે જ્યારે તેઓ સામુદાયિક ઉત્સવ જેવા કે ‘ક્રિસમસ’,’દુર્ગાપૂજા’, ‘ગુરુ પર્વ’, ‘ઈદ’, જન્માષ્ટમી, અથવા ‘ રામલીલા’ વગેરેનું આયોજન કરે છે ? આ સમય ગામના કેટલાંક સ્વયં સેવકો ઘરે - ઘરે,

દુકાને - દુકાને ફરીને દાન એકઠું કરે છે. આ બધું દાન એક જગ્યાએ એકઠું કરવામાં આવે છે, અને ઉત્સવ- સમિતિના સભ્યો તેને ખર્ચ કરવાની પધ્ધતિ નક્કી કરે છે. આ કાર્યમાં દરેક સ્તર પર જો સભ્યો પોતાનો સહયોગ ન આપે તો આ પ્રકારના ઉત્સવની ઉજવણી કરવી સંભવ નથી .ઉત્સવ - સ્થળની સજાવટ તથા પૂજાના દરેક રીતી - રિવાજોને અનુસરવા વગેરે સહયોગના જ ઉદાહરણો છે. આ સહયોગ એક નિયમિત પ્રવૃત્તિ છે કે જે દર વર્ષે થાય છે. સ્વયંસેવકો અને સંગઠનો વર્ષે દર - વર્ષે બદલતા રહે છે. પરંતુ આ કાર્યો નિરંતર ચાલુ રહે છે.



આકૃતિ 10.1

## 1.2.1. સહયોગના પ્રકાર

સહયોગ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ બંને પ્રકારનો હોઈ શકે છે. જ્યારે લોકો એક સાથે મળીને એક કાર્ય કરે છે. જેમ કે પ્રાર્થના કરવી, પૂજા, ખેતી, પથ્થરોના ઢગલાને હટાવવો અથવા કાદવ - કીચડમાંથી કારને બહાર કાઢવા ધક્કો મારવો વગેરે પ્રત્યક્ષ સહયોગના ઉદાહરણો છે. બીજી તરફ અપ્રત્યક્ષ સહયોગ ત્યારે લેવામાં આવે છે. જ્યારે લોકો એક જ લક્ષ્ય સુધી પહોંચવા માટે અસમાન કાર્યો કરે છે. દરેક વ્યક્તિ પોતાની વિશિષ્ટ ભૂમિકા અદા કરે છે. ઉદાહરણ તરીકે, જ્યારે ઘર બનાવવા માટે મિસ્ત્રી, પ્લમ્બર, કડીયો, સ્થપિત (આર્કિટેકટ) અને અકુશળ મજુર સાથે કામ કરે છે તો તે પ્રકારનો સહયોગ વ્યક્તિના વિશેષ જ્ઞાન અને કુશળતાઓ પર આધારિત હોય છે. આધુનિક સમાજમાં ટેકનોલોજીના વિકાસને લીધે અપ્રત્યક્ષ સહયોગ વધુને વધુ જોવા મળે છે.

સહયોગને અન્ય ત્રણ પ્રકારોમાં પણ વિભાજીત કરી શકાય છે. (1) પ્રાથમિક સહયોગ (૨) ગૌણ સહયોગ (3) ક્ષેત્રીય સહયોગ. ઘર, પરિવાર તથા મિત્રો દ્વારા કરવામાં આવેલો સહયોગ પ્રાથમિક સહયોગ હોય છે કે, જેમાં પરસ્પર સામ - સામે પ્રત્યક્ષ સંબંધોને પસંદ કરવાના હોય છે. આ સ્થિતિમાં વ્યક્તિની રૂચિ, પ્રાથમિક સમૂહ સાથે મળી જાય છે. ગૌણ સહયોગ ગૌણ જૂથોમાં જોઈ શકાય છે. જેમ કે સરકાર, ઔદ્યોગિક પ્રતિષ્ઠાન, સ્વયંસેવી સંસ્થાઓ તથા ટ્રેડ યુનિયન વગેરે કે જ્યાં લોકો કેટલાંક નિશ્ચિત સ્વાર્થ અને રુચિઓ અનુસાર સહયોગ કરે છે. જ્યારે વ્યક્તિઓ અને માનવ સમૂહો કે જે એકબીજાના પ્રતિસ્પર્ધીઓ હોય છે. તે સાથે મળે છે , અને કોઈ એક ચોક્કસ હેતુની પૂર્તિ માટે એકબીજાને સહયોગ આપે છે. ત્યારે તેને ક્ષેત્રીય સહયોગ તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ તરીકે, કેટલીક વખત વિભિન્ન રાજકીય દળો ટૂંક સમય માટે પરસ્પર સહયોગી

બની જતા હોય છે.

સહયોગ એક એવી પ્રક્રિયા છે કે જે સામાજીક વ્યવસ્થા ટકાવી રાખવા માટે અત્યંત જરૂરી અને મહત્વપૂર્ણ છે તેથી સહયોગને એક સહગામી સામાજિક પ્રક્રિયા તરીકે ગણવામાં આવે છે. આ એક સાર્વભૌમિક બાબત છે જો આપણે સમાજના સભ્યો તરીકે જીવવાનું હોય તો આપણે સહયોગ વિના કંઈ કરી શકીએ નહી.

સહયોગ સામાજિક આંતરક્રિયાનું એક ધ્યેય કેન્દ્રીત અને સભાન સ્વરૂપ છે. તેમાં બે તત્વો સમાવિષ્ટ છે.

(1) સામાન્ય લક્ષ્ય (ઉદેશ્ય) તથા (૨) સંગઠિત પ્રયાસ બધી વ્યક્તિઓનો એક સામાન્ય ઉદ્દેશ્ય હોય છે. જેમ કે ઉત્સવની ઉજવણી કરવી પરંતુ તેઓ આ ત્યારે જ કરી શકે છે. જ્યારે બધા સભ્યો સંગઠિત થઈ એકબીજાને સહયોગ આપે. ઉદાહરણ તરીકે પરીવાર, સમુદાય,રાષ્ટ્ર,પરીવારના લોકો પરસ્પર આર્થિક, ભાવાનાત્મક તથા સામાજિક જરૂરિયાતોની પૂર્તિ માટે એકબીજાને સહયોગ કરે છે. જો પરિવારનો કોઈ એક સભ્ય બીમાર થઈ જાય અથવા કોઈ કારણથી માનસીક તાણમાં આવી જાય તો ઘરના અન્ય તમામ લોકો પોતાના બધા કાર્યો છોડીને બીમાર વ્યક્તિની તરફ વિશેષ ધ્યાન આપવા લાગે છે. જો દરેક બીમાર વ્યક્તિને ડોકટર પાસે સમય લેવામાં અને બીમાર વ્યક્તિને ડોકટર પાસે લઈ જવામાં, દવા લેવામાં વગેરેમાં વ્યસ્ત થઈ જાય છે તો અન્ય લોકો બીમાર વ્યક્તિ માટે નિર્ધારિત ખાવાની વસ્તુ તૈયાર કરવામાં તથા બીમાર વ્યક્તિની સાથે રહીને તેની રોજ - બરોજની જરૂરિયાતો પૂરી કરવામાં લાગી જાય છે. ઘરના સભ્યોના સહયોગથી મુશ્કેલીમાં સપડાયેલ વ્યક્તિ પોતાની કષ્ટદાયક ક્ષણોમાં પરિસ્થિતિ સાથે તાલમેલ મેળવીને ઠીક થઈ જાય છે.

પારિવારિક પરિવેશમાં માત્ર મુશીબતના સમયે જ સહયોગ આપવો જરૂરી નથી. દૈનિક જીવનમાં પણ ઘરની રોજબરોજની જરૂરિયાતોની પૂર્તિ માટે પણ ઘરના સભ્યો એકબીજાને સહયોગ આપતા હોય છે. બળતણનું લાકડું - એકઠું કરવું અથવા અન્ય સ્ત્રોતોમાંથી ઈંધણ મેળવવું, લોટ - દાળ પીસાવવા, દળાવવા, શાકભાજી ખરીદવા, ભોજન બનાવવું, બાળકોની દેખભાળ કરવી. પાળતું જાનવરોની દેખભાળ કરવી, છોડવાઓને પાણી આપવું, પાણી લાવવું અને તેનો સંગ્રહ કરવો વગેરે કાર્યો સરળતાથી ત્યારે જ થઈ શકે જ્યારે પરીવારના લોકો દરરોજ એકબીજાને પરસ્પર સહયોગ કરે, શ્રમ વિભાજનનો મુખ્ય સિધ્ધાંત જ આ પ્રકારને સફળ બનાવે છે.

## પાઠગત પ્રશ્ન - 10.1.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરી ખાલી જગ્યા ભરો અથવા સાચા જવાબ પર √ ની નિશાની કરો.

1. સહયોગમાં ............... સમાવિષ્ટ છે.

(અ) સામાન્ય લક્ષ્ય તથા સંગઠિત પ્રયાસ.

(બ) લક્ષ્ય અને સંગઠિત પ્રયાસ.

(ક) બે લક્ષ્ય અને એક કાર્ય- નીતી

(ડ) આમાંથી એક પણ નહિ.

2. ......................પ્રવૃત્તિ સહયોગનું લક્ષણ દર્શાવે છે.

(અ) વાદ - વિવાદમા ભાગ લેવો.

(બ) મકાન બાંધવું.

(ક) પરીક્ષા આપવી.

(ડ) ચૂંટણી લડવી

3. ઉત્સવો જેવા કે ઈદ, દશેરા, જન્માષ્ટમી વગેરેની ઉજવણી કરવા માટે એક સામૂહિક પ્રયાસની જરૂર હોય છે. જે...............નું પ્રતીક છે.

(અ) પ્રતિસ્પર્ધા

(બ) સંઘર્ષ

(ક) સહયોગ

4. સહયોગ સામાજિક આંતરક્રિયાનો ................ પ્રકાર છે.

(અ) અસમ્મિલિત

(બ) લક્ષ્ય કેન્દ્રિત

(ક)સંસ્કૃતિ વિશિષ્ટ.

5. સમાજશાસ્ત્રીઓએ સહયોગને ............ માં વર્ગીકૃત કર્યો છે.

(અ) પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રકારો

(બ) પ્રાથમિક, ગૌણ તથા ક્ષેત્રીય પ્રકારો

(ક) ઉપરના બંને ( અ તથા બ) પ્રકારો.

(ડ)ઉપરના ત્રણમાંથી એક પણ નહી.

6. આધુનિક સમાજમાં વ્યક્તિને સર્વાધિક ........... પ્રકારના સહયોગનો સામનો કરવો પડે છે.

(અ) અપ્રત્યક્ષ

(બ) સ્પષ્ટ

(ક)પ્રત્યક્ષ

(ડ)માત્ર પ્રતિસ્પર્ધીય

7. શ્રમના વિભાજનનો સિધ્ધાંત એ સ્થિતિમાં કામમાં આવે છે જયારે....... .

(અ) પ્રત્યેક વ્યકિત અથવા સમૂહે પોત - પોતાની વિશિષ્ટ ભૂમિકા નિભાવવાની હોય.

(બ) બધી વ્યકિત અને સમૂહ સમાન કાર્ય કરતા હોય.

(ક) ઉપરના બંને ('અ' તથા 'બ')

(ડ) ઉપરના એકપણ નહિ.

## 10.3. પ્રતિસ્પર્ધા

પ્રતિસ્પર્ધા પણ એક પ્રકારની આંતરક્રિયા હોય છે તે એવી વ્યકિતઓ અને માનવ - સમૂહો વચ્ચેના સંઘર્ષોનું સ્વરૂપ છે કે જે પરસ્પર સંપર્ક તથા વિચાર - વિનિમયથી જોડાયેલા હોય એ જરૂરી નથી. છતાં પણ પ્રતિસ્પર્ધા વ્યકિતઓ અથવા માનવ સમૂહો વચ્ચે પોતાની અસીમિત જરૂરિયાતોની પૂર્તિ અથવા સંતૃષ્ટિ માટે કરવામાં આવતો અવ્યકિતગત અને અચેતન સંઘર્ષ છે. પ્રતિસ્પર્ધા મર્યાદિત પુરવઠાને પરિણામે ઉદ્દભવે છે. જે બધાને પ્રાપ્ય ના હોઈ શકે છે.

પ્રતિસ્પર્ધા આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવાના હેતુથી સ્થાન પ્રાપ્તિ માટે કરવામાં આવતો સંઘર્ષ છે. સામાજિક વ્યવસ્થામાં વ્યકિત અથવા માનવ - સમૂહોનું સ્થાન કેટલાક નિર્દેશ થી નિર્ધારીત થાય છે. જેમ કે આવક, સંપત્તિ, સામાજીક પ્રતિષ્ઠા, રાજનૈતિક શક્તિ, શિક્ષણ વગેરે. પ્રતિસ્પર્ધાએ વિશિષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવા માટે એક પ્રતિયોગ્યતાના સ્વરૂપમાં વ્યાખ્યાયિત થાય છે કે જે માંગની પૂર્તિ માટે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ના હોય.

પ્રતિ સ્પર્ધા એક એવી સામાજિક પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે, કે જેમાં વ્યકિત અને સમૂહ એ વસ્તુને પ્રાપ્ત કરવા ઈચ્છે છે જે ન્યૂનત્તમ માત્રામાં હોય છે. જેમ કે, સામાન, ખાદ્ય સામગ્રી, સેવાઓ, સામાજીક સ્થાન, રાજનિતીક શક્તિ, આર્થિક તથા વ્યવસાયિક તકો. આ વસ્તુઓના અનેક ગ્રાહકો હોય છે. પ્રત્યેક વ્યકિત આ વસ્તુઓને મેળવવા ઈચ્છે છે. પરંતુ તે ખુબ ઓછી માત્રામાં હોય છે. સમાજ તેના દરેક સભ્યને આ અલ્પ માત્રામાં પ્રાપ્ત વસ્તુઓનો ઉપયોગ કરવા માટે સમાન તકો પૂરી પાડવામાં માને છે.

પ્રતિસ્પર્ધા એક સામાજિક પ્રક્રિયા છે કે, જે ઔપચારિક સંસ્થાનિક પરિવેશમાં આંતરક્રિયાત્મક પ્રક્રિયાની વિશેષતાઓ બતાવે છે ઉદાહરણ તરીકે કોલેજ અને શાળાઓમાં વિદ્યાર્થીઓ એક બીજા સાથે સર્વાધિક ગુણ અને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા માટે પ્રતિસ્પર્ધા કરે છે. તેઓ ખેલકૂદ, વાદ - વિવાદ, તથા વ્યાખ્યાન માળાઓ, નિબંધ - લેખન, ડ્રામા, પેઈન્ટિંગ તથા પ્રદર્શની અને વિભિન્ન અન્ય ક્ષેત્રોમાં પણ પ્રતિસ્પર્ધા કરે છે. આ તમામ પ્રતિસ્પર્ધાઓના વિશિષ્ટ નિયમો હોય છે. આ નિયમોનું પાલન કરીને જે વ્યકિત સૌથી સારી ઉપલબ્ધિ પ્રાપ્ત કરે છે. તે જ પ્રતિસ્પર્ધામાં વિજેતા બને છે, અને પુરસ્કાર પ્રાપ્ત કરે છે.

પ્રતિસ્પર્ધાની પ્રક્રિયાને નિમ્નલિખિત બે ઉદાહરણોથી સ્પષ્ટ કરી શકાય છે શું તમે કયારેય એ પરીક્ષાઓ આપવાનું વિચાર્યું છે કે જે વિભિન્ન સેવાઓ - બેંક, રેલ્વે, સૈન્ય (ફોજ) તથા સિવિલ સેવાઓ માટે લોકોની ભરતી કરવા માટે યોજવામાં આવે છે ? આ પ્રકારની નોકરીઓ ખૂબ સારુ સમ્માન અને આદર પ્રદાન કરે છે. પરંતુ ખૂબ અલ્પ માત્રામાં હોય છે. ભરતીની પ્રક્રિયાની એક ક્રિયા - વિધિ હોય છે. જે પસંદગી અને પરિત્યાગ (ઈલિમિનેશન) ની પ્રક્રિયાને સુનિશ્ચિત કરે છે.

ઉદાહરણ તરીકે સંઘ લોક સેવા આયોગ (UPSC) ભારતીય પ્રશાસનિક સેવાઓ અને અન્ય સેવાઓ માટે પરીક્ષાનું આયોજન કરે છે. આ પરીક્ષાનો મુખ્ય હેતુ પરીક્ષાર્થીઓના એક મોટા સમૂહમાંથી એક નાના સમૂહને પસંદ કરવાનો હોય છે કે, જેથી એ પસંદ થયેલી વ્યક્તિઓ જ મુખ્ય પરીક્ષા આપી શકે. આ પરીક્ષાર્થીઓમાં પ્રવેશવાના કેટલાક નિયમો હોય છે. જેમ કે ઓછામાં ઓછી જરૂરી શૈક્ષણિક યોગ્યતા, વૈકલ્પિક, વિષયોનો તાલમેલ, પરીક્ષાના માધ્યમ તરીકે એક નિશ્ચિત ભાષાની પસંદગી, વય મર્યાદા વગેરે. આ પરીક્ષાઓમાં પ્રવેશતા પરીક્ષાર્થીઓએ આ નિયમોનું પાલન કરવું પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમણે આ નિયમોની મર્યાદામાં રહીને અન્ય વ્યક્તિઓ સાથે પ્રતિસ્પર્ધા કરવાની હોય છે. આ પ્રકારની પ્રતિસ્પર્ધા સમાજના મૂલ્યવાન અને સમ્માનીય પદો અથવા સ્થાનો માટે યોગ્ય પાત્ર અથવા વ્યક્તિની પસંદગી તરફ દોરી જાય છે.

નગર નિગમો, રાજયની વિધાનસભાઓ અથવા રાષ્ટ્રની લોકસભાની ચૂંટણી પણ એક સામાજિક પ્રક્રિયા છે. જે પ્રતિસ્પર્ધા દ્વારા નિર્ધારીત થાય છે આ ચૂંટણીઓ માટે પણ વિશિષ્ટ નિયમો હોય છે. જેમ કે ઉમેદવારી પત્ર ભરવું, ઉમેદવારી પાછી લેવી, ચૂંટણી પ્રચાર માટે આચાર સંહિતા અને આ પ્રકારના અન્ય નિયમો, પ્રતિયોગી ઉમેદવારોએ આ નિયમોનું પાલન કરવું પડે છે. નહીંતર તેમને અયોગ્ય ઉમેદવાર તરીકે ઘોષિત કરી દેવામાં આવે છે.

પ્રતિસ્પર્ધા સામાજીક સંઘર્ષનો મૂળભૂત પ્રકાર છે, અને આ સંઘર્ષ ત્યારે ઉદ્દભવે છે. જયારે માંગ વધારે અને પૂર્તિ ખૂબ ઓછી હોય છે. પ્રતિસ્પર્ધાનો પાયાનો સિધ્ધાંત છે. "અનંત ઈચ્છાઓ ધરાવતી જનસંખ્યા અને સ્થિર તથા અપર્યાપ્ત સ્ત્રોતોનું જગત." ઉદાહરણ તરીકે આપણા સમાજમાં નોકરી શોધવા વાળા લોકોની સંખ્યા નોકરીઓની સંખ્યા કરતાં વધારે છે. તેથી પ્રાપ્ય સ્થાનો માટે પ્રતિસ્પર્ધા થાય છે. જે લોકો પહેલેથી નોકરી કરે છે. તેમની વચ્ચે મારું સ્થાન અને પદવૃધ્ધિ માટે પ્રતિસ્પર્ધા થાય છે પ્રતિસ્પર્ધા માત્ર રોજી - રોટી માટે જ નથી. પરંતુ ભોગવિલાસ, શક્તિ, સામાજિક પ્રતિષ્ઠા, નામ તથા પ્રસિધ્ધિ માટે પણ હોય છે.

## 10.3.1. પ્રતિસ્પર્ધાની વિશેષતાઓ

(1) પ્રતિસ્પર્ધા એક અવ્યક્તિગત સંઘર્ષ છે. પ્રતિસ્પર્ધા કયારેય વ્યક્તિગત અથવા ખાનગી નથી હોતી .કેટલાક સમાજશાસ્ત્રીઓના મત પ્રમાણે પ્રતિસ્પર્ધા સામાજીક સંપર્ક વિના આંતરક્રિયાઓથી સંબંધિત હોય છે. તે પ્રત્યક્ષ રૂપથી કોઈ વ્યક્તિ કે માનવ - સમૂહ પ્રતિ નિર્દેશિત નથી હોતી. અર્થાત્ તેનો કોઈ વ્યક્તિ વિશેષ સાથે સીધો સંબંધ નથી હોતો.

(૨) પ્રતિસ્પર્ધા મુખ્યત્વે એક અચેતન ક્રિયા છે. પરંતુ સમય - સમય પર સચેતન પ્રતિસ્પર્ધા પણ અસ્તિત્વમાં આવે છે. જયારે પ્રતિસ્પર્ધાઓ પોતાના વિષયોથી હટીને અન્ય પ્રતિસ્પર્ધીઓ તરફ પોતાની રૂચિ બદલે છે.ત્યારે તે પ્રતિદ્વંદ્વ અથવા વ્યક્તિગત સ્પર્ધા બની જાય છે.

(3) પ્રતિસ્પર્ધા સાર્વભૌમિક હોય છે. કોઈ પણ સમાજ પ્રતિસ્પર્ધા રહિત નથી હોતો. છતાં પણ પ્રતિસ્પર્ધાનું પરિમાણ અને માત્રા વિભિન્ન સમાજમાં અલગ - અલગ હોય છે. અસ્તિત્વ ધરાવતા બધા માનવ સમાજો અને સંસ્કૃતિઓમાં પ્રતિસ્પર્ધા જોવા મળે છે.

(4) પ્રતિસ્પર્ધાને ઉન્નતિની પ્રેરક સમજવામાં આવે છે. યોગ્ય પ્રતિસ્પર્ધા આર્થિકની સાથે - સાથે

સામાજીક પ્રગતિની પણ પ્રેરક હોય છે. ત્યાં સુધી કે તે સામાન્ય કલ્યાણ માટે પણ પ્રેરક છે. કારણ કે તે વ્યક્તિઓ અને સમૂહોને સારામાં સારો પ્રયાસ કરવા માટે પ્રેરિત અને પ્રોત્સાહિત કરે છે. તેથી કેટલાક સમાજશાસ્ત્રીઓ પ્રતિસ્પર્ધાને આધુનિક સભ્યતાના જરૂરી લક્ષણ તરીક ઓળખાવે છે. પ્રતિસ્પર્ધા વ્યક્તિઓને નવો અનુભવ અને ઓળખ બનાવવા માટે એમની ઈચ્છા અને સંતોષ માટે એક સારો અવસર પ્રદાન કરે છે.

(૫) ક્યારેક પ્રતિસ્પર્ધા વ્યક્તિઓ અને સમૂહો બંને માટે દોષપૂર્ણ બની શકે છે. તે ભાવાનાત્મક અશાંતિ ઉત્પન્ન કરે છે. અયોગ્ય પ્રતિસ્પર્ધાની અસર સર્વાધિક રીતે વિઘટક હોઈ શકે છે. સહયોગ અને પ્રતિસ્પર્ધા બંને રોજીંદા જીવનમાં મોટા ભાગની સામાજિક આંતરક્રિયાઓના મુખ્ય તત્વોનું ઘડતર કરે છે. કોઈ પણ સમાજ ન તો અન્યરૂપથી પ્રતિસ્પર્ધીય હોય છે અને ન અનન્ય રૂપથી સહયોગી હોય છે.

(6) પ્રતિસ્પર્ધા સહયોગી અને અસહયોગી બંને પ્રકારની સામાજિક પ્રક્રીયાઓથી સંબંધિત હોય છે.

## પાઠગત પ્રશ્ન :- 10.2. તથા 10.3.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો અને ખાલી જગ્યા પૂરો. અથવા ખરુ (√) નું નિશાન કરો.

1. જ્યારે વ્યક્તિ અથવા સમૂહ અલ્પ માત્રા ધરાવતી એ વસ્તુઓને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે કે જેના ખૂબ ગ્રાહકો છે તો સ્થિતિ તેમની વચ્ચે ......................ભાવ પ્રગટ કરે છે.

   (અ) સહયોગપૂર્ણ વ્યવહારનો

   (બ) પ્રતિસ્પર્ધીય

   (ક)સમાયોજનનો

   (ડ)સામાજીક સંપર્કનો

2. જ્યારે પ્રતિસ્પર્ધીઓ પ્રતિસ્પર્ધાના વિષયોથી પોતાની રૂચિ અન્ય પ્રતિસ્પર્ધીઓ તરફ પરિવર્તિત કરે છે તો તેને....................... કહેવાય છે.

   (અ) અપ્રત્યક્ષ પ્રતિસ્પર્ધા

   (બ) વિશ્વાસઘાત

   (ક) પ્રતિદ્વંદ્વતા

   (ડ) શાંતિપૂર્ણ સહ - અસ્તિત્વ.

3. એક સમાજના લોકો એક- બીજાથી ત્યારે સ્પર્ધા કરે છે જ્યારે..........

(અ) વધુ વ્યક્તિઓ સીમીત પદો માટે ઉમેદવારી નોંધાવે છે.

(બ) ઓછી સંખ્યામાં વ્યક્તિ અને વધુ સંખ્યામાં તકો હોય છે.

(ક) ઉપરના બંને (અ તથા બ)

(ડ) ઉપરમાંથી એક પણ નહિ.

4. પ્રતિસ્પર્ધામાં પ્રગતિ માટે .......... સ્વરૂપ માનવામાં આવે છે.

(અ) બાધા

(બ) પ્રેરક

(ક) સમાપ્તિ

(ડ) વિરોધી

5. પ્રતિસ્પર્ધા મુખ્યત્વે .......... પર કરવામાં આવતો એક દ્રન્દ્ર અથવા સંઘર્ષ છે.

(અ) વ્યક્તિગત સ્તર

(બ) સચેતન સ્તર

(ક) અવ્યક્તિગત સ્તર

(ડ) ઉપરમાંથી એક પણ નહિ.

6. સામાજિક સંપર્ક વિના આંતરક્રિયાને ............ કહેવામાં આવે છે.

(અ) સહયોગ

(બ) પ્રતિસ્પર્ધા

(ક) સંઘર્ષ

(ડ) ઉપરમાંથી એકપણ નહી.

7. એક સામાજિક પ્રક્રિયાના ગુણ-દોષ ............. થી જાણી શકાય છે.

(અ) માત્ર સહયોગ

(બ) માત્ર પ્રતિસ્પર્ધા

(ક) ઉપરોક્ત બંને (અ તથા બ)

(ડ) ઉપરોક્ત એક પણ નહિ.

## 10.4. સંઘર્ષ

સંઘર્ષ સામાજિક પ્રક્રિયાના એક અન્ય પ્રકારના વિરોધની પ્રક્રિયા છે. તે પ્રત્યેક સમાજ અથવા

સામાજીક પ્રણાલીમાં સ્વાભાવિક હોય છે. અને અભિવૃત્તિઓ, વ્યવહાર, રુઢિબધ્ધતાઓ તથા સામાજીક દૂરી માં પ્રતિબિંબિત થાય છે. સંઘર્ષની પ્રક્રિયા ત્યારે ઉદ્‌ભવે છે. જયારે એક સમૂહના ધારાધોરણો અને જીવનમૂલ્યો બીજા સમૂહના ધારાધોરણો અને જીવનમૂલ્યો સાથે અથડાય છે અથવા એક સમૂહ પોતાના જીવનમૂલ્યો તથા હેતુઓ માટેના અન્ય સંઘંષ અથવા દ્વંદ્વ કરે છે. ક્યારેક સંઘર્ષ સ્પષ્ટ જણાઈ આવે છે. ખાસ કરીને ત્યારે જયારે એક વ્યક્તિ અથવા સમૂહ પોતાના લક્ષ્યો પૂરા કરવાના પ્રયત્નો એ રીતે કરે છે કે જેનાથી અન્યો માટે મુશ્કેલી ઊભી થાય છે.

સંઘર્ષની પ્રક્રિયામાં ઘૃણા, દુશ્મની, વિરોધ, સ્વભાવ, તિરસ્કાર, વેર, નફરત, પ્રતિદ્વંદ્વતા તથા તનાવ વગેરે સમાવિષ્ટ હોય છે. આ તમામની અભિવ્યિક્તિ વ્યકિતના હઠપૂર્ણ કથનોની સાથે તેની પ્રવૃત્તિઓમાં પણ જોવા મળે છે જેમ કે, સામાજિક અંતર જાળવી રાખવું, પરસ્પર ભોજનના નિયમો વગેરે.આ રીતે સંઘર્ષ વ્યકિતને વીરોધ, ઝઘડા, મારામારી ,વેર, અસહમતિ વગેરે તરફ દોરી જાય છે. તેથી સમાજશાસ્ત્રીઓ દ્વારા સંઘર્ષને એક અસહયોગ ઉત્પન્ન કરનારી સામાજિક પ્રક્રિયા માનવામાં આવે છે. પ્રતિસ્પર્ધામાં નિયમોનું પાલન કરવામાં આવે છે. પરંતુ સંઘર્ષમાં પ્રાથમિક સ્તર પર કોઈ નિયમ હોતા નથી. સંઘર્ષપૂર્ણ સ્થિતિઓ ત્યારે ઉદ્‌ભવે છે. જયારે પરસ્પર વ્યવહારમાં લોકોના વ્યકિતગત અથવા સમૂહના પરસ્પર સ્વાર્થ એકબીજા સાથે અથડાય છે. દૈનિક જીવનમાં જોવા મળતાં સંઘર્ષમાં સર્વાધિક સામાન્ય ઉદાહરણ આ મુજબ છે. પિતાના મૃત્યુ પછી ભાઈઓ વચ્ચે સંપત્તિની વહેંચણી બાબતે સંઘર્ષ, ગામની બે જાતિઓ અથવા સમૂહો વચ્ચે સંઘર્ષ, સ્થાનિક સ્તર પર વિભિન્ન રાજકીય દળોનો સંઘર્ષ વગેરે.

પહેલાં સમાજશાસ્ત્રીઓ સંઘર્ષને એક સામાજીક પ્રક્રિયા તરીકે સ્વીકારતા નહોતા કારણ કે , પ્રાથમિક રીતે તે એક અસામાજીક ક્રિયા હોવાનો સંદેશ આપે છે. ત્યારબાદ એ ધ્યાનમાં લાવવામાં આવ્યું કે સંઘર્ષ કોઈ શારીરિક રોગ જેવી વાત નથી. કયારેક સંઘર્ષથી ખૂબ જ મહત્વપૂર્ણ કાર્યો થાય છે. સંઘર્ષ દ્વારા પણ સમાજ માટે અનેક સકારાત્મક પરિણામ આવી શકે છે. ઓછામાં ઓછું તેનાથી આંતર વિરોધી વિવીધતાપૂર્ણ વિચાર તથા નવી વાતો અથવા તર્ક સામે આવે છે. અને સંઘર્ષ જ સમાજમાં પરિવર્તન લાવવા માટે એક ઉપકરણનું કાર્ય કરે છે.

સંઘર્ષમાં અન્ય લોકોની ઈચ્છા વિરુધ્ધ જાણી જોઈને વિરોધ, આગ્રહ અથવા જબરજસ્તી કરવાની કોશીશ થાય છે. એક પ્રક્રિયા તરીકે સંઘર્ષ સહયોગનો વિરોધી થાય છે. સંઘર્ષથી અસહમતિ, ઉત્પાત થતા શાંતિ માટે ભય ઉદ્દભવે છે.

### 10.4.1. સંઘર્ષના ગુણ - દોષ

1. સંઘર્ષની પ્રકૃતિ દરેક સમાજમાં અલગ - અલગ હોય છે. પરંતુ તે બધા સમાજોમાં હાજર હોય છે. તેથી સંઘર્ષ સાર્વભૌમિક હોય છે. છતાં પણ કોઈ પણ સમાજ હંમેશા સંઘર્ષરત નથી હોતો.

૨. સંઘર્ષ એક સચેતન ક્રિયા છે. તેમાં સંકળાયેલા લોકો પોતાના લક્ષ્યો પૂરા કરવા માટે જાણી જોઈને એકબીજાનો વિરોધ કરે છે.

3. પ્રાથમિક રીતે સંઘર્ષ એક વ્યકિતગત ક્રિયા છે. સમય - સમય પર તે વધુ બળ પ્રાપ્ત કરી

લે છે તથા તેમાં ઘણા લોકો ભળી જાય છે. આ બાબતોમાં તે એક સામાજીક સમૂહના સ્તર પર પ્રગટ થવા લાગે છે. અથવા તેમાં સંપૂર્ણ સમાજ જ સામેલ થઈ જાય છે.

4. સંઘર્ષ એક સામાજિક પ્રક્રિયા છે. જે કયારેક દેખાઈ આવે છે. તે નિરંતર પ્રક્રિયા નથી. ઉદાહરણ તરીકે એક ગામમાં બે વિરોધી સમૂહો વચ્ચેનો સંઘર્ષ એક હિંસક રૂપ ધારણ કરી શકે છે. ત્યારબાદ એ જ શાંતિ ફરી સ્થાપિત થઈ શકે છે. જે સંઘર્ષ પહેલાં હતી તેથી સંઘર્ષમાં હંમેશા નિરંતરતાનો અભાવ હોય છે.

૫. સંઘર્ષથી સામાજિક પરિવર્તન આવે છે. સંઘર્ષપૂર્ણ વિચાર અને પરસ્પર વિરોધી વિચારાધારાઓ સામાજીક પરિવર્તનની પૂર્વ શરતો છે. જો એક સમાજ હંમેશા એક રસ અને શાન્તીની અવસ્થામાં રહે તો તે ત્યાં સુધી સ્થિર રહેશે જ્યાં સુધી તેમાં સામાજિક વિષમતા અથવા અસંતુલન નહીં આવે. સંઘર્ષ વિષમતાની અભિવ્યક્તિ છે.

સમાજશાસ્ત્રીઓ સંઘર્ષનું ઉદ્દગમ સ્થાન વ્યકિત અથવા માનવ - સમૂહો વચ્ચે અસ્તિત્વ ધરાવતા સામાજિક, રાજકીય તથા આર્થિક સંબંધોમાં આલેખે છે. આવા સંબંધોમાં સ્વાભાવીક અસમાનતા પ્રતિબિંબિત થાય છે. આ મુજબ સામાજિક સંઘર્ષની ઉત્પત્તિનો મૂળ આધાર અસમાનતા છે. વ્યકિતગત અથવા સામૂહિક સ્તર પર વ્યાપ્ત સંબંધોની સમજ અથવા પૂર્ણતા વંચિત કરવાની સ્થિતિ સંઘર્ષને ઉદ્દગમ અથવા ઉત્પતિનું મુખ્ય તત્વ છે. સંઘર્ષરત દળો એ વાત સમજે છે કે, તેઓ એકબીજાના વિરોધી દળ સાથે સંઘર્ષ કરી રહયા છે, અને આજ જાણકારી સંઘર્ષ ચાલુ રાખવા માટે જરૂરી હોય છે. સમાજશાસ્ત્રીઓ માનવની નૈસર્ગિક પ્રકૃતિને સંઘર્ષના પ્રમુખ સ્રોત તરીકે સ્વીકૃતિ નથી આપતા. અર્થાત્ એમના મત પ્રમાણે માણસ પ્રકૃતિથી જ લડાકૂ નથી હોતો. બીજી તરફ તેઓ અસમાન, અસંતુલિત સામાજીક, રાજકીય તથા આર્થિક સંબંધ રાખવાની પ્રવૃત્તિને સામાજિક સંઘર્ષનું મૂળ કારણ જણાવે છે.

## 10.4.2. સંઘર્ષના પ્રકાર

સંઘર્ષના અનેક પ્રકાર હોઈ શકે છે. (1) યુધ્ધ (૨) કૌટુંબિક કલેશ (ઝગડો) (3) મુકદમો અને (4) અવ્યકિતગત વિચારોનો સંઘર્ષ. યુધ્ધ એક સામૂહિક સંઘર્ષ હોય છે. જે આપણે બધા જાણીએ છીએ. મનુષ્યમાં ગહન અસહમતિની પ્રવૃત્તિ અથવા આવેગના કારણે યુધ્ધ થાય છે. કૌટુંબિક કલેશ અથવા ઝઘડાઓ એક દ્વારા બીજાને થયેલા અન્યાયને કારણે અસ્તિત્વમાં આવે છે. મુકદમા બાજી કોર્ટ- કચેરીના ન્યાયિક પ્રકરણોથી સંબંધિત હોય છે. કોઈ આદર્શ માટે વ્યકિતઓ દ્વારા કરવામાં આવેલો સંઘર્ષ અવ્યકિતગત વિચારોનો સંઘર્ષ હોય છે.

કેટલાક સમાજશાસ્ત્રીઓએ સંઘર્ષોના ઘણા વર્ગીકરણ કર્યા છે. આપણે કેટલાક મહત્વપૂર્ણ સંઘર્ષોની ચર્ચા કરીશું.

(1) સંઘર્ષ (અ) પ્રત્યક્ષ (ખુલ્લો) અથવા (બ) અપ્રત્યક્ષ હોઈ શકે છે. પ્રત્યક્ષ સંઘર્ષને જોઈ શકાય છે. પરંતુ અપ્રત્યક્ષ સંઘષ અદશ્ય રહે છે.

(૨) સંઘર્ષ (અ) સંગઠિત અથવા (બ) વ્યકિતગત હોય છે. સંગઠિત સંઘર્ષ સમાજના સમૂહો અથવા બે સમાજો વચ્ચે ઘટે છે. સાંપ્રદાયિક હુલ્લડો, રાષ્ટ્રો વચ્ચે પરસ્પર યુધ્ધ, ઔદ્યોગિક મજૂરોની હડતાલો વગેરે સંગઠિત સંઘર્ષોના કેટલાક ઉદાહરણો છે. બીજી તરફ વ્યકિતગત સંઘર્ષના સમૂહની અંદર પરસ્પર ઈર્ષ્યા, દ્રેષ, શત્રુતા, વેર અથવા વિશ્વાસઘાતને કારણે ઘટે છે.

(3) સંઘર્ષ કયારેક , અસ્થાયી (અલ્પકાલીન) હોઈ શકે છે. અથવા સ્થાઈ પણ હોઈ શકે છે. વ્યકિતઓ વચ્ચે રસ્તા પર , ગામની દુકાન પર, શહેરની બસો વગેરે સ્થાનો પર નાની - નાની વાતો પર થતાં સંઘર્ષો અથવા ઝઘડાઓ અલ્પકાલિન અથવા અસ્થાઈ સંઘર્ષના ઉદાહરણ છે. આ સંઘર્ષો લાંબા સમય સુધી નથી ચાલતા. લોકો સામાન્ય રીતે તેને ભૂલી જાય છે, અને સામાન્ય જીવન જીવવા લાગે છે. બીજી તરફ, ગામના બે વિરોધી જૂથો વચ્ચે સંઘર્ષ અથવા પરસ્પર વેર ધરાવતી બે જાતિઓના વંશજો વચ્ચેનો સંઘર્ષ -ચિરસ્થાયી સંઘર્ષના ઉદાહરણો છે. આ બાબતોમાં પણ સંઘર્ષ નિરંતર નથી ચાલતો. આ પ્રકારના સંઘર્ષો ખૂબ લાંબા સમય સુધી ચાલતા રહે છે અને કયારેક ઘણી પેઢીઓ સુધી ચાલુ રહે છે. છતાં પણ શાંતિ અને સામાજિક એકતાનો સમય વચ્ચે - વચ્ચે આવતો રહે છે. જેના પછી ઘોર સંઘર્ષનો સમય આવ - જા કરે છે.

## 10.5. સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષ સામાજીક સતતતા તરીકે

સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષની પ્રક્રિયાઓ બધા પ્રકારની સામાજીક આંતરક્રિયાઓનો આધાર હોય છે. પરિસ્થિતિ પ્રમાણે લોકો એકબીજાને સહયોગ કરે છે. અથવા પરસ્પર સંઘર્ષ અથવા ઝઘડો કરે છે. ઉદાહરણ તરીકે નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો સાથે મળીને, સહયોગપૂર્વક પરસ્પર ચર્ચા કરીને, નોટ્સ તથા અન્ય પુસ્તકોની અદલા - બદલી કરીને તૈયારી કરી શકે છે. અથવા તેઓ એકબીજા સાથે દુશ્મનાવટ કરી શકે છે. ત્યાં સુધી કે તેઓ અનુચિત સાધનોનો પ્રયોગ કરી શકે છે. જેથી સંઘર્ષ ઉત્પન્ન થાય અને પ્રતિયોગી પરીક્ષામાં પૂર્ણ સફળતા પ્રાપ્ત ના કરી શકે. સંપૂર્ણ વિશ્વના બધા સમુદાયો તથા સમાજોમાં સહયોગ,પ્રતિસ્પર્ધા તથા સંઘર્ષના સ્વરૂપો જોવા મળે છે. તેઓ પરસ્પર એ રીતે સંકળાયેલા છે કે, તેમને એક - બીજાથી અલગ કરવા મુશ્કેલ છે. આ પ્રક્રિયાઓની પ્રકૃતિ અને સીમા વિભિન્ન સ્થાનીય, સામાજીક તથા સાંસ્કૃતીક દશાઓ અને સ્થિતિઓ અનુસાર અલગ - અલગ હોઈ શકે છે. પરંતુ તેમની હાજરી સાર્વભૌમ છે. અને તે સમાજમાં સદા સ્થાયી રહેનારી પ્રવૃત્તિઓ છે એમનું સ્થાયીત્વ અનિવાર્ય છે.

## પાઠગત પ્રશ્નો : 10.4. તથા 10.5.

પ્રત્યેક વિધાનની સામે 'સત્ય' અથવા 'અસત્ય' લખી ઉત્તર આપો.

(અ) સંઘર્ષ ત્યારે ઉત્પન્ન થાય છે જ્યારે એક સમૂહના ધારા - ધોરણો અને જીવન મૂલ્યો બીજા સાથે અથડાય છે. અથવા દંદ્ર કરે છે.

(બ) પ્રતિસ્પર્ધામાં નિયમોનું પાલન કરવામાં આવે છે. પરંતુ સંઘર્ષમાં કોઈ નિયમો નથી હોતા.

(ક) સંઘર્ષથી જુદી ઉપદ્રવના/ઉત્પાત અથવા શાંતિ માટે ભય ઉત્પન્ન નથી થતો.

(ડ) સંઘર્ષથી જુદી સામાજિક પરિવર્તન નથી આવતું.

(ઈ) સહયોગ,પ્રતિસ્પર્ધા તથા સંઘર્ષની પ્રક્રિયા બધા પ્રકારની સામાજીક આંતરક્રિયાઓના આધારમાં સમાયેલી હોય છે.

## તમે જે શીખ્યા

- સહયોગ,પ્રતિસ્પર્ધા અને સંઘર્ષ એક વિશેષ સામાજીક સંદર્ભમાં લોકો દ્વારા કરવામાં આવેલ વિભિન્ન પ્રવૃત્તિઓના મૂળ સિધ્ધાંતને નિર્દેશિત કરે છે.
- સહયોગનો સામાન્ય અર્થ થાય છે સમાન રૂચીના કાર્યને હળી - મળીને પૂર્ણ કરવું.
- સહયોગને (1) પ્રાથમિક (૨) ગૌણ તથા (3) ક્ષેત્રીય સહયોગ તરીકે વર્ગીકૃત કરી શકાય છે.
- સહયોગ સામાજીક આંતરક્રિયાનો એક લક્ષ્ય કેન્દ્રિત તથા સચેતન પ્રકાર છે. તેમાં બે તત્વો સામેલ હોય છે.
- પ્રતિસ્પર્ધા આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા તથા સામાજિક સ્થાન મેળવવા માટેનો એક સંઘર્ષ છે.
- પ્રતિસ્પર્ધા સામાજીક સંઘર્ષનું મૂળભૂત સ્વરૂપ છે અને તે ત્યારે અસ્તિત્વમાં આવે છે જ્યારે માંગ પુરવઠાથી વધી જાય છે.
- પ્રતિસ્પર્ધા દરેક માનવ સમાજો અને સંસ્કૃતિઓમાં જોવા મળે છે.
- પ્રતિસ્પર્ધા વ્યક્તિ અને સમુદાય બંને માટે ઘાતક બની શકે છે. તેમાં ભાવનાત્મક અડચણો આવી શકે છે.
- સામાજીક આંતરક્રિયાના બીજા પ્રકાર તરીકે સંઘર્ષ એક વિરોધની પ્રક્રિયા છે.
- સંઘર્ષ સહયોગથી વિપરીત હોય છે.

## પાઠાન્ત પ્રશ્નો

1. સામાજીક પ્રક્રિયાનો અર્થ અને તેનો મૂળભૂત ખ્યાલ સમજાવો.
2. પ્રતિસ્પર્ધાના ગુણ - દોષોનું વર્ણન કરો.
3. ટૂકંનોધ લખો.

   (અ) સામાજીક આંતરક્રિયા

   (બ) પ્રાથમિક અને ગૌણ સહયોગ

4. લક્ષ્ય કેન્દ્રીત અને સંગઠિત સહયોગો દ્વારા તમે શું સમજો છો ? સ્પષ્ટ કરો.
5. વિભિન્ન પ્રકારના સંઘર્ષોનું વર્ણન કરો.

નોંધ

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

| 10.1. | 10.2. | 10.3. |
|---|---|---|
| 1 (અ) | 1 (અ) | (અ) સત્ય |
| ૨. (બ) | ૨ (ક) | (બ) સત્ય |
| 3. (ક) | 3. (અ) | (ક) અસત્ય |
| 4. (બ) | 4. (બ) | (ડ) અસત્ય |
| ૫. (બ) | ૫ . (ક) | (ઈ) સત્ય |
| 6. (અ) | 6. (બ) | |
| 7. (અ) | 7. (ક) | |

## સંદર્ભ પાઠયપુસ્તકો


1. લેસ્ટી, જી.આર. એટ. અલ. : ઈન્ટ્રોડકટરી સોશિયોલોજી (1980)
૨. મૈકલેવ, આર.એમ.એન્ડ સી.એચ. પેજ : સોસાયટી (198૫)
3. ગિલિન, જે.એલ. એન્ડ ગિલિન - ડી.પી. એન ઈન્ટ્રોડકશન ટૂ સોશિયોલોજી (1949)
4. ફિશર, જોસેફ એચ :: સોશિયોલોજી (19૫7)

# 11

# સંક્રમણ, આત્મસાતીકરણ અને એકીકરણ

અગાઉના પ્રકરણમાં આપણે સામાજિક આંતરક્રિયામાં સમાવિષ્ટ સામાજિક પ્રક્રિયાઓ વિશે અભ્યાસ કર્યો અને તેનું વિવેચન કર્યું. એવી પરિસ્થિતિઓની કલ્પના કરો કે જેમાં વ્યક્તિઓ એક બીજા સાથે સહયોગ પૂર્વક કાર્ય કરતી હોય, એકબીજા સાથે પ્રતિસ્પર્ધા કરતી હોય તથા એકબીજા સાથે અથવા વિરોધીઓ સાથે સંઘર્ષપૂર્ણ વ્યવહાર કરતી હોય. આપણે કહી શકીએ છીએ કે સહયોગ, પ્રતિસ્પર્ધા અને સંઘર્ષ પ્રાથમિક રૂપથી વ્યક્તિઓ અને સમૂહો વચ્ચે થતી સામાજિક આંતરક્રિયાની સાથે સંબંધિત સામાજિક પ્રક્રિયાઓ છે. આમ છતાં અન્ય સામાજિક પ્રક્રિયાઓના કેટલાક અન્ય પ્રકારો પણ છે જે સમાજમાં મોટા પાયે જોવા મળે છે. આ પ્રક્રિયાઓ છે. સંક્રમણ, આત્મસાતી કરણ અને એકીકરણ આ પ્રક્રિયા ઓ વ્યક્તિગત આંતરક્રિયાની પ્રકૃતિને વર્ણવતી નથી બીજી તરફ તે સમગ્ર સમાજ અને સાંસ્કૃતિક સ્તર પર આંતરક્રિયાઓના પરિણામો પર પ્રકાશ પાડે છે. આ પ્રમાણે ટૂંકમાં આપણે એવું કહી શકીએ કે પ્રકરણ-દસમાં વ્યક્તિગત અને સામૂહિક સ્તર પર સામાજિક આંતરક્રિયાની પ્રકૃતિનો વર્ણન છે તો આ પ્રકરણમાં આ આંતરક્રિયાઓની સમગ્ર સમાજ પર થતી અસરો વિશે ચર્ચા કરવામાં આવશે તેથી, આ પ્રકરણમાં મુખ્ય રૂપે સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનની એ તમામ સામાજિક પ્રક્રિયાઓને કેન્દ્રમાં રાખી ચર્ચા કરવામાં આવશે.

સાંસ્કૃતિક વિશેષતાઓ સામાન્ય રીતે પ્રત્યેક સમાજમાં એક સમાન હોય છે જેમ કે પ્રેમ, ધૃણા, અહંકાર, પૂર્વાગ્રહ, ઉત્સવની ઉજવણી કરવી વગેરે. કોઈપણ દેશમાં સાંસ્કૃતિક વિભિન્નતા ભૌગોલિકતા, માનવ કૌશલ્યો, ટેકનોલોજી, શિક્ષણ સંઘર્ષ, રુચિ, વારસો પરંપરા વગેરેમાં પ્રતિબિંબિત થાય છે આ પ્રકરણમાં સામાજિક પ્રક્રિયાઓના વિભિન્ન પાસાઓ સંબંધિત મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે અને સાથે સાથે વ્યક્તિના સમૂહોમાં રહેવાથી સંબંધિત સામાજિક સંબંધોનું પણ અધ્યયન કરવામાં આવશે.

## ઉદ્દેશ્યો

આ પ્રકરણના અભ્યસ પછી તમે

- સંક્રમણ, આત્મસાતીકરણ અને એકીકરણ વગેરે પ્રક્રિયાઓના ખ્યાલને સમજાવી શકશો
- આ ત્રણ પ્રક્રિયાઓની પ્રકૃતિ અને પરિબળો સમજાવી શકાશો.
- આ ત્રણ પ્રક્રિયાઓમાં આંતર સંબંધો અને વિભિન્નતાઓને સાંકળી શકશો

- વિભિન્ન સામાજિક અને સાંસ્કૃતિક સમૂહોમાં આ સામાજિક પ્રક્રિયાઓ ગ્રહણ કરવાના ઉપાયો અને સાધનો વિશે સમજાવી શકશો.

## 11.1 સંક્રમણ

સંક્રમણનો અર્થ થાય છે એક સામાજિક સમૂહથી બીજા સામાજિક સમૂહમાં સાંસ્કૃતિક તત્વોનું પ્રસારણ અને સ્થાનાંતરણ સંક્રમણ સંસ્કૃતિ-પરિવર્તનની એક પ્રક્રિયા છે જે વિભિન્ન સંસ્કૃતિઓ વાળા સમુદાયો વચ્ચે સંપર્કને કારણે પરિણમે છે. સંક્રમણની બાબતમાં બંને સંસ્કૃતિઓ પરસ્પર પ્રભાવિત થાય છે કારણ કે એક સંસ્કૃતિના ગુણો (લાક્ષણિકતાઓ) બીજી સંસ્કૃતિમાં સ્થાનાંતરિત થાય છે.

પ્રત્યેક સમાજ અને સમૂહમાં સાંસ્કૃતિ સંપર્કનું અસ્તિત્વ હોય છે. આ ત્યારેજ સંભવ છે જ્યારે લોકો નવા ગુણો, પ્રકૃતિઓ ને અપનાવવા ઈચ્છતા હોય અને જુની-પ્રકૃતિઓ અને વિશેષતાઓને પણ જાળવી રાખવા ઈચ્છતા હોય.

સંસ્કૃતિ કદી જન્મજાત નથી હોતી વ્યક્તિ જન્મ બાદ પ્રાપ્ત થતા સામાજિક વાતાવરણમાં સાંસ્કૃતિક મૂલ્યો, રીતિ-રીવાજો, પરંપારાઓ તથા માપદંડોની જાણકારી મેળવે છે. કોઈ પણ સંસ્કૃતિ શુદ્ધ અને નૈસર્ગિક નથી હોતી. કોઈપણ સંસ્કૃતિ પૂર્ણ રીતે અલગ રહી શકે તે સંભવ નથી કોઈ સંસ્કૃતિ એકલી જીવંતના રહી શકે. નિરંતરતા અને પરિવર્તનશીલ સંસ્કૃતિ એક પ્રગતિશીલ પ્રક્રિયા છે. આધુનિક પરિવહન અને સંચાર માધ્યમો દ્વારા સાંસ્કૃતિક સંપર્ક સુગમ બન્યો છે. બે ભિન્ન-ભિન્ન સંસ્કૃતિઓના સંપર્કોથી વિભિન્ન સાંસ્કૃતિક વિશેષાતઓ અથવા ગુણોને પરસ્પર ગ્રહણ કરવામાં સહાયતા મળે છે જે ક્ષેત્રોમાં સંપર્કનો પ્રભાવ પડે છે તે ક્ષેત્રો છે. કલા-કૌશલ્ય, વેષભૂષા, ભોજન વિધિઓ, ભાષા અને સાહિત્ય, રીતિ-રિવાજ, ધાર્મિક પૂજા પધ્ધતિઓ તથા આર્થિક અને ધાર્મિક જીવનની શૈલીઓ વગેરે. ભૌતિક સંસ્કૃતિ અને મૂલ્યોમાં આ તત્વો વધુ જોવા મળે છે સંક્રમણની આ પ્રક્રિયામાં આ સાંસ્કૃતિક ગુણોના આદાન-પ્રદાનનો પ્રબળ સાંસ્કૃતિક પ્રભાવ એ લોકો પર ખાસ જોવા મળે છે જે ઓછી સંખ્યામાં હોય છે. અથવા તો સ્થાનાંતારિત થયેલ હોય છે.

શિક્ષણ સંક્રમણને પ્રભાવિત કરનારું એક પ્રબળ પરિબળ છે કારણ કે તે સમુદાયના વિચારો દ્વારા પ્રભાવિત હોય છે. સંક્રમણની પ્રક્રિયાને પ્રભાવિત અથવા પ્રતિબિંબિત કરવામાં આધુનિક પરિવહન

અને સંચાર માધ્યમો વિશિષ્ટ ભૂમિકા નિભાવે છે છતાં પણ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન એટલી સરળ પ્રક્રિયા નથી. સંક્રમણ ગ્રહણ કરનારની સ્વીકૃતિ અને પરિવર્તિત હોવાની યોગ્યતા અને ક્ષમતાઓ પર નિર્ભર કરે છે. સંસ્કૃતિનું એક સાથે અથવા પૂર્ણ રૂપથી સંક્રમણ ક્યારેય સંભવ ન બની શકે.

સંક્રમણ એક સાર્વભૌમિક અને સતત પ્રક્રિયા છે. જે સમયની ગતિને અનુરૂપ ઘટે છે. સતતના અને પરિવર્તનની સાથે એકતા અને વિસ્તારથી પણ સંસ્કૃતિ ઓળખાય છે. સંક્રમણની સ્થિતિમાં પરંપરાગત સંસ્કૃતિ અને આધુનિક સંસ્કૃતિ વચ્ચેનો સંઘર્ષ કોઈ ગંભીર સમસ્યા ઉત્પન્ન નથી કરતો.

### 11.1.1 સંક્રમણની લાક્ષણિકતાઓ/ગુણધર્મો

1. સંક્રમણ એક સચેતન અથવા અચેતન પ્રક્રિયા હોઈ શકે છે. લોકો કે જેઓ અન્ય સંસ્કૃતિના ગુણો ગ્રહણ કરે છે તેઓ સંક્રમણની પ્રક્રિયાથી જાણકાર હોય પણ અને ના પણ હોય.

2. સંક્રમણ ત્યારે અસ્તિત્વમાં આવે છે. જ્યારે વિભિન્ન સંસ્કૃતિઓ વાળા બે અથવા બે થી વધુ સ્મુદાયો એકબીજાના સંપર્કમાં આવે છે અને પરસ્પર એક બીજાના સાંસ્કૃતિક તત્વોને ગ્રહણ કરવાનો પ્રારંભ કરે છે. તેથી આ સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયા દ્વિતરફી હોય છે. આનાથી પ્રભાવિત બંને સમૂહોમાં કેટલાક પરિવર્તનો આવે છે.

3. સંક્રમણ એકાએક નથી થતુ. સમુદાયો દ્વારા સાંસ્કૃતિક તત્વોના પરસ્પર આદાન-પ્રદાનમાં ખૂબ સમય લાગે છે. પરંતુ સંક્રમણમાં લાગનારો સમય નિશ્ચિત રૂપથી આત્મજ્ઞાની કરણમાં લાગતા સમય કરતા ઓછો હોય છે.

4. સંક્રમણની ઘટના પ્રત્યક્ષ રૂપથી અથવા અપ્રત્યક્ષ રૂપથી દૂરથી ઘટી શકે છે. જેમ કે રેડિયો, ટીવી, વર્તમાન પત્રો અને સાહિત્ય વગેરે માધ્યમો દ્વારા.

5. આત્મસાનીકરણ અથવા એકીકરણ માટે સંક્રમણ એક પૂર્વ નિર્ધારીત શરત છે. સાંસ્કૃતિક સંપર્ક પછી જ આત્મસાતીકરણ અથવા એકીકરણની દિશામાં આગળ વધવાની સ્થિતિ ઉત્પન્ન થાય છે.

## પાઠગત પ્રશ્ન 11.2

યોગ્ય શબ્દો વડે ખાલી જગ્યા પૂરો

(અ) સંક્રમણ ____________ ની એક પ્રક્રિયા છે.

(બ) સંક્રમણ એક ____________ છે.





(ક) તે પરસ્પર ______________ ના કારણે પરિણમે છે.

(ડ) સાંસ્કૃતિ સંપર્ક ______________ અને ______________ દ્વારા સુગમ બની જાય છે.

(ઇ) સંક્રમણનો અર્થ થાય છે એક સામાજિક સમૂહમાંથી બીજા સામાજીક સમૂહમાં સાંસ્કૃતિક તત્વોનું ______________

(ફ) સંક્રમણ ______________ અને ______________ પ્રક્રિયા છે.

(જ) સંક્રમણ ______________ અને ______________ માટેની એક પૂર્વ નિર્ધારીત શરત અથવા અવસ્થા છે.

## 11.2 આત્મસાતીકરણ

આત્મસાતીકરણ પણ સાંસ્કૃતિક સંપર્ક દ્વારા જ સંભવ બને છે એક સામાન્ય અનુમાન છે કે વ્યક્તિઓ વચ્ચે જેટલો સંપર્ક વધારે હશે તેટલા જ તેઓ એકબીજાને વધુ પસંદ કરશે. જેટલો વધારે પરસ્પર સંવાદ તેઓ કરશે તેટલો જ વધારે તેઓ સમાન બનાવાનો પ્રયત્ન કરશે. એક સામાન્ય માન્યતા છે કે બીજા વિશે આપણે જેટલું વધારે જાણીશું તેટલા જ વધારે આપણે તેમને પસંદ કરીશું આત્મસાનીકરણનો અર્થ થાય છે કે એક વ્યક્તિ અથવા સમુદાયે બીજા વ્યક્તિ અથવા સમુદાયના જીવન મૂલ્યોને એ હદ સુધી ગ્રહણ કરી લીધા હોય કે તેમની પોતાની ઓળખ અદશ્ય થઈ ગઈ હોય. આત્મસાતીકરણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં અસમાન સંસ્કૃતિઓ વાળી વ્યક્તિઓનો નજીકનો સંપર્ક હંમેશા સાંસ્કૃતિ તત્વોના સમન્વયમાં પરિણામે છે.

આત્મસાતી કરણને પ્રાકૃતિક રીતે ઘટનાર પ્રક્રિયા માનવામાં આવે છે. આત્મસાતીકરણની પ્રક્રિયાને 'સમાન માનસિકતા' ના સિદ્ધાંત સમાન માનવામાં આવે છે. આ વિચાર જો લોકપ્રિયતા પર આધારિત છે કે સમાનતાઓ અને સમરુપતાઓ એકતાની સમાન અથવા સમરૂપ હોય છે. આત્મજ્ઞાની કરણની પ્રક્રિયાને સમાન વિચાર અનુભવ અને તે પ્રમાણે કાર્ય કરવાની પ્રક્રિયા માનવામાં આવે છે.

આત્મસાતી કરણનો બીજો અર્થ થાય છે દેશાંતર કરનાર વ્યક્તિએ ભૂતકાળમાં કંઇક યોગદાન આપ્યુ હોય તો તેની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તે ભવિષ્યમાં પણ પોતાના સ્વભાવ, સંસ્કૃતિ અને તત્વજ્ઞાનમાંથી આવનાર નવી પેઢીને કંઈક આપશે. આ વિચારનો ઉદ્‌ગમ દેશાંતર કરનાર વ્યક્તિઓ દ્વારા થાય છે અને એ લોકો દ્વારા નિર્ધારીત કરવામાં આવે છે જે તેમના નજીકના સંપર્કમાં હોય છે. આત્મસાનીકરણની પ્રક્રિયાનો જેટલો સંબંધ સમાનતા સાથે છે તેટલો જ વિભિન્નતા સાથે પણ છે.

આત્મસાની કરણ અને સંમેલનની એક પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ અને સમૂહ બીજી વ્યક્તિઓ અને સમૂહોની સ્મૃતિઓ, ભાવનાઓ તથા અભિવૃત્તિઓને પોતાના અનુભવો તથા ઈતિહાસના આદાન-પ્રદાન દ્વારા ગ્રહણ કરે છે. અને તેમના સંમેલનથી એક સામાન્ય સાંસ્કૃતિક જીવનનો પ્રારંભ કરે છે.

આત્મસાની કરણની પ્રક્રિયામાં અનિવૃત્તિઓમાં સુધાર ધીમા અને સંયમિત હોય છે.

## 11.2.1 આત્મસાતીકરણની લાક્ષણિકતાઓ/ગુણધર્મો

(1) આત્મસાનીકરણ સામાજિક પ્રક્રિયામાં સંલગ્ન સમૂહોના સભાન પ્રયત્નો વિના અસ્તિત્વમાં આવે છે. તેથી આત્મસાનીકરણ એક અચેતન પ્રક્રિયા છે.

(2) સામાન્ય રીતે આત્મસાની કરણ થવામાં લાંબો સમય લાગે છે. જ્યારે બે સંસ્કૃતિઓ પરસ્પર સંપર્કમાં આવે છે ત્યારે એક લાંબા સમય પછી એકબીજામાં વિલીન થઈ શકે છે. આમ, આત્મસાનીકરણ એક ધીમી પ્રક્રિયા છે.

(3) આત્મસાતીકરણ ત્યારે જ ઘટે છે જ્યારે આ પ્રક્રિયામાં સંલગ્ન સંસ્કૃતિઓ અસમાન હોય તેમનામાં એક પ્રકારની શ્રેણી બધ્ધતા હોય છે. તેમાં એક પ્રબળ સંસ્કૃતિ હોય છે તો બીજી ગૌણ સંસ્કૃતિ હોય છે. સામાન્ય રીતે પ્રબળ સંસ્કૃતિઓ ગૌણ અથવા નાની સંસ્કૃતિઓ સાથે આત્મસાતી કરણની દિશામાં આગળ વધી તેમને પોતાનામાં આત્મસાત કરી લે છે.

(4) આત્મસાતીકરણ એક અસ્થાયી ઘટના નથી તેની અસરો સ્થાયી હોય છે. આત્મસાતીકરણ એ કારણે સંસ્કૃતિમાં ઘટતા પરિવર્તનો લાંબા સમય સુધી ચાલે છે અથવા નિરંતર જળવાઈ રહે છે.

## પાઠગત પ્રશ્ન 11.2

1. નીચેના વિધાનોમાંથી કયા વિધાનો સત્ય નથી
   અ. આત્મસાતીકરણ સંક્રમણને અંસ્થાયી સ્વરૂપ છે.
   બ. આત્મસાતીકરણ પ્રક્રિયા ધીમી હોય છે.
   ક. આત્મસાતીકરણ અચેતન હોય છે.
   ડ. આત્મસાતીકરણ સંક્રમણની ઉપજે છે.
2. નિમ્નિલિખિત તત્વોમાંથી કયુ તત્વ આત્મસાતીકરણ માટે અવરોધ રૂપ હોય છે.
   અ. આંતર જાતીય લગ્નો
   બ. સાંસ્કૃતિક સમરૂપતાની સાથે આર્થિક સમાનતા
   ક. તીવ્ર સાંસ્કૃતિક ભેદભાવો સાથે નકારાત્મક તાલમેલ.
   ડ. આમાંથી એક પણ નહી.
3. આત્મસાતીકરણ ની એક પ્રક્રિયા છે. (સંમેલન/દ્વિભાજન/સાંસ્કૃતિક વિચ્છેદ/ એકીકરણ)

4. આત્મસાતીકરણ માં

અ. સામેલ સંસ્કૃતિ હંમેશા સમાન છે.

બ. સામેલ સંસ્કૃતિઓ સમાનધર્મી સામાજિક સંસ્થા દ્વારા વર્ગીકૃત થયેલ છે.

ક. એક સંસ્કૃતિ પ્રબળ અને બીજી સંસ્કૃતિ સંખ્યાની દૃષ્ટિએ નાની અથવા સીમાંત છે.

ડ. આ તમામ

## 11.3 એકીકરણ

'એકીકરણ' એ અલગ-અલગ સંઘટકોનું એક એકમમાં એકઠા અથવા એકીકૃત થવાની એક પ્રક્રિયા છે. તેથી એકીકરણ સભ્યોને એક સાથે રહેવા માટે એકઠા કરે છે અને સભ્યોને એક સમૂહમાં રહેવાની ફરજ પાડે છે. આ રીતે એકીકરણ એક સમૂહને સ્થાયિત્વ પ્રદાન કરે છે. તે સંગઠનની એક પ્રક્રિયા તરીકે કાર્ય કરે છે. સામૂહિક એકીકરણ સમૂહના પરસ્પર મળીને રહેવા સાથે અથવા સામૂહિક અખંડતા અને એકતા સાથે સંબંધ ધરાવે છે. એકીકરણ એક સામૂહિક પ્રક્રિયા છે. તે મુખ્ય રીતે એ લોગો સાથે સંબંધિત હોય છે જે સમૂહમાં રહે છે અથવા અન્ય સમૂહોની ઉપસ્થિતિમાં રહે છે. તેથી સમૂહો બનાવવાની જરૂરીયાતો અને પધ્ધતિને સમજવી મહત્વપૂર્ણ છે.

સમૂહ અલગ-અલગ સભ્યોની જરૂરીયાતોની પૂર્તિ કરવા માટે બનાવવામાં આવે છે. એક સમૂહ પોતાના સભ્યોને સભ્યતા અને સુરક્ષા પ્રદાન કરે છે અને આ રીતે તે એક સમૂહમાં પરસ્પર પોતાપણાની ભાવના ઉત્પન્ન કરવામાં સહાયક હોય છે. તેને આંકડાકીય શ્રેણી આ શ્રેણી એ લોકો સાથે સંબંધિત છે. જેમનો દરજ્જો સમાન હોય છે અને જેઓ સમાન ભૂમિકા નિભાવે છે એક સામાજિક સમૂહ સામાજિક આંતરક્રિયા, પરસ્પર વિશ્વાસ-તથા નૈતિક મૂલ્યો દ્વારા ઓળખાઈ છે. સામાજિક સમૂહોના ઉદાહરણો પરિવાર, સંબંધીઓનો સમૂહ, ગામ અને જાતિ-સમુદાય વગેરે છે. સભ્યોને એક સાથે રાખવા માટે અને સમૂહની અખંડતા જાળવી રાખવા માટે એકીકરણ એક સંયોજન શક્તિનું કામ કરે છે. સમૂહનું સ્થાયિત્વ એકીકરણ પર આધારીત હોય છે.

સમૂહના એકીકરણનો આધાર વિભિન્ન સ્તરો પર સમૂહોના સભ્યો વચ્ચે રહેલા સામાજિક સંબંધો પર હોય છે. આમ સંબંધો અલગ-અલગ પ્રમાણ અને તીવ્રતામાં હોઈ શકે છે અને તેમને ઉચ્ચ એકીકૃત, નિમ્ન એકીકૃત અને મધ્યમ એકીકૃત સંબંધો તરીકે ઓળખાવી શકાય છે.

વિભિન્ન સમૂહોમાં એકીકરણના સીરોને પરિવાર, વંશ, ગામ, સગા-સંબંધી, જાતિ વર્ગ, ધર્મ, ક્ષેત્ર, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરોમાં વિભાજીત કરી શકાય છે. આ તમામ સ્તરોમાં રહેલા પરિવારને ઉચ્ચ સ્તરીય એકીકૃત પરીવાર કહેવામાં આવે છે. એકીકરણ વિભિન્ન સમૂહોની ભિન્ન-ભિન્ન સ્થિતિઓ અને જરૂરીયાતો પર નિર્ભર કરે છે. રાષ્ટ્રીય આપત્તિ અને વિદેશી આક્રમણ સમયે







રાષ્ટ્રીય સ્તર પર એકીકરણ ખૂબ ઊંચુ હોય છે. જેમાં રાષ્ટ્રીય સખંડતા અને એકતા પ્રદર્શિત થાય છે.

## 11.3.1 એકીકરણના ઘટકો

એકીકરણ નિમ્નલિખિત ઘટકોથી શક્ય બને છે.

1. સમાન ગુણો યુક્ત હોવું, શ્રમનું વિભાજન તથા આંતર નિર્ભરતા વગેરે સમૂહની અખંડાત ને સરળ બનાવે છે.
2. સમૂહ દ્વારા નિર્ધારીત માપદંડોને ગ્રહણ કરવા તથા તેમનું પાલન કરવું તે એક અન્ય પરિબળ છે.
3. સમૂહમાં સામાજિક નિયંત્રને પ્રોત્સાહન આપવા 'વૈચારિક કેન્દ્રીકરણ' (ઈથોનોસેંટ્રિઝમ) કાર્યત્મક હોય છે.
4. સભ્યોની વચ્ચે અનુશાસન સમૂહને જોડે છે. એક સમૂહના એકીકરણને પ્રભાવિત કરનાર મુખ્ય તત્વોમાં પરસ્પરાવલંબી પ્રવૃત્તિઓ, સર્વસંમતિ અને જુસ્સા/મનોબળનો સમાવેશ થાય છે. સમૂહ નો પરસ્પર તાલમેલ તથા એકીકરણ માત્ર સામાજિક આંતરક્રિયા દ્વારા નહી પરંતુ પરસ્પર સંતુષ્ટિ દ્વારા મજબૂત થાય છે.

## 11.3.2 એકીકરણને પ્રભાવિત કરતા પરિબળો

1. સમૂહનું કદ એક મોટા સમૂહની સાપેક્ષે નાના સમૂહોમાં એકીકરણ વધુ સરળ હોય છે.

2. પ્રાથમિક સમૂહોમાં એકીકરણની વધુ શક્તિ અથવા ક્ષમતા હોય છે. ભૌતિક અસ્થિરતા અને સમૂહ એકીકરણ વચ્ચેના સંબંધને સમરૂપતા અને એકરૂપતા વચ્ચેના સંબંધની સમસ્યાના એક પાસા તરીકે જોઈ શકાય છે. અસ્થિરતાના ફળ સ્વરૂપ એક પરદેશી અને નવી વ્યક્તિ સમૂહમાં પ્રવેશ કરે છે. ત્યારે સમૂહની અખંડતાને જાળવીને તેને કેવી રીતે આત્મસાત કરી શકાય તેની સમસ્યા ઉભી થાય છે અહીં એ ઉલ્લેખનીય છે કે નવા આવનાર વ્યક્તિઓનો સમૂહો જેટલો વધુ મોટો હશે તેટલો જ વધારે સ્થાપિત સમૂહો દ્વારા તેનો વિરોધ કરવામાં આવશે.

## 11.3.3 એકીકરણની વિશેષતાઓ

1. સંક્રમણ અને આત્મસાતીકરણની સાપેક્ષે એકીકરણ એક જટિલ પ્રક્રિયા છે.
2. તે જટિલ એટલા માટે છે કે તેમાં સંલગ્ન સમૂહો માટે પર્યાપ્ત સંરચાત્મક સમાયોજન/ગોઠવણની જરૂરીયાત હોય છે.
3. એક જ સમુદાયમાં પરિવર્તન અસમાન હોય છે કેટલાક સમૂહો પોતાના પરંપરાગત મૂલ્યોને

જાળવી રાખે છે તો કેટલાક નવા રીતિ-રીવાજોને અપનાવે છે. આનું પરિણામ એ આવે છે કે તમામ સમૂહો એ સમુદાય સાથે પૂર્ણ રીતે એકીકૃત નથી થઈ શકતા.

4. એકીકરણનો સંબંધ મુખ્ય સંસ્કૃત સાથે વિભિન્ન સાંસ્કૃતિક ઘટકોને મળાવવાની પ્રક્રિયા સાથે હોય છે.

સંઘટક સંસ્કૃતિઓ પોતાની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખે છે અને સાથે જ સંસ્કૃતિમાં તેનું એકીકરણ થાય છે તેની સાથે તાલમેલ કરી લે છે.

### પાઠગત પ્રશ્ન 11.3

નીચેના વિધાનો માટે સત્ય/અસત્ય જણાવો.

1. સમૂહનું એકીકરણ, એકીકરણના વિભિન્ન સીરોપર સમૂહોના સભ્યો, વચ્ચે સંબંધ પર આધારીત હોય છે. (સત્ય/અસત્ય)

2. સમૂહ દ્વારા નિર્ધારીત વિભિન્ન માપદંડોની ગ્રહણ કરવા અને તેમનું પાલન કરવું એ એક પરિબળ નથી હોતુ. (સત્ય/અસત્ય)

3. સમૂહનું કદ તેના એકીકરણને પ્રભાવિથ કરે છે. (સત્ય/અસત્ય)

4. પ્રાથમિક સમૂહની સાપેક્ષે દ્વિતીય/ગૌણ સમૂહમાં એકીકરણની વધુ ક્ષમતા સમાવિષ્ટ હોય છે. (સત્ય/અસત્ય)

5. એકીકરણને સંગઠનની પ્રક્રિયા તરીકે માનવામાં આવે છે. (સત્ય/અસત્ય)

## 11.4 સંક્રમણ, આત્મસાતીકરણ અને એકીકરણ: એક સરખામણી

તમે સંક્રમણ, આત્મસાતીકરણ અને એકીકરણની અવધારણાને વધુ સ્પષ્ટ સમજી શકશો. અહી તેમની સમાનતાઓ અને ભિન્નતાઓ પર પ્રકાશ પાડી આ ત્રણ અવધારણોનો તુલનાત્મક અભ્યાસ પ્રસ્તૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ત્રણેયમાં કેટલીક બાબતો સમાન છે તો બીજી તરફ કેટલીક બાબતોમાં ભિન્નતા પણ છે.

તેમનામાં રહેલી કેટલીક સમાન બાબતો નીચે મુજબ છે.

(1) સાંસ્કૃતિક સંપર્કના મૂળ સિદ્ધાંતો સંક્રમણ આત્મસાતીકરણ અને એકીકરણ છે.

(2) તે સામાજિક પ્રક્રિયાઓના મૂળ અંગો છે બીજા શબ્દોમાં, આ સામાજિક પ્રક્રિયાઓ વિભિન્ન

સંસ્કૃતિ અને સામાજિક સમૂહોમાં સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં સમાવિષ્ટ હોય છે.

(3) આ પ્રક્રિયાઓમાં વિભિન્ન સંસ્કૃતિઓના તત્વોનાત આદાન-પ્રદાનની વિશેષતાઓ હોય છે.

(4) સાંસ્કૃતિક ગુણોનું પ્રસારણ અને સ્થાનાંતર તથા તેમનું વિભિન્ન સીમાંમા ગ્રહણ કરવામાં આવવું તે પણ આ ત્રણેય પ્રક્રિયાઓની સમાન વિશેષતા છે.

**સંક્રમણ**

- સાંસ્કૃતિક સંપર્કની સ્થિતિ (અવસ્થા)
- જ્યાં બે સમુદાયોમાં સાંસ્કૃતિક ગુણો અને વિશેષતાઓનો પરસ્પર વિનિમય થાય છે.
- તે પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ માધ્યમથી સંભવ બને છે.
- આત્મસાતીકરણ એક પ્રક્રિયા તરીકે અથવા ઉત્પાદન તરીકે કાર્ય કરે છે.

- જ્યારે એક સંસ્કૃતિ પોતાની ઓળખ ગુમાવી બેસે છે.
- બીજી સંસ્કૃતિમાં વિલીન થઈને

આત્મસાતીકરણ

આત્મસાતી કરણ એ લાંબા સમયથી ચાલતી સાંસ્કૃતિક પ્રકિયાનું ઉત્પાદન છે.

- જ્યારે અનેક સંસ્કૃતિઓ એક સાથે રહીને એક સમાન સંસ્કૃતિ અથવા મુખ્ય સંસ્કૃતિના ગુણો અપનાવી લે છે.
- પોત-પોતાની ઓળખ ગુમાવ્યા વિના

એકીકરણ

- એકીકરણ પણ એક પ્રક્રિયા અથવા ઉત્પાદન હોઈ શકે છે.

**ચિત્ર 9.21 સંક્રમણ, આત્મસાતીકરણ અને એકીકરણ વચ્ચેનો સંબંધ.**

## 11.5 તેમની વચ્ચે રહેલા તફાવતને નીચેના મુદ્દાઓને આધારે સમજી શકાય

1. આત્મસાતી કરણનો સંબંધ, સંસ્કૃતિઓના પરસ્પર સંમેલન સાથે હોય છે, જ્યારે સંક્રમણનો સંબંધ સાંસ્કૃતિક તત્વોના પ્રસાર અથવા સ્થાનાંતરણ સાથે હોય છે. બીજી તરફ એકીકરણ સભ્યોને નજીક લાવે છે અને સમૂહમાં તાલમેળ તથા અખંડતા જાળવી રાખે છે.

2. સંક્રમણ એકીકરણથી વિરુદ્ધ એક નિરંતર પ્રક્રિયાનું કામ કરે છે જેને સંગઠનની એક પ્રક્રિયા સમજવામાં આવે છે આ બંનેથી અલગ, આત્મસાતીકરણ સામાજિક સંપર્કની આંતરક્રિયાની અંતિમ ઉપલબ્ધિ છે.
3. આત્મસાતી કરણની પ્રક્રિયા વિભિન્ન સાંસ્કૃતિક મૂલ્યો અને ભાવનાઓના સંમેલનને પરિણામે લાંબા સમય સુધી ચાલે છે. તેનાથી વિપરીત, એકીકરણ સાંસ્કૃતિક અનેકતા, સ્વૈચ્છિક અને અપૂર્ણ આત્મસાતીકરણથી સંબંધિત હોય છે. સંક્રમણ ઘમીવખત સ્પષ્ટ હોય છે જેનાથી ત્વરિત સામાજિક પરીવર્તન આવે છે.
4. આત્મસાતીકરણને એક સ્વઘટિત પ્રક્રિયાના રૂપમાં સમજવામાં આવે છે. જ્યારે સંક્રમણ અને એકીકરણ સામાજિક પ્રક્રિયાઓ છે જે સાંસ્કૃતિક સંપર્કથી સંભવ બને છે.

## તમે જે શીખ્યા

- સંક્રમણનો અર્થ છે એક સામાજિક સમૂહથી બીજા સામાજિક સમૂહમાં સાંસ્કૃતિક તત્વોનું પ્રસારણ અને સ્થાનાંતરણ.
- સંસ્કૃતિ આનુવંશિક નથી હોતી. જન્મ બાદ વ્યક્તિ સાંસ્કૃતિક મૂલ્યો, રીતિ-રીવાજો, પરંપરાઓ અને માપદંડોની શીખ મેળવે છે.
- સામાજિક 'સંપર્ક ઓછો અથવા અપ્રત્યક્ષ હોય તો પણ એક સાંસ્કૃતિક સમૂહમાંથી બીજામાં સ્થાનાન્તરણ માટે પર્યાપી છે.
- જાતિઓ અને રાષ્ટ્રીયતાઓના સંપર્કો, સંઘર્ષો તથા સંમેલનો સમયે ભાષામાં થનાર પરિવર્તનો આત્મસાનીકરણની પ્રક્રિયાનો એક આધાર પ્રદાન કરે છે. વર્તમાન સમયમાં પ્રિટિંગ પ્રેસ, પુસ્તકો અને વર્તમાન પત્રોએ ભાષાનું માનકીકરણ (પ્રમાણિત) કર્યું. છે. પ્રેસે દેશના રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનમા સંદર્ભમાં ભાષાના વિકાસમાં એવું યોગદાન આપ્યુ છે કે જે પહેલા અસંભવ હતું.
- સાંસ્કૃતિક પ્રસારણમાં ભાષાની ભૂમિકા મહત્વ પૂર્ણ હોય છે. ખાસ કરીને બોલચાલી ભાષામાં વપરાતી કહેવતો, ઐતિહાસિક અનુભવોને સ્વયં ઈતિહાસની સાપેક્ષે વધુ ચોક્સાઈ પૂર્વક રજૂ કરે છે.
- ભૌતિક સાંસ્કૃતિક તત્વો જેવા કે સંચાર અને પરિવહન માધ્યમો, મકાન, વર્તન, આભૂષણ વગેરેનું પ્રસારણ અભૌતિક સાંસ્કૃતિક તત્વો જેવા કે ધર્મ, વિશ્વાસ, પરંપરા વગેરેમાં થતા પરીવર્તનો વિના તીવ્ર ગતિ પ્રાપ્ત કરી શકે છે.
- આત્મસાતી કરણનો વેગ અને પૂર્ણતા સામાજિક સંપર્કની ઘનિષ્ઠતા પર નિર્ભર કરે છે. એક

વિચિત્ર વિરોધાભાસ છે કે ગુલામી ખાસ કરીને ઘરની અંદરની ગુલામી ઔપચારિક આંતરજાતીય લગ્નો સિવાય આત્મસાતીકરણને પ્રોત્સાહિત કરવામાં સર્વાદિક જવાબદારી રહી છે.

- આદિમ લોકોમાં અજાણ્યા અને અપરિચીત લોકોને ગ્રહણ કરવાની ક્રિયા આત્મસાતીકરણના ઉદાહરણઓ છે.
- એકીકરણની જેમ આત્મસાતી કરણ પણ મર્યાદિત હોય છે. એક સંસ્કૃતિના લોકોના સમૂહો યજમાન સંસ્કૃતિમાં જ યોગદાન નથી આપતા પરંતુ પોતાના રીતિ-રીવાજો પણ જાળવી રાખે છે જેથી સાંસ્કૃતિક વિભિન્નતા જળવાઈ રહે.સાંસ્કૃતિક અનેકતા સ્વૈચ્છિક અને અપૂર્ણ આત્મસાતીકરણ પ્રસ્તૃત કરી શકે છે.
- દેશાંતર કરતા વ્યક્તિઓમાં વિભિન્નતા આત્મસાતી કરણના બે ભાગ અથવા અવસ્થામાં જોવા મળે છે જો કે એક સમયમાં આ બંને એકબીજાને દબાવી અથવા ઢાંકી દે છે. આમાંથી એક છે પૈતૃક સંસ્કૃતિને દબાવી દેવી, બીજી છે નવી પધ્ધતિઓન ગ્રહણ કરી લેવી જેમાં નવી ભાષા સમાવિષ્ટ હોય છે.

## પાઠાન્ત પ્રશ્નો

નિમ્નલિખિત પ્રશ્નોના ઉત્તર 100 થી 200 શબ્દોમાં આપો.

1. નિમ્નલિખિત શબ્દોની અવધારણા તથા અર્થ સમજાવો

   (અ) સંક્રમણ

   (બ) એકીકરણ

   (ક) આત્મસાતીકરણ

2. સંક્રમણ, એકીકરણ અને આત્મસાતીકરણની સરખામણી કરો.

3. સંક્રમણ, એકીકરણ અને આત્મસાતીકરણની લાક્ષણિકતાઓમાં રહેલો ભેદ સ્પષ્ટ કરો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તરો

11.1

અ. સાંસ્કૃતિક પરિવર્તન

બ. દ્વિતરફી પ્રક્રિયા

ક. સંપર્ક

ડ. પરિવહન અને સંચાર માધ્યમ

ઈ. પ્રસારણ

ફ. સાર્વભૌમિક અને સતત

જ. આત્મસાતી કરણ અને એકીકરણ

**11.2**

(1) અ

(2) ક

(3) સંમેલન

(4) ડ

11.3

| | | |
|---|---|---|
| (1) સત્ય | (2) અસત્ય | (3) સત્ય |
| (4) અસત્ય | (5) અસત્ય | |

## સંદર્ભ પુસ્તકો

1. ઓગ બોર્ન, ડબલ્યૂ, એફ, એન્ડ એમ.એફ નિમકોફ (1958)
2. ફિશર, એચ. એચ. (1957), સોશિઓલોજી
3. ગ્લિન, જે. જે. અને જે.પી. ગ્લિન (1998) એન ઈન્ટ્રોડકશન ઓફ સોશિઓલોજી
4. લિહે, જી. આર. એટ અલ (1980)
5. મૈકાઈવર અને સી.એચ. પેજ (1985) સોસાયટી

# પુસ્તક 2

## અભ્યાસક્રમ સમિતી

પ્રમુખ
પ્રો. સચ્ચિદાનંદન
ચેરમેન, એ. એન. સિન્હા સંસ્થા
પટના

પ્રો. ડી. સુંદરમ્
રીટા. પ્રોફેસર એન્ડ H.O.D.
મદ્રાસ યુનિવર્સિટી

પ્રો. એસ. એન. રાઠા
રીટા. પ્રોફેસર એન્ડ H.O.D.
મદ્રાસ યુનિવર્સિટી

પ્રો. રાજેન્દ્ર પ્રસાદ
રીટાર્યર ડાયરેક્ટર
આગરા
ઈન્ડિયન સોશીયલ સાયન્સ એસોશીએશન

પ્રો. એમ. એન. કર્ણ
વિભાગધ્યાક્ષ - સમાજશાસ્ત્ર
નેહ યુનિવર્સિટી

પ્રો. એ.બી. શરણ
રિટા. પ્રોફેસર એન્ડ વિભાગાધ્યક્ષ
રાંચી યુનિવર્સિટી
રાંચી

પ્રો. વી.એસ. ઉપાધ્યાય
રિટા. પ્રોફેસર એન્ડ હેડ
રાંચી યુનિવર્સિટી
રાંચી

ડાં. એસ. પ્રસાદ
રિટા. એન.સી.ઈ.આર.ટી.
ન્યુ દિલ્હી

ડાં. મંજૂ ભટ્ટ
ડી.ઈ.એસ.એસ.એચ
એન.સી.ઈ. આર.ટી.
ન્યુ દિલ્હી

સંયોજક
પ્રિતી શ્રી વાસ્તવ
કાર્યપાલક અધિકારી
એન. આઈ. ઓ.એસ

## સમીક્ષક સમિતિ

પ્રમુખ
પ્રો. જે.એસ.ગાંધી (પ્રિતિષ્ઠિત વિદ્વાન)
સેન્ટર ઓફ સ્ટડીઝ ઓફ સોશિયલ સિસ્ટમ્સ
જવાહરલાલ નહેરુ, યુનિવર્સિટી
દિલ્હી

**સભ્યો**

પ્રો. તુલસી પટેલ
ડિપાર્ટમેન્ટ ઓફ સમાજશાસ્ત્ર ભવન,
અર્થશાસ્ત્ર સ્કૂલ - દિલ્હી
દિલ્હી યુનિવર્સિટી
દિલ્હી

પ્રો. બી.કે. નાગલા
સમાજશાસ્ત્ર ભવન,
મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી
દિલ્હી યુનિવર્સિટી
દિલ્હી

શ્રી રવિ કપૂર
પ્રવાચક (રીટાયર)
સમાજશાસ્ત્ર ભવન,
જામીઆ મિલીઆ ઈસ્માલીઆ
દિલ્હી

ડાં. કિરણ પ્રીત
પ્રવાચક
સમાજશાસ્ત્ર ભવન,
પંજાબ યુનિવર્સિટી
ચંદીગઢ

## સંપાદક

પ્રમુખ
પ્રો. જે.એસ.ગાંધી (પ્રિતિષ્ઠિત વિદ્વાન)
સેન્ટર ઓફ સ્ટીડીઝ ઓફ સોશિયલ સિસ્ટમ્સ
જવાહરલાલ નહેરુ, યુનિવર્સિટી
દિલ્હી

## એન.આઈ.ઓ.એસ. સંયોજક ટીમ

ડાં. સુસ્મિતા મિશ્રા
સંસ્થાપક (એકેડેમીક)

ડાં. ઓ.પી. શર્મા
સહાય સંસ્થાપક
(એકેડેમિક)

ડાં.સોમા. ભટ્ટાચાર્ય
સંસ્થા અધિકારી (અંગ્રેજી)

## ગુજરાતી ભાષાંતર

ડૉ. મહેન્દ્ર ચોટલિયા
એસો. પ્રોફેસર,
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
સરદાર પટેલ યુનિર્વસિટી

શ્રી વિશાલ ભાદાણી
આસી. પ્રોફેસર
ડિપાર્ટમેન્ટ.ઓફ. કોમ્પ્યુ. સ્કિલ,
મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ

બેસ્ટ કોમ્પ્યુટર સે-૧૧, ગાંધીનગર,ગુજરાત. મો. ૯૮૨૫૦૩૬૪૮૫

# વિષય સૂચિ

## મોડ્યુલ 2 - સમાજશાસ્ત્રનો અન્ય સમાજ-વિજ્ઞાન સાથે સંબંધ


| પાઠ નં. | પાઠનું નામ | પાન નંબર |
|---|---|---|
| 12. | લગ્ન | 138 - 154 |
| 13. | કુટુંબ | 155 - 169 |
| 14. | સગપણ/સંબંધ | 170 - 187 |
| 15. | અર્થવ્યવસ્થા, રાજય વ્યવસ્થા અને ધર્મ | 188 - 206 |
| 16. | સામાજિક સ્તરીકરણ | 207 - 221 |

# 12

# લગ્ન

અત્યાર સુધીમાં સમજાયું હશે, કે લગ્ન એક મહત્વપૂર્ણ સામાજીક સંબંધ છે. અને તે આખી દુનિયા/ જગતમાં જોવા મળે છે. લગ્નના માધ્યમથી જ સ્ત્રી- પુરુષ, પતિ અને પત્ની તરીકે સાથે રહેવાની સામાજિક સ્વીકૃતિ પામે છે. વર અને વધુ લગ્ન દ્વારા જ પોતાના જીવનની નવી અવસ્થામાં પ્રવેશે છે. તમે પણ ક્યારેક કોઈ સમાજમાં લગ્ન ઉત્સવમાં જોડાઈ ને પ્રસન્નતા અને સમારોહમાં ભાગીદારી માણી હશે.

લગ્ન સાથે જે સાર્થકતા જોડાયેલી છે તે સમાજમાં જોઈ શકાય છે. આ પાઠમાં લગ્ન એક સામાજીક સંસ્થા તરીકે કેટલું મહત્વપૂર્ણ છે તે બાબતે સમજૂતી આપવામાં આવી છે.

## હેતુઓ

આ પાઠના અભ્યાસ પછી તમે

- લગ્નની વ્યાખ્યા આપી શકાશો.
- વિવિધ પ્રકારના લગ્નોનું વર્ણન કરી શકશો
- લગ્નને એક ધાર્મિક સંસ્કાર તરીકે સમજી શકશો;
- તમે જોઈ શકશો કે મુસલમાનોમાં નિકાહ એક કરાર હોય છે લગ્ન સંસ્થાથી આવતા પરિવર્તનો જોઈ શકશો.
- લગ્નનો પ્રાથમિક હેતુ સ્થાયી સંબંધ દ્વારા શારીરિક ગતિવિધિઓને નિયંત્રિત કરવાનો છે.

નોંધ

આવા નિયંત્રણની સમાજમાં જરૂર છે જેથી અનિયંત્રિત શરિરિક સંબંધો સમાજમાં સમસ્યા પેદા ન કરે.

## 12.1. લગ્નનો અર્થ અને વ્યાખ્યા

તેથી જ પ્રત્યેક સમાજમાં અમુક એવી સંસ્થાઓ વિકસે છે જે તેના સભ્યોના વૈવાહિક સંબંધો નિશ્ચિત કરી શકે. લગ્ન આવી સંસ્થાઓમાંની એક છે. લગ્નનાં વ્યવહારો નિયંત્રિત કરવા સિવાય લગ્ન દ્વારા પતિ અને પત્ની સંતાનને જન્મ આપવાનો અધિકાર મળે છે અને અન્ય સામાજીક- આર્થિક પ્રવૃત્તિઓમાં જોડવાની સ્વીકૃતિ મેળવે છે.



સામાન્ય રીતે લગ્ન એક એવી સંસ્થા છે જે સ્ત્રી અને પુરુષને પારિવારીક જીવન સ્થાપિત કરવાની તક આપે છે લગ્નના માધ્યમથી જ પતિ-પત્નીને જાતીય સંબંધ સ્થાપવાની સ્વીકૃતિ મળે છે અને વૈવાહિક સંબંધ જ તેમના અને તેમના બાળકોના સામજીક દાયિત્વોને પૂરા કરવાની તક પણ આપે છે.

સમાજ સ્ત્રી અને પુરુષને એક ધાર્મિક વિધિ વડે વૈવાહિક સંબંધો રાખવાની સ્વીકૃતિ પ્રદાન કરે છે. લગ્નની વિધિ અને સમારોહ પછી પતિ-પત્ની એક સાથે રહે છે, અને એક પરિવારનું નિર્માણ કરે છે. આ બન્ને જે બાળકોને જન્મ આપે છે તે બાળકો સમાજ દ્વારા કાયદાકીય સ્વીકૃતિ પામે છે. વિવાહીત પતિ -પત્નીને એક-બીજા પ્રત્યે, સમાજ પ્રત્યે અમૂક કર્તવ્ય પ્લાન કરવાનો રહે છે અને તેના બદલે તેમને અમુક અધિકાર અને સુવિધાઓ મળે છે.

અત્યાર સુધીમાં તમે સમજી ચૂક્યા હશો કે લગ્ન એ પુરુષ અને સ્ત્રીનો બહુ-લક્ષી સંબંધ છે. તે શારીરિક ઈચ્છાઓને પુરી કરવા માટેના અસ્થાયી ભાવો, અને સંપૂર્ણપણે શારીરિક સંબંધોથી અલગ છે. લગ્નમાં નાગરિક સમારોહ, ધાર્મિક વિધિ કે કરારનું હોવું આવશ્યક છે, શારીરિક સંબંધો તો માત્ર જાતીયતા સંબંધી ઈચ્છાઓની પૂર્તિ માટે છે.

### પાઠગત પ્રશ્નો-12.1

1. નિમ્નલિખિત કથનો સાચા છ ક ખોટા તે કહો.

   લગ્ન એક સામાજીક સબંધ છે, જે પારિવારિક જીવનની શરૂઆત છે.

2. સાચો જવાબ શોધો.

   લગ્ન એક મહત્વપૂર્ણ સંસ્થા છે. કારણ કે

(અ) તે પતિ અને પત્નીમાં સ્થાયી સબંધ સ્થિપિત કરે છે.

(બ) તેનો હેતુ બાળકોનું પ્રજનન તથા ભરણ - પોષણ કરવું છે.

(ક) તે યૌન સબંધો તથા સામાજીક શાન્તીને નિયંત્રિક કર છે.

(ડ) ઉપરના બધાજ જવાબો સાચા છે.

**3. ખાલી જગ્યા પુરો.**

સમાજ સ્ત્રી અને પુરૂષ વચ્ચેના વૈવાહિક સંબંધોનો સ્વીકૃતિ......... અને/અથવા ............ ઉત્સવ થકિ આવે છે.

4. લગ્ન એટલે શું ? એક વાક્યમાં સમજાવો.

## 12.2 લગ્નના પ્રકાર

લગ્નના પ્રકાર અને તેના સાથે જોડાયેલા નિયમ વિભન્ન સમાજોમાં અલગ અલગ હોય છે પ્રત્યેક સમાજમાં લગ્ન સાથે જોડાયેલા ધોરણો અને નિયમો હોય છે.

લગ્નના પ્રકાર સમજવા માટે તેને નિમ્ન આધારોમાં વિભાજીત કરીએ.

(અ) પતિ - પત્નીની સંસ્થા

(બ) જીવન - સાથી પ્રાપ્ત કરવાના માર્ગો

### 12.2.1 પતિ - પત્નીની સંખ્યાના આધારે લગ્નના પ્રકાર

લગ્નનું બે મુખ્ય વર્ગોમાં વિભાજન થઈ શકે થે. તેનો આધાર છે ક સ્ત્રોના કેટલા પતિ છે અથવા ક પુરૂષની કેટલી પત્નીયો છે.

(અ) એક લગ્ન (મોનેગેમી)

(બ) બહુ લગ્ન (પોલીગેમી)

**(અ) એક લગ્ન :** એક લગ્ન લગ્નનો એક પ્રકાર કે રૂપ છે જેમાં એક સ્ત્રી/પુરૂષ નું લગ્ન એક પુરૂષ/સ્ત્રી સાથે ક નિશ્ચિત સમયે થાય છે. સાથીની મૃત્યુ કે પછી સંબંધ વિચ્છેદના કારણસર એક લગ્ન ફરી કરી શકાય છે.

એક લગ્ન પ્રકાર વિશ્વભરમાં સૌથી વધારે પ્રચલિત છે.

**(બ) બહુ લગ્ન:** આ પ્રકારના લગ્નમાં એક પુરુષ કે સ્ત્રી એક સમયે એક કરતા વધારે પત્ની કે પતિઓ સાથે રહી શકે છે.

બહુ લગ્નને બે અન્ય પ્રકારોમાં વિભાજીત કરી શકાય છે.

(i) બહુ પત્ની લગ્ન (પોલીગેમી)

(ii) બહુ પતિ લગ્ન (પોલીએન્ડ્રી)


**(i) બહુ પત્ની લગ્ન:** લગ્નના આ પ્રકારમાં એક પુરુષ એક કરતા વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે.

નોંધ

બહુ પત્ની લગ્ન મુસલમાનો માં પ્રચલિત છે. ઘણા આદિવાસી સમાજોમાં પણ લગ્નનો આ પ્રકાર જોવા મળે છે. પ્રાચીન કાળમાં પણ બહુ પત્ની લગ્ન પ્રચલિત હતું. તમે જાણો જ છો કે રાજા દશરથ, પ્રભુ રામના પિતાને ત્રણ રાણીઓ હતી.

**(ii) બહુ પતિ લગ્નઃ** લગ્નનો આ બીજો પ્રકાર છે બહુ પતિ લગ્ન ના આ પ્રકારમાં એક સ્ત્રીના એક થી વધુ પતિઓ હોય છે, એટલે એક સ્ત્રીને એક સમયે એક કરતા વધુ પતિઓ સાથે રહેવાની સ્વીકૃતિ હોય છે. અમુક આદિવાસીઓ, જેમકે ઉત્તરાંચલના 'ખસ'(khas) માં બહુપતિ પ્રથા જોવા મળે છે. જો કોઈ સ્ત્રી એક કરતા વધારે પુરુષો, જે સંબંધમાં સગા ભાઈઓ હોય, તેની સાથે લગ્ન કરે છે તો તેને ભ્રાતૃ બહુપતિ લગ્ન (Fratenal Polyandry) કહેવાય છે. તમે જાણો છો, કે મહાભારત મહાકાવ્યમાં દ્રૌપદીના લગ્ન પાંચ પાંડવો સાથે થયા હતા. પાંચ પતિના નામે ઘણીવાર ભ્રાતૃ બહુપતિ લગ્નન દ્રોપદી લગ્ન પણ કહેવાય છે.

**સાથીના સંખ્યાના આધારે લગ્નના પ્રકાર**




જ્યારે કોઈ સ્ત્રીને એક કરતા વધારે પતિઓ હોય, અને તે પતિઓ સગા ભાઈઓ ના હોય તો તેને અભ્રાતૃ બહુપતિ લગ્ન કહેવાય છે. આવા લગ્નો નીલગિરીના ટોડા આદિવાસિઓ અને કેરલના નાયરોમાં જોવા મળે છે.તમને એ જાણીને આશ્ચર્ય થશે કે બહુપત્ની વિવાહ સમાજમા માન્ય છે. પરંતુ એકપત્નીત્વ વિશ્વના તમામ લગ્ન સૌથી પ્રચલિત સ્વરૂપ છે.

## પાઠગત પ્રશ્નો-12.2

સાચો જવાબ ચિહ્નિત કરો.

1. આ પ્રકારના લગ્નમાં એક પુરુષ કે સ્ત્રી એક સમયે એક કરતા વધારે પત્ની કે પતિઓ સાથે રહી શકે છે.

(અ) ભ્રાતૃ બહુપતિ વિવાહ

(બ) અભ્રાતૃ બહુપતિ વિવાહ

(ક) બહુપત્ની વિવાહ

(ડ) બહુપતિ વિવાહ

2. નિમ્નલિખિત કથન સાચુ છે કે ખોટુ તે કહો:

એકપત્નીત્વ વિશ્વના તમામ લગ્ન સૌથી પ્રચલિત સ્વરૂપ છે.

3. ખાલી જગ્યા પૂરો:

...........દ્વારા લગ્ન મોટાભાગ ભારતીયોમાં લગ્નનુ સામાન્ય સ્વરૂપ છે.

## 12.3 પતિ-પત્ની પસંદગીના ધોરણો

પ્રત્યેક સમાજમાં વૈવાહિક સાહચર્યના નિષેધાત્મક નિયમો હોય છે, જે જાતિય સંબંધો પર નિયંત્રણ રાખે છે. સમાજનાં સદસ્યો ઈચ્છે તેની સાથે લગ્ન કરી જ શકે તેમ નથી હોતું. તેમને જીવનસાથીનો પસંદગી કરતી વખતે સમાજના નિષેધાત્મક અને નિર્ધારિત નિયમોનુ પાલન કરવુ પડે છે.

### 12.3.1 નિષેધાત્મક નિયમ

નિષેધાત્મક નિયમ તે છે જે પોતાના સદસ્યોના વૈવાહિક આંતરરચના પર નિયંત્રણ રાખે છે. આ નિયમો તે હોય છે જે પુરુષ અને સ્ત્રીના વૈવાહિક આંતર રચનાને નકારી કાઢે છે. આવા નિયમો ધાર્મિક ધોરણો અને સ્થાનિક રીતિ-રીવાજો પર આધારિત હોય છે.

અમુક વિસ્તૃત રીતે પ્રવર્તમાન નિષેધાત્મક નિયમો નીચે પ્રમાણે છે:

#### (અ) અગમ્યાગમન નિષેધ

બધા સમાજોમાં અગમ્યાગમન એટલે કૌટુંબિક લોકો સાથે જાતીય સંબંધ નિષેધ હોય છે. આનો અર્થ છે કે ભાઈ-બહેન કે રક્ત સંબંધીની સાથે લગ્ન કરવાની મનાઈ છે બૃહદ અર્થમાં બે પરસ્પર રકત સંબંધો અને એકજ પરિવારમાં સદસ્યો હોય તે લગ્ન ના કરી શકે.

દરક સમાજમાં પિતા અને પુત્રીનું લગ્ન નિષેધ છે. તેનો તેવીજ રીતે માતા - પુત્ર અને ભાઈ - બહેન નું લગ્ન નિષેધ છે આ નિષેધને નિકિટભિગમન નિષેધ કહેવાય છે.

સમાજ નજીકમાં સંબંધિઓ સાથે પણ લગ્ન કરવાની સ્વીકૃતિ આપતું નથી ઉદાહરણ તરીકે ઉત્તર ભારતના હિન્દુંઓમા પિતરાઈ અને મામા - ફોઈના ભાઈ - બહેનોમાં લગ્ન કરવાનું નિષ્ધ છે.



નોંધ

## (બ) બર્હિવિવાહના નિયમો

*બહિર્વિવાહ એ પરંપરા છે જેમાં એક પુરુષ પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, તે એક નિશ્ચિત સમુદાયની બહાર જ લગ્ન કરે. એટલે કે, તે પોતાના પરિવાર, ગોત્ર, ગામ કે, કોઈ સમૂહ જેનાં સાથે તેનો સંબંધ છે ત્યાં લગ્ન નહીં કરે.*

## (ક) અન્ત : વિવાહ

*અન્તઃ વિવાહ એક એવો રિવાજ છે જેના પ્રમાણે વ્યક્તિએ પોતાના જ સામાજીક, સમુદાય કે જાતિમાં લગ્ન કરવું પડે છે આ પોતાનો જ સમુદાય, પોતાનો જ જનજાતિ કે જ્ઞાતિ અથવા ધાર્મિક સમૂહ હોય છે પણ સ્ત્રઓત અલગ અલગ હોય છે આમા ક્યારેક અપવાદ તરીકે ગોત્ર અન્તવિવાહો હોય છે મોટા ભાગે ગોત્ર બહિર્વિવાહો હોય છે.*

## (ડ) અનુલોમ

*આ સામાજીક પ્રથા અનુસાર ઉંચી જ્ઞાતિનો છોકરો નિમ્ન જ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરી શકે છે. આ રીતે એક બ્રાહ્મણ છોકરો નિમ્ન જ્ઞાતિ કે વર્ણની છોકરી સાથે લગ્ન કરી શકે છે.*

## (ઈ) પ્રતિલોમ

*આ લગ્નમાં નિચલી શાંતિનો છોકરો ઉચ્ચ જ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરી શકે છે. પારમ્પરિક ભારતીય સમાજમાં આ પ્રકારના લગ્નને પ્રોત્સાહન નથી મળતું અને તેથી જ એક બ્રાહ્મણ છોકરીનું નિચલી જ્ઞાતિ/વર્ણ ના છોકરા સાથે લગ્ન સ્વીકારવામાં આવતું નથી.*

### 12.3.2 નિર્દેશાત્મક અને પસંદગી - માન્ય નિયમ

*ઉપરના વિવેચન થકી તમ જાણી ગયા હશો કે જીવનસાથીનો પસંદગી માં ક્યા પ્રતિબંધના કે નિષેધના નિયમો છે અમુક એવા નિયમો પણ હોય છે જે લગ્નના અમૂક એવા નિયમો પણ હોય છે જે લગ્નના અમૂક પ્રકારોને બિજા પર અધિમાન્યતા આપે છે. અમુક એવા પ્રસંગો હોય છે જેમાં અમુક વિશેષ સંબંધો સમૂહમાં લગ્ન કરવાનો નિર્દેશ હોય છે એ રિવાજ જે સ્પષ્ટ કરે છે કે કોણે કોણી સાથે લગ્ન કરવા જોઈએ, કે લગ્ન કરવાનો આગ્રહ રાખવો જોઈએ, તેને નિર્દેશાત્મક નિયમ કહે છે અમુક નિર્દશાત્મક નિયમો નીચે પ્રમાણે છે.*

## (અ) સમાનાન્તર ભાઈ - બહેન લગ્ન :

*આ લગ્ન બે ભાઈઓ અથવા બહેનોના બાળકો વચ્ચે થાય છે આ લગ્નનો હેતુ બે ભાઈઓ કે બહેનો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાનો હોય છે આ પ્રકારના લગ્નમાં ગોત્ર બહિર્વિવાહના નિયમનો અપવાદ હોય છે. સમાન્તર ભાઈ - બહેનના લગ્ન મુસલમાનોમાં પ્રચલિત છે.*

### (બ) મામા - ફોઈના સંતાનો વચ્ચે લગ્ન

*આ લગ્ન મામાની દીકરી કે ફોઈની દીકરી સાથે થાય છે. બીજા શબ્દોમાં આ લગ્નને મામા અને ફોઈની સંતાનો એટલે કે મામ - ફોઈની સંતાનો વચ્ચેનું લગ્ન કહેવાય છે.*

*ભારતના ઘણા ભાગોમાં આ પ્રકારના લગ્નને પસંદગી આપાવમાં આવે છે. આ પ્રકારના લગ્નો મધ્યપ્રદેશના ગોણ્ઝ અને ઝારખંડના ઔરાંવ તથા ખરોયા જનજાતિઓમાં જોવા મળે છે. મહારાષ્ટ્રમાં પણ આ પ્રકારના લગ્ન પ્રચલિત છે. દક્ષિણ ભારતના હિન્દુઓમાં નાના સાથે લગ્ન નિર્દેશિત છે.*

### (ક) પતિભ્રાતા લગ્ન

*આ લગ્નનો એ રિવાઝ છે જેમાં વિધવા પોતાના પતિના ભાઈ સાથે લગ્ન કરે છે સામાન્ય રીતે પતિનો નાનો ભાઈ મોટા ભાઈનો વિધવા સાથે લગ્ન કરે છે. આ લગ્નનું પ્રચલન નીલગિરી શક્યિોના ટોડાંઓમાં જોવા મળે છે.*

### (ડ) સાલો લગ્ન

*સાલો લગ્ન એક એવો રિવાજ છે જેમાં એક વિધુર પોતાની મૃત પત્ની ની નાની બહેન સાથે લગ્ન કરે છે. આ પ્રકારનું લગ્ન મધ્ય ભારતના ગોણ્ક તથા બૈગા જનજાતિઓમાં જોવા મળે છે.*

### પાઠગત પ્રશ્નો-12.3

1. *સાચો ઉત્તર શોધો*

   *ઉચ્ચ જાતિની વ્યક્તિનું નિમ્ન જ્ઞાતિની સ્ત્રી સાથે લગ્નને ____________ કહેવાય છે.*

   *(અ) અનુલોમ લગ્ન*

   *(બ) પ્રતિલોમ લગ્ન*

   *(સ) બહુ વિવાહ*

   *(દ) બહુપતિ લગ્ન*

2. *ખાલી જગ્યા પૂરો:*

   *એક પુરુષનુ પોતાની મૃત પત્ની ની નાની બહેનની સાથેના લગ્ન ને ____________ કહેવાય છે.*

3. *નિમ્નલિખિત કથન સાચુ છે કે ખોટુ તે કહો:*

   *પ્રતિ લોમ લગ્ન એ છે જેમાં પત્ની ઉચ્ચ જ્ઞાતી ની હોય છે અને પતિ નિમ્ન જ્ઞાતિનો હોય છે.*





(4) નીચે આપેલા કથનોને જોડો.

| | |
|---|---|
| (અ) બહિર્વિવાહ | (1) વિધવાનું પોતાના મૃત ભાઈ સાથે લગ્ન |
| (બ) અન્ત : લગ્ન | (2) મામા - ફોઈની સંતાનો વચ્ચે વિવાહ |
| (ક) પતિ ભ્રતા લગ્ન | (3) પોતાના સમુદાયમાં લગ્ન કરવું |
| (ડ) સમાન્તર ભાઈ - બહેન લગ્ન | (4) પોતાના સમુદાયની બહાર લગ્ન કરવા |

## 12.4 લગ્નની ફરજ

**1. જાતિય સંતોષ :** લગ્ન બે વ્યક્તિઓને નજીક લાવે છે અને સમાજ દ્વારા સ્વીકૃત નિયમોના અનુસાર એમને જાતિય સંબંધ રાખવાનો સ્વીકૃત આપે છે. આ સમયમાં વિવાહિત વ્યક્તિઓને સમાજ જાતિય સંબંધ સ્થાપવાનો સ્વીકૃતિ આપે છે. અને કોઈ અન્ય વ્યક્તિ સાથે જાતિય સંબંધ સ્થાપવાનો મનાઈ ફરમાવે છે. આ પ્રકાર લગ્ન જાતિય સંબંધોન નિયમિત કરે છે.

**2. બાળકોનું પ્રજનન અને તેમનું ભરણ - પોષણ :**

લગ્નના માધ્યમથી સંતાનોનું પ્રજનન થાય છે અન સમાજના ધોરણો અનુસાર તેમનું ભરણ - પોષણ થાય છે. સંતાનોનું પ્રજનન અને તેમનું ભરણ - પોષણ પરિવારીક પૃષ્ઠભૂમિમાં થાય છે. પતિ - પત્ની બન્ને સાથ મળીને સંતાનોનું ભરણ -પોષણ કર છે અન તેમને ભૌતિક તથા માનસિક રૂપોથી સુદ્દ બનાવ છે. સગા - સંબંધિયો અને મિત્રો પણ સંતાનોના ભરણ - પોષણમાં એમના માતા - પિતાની સહાયતા કરે છે.

જાનવરોની અપેક્ષા માનવ સમાજમાં બાળકોને જીવંત રાખવા માટે અત્યાધિક સુરક્ષાની આવશક્યતા હોય છે. લગ્નની એક ખુબ જ મહત્વપૂર્ણ ફરજ સંતાનોનું ધ્યાન રાખવું છે.

**3. આર્થિક સહયોગ અને સુરક્ષા :-**

આર્થિક ગતિ વિધિઓમાં લગ્નનું મૂલ્યવાન અને ભરોસાપાત્ર આર્થિક સહાયતા આપવી છે. પતિ - પત્નિ એટલે યુગલને એ ભાવના લગ્ન જ આપે છે. કે તેઓ ઘર, ખેતર, કુટીર ઉદ્યોગ કે કોઈપણ અન્ય વ્યવસાય માધ્યમ એ પરિવારનો મદદ કરે જે એમણે બનાવ્યો છે. આ યુગલ એ એ વાતનું પણ ધ્યાન રાખે છે. તેઓ આર્થિક રીતે એક બીજાની જરૂરીયાતો પુરી કરે. તેમણે સાથે મળીને એ વાતનું પણ ધ્યાન રાખવાનું છે કે તેઓ પોતાની સંતાનોની આર્થિક જરૂરીયાતો જેમ કે ભોજન, કપડા, આવાસ, શિક્ષણ, ચિકિત્સા અને મનોરંજન પુરી કરે. પરંપરા તો એ રહી છે કે પતિ પાસેથી અપેક્ષા રહી છે તે ધન કમાવાને ભાવે અને પત્ની પાસેથી એવી અપેક્ષા રહી છે કે તે પતિ દ્વારા અર્જિત ધનનું વ્યાવ્યાપન કરે. આજના સમયમાં સ્થિતિ બદલાઈ છે. હવે સામાન્ય રીતે જોવામાં આળે છે કે પતિ - પત્નિ બન્ને મળીને પરિવારની જરૂરીયાતો પૂરી કરવા માટે ધન કમાવે છે.

**4. સાહચર્ય અને ભાવાત્મક સહયોગ**

લગ્ન પતિ અને પત્નીના રૂપમાં નિરંતર સાથે રહે તેવો જીવન સાથી આવે છે. શરૂઆતમાં પતિ અને પત્ની એકબીજાથી પરિચિત નથી હોતા પણ જેમ તે એકસાથે જીવન વ્યક્ત કરે છે તેમ તેઓ સારા મિત્ર થતા જાય છે.

પ્રત્યેક વર્તતા વર્ષ સાથે તેમનો એકબીજા માટેનો પ્રેમ વધતો જાય છે. સુખ અને દુ:ખમાં તે બન્ને એકબીજાને સામાજીક, આર્થિક અન ભાવાત્મક રીતે મદદ કરે છ. તે પરિવારના વ્યવસ્થાપનમાં એખ બીજાના સંદર્ભમને સમઝવામા હોશિયાર થઈ જાય છે.

**પાઠગત પ્રશ્નો-12.4**

1. સાચો જવાબ શોધો :

નીચેનામાંથી કોણે પરિવારની મહત્ત્વપૂર્ણ ફરજ સમજી શકાય.

(અ) જાતીય સંતોષ

(બ) સંતાનનું પ્રજનન

(ક) આર્થિક સહયોગ

(દ) ઉપરોક્ત તમામ

2. નીચેનું વાક્ય સાચું છે કે ખોટું તે કહો .

લગ્ન એક એવી સંસ્થા છે જે સમુદાય તથા તેની સંસ્કૃતિને જીવંત રાખે છે.

3. "લગ્નની મહત્ત્વપૂર્ણ ફરજ સમુદાય તથા વ્યક્તિ તરફ છે." શું આ કથન સાચું છે.

4. લગ્નનો આર્થિક ફરજોનો ઉલ્લેખ કરો.

## 12.5 હિન્દુ લગ્ન

### 12.5.1 હેતુ

હિન્દુ સમાજમા લગ્ન એક મહત્ત્વપૂર્ણ સંસ્કાર છે. એ એક ધાર્મિક કર્તવ્ય છે. સંસ્કાર એક એવો કર્મકાંડ છે જે વ્યક્તિને શુદ્ધ કરે છે. પ્રત્યેક હિન્દુ એ લગ્ન કરીને એક કર્તવ્ય એટલે ધર્મ પૂરો કરવો. જોઈએ આ ધર્મના માધ્યમો તે બ્રહ્મચાર્ય આશ્રમની અવસ્થાનો વિદાઈ લઈને જીવનનો બીજી અવસ્થાનો વિદાઈ લઈને જીવનનો બીજી અવસ્થા એટલે ગૃહઅસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે.

પરંપરાગત હિન્દુ સમાજના માત્ર એક વિવાહીત વ્યક્તિ જ પોતાનો પત્ની સાથે બધી સામાજિક અને ધાર્મિક ગતિવિધિ.ોમાં ભાગ લઈ શકે છે.

હિન્દુ લગ્નના નિમ્નલિખિત હેતુઓ છે :

1. ધાર્મિક કર્તવ્યોને પૂરા કરવા - ધર્મ

2. બાળકોનું પ્રજનન કરવું (સંવાનોત્પત્તિ) પ્રજા

3. જાતીય સંતોષ

હિન્દુ લગ્નના ત્રણ મહત્ત્વપૂર્ણ હેતુઓમાં ધર્મને સૌથી વધુ મહત્ત્વ આપાવામાં આવે છે. જેનો અર્થ એ છે કે વ્કિતને સામાજિક ધાર્મિક કર્તવ્યો પૂરા કરવા માટે લગ્ન કરવા જ જોીએ. એખ વિવાહીત યુગલ પાસેથી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ સંતાનોને જન્મ આપશે અને પરિવારનો પરંપરાને આવનારી પેઢી સુધી લઈ જશે.

જાતીય સંતોષ હિન્દુ લગ્નનો હજી એ હેતુ છે.

પણ એજ સૌથી વધુ મહત્ત્વનો હેતુ નથી.

### 12.5.2 હિન્દુ લગ્ન : એક ધાર્મિક સંસ્કાર રૂપે

હિન્દુ લગ્ન એક ધાર્મિક સંસ્કાર છે જે વ્યક્તિને શુદ્ધ કરે છે. લગ્નને એટલું પવિત્ર માનવામાં આવે છે કે હિન્દુ ગ્રંથોમાં લગ્ન - વિચ્છેદની કોઈ જ સંભાવના નથી - હકીકતમા હિન્દુ લગ્ન બે આત્માઓનું મિલન છે જે હમેંશા માટે એકબીજા પ્રતિ વફાદાર રહે છે. હિન્દુ લગ્ન એ અગ્નિ દેવ સામે ધાર્મિક ગ્રંથોનું મંત્રોચ્ચારણ દ્વારા કરવામાં આવે છે. લગ્નનું આ ગઠબંધન કોઈ પવિત્ર વ્યક્તિ એટલેકે બ્રાહ્મણ દ્વારા થાય છે.

વર - વધુ બન્ને લગ્નના આ સંબંધ મા એક બીજાને આજ્ઞાકારો અને રહેવાના વાયક્ષ કરે છે. શુભેચ્છકો પતિ-પત્નીને સુખી વૈવાહિક જીવન માટે આશિર્વાદ આપે છે.

## 12.5.3 હિન્દુ લગ્નના પરંપરાગત સ્વરૂપો

પરંપરાગત હિન્દુ સમાજમાં નિમ્નલિખિત લગ્નના આઠ સ્વરૂપોને માન્યતા મળેલ છે. આમાના લગ્નના ચાર સ્વરુપો યોગ્ય અને એપેક્ષિત છે અને છેલ્લા ચાર અયોગ્ય અને અનપેક્ષિત છે.

- બ્રહ્મ લગ્ન: આ લગ્નમાં પિતા એક ચારિત્ર્યવાન અને જ્ઞાની વ્યક્તિને પોતાની પુત્રીનુ કન્યાદાન આપે છે.
- દૈવ લગ્ન: આ લગ્નમાં પિતા પોતાની પુત્રીનું કન્યાદાન એક પુરોહિત બ્રાહ્મણને કરે છે.
- આર્ષ લગ્ન: આ લગ્નમાં વર વધુના પિતાને લગ્ન પહેલા ગાય કે બળદ ભેટ સ્વરૂપ આપે છે.
- પ્રજાપત્ય લગ્ન: આ લગ્નમાં પિતા પોતાની પુત્રીના વરના માતા-પિતા સાથે વાતચીત કરીને લગ્ન નક્કી કરે છે.



નોંધ

- જીવનસાથીની પસંદગીના કારણોમાં પણ બહુ મોટા પરિવર્તનો આવી રહ્યા છે. જૂના જમાનામાં પરિવારના વડીલો લગ્નના પ્રસ્તાવને અંતિમ સ્વરૂપ આપતા અને આવુ કરતી વખતે તેઓ પરિવારનું માન-સમ્માન વગેરે ધ્યાનમાં રાખતા. આજે પણ માન, પ્રતિષ્ઠા મહત્વપૂર્ણ સમજવામાં આવે છે પણ છોકરા અને છોકરીની એમની પસંદ અને નાપસંદ ને પણ તુલનાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.
- હવે છોકરા-છોકરીઓ વયસ્ક ઉંમરે લગ્ન કરવા લાગ્યા છે. હિન્દૂ લગ્ન અધિનિયમ, 1955 એ વાતની તાકીદ આપે છે કે લગ્ન સમયે છોકારાની ઉંમર 21 વર્ષ પૂરી થઈ ગયેલ જોઈએ અને છોકરીની ઉંમર 18 વર્ષ. બાળ લગ્ન નિષેધ અધિનિયમ, 1929 અનુસાર, બાળ લગ્ન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.
- પહેલા હિન્દૂ લગ્નને અવિભાજ્ય સમજવામાં આવતું પણ હિન્દૂ લગ્ન અધિનિયમ, 1955-એ હિન્દુઓમાં લગ્ન-વિચ્છેદની સ્વીકૃતિ આપી દીધી છે જેના પરિણામસ્વરૂપ લગ્નનું જે સ્થાયિત્વ હતું તેના પર વિપરીત અસર લગ્નો આ જ રીતે થાય છે.
- અસુર લગ્નઃ આ લગ્નમાં પુત્રીના પિતાને વધૂની કીંમત આપવામાં આવે છે.
- ગાંધર્વ લગ્નઃ આ લગ્નમાં વર અને વધુ બન્ને પોતાના માતા-પિતાની સલાહ લિધા વગર એક-બીજા સાથે પરણે છે.
- રાક્ષસ લગ્નઃ આ લગ્નમાં છોકરીનું અપહરણ કરી લેવામાં આવે છે અને છોકરી તથા તેના માતા-પિતાની મરજી વગર તેની સાથે લગ્ન કરવામાં આવે છે.
- પિચાશ લગ્નઃ આ લગ્નમાં જ્યારે છોકરો ઉંઘમાં હોય છે, નશામાં હોય છે, કે અસંતુલિત મગજનો હોય છે ત્યારે તેને તેનુ પતિવ્રત છોડવા માટે મજબૂર કરવામાં આવે છે. પછી આ છોકરીને પત્નીનો દરજ્જો આપવામાં આવે છે.

## 12.6 મુસ્લિમ લગ્ન

### 12.6.1 મુસ્લિમ લગ્ન એક કરાર તરીકે

- મુસ્લિમ લગ્ન કે નિકાહ પુરુષ અને સ્ત્રી વચ્ચે એક સામાજીક કરાર છે. જેનો હેતુ જાતિય સંબંધો અને બાળકોના પ્રજનન ને કાયદાકીય રૂપ આપવો છે. આ અર્થમાં નિકાહ હિન્દૂ લગ્ન કરતા અલગ છે. મુસ્લિમ લગ્ન એક કરાર કે સમજૂતિ છે જે પતિ કે પત્નીની ઈચ્છાએ તોડી શકાય છે. એને તોડવાનુ કારણ એ પણ હોઈ શકે કે પતિ કે પત્નીએ લગ્ન શરીર અને આત્માને શુધ્ધ કરે છે.

મુસ્લિમ લગ્નને સાક્ષીઓ, જેમાં મૌલવો પણ સામેલ છે. નો હાજરોમાં વિધિવત રીતે કરવામાં આવે છે. નિકાહમાં મૌલવો કુરાનની પવિત્ર આયતો વાંચે છે અને વર - વધુને તેમની મરજી પૂછે છે. તે એ પણ મેહર આપશે કે નહીં.

### 12.6.2 મુસ્લિમ લગ્નના સ્વરૂપો

1. *નિકાહ* 2. *ફાસિદ*
3. *મુવાહ* 4. *બાતિલ*

- *એ લગ્ન જે કુરાન એટલે કે મુસલમાનોના ધાર્મિક ગ્રંથમાં આપેલ નિયમો અનુસાર થાય છે તે નિયમિત લગ્ન, નિકાહ કે સહી નિકાહ કહેવાય છે.*
- *એ લગ્ન જેમાં અમુક નિયમોનું ઉલ્લંઘન થાય છે તેને 'અનિયમિત' નિયમોનું ઉલ્લંઘન થાય છે તેને 'અનિયમિત' કે ફાસિદ લગ્ન કહે છે. પછી અનિયમિતતાને હટાવીને લગ્ન કહે છે. પછી અનિયમિતતાને હટાવીને આને સહી લગ્નનું નામ આપવામાં આવે છે.*
- *મુસલમાનોમાં અસ્થાયી લગ્ન કરવાનો પણ પ્રથા છે. એને 'મુતાહ લગ્ન' કહેવાય છે.લગ્નના આ પ્રકારમાં એક સુનિશ્ચિત સમય સુધી લગ્નનો સમયગાળો પાક્કો કરવામાં આવે છે. અને તે પૂર્ણ થતા આ લગ્ન સંબંધ આપોઆપ સમાત્પ થઈ જાય છે. આ પ્રકારના લગ્નમાં અસ્થાયો સંબંધોના સમયગાળામાં જે સંતાન જન્મે છે તેને તેના પિતાનો સમપત્તિનો એક ભાગ મળે છે.*
- *બાતિલ લગ્ન એ છે જેને નિયમિત કરી શકાતું નથી કારણ કે તેમાં મુસ્લિમ લગ્નના પાયાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થાય છે.*

### 16.6.3 મુસ્લિમ લગ્નમાં તલાક કે લગ્ન - વિચ્છેદ

*મુસલમાનમાં તલાકની વિધિ ખૂબજ સરળ હોય છે. એક પતિ ત્રણ વાર 'તલાક' શબ્દ બોલીને પોતાની પત્નીને તલાક આપી શકે છે. પણ આવું કરવા પર પતિને એ મેહર ચૂકવવું પડે જે તેને લગ્ન વખતે વાયદો કરેલ છે. મેહર આપવું એટલે એને જે પત્નીને આર્થિક રીતે નુકશાન પહોચાડ્યું છે તેની ભરપાઈ કરવી.*

*એક પત્ની પણ પોતાના પતિને તલાક આપી શકે છે જો પતિ તલાક સ્વીકાર કરે તો આ પ્રકારના તલાકને 'ખુલા એટલે કે મુક્ત તલાક કહેવાય છે. જો પતિ અને પત્ની પરસ્પર સમહમતીથી લગ્ન વિત્થેદ કરે તો આવા લગ્ન વિચ્છેદને 'મુબારત' કહેવાય છે.*

*મુસલમાનમાં લગ્ન વિચ્છેદ મુસ્લિમ તલાક અધિનિયમ 1939 ના દ્વારા પણ આપી શકાય છે.*

### પાઠગત પ્રશ્નો-12.5

1. *નીચેનું કથન સાચું છે કે ખોટું તે કહો*

*હિન્દુ લગ્નને પોતાની ઈચ્છા પ્રમાણે તોડી શકાય છે.*



2. સાચો જવાબ શોધો :

હિન્દુ લગ્નનું સૌથી વધુ લોકપ્રિય સ્વરૂપ છે.

(અ) બદન (2) પ્રજાપત્ય (3) દૈવ

**3. જોડકા બનાવો.**

| | |
|---|---|
| અ. આર્ય | 1. માતા - પિતાની સલાહ બાદ કરેલ લગ્ન |
| બ. ગૌધર્વ | 2. છોકરા અને છોકરીનો પાસસ્પરિક સહમતિ સાથે કરેલ લગ્ન |
| ક. દૈવ | 3. બ્રાહ્મણ પૂરોહિત સાથે થયેલ લગ્ન |
| ખ. પ્રજાત્ય | 4. વર દ્વારા વધૂના પિતાને લગ્ન ઉપરાન્ત ગાયોની એક જોડી કે બળદો ભેટમાં આપવા |

4.મુસ્લિમ લગ્ન એક સામાજિક કરાર છે. શું આ કથન સાચું છે.

5. મુસ્લિમ લગ્નના ચાર સ્વરૂપ કયા છે.

## 12.7 લગ્નમાં પરિવર્તન

ઘણા વર્ષોથી લગ્નનો સંસ્થામાં પરિવર્તન આવ્યા છે આ પરિવર્તનોને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- લગ્ન પ્રત્યેના વલણમાં પરિવર્તન આવી રહ્યું છે. હવે લગ્નો ઉપયોગિતા પર વધુ ધ્યાન આપે છે. દહેજની માંગણી વધવા લાગી છે ને એ કારણે છોકરીઓ પર ગુજરાતો ત્રાસ પણ વધી રહ્યો છે.
- લગ્ન સાથીનો પસંદગીનો પ્રક્રિયામાં પણ વિવિધ પ્રકારના પરિવર્તનો આવ્યા છે. આજકાલ છોકરા - છોકરીઓ બીજી જ્ઞાતિના જીવનસાથીની પસંદગી પણ કરી લે છે. આ પ્રકારના અન્વજ્ઞોતો લગ્નોને હવે મોટી સંખ્યામાં સમાજ અને પરિવાર પણ સ્વીકૃત આપવા લાગ્યું છે.
- વિશેષ લગ્ન અધિનિયમ 1954 અન્તજ્ઞાતિય અને અન્વધાર્મિક લ્ગનોને સ્વીકૃત આપે છે. આ અધિનિયમના અનુસાર છોકરા અને છોકરીને લગ્ન અધિકારોની 35 સ્થિતિમાં કાયદાકીય દસ્તાવેજ પર સહી કરવાની હોય છે.
- હવે મોટાભાગના છોકરા - છોકરીઓ પોતાના જીવનસાથીની પસંદગી પરસ્પર આકર્ષણ અને સરખા સ્વભાવના આધારે કરે છે. પદગીની આ પ્રક્રિયામાં માતા - પિતાની ભૂમિકા, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં, ઓછા થતો જાય છે.
- જીવનસાથીની પસંદગીના કારણોમાં પણ બહુ મોટા પરિવર્તનો આવી રહ્યા છે. જૂના જમાનામાં

પરિવારના વડીલો લગ્નના પ્રસ્તાવને અંતિમ સ્વરૂપ આપતા અને આવુ કરતી વખતે તેઓ પરિવારનું માન - સન્માન વગેરે ધ્યાનમાં રાખતા આજે પણ માન, પ્રતિષ્ઠા મહત્ત્વપૂર્ણ સમજવામાં આવે છે. પણ છોકરા અને છોકરીઓની એમની પસંદ અને નાવસંદને પણ તુલનાત્મક રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

- હવે છોકરી - છોકરાઓ વયસ્ક ઉંમરે લગ્ન કરવા લાગ્યા છે. હિન્દુ લગ્ન અધિનિયમ, 1955 એ વાતનવી તાકીદ આફે છે કે લગ્ન સમયે છોકરાની ઉંમર 21 વર્ષ પૂરી થઈ ગયેલ જોઈએ અને છોકરીની ઉંમર 18 વર્ષ બાળ લગ્ન નિષેધ અધિનિયમ, 1929 અનુસાર, બાળ લગ્ન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.
- પહેલ હિન્દુ લગ્નને અવિભાજ્ય સમજવામાં આવતું. પણ હિન્દુ લગ્ન અધિનિયમ, 1955 એ હિન્દુઓમા લગ્ન વિચ્છેદનો સ્વીકૃતિ આપી દીધી છે જેના પરિણામ સ્વરૂપે લગ્નનું જે સ્થાન સ્થાપિત્વ હતુ તેના પર વિપરીત અસર થઈ છે. પણ આ અધિનિયમનો સાચો પાસો એ છે કે જો પતિ - પત્ની
- શિક્ષિત છોકરા-છોકરીઓ પોતાની પસંદ થી લગ્ન કરે છે. જેથી જ્ઞાતિ, ધર્મના પ્રિતબંધો અને એજ રીતે દહેજને ટાળી શકાય છે. પણ આ અધિનિયમો સાચા પાંસા એ છે કે જો પતિ-પત્ની પારસ્પરિક રીતે અસંગત અને અપ્રસન્ન છે, તો તેઓ એકબીજાથી છૂટકારો મેળવી શકે છે.
- હિન્દૂ વિધવા પુનર્વિવાહ અધિનિયમ, 1856 એ વિધવા લગ્નનો સ્વીકૃતિ આપી છે. આ પહેલા વિધવા સ્ત્રીઓ બીજી વાર લગ્ન નહોતી કરી શકતી.
- સમજના અમુક ભાગોમાં દહેજની માંગણી ઉચ્ચ શિખર પર પહોંચી ગયી છે. ઓછું દહેજ લાવવાને કારણે સાસરી પક્ષના લોકો છોકરીઓને હેરાન કરે છે, ત્યાં સુધી કે તેને મારી પણ નાખે છે. દહેજ નિષેધ અધિનિયમ, 1961 એ દહેજ આપવા અને લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. એ વાત અલગ છે કે અધિનિયમ અધિક પ્રભાવશાળી નથી.
- દહેજપ્રથા, જાતિ, ધર્મ અને માતા-પિતાના દબાણનો સામનો કરવા માટે હવે શિક્ષિત છોકરા-છોકરીઓએ માતા-પિતા દ્વારા નક્કી કરેલ લગ્નોનો અસ્વીકાર કરવાનો શરૂ કર્યો છે.

## પાઠગત પ્રશ્નો-12.6

1 નીચેનુ વાક્ય સાચું છે કે ખોટું તે કહો:

કાયદાકીય રીતે પણ હિન્દુ લગ્ન અવિભાજ્ય નથી.

2. સાચો જવાબ શોધો.

લગ્ન પ્રત્યે આ પ્રકારનું વલણ થઈ રહ્યુ છે.

(અ) ઉપયોગિતા પર આધારિત

(બ) પરંપરા પર આધારિત

(ક) તર્ક પર આધારિત

3. જોડકા જોડો.

| | |
|---|---|
| (અ) પરંપરાગત રીતે થયેલ લગ્ન | (1) પરિવારનો પ્રતિષ્ઠા અને જ્ઞાતિના આધારે કરલે લગ્ન |
| (બ) આધુનિક આધાર પર કરેલ લગ્ન | (2) જ્ઞાતિ અને દહેજના આધાર પર કરેલ લગ્ન |
| (ક) પોતાની પસંદગીથી કરેલ લગ્ન | (3) પારંસપરીક પસંદગી અને નાપસંદગીના આધારે કરેલ લગ્ન |

4. સાચા જવાબ શોધો.

પરંપરાગત રીતે કરેલ લગ્નનો છોકરા- છોકરીઓ આ કારણસર વિરોધ કરે છે :

(1) દહેજની વધતી જતી માંગણી

(2) છોકરા-છોકરીનો વિચારધારાનો અવહેલના

(3) જીવનસાથીનો પસંદગીમાં જ્ઞાતી અને ધર્મ નો પ્રતિબંધ

(4) ઉપરના તમામ.

## તમે જે શીખ્યા

- ધર્મની દષ્ટિએ હિન્દુ લગ્ન અવિભાજ્ય છે પણ હવે હિન્દૂ લગ્ન અધિનિયમ, 1955 પ્રમાણે વિભાજ્ય છે.
- મુસ્લિમ લગ્નના ચાર સ્વરૂપો છે.

  1 નિકાહ 2 ફાસિદ

  3 મુવાહ 4 બાતિલ
- મુસલમાનોમાં તલાકના નિમ્ન પ્રકાર છે.

  1 તલાક 2 ખુલા

  3 મુબારત
- લગ્ન પ્રત્યેના વલણમાં પરિવર્તન આવી રહ્યું છે. હવે લગ્નો ઉપયોગિતા પર વધુ ધ્યાન આપે

નોંધ

છે. દહેજની માંગણી વધવા લાગી છે ને એ કારણે છોકરીઓ પર ગુજરાતો ત્રાસ પણ વધી રહ્યો છે.

- શિક્ષિત છોકરા-છોકરીઓ પોતાની પસંદ થી લગ્ન કરે છે. જેથી જ્ઞાતિ, ધર્મના પ્રિતબંધો અને એજ રીતે દહેજને ટાળી શકાય છે. પણ આ અધિનિયમો સાચા પાંસા એ છે કે જો પતિ-પત્ની પારસ્પરિક રીતે અસંગત અને અપ્રસન્ન છે, તો તેઓ એકબીજાથી છૂટકારો મેળવી શકે છે.
- હિન્દૂ વિધવા પુનર્વિવાહ અધિનિયમ, 1856 એ વિધવા લગ્નનો સ્વીકૃતિ આપી છે. આ પહેલા વિધવા સ્ત્રીઓ બીજી વાર લગ્ન નહોતી કરી શકતી.
- સમજના અમુક ભાગોમાં દહેજની માંગણી ઉચ્ચ શિખર પર પહોંચી ગયી છે. ઓછું દહેજ લાવવાને કારણે સાસરી પક્ષના લોકો છોકરીઓને હેરાન કરે છે, ત્યાં સુધી કે તેને મારી પણ નાખે છે. દહેજ નિષેધ અધિનિયમ, 1961 એ દહેજ આપવા અને લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. એ વાત અલગ છે કે અધિનિયમ અધિક પ્રભાવશાળી નથી.

**શબ્દાવલી**

- બહુપતિ લગ્નઃ- લગ્નનું એ સ્વરૂપ જેમાં એક સમયે એક સ્ત્રીના એક કરતા વધારે પતિ હોય છે.
- બહુ લગ્નઃ- લગ્નનું એ સ્વરૂપ જેમાં પતિ અથવા પત્નીને એક જ સમયે એક કરતા વધારે પત્નીયોં અથવા પતિઓ હોય.
- બહુ પત્ની લગ્ન- લગ્નનું એ સ્વરૂપ જેમાં એક સમયે એક પતિને એક કરતા વધું પત્નીઓ હોય છે.
- પ્રતિલોમઃ- ઊંચી જ્ઞાતિનો છોકરીનું લગ્ન નીચિ જ્ઞાતિના છોકરા સાથે થાય છે.

  સંસ્કાર - કર્મકાંડ જે વ્યકિતને શુધ્ધ કરે છે.

## પાઠાંત પ્રશ્નો

1 લગ્નની ફરજોને સંક્ષિપ્તમાં સમજાવો.

2 જીવનસાથીની સંખ્યાના આધારે લગ્નના પ્રકાર જાણવો. ઉચિત ઉદાહરણ આપો સમજાવો.

3 હિન્દુઓમાં લગ્નનાં હેતુઓ સમજાવો.

4 મુસ્લિમ લગ્ન હિન્દૂ લગ્નથી કેટલુ અલગ છે ?

5 નિચે લખેલ વિષયો પર સંક્ષિપ્તમાં ટિપણી કરોઃ

(અ) પ્રજાપત્ય લગ્ન

(બ) સહી નિકાહ

(સ) મુસલમાનોમાં લગ્નના પ્રકાર

(દ) લગ્ન પ્રત્યે બદલાતા વલણ

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

12.1 (1) સાચું (2) ડ (3) નાગરિક અને ધાર્મિક

(4) લગ્ન એક એવી સંસ્થા છે જેપુરુષ અને સ્ત્રીની ભૌતિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જરૂરિયાતો સંતોષે છે.

12.2 (1) (ક) (2) સાચું (3) વાટાઘાટ

12.3 (1) (અ) (2) સાલો લગ્ન (3) ખોટું

(4) અ-4, બ-3, ક-1, ડ-2

12.4 (1) (ડ) (2) સાચું (3) સાચું

12.5 (1) ખોટું (2) (બ)

(3). અ-(iv) બ-(ii) સ(iii) ડ-(v) (4) સાચું

(5). નિકાહ, ફાસિદ, મુતાહ અને બાતિલ

12.6 (1). ખોટું (2) અ (3) અ-(i) બ-(ii) સ-(iii)

(4) (iv)



નોંધ

# 13

# કુટુંબ

વ્યક્તિ અને સમાજ માટે પરિવાર એક મહત્વપૂર્ણ સામાજિક સમૂહ છે. વિશ્વમાં પ્રત્યેક વ્યક્તિ એક અથવા બીજા પરિવારનો સભ્ય હોય છે. આપણે બધા એક ચોક્કસ પરિવારમાં જન્મ્યા છીએ જેમાં આપણો ઉછેર થયો છે. બાળકોના જન્મની સાથે પરિવારનો પણ વિકાસ થાય છે. ઘણી વખત એક પરિવારમાં વિભિન્ન પેઢીઓના લોકો મળીને રહે છે.

તેથી પરિવાર એક કેન્દ્ર બિંદુ હોય છે જેની આસ-પાસ આપણું સંપૂર્ણ જીવન ફરતુ રહે છે. આપણે આપણા દિવસનો પ્રારંભ પરિવાર સાથે કરીએ છીએ. ત્યારબાદ પોતાના વ્યવસાયિક અને સામાજિક કાર્યો કરી ફરી પરિવારના સભ્યોની સાથે થઈ જઈએ છીએ.

તમે એ અહેસાસ કર્યો હશે કે અનિવાર્ય સંજોગોને કારણે તમે તમારા પરિવારથી દૂર થઈ જાઓ તો પણ તમારા નાના-નાના સુખ-દુ:ખોને પરિવાર સાથે વહેંચવાથી તમારી ઈચ્છા જળવાઈ રહે છે. પરિવારની સાથે રહેવાની તમારી ઈચ્છા એ બાબત તરફ નિર્દેશ કરે છે કે તમે તમારા પરિવારના સભ્યો સાથે ભાવાનાત્મક બંધનમાં જોડાયેલા છે. પરિવારને માનવ પ્રકૃત્તિની નર્સરી કહે છે કારણ કે પરિવારની સીધી અસર વ્યક્તિના સ્વભાવ પર પડે છે.

આ પ્રકરણમાં આપણે જોઈશું કે પરિવારના કેટલા પાસાઓ છે અને તેમની એક વ્યક્તિના જીવનમાં શું ભૂમિકા છે.

## હેતુઓ

આ પ્રકરણના અભ્યાસ પછી તમે

- પરિવારને વ્યાખ્યાયિત કરી શકશો.
- પરિવારનું સમાજ શાસ્ત્રીય મહત્વ સમજાવી શકશો
- પરિવારના લક્ષણોને વર્ણવી શકશો.
- પરિવારના વિવિધ કાર્યો સમજાવી શકશો
- સંયુક્ત અને આધુનિક પરિવારનો અર્થ અને સમસ્યાઓ સમજાવી શકશો
- પરિવારમાં આવતા પરિવર્તનો અને તેની પાછળના પરિબળોને વર્ણવી શકશો.

## 13.1 પરિવારનો અર્થ અને વ્યાખ્યા

પરિવાર સમાજનો પાયાનો ભાગ છે નાનામાં નાના સ્વરૂપમાં પરિવારમાં પતિ-પત્નિ અને બાળકો હોય છે. વિશાળ સ્વરૂપમાં પરિવારમાં ઘણી પેઢીઓની વ્યક્તિઓ હોય છે. કાયદા પ્રમાણેની રીતે પરિણીત દંપતિ એક ઘરમાં રહે છે ત્યારે એક પરિવાર બનાવે છે. દંપતિ સાથે રહે છે અને ભૌતિક ભાવનાત્મક, સામાજિક અને આર્થિક રૂપથી એક-બીજાની સહાયતા કરે છે. તેઓ એકીબીજાની જરૂરીયાતો અને વિભિન્ન મહત્વાકાંક્ષાઓ પૂરી કરે છે પરિવારમાં બાળકોનો જન્મ પરિવારને પૂર્ણતા આપે છે. આ ઉપરાંત પતી-પત્નીમાં સ્નેહ ઉત્પન્ન થાય છે. આ સ્નેહ આપણા પરિવારોમાં પણ જોવા મળે છે.

પરિવાર એક સમૂહ છે જેનો આધાર લગ્ન પર હોય છે. આ પ્રમાણે પરિવાર એક જ મકાનમાં નિવાસ કરે છે. પરિવારની વ્યાખ્યા આપવા માટે કહી શકાય કે પરિવાર સ્થાયી સંબંધ રાખનાર સભ્યોનો સમૂહ છે સભ્યોના આ સંબંધ લગ્ન, રક્ત અથવા દત્તક ગ્રહણથી બંધાય છે. અહીં આપણે એ ધ્યાન રાખવું જોઈએ કે પરિવાર અને ઘર વચ્ચે ઘણુ અંતર છે. ઘરમાં માત્ર પરિવાર ના સભ્યો જ નથી રહેતા પરંતુ એ બધી વ્યક્તિઓ પણ ઘરમાં રહે છે જે એકબીજા સાથે સંબંધોથી જોડાયેલા નથી હોતા છતા પણ એક જ મકાનમાં સાથે નિવાસ કરે છે. આ મકાનઘર હોઈ શકે છે, એપાર્ટમેન્ટ હોઈ શકે છે અથવા એક રૂમ પણ હોઈ શકે છે. એકલી રહેનાર વ્યક્તિ મકાનમાં રહે છે, પરિવારમાં નહી.

## 13.2 પરિવારનું સમાજશાસ્ત્રીય મહત્વ


પરિવારનો અભ્યાસ મહત્વપૂર્ણ છે. કારણ કે માનવ-સમાજમાં પરિવાર એક પાયાનો આધાર છે. સમાજના નિર્માણમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા છે કારણ કે તે પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને સ્થાયી સંબંધોમાં જોડે છે. તેને માનવ પ્રકૃતિની નર્સરી કહેવામાં આવે છે. પરિવારના બાળકોનો એ રીતે

ઉછેર કરવામાં આવે છે કે જેથી પુખ્ત વયના થયા બાદ વિભિન્ન પરિસ્થિતિમાં કેવો વ્યવહાર કરવો તે તેઓ કેળવી શકે. બીજા શબ્દોમાં, પરિવાર માનવ સમજ વ્યક્તિત્વનો પાયો નાંખે છે.

પરિવારને સંસ્કૃતિનું સ્થાનાંતરણ બિંદુ પણ કહેવામાં આવે છે આપણે જાણીએ છીએ કે સંસ્કૃતિ પર્યાવરણનો માનવનિર્મિત ભાગ છે. પરિવારમાં બાળક સંસ્કૃતિના દરેક પાસાથી પરિચિત થાય છે. જ્યારે વ્યક્તિ પુખ્ત બને છે ત્યારે તે પોતાનું જ્ઞાન, સામાજિક માપદંડો, રીતિરીવાજો અને જીવનના ભૌતિક પાસાઓને નાના બાળકોને સમજાવે છે.

એક પુખ્ત વ્યક્તિ બે પ્રકારના પરિવારનો સભ્ય હોય છે. એક પરિવાર એ કે જ્યાં તેનો જન્મ થયો હોય. આ પરિવારને અભિમુખતાનો પરિવાર કહે છે. આ પ્રકારના પરિવારમાં વ્યક્તિની ઓળખ પુત્ર અથવા પુત્રી તરીકે કરવામાં આવે છે. આ પરિવાર વ્યક્તિના જીવન અને વ્યક્તિત્વ પર ખૂબ ઊંડો પ્રભાવ પાડે છે.

લગ્ન બાદ વ્યક્તિ જે પરીવાર બનાવે છે તેને પ્રજનનનો પરિવાર' કહે છે. આ પરિવારમાં પરિણીત દંપતિ બાળકોને જન્મ આપે છે અને તેમનો ઉછેર કરે છે.




આકૃતિ. 1.

પ્રત્યેક રીતે વ્યક્તિ અને સમાજ માટે પરિવાર મહત્વપૂર્ણ છે તેથી સમાજશાસ્ત્રમાં તેનો અભ્યાસ મહત્વપૂર્ણ છે.

## 13.3 પરિવારની લાક્ષણિકતાઓ/ગુણધર્મો :-

પરિવાર સામાજિક સંગઠનનું એક પાયાનું એકમ છે.તેના કેટલાક નિશ્ચિત લક્ષણો નીચે મુજબ છે.

(1) સાર્વભૌમિકતા : એક સામાજિક એકમ તરીકે પરિવાર સાર્વભૌમિક હોય છે. આ વિશ્વમાં કોઈ પણ સમાજ એવો નહી હોય કે જેમાં પરીવાર જોવા ન મળે. તેને સાર્વ ભૌમિક એટલા માટે કહે છે કે વ્યક્તિ અને સમાજના કેટલાક એવા કાર્યો છે જે પરિવાર વિના સંભવ નથી જૈવિક, આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક કાર્યો એવા છે કે જેને પરિવાર સિવાય કોઈ સામાજીક સંસ્થા નથી કરી શકતી વાસ્તવમાં સમાજ પાસે એવો કોઈ વિકલ્પ નથી જે પ્રતિબદ્ધતા અને નિઃસ્વાર્થ ભાવથી એ તમામ કાર્યો કરે જે એક પરિવાર કરી શકે છે.

(2) ભાવાનાત્મક આધાર :- પરિવારના સભ્યો એક-બીજાથી ભાવાનાત્મક રીતે જોડાયેલા હોય છે આ સભ્યો એક-બીજાને પ્રેમ, સંભાળ અને સુરક્ષા આપે છે. પરિવારના કલ્યાણ માટે સભ્યો

કોઈ પણ ત્યાગ માટે તૈયાર રહે છે.

(3) સીમિત કદ :- સામાન્ય રીતે પરિવારમાં પતિ-પત્ની અને તેમના અપરિણીત બાળકો હોય છે. તે એક નાનો સમૂહ હોય છે જેમાં સભ્યોના રૂપમાં એ વ્યક્તિઓ હોય છે. જે લગ્ન અથવા રક્ત સંબંધોથી જોડાયેલા હોય છે. મોટા પરિવારો દિન-પ્રતિદીન નાના કદના થઈ રહ્યા છે.

(4) સામાજિક સંરચનામાં એકાકી પરિવારનું સ્થાન :- પ્રત્યેક સામાજિક સમૂહોમાં એકાકી પરિવાર અનિવાર્ય હોય છે. સામાન્ય અથવા ઉન્નત સમાજોમાં જે સામાજિક સંબંધોની સંરચના હોય છે. તેને બનાવવાનું કામ પરિવાર કરે છે.

(5) સામાજિક નિયમન : પરિવાર સામાજિક માપદંડો અનુસાર કાર્ય કરે છે. સામાજીકરણની પ્રક્રિયાના માધ્યમથી પરિવારના સભ્યોને સામાજિક માપદંડો અને રીતિ-રીવાજોનું પાલન કરવાનું શિક્ષણ આપવામાં આવે છે. પરિવારના સભ્યો વચ્ચે આંતર સંબંધો અથવા આંતરક્રિયાઓનું માર્ગદર્શન સામાજિક અને કાયદાકીય નિયમન દ્વારા કરવામાં આવે છે.

(6) પરિવારની સ્થાયી અને અસ્થાયી પ્રવૃત્તિ : પરિવાર સાર્વભૌમિક તથા નિરંતર હોય છે પરંતુ એક ચોક્કસ પરિવાર ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી પતિ અને પત્ની એક સાથે રહે છે અને તેઓ પરિવારનું નામ અને પરંપરા જાળવી રાખે છે. આ પ્રકારે પારિવારીક ચક્ર ચાલતું રહે છે.

ઉપર દર્શાવેલ વિશિષ્ટ લાક્ષણિકતાઓ ઉપરાંત પરીવારની કેટલીક સામાન્ય લાક્ષણિકતાઓ પણ હોય છે જે નીચે મુજબ છે.

(1) જાતિય સંબંધ : એક પરિવારનો જન્મ ત્યારે થાય છે જ્યારે એક પુરુષ અને એક સ્ત્રી લગ્ન સંબંધથી જોડાય છે લગ્ન બાદ પતિ-પત્ની શારિરીક સંબંધ ધરાવે છે અને પોતાની જાતિય ઈચ્છાને સંતુષ્ટ કરે છે. સ્વસ્થ જીવન વિતાવવા માટે આ વૃત્તિને સંતુષ્ટ કરવી જરૂરી છે.

(2) સામાન્ય નિવાસ : સામાન્ય રીતે પરિવારના સભ્યો એક જ ઘરમા રહે છે. આ સભ્યોનાં પતિ-પત્ની, તેમના બાળકો અને અન્ય સંબંધીઓનો સમાવેશ થાય છે.

(3) વંશક્રમની ગણતરી :- પરિવાર સામાન્ય રીતે દ્વિપક્ષી સમૂહ હોય છે. આ સમૂહો પતિ પત્ની અને સગા-સંબંધીઓના બનેલા હોય છે. પરંતુ તેમાં સ્થાનિક પરંપરા અનુસાર બાળકો વંશ પરંપરાગત રીતે પિતા અથવા માતાનું નામ અને સંપત્તિ ધારણ કરે છે.

(4) આર્થિક વ્યવસ્થા :- પ્રત્યેક પરિવાર પોતાના સભ્યોની આર્થિક જરૂરીયાતોની પૂર્તિ કરે છે. સામાન્ય રીતે પરીવારની પુખ્ય વ્યક્તિ કાંઈ વ્યવસાય કરી પ્રત્યેક સભ્યોની જરૂરીયાત પૂરી કરે છે. પરિવારમાં વૃદ્ધ અને બિમાર સભ્યોની સંભાળ પણ રાખવામાં આવે છે.

## પાઠગત પ્રશ્નો-13.1

(અ) હેતુલક્ષી વિધાન માટે સત્ય/અસત્ય જણાવો

પરિવારના સભ્યો હંમેશા એક છતની નીચે રહે છે.

(2) ખાલી જગ્યા પૂરો

પરિવારના સભ્યો એકબીજા સાથે રક્ત, ______________ અથવા દત્તક ગ્રહણથી જોડાયેલા છે.

(3) યોગ્ય ઉત્તર પસંદ કરો.

વ્યક્તિના જીવનમાં પરિવાર સૌથી મહત્વપૂર્ણ સમૂહ છે કારણ કે

(1) પરિવારના સભ્યો એક-બીજા માટે નિ:સ્વાર્થ અને સમર્પિત ભાવના ધરાવે છે.





(2) પરિવારના સભ્યો રક્ત, લગ્ન સંબંધો અથવા દત્તક ગ્રહણના માધ્યમથી જોડાયેલા હોય છે.
(3) પરિવાર પોતાના સભ્યોને આર્થિક અને સામાજિક સહાયતા આપે છે.
(4) વ્યક્તિના સમાજીકરણમાં પરિવારની ભૂમિકા ખૂબ મહત્વ પૂર્ણ હોય છે.
(5) ઉપરના તમામ વિકલ્પો.
(અ) પરિવારને 'માનવ પ્રકૃતિની નર્સરી' કહેવામાં આવે છે. શા માટે? એક વાક્યમાં સમજાવો.

## 13.4 પરિવારના કાર્યો

સમાજમાં પરિવારનાં ઘણા પ્રકારનાં કાર્યો હોય છે. વ્યક્તિ અને સમાજ પોતાની પાયાની જરૂરીયાતો માટે પરિવાર પર વધુ નિર્ભર હોય છે. જો વ્યક્તિ અને સમાજની જરૂરીયાતો યોગ્ય રીતે પૂરી કરવામાં ના આવે તો તેમનું જીવંત રહેવું મુશ્કેલ બની જાય છે. આ કારણે પરિવાર દ્વારા કરવામાં આવતા કાર્યો ખૂબ મહત્વનાં બની જાય છે. અહીં આપણે પરિવારનાં મહત્વપૂર્ણ કાર્યોની ચર્ચા કરીશું.

(1) **જૈવિક કાર્યો :** પરિવારનાં જૈવિક કાર્યો વિવિધ પ્રકારનાં હોય છે.

(અ) પરિવારનાં જૈવિક કાર્યોમાં પ્રથમ અને સૌથી મહત્વ પૂર્ણ કાર્ય પતિ અને પત્નીની જાતિય સંતુષ્ટિ છે. આ સંતુષ્ટિ સમાજ દ્વારા સ્વીકૃત નિયમોથી થાય છે.

(બ) બીજું મહત્વપૂર્ણ કાર્ય બાળકોને જન્મ આપવાનું છે. એક બાળકના રૂપમાં પરિવારને એક નવી પેઢી મળે છે જે પરિવારની વંશ પરંપરાને આગળ ધપાવે છે. માનવ પ્રજાતિ આ પરિવારમાં જન્મતા નવા સભ્યોથી આગળ વધે છે.

(ક) પરિવારનું એક જૈવિક કાર્ય પ્રત્યેક પરિસ્થિતિમાં વ્યક્તિને સંરક્ષણ આપવાનું છે. પરિવારનું એક મહત્વપૂર્ણ કાર્ય પ્રત્યેક વ્યક્તિની ભૌતિક સુરક્ષા અને તેની સંભાળ રાખવાનું છે. ટૂંકમાં પ્રત્યેક સભ્યોને શારિરીક રીતે સ્વસ્થ અને માનસિક રીતે સાવધ રાખવા એ પરિવારની જવાબદારી છે.

(2) **આર્થિક કાર્ય :-** જ્યાં સુધી પરિવારના લોકો સ્વનિર્ભર નથી બની જતા ત્યાં સુધી પરિવાર તેના સભ્યોની ભોજન, વસ્ત્ર અને રહેઠાણની જરૂરીયાતો પૂરી કરે છે. પરિવારની મુખ્ય વ્યક્તિ કોઈ કામ-ધંધો અથવા વ્યવસાય અપનાવીને અન્ય સભ્યોની જરૂરીયાતોની પૂર્તિ પોતાની આવક દ્વારા કરે છે. કેટલીક વખત પરીવારના સભ્યો સામુહિક રૂપથી કોઈ પારિવારિક વ્યવસાય, ખેતી-વાડી, પશુપાલન, કુટિર ઉદ્યોગ વગેરે કરે છે આ પ્રકારનો સામૂહિક પ્રયાસ પરિવારના લોકોને રોજગાર અને આવક આપે છે. અન્ય આર્થિક કાર્ય એ છે કે જેમાં પરિવાર પોતાના ઉત્તરાધિકારીમાં ને સંપતિ અને જવાબદારીઓ આપે છે. પરિવારના બાળકોને આ બધુ પ્રાપ્ત થાય છે.

(3) **બાળકોનું સામાજીકરણ :-** પરિવારનું સૌથી વધુ મહત્વપૂર્ણ કાર્ય બાળકોની સંભાળ રાખવાનુ અને તેમને સમાજની સંસ્કૃતિને અનુકૂળ બનાવવાનું છે. સામાજીકરણની પ્રક્રિયામાં બાળકો સંસ્કૃતિના ભૌતિક અને અભૌતિક પાસાઓથી પરિચીત થાય તેનું ધ્યાન પરિવાર રાખે છે. બાળક પરિવારના માધ્યમથી પોતાના સમાજની ભાષા, રીતિ-રિવાજ, વ્યવહાર, માપ દંડ અને મૂલ્ય, વિશ્વાસ તથા સામાજીક ભૂમિકાઓને સમજે છે આ તમામ પાસાઓ અભૌતિક સંસ્કૃતિના અંગો છે ભૌતિક સંસ્કૃતિના સાનમાં અનાજ ઉત્પન્ન કરવું, મકાન બનાવવા, સંગીતના યંત્રો બનાવવા વગેરેનો સમાવેશ થાય છે.

> વાસ્તવમાં, સામાજીકરણ વિના સંસ્કૃતિનું પરિવહન નથી થઈ શકતુ ખરેખર તો સંસ્કૃતિનું અસ્તિત્વ જ પરિવાર દ્વારા કરવામાં આવતા સામાજીકરણથી હોય છે.

યોગ્ય સામાજીકરણના ક્ષેત્રમાં સામાજીકરણ કરનાર એજન્સીની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. આ

એજન્સીના સભ્યો માતા-પિતા, અને અન્ય સંબંધીઓનો વ્યવહાર સ્નેહપૂર્ણ હોવો જોઈએ. આ પ્રમાણે થવાથી જ બાળક પોતાના સમાજના માપદંડોને પૂર્ણ રીતે મનથી અપનાવે છે.

(4) **મનોવૈજ્ઞાનિક કાર્ય :** મનુષ્ય બાળપણથી વૃદ્ધા અવસ્થા સુધી પરિવારના સભ્યોનો પ્રેમ અને સ્નેહ ઈચ્છે છે પરિવારના સભ્યો એકબીજાને ભાવાનાત્મક સહાયતા, સ્થાયિત્વ અને સુરક્ષા આપે છે વ્યક્તિને અહેસાસ થાય છે કે બીજુ કોઈ હોય કે ન હોય પરંતુ પરિવારના સભ્યો ખરાબ પરિસ્થિતિમાં તેની સહાયતા કરવા હંમેશા તૈયાર હોય છે.

આના બદલામાં એક વ્યક્તિ પોતાના પરિવારના સભ્યો માટે પોતાના સમય, શક્તિ અને ધનનો ઉપયોગ કરે છે તે પોતાના પરિવાર માટે કઠોર પરિશ્રમ કરે છે અને એક દિવસ બધું પરિવાર માટે છોડી મૃત્યુ પામે છે.

### પાઠગત પ્રશ્નો-13.2

(1) નીચેનું વિધાન માટે સત્ય/અસત્ય જણાવો.

બાળકની પ્રારંભિક સંભાળ અને શિક્ષા પરિવારનું કાર્ય છે.

(2) ખાલી જગ્યા પૂરો

ચિંતાની પરિસ્થિતિમાં ભાવાનાત્મક સહાયતા પ્રદાન કરવી એ પરિવારનું ............. કાર્ય છે.

(3) યોગ્ય ઉત્તરની પસંદગી કરો

પરિવારનું કાર્ય

(1) શારિરીક સુરક્ષા પ્રદાન કરવાનું છે.

(2) આર્થિક સહાયતા આપવાનું છે.

(3) સમાજના માપદંડો અને મૂલ્યો દ્વારા બાળકોનું સામાજીકરણ કરવાનું છે.

(4) ઉપરના તમામ વિકલ્પો

(5) પરિવારના કોઈપણ એક આર્થિક કાર્યની ઓળખ આપો.

## 13.5 પરિવારના પ્રકારો

પરિવાર ઘણા પ્રકારના હોય છે. પરિવારના પ્રકારોના વર્ગીકરણમાં વિભિન્ન પરિબળોને ધ્યાનમાં રાખવામાં આવે છે.

કેટલાક મહત્વપૂર્ણ પરિબળોને આધારે પરિવારોનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવે છે.

(1) **રહેઠાણ :** નવ પરિણીત પતિ અને પત્નીના રહેઠાણને આધારે પરિવારના ત્રણ પ્રકારો પડે છે.

(અ) પિતૃ સ્થાનિક પરિવાર

(બ) માતૃ સ્થાનિક પરિવાર

(ક) નવ સ્થાનિક પરિવાર

(અ) **પિતૃસ્થાનિક પરિવાર :-** જ્યારે નવ-પરિણીત પત્ની પોતાના પિતાના ઘરને છોડીને પોતાના પતિના માતા-પિતાની સાથે તેમના ઘરે રહેવા જાય છે; ત્યારે બનતા પરિવારને પિતૃ સ્થાનિક પરિવાર કહે છે. ભારતના મોટા ભાગના પરિવારો આ પ્રકારના છે.

(બ) **માતૃ સ્થાનિક પરિવાર :** જ્યારે પરિણીત દંપતિ પત્નીની માતાના ઘરે નિવાસ કરે છે ત્યારે તેને માતૃ સ્થાનિક પરિવાર કહેવાય છે.

આ પ્રકારના પરિવારો ત્યારે બને છે જ્યારે પત્ની લગ્ન બાદ પોતાની માતાના ઘરને છોડીને પોતાના પતિના ઘરે નથી જતી અને પતિ પોતાની પત્નીની માતાના ઘરે નિવાસ કરે છે. ઉત્તર-પૂર્વની જનજાતીઓ જેવી કે ગારો અને ખાસીમાં આવા માતૃસ્થાનિક પરિવારો હોય છે.

(ક) **નવ સ્થાનિક પરિવાર :** જ્યારે નવ પરિણીત દંપતિ પોતાના માતા-પિતાના ઘરથી સ્વતંત્ર એક નવું ઘર બનાવે છે ત્યારે બનતા પરિવારને નવ સ્થાનિક પરિવાર કહે છે. પશ્ચિમી સભ્યતામાં યુવાન દંપત્તિઓ નવસ્થાનિક પરિવારમાં રહેવું પસંદ કરે છે.

ઓસ્ટ્રેલિયાની કેટલીક જન જાતિઓમાં પરિણીત દંપતી મામાના પરિવારમાં રહેવાનું પસંદ કરે છે. આવા પરિવારને માતૃ પક્ષીય પરિવાર કહેવામાં આવે છે.

(2) **સત્તાધિકાર :-** સત્તાધિકારની દ્રષ્ટિએ પરિવાર બે પ્રકારના હોય છે.

(અ) પિતૃ સતાત્મક પરિવાર

(બ) માતૃ સતાત્મક પરિવાર

(અ) **પિતૃ સત્તાત્મક પરિવાર :** એવો પરિવાર જે જેમાં પિતા ઔપચારિક વડા હોય છે અને પરિવારમાં અધિકાર પિતા પાસે હોય છે. સ્ત્રીઓ અને બાળકોએ પરિવારના પુરુષોના નિર્ણયો અને આદેશોને માનવા પડે છે. પરંપરાગત ભારતીય અને ચીની પરિવાર પિતૃ સતાત્મક પરિવારના ઉદાહરણો છે.

(બ) **માતૃ સતાત્મક પરિવાર :-** એવો પરિવાર કે જેમાં માતાનું સ્થાન કેન્દ્રમાં હોય છે માતાનો સત્તાધિકાર સૌથી ઉપર હોય છે, તેને માતૃ સતાત્મક પરિવાર કહેવામાં આવે છે. આ પ્રકારના પરિવારોમાં સામાન્ય રીતે માતાની સત્તા મહત્વપૂર્ણ હોય છે. માતૃ સતાત્મક પરિવાર કેરળના નાયર અને આસામના ખાસી તથા ગારો વંશોમાં જોવા મળે છે. મોટા ભાગના માતૃ સતાત્મક પરિવાર માતૃ સ્થાનિક હોય છે.

(3) **કદ :** કદના આધાર પર પરિવારને બે ભાગોમાં વહેંચવામાં આવે છે.

(અ) વિભક્ત પરિવાર

(બ) સંયુક્ત પરિવાર

(અ) **વિભક્ત પરિવાર :-** આ પરિવારમાં પતિ-પત્ની અને તેમના અપરિણીત બાળકો હોય છે. આ

પરિવારનું કદ નાનું હોય છે. શહેરી ક્ષેત્રો વિભક્ત પરિવાર વધુ પસંદ કરવામાં આવે છે. શહેરોમાં પરિવારનું કદ નાનુ એટલા માટે હોય છે કારણ કે ત્યાં રહેઠાણ માટે જગ્યાની અછત છે. શહેરોમાં આર્થિક સમસ્યાઓ હોય છે. લોકોની વિચારધારા વ્યક્તિવાદી હોય છે અને આવા ઘણા પરિબળો હોય છે. વિભક્ત કુટુંબમાં સભ્યો એક બીજાને નજીકથી ઓળખે છે.

(બ) **સંયુક્ત પરિવાર :-** આ પરિવાર રક્ત અને લગ્ન સંબંધોથી જોડાયેલા લોકોનો બનેલો હોય છે. સંયુક્ત પરિવારના સભ્યો એક બીજાને આર્થિક અને અન્ય પ્રકારની સહાયતા આપે છે. આ પરિવારના લોકો સામાન્ય તથા સંયુક્ત પરીવારના માપદંડોને અપનાવે છે. તેઓ સામાન્ય રીતે એક ઘરમાં રહે છે.

**વિસ્તૃત પરિવાર :** આ પિરવાર વિભક્ત પરિવારનું વિસ્તૃત રૂપ છે. આ પરિવાર નજીકના સંબંધીઓ અને લોકોના જોડાવાથી બને છે. પરિવારમાં એક કરતા વધુ દંપતિઓ હોય છે અથવા જન્મથી સંબંધિત લોકો હોય છે.

**બહુપત્નીત્વ ધરાવતો પરિવાર :-** જેમાં એક વ્યક્તિ એકથી વધુ પત્ની અથવા પતિ સાથે લગ્ન સંબંધથી જોડાય છે તેને બુહપત્નીત્વ ધરાવતો પરિવાર કહે છે.

### પાઠગત પ્રશ્નો-13.3

(1) નીચેના વિધાન માટે સત્ય/અસત્ય જણાવો.

વંશ પરંપરાગત સંયુક્ત પરિવારમાં એક વ્યક્તિ પોતાના પુત્ર અને પૌત્ર સાથે રહે છે.

(2) ખાલી જગ્યા પૂરો.

______________ પરિવારમાં માતા પાસે સર્વોચ્ચ અધિકાર હોય છે.

(3) યોગ્ય ઉત્તર પસંદ કરો

પરિવારનો એ પ્રકાર કે જેમાં નવ પરીણીત દંપતિ ઘરમાં રહે છે તેને

(અ) માતૃ સ્થાનિક પરિવાર

(બ) પિતૃ સ્થાનિક પરિવાર

(ક)

(ડ) નવ સ્થાનિક પરિવાર

(4) સંયુક્ત પરિવાર કોને કહે છે ? એક વાક્યમાં જવાબ આપો.

## 13.6 ભારતમાં સંયુક્ત પરિવાર

### 13.6.1 અર્થ

પ્રાચીન કાળથી ભારતમાં પરંપરાગત પરિવારની સંરચના સંયુક્ત પરિવાર સમજવામાં આવે છે. ભારતમાં સંયુક્ત પરિવારને વ્યાખ્યાયિત કરવા માટે કહેવાય છે કે તે લોકોની એક એવો સમૂહ છે કે જેમાં ત્રણ અથવા વધુ પેઢીઓ એક જ છતની નીચે રહે છે. એક જ ગેસ પર તૈયાર થયેલ ભોજન લે છે અને સામાન્ય પ્રક્રિયાઓમાં ભાગ લે છે. આ લોકો સગપણના આધાર પર સંપત્તિમાં સમાન અધિકાર ધરાવે છે.

કેટલાક લોકોનું કહેવું છે કે સંયુક્ત પરિવારમાં નિવાસ અને સહિયારુ રસોડું હોવું જરૂરી નથી સહિયારુ સમાજશાસ્ત્રીઓનો મત છે કે કોઈ પણ પરિવારના સંયુક્ત હોવા માટે ત્રણ પરિસ્થિતિઓનું

નોંધ

*હોવું ખૂબ જરૂરી છે આ પરિસ્થિતિઓ છે.*

## 13.6.2 લાક્ષણિકતાઓ

*બે અથવા વધુ પરિવારો વચ્ચે સગપણ હોય છે. આવા પરિવારો અલગ-અલગ રહે છે પરંતુ ભાવાનાત્મક સંબંધો સહિયારી સંપત્તિ અને કાર્યો ધરાવતા હોય છે. આવા પરિવારોને પણ સંયુક્ત ટૂંકમાં, ભારતમાં સંયુક્ત પરિવારની નીચે મુજબની લાક્ષણિકતાઓ છે.*

*(1)* **તે એક અધિકારવાદી સંરચના છે.** *સંયુક્ત પરિવારમાં પરિવારના વડા પરિવાર અને ઓ સભ્યો સાથે જોડાયેલ બાબતોનો નિર્ણય લે છે આ વડા દ્વારા લેવાયેલ નિર્ણય તમામ લોકો માટે અંતિમ હોય છે.*

*(2)* **તે એક પરિવાર વાદી સંગઠન છે.** *સંયુક્ત પરિવારના નિર્ણયો વ્યક્તિ કરતા પરિવારના હકમાં લેવામાં આવે છે. આ સંગઠનમાં વ્યક્તિએ પોતાની વ્યક્તિગત ઈચ્છાઓ, પસંદગીઓ અને નાપસંદગીઓનું બલિદાન કરવું પડે છે. આ બલિદાન પરિવારના માપદંડો, નિયમો અથવા પરંપરાઓના હકમાં હોય છે.*

*(3)* **પરિવારમાં વ્યક્તિનો દરજ્જો તેની ઉંમર અને સંબંધો પર નિર્ભર હોય છે.**

*સંયુક્ત પરિવારમાં વધુ ઉંમર ધરાવતી વ્યક્તિની પ્રતિષ્ઠા વધુ હોય છે અને ઓછી ઉંમર ધરાવતી વ્યક્તિની પ્રતિષ્ઠા ઓછી હોય છે.*

*વ્યક્તિની પ્રતિષ્ઠા તેના વિવાહીત અને રક્ત સંબંધી દરજ્જાને આધારે નક્કી થાય છે. એ જ કારણથી પતિ, કાકા, કાકી અને સાસરા પક્ષના સભ્યોના આદર તેઓ સંબંધમાં ઉચ્ચ સ્થાને હોવાથી વધુ થાય છે.*

*(4)* **લગ્ન સંબંધોની સાપેક્ષે રક્ત/ જન્મ સંબંધોને પસંદગી આપવામાં આવે છે.**

*આનો અર્થ એ થયો કે પતિ-પત્નીના સંબંધો પિતા-પુત્ર અથવા ભાઈ-ભાઈના સંબંધોની સરખામણીએ ગૌણ ગણવામાં આવે છે.*

*(5)* **પરિવાર સંયુક્ત જવાબદારીના આધાર પર કાર્ય કરે છે.** *સંયુક્ત પરિવારનો પ્રત્યેક સભ્ય પરિવારના અન્ય સભ્યોની સમસ્યાઓમાં ભાગીદાર બને છે અને શક્ય તમામ રીતે તેની મદદ કરે છે.*

*(6)* **સંયુક્ત પરિવારમાં બધા સભ્યો પર સમાન ધ્યાન આપવામાં આવે છે.**

*પરિવારની આવકને એકઠી કરવામાં આવે છે અને પરિવારના પ્રત્યેક સભ્યની જરૂરીયાત અનુસાર સહાયતા કરવામાં આવે છે. ઉપર આપણે સંયુક્ત પરિવારની જે લાક્ષણિકતાઓ દર્શાવી છે તે વાસ્તવમાં આદર્શ ચિત્ર રજુ કરે છે. વાસ્તવમાં સંયુક્ત પરિવારના કાર્યો આદર્શ નથી હોતા. આનું પરિણામ એ આવ્યુ છે કે આજે પરિવારની આદર્શ લાક્ષણિકતાઓ ઓછી થતી જાય છે.*

*એવા પરિવારો કે જે ખેતી અને વ્યવસાય કરે છે તેમના માટે સંયુક્ત પરિવારો ઉપયોગી છે. કૃષિ અને વ્યવસાય એવી પ્રવૃત્તિઓ છે કે જેમાં સંયુક્ત ભૂમિ અને ધનની જરૂર પડે છે.*

### પાઠગત પ્રશ્નો-13.4

*(1) નીચેના વિધાન માટે સત્ય/અસત્ય જણાવો*

*સહિયારુ નિવાસ એ સંયુક્ત પરિવારની જરૂરી લાક્ષણિકતા છે.*



નોંધ

(2) ખાલી જગ્યા પૂરો

સંયુક્ત પરીવારમાં રક્ત સંબંધનું મહત્વ ______________ સંબંધથી વધુ હોય છે.

(3) યોગ્ય ઉત્તર પસંદ કરો

સંયુક્ત પરીવારમાં

(1) સભ્યોએ પરિવારના વડાના આદેશોનું પાલન કરવું પડે છે.

(2) ધન ઉપાર્જન અથવા વ્યવસાયિક સિદ્ધિઓ વ્યક્તિને પ્રતિષ્ઠાને વધારતા નથી

(3) પરિવારના અન્ય સભ્યોના દુખ-દર્દ અને ખુશીમાં પ્રત્યેકની ભાગી હોય છે.

(4) ઉપરના તમામ વિકલ્પો

(4) ભારતમાં સંયુક્ત પરિવાર કોઈ પણ બે લક્ષણો જણાવો.

## 13.7 પરિવારમાં આવતા પરિવર્તનો અને પરિવર્તનો માટેના જવાબદાર પરીબળો

પરંપરાગત અને આધુનિક પરિવારમાં પરિવર્તન લાવનાર પરીબળો નીચે મુજબ છે.

(1) ઔદ્યોગીકરણ (2) શહેરીકરણ (3) પશ્ચિમી સંસ્કૃતિ (4) આધુનિક શિક્ષણ (5) કાયદાકીય માપદંડો (6) પરિવારમાં ઝઘડાઓ (7) પરિવારના કાર્યોને પૂર્ણ કરવા માટે વિભિન્ન સમિતિઓનો ઉદ્ભવ ઉપરોક્ત પરિબળોને કારણે પરિવારની સંરચના, બનાવટ અને પારસ્પરિક સંબંધોમાં મહત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા છે. આધુનિક યુગમાં પરિવારના કાર્યોમાં ઘણા પરિવર્તનો આવ્યા છે. પરિવર્તન લાવનાર પરિબળોની ચર્ચા નીચેના મુદ્દાઓમાં કરવામાં આવી છે.

●શહેરી કરણ અને ઔદ્યૌગીકરણના પ્રભાવને કારણે પરિવારનું કદ નાનુ થયુ છે શહેરી ક્ષેત્રોમાં મોટા કદના પરિવારો માટે રહેઠાણની સમસ્યા ખૂબ ગંભીર બનતી જાય છે. આ ઉપરાંત એક વ્યક્તિની આવક મોટા પરિવારની જરૂરીયાતો પૂરી કરવા માટે પર્યાપ્ત નથી હોતી તેથી, આજકાલ પરિવારમાં માત્ર પતિ-પત્ની અને તેમના અપરિણીત રહે છે. આવા પરિવારોને વિભક્ત/એકાકી પરિવારો કહે છે.

●વિભક્ત/એકાકી પરિવારમાં સભ્યો ના પરસ્પરના આંતર સંબંધો બદલી ગયા છે. આ પરીવારમાં સભ્યો એકબીજા સાથે સમાન રીતે વર્તે છે. તેમણે આંખ બંધ કરીને વડીલોના આદેશને સાંભળવો નથી પડતો એકાકી પરિવારમાં પતિ-પત્ની અને બાળકો પોતાની પસંદગી અને નાપસંદગી પર ખુલ્લીને ચર્ચા કરી શકે છે. આ પરિવારોમાં કૌટુંબિક બાળનો અને વ્યક્તિના જીવન વિશેના નિર્ણયો સામૂહિક રીતે લેવામાં આવે છે.

●ઘણી વખત વૃદ્ધ પેઢી અને યુવાન પેઢીઓ વચ્ચે એટલા માટે સંઘર્ષ થાય છે એ કે તેઓ એકબીજાના દ્રષ્ટિકોણને સમજી નથી શકતા.

●કેટલાક માતા-પિતા બાળકો પર પૂરતુ ધ્યાન નથી આપતા કારણ કે તેઓ પોતાના જીવનમાં અતિ વ્યસ્ત હોય છે. તેઓ બાળકોની જવાબદારીઓથી મુક્ત રહેવા ઈચ્છે છે.

● પુત્રો અને પુત્રીઓ માતા-પિતા દ્વારા પસંદ કરાયેલ જીવન સાથી સાથે લગ્ન કરવાનું નથી ઈચ્છતા. તેઓ જીવનસાથીની પસંદગી આકર્ષણ, વ્યવસા અને આર્થિક લાભના આધાર પર કરે છે. જાતિ,

વર્ગ અને પરિવારના મૂલ્યો હવે તેમના માટે વધુ મહત્વ ધરાવતા નથી.

●પરિવારની આજની સ્થિતિમાં સગપણો વધુ મજબૂત નથી હોતા. હવે પરિવારના સભ્યો સ્વાવલંબી અને સ્વકેન્દ્રિત હોય છે. હવે તેમની પાસે સમય, શક્તિ અને ધન નથી કે જે તે પોતાના સંબંધીઓને આપી શકે.

●હવે પરિવારો વધુ બાળ-કેન્દ્રિત બન્યા છે. સંયુક્ત પરિવારના તૂટી જવાને કારણે માતા-પિતા હવે પોતાના ભાઈ અને બહેનો તરફ વધુ ધ્યાન નથી આપી શક્તા. માતા-પિતાનું સંપૂર્ણ જીવન પોતાના બાળકોની આસપાસ ફરતું રહે છે અને તેમની દ્વારા બાળકોને ધ્યાનમાં રાખીને ભવિષ્યની યોજનાઓ ઘડવામાં આવે છે.

●પરિવાર દ્વારા કરવામાં આવતા કાર્યોમાં પણ ઘટાડો આવ્યો છે. સમાજમાં હવે અન્ય એજન્સીઓ આવી છે જે પરિવારના સભ્યોની જરૂરીયાતોને પૂરી કરે છે. જો કે આ એજન્સીઓ નિશ્ચિત ભૂમિકાઓ જ નિભાવે છે અને પોતાના કાર્યોમાં સંપૂર્ણ નથી હોતી. આજે પરિવારના કાર્યો કરવા માટે ઘણી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે જેમ કે બાળગૃહ, દિવસ દરમિયાન બાળકોની સંભાળ રાખનાર કેન્દ્રો, નર્સિંગ ગૃહ, છાત્રાલયો, રેસ્ટોરાં, બેંક, કલબ વગેરે આ પ્રકારની સંસ્થાઓએ પરિવારના ઘણા કાર્યો પૂરા કરવાની જવાબદારી પોતાના પર લઈ લીધી છે. પરંતુ પરિવારના સભ્યોમાં એક બીજા પ્રત્યે લાગણીની ભાવના હોય છે જે આ નવી સંસ્થાઓમાં જોવા મળતી નથી.

●મોટા ભાગના સમાજોમાં પરિવાર હવે ઉત્પાદનનું એક યુનિટ નથી રહ્યું. કારખાનાના આવવાને લીધે હવે ઘરમાં વસ્તુઓનું ઉત્પાદ નથી થતુ. તેના પરિણામ સ્વરૂપ પરિવારના સભ્યોને કામ-ધંધો કરવા માટે ઘરની બહાર જવુ પડે છે. આ પરિવર્તને પરિવારના સભ્યો વચ્ચે માનસિક અને શારિરીક અંતરમાં વધારો કર્યો છે. પશ્ચિમી સમાજમાં પરિવારે અસ્થાયિત્વનો સામનો કરવો પડે છે. આ સમાજોમાં લગ્ન વિચ્છેદનું પ્રમાણ વધ્યુ છે અને પરસ્પર ભેદભાવનું પ્રમાણ પણ વધ્યુ છે. જે દંપતિ લગ્ન વિચ્છેદ કરે છે તેમના બાળકોમાં ભાવનાત્મક અને સામાજીક તણાવ ઉત્પન્ન થાય છે. તેમના વિકાસશીલ તબક્કામાં તેમની સાથે કોઈ નથી હોતું. માતા-પિતા કે જેઓ લગ્ન વિચ્છેદ બાદ પોતાના બાળકોની સંભાળ રાખે છે તેમણે ગંભીર તણાવનો સામનો કરવો પડે છે.

● વિદેશોમાં કેટલાક દંપતિઓ એવા હોય છે જે લગ્ન વિના સાથે રહે છે. તેઓ લગ્ન એટલા માટે નથી કરતા કારણકે જો તેઓ લગ્ન કરે તો વહેલા-મોડા તે લોકોએ લગ્ન વિચ્છેદ કરવા પડે છે. આ રીતે લગ્ન વિના સાથે રહેવાની ઘટનાને 'લીવ - ઈન - રીલેશન શીપ' કહેવાય છે.

●કેટલાક પરણીત પતિ-પત્ની વ્યવસાયમાં વ્યસ્ત હોય છે. અને યોગ્ય આર્થિક સ્થિતિ હોવા છતા બાળકોને જન્મ આપતા નથી. બાળકોને તેઓ પોતાના પર એક ભાર તરીકે જુએ છે. આ પ્રકારના પરિવારો DINK (Double Income No leids)તરીકે ઓળખાય છે.

●ઈઝારઈલમાં એક વિશેષ પરિવાર વ્યવસ્થા જોવા મળે છે જેને કિબૂટ્ઝ કહેવાય છે. કિબૂટ્ઝ પરિવારો અને વ્યક્તિઓનો એક એવો સમૂહ છે જે બાળકોનો ઉછેર કરે છે. તેમાં બાળકો માતા-

પિતાથી દૂર બાળગૃહમાં રહે છે. પ્રત્યેક કિબૂટ્ઝ એક સ્વતંત્ર ઘર તરીકે કાર્ય કરે છે જેમાં 50 થી 2000 બાળકો રહ છે. અહીં બાળકોની જવાબદારી સંપૂર્ણ સમુદાયની હોય છે કારણ કે માતા-પિતા અલગ મકાનોમાં રહે છે. બાળકો સપ્તાહના અંતમાં પોતાના માતા-પિતા સાથે રહે છે. સંરચનાત્મક અને ક્રિયાત્મક પરિવર્તનો પછી પણ બાળકોના સામાજીકરણમાં પરિવાર ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. બાળકોના જન્મ અને ઉછેરનું કાર્ય માત્ર પરિવાર દ્વારા સંતોષ જનક રીતે થાય છે. લગ્ન અને પારિવારિક જીવનની સફળતાથી જે મનોવૈજ્ઞાનિક સંતોષ અને સામાજિક આદર મળે છે તેની સરખામણી કોઈની સાથેના થઈ શકે. આ કારણે પરિવાર સાર્વજનિક રૂપથી અનિવાર્ય છે.

## પાઠગત પ્રશ્નો-13.5

(1) નીચેના વિધાનો માટે સત્ય/અસત્ય જણાવો

બાળકોની સંભાળ રાખવી અને તેને શિક્ષણ આપનું એ પરિવારનું જરૂરી કાર્ય છે.

(2) ખાલી જગ્યા પૂરો

આધુનિક પરિવાર ______________ કેન્દ્રીત છે.

(3) યોગ્ય ઉત્તરની પસંદગી કરો

એક પરિવાર

(1) બાળકોના જન્મ અને ઉછેર માટે સારું વાતાવરણ આપે છે.

(2) બાળકો માટે સ્વાર્થ હીન અને લાંબા સમયની સેવાઓ પ્રદાન કરે છે.

(3) પોતાના સભ્યોને સામાજિક ઓળખ આપે છે.

(4) પોતાના સભ્યોની બિમારી, દુર્ભાવ્ય અને વૃદ્ધા અવસ્થામાં સંભાળ રાખે છે.

(5) ઉપરના તમામ વિકલ્પો

(4) પરિવારમાં સ્ત્રીની પ્રતિષ્ઠા કઈ રીતે બદલાઈ છે ?એક વાક્યમાં જવાબ આપો.

## તમે જે શીખ્યા

- પરિવાર સમાજનું પાયાનું એકમ છે અને વ્યક્તિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સમૂહ છે.
- પરિવાર વ્યક્તિઓનો એક એવો સમૂહ છે જે લગ્ન, રકમ અને દત્તક ગ્રહણથી જોડાયેલ છે.
- પરિવાર એક સમગ્ર સમૂહ છે, જે પૂરી દુનિયામાં પોતાના સભ્યોના કલ્યાણ માટે સમર્પિત છે.
- પરિવારના નિશ્ચિત લક્ષણો આ પ્રમાણે છે.

(1) સાર્વભૌમિકતા

(2) ભાવાનાત્મક આધાર



નોંધ

(3) રચનાત્મક પ્રભાવ

(4) સીમિત કદ

(5) સામાજિક સંરચનામાં એકાકી સ્થિતિ

(6) સભ્યો પ્રત્યે જવાબદારી

(7) સામાજિક નિયંત્રણ

(8) સ્થાયી અને અસ્થાયી પ્રકૃતી

- પરિવારના સામાન્ય લક્ષણો આ પ્રમાણે છે.

(1) જાતીય સંબંધ

(2) સહિયારુ રહેઠાણ

(3) સંયુક્ત જવાબદારી

(4) આર્થિક વ્યવસ્થા

- પરિવારના કાર્યો નીચે મુજબ છે.

(1) જૈવિક કાર્યો

(2) બાળકોનું સામાજીકરણ અને સંસ્કૃતિ ગ્રહણ

(3) આર્થિક કાર્ય

(4) મનોવૈજ્ઞાનિક કાર્ય

- પરિવાર દ્વારા કરવામાં આવતા કાર્યો સમાજમાં જીવંત રહેવા માટે જરૂરી છે.

| | |
|---|---|
| (1) રહેઠાણ | (1) પિતૃ સ્થાનીક પરિવાર |
| | (2) માતૃ સ્થાનીક પરિવાર |
| | (3) નવ સ્થાનીક પરિવાર |
| | (4) માતૃ પક્ષીય પરિવાર |
| (2) સત્તાધિકાર | (1) પિતૃ સત્તામક પરિવાર |
| | (2) માતૃ સત્તાત્મક પરિવાર |
| (3) કદ | (1) વિભક્ત/ એકાકી પરિવાર |
| | (2) સંયુક્ત/વિસ્તૃત પરિવાર |

- ભારતમાં પરંપરાગત પરિવારની સંરચના પ્રાચીન કાળથી સંયુક્ત જ રહી છે.
- ભારતમાં સંયુક્ત પરિવારની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

(1) અધિકારવાદી સંરચના



નોંધ



(2) પરિવાર વાદી સંગઠન

(3) ઉંમર અને સગપણ પર નિર્ધારીત પ્રતિષ્ઠા

(4) રક્ત સંબંધોનું મહત્ત્વ લગ્ન સંબંધો કરતા વધુ હોય છે.

(5) સંયુક્ત જવાબદારી

(6) બધા સભ્યો પ્રત્યે સમાન ધ્યાન આપવામાં આવે છે.

- નીચે મુજબના પરિબળોને કારણે પરિવારોમાં અંતર આવ્યુ છે.

(1) ઔદ્યોગીકરણ

(2) શહેરી કરણ

(3) પશ્ચિમી સંસ્કૃતિ

(4) આધુનિક શિક્ષણ

(5) કાયદાકીય ઉપાય

(6) પરિવારમાં ઝઘડાઓ

- પરિવારની સંરચના અને કાર્યમાં આવેલ પરિવર્તનો નીચે મુજબ છે.

(1) પરિવારનું કદ નાનું થઈ ગયુ છે

(2) સભ્યો વચ્ચે સમાનતાના સંબંધ સ્થાપિત થયા છે.

(3) જૂની અને નવી પેઢીમાં સંઘર્ષ

(4) હવે સગપણો વધારે મહત્વપૂર્ણ નથી રહ્યા

(5) મોટા ભાગના સમાજોમાં હવે પરિવાર ઉત્પાદન માટેનું યુનિટ નથી રહ્યુ.

(6) અસ્થાયિત્વની, સમસ્યા, લગ્નવિચ્છેદોની વધતી સંખ્યા, માતા-પિતા માટે બાળકોના ઉછેરની સમસ્યા

લગ્ન-વિચ્છેદ કરનાર માતા-પિતાના પરિવારને DINK (Double Income No Children) પરિવાર કહે છે.

શબ્દાવલી

- માતૃપક્ષીય પરિવાર એવો પરિવાર કે જેમાં પિત-પત્ની સામાના ઘરે અથવા મામાની નજીક રહે છે.
- સહવાસ : દંપત્તિ લગ્ન વિના એક મકાનમાં એક સાથે રહે છે.
- ડિન્ક DINK (Double Income No Children) એવો પરિવાર કે જેમાં પતિ-પત્ની બંને કમાય છે પરંતુ તેમને બાળકો નથી હોતા.
- સંયુક્ત પરિવારઃ જ્યાં રક્ત અને લગ્ન સંબંધથી જોડાયેલ ત્રણ અથવા વધુ પેઢીઓ નિવાસ કરે છે તે પરિવાર.

- કિબૂટ્ઝ :આ પરિવારોનો એક સમુદાય છે જેમાં 50 થી 2000 સભ્યો હોય છે અને જેમાં બાળકોની જવાબદારી સામૂહીક હોય છે.
- માતૃ-સત્તાત્મક પરિવાર : આ પ્રકારના પરિવારમાં માતા ઔપચારિક રીતે પરિવારના વડા તરીકે કાર્ય કરે છે.
- માતૃ સ્થાનિક પરિવાર : એવો પરિવાર કે જેમાં દંપતિ પત્નીની માતાના ઘરે નિવાસ કરે છે.
- નવ સ્થાનિક પરિવાર : એવો પરિવાર કે જેમાં સામાન્ય રીતે નવ પરિણીત દંપતી પોતાના માતા-પિતાથી સ્વતંત્ર પોતાનું નવું રહેઠાણ સ્થાપિત કરે છે.
- વિભક્ત/એકાકી પરિવાર : આ પરિવાર પરિણીત દંપતિ પોતાના અપરિણીત બાળકો સાથે રહે છે.
- પિતૃ સત્તાત્મક પરિવાર :- એવો પરિવાર કે જેમાં પિતા પરિવારના વડા હોય છે.
- પિતૃ સ્થાનિક પરિવાર :- પરિવારનો એવો પ્રકાર કે જેમાં પરિણીત દંપતિ પતિના પિતાના ઘરે વસવાટ કરે છે.

## પાઠાંત પ્રશ્નો

(1) પરિવારનો અર્થ શું છે? તમારા શબ્દોમાં વર્ણન કરો.

(2) વ્યક્તિત્વના નિર્માણમાં પરિવારની ભૂમિકા સમજાવો

(3) પરિવારની સામાન્ય લાક્ષણિકતાઓ જણાવો.

(4) પરિવારના આર્થિક કાર્યો કયા-કયા છે?

(5) ભારતમાં સંયુક્ત પરિવારની કઈ-કઈ લાક્ષણિકતાઓ છે?

(6) પરિવારમાં અસ્થાયિત્વની સમસ્યા કઈ રીતે આવી રહી છે?

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

**13.1**

(1) અસત્ય (2) લગ્ન (3) ઉપરના તમામ વિકલ્પો

13.2

(1) સત્ય (2) મનોવૈજ્ઞાનિક (3) ઉપરના તમામ વિકલ્પો

**13.3**

(1) સત્ય (2) માતૃ સત્તાત્મક (3)

**13.4**

(1) અસત્ય (2) લગ્ન (3) ઉપરના તમામ વિકલ્પો.

**13.5**

(1) સત્ય (2) બાવક (3) ઉપરના તમામ વિકલ્પો

# 14

# સંબંધ

મનુષ્ય સ્વભાવે સામાજિક છે. એ ઘણી વ્યક્તિઓ સાથે અલગ-અલગ પ્રકારના સંબંધો સ્થાપિત કરે છે. તેમાં સૌથી મહત્વપૂર્ણ સંબંધ

એક સામાન્ય પુખ્તવયનો પુરૂષ કોઈકનો પુત્ર છે. ભાઈ છે, ભત્રીજો છે, કાકા છે વગેરે એક સ્ત્રી કોઈની પુત્રી છે, બહેન છે, પત્ની છે, માતા છે, કાકી છે વગેરે.

આ પ્રકારના સંબંધો જે લગ્ન અથવા ફક્ત સંબંધો પર આધારીત હોય છે તેને સગપણ કહે છે. આ પ્રકરણમાં તમે સગપણ અને તેના વિભિન્ન પાસાઓ પર માહિતી મેળવીશું.

## હેતુઓ

આ પ્રકરણનો અભ્યાસ કર્યા પછી તમે

- સગપણની વ્યાખ્યા કરી શકશો અને તેનો અર્થ સમજાવી શકશો.
- સગપણના વિભિન્ન પ્રકારો અને પ્રમાણોનું વર્ણન કરી શકશો.
- સગપણના કાર્યો અને તેના મહત્વને સમજાવી શકશો.
- સગપણ સંબંધિત શબ્દોનું વર્ણન કરી શકશો.
- સગપણના સમૂહોના વિભિન્ન પ્રકારોનું વર્ણન કરી શકશો.
- સગપણ

## 14.1 સગપણનો અર્થ અને વ્યાખ્યા

સગપણ આપણા સંબંધોને સમજવાની એક પદ્ધતિ છે. તે એક સામાજિક બંધન છે. જેનું કારણ રક્તસંબંધ

અને લગ્ન છે. રક્ત સંબંધીઓ સિવાય સગપણનો સંબંધ પ્રજનન અને દત્તકગ્રહણ સાથે પણ છે. વાસ્તવમાં, સંબંધોની સામાજિક ઓળખાણ એ જૈવિક સંબંધો કરતા વધારે મહત્વની છે. જો સમાજ કોઈ સંબંધને માન્યતા ન આપે તો તેને સગપણ ના કહી શકાય.

> સગપણો વશક્રમથી જોડાયેલા હોય તો જ મહત્વ ધરાવે છે. તેના સિવાય તે સંબંધો લગ્ન અને દત્તકગ્રહણથી જોડાયેલા હોય છે.

સગપણનો વિકાસ ત્યારે જ સંભવ છે જ્યારે પ્રત્યેક સામાન્ય વયસ્ક બે પ્રકારના પરસ્પર વ્યાપના પરિવારનો સભ્ય હોય ં, સંસ્કરણનો પરિવાર અને પ્રજનનો પરિવાર લગ્નના નિષેધાત્મક નિયમો વ્યક્તિને એક જ પરિવારમાં કે જેમાં તે પુત્ર અને ભાઈ છે તેમાં પિતા અને પતિ બનતા અટકાવે છે.

એક વ્યક્તિ સંસ્કરણના પરિવારમાં જન્મે છે અને ત્યારબાદ લગ્ન દ્વારા તે પ્રારંભિક પરિવારને લગ્ન અથવા પ્રજનન દ્વારા સ્થાપિત કરે છે.

## 14.2 સગપણના પ્રકારો

પરિવારનો અભ્યાસ કર્યા પછી હવે આપણે સગપણનો અભ્યાસ કરીશું. મૂળભૂત રીતે પરિવારમાં બે પ્રકારના સગપણ હોય છે.

(1) વૈવાહિક સગપણ

(2) સગોત્રજ/સમરક્ત સગપણ

### (1) વૈવાહિક સગપણ

આ પ્રકારનું સગપણ લગ્ન પર આધારિત હોય છે તેથી જ તેને વૈવાહિક સગપણ કહે છે. સૌથી પ્રાથમિક અને પાયાનો વૈવાહિક સંબંધ પતિ અને પત્ની વચ્ચે હોય છે. વિસ્તૃત રૂપમાં આ સંબંધમાં બંને પક્ષના માતા-પિતાઓ, ભાઈ-બહેનો, બાળકો વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારે જમાઈ અને સસરાનો સગપણ વૈવાહિક છે. આ પ્રકારે સાળા અને સાળીનો સગપણ પણ વૈવાહિક છે.

### (2) સગોત્રજ / સમરક્ત સગપણ

બીજા પ્રકારના સગપણ, વંશક્રમ પર આધારિત હોય છે અને તેથી તે સમરક્ત સગપણ કહે છે.

એક બાળક અને તેના માતા-પિતા વચ્ચેનો સંબંધ સમરક્ત સગપણ છે એ જ રીતે કાકા અને ભત્રીજા વચ્ચેનો સંબંધ પણ સમરક્ત સગપણ છે માતા અને બાળક વચ્ચેના સંબંધ રક્ત સંબંધોની શરૂઆત છે. જે તેના વિસ્તૃત અર્થમાં બાળકના પિતા, દાદા, કાકા, પિતરાઈ ભાઈ - બહેન, કાકી વગેરેમાં જોવા મળે છે.

નોંધ

સંબંધીઓ હંમેશા એકબીજાથી રક્ત અથવા લગ્ન દ્વારા જોડાયેલા નથી હોતા પરંતુ કેટલીક વખત તેમની વચ્ચે કાલ્પનિક સંબંધો પણ હોય છે. આવા સંબંધોને કાલ્પનિક સગપણો કહે છે.

નીલગીરી પહાડીઓમાં રહેનાર ટોડાઓમાં એક સ્ત્રીના એક જ સમયે એક કરતા વધુ પતિ હોય છે આ પરિસ્થિતિમાં બાળકોના જૈવિક પિતા અલગ-અલગ હોઈ શકે છે પરંતુ તેમને એક જ વ્યક્તિના બાળકો ગણવામાં આવે છે તે પણ પિતા અને બાળક વચ્ચેના સગપણનું ઉદાહરણ છે.

### પાઠગત પ્રશ્નો-14.1

1. નીચેનું વિધાન સત્ય છે કે અસત્ય જણાવો

   સગપણનો આધાર રક્ત સંબંધ અથવા લગ્ન સાથે હોય છે.

2. ખાલી જગ્યા પુરો.

   કુળ પર આધારિત સગપણ ..........છે.

3. નીચેના વિધાન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   જે પરિવારમાં વ્યક્તિનો જન્મ થાય છે તેને

   1. પ્રજનનો પરિવાર કહે છે
   2. સંસ્કરણનો પરિવાર કહે છે.
   3. ઉપરના વિકલ્પોમાંથી એકપણ નહી
   4. બંને વિકલ્પો

## 14.3 સગપણનું પ્રમાણ

આપણે સંબંધોની નિકટતાના આધાર પર સગપણને નીચે મુજબની શ્રેણીઓમાં વિભાજીત કરી શકીએ.

### (1) પ્રાથમિક સંબંધી

એકબીજા સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા લોકોને પ્રાથમિક સંબંધીઓ કહે છે. આ સંબંધીઓનો સંબંધ સંસ્કરણનો પરિવાર કે જેમાં તેઓ જન્મે છે અને મોટા થાય છે તેની સાથે હોય છે. ઉદાહરણ તરીકે આપણા પિતા, માતા, ભાઈઓ અને બહેનો આપણા પ્રાથમિક સંબંધીઓ છે કારણ કે આપણે તેમની સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા છીએ. પતિ-પત્ની વચ્ચેનો સગપણ વૈવાહિક સંબંધનું ઉદાહરણ છે. એક વ્યક્તિના સાત પ્રકારના

પ્રાથમિક સંબંધીઓ હોઈ શકે છે.- માતા, પિતા, પુત્ર-પુત્રી, ભાઈ-બહેન અને પત્ની

### (2) ગૌણ / દ્વિતીય સંબંધીઓ

આપણા પ્રાથમિક સંબંધીઓના પ્રાથમિક સંબંધીઓ આપણા ગૌણ / દ્વિતીય સંબંધીઓ હોય છે. આ પ્રમાણે દ્વિતીય સંબંધીઓના 33 પ્રકારો હોય છે- પિતાના પિતા અર્થાત દાદા, માતાના પિતા અર્થાત્ નાના, પિતાના માતા અર્થાત્ દાદી, પતિ અથવા પત્નીના ભાઈ અને બહેન અથવા માતા-પિતા વગેરે.

### (3) તૃતીય સંબંધીઓ

આપણા દ્વિતીય સંબંધીઓના પ્રાથમિક સંબંધીઓ અથવા આપણા પ્રાથમિક સંબંધીઓના દ્વિતીય સંબંધીઓ જ આપણા તૃતીય સંબંધીઓ હોય છે. ઉદાહરણ તરીકે તમારા સાળા તમારા દ્વિતીય સંબંધી છે અને તેમની પત્ની અને બાળકો તમારા તૃતીય સંબંધીઓ છે.

તૃતીય સંબંધીઓના 151 પ્રકારો છે. ઉદાહરણ તરીકે પિતાના ભાઈની પત્ની, પિતાના બહેનના પતિ, પિતાની માતાના ભાઈ, પિતાની માતાની બહેન વગેરે


આ પ્રકારે સગપણનું પ્રમાણ ચોથા, પાંચમાં, છઠ્ઠાથી લઈ અનંત સંબંધીઓ સુધી હોઈ શકે છે. આપણા તૃતીય સંબંધીઓના પ્રાથમિક સંબંધીઓ ચોથા સંબંધી તરીકે ઓળખાય છે. તૃતીય સંબંધીઓ પછીની શ્રેણીઓના સંબંધીઓ દૂરના સંબંધીઓ કહેવાય છે. કેટલાક સમાજોમાં દૂરના સંબંધીઓને પણ નજીકના સબંધીઓ જેટલું જં જ મહત્વ આપવામાં આવે છે. આવું આદિમ અને ગ્રામીણ સમાજમાં જોવા મળે છે અન્ય સમાજમાં આ દૂરના સંબંધીઓનું બહુ મહત્વ હોતું નથી.

## 14.4 સગપણની રેખાકૃતિ

કેટલીક વખત તમે જોશો કે સગપણને કોઈ રેખાકૃતિ દ્વારા દર્શાવવામાં આવે છે. આ રેખાકૃતિ દ્વારા સગપણ અને વંશાવલીના સંબંધોને એક ચિત્રમાં પ્રસ્તુત કરવામાં આવે છે.

ઈશાન એક વ્યક્તિ છે જેના આધારે સંબંધ અહીં નકકી કરવામાં આવે છે. આ રેખાકૃતિમાં એમ એ જી (પિતા) અને એચ (માતા) નો પુત્ર છે. એલ તેની બહેન છે, ડી તેના દાદા છે કે જે એ અને બી (માતા-પિતા) ના પુત્ર છે. એન ઈશાનના પત્ની છે અને કયુ તેના સસરા છે, આર તેના સાસુ છે. પી તેના સાળા છે.

નોંધ




આકૃતિમાં વપરાયેલ ચિહ્નો જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| △ | પુરુષ |
| O | મહિલા |
| = | લગ્ન |
| ┌┴┐ | ઉતરતી પેઢી |

## 14.5 સગપણના કાર્યો

*સામાન્ય અર્થમાં વ્યક્તિ અને સમૂહ માટે સગપણ મહત્વપૂર્ણ છે. સગપણ વ્યક્તિના જીવનને સુરક્ષા અને સહાયતા પ્રદાન કરે છે. સગપણ એક એવો સમૂહ છે જે વ્યક્તિને તેની ઓળખાણ આપે છે. સગપણ દ્વારા જ વ્યક્તિને એક ચોક્કસ પ્રતિષ્ઠા મળે છે. સંબંધી પિતા હોય છે, માતા હોય, ભાઈ હોય છે અને એ રીતે તેના એક ચોક્કસ દરજ્જો હોય છે. સંબંધી હોવાના કારણે વ્યક્તિ સમૂહમાં પોતાની નિશ્ચિત ભૂમિકા ભજવે છે.*





સંકટની પરિસ્થિતિમાં સંબંધીઓ સહાયતા માટે દોડી આવે છે. એ જ રીતે પ્રસન્નતાના સમયે સંબંધીઓ આપણી સાથે રહે છે. સંબંધીઓનો સમાવેશ વ્યકિતને મનોવૈજ્ઞાનિક સહાયતા અને તાકત પ્રદાન કરે છે.

સગપણનો સમૂહ પરિવારના વિભિન્ન સભ્યોના પારસ્પરિક સંબંધોનો નિર્દેશ કરે છે. સગપણમાં અપેક્ષિત વ્યવહાર નિર્ધારિત કરવામાં આવે છે અને સમૂહના તમામ સભ્યોને તે વિશે જાગૃત કરવામાં આવે છે, સંબંધીઓ એકબીજા સાથે ભાઈ-બહેનની જેમ વર્તે છે. જરૂરીયાતના સમયે તેઓ પરિવારની જેમ એકબીજાની મદદ કરે છે. આ સહાયતાથી વ્યકિતઓની ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક શકિત વધી જાય છે.

| |
|---|
| પારંપારિક સમાજોમાં અને એક હદ સુધી વર્તમાન સમાજોમાં પણ સગપણ પરિવાર વંશ અને કુળને મજબુત કરવામાં મહત્વપુર્ણ ભૂમિકા નિભાવે છે. |

એક જ વંશના લોકો હળી-મળીને પરિવારના કાર્યો જેવા કે સંસ્કારો, લગ્ન અને મૃત્યુમાં ભાગ લે છે. એક જ વંશના લોકોનો કુળદેવતા સમાન હોય છે અને તેથી જ તેઓ પૂજા અને રોજીંદા સંસ્કારો સાથે જોડાયેલા નિયમોનું પાલન કરે છે, તેમાં પણ ભાગીદારી કરે છે. એક જ વંશના લોકો એવી ભાવનાથી પ્રભાવિત હોય છે કે તેઓ એક જ પરિવારના છે અને તેથી તેમણે પરિવારની પરંપરા અને પરિવારના નામને જાળવી રાખવું જોઈએ.

એક પરંપરાગત સમાજમાં સગપણ સમૂહ જે જેને ગોત્ર/કુળ કહે છે તે ખૂબ મહત્વપૂર્ણ છે કારણ કે સંબંધીઓનો આ એવો સમૂહ છે જે પોતાની ઉત્પત્તિ એક કાલ્પનિક પૂર્વજથી થઈ હોવાનું માને છે. તેમની વચ્ચે સહયોગ અને સુદૃઢ સંબંધ જોવા મળે છે પરંતુ મોટાભાગના હિન્દુઓમાં એક કુળના સભ્યો આંતરલગ્નો નથી કરતા કારણ કે તેઓ એકબીજાને ભાઈ-બહેન સમજે છે. આ રીતે કુળ/ગોત્ર લગ્નસંબંધોને નિયંત્રિત કરે છે.

ગામડાના લોકો તેમના કાલ્પનિક સંબંધીઓને પણ ખૂબ મહત્વ આપે છે. પારસ્પરિકતા અને નિષ્ઠાને મજબૂત કરવા માટે આ સગપણ સમૂહ એકબીજાની સહાયતા કરે છે. જો આવું ન થાય તો કાલ્પનિક ભૂમિકા માત્ર રકત અથવા વિવાહ પૂરતી સીમિત રહી જાય છે.

પ્રત્યેક સંબંધી એકબીજાના રાજકીય, આર્થિક અને વ્યવસાયિક લાભ માટે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. તેઓ એકબીજાને મહત્વપૂર્ણ સૂચનાઓ આપે છે અને જયાં સુધી સંભવ હોય ત્યાં સુધી શારીરિક, ભૌતિક અને માનસિક સહાયતા કરે છે. એ સંબંધીઓ કે જેઓ સારી પરિસ્થિતિમાં છે તેઓ તેમના સંબંધીઓને નવા ઉધોગો, ધંધો અને વેપારનો વિકાસ કરવાનાં મદદ કરે છે. આ પ્રકારે સહાયતા એકબીજાનો આધાર બની જાય છે.



## પાઠગત પ્રશ્નો-14.2

1. નીચેનું વિધાન સત્ય છે કે અસત્ય જણાવો.
   એક વ્યક્તિના દાદા તેના પ્રાથમિક સમરક્ત સંબંધી છે.
2. ખાલી જગ્યા પુરો.
   સગપણ વ્યક્તિ અને .........માટે મહત્વપૂર્ણ છે.
3. નીચેના વિધાન માટે યોગ્ય વિકલ્પની પસંદગી કરો.
   સગપણ વ્યક્તિ માટે મહત્વપૂર્ણ છે કારણ કે
   (1) તેનાથી તેની ઓળખાણ અને પ્રતિષ્ઠા વધે છે.
   (2) તે મનોવૈજ્ઞાનિક સુદ્દઢતા આપે છે.
   (3) તે વ્યક્તિની ભૂમિકા અને વ્યવહારની પદ્ધતિની રૂપરેખા આપે છે.
   (4) ઉપરોક્ત તમામ

## 14.6 સગપણ શબ્દાવલી

આપણે રોજીંદી પ્રવૃત્તિઓ દરમિયાન આપણા સંબંધીઓને કેટલાક નિશ્ચિત શબ્દોથી સંબંધિત કરીએ છીએ અને કેટલાક અન્ય શબ્દો દ્વારા તેમને ઓળખીએ છીએ અને શ્રેણીઓમાં વિભાજીત કરીએ છીએ. આ શબ્દો કે જે શ્રેણીઓમાં જોવા મળે છે તેને સગપણ શબ્દાવલી કહે છે. સગપણ શબ્દાવલીમાં પિતા, માતા, પત્ની, પતિ, કાકી, કાકા અને અન્ય લોકો હોય છે.

આ શબ્દો પરિવારના વિભિન્ન સભ્યોના આંતરસંબંધોને સમજવામાં મદદરૂપ થાય છે. આ શબ્દો દ્વારા ખબર પડે છે કે પરિવારમાં કોની શું ભૂમિકા છે. સગપણ શબ્દ પરિવાર કયા પ્રકારનો છે તેની તરફ નિર્દેશ કરે છે. તેના દ્વારા આપણને નિવાસના નિયમો, વંશજ અને સામાજિક સંગઠનની જાણકારી મળે છે. આ શબ્દાવલી માત્ર ભાષાકીય નહી, સમાજશાસ્ત્રીય પણ હોય છે. અને તેના સંબંધ વ્યક્તિની પ્રતિષ્ઠા અને વ્યવહાર સાથે પણ છે.

આ શબ્દો વિભિન્ન પ્રકારના હોય છે. માનવશાસ્ત્રીઓએ આ પદોના વર્ગીકરણ માટે વિભિન્ન આધારોનો ઉપયોગ કર્યો છે.

(અ) ભાષાકીય સંરચનાને આધારે આ શબ્દાવલીને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

**(1) પ્રારંભિક શબ્દો** : આ શબ્દો એટલા પ્રારંભિક છે કે તેમને અન્ય શબ્દોમાં બદલી શકાતા નથી આ શબ્દોના ઉદાહરણો છે- માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી વગેરે.

**(2) કૃત્રિમ શબ્દો** : પ્રારંભિક શબ્દો સાથે ઉપસર્ગ અથવા પ્રત્યય જોડીને આ શબ્દો બનાવવામાં આવે છે. આ પ્રકારના શબ્દોને કૃત્રિમ પદો કહે છે. ઉદાહરણ તરીકે પરદાદા અને દત્તકપુત્ર.



નોંધ

**(3) વર્ણનાત્મક શબ્દો :** બે અથવા વધુ પ્રારંભિક પદો દ્વારા બનેલા પદોને વર્ણનાત્મક પદો કહે છે. ઉદાહરણ તરીકે પત્નીની બહેન (સાળી), ભાઈની પત્ની (ભાભી), દીકરાની પત્ની (વહુ), દીકરીના પતિ (જમાઈ) વગેરે.

(બ) ઉપયોગના આધારે પદોના બે પ્રકારો પડે છે.

(1) **સંબોધન માટેના શબ્દો :** સગપણના શબ્દો કે જેનો ઉપયોગ આપણે સંબંધીઓને સંબોધવા માટે કરીએ છીએ તેને સંબોધનના શબ્દો કહેવાય છે. ઉદાહરણ તરીકે પપ્પા- ડેડી, માં - મમ્મી, દીદી-ભાઈ વગેરે. તમિલ ભાષામાં આ શબ્દોના ઉદાહરણો અન્ના (મોટાભાઈ), તામ્બી (નાનો ભાઈ) અક્કા (મોટી બહેન) વગેરે છે.

(2) **સંદર્ભ સૂચક શબ્દો :** અપ્રત્યક્ષ વ્યકિતનો ઉલ્લેખ કરવા માટે વપરાતા શબ્દોને સંદર્ભ સૂચક શબ્દો કહે છે. ઉદાહરણ તરીકે પિતા, માતા, ભાઈ-બહેન વગેરે. તમિલ ભાષામાં આ શબ્દોના ઉદાહરણો 'મામા માગો' (મામાના પુત્ર/પુત્રી), 'અટાઈ માગલ/ માગન' (ફઈના પુત્ર/પુત્રી)

(ક) વ્યવહારમાં ઉપયોગ થનાર શ્રેણી પર આધારીત : વ્યવહારમાં ઉપયોગ થનાર શ્રેણી પર આધારીત શબ્દોના બે પ્રકારો પડે છે.

**(1) સૂચક / પૃથકાત્મક / વર્ણાનાત્મક શબ્દો :** એ શબ્દો જે કોઈ એક ચોકક્સ સગપણની શ્રેણી પર લાગુ થાય છે તેને સૂચક/પૃથકાત્મક / વર્ણનાત્મક શબ્દો કહે છે. ઉદાહરણ તરીકે 'પિતા અને માતા' આપણા માતા-પિતાને લાગૂ પડે છે, અન્ય કોઈ પર નહી.

**(2) વર્ગીકરણ - શબ્દો :** વ્યક્તિના બે અથવા વધારે સંબંધો દર્શાવે તેને વર્ગીકરણ શબ્દો કહે છે. ઉદાહરણ તરીકે 'પિત્રરાઈ' ભાઈ / બહેન - એટલે કે પિતાના ભાઈઓ પુત્ર કે પૂત્રી, પિતાની બહેનનો પૂત્ર કે પૂત્રી, માસીનો પૂત્ર કે પૂત્રી વગેરે બીજુ ઉદાહરણ 'કાકા' છે.

## પાઠગત પ્રશ્નો- 14.3

(1) નીચેનું વિધાન સત્ય કે અસત્ય તે જણાવો.
બે અથવા વધુ પ્રાંરભિક પદો દ્વારા બનેલા પદોને વર્ણણાત્મક પદો કહે છે.

(2) ખાલી જગ્યા પૂરો
પ્રારંભિક શબ્દો સાથે ઉપસર્ગ અન પ્રત્યય જોડીને જે શબ્દો બનાવાય છે તેને.........કહે છે.

(3) સાચા જવાબ સામે ખરાની નીશાની () કરો.
સબંધ ને લગતા શબ્દો આપણને .................... સમજવામાં મદદ કરે છે.

1) અલગ - અલગ સભ્યોના આંતર સબંધો

2) સભ્યોના દરજ્જા અને ભૂમિકા

3) *કુટુંબ માળખાના પ્રકારો*

4) *નાબુદ થઈ ગયેલા સામાજિક પાસાઓ*

5) *ઉપરના બધાજ*

## 14.7 વારસાના નિયમો :

*વ્યક્તિઓને તેન સરખા વંશના આધારે જોડે તેને વારસાના નિયમો કહે છે આ નિયમો દરેક સમાજમાં અલગ - અલગ હોય છે વ્યક્તિઓ પોતાના સબંધીઓ સાથે આ નિયમોના આધારે સંકળાયેલા હોય છે. પેઢી અને વંશ - વારસો પણ આ નિયમ આધારીત હોય છે આજ નિયમો સામાજિક વ્યવસ્થા અને વર્ગીકરણ નક્કિ કરે છે.*

**મુખ્ય બે પ્રકારના વારસાના નિયમો હોય છે.**

(અ) *બહુવિસ્તૃત વારસાના નિયમો.*


(બ) *દ્વિપક્ષીય વારસાના નિયમો.*

(અ) **બહુ વિસ્તૃત વારસાના નિયમો :-**

*આ નિયમ પ્રમાણે કાંતો માતા અથવા પિતાની વંશવલિના આધારે વ્યક્તિનો વારસો સમજવામાં આવે છે વળી તેના બે પેટા પ્રકાર પડે છે.*

**(1) પિતૃ - વારસો :-**


*આ વારસા પ્રમાણે વ્યક્તિના પિતૃ - પક્ષીય સબંધના વારસાને જાણવામાં આવે છે એક પૂત્ર તેના પિતાનો વારસો પ્રાપ્ત કરશે અને તેનો પૂત્ર આગળ જતા આ વારસાને માત્ર પોતાના પૂત્રને જ સોપશે તેના પિતાનું નામ, હોદ્દો અને સંપત્તિનો સમાવેશ થાય છે.*




1,2, *અને* 3 *પિતૃ વારસો ના સમૂહના સભ્યો છે.*

**(2) માતૃ - વારસો :-**

*જ્યારે વ્યક્તિનો વારસો માતૃ - વંશાવલિને લક્ષ્યમાં રાખીને તપાસવામાં આવે તેને 'માતૃ - વારસો' કહે છે પૂત્ર અને પૂત્રી બને તેના માતાના વારસાનો ભાગ છે. આમ છતાં માત્ર પૂત્રી જ માતાનું નામ હોદ્દો અને સંપત્તિ ગ્રહણ કરવા લાયક બને છે. પૂત્ર પણ માતૃ - વારસાનો ભાગ હોય છે તેનો વારસામાં પૂત્રીની સરખામણીએ કશુ જ પ્રાપ્ત થતું નથી.*




1,2, અને 3 માતૃ વારસો ના સમૂહના સભ્યો છે.

(બ) **દ્વિપક્ષિય વારસો :-**

ઘણા બધા સમુદાયોમાં માતા અને પિતા બન્નેના વારસાને સમાન મહત્વ આપવામાં આવે છે . જ્યારે સંપત્તિ વારસાના બધા જ હકો બન્ને પક્ષને ધ્યાનમાં લઈને અથવા તો એક પણ ધ્યાનમાં લેવામાં ન આવે ત્યારે દ્વિપક્ષીય વારસો કહેવાય છે.

અંગ્રેજી ભાષામાં 'KINDRED' શબ્દ પ્રયોગ વ્યક્તિના દ્વિપક્ષિય સંબંધિઓ માટે કરવામાં આવે છે.

## 14.8 સબંધ સમૂહો :-

સબંધ પોતે સમૂહ નથી પરંતુ સમૂહ રચવા માટેનું સૌથી મજબૂચ પાસુ છે.

બહુવિસ્તૃત વારસાને લગતા ઘણા બધા શબ્દો તમે જાણશો જેવા કે કુટુંબ, પરિવાર, પેઢી, વગેરે સબંધ સમૂહ એટલે ક વા લોકોનો સમૂહ કે જેઓ કાંતો વંશવલિ અથવા તો લગ્ન ગ્રંભીથી પરસ્પર જોડાયેલા હોય લોહીના સબંધોમાં લાગણી નું પ્રમાણ વધારે હોય છે એ ખ્યાલ પરિવારના સભ્યોને એકબીજા સાથે સાંકળેલા રાખે છે.

ચાલો આપણે આવા સંબંધ - સમૂહોની એક પછી એક ચર્ચા કરીએ.

તમે જાણો છો તેમ કુટુંબ સબંધ - સમૂહનું સૌથી નાનું છે તેમા પતિ, પત્નિ અને તેમના અપરણિત સંતાનોનો સમાવેશ થાય છે પતિ અને પત્નિ લગ્નથી વડે જોડાયેલા હોય છે જ્યારે તેમના સંતાનો લોહીના સબંધથી પરસ્પર જોડાયેલા હોય છે.

બહુવિસ્તૃત સબંધ વારસા આધારિત કેટલાક મહત્વના સબંધ સમુહો નીચે પ્રમાણે છે.

(1) **વંશાવલિ :-**

પરિવાર દ્વિપક્ષિય સબંધ વારસો ધરાવે છે જ્યારે વંશાવલિ બહુવિસ્તૃત સબંધ વારસાનું ઉદાહરણ છે. તેમાં એવા સભ્યોનો સમાવશ થાય છે ક જેઓ હકિકતમાં એક જ પૂર્વજોના વંશજો છે. વંશાવલિ પિતૃસ્તાક અને પિતૃપ્રધાન હોય છે એટલે કે તને પિતૃ - વંશાવલિ કહે છે જો વંશાવલિ માતૃ - પ્રધાન હોય તેને માતૃ - વંશાવલિ કહે છે માતૃ - વંશાવલિના સભ્યો માતાના વારસાને જાળવીને આગળ વધારે છે.



નોંધ

વંશાવલિના સભ્યો એક જ ઘરમાં રહે તેવું જરૂરી નથી. સંયુકત કુટુંબ કે જેમા ત્રણ - ચાર પેઢીના વ્યક્તિઓ સાથે રહે છે તે વંશાવલિ નું ઉત્તમ ઉદાહરણ છે. વંશાવલિ ચુસેત પણ બહુઆયાનિ ઘટક છે.

(2) ગોત્ર :-

ગોત્ર બહુવિસ્તૃત સબંધ વારસાનું ઉદાહરણ છે. ગોત્રમાં એવા સભ્યોનો સમવેશ થાય છે કે જેઓ એવું માને છે કે તેમના પૂર્વજ કોઈ સંત કે ઋષી હતા. ઘણી વખત કોઈ દિવ્ય પુરૂષ પણ આવા વંશના પૂર્વજ હોવાનું મનાય છે.

હિન્દુ સમાજમાં અમુક ઋષીઓના નામ પ્રમાણે ગૌત્ર છે જેમકે કશ્યમ, ભારદ્વાજ, ગૌતમ આમ, આવા પૂર્વ ને મોટાભાગે અજાણ્યા ઔતિહાસિક સાહિત્યના ભાગ હોવાનું મનાય છે.

એક જ ગૌત્રના સભ્યો એવું માને છે કે તેમના સૌમાં એકજ પ્રકારનું લોહી વહે છે અને એટલે તેઓ લોહીના સબંધ પરસ્પર લગ્ન કરતા નથી. અને આમ ગૌત્ર બહુ આયાનિ સંકલ્પના છે.

જ્યારે ગૌત્ર કોઈ પૂરૂષ વંશાવલિ અનુસરે છે ત્યારે તેને પિતૃ - વંશાવલિ કહેવાય છે અને માતૃ - વારસાને અનુસરે છે ત્યારે માત - વંશાવલિ કહે છે ઉદાહરણ તરીકે ઉત્તર પૂર્વમાં ખાસી અને ગારો માતૃ - ગોત્રોજ છે.

(3) ફ્રેત્રી **(Pharatry)** :

ફ્રેત્રી પણ બહુ વિસ્તૃત સંબંધ વારસાનું ઉદાહરણ છે. ફ્રેત્રીના સભ્યો એવું માન છે કે તેમના પણ કોઈ એક પૂર્વજ હતા અને બધા જ તેના સંતાનો છે. સામાન્ય રીતે ફ્રેત્રીમાં બે અથવા વધારે ગોત્રોનો સમાવેશ થાય છે.

ફ્રેત્રીના સભ્યોની વ્યક્તિગત ઓળખ હોય છે પણ તેઓ પ્રસંગો અને તહેવારો ખાસ પ્રકારે ઉજવે છે.

(4) મોઈતી **(Moiety)** :

મોઈતી એટલે એક વિશાળ સામાજિક સમુદાય કે જેના મૂખ્ય બે ભાગ પડી શકાય બેમાંથી દરેક ભાગ મોઈતી કહેવાય છે.

મોઈતી સભ્યોનું માનવ હોય છે ભૂતકાળમાં જતા તેમના સૌના પૂર્વજ એક જ છે જે હકીકતમાં હોય એવું જરૂરી નથી.

દરેક મોઈતીની આગળ જતાં પેટા - ફ્રેત્રીમાં વહેંચી શકાય. દરેક ફ્રેત્રીને વળી ગોત્રમાં વહેચી શકાય અને અંતે દરેક ગોત્રમાંથી અનેક કુટુંબો જન્મે છે.

મણીપૂરના ઈમોલ કૂકૂ સમુદાયમાં મોઈતીનું ઉદાહરણ છે. એક જ મોઈતીના સભ્યો પરસ્પર લગ્ન કરી શકાતા નથી એટલે બે મોઈતીના સભ્યોમાં લગ્ન કરવામાં આવે છે.

આ પ્રકારનો વ્યવહાર સામાન્ય રીતે જીજાજી અને સાળી અથવા દીયર અને ભાભી વચ્ચે જોવા મળે છે.

## પાઠગત પ્રશ્નો- 14.4

(1) નીચેનું વિધાન ખરૂ છે કે ખોટુ તે જણાવો
વંશ પરંપરાના નિયમો એક વ્યક્તિને વંશાવલી આધરે સંબંધીઓ એક ચોક્કસ સમૂહ સાથે જોડે છે.

(2) ખાલી જગ્યા પુરો
.......................... શબ્દ વ્યક્તિના સંબધિઓના દ્રિપક્ષીય સમૂહનું વર્ણમ કરે છે

(3) સાચો ઉત્તર પસંદ કરો.
ગોત્ર એ એવા સંબંધોનો એક સમૂહ છે કે

(1) જેના સભ્યો એવું માને છે કે તેઓ એક સુપ્રસિધ્ધ પૂર્વજના વંશજો છે.
(2) જેના સભ્યો એવું માને છે કે તેઓ એક સામાન્ય પૌરાણિક પૂર્વજના વંશજો છે.
(3) જેમાં માત પિતા અને બાળકોનો સમાવેશ થાય છે.
(4) ઉપરના વિકલ્પોમાંથી એકપણ નહી.

## 14.9 સબંધમાં વર્તન

સબંધમાં વર્તન એ એક સબંધ સમૂહના અલગ - સભ્યોના વર્તનની એક ચોક્કસ અને પ્રમાણમાં સ્થાયી સંરચનાનો નિર્દેશ કરે છે. આ સરંચના મૌખિક અને / અથવા અમૌખિક હોઈ શકે છે સબંધોમાં જોવા મળતા કેટલાક વર્તનો નીચે મુજબ છે

### તિરસ્કાર વર્તન

આ એક એવો વ્યવહાર છે કે જેના દ્વારા ચોક્કસ સંબંધીઓના આંતરિક સબંધો એક એવો વ્યવહાર લાદવામાં આવે છે હિન્દુઓમાં આ પ્રતિબંધના પરિણામે કેટલાક ચોક્કસ સંબંધીઓ એકબીજા સાથે સીધી વાત કરાવાનું અથવા કોઈ પણ જાતનો શારીરીક સંપર્ક કરવાનું ટાળે છે તેઓ એકબીજા સાથે ન્યુનતમ સામાજિક વ્યવહાર કરવાનું પસંદ કરે છે. હિન્દુઓમાં આ પ્રકારના પ્રતિબંધોથી ઘેરાયેલા સંબંધિઓમાં સાસુ - સસરા, વહુ, જમાઈ, દેરાણી - જેઠાણી વગેરેનો સમાવેશ થાય છે.

### રમુજ આપ - લે વર્તન

આ પ્રકારનો વ્યવહાર તિરસ્કાર વર્તમ વિરોધી હોય છે આ પ્રકારના વ્યવહારમાં સંબંધીઓ એકબીજાની મજાક કરવાનું, ચીડવવાનું પસંદ કરે છે. આ પ્રકારના વ્યવહારમાં બંધાયેલા લોકો એક બીજાની વાતોનું અથવા વ્યવહારનું માઠુ બગાડતા નથી.

### ટેકનોનીમી (Teknonymy)

જ્યારે બે સબંધીઓ એકબીજા સાથે સીધી વાત કરવાનું ટાળી કોઈ ત્રાહિત વ્યક્તિ દ્વારા વાત કરે છે ત્યારે પ્રસ્થાપિત થતા વ્યહહારને ટેકનોનીમી તરીકે ઓળખવામાં આવે છે.

આ પ્રકારનો વ્યવહાર ગ્રામ્ય ભારતમાં ખૂબ સામાન્ય છે કે જેમાં સ્રી પોતાના પતિનું અથવા સાસરા પક્ષના - વડીલોના નામ નામથી તેમને સંબોધતી નથી. સ્રી પોતાના પતિને તેમનાં સંતાનના પિતા તરીકે સંબોધે છે.

### માતૃપક્ષીય વ્યવહાર (Avunculate)

આ એક એવા પ્રકારનો વ્યવહાર છે કે જે વ્યક્તિમાં મામાને તેમની બહેનના સંતાનોના સંદર્ભમાં મહત્વનું સ્થા આપે છે મામા તેમની સંપત્તિ તેમના ભાણેજને અર્પણ કરે છે ભાણેજ પોતાના પિતા માટે નહી પરંતુ મામા માટે કામ કરે છે કેટલીક વખત સંતાનોનો ઉછેર પણ મામા ઘેર થાય છે માતૃપક્ષીય વ્યવહાર માતૃવંશીય સમાજમાં સામાન્ય છે.

### એમીટેટ (Amutate)

એક એવા પ્રકારનો વ્યવહાર જેમાં પિતાની બહેનને મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે તેમની ભૂમિકા માતૃપક્ષીય વ્યવહારમાં મામાની ભુમિકા સમાન હોય છે બાળકો તેમના પિતાની બહેન પ્રત્યે ખાસ આદરભાવ ધરાવે છે કેટલીક વખત બાળકોનો ઉછેર ફોઈના ઘરે થાય છે અને તેમની સંપતિ બાળકોને વારસામાં મળે છે તેઓ એક સ્ત્રી - પિતા તરીકે સમાજમાં ઓળખાય છે. આ પ્રકારનો વ્યવહાર સામાન્ય રીતે પિતૃપક્ષીય સમાજોમાં જોવા મળે છે.

### કૌવેડ (Couvade)

આ એક એવા પ્રકારનો વ્યવહાર છે જેમાં પત્નીની પ્રસુતા અવસ્થા દરમિયાન અને બાળકના જન્મ દરમિયાન પતિ પત્નીના વ્યવહારને અનુસરે છે જ્યારે પત્ની બાળકને જન્મ આપે છે ત્યારે પતિ પત્નીના વ્યવહાર સાથે સમાનતા મેળવવાનો પ્રયત્ન કરે છે. તે સક્રિય જીવન જીવવાનું ટાળે છે, મર્યાદિત આહાર લે છે અને કેટલાક ચોક્કસ નિયમોનું પાલન કરે છે આ પ્રકારનો વ્યવહાર અસામની ખાસી જાતિ અને નીલગીરી હીલ્સની ટોડા જાતિમાં સામાન્ય છે.

### પાઠગત પ્રશ્નો- 14.5

(1) એમીટેટ એ એક એવો વ્યવહાર છે જેમાં પિતાની બહેનને મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. (વાક્ય સત્ય છે કે અસત્ય તે જણાવો )

(2) ખાલી જગ્યા પૂરો

એવો વ્યવહાર કે જેમાં બે સબંધીઓ એકબીજા સાથે સીધી વાત નથી કરતા તેને ........ વ્યવહાર કહેવામાં આવે છે.

(3) સાચો ઉત્તર પસંદ કરો.

એવો વ્યવહાર જેમા મામા અગત્યની ભૂમિકા ભજવે છે.

(1) કૌવડ વર્તન

(2) તિરસ્કાર વર્તન

(3) રમૂજ આપલે વર્તન

(4) માતૃપક્ષીય વ્યવહાર

(5) ઉપરના વિકલ્પોમાંથી એકપણ નહીં

**(II) કૌવડ એટલે શું ? એક વાક્યમાં વ્યાખ્યાયિત કરો.**

---

## તમે જે શીખ્યા

- *સગપણ વ્યકિતઓ વચ્ચેનો એવો સંબંધ છે જે લગ્ન, રકતસંબંધ અને દત્તકગ્રહણ પર આધાર રાખે છે.*
- *સગપણ પારિવારિક સંબંધોની અભિવ્યકિત અને સામાજિક માન્યતા છે.*
- *જે સંબંધને સામાજિક રૂપથી માન્યતા પ્રાપ્ત નથી હોતી તેને સગપણ ગણવામાં આવતું નથી.*
- *સગપણ એ મનુષ્યની કાયદેસર સંબંધો દ્વારા પ્રજનન કરવાની ઈચ્છાનું પરિણામ છે.*
- *સગપણ બે પ્રકારના હોય છે.*

  (1) *સમરકત સગપણ*

  (2) *વૈવાહિક સગપણ*
- *કેટલાક માન્યતા પ્રાપ્ત સંબંધો એવા છે જેમને આપણે કાલ્પનિક સંબંધો કહીએ છીએ. કાલ્પનિક સંબંધોનું ઉત્તમ ઉદાહરણ દત્તક ગ્રહણ છે.*
- *સમરકત સગપણ અથવા રકત સંબંધી સગપણ સમાન પૂર્વજ પર નિર્ભર હોય છે.*
- *વૈવાહિક સગપણ લગ્ન પર આધારીત હોય છે. અને તે બે પરિવારોને એકબીજા સાથે જોડે છે.*
- *સંબંધને નિકટતાની દ્રષ્ટિએ પણ ત્રણ ભાગોમાં વહેંચવામાં આવે છે.*

  *(1) પ્રાથમિક સંબંધીઓ*

  *(2) ગૌણ / દ્વિતીય સંબંધીઓ*

  *(3) તૃતીય સંબંધીઓ*
- *વ્યકિત અને સમૂહ માટે ઘણા પ્રકારની સગપણ વ્યવસ્થા મહત્વપૂર્ણ છે.*
- *સગપણ વ્યકિતઓને ઓળખ અને પ્રતિષ્ઠા આપે છે. તેમને સામાજિક અને મનોવૈજ્ઞાનિક સુરક્ષા પ્રદાન કરે છે.*
- *સગપણ એ સમૂહ રચનાનો આધાર છે.*
- *સગપણ સમૂહને સુદ્દઢ બનાવે છે, શત્રુઓની વિરૂદ્ધ સમૂહને સંગઠિત કરે છે તથા ધાર્મિક અને*

સામાજિક આંતરક્રિયા નિયંત્રિત કરે છે. તે લગ્નને નિયંત્રિત કરે છે તથા સંસ્કારો અને ધાર્મિક તહેવારોને નિયંત્રિત કરે છે.

- સગપણના આધારે જ પ્રતિષ્ઠા, સંપત્તિ અને નામનું નિર્ધારણ થાય છે.
- સગપણ સમૂહો તેના સભ્યોને રાજકીય સત્તા, વ્યવસાયિક અને આર્થિક લાભ આપે છે.
- સગપણના વિભિન્ન પ્રકારના પદો છે જેનો ઉપયોગ સંબોધન માટે થાય છે.
- પદોના વર્ગીકરણના આધાર પર સગપણના પ્રકારો નીચે મુજબ છે.

(1) ભાષાકીય સંરચના

(અ) પ્રારંભિક શબ્દો

(બ) કૃત્રિમ શબ્દો

(ક) વર્ણનાત્મક શબ્દો

(2) શબ્દોના ઉપયોગની પદ્ધતિઓના આધારે

(અ) સંબોધનના શબ્દો

(બ) સંદર્ભ સૂચક શબ્દો

(3) વ્યવહારમાં લાગૂ થનાર શ્રેણી પર આધારિત

(અ) વર્ણનાત્મક / પૃથકાત્મક / સૂચક શબ્દો

(બ) વર્ગાત્મક શબ્દો

- વંશક્રમના નિયમો વ્યક્તિને કોઈ ચોક્કસ સંબંધીઓના સમૂહ સાથે જોડે છે.
- વંશક્રમના બે નિયમો છે.

(અ) એકપક્ષી વંશક્રમના નિયમો

(બ) દ્વિપક્ષી વંશક્રમના નિયમો

- એકપક્ષી વંશક્રમના નિયમો બે પ્રકારના છે.

(અ) પિતૃ વંશક્રમ

(બ) માતૃ વંશક્રમ

- જે સમાજમાં એકપક્ષી વંશક્રમના નિયમો નથી હોતા તેને દ્વિવર્તી સમાજ કહે છે. પરિવારમાં માતા અને પિતાના પક્ષના સંબંધીઓનો સમાન મહત્વ હોય છે.

- સંબંધનો સમૂહ દ્વિવર્તી હોય છે. જે પ્રસંગોપાત અસ્થાયી રૂપથી એક થઈ જાય છે.
- કેટલાક એકપક્ષી સગપણ સમૂહોના ઉદાહરણો નીચે મુજબ છે.

  (1) પરિવાર

  (2) વંશપરંપરા

  (3) કુળ

  (4) ફ્રેટરી

  (5) અર્ધાંશ

- પરિવારનું નિર્માણ મૂળભૂત રીતે વ્યક્તિ, તેની પત્ની તથા તેમના અપરિણીત બાળકો દ્વારા થાય છે. આમાં ત્રણ અથવા ચાર પેઢીઓ સુધીના નજીકના વ્યક્તિઓનો સમાવેશ થાય છે.
- વશંપરંપરા એટલે સંબંધોનો સમૂહ જે સામાન્ય પૂર્વજથી વંશની ઓળખાણ અપાવે.
- કુળ નિકટના વંશજોનું એવું સ્વરૂપ છે જે પૌરાણિક પૂર્વજોમાંથી ઉદ્દભવે છે.
- ફ્રેટરી બે અથવા બે થી વધુ પરસ્પર સંબંધિત કુળોમાંથી આવેલી વંશપરંપરા છે.
- અર્ધાંશ (Moiety) એક સમાજનુ બે ભાગોમાં વિભાજીત થવાનું પરિણામ છે. આ બંને ભાગોને સ્વતંત્ર રીતે અર્ધાંશ કહેવામાં આવે છે.
- સગપણ સમૂહોના વિભિન્ન સભ્યોના વ્યવહારો નિશ્ચિત અને તુલનાત્મક દ્રષ્ટિએ સ્થાયી નમૂનાઓની તરફ સંકેત કરે છે.
- સગપણના કેટલાક વ્યવહારો નીચે મુજબ છે.

  (1) પરિહાર

  (2) પરિહાર સંબંધ

  (3) અનુસંતતિ સંબોધના

  (4) માતૃપક્ષીય સંબંધો

  (5) અમિત

  (6) ક્યુવાદે

## શબ્દાવલી

| | | |
|---|---|---|
| વૈવાહિક સંબંધીઓ | : | પરિણીત સંબંધીઓ |
| માતૃપક્ષીય | : | સગપણ જે મામાને વિશેષ અધિકાર આપે છે |
| દ્વિપક્ષીય સગપણ | : | સંપત્તિ અને વંશાનુગત અધિકારોનું સ્ત્રી અને પુરૂષ વચ્ચે થતુ સમાન |

નોંધ

પ્રસારણ પર આધારિત સંબંધો દ્વિપક્ષીય સગપણ કહેવાય છે.

| | | |
|---|---|---|
| કુળ | : | એકપક્ષીય વંશક્રમનો એવો સમૂહ કે જે પૌરાણિક પાત્રોમાં પોતાનું મૂળ શોધે છે તેને કુળ કહે છે. આ પૌરાણિક પાત્ર / પૂર્વજ કોઈ કાલ્પનિક ચરિત્ર, એક છોડ અથવા એક જાનવર પણ હોઈ શકે છે. |
| વર્ગાત્મક શબ્દો | : | સગપણના એવા શબ્દો જે સંબંધીના વર્ગનો નિર્દેશ કરે છે. દા.ત.કાકા, કાકી વગેરે |
| સમરક્ત સંબંધધીઓ | : | સમાન પુર્વજ અથવા રક્ત દ્વારા જોડાયેલ સંબંધીઓ |
| કુવેડ (courade) | : | એક એવો વ્યવહાર જેમાં પતિ તેની સંગર્ભ પત્ની દ્વારા અપનાવવામા આવતી વ્યવહારની પદ્ધતિને અનુસરણ કરે છે. |
| વર્ણનાત્મક શબ્દ | : | વ્યક્તિના વિશિષ્ટ સંબંધો માટે વપરાતો વિશિષ્ટ શબ્દ |
| ઈગો (Ego) | : | એ વ્યક્તિ જેના આધારે સગપણ નક્કી થાય છે. |
| મામા-ફૂઈના સંતાનો | : | ભાઈ-બહેનાના બાળકો |
| વંશપરંપરા | : | રક્ત સંબંધી સમુહ જે એકપક્ષીય વંશક્રમથી જોડાયેલા હોય છે. આ વંશક્રમનો એક વાસ્તવિક સભ્ય હોય છે જેને લોકો યાદ રાખે છે. |
| માતૃવંશીય | : | સ્ત્રીઓ દ્વારા થતું અધિકાર અને વારસાનું પ્રસારણ : તેને ગર્ભાશય વંશ પણ કહેવાય છે. |
| અર્ધાંશ | : | એક વિશાળ સામાજિક સમૂહને બે ભાગોમાં વહેંચવામાં આવે છે. આ બંને ભાગો સ્વતંત્ર રીતે અર્ધાંશ તરીકે ઓળખાય છે. |

## પાઠાંત પ્રશ્નો

1. સગપણના કેટલા પ્રકાર છે ? વિસ્તારથી વર્ણન કરો.

2 વ્યક્તિ અને સમૂહ માટે સગપણનું શું મહત્વ છે ?

3. સગપણના વર્ગીકરણના વિભિન્ન આધારો કયા કયા છે ? વિસ્તારથી સમજાવો.

4. એકપક્ષીય સગપણ સમૂહોના વિભિન્ન પ્રકારોનું વર્ણન કરો.

5. સગપણના વ્યવહારના વિભિન્ન પ્રકારોની ચર્ચા કરો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| 14.1 | (1) સત્ય | (2) સમરક્ત સંબંધી | (3) (2) |
| 14.2 | (1) અસત્ય | (2) સમૂહ | (3) (4) |
| 14.3 | (1) સત્ય | (2) કૃત્રિમ | (3) (5) |
| 14.4 | (1) સત્ય | (2) સમાન (kindred) | (3) (2) |
| 14.5 | (1) સત્ય | (2) અનુસંતતિ સંબોધન | (3) (4) |





# 15

# અર્થવ્યવસ્થા, રાજયવ્યવસ્થા અને ધર્મ

સંસ્થાઓની સંખ્યાના આધારે દરેક સમાજમાં તફાવત જોવા મળે છે. ખૂબ વિકસિત સમાજમાં આદિવાસીઓ, ખેડૂતો વગેરેની સરખામણીએ વધુ સંસ્થાઓ હોય છે. જેમ સમયાંતરે સામાન્ય સમાજ સરળથી જટિલ સંરચનામાં પરિવર્તિત થાય છે. તેમ તેની સંસ્થાઓમાં પણ વિભેદીકરણ થાય છે. આ સંસ્થાઓની માત્રા સંખ્યા નથી વધતી પરંતુ તેઓ વધુ વિશિષ્ટ અને જટિલ બની જાય છે.

જો કે સંસ્થાઓની સંખ્યા દરેક સમાજમાં અલગ - અલગ હોય છે, બધા સમાજમાં સામાન્ય રીતે ચાર પાયાની સંસ્થાઓ હોય છે, આ પાયાની સંસ્થાઓને સાર્વભૌમિક સંસ્થાઓ કહેવાય છે. આ સંસ્થાઓ ક્રમાનુસાર સંબંધ, અર્થવ્યવસ્થા, રાજય વ્યવસ્થા અને ધાર્મિક સંસ્થાઓ તરીકે ઓળખાય છે. આ સંસ્થાઓ અનન્ય રીતે અસ્તિત્વ ધરાવતી નથી, તેઓ એકબીજા સાથે સંકળાયેલી હોય છે. આપણે એવી સંસ્કૃતિની કલ્પના કરી શકીએ કે જે એકબીજા સાથે જોડાયેલ સંસ્થાઓની બનેલ હોય. સામાન્ય શબ્દોમાં સંસ્કૃતિ બીજું કાંઈ નહિ પરંતુ અર્થવ્યવસ્થા, રાજનીતિ અને ધર્મનો સમન્વય છે. આ પ્રકરણમાં આપણે માનવ સમાજની અર્થવ્યવસ્થા, રાજય વ્યવસ્થા અને ધર્મની સંસ્થાઓની લાક્ષણિકતાઓ વિશે અભ્યાસ કરીશું.



## હેતુઓ

આ પ્રકરણનો અભ્યાસ કર્યા પછી તમે :



નોંધ

- માનવ સમાજમાં જોવા મળતી પાયાની સંસ્થાઓનું વર્ણન કરી શકશો.
- આ પ્રત્યેક સંસ્થાઓની લાક્ષણિકતાઓને સમજી શકશો.
- સંસ્થાઓ વચ્ચેના સંબંધને સમજી શકશો.

## 15.1 અર્થવ્યવસ્થા, રાજય વ્યવસ્થા અને ધર્મનો અર્થ

### 15.1.1 અર્થવ્યવસ્થા

અર્થવ્યવસ્થાનો સંબંધ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન વિનિમય - વિતરણ અને ઉપભોગ સાથે છે. મનુષ્યે જીવતા રહેવા માટે ખાવું જરૂરી છે. મનુષ્ય અન્ય પશુઓની જેમ પ્રકૃતિ અને તેના તત્વો પર જીવી શકે નહી. મનુષ્યએ જીવન - નિર્વાહ માટે જરૂરી વસ્તુઓનું માત્ર ઉત્પાદન નથી કરતો પરંતુ કાચા પદાર્થોની પ્રકૃતિને બદલી તેને રાંધે પણ છે. મનુષ્યની એક સૌથી મહત્વપૂર્ણ લાક્ષણિકતા એ છે કે તે કાચા પદાર્થ રાંધે છે. આગ ઉત્પન્ન કરવી અને આગ દ્વારા અન્ય કાર્યો કરવા એ મનુષ્ય જાતિની વિશેષ લાક્ષણિકતા છે.

અર્થવ્યવસ્થા સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ બીજા મનુષ્યો સાથે સંબંધ ધરાવે છે. વસ્તુઓનું વિતરણ અને વિનિમય, મનુષ્યો વચ્ચેના પારસ્પરિક સંબંધોના આધારે થાય છે. આ સંબંધોની સ્થિતિ વસ્તુઓના વિતરણ વિનિમય ગુણવત્તાને નિશ્ચિત કરે છે.માનવીય સંબંધ અને સામાજીકી સંબંધ પણ ઉપભોગના માપદંડોને નિશ્ચિત કરે છે. બીજા શબ્દોમાં અર્થવ્યવસ્થાના સમાજશાસ્ત્રીય અધ્યાપનમાં આપણો સંબંધ ઉત્પાદન વ્યવસ્થા વિતરણ, વિનિમય તથા ઉપભોગમાં જ્યાં સામાજિક સંબંધ હોય છે. તેની સાથે હોય છે.

### 15.1.2 રાજય વ્યવસ્થા

રાજય વ્યવસ્થાનો સંબંધ સમાજમાં શક્તિના વિતરણ સાથે છે. પ્રત્યેક સામાજિક સંબંધોમાં કેટલાક એવા લોકો હોય છે. જે શક્તિનો અન્ય લોકો પર પ્રયોગ કરે છે. બે વ્યકિતનો સમૂહ જેને યુગ્મ કહેવાય છે. તેમાં પણ એક વ્યક્તિ બીજી વ્યકિત પર પોતાની શક્તીનો ઉપયોગ કરે છે. આ પ્રકારે કોઈ પણ માનવ સંબંધમાં શક્તિ પ્રદર્શન વિના કંઈ આવી થઈ શકતું. સમાજ શાસ્ત્રીઓ માટે માનવસમાજમાં સાર્વભૌમિક લક્ષણ શક્તિ છે.

હવે આપણે, શક્તિ શબ્દના સમાજશાસ્ત્રીય અર્થને સમજવા જોઈએ. શક્તિ વ્યકિતની એ ક્ષમતા છે જેના દ્વારા એક વ્યકિત બીજી વ્યકિત પર પોતાના હુકમ ચલાવે છે. શક્તિ વ્યકિત અથવા સમૂહએ યોગ્યતા છે. જેમાં કઈ વ્યકિત અથવા સમૂહ બીજા માટે નિર્ણય લે છે અને બીજા લોકો તેમના માટે લેવાયેલા નિર્ણયનો સ્વીકારે કરે છે. આ બાબત પરથી એ નિશ્ચિત કરે છે કે દરેક સંસ્થામાં શક્તિનું સ્થાન કેન્દ્રીય હોય છે. ઉદાહરણ તરીકે ઘરની પ્રમુખ વ્યકિત પોતાની શક્તિનો ઉપયોગ કરે છે અને તેના દ્વારા લેવાયેલા નિર્ણય સભ્યો માટે અનિવાર્ય હોય છે. ઉદાહરણ તરીકે

નોંધ

તબીબી અધિકારી પોતાની હોસ્પિટલમાં સૌથી મોટા શક્તિશાળી વ્યકિત હોય છે. આ ઉદાહરણ દ્વારા આપણે સમજી શકીએ કે દરેક સંસ્થામાં કેટલીક એવી વ્યકિતઓ હોય છે જે બીજા પર પોતાની શક્તિનું પ્રદર્શન કરે છે.

તો પછી રાજકીય શક્તિમાં વિશેષ વાત શું છે ? એક સંસ્થા અથવા સમૂહમાં શક્તિ અને રાજકીય શક્તિ વચ્ચે શું તફાવત એ છે કે રાજકીય શક્તિનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થઈ શકે છે. તેનો સંબંધ સંસ્થા અથવા સમૂહ સાથે નથી હોતો. રાજકીય શક્તિ દ્વારા સરકાર ચાલે છે જે સમાજ અને તેની પ્રવૃત્તિઓ વીશે મહત્વના નિર્ણયો લે છે. ઉદાહરણ તરીકે એક શાળાના આચાર્ય યોગ્ય શક્તિનો ઉપયોગ શાળાના અન્ય લોકો પર અને શાળા સંચાલનમાં કેર છે. પરંતુ શિક્ષણ નિતી ઓ ઘડવાનું કાર્ય સરકારનું છે.

રાજકીય શક્તિનો નજીકનો સબંધ રાજયના પ્રશાસન સાથે અર્થાત્ રાષ્ટ્ર ચલાવવું અને પ્રશાસન કરવું.

| |
|---|
| સંગીતકાર, પેન્ટર, ઉદ્યોગપતિ વગેરે અપ્રશાસકીય અભિજનના ઉદાહરણ છે. આમ, મહાશ્વેતા દેવી, મોહમદ ફિદા હુસૈન, એ.આર. રહેમાન અને અનિલ અંબાણી અપ્રશાસકીય અભિજન છે. |

બીજી તરફ પ્રધાનમંત્રી, ગૃહમંત્રી, મુખ્યમંત્રી, રાજયપાલ વગેરે પ્રશાસકીય અભિજન છે.

## 15.1.3 ધર્મ

અર્થવ્યવસ્થા અને રાજનીતિક સંસ્થાઓની સાર્વભૌમિકતા વિશે કોઈ વિવાદ નથી, પરંતુ ધર્મની સાર્વભૌમિકતાના સંબંધમાં ઘણા 'તર્ક' આપવામાં આવે છે. કેટલાક વિચારકો કહે છે કે સામાન્ય લોકોના આસના અને સંકુચિત બુદ્ધિને કારણે ધર્મનું પ્રચલન થઈ રહ્યું છે. એક વખત કિસાન જયારે મનુષ્યને મૂંઝવતા તમામ પ્રશ્નોના ઉત્તરો આપશે ત્યારે ધર્મનો પ્રભાવ ઓછો થઈ જશે. એવું પણ વિચારવામાં આવે છે કે આદિમ સમાજમાં ધર્મો હતા. પરંતુ આધુનિક સમાજ ધર્મ વિના પણ ચાલી શકે છે. માર્કસવાદી વિચારકોનું માનવું છે કે જો સમાજ વર્ગો વિના, અર્થાત્, ધનવાન અને ગરીબમાં તફાવત કર્યા વિના રહી શકે છે તો ધર્મની શું જરૂર છે ?

આજે ધર્મને સાર્વભૌમિક માનનાર સિધ્ધાંતોનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. આપણી પાસે એવા ઉદાહરણો છે. જે બતાવે છે કે પ્રત્યેક સમાજોમાં એક અથવા બીજા સ્વરૂપે ધર્મ જોવા મળે છે. આવું બધા સમાજોમાં થાય છે. પછી તે સમાજ આદિમ હોય કે આધુનિક.

નોંધ

## પાઠગત પ્રશ્નો-15.1

નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર આપો.

1. અપ્રશાસકીય અભિજનની વ્યાખ્યા આપો.

   ......................................................................

2. માનવ સમાજની પાયાની સંસ્થાઓના નામ આપો.

   ......................................................................

3. 'શક્તિ' શબ્દ દ્વારા તમે શું સમજો છો ?

   ......................................................................

4. ધર્મના કયા - કયા ઘટકો છે ?

   ......................................................................

## 15.2 આર્થિક સંગઠનની લાક્ષણિકતાઓ

અત્યાર સુધીમાં આપણે એ શીખી લીધું છે કે આર્થિક વ્યવસ્થા એ છે કે જેમાં ઉત્પાદન, વિતરણ, વિનિમય અને વસ્તુઓ તથા સેવાઓના ઉપભોગનો સમાવેશ થાય છે. આ વિભાગમાં આપણે આર્થિક સંગઠનોનો અભ્યાસ કરીશું.

સામાન્ય રીતે જયારે આપણે આર્થિક વ્યવસ્થા વિશે વાત કરીએ છીએ ત્યારે આપણે વસ્તુઓ, સેવાઓ અને સંપત્તિ સાથે જોડાયેલી સંસ્થાઓનો વિચાર કરીએ છીએ. એક શિક્ષક મહિના સુધી શિક્ષણ કાર્ય કરે છે. અને તેના બદલામાં તેને વેતન મળે છે. તે આ ધનને વસ્તુઓ ખરીદવા અને અન્ય સેવાઓ પાછળ ખર્ચે છે. ટૂંકમાં, તેને જે વેતન મળે છે તેના બદલામાં તે ભોજન ખરીદે છે. મુસાફરી માટે ટિકિટ લે છે. અને એ તેણે પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટે કરવું પડે છે.

અહી આપણે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે કેટલાક સમાજ એવા છે જયાં ધનની કોઈ સંકલ્પના નથી હોતી. ધન મતલબ વિનિમયનો એક નિશ્ચિત એકમ. આ એકમના માધ્યમથી આપણે કોઈ પણ વસ્તુ ખરીદી શકીએ છીએ. આ વસ્તુ કોઈ પદાર્થ અથવા સેવાના રૂપમાં હોઈ શકે છે. એવા સમાજ જે આદિવાસી અને કૃષક હોય છે , જેમાં ધનની અવધારણા નથી હોતી, તેને અમુદ્રિત સમાજ કહે છે.

### 15.2.1 શ્રમવિભાજન

સમાજ મુદ્રિત હોય કે ના હોય પ્રત્યેક સમાજમાં એવા નિયમો હોય છે જે બતાવે છે કે લોકો કેવી રીતે પ્રાકૃતિક સ્રોતોને ઉપયોગમાં લેશે અને તેનાથી વસ્તુઓનું ઉત્પાદન કરશે. લોકો પાસે સ્રોતો

ઉત્પન્ન કરવા માટેની અને તેમને બદલવા માટેની ટેકનિકનું જ્ઞાન હોય છે. લોકો વસ્તુઓના વિતરણ અને વિનિમયને જાણે છે. તેઓ એ પણ જાણે છે કે વિતરણ એન વિનિમયના કેટલાક નિયમો હોય છે.

શ્રમની જટિલતા અને વિભિન્નતાના આધારે આદિવાસી અને કૃષિપ્રધાન સમુદાયોમાં સામાન્ય શ્રમ વિભાજન થાય છે. આનો અર્થ એમ થયો કે આ સમાજોમાં જે વિશેષીકરણ (સ્પેશિયાલાઈઝેશન) છે તે ખૂબ થોડાં પ્રમાણમાં અને નામ માત્ર છે. ખૂબ મોટા પંરપરાગત સમાજોમાં વીસથી ત્રીસ ના ઉદ્યોગો હોય છે અને વિશિષ્ટ ઉદ્યોગોની સંખ્યા ખૂબ ઓછી હોય છે. જેઓ પુરોહિત, સૈનિક અને લોક ગાયક વગેરેનો સમાવેશ થાય છે. ખૂબ સામાન્ય સમાજો જેમ કે શિકારી અને ખાદ્ય સંગ્રાહક જેમાં કોઈ વિશેષીકરણ નથી હોતું તેવા સમાજોમાં પ્રત્યેક વ્યક્તિ શિકાર કરવાની યોગ્યતા ધરાવે છે અને પ્રત્યેક સ્ત્રી ખોરાક સંગ્રહ કરે છે. વિશેષીકરણના હોવાનો એ નથી કે આ સમાજોમાં શ્રમ વિભાજન નથી થતું એવું કહી શકાય કે સામાન્ય સંજોગોમાં શ્રમ વિભાજન નથી થતું એવું કહી શકાય કે સામાન્ય સમાજોમાં જાતિ અને ઉંમરના આધારે શ્રમ વીભાજનનો થાય જ છે.

### 15.2.2 ઔદ્યોગિક અર્થવ્યવસ્થા

સમાજશાસ્ત્રીઓ ઔદ્યોગિક અર્થવ્યવસ્થાને ત્રણ ભાગોમાં વહેચેં છે. : પ્રાથમિક, દ્વિતીય (ગૌણ), તૃતીય.

પ્રાથમિક અર્થવ્યવસ્થામાં પ્રાકૃતિક સ્ત્રોતોનો સંગ્રહ થાય છે. તેમાં કૃષિ, ખનન, વન અને માછીમારીનો સમાવેશ થાય છે. દ્વિતીય ભાગમાં કાચા માલને તૈયાર માલમાં બદલવામાં આવે છે. આ અર્થવ્યવસ્થામાં મશીનરી અને ટેકનોલોજીના વિકાસ સાથે વીકસતી જાય છે. તૃતીય ભાગનો સંબંધ સેવા ઉદ્યોગ સાથે છે. તેની અંતગર્ત એ ધંધામાં આવે છે. જે બીજા ધંધા સાથે જોડાયેલા હોય છે. તબીબી શિક્ષણ, સંચાલકીય અને કારકુની કાર્યો વગેરે તેના ઉદાહરણો છે.

જે સમાજમાં ઔદ્યોગીકીકરણનો વિકાસ ઓછો હોય ત્યાં લોકો પ્રાથમિક ભાગમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે ભારતમાં લગભગ ત્રણ ચર્તુથાંશ, કાર્યશક્તિ, કૃષિ ઉત્પાદન સાથે જોડાયેલી છે જેમ જેમ ઔદ્યોગીકરણ વધે છે. તેમ અર્થવ્યવસ્થાના બીજા ક્ષેત્રો વિકાસ પામે છે. જેટલું વધુ ઉત્પાદન થશે તેટલો જ વધુ સેવા ઉદ્યોગોનો વિકાસ થશે. ?

## 15.3 અર્થવ્યવસ્થાના પ્રકારો

આર્થિક વિકાસના વિભિન્ન પ્રકાર છે અને તે લોકોના જીવનપાર્જન પર નિર્ભર કરે છે. મુદ્રારૂપે આપણે આર્થિક વ્યવસ્થાને બે ભાગમાં વહેંચીએ છીએ. પહેલો ભાગ ખાદ્ય સંગ્રહણ સાથે જોડાયેલો



નોંધ

છે અને બીજો ભાગ ખાદ્ય ઉત્પાદન સાથે સંકળાયેલો છે.

### 15.3.1 ખાદ્ય સંગ્રહણ

ખાદ્ય સંગ્રહણને પ્રાકૃતિક સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થતા ભોજન સાથે જોડી શકાય છે. ઉદાહરણ તરીકે જંગલી વૃક્ષો અને પશુઓ. એક સમય એવો હતો કે જયારે પૂરો સમાજ ભોજન સંગ્રહકોથી બનેલો હતો.

સમય સાથે ખાદ્ય સંગ્રહણ ઓછું થતું ગયું, પરંતુ દુનિયાના કેટલાક સમુદાયોમાં લોકો આજે પણ શિકાર, ખાદ્ય સંગ્રહણ અને માછીમારી પર નિર્ભર છે. ખાદ્ય સંગ્રહણ કરનાર લોકો મુખ્યત્વે દક્ષિણ આફ્રિકાના કલાહારી રણમાં ઈબુટીના ભાગમાં ઈટ્ટુરી જંગલોમાં જોવા મળે છે.

### 15.3.2 ખાદ્ય ઉત્પાદન

એવું માનવામાં આવે છે લગભગ 10,000 વર્ષ પૂર્વ ખાદ્ય ઉત્પાદન પ્રારંભ થયું હતું. તે એક ક્રાતિકારી પરિવર્તન હતું. ઘણા સમૂહોએ ખેતી કરવાનું શરૂ કર્યું અને પશુઓને પાળવાનું શરૂ કર્યું અને ઘરેલૂ છોડવાઓને વાવવાનો પ્રારંભ કર્યો. આજ દુનિયાના ઘણા લોકો ભોજન માટે ઘરેલું છોડવાઓ અને પશુઓને પોતાના જીવનનું અંગ સમજવા લાગ્યાં છે. સમાજ શાસ્ત્રીઓ એ ત્રણ પ્રકારના ખાદ્ય ઉત્પાદન વ્યવસ્થાને તફાવત સમજાવ્યો છે: બાગાયતી ખેતી, ગહન ખેતી અને પશુચારણ.

#### 15.3.2.1 બાગાયતી ખેતી

- બાગાયતી ખેતી અર્થાત્ સામાન્ય ટેકનોલોજી અને બીજા ભૌતિક સાધનો દ્વારા તમામ પ્રકારના પાકની રોપણી કરવામાં આવે તે.
- ઉત્પાદનની આ વ્યવસ્થામાં જે પધ્ધતિઓ પહેલાંના સમયમાં કામમાં લેવામાં આવતી તેમાં ખોદવાની લાકડીઓ, કુહાડી, પાવડો વગેરેનો સમાવેશ થાય છે.
- હળ અને ટ્રેકટરનો બાગાયતી ખેતી સાથે કોઈ સંબંધ નથી.
- બાગાયતી ખેતીમાં જમીનની ઉત્પાદક તા વધારવા માટે પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો નથી અને ગહન ખેતીમાં જે રીતે થાય છે તેમ બનાવટી ઢંગથી બાગાયતી ખેતીની જમીનને ઉપયોગી બનાવવામાં નથી આવતી.

બાગાયતી ખેતીને આપણે બે ભાગોમાં વહેંચી શકીએ. એક ભાગ એ છે જયાં પેદા થનાર વૃક્ષો લાંબા હોય છે. બીજો ભાગ એ છે કે ખૂબ સામાન્ય હોય છે અને જેને ગહન ખેતી એક ભાગ

સમજવામાં આવે છે. તેમાં જમીનને થોડા સમય માટે તેને પડતર રાખી મૂકવામાં આવે છે. આ સમય દરમિયાન જંગલી વૃક્ષો ઉગે છે. જયારે આ પ્રકારના છોડવાઓ પર્યાપ્ત માત્રામાં ઉગી નીકળે છે. ત્યારે ખેતીવાડી ઘટાદાર બની જાય છે અને ખેડૂતો તેના પર વિવીધ પાકોની વાવણી કરે છે અને ત્યારબાદ ફરી તેને થોડા સમય માટે પડતર મૂકી રાખવામાં આવે છ. બ્રાઝીલ એમેઝોનના કાયપો, ઈકવેડોર, જિવારો, દક્ષિણ પેસેફિકના 'સેમોસન' અને ભારતના બેગા માલ પહોંચ્યાં. સ્થાનારીતિ કૃષિના મહત્વપૂર્ણ ઉદાહરણો છે.

### 15.3.2.2 ગહન કૃષિ

- ગહન કૃષિને સ્થાયી કૃષિના નામથી પણ ઓળખવામાં આવે છે.
- આ ખાદ્ય ઉત્પાદનની એવી વ્યવસ્થા છે જેમાં ખેતરોની નિયમિત રીતે વાવણી કરવામાં આવે છે.
- ખેડૂતી ભૂમિની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે જૈવિક ખાતરનો ઉપયોગ કરે છે. જેમ કે પશુનું છાણ વગેરે.
- ખેતરોની સિંચાઈ કરવામાં આવે છે. ચોમાસના વરસાદ સિવાય ખેડૂતો સિંચાઈ માટે નદી - નાળાનો પણ ઉપયોગ કરે છે.
- ગહન ખેતીમાં જટિલ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. તેમાં ખોદકામની લાકડીઓ અને પાવડાને બદલે હલનો ઉપયોગ કરવામાં આવે છે.
- ગહન કૃષિના વિકાસમાં યંત્રીકરણ આવી ગયું છે. ટ્રેકટરનો પ્રયોગ થાય છે અને જાનવરોની શક્તિનો બદલે યાંત્રિક શક્તિનો ઉપયોગ કરવામાં આવે છે.

ગહન કૃષિનું એક પરિણામ એ આવ્યું છે કે લોકો મોટા ભાગે ગામડાઓમાં વસવા લાગ્યા છે. બાગાયતી ખેતી ધરાવતા લોકો ગહન ખેતી ધરાવતા લોકોની સરખામણીએ નાના સમૂહોમાં રહેવા લાગ્યા છે. અને એ જ જગ્યાએથી સ્થાનાંતરિત થવા લાગ્યા છે.

### 15.3.2.3 પશુપાલન

- લોકો એ સમુદાય કે જાનવરો પાળે છે. તેને પશુપાલન છે.
- પશુચારણ શુષ્ક અને રણવિસ્તારમાં રહેવામાં એક પ્રભાવશાળી પધ્ધતિ છે.
- પશુપાલક પશુઓને માંસ, દૂધ, ઉન તથા ઈંધણાના માટે ઉછેરે છે.
- શિકારી અને ખાદ્ય સંગ્રાહકની જેમ પશુપાલન આત્મનિર્ભર નથી તેનું કારણ એ છે કે તે પોતાની ઉપજનો પશુપાલન ન કરનાર લોકો સાથે વિનિમય કરે છે.

આ રીતે આ પશુપાલકો પોતાના જીવિત રહેવાની વ્યવસ્થા કરે છે. પશુપાલક સામાન્ય રીતે પોતાના જાનવરોનેવેપારી વહેંચ છે અનેતે રીતે જાનવરો કત્લખાને પહોંચી જવાને ઉન માટે પણ આ પશુઓના વેપાર કરવામાં આવે છે. કેટલાક પશુપાલકો દૂધ વહેંચે છે. અથવા ઘી બનાવવા વહેંચે

છે. પરંતુ કેટલાક લોકો તેના પોતાને માટે પણ ઉપયોગ કરે છે. મધ્ય પૂર્વ ઈરાનના 'બસારી' સ્કેન્ડિવિયેલિપ્સ અને ભારતના 'રબારી' અને 'ગદ્દી' પશુપાલન સમુદાયના ઉદાહરણો છે.

નોંધ

### પાઠગત પ્રશ્નો-15.2

**ખાલી જગ્યાઓ પૂરો.**

1. એ સમાજ જે ધનનો પ્રયોગ નથી કરતો તેને .................. સમાજ કહે છે.
2. જે સમાજ પાસે ઘણા પ્રકારના કાર્યો અને વિશિષ્ટીકરણ હોય છે તેને ....... સમાજ કહેવામાં આવે છે.
3. પાવડાનો સંબંધ ...... કૃષિ/ખેતી સાથે છે.
4. પશુપાલન સામાન્ય રીતે ............ અને ............... માં જોવા મળે છે.
5. ભારતમાં 'બેગા' જનજાતિ ........... છે.

## 15.4 સરળ અને જટિલ સમાજોની અર્થવ્યવસ્થા : એક સરખામણી

ખાદ્ય ઉત્પાદન અને ખાદ્ય સંગ્રાહકોને ઉદ્દભવ વીકાસની પંરપરાના સંદર્ભમાં જોવામાં આવે છે. આર્થિક વ્યવસ્થાના ઉદ્દભવમાં પ્રથમ વ્યવસ્થા ખાદ્યસંગ્રહની છે ત્યારબાદ ખાદ્ય ઉત્પાદન અસ્તિત્વમાં આવ્યું છે. પરંતુ તેનો અર્થ એ નથી કે જ્યારે ખાદ્ય ઉત્પાદનની શરૂઆત થઈ ત્યાર પછી ખાદ્ય સંગ્રહની વ્યવસ્થા સંપૂર્ણ સમાપ્ત થઈ ગઈ. હકીકત તો એ છે જે ઘણા બધા વર્ષોથી આ બંને વ્યવસ્થાઓ સમાંતર ચાલી આવી છે. આજે પરિસ્થિતિ એ છે કે ખાદ્ય સંગ્રહ ધીમે - ધીમે ઓછો થઈ રહ્યો છે અને અમુક સમય બાદ સમાયી જશે. પરંતુ આજની દુનિયામાં પણ શિકારી અને ખાદ્ય સંગ્રાહક સમાજ પંરપરાઓ ઔદ્યોગિક સમાજ સાથે ચાલી રહી છે. આ સંદર્ભમાં આપણે ઓસ્ટ્રેલિયાના એક આદિવાસી સમૂહનો ઉલ્લેખ કરી શકીએ. આ સમૂહના ઘણા બધા લોકો આજે પણ શિકારી અને ખાદ્ય સંગ્રાહક છે તો બીજી બાજુ તેઓ વિકસિત ઓસ્ટ્રેલિયન સમાજ સાથે પણ રહે છે.

સરળ સમાજમાં અર્થવ્યવસ્થાની પ્રકૃતિ જીવન - ઉપાર્જનની છે. એનો એ થયો કે આવા સમાજ સમૂહોમાં ઉત્પાદન ઉપભોગ માટે જ થાય છે. પરંપરાગત અને સરળ સમાજ શબ્દો સમૂહોમાં પરિવાર ઉત્પાદન અને ઉપભોગનું એકમ છે. પરિવારના લોકો સાથે મળીને ખેતી કરે છે અને પોતાની જરૂરિયાતો સંતોષે છે. આનાથી વિપરીત સંકુલ સમાજ સમૂહોમાં ઉત્પાદન બજાર માટે થાય છે. લોકો બજાર પર એટલા માટે નિર્ભર હોય છે કે તેમની જરૂરિયાતોની પૂર્તિ બજાર દ્વારા થાય છે. આવા સમાજ સમૂહોમાં પરિવાર માત્ર ઉપભોગનું જ એકમ છે.

## 15.4.1 વિનિમય વ્યવસ્થાઓ

માનવ સમાજમાં વિનિમયના ત્રણ પ્રકારો જોવાં મળે છે. (1) આદાન - પ્રદાન (2) પુનં વિંતરણ (3) જે વિનિમય વ્યક્તિઓ વચ્ચે થાય છે કે જેમની સામાજિક સ્થિતિ સમાન હોય છે. તેને પારસ્પરિક વિનિમય કહે છે. આ વિનિમયમાં 'અ - વ્યક્તિ', 'બ - વ્યક્તિને' જેટલું આપે છે. તેટલું જ 'બ' વ્યક્તિ 'અ' ને આપે છે.

વિનિમયનો બીજો સિધ્ધાંત પુનં વિંતરણનો છે. જેમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ બીજા વ્યક્તિને ભેટ સ્વરૂપે છે. કંઈ આપે છે એના બદલામાં ભેટ લેનાર પણ અન્ય ભેટ તેને આપે છે. આવા પ્રકારનો વિનિમય નેતાઓ અને તેમના સહયોગી વચ્ચે જોવા મળે છે. પુનર્વિતરણ વીનિમય, વિભિન્ન સમાજ સમૂહોમાં વિભિન્ન પ્રકારનો હોય છે. પારસ્પરિક વિનિમય પધ્ધતિમાં લોકોનું સામાજિક સ્તર એક સરખું હોય છે. જયારે પુર્ન વીતરણ વિનિમય પધ્ધતિમાં તેમનું સ્તર સમાન નથી હોતું.

## 15.4.2 બજાર

વિનિમયનો ત્રીજો સિધ્ધાંત બજાર છે. બજારના બે પાસંઓ છે પ્રથમ તો બજાર એક ભૌતિક ખ્યાલ - જગ્યા છે. જયાં એકત્રિત થઈ લોકો વસ્તુઓ ખરીદે છે અને વેચે છે. બીજું બજારમાં માંગ અને પુરવઠો વસ્તુઓનું મૂલ્ય અને સેવાઓ ઉપલબ્ધ કરાવે છે. આ સિધ્ધાંતોને બજાર સિધ્ધાંત કહે છે.

## 15.4.3 સરળ અને જટિલ સમાજ સમૂહોમાં બજાર

બજાર સ્થિતિને આધારે સરળ સમાજ સમૂહોને બે વિભાગોમાં વહેંચવામાં આવે છે. પહેલાં એ કે જયાં બજારની જગ્યાની કોઈ સંકલ્પના હોતી નથી કે જેને આપણે બજાર વિહીન સમાજ કહીએ છીએ. શિકારી અને ખાદ્ય સંગ્રાહક લોકો આ વિભાગમાં આવે છે. બીજો વિભાગ એવો કે જે સમાજમાં બજાર માટે ચોકકસ જગ્યાઓ હોય છે. પરંતુ તેમનો પણ બજારનો સિધ્ધાંત નથી હોતો. જટિલ સમાજ સમૂહોમાં બજારનો સિધ્ધાંત જોવા મળે છે. એટલા માટે જ જયારે સમાજશાસ્ત્રીઓ આદિવાસી તથા કૃષિ પ્રધાન સમાજ સમૂહોની ચર્ચા કરે છે ત્યારે હકીકતમાં તો તેઓ બજાર સ્થાનની ચર્ચા કરે છે.સિધ્ધાંતની નહી.

જટિલ સમાજ પોતાને જરૂરી દરેક વસ્તુ માટે બજાર પર આધાર રાખે છે. એટલે જો બજારનો અંતર આવી જાય તો સમાજનો પણ અંત આવી જાય છે. આવું એટલા માટે થઈ શકે છે. કારણ કે બજારમાં માંગ અને પુરવઠાની શક્યતાઓ નક્કી થાય છે. જટિલ સમાજમાં પરિવાર ઉત્પાદક એકમ નથી એટલે પોતાની જરૂરિયાત સંતોષવા બજાર પર નિર્ભર હોય છે.



નોંધ

સરળ સમાજ સમૂહોમાં કે જયાં બજારનું સ્થાન હોય છે લોકો પોતાનું જીવન ઉપાર્જન બજાર પર નિર્ભર રાખતા નથી. એ લોકો એ બધી વસ્તુઓનું ઉત્પાદન કરે છે. જો કોઈ વસ્તુ તેઓ પેદા કરી શકતા નથી તો તેને પુર્નવિતરણ દ્વારા પ્રાપ્ત કરે છે.

તદ્ ઉપરાંત સરળ સમાજ સમૂહોમાં બજાર એ કોઈ શુધ્ધ આર્થિક સંસ્થા નથી. બજાર આવા સમાજનું નિયમન લક્ષણ નથી. આ સમાજ તો કર્મકાંડ અને તેહવારો પરસ્પર સંબંધને આધારે ટકેલા હોય છે. બજારનું એક અઠવાડિયું અથવા પખવાડિયું જ હોય છે. આવા બજારમાં આવનારા લોકો ખરીદનાર અન વેહંચનાર બંને સાથો સાથ પોતાના સગા - સંબંધીઓને મળવાનો અવસર પણ મળે છે. સરળ સમાજ સમૂહોમાં આ પ્રકારના બહુ સામાન્ય રીતે મેળાનું સ્વરૂપ ધારણ કરે છે. કારણ કે મેળો લોકોની ભીડ એકત્રિત કરે છે.કેટલીક મહત્વપૂર્ણ રાજકીય જાહેરાતો પણ આવા બજારોમાં થતી હોય છે. વળી બજારોમાં બજારનો દિવસ અદાલતનો દિવસ પણ હોય તો કયારેક લગ્ન પણ નક્કી થતા હોય છે. આમ, સરળ સમાજ સમૂહોમાં બજાર માત્ર આર્થિક એકમ ન રહેતા સામાજીક અને સાંસ્કૃતિક એકમ પણ બને છે.

### 15.4.4 વસ્તુ વિનિમય

વસ્તુ વિનિમય વ્યવસ્થા સરળ સમાજ સમૂહોમાં જોવા મળે છે. આ વ્યવસ્થામાં પૈસાને બદલે વસ્તુ સામે વસ્તુ જ આપવામાં આવે છે. જે - તે સમાજ નક્કી કરે છે કે કઈ વસ્તુ સામે વસ્તુ મળશે. આ પધ્ધતિમાં વસ્તુનું કોઈ ચોકકસ માપદંડ નથી જોવા મળતું. સમાજશાસ્ત્રીઓની ભાષામાં આ વ્યવસ્થા 'ઉદેશ્ય ધન' નથી હોતું. 'ઉદેશ્ય ધન' એટલે કે વસ્તુ વેચાણ બદલામાં મળતું ધન જેમ કે લગ્ન માટે કન્યાની પ્રાપ્તિ માટે મૂલ્ય રૂપે પશુધન આપવામાં આવે છે. પરંતુ ખોરાક અથવા બે વ્યકિતઓ વચ્ચે થતાં ઝઘડાઓ ઉકેલવા માટે કેટલાક ખાસ લોકો હોય છે. ન્યુએરમાં લોકોમાં ધાર્મિક વડા હોય છે. તે ઝઘડાઓ તથા વ્યવહારના નિયમોના ઉલ્લંઘન દ્વારા થતી અરાજકતાનો ઉકેલ આપે છે. આનો અર્થ એ થયો કે, રાજય ન હોવા છતાં પણ સરળ સમાજ સમૂહો કોઈને કોઈ અનોપચારિક સંસ્થા દ્વારા સમાજનું નિયમન કરે છે.

## 15.5 આર્થિક વિકાસ

અર્થવ્યવસ્થામાં પ્રગતિશીલ પરિવર્તનને આર્થિક વિકાસ કહે છે વિકાસનો મતલબ માત્ર હકારાત્મક જ થાય એવું જરૂરી નથી. અહીં વીકાસનું માપદંડ બજાર છે. બીજા શબ્દોમાં કહીએ તો બાહ્ય સંસ્થાઓ સમાજમાં વકાસની યોજનઓ લાવે છે.

વીસમી સદીના મધ્યમાં વિકાસનો ખ્યાલ પ્રચલિત થયોફ શાસ્ત્રીઓ અને સામાજિક માનવશાસ્ત્રીઓ આદિવાસી કૃષિ પ્રધાન સમાજ નબળા થઈ રહ્યા છે. એ બાબતને લઈને ચિંતિત હતા. એમની

કથળતી પરિસ્થિતિનું કારણ બહારની દુનિયા સાથે એમનો સંપર્ક હતો આ બહારના સમાજનું શોષણ કરી અને તેમના સ્રોતોનો લગભગ નાશ જ કરી નાંખ્યું ત્યારે એવું માનવામાં આવ્યું કે જો આ લોકોને બચાવવામાં નહી આવે તો એ સમાપ્ત થઈ જશે. આ વૈચારિક પ્રક્રિયાએ વિકાસની પ્રક્રિયાનો માર્ગ બનશે.

### પાઠગત પ્રશ્નો-15.3

1. ખાદ્ય સંગ્રહણ ખાદ્ય ઉત્પાદન કરતાં આવ્યું.
2. જટિલ સમાજમાં પરિવાર ઉત્પાદન એકમ છે.
3. પારસ્પરિક વિનિમય સમાન સામાજિક પરિસ્થિતિ ધરાવતા બે વ્યક્તિઓ વચ્ચે થાય છે.
4. બજાર બધે જ જોવા મળે છે.
5. પૈસાના અભાવમાં વસ્તુ વિનિમય થાય છે.
6. સરળ સમાજ સમૂહોમાં બજાર પાસે આર્થિક સત્તાઓ છે.
7. વિકાસનો અર્થ આર્થિક વિકાસ છે.
8. વિકાસ કાર્યકર્મોમાં સામાજિક ભાગીદારી ન થવી જોઈએ.

## 15.6 રાજકીય વ્યવસ્થા

રાજકીય વ્યવસ્થા સમાજમાં વ્યક્તિની ભૂમિકા નક્કી કરે છે. આ ભૂમિકા કાયદા - કાનૂન જાળવી રાખવા માટે હોય તથા સમાજની અન્ય પ્રક્રિયાઓ નિયંત્રિત કરવા માટે હોય છે. રાજકીય વ્યવસ્થાનું એક પાસું કાયદો વ્યવસ્થા જાળવી રાખવાનું છે. અને સરળ સમાજમાં તેનું આગવું મહત્વ છે. જટિલ સમાજમા રાજકીય વ્યવસ્થાનું બીજા સામાજિક અને આર્થિક વિકાસના સ્રોતમાં વિતરણ કરે છે.

રાજકીય વ્યવસ્થાનું એક મહત્વપૂર્ણ અંગ રાજ્ય છે. અહીં એક બાબત યાદ રાખવી જોઈએ કે કેટલાક સામાજિક સમૂહોમાં રાજ્ય નામની કોઈ સંસ્થા હોતી જ નથી. ખાસ કરીને શિકાર અને ખાદ્ય સંગ્રાહક સમાજ સમૂહોમાં કોઈ કેન્દ્ર નથી હોતું. આવા સમાજમાં કોઈ કેન્દ્રિત સરકાર કે કાયદા વ્યવસ્થા નથી હોતી. એવું પણ નથી કે વિભાજનના નામ પર સમાજમાં ઉચ્ચ નીચના વર્ગ જટિલ સમાજની જેમ કેટલાક ખાસ લોકો પાસે વિશેષાધિકાર હોય તેવું નથી હોતું. ઉદાહરણ તરીકે ઓસ્ટ્રેલિયાના નિવાસી ઈ યાકો, નાઈજિરીયાના ઈ બો, આફ્રિકાના મસાઈ અને નાંદી, સુદાનના ન્યુએર તથા આફ્રિકાના ઝૂલુ રાજયહીન, સમાજ સમૂહોના ઉદાહરણો રાજકીય વ્યવસ્થા ન હોય તેનો અર્થ એ નથી કે એવા સમાજ વ્યવસ્થિત નથી હોતા.કેટલીક સામાજિક અરાજકતા હોય છે. પરંતુ આવા સમાજમાં કેટલીક એવી સંસ્થાઓ હોય છે કે જે સમાજને નિયંત્રિત રાખે છે. ઉદાહરણ આર્થિક વિકાસનો મૂળભૂત હેતૂ ભૂખ અને અભાવ ઓછું કરવાનો છે. એવો પ્રયત્ન થવો જોઈએ કે જેનાથી લોકો આત્મનિર્ભર થાય અને બહારની કોઈ પણ મદદ વગર પોતાની





મૂળભૂત જરૂરિયાતોને સંતોષી શકે. આ હેતુ પ્રાપ્ત કરવા માટે સામાજીક ભાગીદારી ઉભી કરવી ખૂબ જ જરૂરી છે. વિકાસ પ્રક્રિયા સાથે જોડાયેલા લોકોએ બે બાબતો જાણવી જોઈએ.

આવા લોકોની જરૂરિયાતોને સમજીશું નહિ તો વિકાસના કાર્યક્રમો અપ્રસ્તુત બની જશે.

કપડાં લેવા માટે આપણે પશુધન આપતા નથી. અહીં એટલું સ્પષ્ટ થાય છે કે સરળ સમાજ સમૂહ વ્યવસ્થાની દૃષ્ટિએ પણ સરળ હોય છે. જેમાં વિનિમય પૈસા કેન્દ્રિત રહેતા વસ્તુકેન્દ્રિત હોય છે. તેથી જ બજાર બહુ આયામી હોય છે. જટિલ સમાજ વ્યવસ્થાની દૃષ્ટિએ ખુબ જ કૃત્રિમ હોય છે કે જયાં પૈસાનું ચલણ ખૂબ જ વધારે હોય છે. બજાર સંપૂણ પણે પૈસા પર નિર્ભર હોય છે. આવા પૈસાનું મૂલ્ય સામાજિક મૂલ્ય કરતાં વધારે હોય છે.

## 15.7 શક્તિ અને સત્તા

શક્તિ સતાથી જુદી હોય છે. સામાજિક સ્વીકૃતીના સંદર્ભમાં બંનેના ખ્યાલો અલગ પડે છે. સમાજશાસ્ત્રીઓ સ્વીકૃતિનો અર્થ ન્યાય ક્ષમતા કરે છે. એટલે કે સમાજના કોઈ સભ્યને અમુક સ્થિતિમાં પોતાની શક્તિનો ઉપયોગ કરે છે. પરંતુ પોલિસ દ્વારા જે શક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. તે સામાજિક રીત માન્ય હોય છે. રાજયે પોલીસને માન્ય હિંસા પ્રયોગ કરવાની ખાસ સત્તા આપેલી હોય છે. જયારે શક્તિને રાજકીય માન્યતા મળે છે ત્યારે તે સત્તા બને છે. શક્તિના મૂળભૂત ખ્યાલ દ્વારા આપણે જાણી શકતા નથી કે તે સ્વીકૃત છે કે અસ્વીકૃત, જયારે સત્તાનો ખ્યાલ એ હંમેશા સ્વીકૃતિ પર હોય છે.

## 15.8 સત્તાના પ્રકારો

આપણે સત્તાને ત્રણ પ્રકારોમાં વહેંચી શકીએ : (1) પંરપરાગત સત્તા (2) કરિશ્માયુક્ત સતા અને (3) કાયદાકીય સત્તા.

આ ત્રણ પ્રકારની સત્તાઓ રાજકીય સ્વીકૃતિના આધારે એકબીજાથી અલગ તરી આવે છે. જયારે સ્વીકૃતિ પંરપરા અને રીતરિવાજો દ્વારા મળે છે. ત્યારે તેને પરંપરાગત સત્તા કહે છે. ઉદાહરણ તરીકે પિતાના મૃત્યુ બાદ તેનો પુત્ર જ રાજા બને છે. કાયદાકીય સત્તામાં ઔપચારિક રીતે દરેક વ્યકિત એકસરખી રાજકીય સત્તા જોવા મળે છે. નિયમોના આ નક્કી થયેલ સત્તા માટે વ્યકિતઓએ એકબીજા સાથે સ્પર્ધામાં ઉતરવું પડે છે. તદ્દઉપરાંત આવી વ્યવસ્થામાં ગુણ, લાયકાત વગેરે પણ મહત્વનો ભાગ ભજવે છે. પરંપરાગત સત્તા વ્યવસ્થાને જેવી હો તેવી જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. જયારે કાયદાકીય વ્યવસ્થા કોઈને કોઈ વ્યવસ્થાકીય પરિબળ જ પોતાના આદર્શ માને છે. તેથી જ એવું સમજાય છે કે શા માટે સરળ સમાજ સમૂહો વધારે રૂઢિચુસ્ત હોય છે અને પ્રગતિશીલ સમાજ સમૂહો વધારે પ્રગતિશીલ અને પરિવર્તનમાં હોય છે.

ત્રીજા પ્રકારની સત્તાને કરશિમાયુક્ત સત્તા કહે છે. જયારે પ્રચલીત વ્યવસ્થાઓમાં સંકટ ઊભો થાય છે ત્યારે આ પ્રકારની વ્યવસ્થાનો જન્મ થાય છે. જયારે સમાજમાં કોઈ મોટી આપત્તિ આવે

નોંધ

છે. ત્યારે લોકો એવું ઈચ્છે છે કે કોઈ એવો વ્યક્તિ જેની પાસે અમુક અર્થમાં સંપ્રદાય પણ પંથ જેમ જ હોય છે. કારણ કે બંને કોઈ વ્યકિતઓના નેતૃત્વને કારણે જ બનેલા હોય છે. પરંતુ પંથની સરખામણીમાં સંપ્રદયા સંગઠનની પકડ નબળી હોય છે. પંથ વ્યકિતના અનુભવ પર વધારે નિર્ભર હોય છે. એક વાત એવી પણ છે કે પંથના સંસ્થાપક જ્યારે મૃત્યુ પામે છે ત્યારે પંથીની નિરંતરતા જોખમમાં પડી શકે છે. પંથનું સૌથી ઉત્તમ ઉદાહરણ ઓશોમાં વિશ્વાસ કરનાર લોકો છે.

### પાઠગત પ્રશ્નો-15.4

જોડકાં જોડો. :

| (અ) | (બ) |
|---|---|
| અ. રાજકીય વ્યવસ્થા નથી | 1. આ વ્યવસ્થામાં સરકાર કે કાયદાની વ્યવસ્થા હોતી. |
| બ. રાજ્યહીન સમાજ | 2. કાયદા - કાનૂન વ્યવસ્થાને જાળવી રાખે છે તથા સામાજિક પ્રવૃત્તિઓની દેખરેખ રાખે છે. |
| ક. કરિશ્માયુક્ત | 3. લોકો સહજ ન હોય તેવા અસાધારણ લક્ષણોને જુએ છે. |

## 15.9 ધર્મની વિભાવના

પહેલા આપણે એવું કહ્યું કે દુનિયામાં એક પણ એવો સમાજ નથી કે જેના ધર્મનો કોઈને કોઈ સ્વરૂપ નથી. રાજકીય નેતાઓએ હંમેશા એવો સમાજ બનાવવાનો પ્રયત્ન કરવા કર્યો છે કે જેમાં ધર્મ ન હોય, પરંતુ આ બધા જ પ્રયત્નો નિષ્ફળ રહ્યા છે. દુનિયાના દરેક સમાજ સમૂહોમાં ધર્મોએ પોતાની નિરંતરતા જાળવી રાખી છે. ધર્મ એ માત્ર સાર્વભૌમિક જ નથી. પરંતુ આધુનિક સમાજે પણ તેને એક અતિ મહત્વની શક્તિ તરીકે સ્વીકાર્યો છે.

ધર્મ એટલે એક અથવા એકથી વધારે આધ્યાત્મિક શક્તિ પર વિશ્વાસ. આ વિશ્વાસની સાથો - સાથ કર્મકાડનું પણ એ મહત્વ છે 19 મી સદીના અંત સુધીમાં ધર્મની એક એવી ઉપસી કે ધર્મ એટલે વિશ્વાસ અને વ્યવહારોનો સમૂહ આ વિશ્વાસ અને વ્યવહારો ને જોડતી કડી કઈ છે તે હાલમાં ચર્ચાનો વિષય છે.

ધર્મથી અત્યંત પ્રભાવશાળી વ્યાખ્યા એવી છે કે ધર્મ એટલે લોકો જેને પવિત્ર માને છે તેવો વિચાર આવતા અથવા વસ્તુઓ પર વિશ્વાસ અને તેને અનુરૂપ વ્યવહાર. પવિત્ર વસ્તુઓ એવી વસ્તુઓ કે જે સામાન્ય અને નિષેધયુક્ત વસ્તુઓ આ ખ્યાલ જાણીતા સમાજશાસ્ત્રી ઈમાઈલ દુર્ખિમ નું છે. પવિત્રની વિચાર સાર્વભૌમિક હોય છે. બૌધ્ધ, જૈન અને કન્ફ્યુસિયસ વગેરે એવા ધર્મો છે. કે જેમાં



નોંધ

ઈશ્વરનો ખ્યાલ જ નથી પરંતુ તેમાં પવિત્ર નિશ્ચિત ખ્યાલો છે દા.ત. બૌધ્ધ ધર્મમાં ચાર મહાન દર્શાવવામાં આવ્યા છે. (1) જગત દુઃખોથી ભરેલું છે. (2) દુઃખનું મુખ્ય કારણ માણસની ઈચ્છાઓ છે. (3) માણસે ઈચ્છાહીન અવસ્થા પ્રાપ્ત કરવી જોઈએ. (4) માણસે મોક્ષની દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. આ ચરિય સત્યોને બૌધ્ધ ધર્મના પવિત્ર ગણવામાં આવે છે ચમત્કારિક સમજ - શક્તિ - સૂઝ હોય તે આવે અને તેમની સમસ્યાનો ઉકેલ આપે છે. આવો માણસ વિશિષ્ટ વ્યકિતત્વ વાળો હોય છે. તેની પાસે સામાન્ય લોકોમાં હોય છે. તેના કરતાં અલગ અને વિશેષ ચમત્કારીક શક્તિ હોય છે. જયારે આવો કોઈ માણસ સત્તા પર આવે છે. ત્યારે તેને કરિશમાયુકત સત્તાનું જ ઉત્તમ ઉદાહરણ છે. તેથી અહીં આપણે કરિશ્માયુક્ત નેતા અને કરિશ્માયુક્ત સત્તા વચ્ચે ભેદ પાડયો ઘટે કારણ કે એવું શકય છે કે કરિશ્માયુક્ત નેતા કટોકટી જે આપત્તિનો ઉકેલ કરે પણ ત્યારબાદ રાજકીય વ્યવસ્થાની બહાર રહેવાનું નક્કી કરે.

## 15.10 ધર્મના પ્રકાર

આપણે જેમ અગાઉ જોયું કે તમે ધર્મનું સ્વરૂપ સાર્વભૌમિક છે. દરેક સમાજમાં ધર્મની માન્યતાઓ અને વ્યવહારો અલગ અલગ હોય છે. સરળ સમાજ સમૂહોમાં 'શામનને ' એક મહત્વની દૈવી શક્તિ માનવામાં આવે છે. આ શબ્દ મૂળ ઉત્તર અમેરિકન ઈન્ડીયન્સ પાસેથી મળે છે. 'શામન ' એટલે એવો વ્યકિત કે જેની પાસે દૈવી શક્તિ છે. દૈવી શક્તિના પ્રભાવ દરમિયાન તે સમાજમાં ભવિષ્યમાં બનનારી ઘટનાઓની ભવિષ્યવાણી કરે છે. (જેમ કે વરસાદ, દુષ્કાળ, રોગચાળો, પૂર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, કૃદરતી આપત્તિ વગેરે ) તે લોકોના પ્રશ્નોના જવાબ પણ આવે છે. (બિમારીને લગતાં તથા સંતાન પ્રાપ્તિને લગતાં પ્રશ્નો) અને દુર્ભાગ્યિથી બચવા માટેના રસ્તાઓ ચીંધે છે.

સરળ સમાજમાં બે પ્રકારના ધર્મો જોવા મળે છે. (1) આત્મવાદ (2) ટોટઝવાદ.

- આત્મવાદ આત્મના અસ્તિતવ પર વિશ્વાસ આધારિત હોય છે.
- આત્માની શક્તિ દિવ્ય છે કે જે શરીરના કોઈ પણ અંગમાં દ્વારા પ્રવેશી શકે છે.
- લોકો એવું માને છે કે પ્રાણીઓ અને તેના પૂર્વજોની આત્માઓ આ જગત પર વાસ કરે છે.

તદઉપરાંત કેટલાક સરળ સમાજ સમૂહો એવી દૈવીમાં વિશ્વાસ ધરાવે છે કે જેનો પોતાના કાયદા કાનૂન છે. માણસના ભાગ્યને અનેક રીતે અસર કરે છે. પાર્લેનેશિયા વાસીઓ આવી શક્તિઓને 'માન કહે છે. ઝારખંડની 'હો' જનજાતિ આ શક્તિને 'બોંગા' છે કેટલાક સરળ સમાજ સમૂહોમાં ધાર્મિક વિશ્વાસ ખૂબ જ જટિલ હોય છે. પરંતુ તેઓમાં એક જ ઈશ્વરમાં માન્યતા નથી હોતી. એનો અર્થ એ થયો કે આ લોકો એકેશ્વરવાદી ને યહુદી ધર્મ, ખિસ્તી ધર્મ, ઈસ્લામ અને શીખ ધર્મ વગેરે

એકેશ્વર ધર્મો છે. આ ધર્મો પૂર્વ એશિયામાંથી ઉદ્દભવ્યા છે તથા પરસ્પર અસર કરનારા છે. ચારમાંથી યહુદી ધર્મ સૌથી જૂનો એટલે ઈ.સ. પૂર્વે 1000 પહેલાંનો માનવામાં આવે છે.ખ્રિસ્તી ધર્મમાં ખરેખર તો એક સ્વતંત્ર ધર્મ પહેલા યહુદી ધર્મનો સંપ્રદાય હોય છે. આજે વિશ્વભરમાં સૌથી વધારે લોકો ખ્રિસ્તી ધર્મમાં માનનારા ઈસ્લામ દુનિયામાં બીજા ક્રમે છે.

તેના અનુયાયીઓ મોટાભાગે ઉત્તર પૂર્વ - આફ્રિકા, મધ્ય - એશિયા, દક્ષિણ એશિયા અને ભારતમાં જોવા મળે છે.

સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે આપણે ધર્મના બંને પાસાંઓ જોવા જોઈએ. - ધર્મની સમજૂતી આપવાનું કાર્ય, મુશ્કેલીના સમયમાં મનોવૈજ્ઞાનિક બળ પુરું પાડવાનું કાર્ય, સામાજિક વ્યવસ્થા જાળવી રાખવાનું કાર્ય અને લોકોમાં નફરત પેદા કરવા માટે થતો ધર્મનો દુરઉપયોગ.

દુનિયાના મહાન ધર્મોમાં હિન્દુ ધર્મ સૌથી જૂનો છે. તેની માન્યતાઓ અને સિધ્ધાંતો છ હજાર વર્ષ કરતા પણ વધારે જુના છે. હિન્દુ ધર્મ એકેશ્વરવાદી અને બહુઈશ્વરવાદી બને છે. એક તરફ એકતામાં માન્યતા તો બીજી તરફ દેવ - દેવીઓનું વૈવિધ્ય અનેરુ છે. તેના વિવિધ સ્વરૂપોમાં પ્રાણીઓ, છોડ, વૃક્ષો, માણસો, નિર્જીવ તથા દંતકથાની વસ્તુઓનો સમાવેશ થાય છે.

પૂર્વના ધર્મોને 'નૈતિક ધર્મો'' તરીકે ઓળખવામાં આવે છે. આ ધર્મોમાં ''બૌધ્ધ ધર્મ,કન્ફયુસિયસ ધર્મ, તાઓ ધર્મનો સમાવેશ થાય છે. જેમાં એક અથવા અનેક ઈશ્વરનો ખ્યાલ જ નથી. આ ધર્મોમાં કેટલાક નૈતિક સિધ્ધાંતોને માનવામાં આવે છે. ભારતની ભૂમિમાંથી ઉદ્ભવેલા અને મોટા ભાગે ભારતમાં જોવા મળતા ધર્મોમાં જૈન ધર્મ અને શીખ ધર્મનો સમાવેશ થાય છે.

## 15.11 ધાર્મિક સંગઠનોના પ્રકારો

પ્રત્યેક ધર્મના અનુયાયીઓનો સમૂહ હોય છે. આ સમૂહોની ભાગીદારીથી સંગઠન બને છે. આ સંગઠન ચર્ચ અથવા પંથ કહેવાય છે. આવા સમૂહો માટે ચર્ચ એ ખૂબ જ મહત્વનું અને સુસ્થાપિત ધાર્મિક સંગઠન છે. ચર્ચ સંગઠનનો પરંપરાગત સમાજ સમૂહોમાં જોવા મળતી સત્તાને પરંપરાગત સત્તા કહે છે. દા.ત. સરળ સમાજ સમૂહોની સત્તા. જટિલ સમાજમાં કાયદાકીય સત્તાનું સ્વરૂપ જોવા મળે છે. એવું શક્ય છે કે કોઈ સમાજમાં સત્તાના વિભિન્ન પ્રકારો એક સાથે જોવા મળે છે. દા.ત. કોઈ સમાજમાં વંશપરંપરા પર આધારિત રાજા હોય છે. જેને આપણે પરંપરાગત સત્તા કહી શકીએ અને એ જ સમસ્યા ચુંટેલા મુખ્યમંત્રી હોય તો તેને કાયદાકીય સત્તા કહી શકાય છે.

19 મી સદીમાં સૌથી વધારે પ્રચલિત ધર્મનો ઉદ્દભવનો સિધ્ધાંત તેના આધારે એમ મનવાય છે કે માણસે પ્રાકૃતિક તત્વોની પૂજા શરૂ કરી હશે જેમ કે સૂર્ય, ચંદ્ર, તારાઓ, મેઘધનુષ્ય વગેરે આજે ધર્મ વ્યક્તિને પોતે કરી રહેલા કાર્યની સમજૂતી આપવાનું કાર્ય કરે છે. ધર્મ ઘણા બધા 'શા માટે' પ્રશ્નોને તૈયાર જવાબ આપે છે. આ પ્રશ્નોના જવાબ ઘણી બધી વખત વિજ્ઞાન આપી શકતું

નથી. ધર્મ એ સાર્વભૌમિક એવું એટલા માટે કહી શકાય કારણ કે તે વ્યકિતના જીવીત જીવનના પ્રશ્નોના જવાબ આપે છે. પછી ભલે તે આકસ્મિક હોય કે અણધાર્યા હોય.

પણ તેથી આપણે એવું તારણ ન કાઢવું જોઈએ કે દરેક સમયે દરેક સમાજમાં ધર્મ પવિત્ર કાર્ય કરતાં હોય છે. તેથી ઉલટું મોટા ભાગે રાજકીય દાવપેચ ધર્મના ઉપયોગની સંભાવના ખૂબ જ વધારે છે. ઘણા બધા સમુદાયો વિધર્મી સમુદાયોને દબાવી રહ્યા છે અને બંને વચ્ચે નફરત વધી રહી છે. રાજકીય પક્ષ ધર્મને પોતાનાં મત ટેકો માટે ઉપયોગ કરે છે. ધર્મના આવા ઉપયોગને લીધે ધર્મ વધારે મજબૂત અને સંગઠિત થયો છે.

આ બધા સિધ્ધાંતો માત્ર અનુમાનો છે તેથી જ તેઓ અસ્વીકૃત બન્યા. વીસમી સદીની શરૂઆતમાં ધર્મનો ઉદ્દભવ કરતા ધર્મના કાર્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ધર્મ લોકોને નૈતિક સમૂહમાં જોડે છે. તે સમાજને બાંધી રાખે છે. ધર્મથી લોકોમાં આપણા પણાંની ઐકયની અને સંગઠનની લાગણી જન્મે છે. ત્યારબાદ સમાજશાસ્ત્રીઓએ એવું પણ જણાવ્યું કે ધર્મ સામાજીક નિયમન માટે ખૂબ જ જરૂરી ઘટક છે. ધર્મ સમાજની રૂપરેખા છે. દા.ત. હિન્દુ ધર્મની શાંતિ વ્યવસ્થા.

સમાજશાસ્ત્રીઓ એવું પણ માને છે કે આ સિધ્ધાંત એક ધર્મ ધરાવતા સમાજમાં જ લાગુ પડે છે. બે અથવા વધારે ધર્મો ધરાવતા સમાજમાં આ સિધ્ધાંત લાગુ પડતો નથી. આવા સમાજ સમૂહોમાં ધર્મ સંઘર્ષ પેદા કરે છે. એટલે ધર્મ દુષ્કાર્ય કરે છે. તેની વચ્ચે સેતું બાંધવાનું કામ કરે છે.

આવા વિરોધ સમૂહો સામાન્ય રીતે કોઈ સ્થાપક કે તીને માન ચાલનાર હોય છે. પંથ એટલે જે પ્રતિબધ્ધ અનુયાયીઓનો નાનકડો સમૂહ. ભારતમાં આર્યસમાજ આ પ્રકારના પંથ ઉદાહરણ છે. ખ્રિસ્તી ધર્મના સંદર્ભમાં કેલ્વિનિસ્ટ્સ અને મથોડિસ્ટ પંથના ઉદાહરણો છે.

પરંતુ સમયાંતરે આવા પંથો પોતાની વિરુધ્ધ વિચારાધાર ઓગાળી નાંખે છે અને સમાજમાં તેનો ઉદ્દભવ થયો હોય છે. તેને સ્વીકારી લે છે. કારણ કે વિરોધ કરનારે પંથનુ અસ્તિત્વ ટકાવવા પ્રયત્ન કરવો પડતો હોય છે. અને એવું પણ થઈ શકે છે. પંથના સભ્યોની સંખ્યા ઘટવા લાગે છે. એકબીજા પ્રકારનું પણ ધાર્મિક સંગઠન હોય છે. જેને સંપ્રદાય કહે છે.

શીખ ધર્મનો ઉદ્દભવ ભારતમાં થયો છે. હિન્દુ સમાજના પુરોહિત વર્ગમાં વ્યાપિત અંધશ્રધ્ધા વિરોધરૂપે તે ઉદ્ભવ્યો લગભગ 500 વર્ષ પહેલાં ગુરુનાનક સિંઘ દ્વારા શીખ ધર્મ શરૂ કરવામાં આવ્યો અને દસમા ગુરુ ગોવિંદસિંઘ દ્વારા તેને અંતિમ ઓપ આપવામાં આવ્યો.

## 15.12 ધમનો ઉદ્દભવ અને કાર્યો

19 મી સદીમાં ધર્મના ઉદ્દભવને લગતાં કેટલાક સિધ્ધાંતોને સામે આવ્યા ત્યારે જ સિધ્ધાંતો ખૂબ જ પ્રચલીત હતા. તેનું આજે કોઈ મૂલ્ય નથી. સમાજશાસ્ત્રીઓ પણ ધર્મના ઉદ્દભવની ચિંતામાં પડતા નથી. તેમની વિચારવાની દષ્ટિ જ બદલાઈ ગઈ છે. તેઓ ધર્મના કાર્ય અંગે વધારે ચર્ચા કરે છે. ખાસ કરીને આધુનીક સમયમાં ધર્મનું કાર્ય જેવું છે તે જાણવાનો પ્રયત્ન કરે છે.

ઉદ્દભવ વિકાસવાદીઓ પરસ્પર સંકળાયેલા બે મુદ્દાઓની ચર્ચા કરે છે. પ્રથમ એ કે શરૂઆતમાં ધર્મનું સ્વરૂપ અને પ્રકાર કેવું હતું અને બીજું એ કે ધર્મના ઉદ્દભવ કેવી રીતે થયો અને સમયાંતરે કેવા - કેવા સ્તરે તેનો વિકાસ થયો. ધર્મમાં ઉદભવ સ્વપ્ન અને મૃત્યુના અનુભવોમાંથી થયો છે. એવું શું છે કે જે વ્યકિત સ્વપ્નમાં જુએ છે અને એવું શું છે કે જે માનવ શરીરને છોડીને ચાલ્યું જાય છે. ? આ બે પ્રશ્નો પ્રાચીન સમયમાં માણસને ખૂબ જ મૂંઝવ્યો છે. અર્થ માત્ર ખ્રિસ્તી ધર્મ સાથે ન રહેતા કોઈ પણ ધાર્મિક સંગ લાગુ પડે છે. સામાન્ય રીતે ચર્ચને ઔપચારિક વ્યવસ્થાનું માળખું હોય છે. જેમાં દરેક અધિકારીને ક્રમિકિ હોદો હોય છે. તેની વિચારધારા અને કાર્યમાં જે - તે સમાજના મૂલ્યોને આવરી લેવાયા હોય છે. મોટા ભાગે સાંપ્રત સામાજિક વ્યવસ્થા પૂરક હોય છે તેથી જ તે ધર્મના રૂઢિચુસ્ત પાસાને વ્યકત કરે છે. જયારે ચર્ચ સામાજિક મૂલ્યોનો સ્વીકાર કરે છે. ત્યાં ઘણી વાર તેનો વિરોધ પણ થાય છે. કારણ કે વિરોધકર્તા એવું માને છે કે ચર્ચે એવા મૂલ્યોને પ્રસ્થાપિત કર્યા જે ખરેખર જેનો વિરોધ થવો જોઈએ. તેઓ એવું પણ માને છે કે ચર્ચ પોતાનો જ માર્ગ ભૂલી ગયું છે. પણ સામાજિક રીતે આવી ચળવળ છીછરા વિરોધથી આગળ જઈ શકતી નથી. પણ કયારેક કોઈ સંગઠિત ચળવળ એક જ અલગ જ પંથ નક્કી કરે છે.

## 15.13 ધર્મમાં પરિવર્તનો

આ પ્રકરણના અંત ભાગમાં આપણે સાંપ્રત સમયમાં બદલાતા ધર્મના વિવિધ સ્વરૂપો વીશે ચર્ચા કરીશું.

સમગ્ર પ્રકરણ દરમિયાન આપણે જાણ્યું કે ધર્મ કયારેય સમાજમાંથી અદશ્ય થયો નથી. જો કે કેટલાક સમાજશાસ્ત્રીઓ એ એવું અનુમાન પણ કરેલું.

ધર્મના માત્ર સ્વરૂપો બદલાયા છે.

આત્માઓ લાભદાયક અને હાનિકારક હોય છે એટલે કે તે મનુષ્ય જીવનને કોઈને કોઈ રીતે અસર કરે છે.

- ટોટેમ શબ્દ ઉત્તર અમેરિકાના આદિવાસીઓમાંથી આવ્યો.
- ટોટેમવાદ માને છે કે પ્રાચીન સમયમાં વૃક્ષો, પ્રાણીઓ અને અન્ય નિર્જીવ વસ્તુઓએ જ મનુષ્ય જાતિનો પાયો તૈયાર કર્યો.
- એટલા માટે જ લોકોમાં વૃક્ષો અને પ્રાણીઓને લગતા કમર્કાંડો જોવા મળે છે.
- લોકોને એવો વિશ્વાસ છે કે તેઓ પોતાના ટોટમની પૂજા કરે તો તેમની ઈચ્છાઓ પૂરી થાય છે.

કારણે જ આ તત્વો માણસમાં ડર અને આશ્ચર્ય લાગણીઓ પેદા કરે છે. ધર્મ ઉદ્ભવતા આ

સિધ્ધાંતને પ્રકૃતિવાદ કહે છે.

આજે એવું થયું છે જીવનની પ્રત્યેક અવસ્થામાં જેમ કે જન્મ, લગ્ન અને મૃત્યુ દરમિયાન કરવામાં આવતા આ બંનેના જવાબો તેને આત્માની સંકલ્પનામાં જ મળ્યા એટલે કે જે તે સ્વપ્નમાં જુએ છે અને જે તેના શરીરને ચાલ્યું જાય છે. તે આત્મા છે અને એટલા માટે જ એવું મનાય છે કે ધર્મમાં પહેલા સ્વરૂપોમાં આત્મકેન્દ્રી ધર્મ એટલે કે આત્મવાદ હશે.

અન્ય વિદ્વાનો માને છે કે પ્રાચીન માણસ આત્મા વિશે વિચાર કરી શકે એટલો પરિપકવ નહી હોય. આત્મા વિશે વિચારવાનું પછીથી શરૂ થયું હશે. તેઓ એવું માને છે કે ધર્મનો ઉદ્દભવ કેટલીક સામાન્ય સંકલ્પનાઓમાંથી થયો હશે. ટોટેમવાદમાં માનનારાઓ વૃક્ષો અને પ્રાણીઓ પૂજા કરતા હતા. કદાચ તેને જ ધર્મનું સૌથી જુનું સ્વરૂપ માનવામાં આવે છે. કેટલાક આદિ સમાજ સ્વરૂપ સમૂહો માને છે કે વૃક્ષો અને પ્રાણીઓમાં કોઈ શક્તિ છે કે જેણે તેમની સ્ત્રીઓને સગર્ભા બનાવી એટલે તેઓ વધારે શક્તિશાળી છે વળી કેટલાક એવું પણ માને છે કે પ્રાણી અને વૃક્ષો તેમના પૂર્વજોના આત્માઓ માટે આરામ કરવાના સ્થળો છે. એટલે તેમની પૂજા થવી જોઈએ.

## પાઠગત પ્રશ્નો-15.5

યોગ્ય શબ્દ વડે નીચેની ખાલી જગ્યા પૂરો.

1. પંથ એક ................ સમૂહ છે.
2. જગતના મહાન ધર્મોમાં સૌથી જૂનો ધર્મ ............ છે.
3. ઝારખંડના 'હો' લોકો દેવી શક્તિને ..... કહે છે.
4. .......... અને ........... પવિત્ર વસ્તુઓ છે.
5. કન્ફયુસિયસ ધર્મ ...... ધર્મનું ઉદાહરણ છે.

## તમે જે શીખ્યા

- માનવ સમાજ સંસ્થાઓનો સમૂહ છે.
- ભાઈચારો, અર્થ વ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા અને ધર્મ આ ચાર મૂળભૂત સંસ્થાઓ છે.
- દરેક સંસ્થા પોતાના ઉદ્દેશો દ્વારા વ્યાખ્યાયિત થાય છે.
- બધી સંસ્થાઓ પરસ્પર સંકળાયેલી છે.
- આર્થિક સંસ્થાઓ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન, વિનિમય, વિતરણ અને ઉપભોગ સાથે સંબંધિત છે.
- રાજકીય સંસ્થાઓ સમાજમાં સત્તા અને શક્તિના વિતરણનું કાર્ય કરે છે.
- ધાર્મિક સંસ્થાઓ મનુષ્યો અને જેને તેઓ પવિત્ર ગણે છે. કર્મકાંડ બદલાયા છે.

- સામાજિક જીવન પર ધર્મની પકડ નબળી થતી જાય છે જે ધર્મનિરપેક્ષતા કહે છે જે વિશ્વભરમાં જોવા મળે છે.
- ધર્મના ઘણા બધા સામૂહિક કાર્યો છૂટી ગયા છે એટલે આપણે એવું કહીએ કે ધર્મ સમાજને જોડી રાખે છે. હવે એ વિધાન બહું સાચું નથી.
- આજે ઘણા બધા સમાજ સમૂહોમાં એક સાથે અનેક ધર્મોના લોકો રહેવા લાગ્યા છે.

## પાઠાંત પ્રશ્નો

1. અર્થતંત્ર એટલે શું ? આર્થિક સંગઠનના લક્ષણો સમજાવો.
2. રાજકીય વ્યવસ્થા સમજાવો.
3. સત્તા અને શક્તિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
4. ધર્મના બે સકારાત્મક અને નકારાત્મક કાર્યો જણાવો.
5. ધર્મમાં આવતા પરિવર્તનોને તમારા શબ્દોમાં વર્ણવો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

15.1

1. તેઓ પોતાના કામથી વિશેષ હોય છે પણ સરકાર ચલાવતી નથી.
2. ભાઈચારો, અર્થવ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા અને ધર્મ
3. અર્થ વ્યવસ્થાના હેતુ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન, વિનિમય, વિતરણ અને ઉપભોગનું નિયમન કરવાનું છે.
4. શક્તિ એટલે વ્યક્તિની એવી ક્ષમતા કે જેના દ્વારા તે પોતાના માટે અને બીજાના માટે નિર્ણયો કરે છે.
5. વિશ્વાસ અને વ્યવહાર ધર્મના અંગો છે.

15.2

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | અમૈટ્રિક (પૈસાવિહીન) | 2. | ઔદ્યોગિક | 3. | બાગાયતી ખેતી |
| 4. | અર્ધશુષ્ક અને રેગિસ્તાની | 5. | શિકારી અને ખાદ્ય સંગ્રાહક | | |

15.3

| | | | |
|---|---|---|---|
| 1. સત્ય | 2. અસત્ય | 3. સત્ય | 4. સત્ય |
| 5. સત્ય | 6. અસત્ય | 7. અસત્ય | 8. અસત્ય |

15.4 અ (1) બ (2) ક (3)

15.5

| | | |
|---|---|---|
| 1. વિરોધ | 2. હિન્દુ ધર્મ | 3. બોંગા |
| 4. પોતાની દૂર, નિષેધયુક્ત | 5. નૈતિક | |



નોંધ

# 16

## સામાજિક સ્તરીકરણ

આ પ્રકરણમાં તમે મનુષ્યોમાં જોવા મળતી અસમાનતાઓ વિશે અભ્યાસ કરશો. અત્યારસુધી તમે એવું શીખ્યું છે કે મનુષ્ય સમાજમાં શ્રમવિભાજન સાર્વભૌમિક હોય છે. એવા સમાજ પણ છે કે જેમાં વિશેષતાઓ અને જટિલતાઓ અભાવ હોય છે જેમ કે ભોજન-સંગ્રાહક અને શિકારી સમાજોમાં કેટલાક કાર્યો જાતી અને ઉંમરના આધારે નિર્ધારિત થાય છે. સ્ત્રીઓ જે કાર્યો કરે છે તે પુરૂષોથી અલગ હોય છે. એ જ પ્રમાણે જે કાર્ય એક વયજૂથને સોંપવામાં આવે છે તે બીજા વયજૂથના કાર્ય કરતા અલગ હોય છે. સમાજમાં લોકો દ્વારા કરવામાં આવતા કાર્યોના પુરક કાર્યો પણ અન્ય લોકો દ્વારા કરવામાં આવે છે. આવું એટલા માટે થાય છે કારણ કે લોકો જે કાર્ય કરે છે તે તેમની ઓળખ અને જીવનપદ્ધતિ બની જાય છે ઉદાહરણ તરીકે એક સુથારના ઘરમાં એક કાર્યશાળા હોય છે કે જયાં તે કામ કરે છે.

તેથી, આ પ્રકરણમાં પ્રથમ સિદ્ધાંત જે તમે શીખશો તે એ છે કે કોઈપણ સમાજ પૂર્ણ રીતે સમરૂપ નથી હોતો કે જેમાં સમૂહો એકસમાન હોય. વાસ્તવમાં સમાજમાં તમે જે મેળવો છો તે 'તફાવત' છે. સ્ત્રીનું કાર્ય પુરૂષથી અલગ હોય છે. વિભિન્ન વયજુથના લોકો વિભિન્ન કાર્યો કરે છે. અલગ-અલગ 'ટોટેમ' (કુળ કે ટોળીના પ્રતીક કે ચિહ્ન તરીકે કોઈ કુદરતી વસ્તુ કે પ્રાણીની પ્રતિમા) સાથે સંકળાયેલા હોવાને કારણે એક કુળ બીજા કુળથી અલગ પડે છે. એક જાતિ બીજી જાતિથી પોતાના વ્યવસાયને કારણે અલગ પડે છે.

નોંધ

## હેતુઓ

**આ પ્રકરણના અભ્યાસ પછી તમે**

- *સામાજિક સ્તરીકરણની અવધારણાને વ્યાખ્યાયિત કરી શકશો.*
- *સ્તરીકરણના કેન્દ્રીય વિચારોને વર્ણવી શકશો.*
- *પ્રતિષ્ઠા/દરજ્જો શું છે તે સમજાવી શકશો અને તેના પ્રકારો વિશે સમજ આપી શકશો.*
- *જાતિ વ્યવસ્થાનું વર્ણન કરી શકશો.*

## 16.1 તફાવત અને અસમાનતા

*વ્યક્તિઓ અને સમૂહો વચ્ચેનો તફાવત એક સાર્વભૌમિક લાક્ષણિકતા છે. તેનો અર્થ એવો નથી કે એક સમૂહ અથવા વ્યક્તિ બીજાથી ઊંચો છે અથવા એક પાસે વિશેષાધિકાર છે અને બીજા પાસે નથી તફાવત અસમાનતા સૂચિત નથી કરતો. તે માત્ર વિવિધતાનું અસ્તિત્વ દર્શાવે છે.*

*અહીં આપણે પ્રથમ મુદ્દો એ છે કે આપણે તફાવતના વિચારો અને અસમાનતાના વિચારો વચ્ચે ભેદ કરવો જોઈએ. 'તફાવત' દ્વારા આપણે કહીએ છીએ કે કોઈ વસ્તુઓ અથવા એકમો વચ્ચે અસમાનતાઓ છે પરંતુ આ અસમાનતાઓ પુરક છે પુરૂષ અને સ્ત્રી પોતાની જૈવિક સંરચનામાં ભિન્ન છે પરંતુ તેમનામાં જે પુરકતા છે તે જ પ્રજનનનું કારણ છે. વણકરો સુથારો કરતા અલગ છે પરંતુ તેઓ એકબીજા પર આધારિત છે. વણકરો સુથારો પાસેથી લાકડાની વસ્તુઓ ખરીદે છે અને સુથારો વણકરો પાસેથી શોલ અને સાદડીઓ ખરીદે છે.*

*'અસમાનતા' દ્વારા આપણે વિશેષાધિકારો અને સ્રોતો વિશે વાત કરીએ છીએ. સમાજમાં કેટલીક વ્યક્તિઓનું સ્થાન અન્ય વ્યક્તિઓ કરતા વિશિષ્ટ અથવા ઊચું હોય છે. અર્થાત્ કેટલાક લોકોનુ સ્રોતો પર વધુ નિયંત્રણ હોય છે અને કેટલાકનું ઓછું હોય છે. સ્રોતોને કારણે લોકો અને સમૂહો વિવિધ શ્રેણીમાં વહેંચાઈ જાય છે.*

**સમાજશાસ્ત્રીઓ લોકોમાં રહેલ 'પ્રાકૃતિક અસમાનતા' અને તેમના અસ્તિત્વની પરિસ્થિતિમાં રહેલી અસમાનતા વચ્ચે પણ ભેદ પાડે છે.** *પહેલા પ્રકારની અસમાનતાને શારીરિક/ભૌતિક અસમાનતા પણ કહે છે જેના ઉદાહરણો ઉંમર, સ્વાસ્થ્ય, શારીરિક તાકત તથા બુદ્ધિ વગેરે છે પરંતુ 'સામાજીક' અસમાનતાની સાપેક્ષ આ શારીરિક અસમાનતાઓ ઓછી છે. સમાજશાસ્ત્રીઓ સામાજીક અસમાનતાને વધુ મહત્વ આપે છે. પ્રાકૃતિક અસમાનતા વ્યક્તિના કાર્ય સંપાદનને પ્રભાવિત કરે છે એક જ સામાજીક શ્રેણીમાં વ્યક્તિઓ વચ્ચે જે અંતર કોઈ ગરીબ નથી હોતું. તેમના વચ્ચે જે અસમાનતા છે તે જાતિ અને ઉંમરના સ્તર પર હોય છે. વિભિન્ન સમાજોમાં પુરૂષ અથવા સ્ત્રીની વધુ અથવા ઓછી પ્રતિષ્ઠા હોઈ શકે છે. વડીલોનો આદર કરવામાં આવે છે.*

*સંઘર્ષમય બાબતોમાં વડીલોનો નિર્ણય બધા પર લાગુ થાય છે. આમ છતાં વડીલોને આદર આપવામાં આવે છે અને તેના નિર્ણયનો સ્વીકાર કરવામાં આવે છે. આનો અર્થ એવો કરી શકાય કે સામાજીક અસમાનતા પ્રત્યેક સમાજમાં જોવા મળે છે પરંતુ સામાજીક સ્તરીકરણ સાર્વભૌમિક*



નોંધ

નથી હોતું.

આ જ કારણે આજના સમાજશાસ્ત્રીઓ આદિમ સામ્યવાદ (primutive communism) ની વિચારધારાનો સ્વીકાર નથી કરતા. આદિમ સમાજો સ્તરીકરણનો અભાવ હતો છતાં પણ તેમાં અસમાનતા હતી. આ સમાજોમાં કેટલાક ખૂબ સારા શિકારી હતા, કેટલાક ખૂબ સારા કારીગર હતા, કેટલાક ખૂબ સારા જાદુગર હતા. જેમને સમ્માન અને પ્રતિષ્ઠા આપવામાં આવતી હતી. આ પ્રકારે જે સારા હતા તેમને વધુ પ્રતિષ્ઠા મળતી હતી. સામાન્ય સમાજો પણ એક વ્યક્તિનું વધુ સમ્માન હોઈ શકે છે. અને તે અન્યોની વધુ ધનવાન પણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે પ્રમુખ અને મુખ્ય વ્યક્તિ સૌથી વધુ અમીર હોઈ શકે છે કારણ કે તે અન્ય લોકો પાસેથી ભેટ-સોગાદો મેળવે છે પ્રતિષ્ઠા અથવા ધન કોઈ ચોકકસ સમૂહ સાથે જોડાયેલ નથી તેનું જોડાણ વ્યક્તિ સાથે હોઈ શકે છે. આ વિશ્લેષણ પરથી આપણે એવા તારણ પર પહોંચી શકીએ કે સ્તરીકરણ સમાન રીતે અને સમાન અર્થમાં સાર્વભૌમિક નથી હોતું આપણે જે જોઈએ છીએ એ સામાજીક અસમાનતાનું એક સ્વરૂપ છે.

## 16.2 સામાજિક સ્તરીકરણનો ખ્યાલ :

1940 માં સામાજિક સ્તરીકરણનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. 'સ્તરીકરણ' શબ્દ જમીન વિજ્ઞાનમાંથી આવ્યો છે. જમીન વૈજ્ઞાનિકો એવું માને છે ક જમીન અલગ - અલગ સ્તરોની બનલી છે. એક ઉપર બીજુ, બીજા ઉપર ત્રીજું એમ અનેક સ્તરો આવેલા છે. અને દરેક સ્તરને પોતાનું આગવું બંધારણ હોય છે જેથી તેને અન્ય સ્તરથી અલગ પાડી શકાય. આમ, ભૂમિ-સ્તરીકરણ પરથી સામાજિક સ્તરીકરણનો ખ્યાલ જનમ્યો છે.

જમીનના વિદિધ્ધ સ્તરોની જેમ જ સમાજશાસ્ત્રીઓ માને છે કે માનવ - સમાજ પણ વિવિધ સ્તરોનો બનેલો છે. એક ઉપર બીજું, બિજા ઉપર ત્રીજું. તેથી સામાજિક સ્તરીકરણ એટલે કે સમાજનું વિવિધ સ્તરોમાં વિભાજન પણ જમીન વિજ્ઞાન અને સમાજશાસ્ત્રમાં 'સ્તરીકર' શબ્દનાં ઉપયોગ ને લઈને એક તફાવત છે. જમીન વૈજ્ઞાનિકો માટે જમીનમાં દરેક સ્તરનું મુલ્ય એક સમાન છે. કોઈ પણ એક સ્તર બીજા કરતા વધારે ચડિયાતું કે ઉતરતું નથી. તેની સરખામણીમાં માનવ સમાજમાં સ્તરો અલગ અલગ મુલ્યો ધરાવે છે. અમુક ખુબ મહત્વના તો અમુક નીચા માનવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્તરોની ક્રમિક ગોઠવણને કારણે અમુક સ્તરના લોકોને બીજા સ્તરના લોકો કરતા ઉંચો સામાજિક હોદો અને ફાયદાઓ આપવામાં આવે છે.

આપણે એક ઉદાહરણ દ્વારા આ વાત સમજીએ. ધનવાન લોકો ગરીબ લોકો કરતા વધાર ખર્ચાળ શિક્ષણ મેળવી શકે છે.તેઓ સુવિધાજનક સાધનો જેવા કે ફ્રીઝ, એચ કંડીશનર, કાર, મોંઘા મકાન વગેરેનો લાભ લઈ શકે છે. ગ્રામ પંચાયતના સભ્યો જે નિર્ણયો લે છે તે અન્ય લોકોએ પાળવાના હોય છે. ભૂતકાળમાં આભડછેટની પ્રથા આ પ્રકારના સ્તરીકરણનું ઉદાહરણ છે.

નીચે દર્શાવેલ ઉદાહરણ દર્શાવે છે કે સ્તરીકરણને લીધે શક્તિ, સંપતિ અને સમ્માનની અનિયમિત વહેંચણી થાય છે. ચાલો તો આપણે આ દરેક શબ્દોનો અર્થ સમજીએ.



## 16.2.1 શક્તિ, સંપતિ અને સન્માનની વ્યાખ્યા :

શક્તિ એટલે કે કોઈ વ્યક્તિ અથવા સમૂહ દ્વારા તેમની અમુમતિ વગર પોતાની જો હુકમી પર ચલાવતી અને તેમને તાબે કરવા જ્યારે શક્તિનો ઉપયોગ કાયદા અનુસાર હોય છે ત્યારે તેને 'સત્તા ' કહે છે. સંપતિનો ભૌતિક સંસાધનો સાથે છે એટલે કે મકાન, પૈસા, પ્રાણીઓ, જમીન, ઘરેણા વગેરે. વિશ્વના મોટાભાગના સમુદાયો આ બધી વસ્તુઓ કિમતી માનવામાં આવે છે. સન્માન એટલે વ્યક્તિને સમાજ દ્વારા મળતો માન અને મોભો સન્માન વ્યક્તિના ગુણ અવગુણ તથા જીવન જીવવાની પદ્ધતિ સાથે પણ જોડાયેલુ છે. કેટલાક ગુણ તથા જીવન મુલ્યો વધારે સન્માન



નોંધ

અપાવે છે. સામાજિક સ્તરીકરણ શક્તિ, સંપતિ અને સન્માનના અનિયમિત વર્ગીકરણ સાથે સંકળાયેલો ખ્યાલ છે.

## 16.4.2 સામાજિક સ્તરીકરણ અને સામાજિક અસામનતા :

અત્યાર સુધી આપણે એવું સમજ્યા ક સામાજિક સ્તરીકરણનો સીધો જ સબંધ સામાજિક અસામનતા સાથે છે. પણ શું તે બધાં પ્રકારની સામાજિક અસામનતાને અસર કરે છે ?

સામાજિક અસમાનતા માત્ર બે સમૂહો વચ્ચે શક્તિ, સંપતિ અને સન્માન સુધી સીમિત નથી, એતો તેથી પણ આગળ વધીને બે લિંગ - સમુદાયો (સ્ત્રીઓ અને પુરુષો) તથા બે અલગ અલગ વય જુથોમાં જોવા મળતી અસમાનતા સામાજિક સ્તરીકરણ નથી. તેથી આપણે એવું કહી શકીએ કે સામાજિક સ્તરીકરણ સામાજિક અસમાનતાને અસર કરે છે પણ દરેક પ્રકારકની અસમાનતાઓને નહી.

સામાજિક સ્તરીકરણ સામાજિક અસમાનતાનો એક પ્રકાર છે. તેમાં અલગ અલગ સામાજિક સમુદાયો ક્રમિક રીતે એક બીજા સાથે જોડાયેલા હોય છે એટલે કે અમુક સમુદાય શક્તિ, સંપતિ અને સન્માનને આધારે બીજા સમુદાયો કરતાં ઉપર અથવા નીચેનાં સ્તરે પોતાનું સ્થાન મેળવે છે. એક સ્તરના લોકોના રસના વિષયો તથા ભાવો એક સમાન હોય છે. સામાન્ય રીતે, તેઓનું જીવન ધોરણ પણ એક સરખું હોય છે જે તેઓને અન્ય સ્તરના લોકોથી અલગ પાડે છે.

## 16.2.3 સામાજિક સ્તરીકરણની સાર્વત્રીકતા :

શુ સામાજિક સ્તરીકરણ સાર્વત્રિક છે ? સમગ્ર વિશ્વામાં જોવા મળે છે ? સમાજશાત્રીઓ એવું માને છે સરળ સમુદાયો જેવા ક શિકારી સમુદાય અને ખાદ્ય સંગ્રહક સમુદાયોમાં સામાજિક સ્તરો જોવા મળતા નથી. આવા સમુદાયોમાં સામુહિક રીતે શક્તિ, સંપતિ અથવા સન્માનને લગતા ભેદભાવ જોવા મળતા નથી. દરેક સમૂહ સમાન છે. તેમની વચ્ચે કોઈ ક્રમિક ગોઠવણ હોતી નથી. સમુદાયના દેરક સભ્યને સાધન - સંપાદનના ઉપયોગ માટે સરખી તક મળે છે. પરિણામે, તેઓમાં કોઈ ધનવાન દરેક સ્ભયને સાધન - સંપાદનના ઉપયોગ માટે સરખી તક મળે છે. પરિણામે તેઓમાં કોઈ ધનવાન કે ગરીબ વર્ગ હોતા નથી. તેઓમાં જો કોઈ અસમાનતા હોય તો તે સ્ત્રીઓ અને પુરુષોને અલગ અલગ લાભ અને ગેરલાભ મળતા હોય છે. વડીલોને માન આપાવામાં આવે છે. સમુદાયની સમસ્યાઓના ઉકેલ વડીલો સૂચવે પણ સભ્યો તે પાળવા માટે બંધાયેલા નથી હોતા, પણ છતા વડીલોને માન આપવામાં આવે છે. આના પરથી આપણે એવું તારણ કાઢી શકીએ સામાજિક અસમાનતા લગભગ દરેક જોવા મળે છે પણ સામાજિક સ્તરીકરણ સાર્વત્રિક નથી.

તેથી જ આજે સમાજ શાસ્ત્રીઓ 'આદિમ સામ્યવાદ' માં માનતા નથી જેમાં એવું માનવામાં

આવતું કે બધાં સભ્યો વચ્ચે સમાન આપે છે. અભ્યાસ એવું દર્શાવે છે કે ભલે સમુદાયોમાં સામાજિક સ્તરીકરણનો અભાવ છે પરંતુ સામાજિક સ્ત્રી - પુરુષ અને વવય - જુથોમાં અસમાનતા તો અચુક જોવા મળે છે. તેઓમાં 'ઉત્તમ શિકારી' ' ઉત્તમ કલાકાર ' 'ઉત્તમ જાદુગર' જેવા ખ્યાલો પ્રવર્તમાન છે અને આવા લોકોને અન્ય લોકોની સરખામણીમાં વધારે સન્માન મળે છે. તેથી એવું કહી શકાય કે સરળ સમુદાયોમાં પણ અમુક વ્યક્તિઓને બીજા કરતા વધારે માન - મોભો મળે છે.

### પાઠગત પ્રશ્નો-16.1

**નીચેના પ્રશ્નોનો એક વાકયમાં ઉત્તર આપો.**

(અ) સામાજીક અસમાનતાને વ્યાખ્યાયિત કરો.

.......................................................................

(બ) સ્તરીકરણ એટલે શું ?

.......................................................................

(ક) આદિમ સામ્યવાદના ખ્યાલ/અવધારણનું વર્ણન કરો.

.......................................................................

(ડ) 'પ્રતિષ્ઠા' ની વ્યાખ્યા આપો.

.......................................................................

## 16.3 સ્તરીકરણના કેટલાક મહત્વપૂર્ણ વિચારો અને સંકલ્પનાઓ

આ ભાગમાં આપણે સામાજિક સ્તરીકરણ વિશેના બે મહત્વપૂર્ણ દ્રષ્ટિકોણનો અભ્યાસ કરીશું. આ બંને દ્રષ્ટિકોણો જર્મન વિચારકો કાર્લમાર્ક્સ અને મેકસવેબર દ્વારા રજુ કરવામાં આવેલા છે.

### 16.3.1 કાર્લ માકર્સના વિચારો

કાર્લમાર્ક્સે સામાજીક સ્તરીકરણની અવધારણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ છે. તેમના મત પ્રમાણે સ્તરીકરણ સમાજને બે પારસ્પરિક વિરોધી શ્રેણીઓમાં વહેંચે છે તેમને વર્ણ કહે છે. આ વર્ગોમાં એક વર્ગ બીજા વર્ગનું શોષણ કરે છે. કાર્લ માર્કસની દ્રષ્ટિએ સમાજમાં બે મુખ્ય સામાજીક સમૂહો છે પહેલો સમૂહ એ છે કે જે સ્રોતોની માલિકી ધરાવે છે અને તેમના પર નિયંત્રણ રાખે છે. સ્રોતોને સામૂહિક રીતે 'ઉત્પાદનના માધ્યમો' કહેવામાં આવે છે. બીજો સમૂહ એવો છે કે જે સ્રોતોની માલિકી પણ ધરાવતો અને તેમના પર નિયંત્રણ પણ ધરાવતો નથી. આ વર્ગના લોકો પ્રથમ વર્ગના લોકો માટે કામ કરે છે જેમની પાસે સ્રોતોની માલિકીનો અધિકાર છે તેમનું અસ્તિત્વ પગાર પર નભે છે કે જેને તેઓ શ્રમ કરીને પ્રાપ્ત કરે છે. **તેથી, વર્ગ એક સામાજીક સમૂહ છે જેના સભ્યો ઉત્પાદનના માધ્યમોમાં સમાન ભાગીદારી કરે છે.**



નોંધ

માર્ક્સનું કહેવું છે કે જેની પાસે ઉત્પાદનનાં માધ્યમો છે તેઓ રાજકીય શકિતનો ઉપયોગ કરે છે. આર્થિક શકિત માણસને રાજકીય અને કાનુની શકિત તરફ લઈ જાય છે. તેના પરિણામસ્વરૂપ તે વ્યક્તિને આર્થિક સ્ત્રોતોના કાનૂની નિયંત્રણ તરફ લઈ જાય છે. જે લોકો પાસે ઉત્પાદનના માધ્યમોની માલિકી છે, તેમને માર્ક્સ શાસક વર્ગ(Ruling Class) કહે છે. તે વર્ગ કે સ્ત્રોતોનો માલિક નથી હોતો પરંતુ ઉત્પાદનના માધ્યમોની જેમ કામ કરે છે તેને સેવા વર્ગ (Service Class) કહે છે. શાસકવર્ગ જે નિયમો બનાવે છે તે અંતર્ગત તેઓ તેમની સુરક્ષા અને હેતુઓને જ ધ્યાનમાં રાખે છે. માર્ક્સની દ્રષ્ટિએ કાનૂન શોષણનું એક માધ્યમ છે કારણ કે કાનૂન શાસક વર્ગ બનાવે અને તે જ તેને નિયંત્રિત કરે છે.

સ્ત્રોતોની માલિકી માત્ર રાજકીય શકિત આપે છે એવું નથી તે એક એવા વિશેષાધિકારની સ્થિતિ તરફ દોરી જાય છે કે જેમાં શાસક વર્ગ સમાજની વિચારધારાને નિયંત્રિત કરી શકે. માર્ક્સ કહે છે કે કોઈ ચોકક્સ સમયે સમાજમાં જે વિચારધારા પ્રવર્તે છે તે વાસ્તવમાં શાસકવર્ગની વિચારધારા હોય છે. તે વ્યકિતઓ કે જે સ્ત્રોતોની માલિકી ધરાવે છે તે લાંબા સમય સુધી પેઢી દર પેઢી તેમનું નિયંત્રણ કરતા રહે છે. જયાં સુધી સમાજમાં ગુણાત્મક પરિવર્તન નથી આવતું ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહે છે.

માર્ક્સના મત પ્રમાણે પ્રત્યેક સમાજ વર્ગોમાં વહેંચાયેલા નથી હોતા. ઉત્ક્રાંતિના પ્રથમ તબકકામાં માનવસમાજમાં કોઈ વર્ગોનું અસ્તિત્વ ન હતુ. આ સમાજમાં કોઈ કાયદો કે કોઈ રાજય ન હતુ. કોઈપણ સમાજમાં વ્યકિતગત સંપત્તિ ન હતી આવા સમાજમાં પૂર્ણરીતે સમાનતા હતી અને તેને આદિમ સામ્યવાદી કહેવામાં આવતો હતો.

આ તબકકો પસાર થયા પછી વર્ગોનું વર્ગીકરણ અસ્તિત્વમાં આવ્યુ. શાસક વર્ગ અને સેવા વર્ગનો ઉદય થયો. માર્ક્સ મત પ્રમાણે વર્ગ - વિભાજીત સમાજનો અંતિમ તબકકો મૂડીવાદ હોઈ શકે છે જેમાં શાસક વર્ગ અને સેવા વર્ગ વચ્ચે સંઘર્ષ હોઈ શકે છે આ 'વર્ગ સંઘર્ષ' એક એવા સમાજમાં પરિણમશે કે જેમાં કોઈ વર્ગો નહી હોય. આ સમયે સમાજ વર્ગહીન અવસ્થામાં હશે. આ પ્રકારના સમાજને 'સામ્યવાદી સમાજ' કહેવામાં આવે છે. તેથી, માર્ક્સ મત પ્રકારે સ્તરીકરણ આવનાર સમયમાં માનવસમાજની લાક્ષણિકતા નહી રહે અને સમાજ ફરી પોતાની હજારો વર્ષો જુની અવસ્થામાં પહોંચી જશે જ્યાં વર્ગો ન હતા.

## 16.3.2 મેકસ વેબરના વિચારો

કાર્લ માર્ક્સ પછી મેકસ વેબરનું સ્તરીકરણ વિશે મહત્વપૂર્ણ યોગદાન છે. કાર્લમાર્ક્સે વર્ગને સ્તરીકરણનું મુખ્ય સ્વરૂપ માન્યુ છે જયારે વેબર માને છે કે વર્ગ સિવાય સ્તરીકરણના અન્ય બે સ્વરૂપો છે. - દરજ્જો/પ્રતિષ્ઠા અને શકિત / સત્તા.

માર્ક્સની જેમ વેબર પણ વર્ગને આર્થિક દ્રષ્ટિકોણથી જુએ છે પરંતુ તે માર્ક્સ કરતા આગળ

વધીને કહે છે કે વર્ગો બજાર અર્થવ્યવસ્થામાં વિકાસ પામે છે. તેથી, વર્ગ મૂડીવાદ સમાજોની એક લાક્ષણિકતા છે. કારણ કે આ સમાજોનો બજાર અર્થવ્યવસ્થા (market economics) પર અધિકાર હોય છે. મૂડીવાદમાં પરિવાર ઉત્પાદનનો એકમ નથી હોતો ઉત્પાદન અને વહેંચણીની પ્રક્રિયાનો હવાલો બજાર સંભાળે છે. તમામ પ્રકારની વસ્તુઓ અને સેવાઓ માટે લોકો બજાર પર નિર્ભર હોય છે.

લોકો પોતાની કાર્યકુશળતાને બજારમાં વેચે છે અને તેના દ્વારા પોતાને મળતી આવકથી જીવનનિર્વાણ કરે છે. કેટલીક ખાસ પ્રકારની કુશળતાઓ જેમ કે એન્જીનિયરીંગ અને ટેકનોલોજી તથા તબીબી વગેરે દ્વારા અન્ય વ્યવસાયો કરતા વધુ ધન મળે છે. જે લોકો પાસે આ પ્રકારની ક્ષમતા હોય છે તેને વ્યવસાયિક કુશળતા કહે છે. અકુશળ અથવા અર્ધકુશળ લોકોની ક્ષમતા કુશળ લોકો કરતા ઓછી હોય છે તેથી તેમનું બજારમાં ટકી રહેવું મુશ્કેલ છે.

સંપત્તિ પર પણ આ જ સિદ્ધાંત લાગુ પડે છે. સંપત્તિમાંથી મળતુ વળતર સ્થાન, શહેર, ગામ વગેરે પર આધાર રાખે છે. બજાર પણ સંપત્તિના મૂલ્યને નિર્ધારિત કરે છે તેના પરથી કહી શકાય કે મનુષ્યના અસ્તિત્વની શકયતાઓ કે જેને લાઈફ ચાન્સીસ (life chances) કહેવાય છે, તેનો આધાર બજારની સ્થિતિ પર રહેલો હોય છે. વ્યકિતની કુશળતા દ્વારા વર્ગ નકકી થાય છે જે બજાર પર આધારિત હોય છે.જેમની પાસે સંપત્તિ નથી પરંતુ બજારને ઉપયોગી થાય તેવી કુશળતાઓ છે તો તે વ્યકિતની બજારમાં ટકી રહેવાની શકયતાઓ ઘણી વધી જાય છે. મેકસવેબરે શાસક વર્ગની વિચારધારાનો પણ અસ્વીકાર કર્યો છે.

- માર્કસના મત પ્રમાણે જે વર્ગ પાસે ઉત્પાદનનાં સ્રોતો હોય છે તે રાજકીય શકિત/સત્તાનું પણ નિયંત્રણ કરે છે.
- વેબરના મત પ્રમાણે ઉત્પાદનના માધ્યમોની માલિકી ધરાવતો વર્ગ હંમેશા રાજકીય શકિતનું નિયંત્રણ કરતો હોય તે જરૂરી નથી.
- લોકોને રાજકીય સત્તા તેમની વાક્છટા, તેમની વિચારધારા તેમની સંગઠનાત્મક શકિત, તેમનો ઘોષણાપત્ર, ઉદ્દેશો પ્રતિ તેમની પ્રતિબદ્ધતા વગેરે જેવી રાજકીય કુશળતાઓ દ્વારા મળે છે, આર્થિક શકિતને કારણે નહી
- આ રીતે આર્થિક શકિત અને રાજકીય શકિત આધુનિક સમાજમાં એકસાથે નથી ચાલતા
- સમાજમાં બે પ્રકારની શ્રેણીઓ હોય છે આર્થિક અને રાજકીય .આર્થિક શ્રેણીમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જેમની પાસે ઉત્પાદનના માધ્યમો છે અને રાજકીય શ્રેણીમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જેઓ પોતાની રાજકીય સત્તાનો ઉપયોગ કરે છે.

## પાઠગત પ્રશ્નો-16.2

નીચેના વિધાનો માટે સત્ય / અસત્ય જણાવો.

અ. માર્ક્સના મત પ્રમાણે સમાજમાં બે વર્ગો હોય છે.

બ. માર્ક્સે વર્ગોને વ્યક્તિઓની માનસિક યોગ્યતાના આધારે વ્યાખ્યાયિત કર્યો છે.

ક. ઉત્પાદનના માધ્યમોમાં ટેક્નોલોજી, મૂડી અને સ્ત્રોતોનો સમાવેશ થાય છે.

ડ. માર્ક્સના મત મુજબ ઉત્પાદનના સાધનો પર માલિકી રાજકીય સત્તા તરફ દોરી જાય છે.

ઈ. માનવજાતિના પ્રારંભથી જ માનવસમાજમાં વર્ગોનું અસ્તિત્વ છે.

## 16.4 દરજ્જો / પ્રતિષ્ઠા

આર્થિક અને રાજકીય શ્રેણીઓ ઉપરાંત વધુ એક શ્રેણી હોય છે. પ્રતિષ્ઠા/દરજ્જો આ શ્રેણીનું અન્ય બે શ્રેણીઓથી સ્વતંત્ર વિશ્લેષણ કરી શકાય છે.

**દરજ્જો એટલે 'સામાજીક સ્થિતિ' પ્રત્યેક વ્યકિત સમાજમાં એક સામાજીક સ્થિતિ ધારણ કરે છે.** ઉદાહરણ તરીકે અત્યારે તમે એક વાચકની સ્થિતિ ધારણ કરેલી છે અને મે એક પ્રકરણ-લેખકની સ્થિતિ ધારણ કરેલી છે તમે એક પુત્ર, ભત્રીજો, પૌત્ર, વિધાર્થી, ખેલાડી, મિત્ર તથા કેટલીક અન્ય સ્થિતિઓ ધારણ કરે છે. પ્રત્યેક સામાજીક સ્થિતિ પ્રમાણે તમે અલગ-અલગ ભૂમિકાઓ નિભાવો છો. તેથી, જો દરજ્જાનો સંબંધ સ્થિતિ સાથે છે તો ભૂમિકાનો સંબંધ વ્યવહાર સાથે છે જેની વ્યકિત પાસે ચોક્કસ સ્થિતિમાં અપેક્ષા રાખવામાં આવે છે.

### 16.4.1 પ્રત્યારોપિત અને પ્રાપ્ત દરજ્જાઓ

સમાજશાસ્ત્રીઓના મત પ્રમાણે બે પ્રકારના દરજ્જાઓ હોય છે. (1) પ્રત્યારોપિત દરજ્જાઓ (૨) પ્રાપ્ત દરજ્જાઓ. **પ્રત્યારોપિત દરજ્જો એ છે કે જે વ્યકિતને જન્મથી પ્રાપ્ત થાય છે.** મારો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં થવાથી હું એક બ્રાહ્મણ છું તે માત્ર એક ઘટના છે. જો બ્રાહ્મણ તરીકેની સામાજીક સ્થિતિ પસંદ નથી કરી તે જ રીતે એક સ્ત્રી તરીકે મારો જન્મ થવાને કારણે હું પુત્રી, ભત્રીજી, પૌત્રી, પત્ની, માતા, કાકી, દાદી વગેરે સામાજીક સ્થિતિઓ ધારણ કરૂં છું. કોઈ ચોક્કસ પરિવાર, કુલ અથવા જાતિમાં જન્મવાને કારણે મને જે સ્થિતિઓ પ્રાપ્ત થાય છે. તે પ્રત્યારોપિત દરજ્જાઓ છે તેમને બદલી શકાતા નથી. કોઈ વ્યકિત જન્મ સાથે જે સામાજીક સ્થિતિ પ્રાપ્ત કરે છે તેના આધારે તેની ભવિષ્યની સ્થિતિઓનું અનુમાન કરી શકાય છે. જો કોઈ વ્યક્તિનો જન્મ પુરૂષ તરીકે થાય તો આપણે સરળતાથી અનુમાન કરી શકીએ તે એક પુત્ર, પિતા, કાકા, દાદા વગેરે જેવી સ્થિતિઓ પ્રાપ્ત થશે.

બીજો સામાજિક દરજ્જો છે પ્રાપ્ત દરજ્જો. પ્રત્યેક સમાજમાં કેટલાક દરજ્જાઓ એવા હોય છે જેમને સ્પર્ધા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે, જે સામાજિક સ્થિતિઓ માટે સ્પર્ધા કરવામાં આવે છે તેને પ્રાપ્ત દરજ્જાઓ કહેવાય છે જો કોઈ વ્યક્તિ સિવિલ સર્વિસીસની પરીક્ષામાં

ઉત્તીર્ણ થાય અને સિવિલ અધિકારી બને તો આપણે કહી શકીએ જે તેણે તે દરજ્જો પ્રાપ્ત કરેલો છે. આ ઉપરાંત પણ કેટલાક ઉદાહરણો છે જેમ કે 'શ્રેષ્ઠ શિકારી' 'શ્રેષ્ઠ કારીગર' 'શ્રેષ્ઠ માળી' વગેરે પ્રાપ્ત દરજ્જાઓ છે. જટિલ સમાજોમાં મોટાભાગે પ્રાપ્ત દરજ્જાઓ જોવા મળે છે પરંતુ તેનો અર્થ એ નથી કે તેમાં પ્રત્યારોપિત દરજ્જાઓ નથી હોતા. ઘણી પરિસ્થિતિમાં પ્રત્યારોપિત દરજ્જાઓ ખૂબ મહત્વના સાબિત થાય છે. ઘણા સમાજોમાં પુરુષ હોવું માત્રથી ઘણા વિશેષાધિકારો મળી જાય છે. સ્ત્રીની સરખામણીએ પુરૂષને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની ઘણી તકો મળે છે. તેથી, સ્ત્રીઓ કરતા પુરુષોને ચોકક્સ સ્થાનો મેળવવાની તકો વધુ મળે છે.

દરજ્જાઓને શ્રેણીઓમાં વહેંચવામાં આવે છે. શ્રેણીઓની આ વહેંચણી. સિદ્ધાંતોના આધારે થાય છે અને તે સિદ્ધાંત પ્રત્યેક સમાજમાં અલગ-અલગ હોય છે. એક પ્રતિષ્ઠા સમૂહ બીજા સમૂહ કરતા પોતાનાં સભ્યોની રહેણી-કરણીના આધારે અલગ પડે છે. પ્રતિષ્ઠા સમૂહનું મહત્વપૂર્ણ ઉદાહરણ જાતિવાદી વ્યવસ્થા છે.

## પાઠગત પ્રશ્નો-16.3

કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

અ. દરજ્જાને સામાજિક .................તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. (સ્થિતિ/સ્થાન, ક્રિયા, વ્યવહાર)

બ. ભૂમિકાનો સંબંધ ...........સાથે છે. (વ્યવહાર, પરિસ્થિતિ, વ્યક્તિ)

ક. જન્મ સાથે પ્રાપ્ત થતા દરજ્જાને ...........દરજ્જો કહે છે. (પ્રત્યારોપિત, ઉચ્ચ, ભિન્ન)

ડ. ..............સમાજોમાં પ્રાપ્ત દરજ્જાઓ વધુ જોવા મળે છે. (જટિલ, સામાન્ય, સંયુક્ત)

ઈ. પુત્રનો દરજ્જો .........દરજ્જાનું ઉદાહરણ છે. (પ્રાપ્ત, પ્રત્યારોપિત, બંને)

## 16.5 જાતિ

આપણે પ્રારંભમાં ચર્ચા કરી કે દરજ્જાનો વર્ગ અને સત્તા સાથે કોઈ સંબંધ નથી. સામાજિક સ્થાનોની શ્રેણીઓ હોઈ શકે છે અને તે પ્રત્યેક શ્રેણી તેના સભ્યોની જીવનશૈલીના આધારે રચાયેલી હોય છે. એક ગરીબ બ્રાહ્મણ પૂજારીનું સમ્માન રાજકીય રીતે શક્તિશાળી અથવા ધનવાન વ્યાપારી કરતા વધારે હોઈ શકે છે. રાજા તથા વ્યાપારી બંને તેની આગળ માથું નમાવે છે અને આશીર્વાદ લે છે. એક નવો રાજા ત્યાં સુધી પોતાના સિંહાસન પર નથી બેસી શકતો જ્યાં સુધી બ્રાહ્મણ તેની વિધિઓ પૂરી ન કરે. હિન્દુ કાનુન અને ધર્મ અનુસાર દરેક બાબતમાં બ્રાહ્મણ પુરોહિતની સલાહ લેવામાં આવે છે. બ્રાહ્મણોને વિદ્વાન સમજવામાં આવે છે તેમની વિધા ધાર્મિક બાબતો અને કર્મકાંડના



નોંધ

સંપાદનમાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ ઉદાહરણ એ બતાવે છે કે હિન્દુઓમાં શ્રેણીકરણની વ્યવસ્થા એવી છે કે જેમાં બ્રાહ્મણનું સ્થાન સૌથી ઉપર છે અને તે આર્થિક, રાજકીય શકિતથી સ્વતંત્ર હોય છે.

ભારતીય સમાજની વિશેષતા તેની જાતિ વ્યવસ્થા છે. આ વ્યવસ્થા દક્ષિણ એશિયાના કેટલાક ભાગોમાં પણ જોવા મળે છે. જાતિ એક એવી બાબત છે જેના આધારે હિન્દુ પોતાના સમાજને સંગઠિત કરે છે. છતાં જાતિવાદના તત્વો સમાજને સંગઠિત કરે છે. છતાં જાતિવાદના તત્વો હિન્દુ સિવાયના સમુદાયોમાં પણ જોવા મળે છે. એ ધાર્મિક સંપ્રદાયો કે જેમનો ઉદય જાતિઓની અસમાનતાની પ્રતિક્રિયા રૂપે થયો હતો. તે જ અંતે પોતાના સભ્યોને જાતિપ્રથા અનુસરવાની મંજૂરી આપે છે. તેના પરિણામસ્વરૂપ મુસલમાનો, ઈસાઈ, શિખ, જૈન, યહૂદી અને પારસીમાં પણ જાતિઓનું અસ્તિત્વ જોવા મળે છે. આ ઉપરાંત ઘણા આદિમ સમુદાયો જાતિવ્યવસ્થામાં સમાવિષ્ટ થઈ ગયો છે. આ પ્રક્રિયાને આદિવાસી જાતિ અખંડિતતા કહેવામાં આવે છે જે અર્થ થાય છે આદિવાસી જાતિઓ સમય જતા જાતિઓમાં પરિવર્તિત થઈ જાય છે.

જાતિ વ્યવસ્થાનો આધાર હિન્દુ ધર્મ છે. હિન્દુ ગ્રંથ, ઋગવેદ અનુસાર જાતિઓ ભગવાનના શરીરના વિભિન્ન ભાગોમાંથી પ્રગટ થઈ છે. બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણની ઉત્પત્તિ થઈ, તેમની ભૂજાઓમાંથી ક્ષત્રિય, તેમની જાંઘોમાંથી વૈશ્ય અને તેમના ચરણોમાંથી શુદ્રની ઉત્પત્તિ થઈ છે. તેથી હિન્દુ સમાજ ચાર શ્રેણીઓમાં વહેંચાયેલો છે જેને વર્ણ કહે છે અને પ્રત્યેક વર્ણ સાથે એક ચોકક્સ વ્યવસાય જોડાયેલો છે. બ્રાહ્મણો કર્મકાંડ કરે છે, ધાર્મિક ગ્રંથો વાંચે છે અને તેમના પર ટિપ્પણી કરે છે. ક્ષત્રિય, યૌદ્ધા જાતિ છે. આ જાતિના સભ્યો બ્રાહ્ય આક્રમણથી અન્ય સભ્યોનું રક્ષણ કરે છે. આ શ્રેણીઓમાં સૌથી નીચે શુદ્ર હોય છે. શુદ્રોનું મુખ્ય કામ ઉચ્ચ જાતિઓની સેવા કરવાનું છે. પ્રત્યેક સામાજિક શ્રેણી સમય જતા નાની શ્રેણીઓમાં વહેંચાઈ જાય છે.

આ જાતિ વ્યવસ્થાની કેટલીક મહત્વપૂર્ણ લાક્ષણિકતાઓ નીચે મુજબ છે. આ તમામ લાક્ષણિકતાઓ એકબીજા સાથે સંકળાયેલી છે. - પવિત્રતા અને અપવિત્રતાના વિચારો જાતિવ્યવસ્થાઓનો આધાર છે.

- વ્યવસાય ઉપરાંત પ્રત્યેક જાતિની પોતાની એક જીવન પદ્ધતિ હોય છે.
- ગામડામાં કોઈ માણસની જાતિને તેની વેશભૂષા, ઘરેણા, મકાનનો પ્રકાર, ભોજનની આદતો અને બોલવાની ઢબથી ઓળખવામાં આવે છે.
- એવું જણાવ્યુ છે કે પ્રત્યેક જાતિની પોતાની એક જ બોલી હોય છે જે બીજા કરતાં અલગ હોય છે.
- પ્રત્યેક જાતિ સગોત્ર વિવાહ (આંતરજાતિય લગ્નો) ના નિયમોનું પાલન કરે છે તેનો અર્થ એવો થાય છે કે એક જાતિનો સભ્ય પોતાની જાતિમાં જ લગ્ન કરે છે પરંતુ તે પોતાના ગામની બહાર લગ્ન કરે છે.



- પ્રત્યેક જાતિની પોતાની એક કાઉન્સીલ હોય છે. સ્થાનિક સ્તર પર તેને ગ્રામ પંચાયત કહે છે. આ પંચાયત જાતિના ઝઘડાઓ અને અન્ય બાબતોનું સમાધાન કરે છે.
- પ્રત્યેક જાતિને પોત-પોતાની દેવી-દેવતાઓ, પ્રથાઓ, કર્મકાંડો અને લોકરીતિઓ હોય છે.

ઉપર દર્શાવેલ જાતિની લાક્ષણિકતાઓ માત્ર આદર્શરૂપમાં સત્ય છે. આજે જાતિ વ્યવસ્થાએ માનવતાવાદી મૂલ્યો અને આધુનિકતાને કારણે પોતાની પવિત્રતા ગુમાવી દીધી છે. શહેરીકરણ અને પ્રત્યાયને (કમ્યુનિકેશન) આંતરજાતિય પૂર્વાગ્રહો અને વેરભાવોને પણ ઓછા કરી દીધા છે.

જાતિની એકતા જાતિની લાક્ષણિકતાઓ પરથી નિર્ધારિત થાય છે.

આપણે એવું માનવું જોઈએ નહી કે પ્રત્યેક જાતિ સ્વયંશાસિત છે. જેમ આદિવાસી સમાજ અન્ય જાતિઓથી છૂટો પડેલો એટલે કે પૃથક છે તેમ પ્રત્યેક જાતિપૃથક નથી એક જાતિ પોતાના કાર્યો માટે અન્ય જાતિ અને જાતિઓ પર નિર્ભર છે. ગામડાઓમાં જોવા મળતી એકતા એ આંતરજાતિય નિર્ભરતાનું પરિણામ છે. પ્રત્યેક જાતિ એક વિશેષ વ્યવસાયમાં પારંગત હોય છે અને તેથી તેઓ પરસ્પર નિર્ભર હોય છે.

જાતિના ઉપરોક્ત વિવરણથી સ્પષ્ટ છે કે જન્મની સાથે જોડાયેલા કેટલાક પરિબળો જાતિ નિર્ધારિત કરે છે તેથી જાતિ બદલી શકાતી નથી. પ્રાચીનકાળથી આપણે જોઈએ છીએ કે જાતિઓ પોતાના સ્તરથી ઉપર ઉઠવા એટલે કે આગળ વધવા માગે છે. આ પ્રક્રિયાને ઉર્ધ્વગામી ગતિશીલતા કહે છે. માની જાતિઓ પોતાની જીવનપદ્ધતિ બદલીને ઉચ્ચ જાતિઓની દિશા તરફ ગતિ કરે છે. આ પ્રક્રિયાને સાંસ્કૃતિકરણ કહે છે.

## 16.5.1 જાતિ અને વર્ગ

જાતિ વર્ગથી ભિન્ન છે. વર્ગની વ્યાખ્યા આર્થિક પરીપ્રેક્ષ્યમાં કરવામાં આવે છે જ્યારે જાતિ એક વંશાનુગત એકમ છે. એક વ્યક્તિનો જન્મ વર્ગમાં થાય છે પરંતુ તે પોતાના વર્ગને બદલવાની તક ચોક્કસ મેળવે છે. વર્ગ અને જાતિની સરખામણી કરવામાં આવે તો સૈદ્ધાંતિક રીતે જાતિમાં જ્યાં સુધી સમગ્ર જાતિ આગળ વધવાનો પ્રયાસ ન કરે ત્યાં સુધી વ્યક્તિની સ્થિતિ અથવા સ્થાન નિશ્ચિત હોય છે. તેથી, સમાજશાસ્ત્રીઓના મત પ્રમાણે જાતિવ્યવસ્થા એક સંવૃત્ત (closed) વ્યવસ્થા છે. તુલનાત્મક દ્રષ્ટિએ વર્ગ એક ઓપન સીસ્ટમ (open system) છે. કારણ કે એક વ્યક્તિ પોતાના વર્ગથી ઉપર ઉઠી શકે છે. તે સખત પરિશ્રમ કરીને નવા રસ્તાઓ શોધીને પોતાની આર્થિક દશા સુધારી શકે છે અને નિમ્ન વર્ગથી ઉપર ઉઠીને મધ્યમ વર્ગ અને તેનાથી પર ઉપર પહોંચી શકે છે.

અહીં આપણે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે જાતિ વ્યવસ્થાની કાયદેસરતા ધર્મ પર આધારીત છે. વર્ગની કાયદેસરતા ધર્મ પર આધારીત નથી. જાતિનો આધાર પવિત્રતા અને અપવિત્રતા પર છે

નોંધ

જેમાં માનવામાં આવે છે કે એક વ્યક્તિનો જન્મ અમુક જાતિમાં એટલા માટે થયો છે તેણે પાછલા જન્મમાં કોઈ પુણ્ય કરેલા છે. કર્મકાંડની દ્રષ્ટિએ બ્રાહ્મણ સૌથી વધુ પવિત્ર છે અને એટલા માટે તેઓ સૌથી ઉપર છે અને આ શ્રેણી વ્યવસ્થામાં ધાર્મિક દ્રષ્ટિએ નિમ્ન સ્તરના લોકો સૌથી નીચે છે. જાતિ વ્યવસ્થામાં આપણે જેમ નીચે જતા જઈએ તેમ પવિત્રતા ઘટતી જાય અને અપવિત્રતા વધતી જાય છે. કેટલાક સમાજશાસ્ત્રીઓના મતે જાતિવ્યવસ્થામાં અસ્પૃશ્યતા જોવા મળે છે. જેમ 19૫૫ માં કાયદાકીય રીતે સમાપ્ત કરી દેવામાં આવી હતી. સ્તરીકરણની અન્ય કોઈ વ્યવસ્થામાં આ કુરિવાજ જોવા મળતો નથી.

## 16.5.2 અર્વાચીન ભારતમાં જાતિનું મહત્વ

અર્વાચીન ભારતમાં વર્ગવ્યવસ્થા ખૂબ મહત્વપૂર્ણ બની ગઈ છે. પરંતુ તેનો અર્થ એ નથી કે જાતિ અપ્રાસંગિક બની ગઈ છે જાતિના અપ્રાસંગિક ન હોવા પાછળ નીચેના કારણો જવાબદાર છે.

- ઘણા અભ્યાસો જણાવે છે કે જાતિ લગ્નની બાબતોમાં મહત્વપૂર્ણ છે.
- જાતિઓ લોકો દ્વારા કરવામાં આવતા કર્મકાંડોનો ઉલ્લેખ કરે છે.
- જાતિના આધારે સમિતિઓ બનાવવામાં આવે છે.
- જાતિઓની સમિતિઓ પોતાની બેંક, સ્કુલ, કોલેજ, વિશ્રામ ગૃહ, હોસ્પિટલ વગેરે પોતાની જાતિના નામ પર સ્થાપિત કરે છે.
- રાજકીય ક્ષેત્રમાં જાતોની ગતિશીલતા માટે જાતિ એક મહત્વપૂર્ણ પરિબળ છે. જાતિના સભ્યો 'વોટબેંક' નું નિર્માણ કરી શકે છે.

### પાઠગત પ્રશ્નો-16.4

નિમ્નલિખિત વિધાનોમાંથી કયુ વિધાન સત્ય અથવા અસત્ય છે તે જણાવો.

અ. જાતિ, દરજજાના સમૂહનું એક ઉદાહરણ છે.

બ. જાતિ મૂળભૂત રીતે પ્રાપ્ત દરજજાનું ઉદાહરણ છે.

ક. જાતિઓ વિશ્વના બધા ભાગોમાં જોવા મળે છે.

ડ. વર્ગો અને જાતિઓનો સંબંધ સમાન સામાજીક શ્રેણી સાથે હોય છે.

ઈ. ભારતમાં અસ્પૃશ્યતા સમાપ્ત કરવામાં આવી છે.

ફ. સાંસ્કૃતિકરણ ઉર્ધ્વગામી ગતિશીલતાની એક પ્રક્રિયા છે જે જાતિ વ્યવસ્થામાં જોવા મળે છે.

ગ. જાતિઓ હિન્દુ સિવાયના સમુદાયોમાં પણ જોવા મળે છે.

હ. ક્ષત્રિયોને પણ વ્યાપારી જાતિના સભ્યો તરીકે ઓળખવામાં આવે છે.

ઈ. જાતિઓની શ્રેણી વ્યવસ્થાના નીચેના ભાગોમાં જે સભ્યોને રાખવામાં આવે છે તેઓ શુદ્ર કહેવાય છે.

જ. જાતિ સામાજીક સ્તરીકરણની એક ઓપન સીસ્ટમ (open system) છે.

## તમે જે શીખ્યા

- સામાજિક અસમાનતા સાર્વભૌમિક છે.
- સામાજિક સ્તરીકરણને સમાજમાં જોવા મળતા શ્રમ વિભાજનને આધારે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.
- સામાજિક સ્તરીકરણના સંબંધ સામાજિક અસમાનતા સાથે છે પરંતુ પ્રત્યેક પ્રકારની અસમાનતાનો સમાવેશ સામાજીક સ્તરીકરણમાં નથી થતો.
- જાતિ (લૈગિંક) અને ઉંમરની અસમાનતા સ્તરીકરણની
  (ઈ) સત્ય (જ) અસત્ય અસમાનતા નથી
- કાર્લમાકર્સના મત પ્રમાણે મૂળભૂત રીતે સમાજનું વિભાજન વર્ગોમાં થયેલું છે.
- મેકસવેબરે માકર્સના વિચારને સુધારતા કહયું છે કે વર્ગ સિવાય પ્રતિષ્ઠા અને શકિત/સત્તા પણ સ્તરીકરણના અન્ય સિદ્ધાંતો છે.
- દરજ્જા સમૂહનું ઉત્તમ ઉદાહરણ જાતિ છે.
- જાતિનો આધાર હિન્દુ ધર્મ પર હોય છે.
- જાતિ પવિત્રતા અને અપવિત્રતાના વિચાર પર આધારીત હોય છે.
- જાતિઓ આર્થિક એકમો છે.
- વર્તમાન સમયમાં ભારતમાં વર્ગો વધુ મહત્વપૂર્ણ બની ગયા છે પરંતુ તેનો અર્થ એ નથી કે જાતિઓનું મહત્વ ઓછુ થઈ ગયુ છે.

## પાઠાંત પ્રશ્નો

1. શું સામાજીક સ્તરીકરણ સાર્વભૌમિક છે ? ચર્ચા કરો.

2. 'પ્રત્યારોપિત' અને 'પ્રાપ્ત' દરજ્જાઓને તમામ શબ્દોમાં ઉદાહરણો સહિત સમજાવો.

3. જાતિની મુખ્ય લાક્ષણિકતાઓ કઈ-કઈ છે ?

4. જાતિ વર્ગ કરતા કઈ રીતે અલગ છે ? સમજાવો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

### 16.1

1. કેટલાક લોકો પાસે વધુ અધિકારો અને સ્રોતો હોય છે જેના પરિણામે તેમને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થાય છે અને તેનાથી અસમાનતા ઉત્પન્ન થાય છે.
2. સમાજનું વિભાજન વિભિન્ન સ્તરોમાં થયેલું હોય છે.
3. સામાન્ય સમાજોમાં સંપૂર્ણ સમાનતા જોવા મળે છે.
4. પ્રતિષ્ઠાનો સંબંધ એ વ્યકિત સાથે હોય છે જે કોઈ ક્ષેત્રમાં પ્રગતિ કરતી હોય, વધુ સમ્માન ધરાવતી હોય અને અન્યો કરતા અમીર હોય.

### 16.2

અ) સત્ય  બ) અસત્ય  ક) સત્ય

ડ) સત્ય  ઈ) અસત્ય

### 16.3

અ) સ્થાન  બ) વ્યવહાર  ક) પ્રત્યારોપિત

ડ) જટિલ  ઈ) પ્રત્યારોપિત

### 16.4

અ) સત્ય  બ) અસત્ય  ક) અસત્ય

ડ) અસત્ય  ઈ) સત્ય  ફ) સત્ય

ગ) સત્ય  હ) અસત્ય  ઈ) સત્ય

જ) અસત્ય

# પુસ્તક 3

## અભ્યાસક્રમ સમિતી

પ્રમુખ
પ્રો. સચ્ચિદાનંદન
ચેરમેન, એ. એન. સિન્હા સંસ્થા
પટના

પ્રો. ડી. સુંદરમ્
રીટા. પ્રોફેસર એન્ડ H.O.D.
મદ્રાસ યુનિવર્સિટી

પ્રો. એસ. એન. રાઠા
રીટા. પ્રોફેસર એન્ડ H.O.D.
મદ્રાસ યુનિવર્સિટી

પ્રો. રાજેન્દ્ર પ્રસાદ
રીટાર્યર ડાયરેકટર
આગરા
ઈન્ડિયન સોશીયલ સાયન્સ એસોશીએશન

પ્રો. એમ. એન. કર્ણ
વિભાગધ્યાક્ષ - સમાજશાસ્ત્ર
નેહ યુનિવર્સિટી

પ્રો. એ.બી. શરણ
રિટા. પ્રોફેસર એન્ડ વિભાગાધ્યક્ષ
રાંચી યુનિવર્સિટી
રાંચી

પ્રો. વી.એસ. ઉપાધ્યાય
રિટા. પ્રોફેસર એન્ડ હેડ
રાંચી યુનિવર્સિટી
રાંચી

ડૉ. એસ. પ્રસાદ
રિટા. એન.સી.ઈ.આર.ટી.
ન્યુ દિલ્હી

ડૉ. મંજૂ ભટ્ટ
ડી.ઈ.એસ.એસ.એચ
એન.સી.ઈ. આર.ટી.
ન્યુ દિલ્હી

સંયોજક
પ્રિતી શ્રી વાસ્તવ
કાર્યપાલક અધિકારી
એન. આઈ. ઓ.એસ

## સમીક્ષક સમિતિ

પ્રમુખ
પ્રો. જે.એસ.ગાંધી (પ્રિતિષ્ઠિત વિદ્વાન)
સેન્ટર ઓફ સ્ટડીઝ ઓફ સોશિયલ સિસ્ટમ્સ
જવાહરલાલ નહેરુ, યુનિવર્સિટી
દિલ્હી

**સભ્યો**

પ્રો. તુલસી પટેલ
ડિપાર્ટમેન્ટ ઓફ સમાજશાસ્ત્ર ભવન,
અર્થશાસ્ત્ર સ્કૂલ - દિલ્હી
દિલ્હી યુનિવર્સિટી
દિલ્હી

પ્રો. બી.કે. નાગલા
સમાજશાસ્ત્ર ભવન,
મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી
દિલ્હી યુનિવર્સિટી
દિલ્હી

શ્રી રવિ કપૂર
પ્રવાચક (રીટાયર)
સમાજશાસ્ત્ર ભવન,
જામીઆ મિલીઆ ઈસ્માલીઆ
દિલ્હી

ડૉ. કિરણ પ્રીત
પ્રવાચક
સમાજશાસ્ત્ર ભવન,
પંજાબ યુનિવર્સિટી
ચંદીગઢ

## સંપાદક

પ્રમુખ
પ્રો. જે.એસ.ગાંધી (પ્રિતિષ્ઠિત વિદ્વાન)
સેન્ટર ઓફ સ્ટીડીઝ ઓફ સોશિયલ સિસ્ટમ્સ
જવાહરલાલ નહેરુ, યુનિવર્સિટી
દિલ્હી

શ્રી રવિ કપૂર
પ્રવાચક (રીટાયર)
સમાજશાસ્ત્ર ભવન,
જામીઆ મિલીઆ ઈસ્માલીઆ
દિલ્હી

પ્રો. બી.કે. નાગલા
સમાજશાસ્ત્ર ભવન,
મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી
દિલ્હી યુનિવર્સિટી
દિલ્હી

## એન.આઈ.ઓ.એસ. સંયોજક ટીમ

ડૉ. સુસ્મિતા મિશ્રા
સંસ્થાપક (એકેડેમીક)

ડૉ. ઓ.પી. શર્મા
સહાય સંસ્થાપક
(એકેડેમિક)

ડૉ.સોમા. ભટ્ટાચાર્ય
સંસ્થા અધિકારી (અંગ્રેજી)

## ગુજરાતી ભાષાંતર

ડૉ. મહેન્દ્ર ચોટલિયા
એસો. પ્રોફેસર,
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
સરદાર પટેલ યુનિર્વસિટી

શ્રી વિશાલ ભાદાણી
આસી. પ્રોફેસર
ડિપાર્ટમેન્ટ.ઓફ. કોમ્પ્યુ. સ્કિલ,
મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ

બેસ્ટ કોમ્પ્યુટર સે-૧૧, ગાંધીનગર,ગુજરાત. મો. ૯૮૨૫૦૩૬૪૮૫

# વિષય સૂચિ

## મોડ્યુલ - 3 : સામાજિક પરિવર્તન, સમાજીકરણ અને સામાજિક નિયંત્રણ


| પાઠ નં. | પાઠનું નામ | પાન નંબર |
|---|---|---|
| 17. | સામાજિક પરિવર્તનનાં પરિબળો | 226 - 241 |
| 18. | સામાજિક પરિવર્તનની પ્રક્રિયાઓ | 242 - 257 |
| 19. | સમાજીકરણ : એક શૈક્ષણિક પ્રક્રિયા | 258 - 269 |
| 20. | સામાજિક નિયંત્રણ | 270 - 283 |
| 21. | સામાજિક વિચલન | 284 - 294 |
| 22. | સમાજ અને વાતાવરણ | 295 - 304 |

# 17

# સામાજિક પરિવર્તનના પરિબળો

સામાજીક પરિવર્તનની સંકલ્પના અને તે અંગેના સિધ્ધાંતો અને તાત્વિક સિધ્ધાંતોથી તમે માહિતગાર છો. દરેક માનવ સમાજમાં સતત પરિવર્તન થતું રહેતું હોય છે. જૂના માળખાને ફગાવી દેવાથી કોઈ ક્રાંતિ થાય ત્યારે પરિવર્તન એકાએક થાય છે. મોટે ભાગે તે ધીમું, ક્રમિક અને ઝટ નજરે ન ચડે તેવું હોય છે. જો પરિવર્તન આપમેળે થઈ રહ્યું ન હોય, તો તે કોઈ પરિબળોની અસર હેઠળ હોઈ શકે છે. આથી, પરિવર્તનને વેગ આપનારા અને પરિવર્તનને રોકનાર એમ બંને પ્રકારના પરિબળો સમાજશાસ્ત્રીઓ માટે અભ્યાસનો મહત્વનો વિષય બને છે. આ એકમમાં આપણે પરિવર્તન કરાવનારા પરિબળો અંગે વાત કરીશું.

## હેતુઓ

આ પાઠના અભ્યાસ પછી તમે

- સામાજિક પરિવર્તનનું માળખું સમજાવી શકશો.
- સામાજિક પરિવર્તન માટેના મુખ્ય કારણો ઓળખી શકશો.
- સમાજમાં પરિવર્તન લાવનારા વિવિધ પરિબળોની ભૂમિકાની યોગ્ય મૂલવણી કરી શકશો.

## 17.1 સામાજિક પરિવર્તનના પરિબળો

સામાજિક પરિવર્તન એક સંકુલ અને બહુઆયામી ઘટના છે. સામાજિક જીવનના એક પાસાઓને અસર કરતું હોય છે. આથી, સામાજિક પરિવર્તનની પ્રક્રિયાઓ પર સામૂહિક અસર કરનારા જુદા

- જુદા પરિબળોની ભૂમિકા વિશે સ્પષ્ટ સમજણ કેળવવામાં આ દષ્ટિકોણ ટેકો કરશે. આ સમજ થકી આપણે થઈ રહેલા જુદા - જુદા પરિવર્તનોને સમજી શકીશું અને તેની કદર કરસ શકીશું પરિવર્તન પાછળના જુદા - જુદા પરિબળોના આંતરસંબંધો અને તેમની પ્રેરણાત્મક અસરો સમજવામાં અને તેનું યોગ્ય મૂલ્ય આંકવામાં પણ આ સમજ મદદરૂપ બનશે.

સામાજિક પરિવર્તન ઘણા પરિબળોને કારણે થતું હોય છે. કેટલાક પરિબળો આ મુજબ છે.

(અ) આંતરિક અને (બ) બાહ્ય

આંતરિક પરિબળો એટલે માળખાકીય સુવિધાઓ, લોકોમાં માળખાકીય સુવિધાઓની વહેંચણી અને સુવિધાઓનો લોકો દ્વારા ઉપયોગ વગેરે. વૃદ્ધ અને યુવાન, અભણ અને સાક્ષર, ગ્રામ્ય અને શહેરી મૂલ્યોના જુદાપણાને કારણે થતાં સંઘર્ષ તેમજ તેમની વચ્ચેના આદાન - પ્રદાનને કારણે સામાજીક પરિવર્તન થાય છે.

બાહ્ય પરિબળો એટલે માનવીય પહોંચ બહારની ઘટનાઓ જેવી કે કુદરતી આફતો અથવા તકનીકી ક્ષેત્રે અણધાર્યો વિકાસ.

આવો હવે સામાજિક પરિવર્તન કરનારા કેટલાક પરિબળોનો અભ્યાસ કરીએ. આ એકમમાં આપણે નીચેના પરિબળોની માહિતી મેળવીશું .

(અ) વસ્તી વિષયક (બ) તકનિકી

(ક) સાંસ્કૃતિક (ડ) રાજકીય

(ઈ) આર્થિક (ઉ) શિક્ષણ

## 17.2 સામાજિક પરિવર્તનના વસ્તી વિષયક પરિબળો

વસ્તી વિષયક પરિબળો એટલે કે ક્રમિક પેઢીઓની સંખ્યા, તેમનું બંધારણ, તેમની પસંદગી અને વારસાઈ ગુણવત્તા નક્કી કરતાં પરિબળો. વસ્તીમાં પરિવર્તન, સંખ્યા અને બંધારણ એમ બંને રીતનું, સમાજ પર બહોળી અસર કરે છે. જ્યારે વસ્તીમાં વધારો કે ઘટાડો થાય ત્યારે વસ્તીનું કદ અને બંધારણ બદલાય છે. વસ્તીના કદમાં થતો ફેરફાર લોકોના આર્થિક જીવનમાં પરિવર્તન લાવે છે. વળી આ આર્થિક પરિવર્તન માનવ જીવનના બીજા પાસાં જેવા કે સામજીક, સાંસ્કૃતિક અને રાજકીયમાં પરિવર્તન લાવે છે.

જન્મદર અને મૃત્યુદરમાં થયેલા ઝડપી અને એકધારી ઘટાડાએ મોટી સામાજિક ઉથલપાથલ કરી છે. આરોગ્ય અને સ્વચ્છતાની સ્થિતિ તેમજ દાક્તરી સેવાઓમાં થયેલા સુધારાઓને કારણે ભારતની વસ્તીમાં નાટકીય વધારો થયો છે. વસ્તીના આ નોંધપાત્ર વધારાને કારણે બેરોજગારી, બાળજમૂરી,ઝૂંપડપટ્ટીની સંખ્યામાં વધારો, ગુનાખોરીના પ્રમાણમાં વધારો અને સામાજિક તણાવ જેવી સામાજીક સમસ્યોઓ પણ વધી છે.

પાછલી સદીની સરખામણીએ મૃત્યુ દર ઘટતાં વસ્તીમાં વધારો થયો છે. વધારામાં સ્વાસ્થય સગવડોમાં થયેલા સુધારાને કારણે વ્યકિત મોટી ઉંમરે પણ સક્રિય રહી શકે છે. તેને કારણે

સામાજીક વલણો અને માન્યતાઓમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યા છે.

વસ્તીવધારાને કારણે જીવનધોરણમાં બાંધછોડ કરવી પડે છે. તેને કારણે લોકોના વલણમાં ફેરફાર આવ્યા છે. ગર્ભનિરોધકના ઉપયોગ બાળકવાળો પરિવાર, બાળક, દત્તક લેવું જેવી બાબતો પ્રત્યે લોકોના મન વધુ મોકળા થયા છે.

આ સાથે જો આપણે ત્યાં જન્મદરમાં ઘટાડો થયો હોત તો આપણા સમાજમાં ઊંચુ જીવનધોરણ , ગર્ભધારણ સંબંધી મુશ્કેલીઓમાંથી સ્ત્રીઓની મુક્તિ, બાળકો માટે વધુ સારી સંભાળ ઉમેરાયા હોત અને આપણે તંદુરસ્ત સમાજ બની શકયા હોત. પરંતુ તે કારણે વયોવૃધ્ધ વસ્તીને ટેકો કરવા આપણા કાર્યક્રમમાં ઓછા યુવાનો ભરતી થાત.

વસ્તીવધારાને શારીરિક સ્વાસ્થ્ય અને લોકોની જીવંતતા સાથે સીધો સંબંધ છે. ભોજન કરનારાઓની સંખ્યામાં થયેલા વધારાની સાથે સાથે કુપોષણ અને કુપોષણ સંબંધી રોગો પણ હઠીલા બન્યા છે. આ સમસ્યા આગળ વધીને શારીરિક સુસ્તી, અક્ષમતા, ભાવશૂન્યતા અને સાહસના અભાવમાં પરિણમે છે. આ બધુ વસ્તીનું સામજિક માળખું અને સામાજિક સંસ્થાઓની ગુણવત્તા પર અસર કરે છે.

ભારતીય સંદર્ભમાં આપણે નોંધ્યું કે વસ્તી વધારાને પરિણામે બેરોજગારી, ગરીબી, શહેરીકરણ, ઝૂપડપટ્ટીની સંખ્યા અને માળખાગત સુવિધાઓ પર બોજામાં વધારો થયો છે. તેને પરિણામે વળી પ્રાથમિક સગવડોની ઉણપ અને નાના કુટુંબોની સંખ્યામાં વધારો થયો છે. સમય સાથે સામાજિક સંબંધોમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યા છે.

### પાઠગત પ્રશ્નો-17.1

1. સાચા છે કે ખોટા તે કહો.

(અ) દાકતરી સેવાઓ તેમજ આરોગ્ય અને સ્વચ્છતાની સગવડો વધતા વસ્તી - વધારો થાય છે.

(બ) જન્મદરમાં ઘટાડો જીવનધોરણમાં પણ ઘટાડો લાવે છે.

## 17.3. સામાજીક પરિવર્તનના પરિબળ તરીકે ટેકનોલોજી

ટેકનોલોજી પ્રગતિએ અવારનવાર લાંબાગાળાના સામાજીક પરિવર્તનને ચિનાગારી ચાંપી છે. માનવ સમાજોનો વિકાસ અને પરિવર્તન તકનીકી વિકાસ અને પરિવર્તન સાથે જોડાયેલો છે.

સમાજશાસ્ત્રીઓ કહે છે, "આપણા વાતાવરણમાં બદલાવ લાવીને તકનીકી આપણા સમાજોને બદલે છે, કેમ કે આપણે સમય જતાં આપણા વાતાવરણને અપનાવી લઈએ છીએ. તકનિકી મોટાભાગે ભૌતિક વાતાવરણમાં પરિવર્તન લાવતી હોય છે. આ બદલાયેલા વાતાવરણ સાથે

અનુકૂલન સાધવા જતાં આપણે આપણા રીતરિવાજો અને સામાજિક સંસ્થાઓમાં ફેરફાર કરતાં જોઈએ છીએ.

જૂના જમાનામાં, તકનિકી સરળ હતી અને સમાજો પણ, પરંપરાગત રીતે સમાજની લાક્ષણિકતા માનવશ્રમ લેખાતો અને કુટુંબ એ ઉત્પાદનનો એકમ હતું. માનવ અને પ્રાણીઓના શ્રમ વડે ઉત્પાદન થતું અને તે કુટુંબના વપરાશ માટે કરાતું ન તો આર્થિક વ્યવહારો નફો મેળવવાના હેતુથી થતા અને ન તો ઉત્પાદન કરેલું બધું બજારમાં મુકાતું.

ઓગણીસમી સદીના મધ્યકાળ પછી, ઔધોગિક ક્રાંતિ અને ઔદ્યોગિકરણ ચોક્કસ માળખા તરીકે સ્થાપિત થયા. તકનિકી નજરિયાથી જોઈએ તો ઉત્પાદક સંસ્થાઓએ કેટલાક ખાસ લક્ષણો વિક્સાવ્યા. આ વ્યવસ્થામાં, વાતાવરણની અસરમાં કે તાબામાં આવવાને બદલે, માનવે વાતાવરણ પર કાબુ મેળવવા પ્રયત્નો આદર્યા. વિકેન્દ્રીકરણ, શ્રમનું સંકુલ વિભાજન, પુષ્કળ ઉત્પાદન અને ઉત્પાદનની યાંત્રિક પધ્ધતિઓ અર્થતંત્રનો પાયો બન્યા. મોટી મોટી વેપારી મંડળીઓ (કંપનીઓ) અને સહકારી મંડળો (કોર્પોરેશન) અસ્તિત્વમાં આવ્યા. જેમાંથી સમય જતાં કેટલાક આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયાં.

ઔદ્યોગિક સમાજો ઘણા સંકુલ છે અને અગાઉના સરળ સમાજો કરતાં ઘણા જુદા છે. આ સમાજોમાં

1. જૂના સમાજની શ્રમની મહત્તાને સ્થાને મૂડીનું મહત્વ :
2. કુટુંબને બદલે ઉત્પાદનના એકમ તરીકે ફેક્ટરી.
3. માનવ અને પ્રાણીઓની તાકાતને બદલે ઊર્જા સ્રોત તરીકે વરાળ, વીજળી અને આણ્વિક ઊર્જા સ્રોત તરીકે ઉપયોગ.
4. માનવ અને પ્રાણી શ્રમ ને બદલે યંત્રોનો ઉપયોગ.
5. માત્ર કૌટુંબિક વપરાશ માટે ન રહેતાં ઉત્પાદન હવે બજારમાં લેવડ - દેવડ માટે અને નફો મેળવવા માટે .
6. સ્થાનિક બજારને બદલે વૈશ્વિક બજારનો વિકાસ અને
7. વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારની સગવડોમાં સુધારો અને નાણાં આધારિત અર્થતંત્ર

આધુનિક તકનિકી અને માનવસર્જીત પરિસ્થિતિઓએ માત્ર ઉત્પાદનની વ્યવસ્થા અને પ્રમાણ જ નહી ઉત્પાદન સંબંધો પણ બદલી નાંખ્યા છે.આધુનિક ઔધોગિક સંબંધોએ વેપારી મંડળીઓ (કંપની) , સહકારી મંડળીઓ (કોન્પોરશેન્સ), આંતરરાષ્ટ્રીય કંપનીઓ, શેર બજાર, બેંક અને ઔદ્યોગિક શ્રમિકોના સંગઠનોને જન્મ આપ્યો.

## પાઠગત પ્રશ્નો-17.2

કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

અ. પરંપરાગત સમાજનું લક્ષણ.................. શ્રમ હતું. (યાંત્રિક, માનવીય)

બ. ઔદ્યોગિક સમાજમાં ઉત્પાદન .............માટે છે. (નફા, કુટુંબના વપરાશ)

ક. ઔદ્યોગિકીરણ ............... બજારના વિકાસ સુધી વિસ્તર્યુ (સ્થાનિક, વૈશ્વિક)

## 17.4 સામાજિક પરિવર્તનના સાંસ્કૃતિક પરિબળો

વિચારો, જ્ઞાન, મૂલ્યો, માન્યતાઓ, શોધ અને આદાન - પ્રદાન વગેરે સાંસ્કૃતિક પરિબળો કહી શકાય. સંસ્કૃતિએ શોધખોળ અને સંશોધનો માટેનો પાયો છે.

સમાજ વ્યવસ્થા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાંસ્કૃતિક મૂલ્યોમાંથી ઘડાયેલી હોય છે. સામાજીક જૂથના મૂલ્યો કે માન્યતામાં કોઈ પરિવર્તન આવે તો તેની અસર સામાજીક સંસ્થાઓ પર થાય છે. ઉદાહરણ તરીકે, નાના કુટુંબની સંખ્યામાં થયેલા વધારાને કારણે ભારતની કુટુંબ વ્યવસ્થામાં નોંધાપાત્ર ફેરફાર થયા છે. સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ધીમે - ધીમે ભાંગી પડી અને તેની અસર કુટુંબના આંતરિક સંબંધો પર પડી.

નવા સમાજીક મૂલ્યો અને માન્યતાઓ પણ સામાજિક પરિવર્તન લાવે છે. જૂના અને નવા મૂલ્યોનો સંઘર્ષ તદ્દન નવી મૂલ્ય પ્રણાલીને જન્મ આપે છે. જેમ કે, ભારતમાં મુઘલ સામ્રાજ્ય દરમિયાન સૂફીઓએ હીન્દીમાં લખવાનું શરૂ કર્યું. તેને પરિણામે હીન્દી સાહિત્ય વિકસ્યું. હીન્દી અને પર્સિયન ભાષાઓના મિશ્રણથી નવી જ ભાષા ઉર્દુ બની. આ નવી ભાષામાં અરેબિક શબ્દો એ પણ જગ્યા મેળવી. શક્તિશાળી મુઘલ બાદશાહોમાંના એક અકબરે રાજય - ધર્મના ખ્યાલનો પ્રચાર કર્યો અને હિંદુ તેમજ મુસ્લિમ ધર્મના સંમિશ્રણથી 'દિન - એ - ઈલાહી' નામનો ધર્મ સ્થાપ્યો. હીંદુ તેમજ મુસ્લિમ શાસકોએ બંને ધર્મના સાહિત્યકારો અને કલાકારોને પ્રોત્સાહન આપ્યું. ઈસ્લામના ધાર્મિક જ્ઞાને કબીર અને નાનક પર ઊંડી છાપ છોડી.

સામાજીક પરિવર્તન લાવવામાં સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકાને સમાજશાસ્ત્રીઓએ ધ્યાને લીધી છે. એક તરફ તેઓ ધર્મ અને સમાજના બંધારણના આંતરસંબંધોને સંસ્કૃતિના એક પાસા તરીકે મૂલવે છે અને બીજી તરફ તેઓ જુદા - જુદા ધર્મોની મૂલ્યસંહિતા અને તેની આર્થિક વ્યવસ્થા પર થતી અસર ચકાસે છે.

એક તારણ એવું છે કે હિંદુ, બૌધ્ધ અને મુસ્લિમ ધર્મના મૂલ્યો મૂડીવાદના વિકાસમાં ઉપયોગી થાય તેવી સમજ કેળવી શકતા નથી. આ ધર્મો સાથે સંકળાયેલો સાંસ્કૃતિઓ અલૌકિક બાબતોમાં વધારે રસ દાખવે છે. આથી તેઓ આર્થિક વિકાસ અને ભૌતિક પ્રાપ્તિઓને ઝાઝું મહત્વ આપતા નથી.

તેની સામે, પ્રોટેસ્ટંટ પંથના મૂલ્યો 'આ દુનિયા પર નજર રાખે છે.' એટલે કે તેમના મૂલ્યોમાં મહેનત કરવી, ધન કમાવવું, મૂડી રોકાણ કરવું. સમયપાલન અને કશુંક મેળવવાના

ઉદ્દેશ્યો પર કેન્દ્રિત થવું વગેરે જેવા દુનિયાદારીના મૂલ્યો જોવા મળે છે. પ્રોટેસ્ટંટ મૂલ્ય પ્રણાલીના આ મૂલ્યોએ પશ્ચિમી યુરોપની સંસ્કૃતિઓમાં મૂડીવાદના મૂળિયા રોપ્યાં. આમ આપણી ધાર્મિક માન્યતાઓ અને આપણી સંસ્થાઓના બંધારણ વચ્ચેના આંતરસંબંધો આપણે જોયા.

જુદા - જુદા સમાજો એકબીજાના સાંસ્કૃતિક સંપર્કમાં આવવાથી સામાજીક પરિવર્તન આવે છે. ફેલાઈ જવું એ પણ સામાજીક બદલાવનું એક મહત્વનું યાંત્રિક પરિબળ છે. યાત્રાઓ, વેપાર અને વાણિજયને કારણે લાંબા સમય સુધી ચાલેલા સંપર્ક તેમજ યુધ્ધ જેવી તાત્કાલિક ઘટનાને કારણે નવી અને કંઈક અંશે ખાનગી રાખેલી તકનિકી અચાનક બહાર પડી જાય તેવી પરિસ્થિતિઓમાં એક સમાજ બીજા સમાજના સાંસ્કૃતિક લક્ષણો અપનાવી લે છે.

જયારે સમાજ કોઈ ખાલીપો અથવા જરૂરિયાત અનુભવે ત્યારે તે સાંસ્કૃતિક મૂલ્યો તેમજ નવી તકનિકી ઉધાર લે છે અને તેને અપનાવી લે છે. વિકસીત સમાજના સાંસ્કૃતિક લક્ષણો ઉધાર લેવાની પ્રણાલી વિકાસશીલ રાષ્ટ્રો અને સમાજોમાં જોવા મળે છે કેમ કે તેઓ આધુનિક બનવા ઈચ્છતા હોય છે. વ્યકિતગત સંપર્ક અને ભિન્ન સંસ્કૃતિના સભ્યો વચ્ચેના આંતરવ્યવહાર ને પરિણામે સાંસ્કૃતિક મૂલ્યો ફેલાય છે. ગ્રીક, મુસ્લિમ અને બ્રિટિશ સાથેના લાંબા ગાળાના સંપર્કને પરિણામે ભારતીય સમાજમાં પ્રવેશેલા કેટલાક લક્ષણો તેનુ ઉદાહરણ છે. ભારતીય સંગીત અને સ્થાપત્ય પર ઈસ્લામની ઊંડી છાપ છે. ફારસી (પાર્શિયન) સંગીતની અસર હેઠળ 'ખયાલ રાગ' તેમજ તબલા અને સિતાર જેવા નવા વાદ્યો વિકસ્યાં. સ્થાપત્યમાં 'ઈન્ડો - સાર્સનિક' શૈલી શરૂ થઈ જેમાં મોકળી જગ્યાવાળા ઓરડા, ઊંચા ઝુંબેજ, કમાન અને મિનારા હોય છે. સૂફીમત પર હિંદુઓના રહસ્યવાદની ઊંડી અસર પડી. તો વળી ઈસ્લામના એકેશ્વરવાદની હિંદુ સમાજ પર અસર પડી, ખાસ કરીને કબીર જેવા ભક્તિમાર્ગી સંતો પર.

સામૂહિક પ્રસાર માધ્યમો મોટી સંખ્યામાં લોકો સુધી માહિતી ફેલાવતા હોવાથી તેઓ પરિવર્તનને વ્યાપક બનાવે છે. એક સંસ્કૃતિના તત્વોને દૂર- સદૂરના લોકોમાં ફેલાવીને પ્રસાર માધ્યમોએ પરિવર્તનની પ્રક્રિયાને વેગ આપ્યો છે. અને તેને પરિણામે સાંસ્કૃતિક આધુનિકીકરણ અસ્તિત્વમાં આવ્યું છે. આ સંમિશ્રણથી નવી સંસ્કૃતિ ઊભી થઈ છે.

જો કે નોંધવું રસપ્રદ છે કે સાંસ્કૃતિક ફેલાવાને કારણે લોકોના ભૌતિક જીવનમાં ઝડપી પરિવર્તન આવ્યું છે. પરંતુ, ધર્મ, વિચારધારા, અને માન્યતાઓ જેવા પરાભૌતિક ક્ષેત્રમાં પિવર્તન ધીમું છે.

આ ઘટના ''સાંસ્કૃતિક સુસ્તી ' તરીકે ઓળખાય છે.જયારે અ - ભૌતિક (પરાભૌતિક) સંસ્કૃતિ ભૌતિક પરિવર્તનો સાથે તાલમેલ કેળવી શકતી નથી. ત્યારે તે બે વચ્ચે ઢીલ ઊભી થાય છે. આધુનિક સમાજોમાં આ પ્રકારની ઢીલ જોવા મળે છે. અને દરેક સમાજે આવી ઢીલની વ્યવસ્થા કરવી પડે છે. જો સમાજોમાં અ - ભૌતિક પાસું ભૌતિક પરિવર્તનોને અને સામાજિક સૌહાર્દ તરફ દોરતું હોય ત્યાં બીજા કરતાં વધારે પ્રગતિની સંભાવના રહે છે.

## પાઠગત પ્રશ્નો-17.3

1. એક - બે શબ્દોમાં જવાબ આપો.

(અ) અકબરે જે ધર્મનો પ્રચાર કર્યો તે ધર્મનું નામ શું હતું ?

.....................................................................

(બ) એક સમાજમાંથી બીજા સમાજમાં રીતરિવાજોની અદલા - બદલી થાય તેને શું કહે છે ?

.....................................................................

(ક) સંસ્કૃતિના અ- ભૌતિક પાસાં કયાં છે ?

.....................................................................

## 17.5 સામાજિક પરિવર્તનના રાજકીય પરિબળો

આ વિભાગમાં આપણે સામાજીક પરિવર્તન લાવવામાં રાજ્ય અને રાજકીય વ્યવસ્થાની ભૂમિકા વિશે જાણીશું.

**કાયદાઓ** :- કાયદાઓ સમાજનાં સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન લાવવાનું સાધન છે. કાયદાઓને સરકારનું પીઠબળ હોય છે અને તેમનું પાલન કરવું ફરજ છે. આથી લોકો કાયદાઓ માનતા હોય છે.

(1) જુદી- જુદી સંસ્કૃતિ અને જુદા - જુદા રીતરિવાજો ધરાવતાં સમૂહોમાં પણ કાયદા અમુક પ્રકારના વર્તનની સમાનતા સ્થાપ્વાનું કામ કરે છે.

(2) સામાજીક દૂષણોને ડામવાનું અને સમાજના નીચલા વર્ગનો વિકાસ કરવાનું કામ પણ કાયદાથી થાય છે. ભારતમાં કાયદા સમાજના નબળા વર્ગો, ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ અતિપછાત જાતિઓના હિતોનું રક્ષણ કરે છે. સ્ત્રીઓ, બાળકો અને સમાજના વંચિત સમુદાયના હિતોનું રક્ષણ પણ કાયદો જ કરે છે.

(3) કાયદો સમાજની પુનઃ રચનાનું કામ કરે છે. સમાજની સ્થિરતા અને વિકાસ માટે નુકશાનકારક હોય તેવી જૂની રૂઢિઓ અને રીતરિવાજો ને બદલવાનો પ્રયત્ન કરે છે. જેમ કે 1829 માં સતીપ્રથાને બંધ કરાવતો કાયદો ઘડાયો. એક સદી પછી, લગ્ન માટે છોકરાની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ અને છોકરીની ઉંમર ઓછામાં ઓછી 14 વર્ષ ઠરાવતો કાયદો ઘડયો. તે પછી દહેજ આપવા કે લેવા પર મનાઈ ફરમાવતો કાયદો ઘડયો. વળી, ભારતના બંધારણની કલમ 17 વડે અશ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે અને જો કોઈ અસ્પૃશ્યતાનું આચરણ કરે તો તે સજાને લાયક ગુનો બને છે.

જ્યારે કાયદો કોઈ સમાજીક રૂઢી સાથે વિરોધમાં હોય ત્યારે સામાજીક પરિવર્તનના એક સાધન તરીકે તે ખીલી ઉઠે છે. કાયદા સામે રૂઢીએ નમવું પડે છે.

જો કે એકલા કાયદાથી સમાજને બદલી શકાતો નથી. કાયદાઓને પણ સમાજ અને લોકોનો પૂરતો ટેકો હોવો જરૂરી છે.

**લોકમત** એ પરિવર્તન માટેની એક સશક્ત પધ્ધતિ છે. એકલો કાયદો, રૂઢિઓ કે



નોંધ

માન્યતાઓને બદલી શકે નહિ. કાયદો હોવા છતાં આપણે ત્યાં હજી સતીપ્રથા, બાળલગ્ન, દહેજ અને અસ્પૃશ્યતા નાબૂદ થયા નથી. કાયદાની આ મર્યાદા હોવા છતાં સમાજમાં સામાજીક, આર્થિક અને રાજકીય પરિવર્તન લાવવા માટેનું તે કારગત સાધન તો છે જ. કાયદાની આ ભૂમિકાને સમાજશાસ્ત્રીઓ નીચે મુજબ દર્શાવે છે.

(1) પરિવર્તન સૂચક (પરિવર્તન ચીંધનાર)

(2) પરિવર્તન પ્રારંભક (પરિવર્તન શરૂ કરનાર)

(3) પરિવર્તન પૂરક ( પરિવર્તનને પુરું કરનાર)

**ચૂંટણીની ભૂમિકા**

કાયદા, ઉપરાંત, મતાધિકાર અને ચૂંટણીઓ પણ સામાજીક પરિવર્તનના મહત્વના પરિબળો છે. મતાધિકાર એ લોક શિક્ષણ માટેનું એક અગત્યનું સાધન છે અને તેને કારણે લોકોની સમસ્યા માટે જાગૃતિ ઊભી થાય છે. રાજકીય પક્ષો (દળો) અને તેના નેતાઓ પોતાના મતદારોને અગત્યની રાજકીય, આર્થિક અને સામાજીક પ્રશ્નો સમસ્યાઓ વિશે માહિતી પૂરી પાડે છે. આ ઉપરાંત, મતાધિકાર નાગરિકોમાં આત્મસન્માન અને જવાબદારીની ભાવના જગાડે છે.

(1) ચૂંટણીમાં જ કેટલાક મુદ્દા ઉછળતા હોય છે. જેને કારણે ગામ, રાજ્ય કે દેશને લગત સામાજીક, આર્થિક પ્રશ્નો ઉદ્દેશ્યો અને હેતુઓ સપાટી પર આવતા લોકોને ધ્યાને આવે છે.

(૨) રાજ્ય ચલાવનાર અને પ્રજા વચ્ચે ચૂંટણી એક રાજકીય વાતચીત - સંવાદનું માધ્યમ બની રહે છે. તે પ્રજાની માંગણીઓ પ્રત્યે શાસકોને સંવેદનશીલ બનાવનારું એક સાધન છે. ઉમેદવાર અને મતદાર વચ્ચેના આ દ્વિપક્ષી જાગૃતિ અને સંવાદને કારણે સામાજીક પરિવર્તન આવે છે.

### પાઠગત પ્રશ્નો-17.4

કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. :

(અ) સતીપ્રથા પર ............... માં પ્રતિબંધ લગાવાયો. (1828,1929)

(બ) ભારતીય બંધારણની કલમ ............ અશ્પૃશ્યતાને નાબૂદ કરે છે. (17,27)

(ક) ચૂંટણીઓ નાગરિકોમાં ............... ની ભાવના પેદા કરે છે. (ઉદાસીનતા, જવાબદારી)

## 17.6 સામાજીક પરિવર્તનના આર્થિક પરિબળો

આર્થિક પરિબળો સામાજીક પરિવર્તનના વ્યાપ અને દિશાને અસર કરે છે. આપણે સૌ પહેલાં સૈધ્ધાંતિક બાબતોનો અભ્યાસ કરીશું. તેની મદદથી પ્રાપ્ત સાબિતીઓનો ઉપયોગ કરીને આર્થિક પરિબળોની અસરનો આપણે તાગ કાઢીશું. ટૂંકમાં આપણે નીચેના મુદ્દાઓનો અભ્યાસ કરીશું.

(1) માર્કસવાદી દૃષ્ટિકોણ

(2) ઔદ્યોગિકીકરણનો પ્રભાવ

(3) હરિત ક્રાંતિ


**માર્કસનો દૃષ્ટિકોણ :-** કાર્લ માર્ક્સ સામાજીક પરિવર્તન માટેના આર્થિક સિધ્ધાંતોનો ઘડવૈયો હતો. તે માનતો કે સામાજીક બદલાવ મૂળે આર્થિક પરિબળોનું પરિણામ છે. ઉત્પાદન કઈ રીતે થાય છે તેને આધારે સમાજના સામાજીક, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજકીય પાસાં ઘડાય છે.

માનવ સમાજના વિકાસના ક્રમ તરીકે માર્કસે ખેતી, સાંમતશાહી , પૂંજીવાદ અને છેલ્લે સમાજવાદ એમ તારણ કાઢયું. સામંતશાહી પધ્ધતિની ખામીઓને કારણે મૂડીવાદ જન્મયો. મૂડીવાદની ખામીઓને કારણે સમાજવાદ ઊભો થશે. માર્કસ માનતો કે માલિક અને મજૂર એમ બે વર્ગોના હિતો ટકરાશે અને સંઘર્ષ ઉભો થશે. પૂંજીવાદી માલિકોની સામે પડેલા મજૂરો ક્રાંતિ કરશે અને પૂંજીવાદની ખામીઓ વગરનો સમાજવાદ સ્થપાશે. સમાજવાદમાં માનનારો સમાજ એક આદર્શ સમાજ હશે કેમ કે તેમાં કોઈ ભેદભાવવાળા વર્ગ નહી હોય અને તેથી કોઈ સંઘર્ષ પણ નહી હોય. વર્ગવિહીનતા અને રાજયની સત્તાની નાબૂદી એ સમાજવાદી રાજય વ્યવસ્થાના બે મુખ્ય લક્ષણો છે.

ઔદ્યોગિકરણની અસરોનો અભ્યાસ કરતી વખતે આપણને માર્કસે સૂચવેલી કેટલીક બાબતોની સાબિતઓ જોવા મળેશે.

## 17.7 ઔદ્યોગિકીકરણ ની અસર

17 મી સદીમાં યુરોપમાં શરૂ થયેલ ઔદ્યોગિક ક્રાંતિ હળવે રહીને આખી દુનિયામાં ફેલાઈ દુનિયામાં જુદા - જુદા સ્થળોએ આ ક્રાંતિ પહોંચવાની ઝડપ જુદી - જુદી રહી, પણ પરિણામ બધે એકસરખું જ આવ્યું. ઔદ્યોગિક ક્રાંતિને પગેલે આવેલી નોંધપાત્ર અને કાયમી અસરો આ મુજબ છે.



ચિત્ર

1. ઘરને બદલે ફેક્ટરીમાં ઉત્પાદન શરૂ થયું.
2. ઉત્પાદનની પ્રક્રિયામાં મૂડીનું મહત્વ વધ્યું.
3. વ્યવસાય તરીકે ખેતીને બદલે કારખાનામાં કામ કરનાર લોકોનો સમૂહ વધ્યો.
4. સમાજના તમામ વર્ગોના લોકો કારખાના સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓમાં એક યા બીજી રીતે જોડાયા.
5. મોટી સંખ્યામાં સ્ત્રીઓ ઘરમાંથી બહાર નીકળીને કામકાજી મહિલાઓ બની.
6. મજૂર - કારીગરોની માંગ વધતા ધર્મ, માન્યતા, રૂઢિઓના વાડા તૂટી પડ્યાં.
7. શહેરીકરણ ખૂબ ઝડપથી વધ્યું.
8. લોકો માટેના વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારાને પણ ઉત્તેજન મળ્યું. જેને કારણે સ્થાપિત સામાજીક માળખામાં ઝડપી પરિવર્તન આવ્યું.

આ બધા ફેરફારોએ સામાજીક સંબંધો પર ઊંડી છાપ છોડી અને કેટલાક કાયમી સામાજીક પરિવર્તનો થયા.

1. આ પ્રક્રિયાને કારણે નારી મુક્તિ થાય તે તર્કસંગત બાબત હતી. આર્થિક સ્વતંત્રતાની સાથે - સાથે પરિવારોમાં સ્ત્રીઓની ભૂમિકા બદલાઈ.
2. ઉત્પાદનના સંબંધોમાં પરિચિત વ્યક્તિઓને બદલે 'નોકરી આપનાર' અને 'નોકરી કરનાર' એવા વ્યક્તિ નિરપેક્ષ સંબંધો ઊભા થયા. વફાદારીને બદલે આવડત અને કુશળતા નોકરી મેળવવા જરૂરી લાયકાત બન્યા.
3. જ્ઞાતિપ્રથા નબળી પડી. ખાસ કરીને શહેરી જગ્યાઓ જુદા ધર્મ અને જ્ઞાતિના મજૂર - કારીગર એકબીજા સાથે કામ કરવા લાગ્યા. જો કે, નજીકના પરિવારજનોની ગેરહાજરી ચાલતાં પોતાના રાજ્ય કે જ્ઞાતિની સંસ્થા સાથેના સંબંધો ગાઢ થતા યા. એટલે કે જે સામાજીક પરિવર્તન જોવા મળે છે તે ઉપરોક્ત બે વિરોધી પ્રક્રિયાઓનું પરિણામ છે.
4. શહેરીકરણ પણ તેની સાથે કેટલાક પરિવર્તન લાવ્યું. લેવડ - દેવડનો સંબંધ ધંધાકીય બનવાથી સંબંધો વ્યક્તિ નિરપેક્ષ બનવા લાગ્યા. દવાખાના, શાળાઓ, નાના મકાનો વગેરે જેવી સવલતો એવી રીતે વિકસવા લાગી જેથી શહેરમાં રહેતી વ્યક્તિને તે અનુકુળ હોય અને વ્યકિતએ જુની સંયુકત કુટુંબની સગવડો પર આધાર રાખવો ન પડે. આ બધાને કારણે લોકો માટેના વાહન વ્યવહારની સુવિધાઓ વધી. લોકો દર સુદૂરના વિસ્તારોમાં નોકરીની યોગ્ય તક માટે જઈ શકે તેવી સગવડો થઈ.
5. શહેરના પગારદારો અને નાન ધંધા કરનારાઓમાં થયેલા વધારાએ સમાજના મધ્યમવર્ગ નામનો વિશાળ અને મજબૂત સમુદાય ઊભો કર્યો. આ વર્ગની અસર માત્ર સામાજીક સંબંધો પૂરતી ન રહેતા તેણે લોકશાહી, યોગ્યતા અને ક્ષમતા જેવા વિચારોને રાજકીય રંગ આપ્યો.

## 17.8 હરિતક્રાંતિ

યુરોપ અને ખાસ કરીને પશ્ચિમના દેશોમાં ઔદ્યોગિક ક્રાંતિ શકય બનાવનાર એક પરિબળ તે ખેતી (કષિ) કૃષિક્ષેત્રે થયે સુધારણાને કારણે જ માણસો અને મૂડી વધ્યાં તેણે ઔદ્યોગિક ક્રાંતિમાં પ્રાણ પૂર્યા. ભારતીય સંદર્ભેમાં ઔદ્યોગિક ક્રાંતિ મોટે ભાગે સરકારી નીતિને પરિણામે છે. રશિયાની પધ્ધતિઓને ધ્યાને રાખીને મોટા પાયે ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે ભારતની બીજી પંચવર્ષીય

યોજનામાં સંશોધનો ફાળવવામાં આવ્યા. ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં કૃષિ ક્રાંતિ થવી જોઈતી હતી અને આ ખોટ પાછળથી ધ્યાને આવી.

વસ્તીવધારા સાથે અનાજની માંગ પણ વધી.પોતાના નાગરિકોના પેટ ભરવા ભારતે અનાજની આયાત કરવી પડતી હતી.આ સમસ્યાને કારણે કૃષિ ક્ષેત્રે સૌનું ધ્યાન દોરયું અને કૃષિ ઉત્પાદન વધારવા અંગે પગલાં લેવાયા. આ પગલાંને પરિણામે અનાજ બાબતે ભારત આત્મનિર્ભર બન્યું. કૃષિ ક્ષેત્રે નાટકીય પરિવર્તન લાવનારા આ પગલાં 'હરિત ક્રાંતિ' તરીકે ઓળખાયા.

અહીં આપણે હરિત ક્રાંતિને કારણે સામાજીક સંબંધો પર થયેલી અસરો તપાસીશું.

ભારતના કેટલાક પસંદ કરાયેલા વિસ્તારોમાં 1960 માં હરિતક્રાંતિ અજમાવવામાં આવી. તે સમયે ઘંઉ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું અને મૂડી તેમજ તકનિકીના સંયોજન વડે ખેતઉત્પાદન વધારવાની પધ્ધતિ અપનાવવામાં આવી. આથી, જમીનની સાથે સાથે ઉધાર, મશીનો,ઊંચી ગુણવતાવાળું બિયારણ,સિંચાઈ અને રાસાયણિક ખાતર પણ મહત્વના પરિબળો બન્યા. મોટા ખેતરોને ખાસ પસંદ કરવામાં આવ્યા કેમ કે તેમાં મશીન વડે ખેતી કરવાનું સરળ પડતું હતું. તેના જોરદાર ફળ મળ્યા.અપેક્ષા કરતાં પણ વધારે અનાજ પાક્યું. આપણો દેશ ખેત પેદાશનો આયાતકાર મટીને આ વર્ષે વધેલા અનાજને ભવિષ્ય માટે સંગ્રહી શકવા સક્ષમ બન્યો. પહેલાં કરતાં પેદાશ તો ઘણી વધારે મળી પણ બધા રાજ્યો માટે અને સમાજના બધા વર્ગો માટે આ ક્રાંતિના પરિણામો હકારાત્મક જ હોય તેવું બન્યું નથી.

1. મોટા ખેતરો અને મૂડી રોકાણને મહત્વ આપતાં સમાજના સાધન સંપન્ન વર્ગને તેનો ચોખ્ખો લાભ મળ્યો. જમીન આધારિત સંબંધનું સ્થાન ઔદ્યોગિક એકમોમાં જોવા મળતા નોકીરીદાતા - કર્મચારીના સંબંધોએ લીધું.
2. હરિતક્રાંતિ દેશના કેટલાક વિસ્તારોમાં જ અમલમાં મૂકવામાં આવી હતી. આથી, જ્યાં તે અમલી બની તે વિસ્તારોને જ ફાયદો થયો. વળી, ઓરિસ્સા, બિહાર અને ઉત્તરપ્રદેશ જેવા વિસ્તારોમાંથી હરિતક્રાંતિ વાળા પંજાબ- હરિયાણામાં મોટા પાયે હિજરત શરૂ થઈ. સામાજીક વિજ્ઞાનની ભાષામાં કહીએ તો ઓરિસ્સા, બિહાર અને ઉત્તરપ્રદેશના 'કર્તા' પોતાના ગામ-ખેતરોથી વર્ષનો મોટો ભાગ માટે દૂર થઈ ગયા. આ બાબતની કુટુંબ વ્યવસ્થા પર ઊંડી અસરો પડી.
3. આ ઉપરાંત એક ખૂબ મહત્વનું પરિણામ તે રાજ્ય-રાજ્ય વચ્ચે,જમીનવાળા -જમીન વગરના વચ્ચે પહોળી થયેલી આર્થિક ખાઈ.છેલ્લે,તેમને જમીન સુધારણા કાર્યક્રમ હેઠળ વધુ જમીન મળી તેવા વચ્ચેની જ્ઞાતિના લોકોને સૌથી વધારે ફાયદો થયો છે. સમય જતાં આ જ્ઞાતિસમૂહો, રાજકારણમાં પ્રભાવશાળી બન્યા.

## પાઠગત પ્રશ્નો-17.5

1. વિધાનો સાચાં છે કે ખોટાં તે કહો.

(અ) મૂડીપતિઓ ઉત્પાદનના સંશાધનોના માલિક હતા.

(બ) ઔદ્યોગિક ક્રાંતિને કારણે ઉત્પાદન સંબંધો વધારે અવૈયકતિક બન્યા.

(ક) ઔદ્યોગિક ક્રાંતિ ને કારણે શહેરી વિસ્તારોમાં મજબૂત મધ્યમ વર્ગ ઊભો થયો.



નોંધ

(ડ) હરિત ક્રાંતિની શરૂઆત બિહાર અને ઓરિસ્સામાં થઈ.

## 17.9 સામાજીક પરિવર્તનના પરિબળ તરીકે શિક્ષણ

સામાજીક પરિવર્તનમાં શિક્ષણની ભૂમિકા ખૂબ મહત્વની છે. એક તરફ તે સંસ્કૃતિ, રિવાજો, જ્ઞાન અને આવડતોને બીજી પેઢી સુધી પહોંચાડે છે. તો બીજી તરફ તે સામાજીક પરિવર્તનનું વાહક છે. શિક્ષણ થકી નવા વિચારો અને મૂલ્યો ઊભા થાય છે અને નવી પેઢી માટે શિક્ષણ એ કશુંક મેળવવાનો ઉદ્દેશ્ય બને છે.

**એક સમાજશાસ્ત્રીએ શિક્ષણની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. : જે પેઢીને વયસ્ક બનવાને હજી વાર છે તેવી પેઢી પર વર્તમાન વયસ્ક પેઢીએ અમલમાં મૂકેલી અસરો. તત્કાલીન સામાજીક વાતાવરણ અને સમાજ બાળકમાં જે શારીરિક, બૌધ્ધિક અને નૈતિક બાબતો ઈચ્છે છે તે બાળકમાં વિકસિત કરવાના હેતુથી શિક્ષણ અપાય છે.**

આમ, આ શિક્ષણ થકી સમાજ બે ઉદ્દેશ્ય પાર પાડે છે.

1. સમાજની જરૂરિયાત પ્રમાણે વ્યકિતનું સામાજીકરણ કરવું અને તેનું તે પ્રમાણે ઘડતર કરવું.
2. માનવને સંશાધન ગણતા ઉદ્યોગો, તકનિકી ક્ષેત્રો અને આધુનિક અર્થવ્યવસ્થાની જરૂરિયાત પ્રમાણેના ખાસ કૌશલ્યો કેળવાયા હોય તેવા તાલીમ પામેલા માણસો તૈયાર કરવા.

### ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ

સામાજીક પરિવર્તનના પરિબળ તરીકે શિક્ષણની ચર્ચા કરતાં પહેલાં શિક્ષણ વ્યવસ્થાના બે મુખ્ય પ્રકારો વિશે જાણવું જરૂરી છે. આ બે પ્રકાર છે : ઔપચારિક અને અનોપચારિક.
ચોકકસ સંસ્થાકીય માળખામાં જે શિક્ષણ થાય તે ઔપચારિક શિક્ષણ અને કુટુંબ,સમાજ સાથેના આંતર વ્યવહારો તેમજ રોજિંદી ક્રિયાઓ વડે વ્યકિત જે શિક્ષણ મેળવે તે અનૌપચારિક શિક્ષણ. જયાં ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા પૂરતી ગોઠવાઈ નથી તે સમાજોમાં અનૌપચારિક શિક્ષણ આગળ પડતી ભૂમિકા ભજવે છે. ખેતી કેન્દ્રી અને આદિજાતિ સમૂહોમાં અનૌપચારિક શિક્ષણ દેખીતું વ્યાપક છે. આવા સમાજોમાં પોતાના કુટુંબીજનો પાસેથી અને દેખા - દેખી બાળકો ભાષા, રીત-રિવાજો, લોક કથાઓ, લોકગીતો, સંગીત અને પશુ ઉછેર તેમજ ખેતીવાડીના કામો જેવા કે ઉત્પાદક કામ શીખે છે.
વિકસીત સમાજોમાં પણ ઔપચારિક શિક્ષણની સાથે - સાથે બાળકો અનૌપચારિક શિક્ષણ મેળવતા જ હોય છે. જેમ કે સામાજીક કૌશલ્યો જેવા કે રીતભાત, બોલચાલની ઢબ વગેરે બાબતો કુટુંબીજનો પાસેથી અને સામાજીક પર્યાવરણના અવલોકન વડે બાળકો શીખી લેતા હોય છે.

ઔપચારિક શિક્ષણ એટલે આપણે જે જાણીએ છીએ તે આધુનિક શક્ષિણ વ્યવસ્થા તેના મુખ્ય ભાગ છે.

1. પ્રમાણિત કરેલી નિયમિત ચાલતી શાળાઓ.

2. ચોક્કસ અને નક્કી કરેલો અભ્યાસક્રમ અને

3. નિશ્ચિત નિયમો .

હવે આપણે સામાજીક પરિવર્તનના પરિબળ તરીકે શિક્ષણની ભૂમિકા જોઈએ. નીચેની વિગતોનો અભ્યાસ કરવાથી આપણે સામાજીક જીવનના જુદા - જુદા પાસાઓ પર થતી શિક્ષણની અસરો તપાસી શકીશું.

1. સામાજીકીકરણ અને સમાજનો કાબુ

2. માનવ સંશાધન વિકાસ અને સ્તર બનાવવા અને

3. રાજકીય શિક્ષણ.

## 17.10 સામાજીકીકરણ અને સમાજનો કાબુ

દરેક સમાજને ઈતિહાસ, વારસો અને સંસ્કૃતિ હોય છે જે ટકી રહેવા મથે છે. પ્રગતિ કરવા માટે સમાજ પોતાના સારુ કેટલાક ઉદ્દેશ્યો પણ નક્કી કરે છે. સામાજીક અભ્યાસક્રમ થકી સમાજ આ બંને હેતુઓ પાર પાડે છે. શાળાઓ બાળકોને સ્થાપિત મૂલ્યો ભણાવે છે અને સાથે - સાથે સમાજ અને વિશ્વની બદલાતી પરિસ્થિતિ સાથે અનુકૂળ થવાનું પણ શીખવે છે. આમ, એક તરફ બાળકો પોતાના ઈતિહાસ, સંસ્કૃતિ અને દર્શનશાસ્ત્રો ભણે છે અને બીજી તરફ વિજ્ઞાન અને તકનિકીના વિકાસની માહિતી જાણે છે અને કમ્પ્યૂટર શીખે છે.

સમાજ વ્યકિતને પોતાના ઈચ્છિત માળખામાં ઢાળવા ઈચ્છે છે. આથી આધુનિક શિક્ષણ કાયદો, માનવ અધિકારો, લોકશાહી જેવા વિષયો ના શિક્ષણ મારફતે બાળકોમાં વૈશ્વિક દષ્ટિકોણ કેળવવા પ્રયત્ન કરે છે.

શાળાના અભ્યાસક્રમ મારફતે સમાજ યુધ્ધ, ગરીબી, એઈડ્સ અને બેરોજગારી જેવા ગંભીર પ્રશ્નો પ્રત્યે બાળકોને સંવેદનશીલ બનાવવા મથે છે.

આધુનિક શિક્ષણ પરિવર્તન કેન્દ્રી છે. આથી શાળાઓ અને વિદ્યાલયોના અભ્યાસ માળખાનું સમયાંતરે પુનરાવલોકન થતું રહે છે અને બદલાતી જરૂરિયાતો પ્રમાણે તેમાં ફેરફાર પણ કરવામાં આવે છે.

## 17.11 માનવસંશાધનનો વિકાસ

માનવ સંશાધનના વિકાસ માટે શિક્ષણ પાયાનો પથ્થર છે. સમાજની અપેક્ષા પ્રમાણેના જ્ઞાન અને આવડતોમાં વ્યકિતને તૈયાર કરીને શિક્ષણ વ્યકિતઓને તેમની સામાજીક ભૂમિકા ભજવવા માટે તૈયાર કરે છે.

જૂના સમયમાં કુટુંબ જ ઉત્પાદનનું કેન્દ્ર હતું. કુટુંબના વ્યવસાય માટે જરૂરી કૌશલ્યો વ્યકિત

નોંધ

ઘરમાંથી જ શીખી લેતો. આ કૌશલ્યો સુથારી કામથી માંડીને કારીગરી, ઘરેણાં, ઘડતર, ધાતુ - ઓજાર ઘડવા, ખેતી અને ખેતીના કામો સુધીના રહેતા પણ જેમ - જેમ સમાજમાં વૈવિધ્ય અને સંકુલતા વધવા લાગ્યા. નવા વ્યવસાયો ઉભા થતા ગયા જેમાં ખાસ આવડતની જરૂર પડવા લાગી. હવે કુટુંબનો પનો અહીં ટૂંકો પડવા લાગ્યો. આથી ,શિક્ષણ વ્યવસ્થા મારફતે સમાજે બદલાતી જરૂરિયાતો સાથે તાલમેલ મિલાવવો શરૂ કર્યો.

આધુનિક શિક્ષણ સંસ્થાઓમાં દાકતરી વિજ્ઞાન, જન આરોગ્ય, ઈજનેરી, વ્યવસ્થાપન, કાયદા, અદાલતી વિજ્ઞાન, ભૌતિક ,જૈવિક, કૃષિ અને સામાજીક વિજ્ઞાન જેવા બહોળા વ્યાપમાં ફેલાયેલા વિષયો શીખવવામાં આવે છે. આમ વ્યક્તિને તેની આવડત પ્રમાણે સમાજમાં સ્થાન મળે તે શિક્ષણ સુનિશ્ચિત કરે છે. વંશપરંપરાગત વ્યવસાયોના બંધનથી મુક્ત થઈ વ્યક્તિને પોતાની ક્ષમતાઓને બીજા ક્ષેત્રોમાં અજમાવી જોવાની તક શિક્ષણ આપે છે. ‘આવડતશાહી’ ને પોષતી અને પ્રોત્સાહન આપણી શિક્ષણ વ્યવસ્થા પાત્રતા ધરાવતી વ્યક્તિઓને સમાજમાં મહત્વનું સ્થાન મેળવવામાં સહાયક બને છે.

વાહન વ્યવહાર અને તકનીકી સગવડોમાં થયેલા નાટકીય વધારાનો ટેકો મળતાં લોકો દૂરના વિસ્તારો સુધી અવર - જવર કરીને ખાસ પ્રકારનું શિક્ષણ મેળવે છે. તેમજ ચોક્કસ પ્રકારના વ્યવસાયોમાં જોડાય છે. ભારતના સોફ્ટવેર એન્જિનીયરનું પશ્ચિમના દેશોમાં મોટા પાયે થયેલું સ્થળાંતર આધુનિક શિક્ષણ વ્યવસ્થા કેવી નવી સમૃધ્ધ તકો પેદા કરી શકે છે. તેનું ચોંટડુક ઉદાહરણ છે. જો કે ધ્યાને લેવું રહ્યું કે એક તરફ આધુનિક શિક્ષણ વ્યવસ્થા અને વ્યવસાયિક સ્થળાંતર વ્યક્તિઓને આર્થિક અને સામાજીક રીતે સધ્ધર બનાવી રહ્યા છે. તો બીજી તરફ ભણેલા અને અભણ વચ્ચે અસમાનતા પણ વધી છે. વળી, એક જ કુટુંબની બે વ્યક્તિઓ બે જુદા વ્યવસાય પસંદ કરે છે અને તેને કારણે તેમનો સામાજીક મોભો પણ જુદો પડે તેવી પરિસ્થિતઓ પણ સર્જાય છે.

શિક્ષણ રાજકીય જાગૃતિ પણ લાવે છે. દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવા સરકારો નાગરિકોને રાષ્ટ્રીય હેતુઓનું શિક્ષણ આપે છે.આધુનિક શિક્ષણ વ્યવસ્થા વ્યક્તિઓમાં લોકશાહી, સ્વતંત્રતા અને સમાનતાના વિચારો ફેલાવે છે તેમજ વ્યક્તિઓને તેમના ઈતિહાસ અને સંસ્કૃતિથી માહિતગાર કરે છે. શાળાકીય અભ્યાસક્રમમાં બદલાવ લાવવા વિશે અત્યારે જે ચર્ચાઓ ચાલી રહી છે તેમાં રાજકીય વિચારધારા કેળવવામાં શિક્ષણની ભૂમિકાનો મુદ્દો મહત્વનો છે.

દરેક સમાજ માટે સામાજીક બદલાવ એ સતત ચાલતી પ્રક્રિયા છે. જૂના કે આધુનિક બધા જ સમાજ સતત ઉત્ક્રાંત થઈ રહ્યા હોય છે. આ પરિવર્તનો ક્રમિક અને ઝટ નજરે ન ચઢે તેવા હોય છે. જ્યારે આપણે બનાવોના ખાંખાખોળા કરીએ છીએ ત્યારે આ પરિવર્તનો પ્રગગપટે પકડાય છે. જો કે, અચાનક અને નાટકીય બદલાવ લાવનારા પ્રસંગો પણ સમાજમાં બનતા હોય છે.

ઈતિહાસમાં એવી ક્ષણો પણ હોય છે જ્યારે ગાંધી કે લેનિન જેવી એક એક વ્યક્તિ દેશ અને સમાજના પ્રવાહો પર જોરદાર અસર કરી જાય છે.

## પાઠગત પ્રશ્નો-17.6

1. એક- બે વાકયોમાં જવાબ આપો.

(અ) શિક્ષણની વ્યાખ્યા જણાવો.

(બ) ઔપચારિક શિક્ષણના લક્ષણો કયા છે ?

(ક) શાળાકીય અભ્યાસક્રમ બાળકોનું સામાજીકરણ કઈ રીતે કરે છે ?

## તમે જે શીખ્યા

- સામાજીક પરિવર્તન એ દરેક સમાજમાં સતત ચાલતી અનંત પ્રક્રિયા છે. તે ક્રમિક અને ઝટ નજરે ન ચઢે તેવી પણ હોઈ શકે અને અચાનક અને નાટકીય પણ હોઈ શકે.
- તકનીકી વિકાસ, વસ્તીવિષયક બદલાવ, સાંસ્કૃતિક સુમેળ, અર્થવ્યવસ્થા અને શિક્ષણ જેવા પરિબળો સમાજના પાયાના સંબંધો પર અસર કરે છે અને તેને લઈને સામાજીક પરિવર્તન આવે છે. આ બધા પરિબળો ભેગા મળીને ક્રમિક અથવા સમાંતર પરિવર્તન લાવતા હોય છે.
- વસ્તીની સંખ્યા અને ગીચતામાં થતા પરિવર્તનોની સામાજીક સંબંધો પર ઘણી મોટી અસર પડે છે. આપણે જે સામાજીક પરિવર્તન જોઈએ છે. તેનું મુખ્ય કારણ પણ વસ્તીવિષયક ફેરફારોમાં જ રહેલું છે.
- તકનીકી આપણા પર્યાવરણમાં ફેરફાર લાવે છે. સમય જતાં આપણે આ ફેરફાર અપનાવીએ છીએ અને એમ આપણા સમાજમાં બદલાવ આવે છે. આ પરિવર્તન મોટે ભાગે ભૌતિક વાતાવરણમાં થાય છે. પણ તેની સાથે અનુકૂલન સાધવા આપણે જે પ્રયત્નો કરીએ છીએ તે આપણી સાંસ્કૃતિક અને સામાજીક સંસ્થાઓમાં ફેરફાર લાવે છ.
- પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાંસ્કૃતિક મૂલ્યો પરથી સમાજ વ્યવસ્થિત ઘડાયેલી હોય છે. સમાજના કોઈ જૂથના મૂલ્યો કે વિચારસરણીમાં પરિવર્તન આવે તો તેની અસર સામાજીક સંસ્થાઓ પર પડે છે. નવા સામાજીક મૂલ્યો અને માન્યતાઓ પણ સામાજીક પરિવર્તન લાવે છે.
- કાયદાઓ, લોકમત અને ચૂંટણી પણ સામાજીક પરિવર્તનના પરિબળો છે.
- ઉત્પાદન પધ્ધતિમાં થતા ફેરફારો ઉત્પાદન સંબંધો પર અસર કરે છે. અને સામાજીક પરિવર્તન લાવે છે. જ્ઞાતિ પ્રથાની નાબૂદી અને સ્ત્રી સશક્તિકરણ બાબતે ઔદ્યોગિકકરણે ખૂબ મોટી ભૂમિકા ભજવી તે જ રીતે, ચોકકસ રાજ્યો અને જ્ઞાતિઓને સમૃધ્ધ બનાવીને હરિતક્રાંતિએ પણ સામાજીક પરિવર્તન આણ્યું છે.

- માનવ સંશાધન વિકાસ, સ્તરીય ગોઠવણ અને રાજકીય શિક્ષણ આપીને શિક્ષણ સામાજીક પરિવર્તનનું વાહક બને છે. શિક્ષણને કારણે ઊભા થયેલા નવા વિચારો અને મૂલ્યો નવી પેઢી માટે શિક્ષણ મેળવવા ઉદ્દેશ બને છે. શિક્ષણ નવી પેઢીમાં જીજ્ઞાસા પેરાવે છે. જે સમય જતાં સામાજીક પરિવર્તનનું કારણ બને છે.

## પાઠાંત પ્રશ્નો

1. સામાજીક પરિવર્તન પર વસ્તીની અસરો વર્ણવો.
2. સાદા સમાજ કરતાં ઔદ્યોગિક સમાજ કઈ રીતે જુદો પડે છે.
3. સામાજીક બદલાવના કારક તરીકે સામાજીક સુમેળ સમજાવો.
4. સામાજીક પરિવર્તનમાં ચૂંટણીની ભૂમિકા સમજાવો.
5. ઔધોગિકીકરણના સામાજીક - આર્થિક પરિણામોની ચર્ચા કરો.

## પાઠગત પ્રશ્નોના

| | | | | |
|---|---|---|---|---|
| **17.1** | અ. સત્ય | બ. અસત્ય | | |
| **17.2** | અ. જાતે | બ. લાભ | ક. દુનિયા | |
| **17.3** | અ. દિન - એ - ઈલાહી | બ. વિતરણ | ક. ધર્મ, વિચારસરણી, માન્યતા | |
| **17.4** | અ. 1829 | બ. 17 | ક. જવાબદારી | |
| **17.5** | અ. સત્ય | બ. સત્ય | ક. સત્ય | ડ. અસત્ય |

**17.6**

1. શિક્ષણનું કાર્ય બાળકમાં સમાજ જેની અપેક્ષા રાખે છે એવી શારીરીક, બૌધિક અને નૈતિક ક્ષમતાઓનો વિકાસ કરવાનો છે.
2. ઔપચારિક શિક્ષણના લક્ષણો આ પ્રમાણે છે.
   - ★ નિયમિત અને માન્ય શાળા
   - ★ વ્યવસ્થિત રીતે નક્કી કરેલું ચોક્કસ વિષય વસ્તુ
   - ★ ચોક્કસ નિયમો અને ધોરણો
3. શાળામાં અભ્યાસક્રમના માધ્યમથી બાળકોને જગતના વાસ્તવિક પ્રશ્નો જેવા કે યુદ્ધ, ગરીબી, બેરોજગારી વગેરેનો AIDS, પરિચય કરવામાં આવે છે.

# 18

# સામાજિક પરિવર્તનની પ્રક્રિયાઓ

માનવ સમાજમાં સતત પરિવર્તન થતું રહ્યું છે. તમે તમારા જીવનમાં, તમારા પરિવારમાં અને તમારી આસપાસના પરિવર્તન થતાં જોયું અનુભવ્યું હશે. તમારા પરિવારના કેટલાક સભ્યો તેમનું વતન છોડીને શહેરી વિસ્તારોમાં સ્થાયી થયા હશે. તેવી જ રીતે, કેટલાકે પોતાનો ખેતીનો વ્યવસાય મૂકીને કારીગીરી કે નોકરી અપનાવ્યા હશે. તમારા દાદા - દાદી, કાકા - કાકી, માતા - પિતા, પિતરાઈ ભાઈ - બહેન પહેલાં સંયુકત કુટુંબમાં એક જ મકાનમાં રહેતા હશે. અને હવે તેઓ જુદા - જુદા મકાનમાં નાના -સ્વતંત્ર કુટુંબ તરીકે રહેતા હશે. આમ, પરિવર્તન માત્ર વ્યવસાયોમાં જ નહી કુટુંબ વ્યવસ્થામાં પણ થાય છે.

હજી હમણાં સુધી લોકો પારંપરિક વેશભૂષા કરતા જોવા મળતા હતા. પણ એ ગામ હોય કે શહેર, કપડાં પહેરવાની રીત એક સરખી બની ગઈ છે. કપડાં બનાવવા માટે ઉપયોગમાં લેવાતા દોરા અને બીજી સામગ્રી પણ હવે બધે સરખાં થઈ ગયા છે.આજની સામાજિક સંસ્થાઓ પણ આપણા વડીલોના સમયે હતી તેવી રહી નથી. જૂના સમયે સામાજિક સંસ્થાઓનું જે સ્વરૂપ હતું સમૂળરૂ બદલાઈ ગયું છે. આપણે આપણી આસપાસ નજર દોડાવીએ તો દરેક દરેક ક્ષેત્રમાં ફેરફારો થઈ રહેલા જણો. જે તરત જ પકડી શકાય તેવા નથી હોતા. જેમ કે, કોઈ એક ઔધોગિક એકમમાં ફેકટરી, મીલ વગેરે બદલાતા નોકરિયાત અને નોકરી આપનારના સંબંધો.

આથી, એક વિષય તરીકે બદલાવ,તેના કારણો અને તેના પરિણામોનો અભ્યાસ કરવો એ એક મહત્વની બાબત છે. આ પાઠમાં આપણે સામાજિક પરિવર્તનના નીચેના મુદ્દાઓને ધ્યાને લઈશું.

## હેતુઓ

આ પાઠને વાંચ્યા પછી તમે :

- સામાજિક પરિવર્તનનો અર્થ સમજી શકશો.
- સામાજિક પરિવર્તન સાથે સંકળાયેલા પારિભાષિક શબ્દો સમજાવી શકશો.
- સામાજિક પરિવર્તન માટેના પરિબળો ઓળખી શકશો. અને
- સામાજિક બદલાવના સિધ્ધાંતો અને પરિવર્તનની ભાત વર્ણવી શકશો.

## 18.1 ''સામાજિક પરિવર્તન''નો શબ્દાર્થ

સામાજિક પરિવર્તન પરિભાષામાં બે શબ્દો : સામાજિક અને પરિવર્તન આ બે શબ્દોનો અર્થ સમજવા જરૂરી છે. સામાજિક પરિવર્તન એટલે કોઈ વ્યક્તિ અથવા કોઈ ભૌતિક પદાર્થોમાં સમય સાથે આવેલો ફેરફાર. 'સામાજિક'

શબ્દને બે રીતે ધ્યાને લેવામાં આવે છે. : એક રીત છે. સમાજ અને સામાજિક સંસ્થાઓના સંદર્ભે અને બીજી રીત સંસ્કૃતિના સંદર્ભે કેટલાક સમાજશાસ્ત્રીઓનું બીજું જૂથ કહે છે કે કોઈ સંસ્કૃતિનું સર્જન કે નાશ થવો તે સામાજિક પરિવર્તન.

તેમના મતે સામાજિક બદલાવ એ સાંસ્કૃતિક પરિવર્તનનો એક ભાગ છે. અને તેનમાં વિજ્ઞાન અને તકનીકી ફેરફારો, સામાજિક સંસ્થાઓના મૂલ્યોમાં આવેલા બદલાવ વગેરેનો સમાવેશ થાય છે. ટૂંકમાં,કોઈ પણ સામાજિક પ્રક્રિયા અને સામાજિક આંતરવ્યવહારમાં થતા કોઈ પણ પ્રકારના ફેરફારને સામાજિક ફેરફાર કહી શકાય. ''લોકોના જીવન અને સમાજના વ્યવહારોની આવેલી જૂની રીતમાં ફેરફાર અથવા જૂનાને બદલે તદન નવી રીતનો અમલ'' કરાવનાર એક માધ્યમ કે પરિબળ તરીકે પણ સામાજિક પરિવર્તનને ઓળખી શકાય.

બદલાતા પ્રવાહોની અસરો વચ્ચે સમાજ ટકેલો હોય છે. જેમ કે, ભૌતિક સાધનો અને ટેકનોલોજી ફેલાવને કારણે મૂલ્યો અને વિચારધારાઓ બદલાયા કરે છે. આ બદલાવને પરિણામે સામાજિક સંસ્થાઓના માળખા અને રીતભાત બદલાયાં છે. આધુનિક સામાજિક પરિબળોની અસર બદલાયેલી કુટુંબ વ્યવસ્થામાં સ્પષ્ટ જોવા મળે છે. ભારતભરમાં સંયુકત કુટુંબ વ્યવસ્થાની પ્રણાલી હતી. કુટુંબનો વડો સર્વ સત્તાધીશ રહેતો અને તે કુટુંબના સભ્યોમાં કામની વહેંચણી કરતો. આ જૂની વ્યવસ્થાને બદલે હવે નાના કુટુંબની વ્યવસ્થા ઝડપભેર ફેલાઈ રહી છે. કુટુંબના જોડાણો અને કુટુંબમાં કોઈ એક વ્યક્તિ સર્વસત્તાધીશ હોવાની બાબતો હવે ઢીલી પડી રહી છે. આ ફેરફારોની અસર કેટલીક મૂળભૂત બાબતો પર પણ વર્તાય છે. જેમ કે, આ પ્રકારના ફેરફારોને કારણે કુટુંબના સભ્યોની ભૂમિકા બદલાય છે.

જો કાર્યપ્રણાલી બદલાય હોય તો તેને અર્થ એમ થાય કે માળખું પણ બદલાયું છે. સ્પર્ધાત્મક આર્થિક વ્યવહારો અને શિક્ષણનો વ્યાપ વધવાથી ભારતમાં આપણે અપેક્ષા રાખી હતી કે વર્ણ - વ્યવસ્થાને બદલે વર્ગવ્યવસ્થા સ્થપાય.(કાર્યપ્રણાલી બદલાય એટલે માળખું પણ બદલાય.) પણ,

વર્ણવ્યવસ્થા સમૂળગી દૂર નથી થઈ. જ્ઞાતિવ્યવસ્થાની ભૂમિકામાં માત્ર થોડો જ ફેરફાર થયો છે. જો કે, હવે નોકરી - વ્યવસાય જ્ઞાતિ આધારિત રહ્યા નથી. કોઈ પણ વ્યક્તિ કોઈપણ કામ કરવા સ્વતંત્ર છે. જ્ઞાતિને આધારે કામનો પ્રકાર નક્કી થતો નથી. આજે આપણે જોઈએ છીએ કે ઉચ્ચ જ્ઞાતિના લોકો હવે એવા વ્યવસાય અપનાવવા માંડયાં છે જે પહેલા નીચી જ્ઞાતિના લોકો જ કરતા.



આકૃતિ. 1 : વ્યવસાયો હવે જ્ઞાતિ આધારિત નથી.

## પાઠગત પ્રશ્નો-18.1

કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. જ્યારે કોઈ પદાર્થ ગતિમાં ન હોય ત્યારે તેને ............. કહેવાય. (ગતિશીલ, સ્થિર, પરિવર્તનશીલ)
2. સામાજિક પરિવર્તન.......... ગણાય. (ક્રાંતિકારી, મૂલ્ય નિરપેક્ષ, ઈચ્છિત)
3. સામાજિક પરિવર્તન એટલે સામાજિક .............માં બદલાવ અથવા વૈવિધ્યતાનો ઉમેરો. (ક્રિયા, પ્રતિક્રિયા આંતરક્રિયા)
4. સામાજિક પરિવર્તન એટલે સમાજના સંસ્થાકીય અને ........... વર્તનમાં ફેરફાર. (ઐતિહાસિક, આર્થિક, બંધારણીય)
5. .................... ના બદલાતા પ્રવાહો વચ્ચે સમાજ ટેકેલો છે. (વાતાવરણ, વિચારધારા, વિશ્વ)

## 18.2 સામાજિક પરિવર્તનના લક્ષણો

**સામાજિક પરિવર્તન વૈશ્વિક છે. :** દરેક સમાજ એક યા બીજી રીતે બદલાતો હોય છે. બાહ્ય પરિબળો અને જરૂરિયાત પ્રમાણે જીવનની રીતો, સામાજિક સંસ્થાઓ અને સંસ્કૃતિ સતત બદલાતાં રહે છે.

સામાન્ય રીતે સામાજિક પરિવર્તન રોકવું અશક્ય છે, તે આખી દુનિયામાં (વૈશ્વિક) થાય છે અને તે થવાથી એક ભાત - પધ્ધતિ હોય છે. સામાજિક પરિવર્તન એ આધુનિક બાબત નથી. અમુક પ્રકારના અને ચોક્કસ પ્રમાણના પરિવર્તનને પરિણામે જ માણસનું અસ્તિત્વ શક્ય બન્યું,

જો કે વર્તમાન સમાજોમાં પરિવર્તન ખૂબ ઝડપથી અને અવારનવાર થતું રહે છે.

**સામાજિક પરિવર્તન એકધારું હોતું નથી :** સામાજિક પરિવર્તન બધા જ સમાજોમાં થતું હોય છે. પણ તેનું પ્રમાણ સમય અને સ્થળ પ્રમાણે જુદું - જુદું હોય છે.સમય,સ્થળ અને સંદર્ભ સાથે સામાજિક પરિવર્તનને ગાઢ નાતો છે. સામાજિક પરિવર્તન આ બાબતો પર આધારિત હોય છે. જે તે સમાજનો સ્વભાવ, નવી શોધખોળો અપનાવવાની લોકોની તત્પરતા (નવા સામાજિક માળખાં, સામાજિક સંસ્થાઓ વગેરે).

**સામાજિક પરિવર્તન હેતુપૂર્વકનું હોય છે :** સમાજને કોઈ ચોક્કસ દિશાએ દોરવાના હેતુથી ખાસ પ્રોત્સાહન આપીને પણ સામાજિક પરિવર્તન લાવવામાં આવતું હોય છે. આદિ માનવે ફળ વીણનાર તરીકે શરૂઆત કરી. ત્યાંથી માંડીને ખેતી અને હવે સિંચાઈ અને એક સાથે અનેક પ્રકારની ખેતી સુધી આપણે પહોંચ્યા છીએ.ઔદ્યોગિક વિકાસ થાય તે માટે ઊર્જાનો કાર્યક્ષમ ઉપયોગ માટેની નવી રીતો વૈજ્ઞાનિકો શોધતા રહ્યા છે.બાયોગેસ માત્ર રાંધવા માટે જ નહિ, ગામડાઓમાં વીજળી માટે પણ ઉપયોગમાં લેવાવો શરૂ થયો. શરીરના લગભગ દરેક અંગનું દાક્તરો ઓપરેશન કરતા થયા છે. તકનિકી સંશોધનોએ માનવીય શક્યતાઓના સિમાડા વિસ્તારી દીધા છે અને માણસ ચંદ્ર પર પગ મૂકી આવ્યો છે. છોકરા - છોકરીના સહશિક્ષણને કારણે શહેરી વિસ્તારોમાં આંતરજ્ઞાતીય લગ્નોનું પ્રમાણ વધી રહ્યું છે.ગામડાઓમાં આવા યુગલોનો બહિષ્કાર કરવાનું કે સજા કરવાનું વલણ જોવા મળે છે.

**પરિવર્તનનો સમયગાળો જુદો - જુદો હોય છે. :** આ વાકયનો અર્થ એમ થાય છે કે પરિવર્તન ઝડપી કે ધીમું, સતત અથવા અચાનક , લાંબાગાળાનું કે ટૂંકાગાળાનું હોઈ શકે છે. આમ,તે સમયના ચોક્કસ માળખમાં થતું હોય છે. કેટલાક પરિવર્તનો ટૂંકા ગાળામાં થાય છે. જ્યારે કેટલાક પરિવર્તનો થતાં સદીઓ વહી જાય છે. હરિત ક્રાંતિને કારણે સારું ઉત્પાદન આપણા બીજ અને એક સાથે એક કરતાં વધારે જાતના પાક લેવાની રીત એક જ દશકામાં લોકપ્રિય બની. સ્ત્રીશિક્ષણ અને માહિતી તકનીક (ઈન્ફોર્મેશન ટેકનોલોજી) ને કારણે ઝડપી પરિવર્તન આવ્યા છે.

**સામાજિક પરિવર્તન મૂલ્ય નિરપેક્ષ છે :** સામાજિક પરિવર્તનને સારું કે ખરાબ, ઈચ્છિત કે અનિચ્છિત એમ કહી ન શકાય, કેમ કે તે મૂલ્ય નિરપેક્ષ છે. સારુ અને ખરાબ વ્યકિતલક્ષી ધોરણો છે. : જુદા - જુદા વ્યકિતઓ , જૂથ, સમાજો માટે તે જુદા - જુદા હોય છે.જેમ કે સ્વતંત્રતા પછી ભારતીય સમાજમાં કેટલાક પરિવર્તનો આવ્યાં છે. કેટલાક લોકો કહે છે કે ઔદ્યોગિક વિકાસની સાથે તેમનું જીવનધોરણ સુધર્યું છે. જયારે કેટલાક કહે છે કે ઔદ્યોગીકીકરણને કારણે તેમને પોતાના વ્યવસાય ખોવો પડયો અને ઉપરથી પ્રદૂષણ વધ્યું છે.આવા વ્યકિતલક્ષી મંતવ્યોને સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં ઝાઝું મહત્વ આપવામાં આવતું નથી જેનાં કારણે સામાજિક પરિવર્તન મૂલ્ય નિરપેક્ષ છે.

### પાઠગત પ્રશ્નો-18.2

વિધાનો સાચાં છે કે ખોટા તે દર્શાવો.

1. બધા સમાજોમાં સામાજિક પરિવર્તનનું પ્રમાણ એકસરખું હોય છે. (સાચું/ખોટું)
2. સામાજિક પરિવર્તન એ વૈશ્વિક પ્રક્રિયા છે. (સાચું/ખોટું)
3. સામાજિક પરિવર્તન ટૂંકા ગાળામાં થઈ જાય તેની પણ નોંધ લેવામાં સદીઓ વહી જાય. (સાચું/ખોટુ)
4. સામાજિક પરિવર્તન સારું કે ખરાબ, ઈચ્છિત કે અનિચ્છિત હોઈ શકે. (સાચું/ખોટુ)

## 18.3 સામાજિક પરિવર્તન સાથે સંકળાયેલા પારિભાષિક શબ્દો

જ્યારે આપણે પરિવર્તનની વાત કરીએ છીએ ત્યારે તેની સાથે કેટલીક પરિભાષા અને વસ્તુઓ જોડાયેલા હોય છે. સામાજિક વિકાસ સાથે 'ઉત્ક્રાંતિ' અને 'પ્રગતિ' અહીં આપણે પરિભાષાઓ. અને 'પ્રગતિ' જેવા પારિભાષિક શબ્દો સંકળાયેલા છે. અહીં આપણે તે શબ્દોની સાથે ક્રાંતિ અને વિકાસ જેવા પારિભાષિક શબ્દોની પણ જાણકારી મેળવીશું .

### 18.3.1 ઉત્ક્રાંતિ

ઉત્ક્રાંતિ એટલે વૃદ્ધિ કરતાં કંઈક વિશેષ, વૃદ્ધિનો અર્થ થાય કદ અને ગુણમાં જોઈતો ફેરફાર. ઉત્ક્રાંતિ એટલે માત્ર કદમાં જ નહિ, માળખામાં પણ આંતરિક ફેરફાર. ઉત્ક્રાંતિ વૃદ્ધિની એવી પ્રક્રિયા છે. જેમાં રીતિરિવાજો અને જુદા -જુદા માળખામાં વધારો થાય છે અને એ રીતે સમાજની સંકુલતા પણ વધે છે. તે જુદા - જુદાં ભાગોની એકબીજા પર આધાર રાખવાની જરૂરિયાત પણ સૂચવે છે. ટૂંકમાં ઉત્ક્રાંતિ એટલે કોઈ ચોક્કસ દિશામાં લઈ જતા સતત થઈ રહેલા ફેરફારોની અભિવ્યક્તિ. તેની દિશા કોઈ એક ચોક્કસ લીટીમાં, સુરેખ નથી.એટલે કે તે સરળથી સંકુલ કે નાનાથી મોટી એમ જ નથી હોતી.પરિવર્તન તો ચારેય બાજુએ થાય છે.જૈવિક ઉત્ક્રાંતિ સરળથી સંકુલ તરફની અભિવ્યક્તિ છે, જેવી રીતે સજીવો ઉત્ક્રાંત થયા છે તેમ ઘણા સમાજશાસ્ત્રીઓ સમાજને જૈવિક સંરચના સાથે સરખાવે છે અને તે દષ્ટિકોણથી સામાજી ઉત્ક્રાંતિ સમજાવે છે. તેનો અર્થ એમ થાય કે સામાજિક ઉત્ક્રાંતિ એટલે પર્યાવરણ સાથે અનુકૂલન સાધવું, આવડતો વધારવી અને તેના પરિણામે વધેલા વિકાસાત્મક તફાવતો વધે. લોકો પોતાના રહેઠાણ કેવી રીતે બાંધે છે. એ તપાસીએ તો ઉપરની વિગત સ્પષ્ટ સમજાય.

> આમ ઉત્ક્રાંતિ ઉલટાવી ન શકાય તેવી પ્રક્રિયા છે. તેની દિશા સંકુલતાથી સરળતા તરફ વાળી કહી શકાય તેવી નથી.

જૂના જમાનામાં,લોકો પોતાના કુટુંબીજનોની મદદથી,પોતાનું રહેઠાણ બનાવતા તે માટે જરૂરી

સાધન - સામગ્રી તેઓ પોતાની આસપાસના પર્યાવરણમાંથી જ મેળવી લેતો. પાછળથી, તેમણે કામની રીતમાં સુધાર કર્યો. સમય જતાં તકનિકી સગવડો ઉમેરાઈ અને નવા સાધનોનો ઉપયોગ શરૂ થયો આ સાથે કડિયા, સુથાર, પ્લમ્બર, ઈલેક્ટ્રીશીયન વગેરે જેવા વિશેષ આવડતાવાળા કારીગરોની જરૂરી ઊભી થઈ. આ તબક્કે, વરસાદ, વાતાવરણ અને ભૌગોલિક પરિસ્થતિને ધ્યાને રાખી લોકોએ મકાન બાંધવા જરૂરી સામગ્રી વાપરવી શરૂ કરી. આદીકાળથી માનવ સમાજની ઉત્ક્રાંતિનો ક્યાસ લગાવવા પણ આ વાતને ઉપયોગમાં લઈ શકાય. મૂળભૂત રીતે, માનવો અનાજ કે ફળ વીણનારા હતા. તેમાંથી જૂથમાં શિકારે જનારા સમૂહ બન્યા. પ્રાણીઓ અને વનસ્પતિઓ પાળતા શીખ્યા. તે સાથે શરૂ થઈ ખેતી . તે પછી ખેતીની નવી રીત અજમાવવાનો અને નિયમિત ખેતી સાથે સ્થાયી જીવનનો તબક્કો આવ્યો. છેવટે માણસ ઔદ્યોગિક તબક્કામાં પ્રવેશ્યો. આવું જ ચલણ સામાજિક સંસ્થાઓ, કાયદાઓ , માપદંડો અને સામાજિક સંસ્થાઓની ઉત્ક્રાંતિમાં પણ જોવા મળે છે. ઉત્ક્રાંતિ વ્યવસ્થા તંત્રમાં થયેલા ચોક્કસ ક્રમિક ફેરફારો પણ સૂચવે છે. જો કે, માનવના જ્ઞાનમાં વધારો થતાં સામાજિક ઉત્ક્રાંતિ એક સીધી લીટીમાં ન રહેતા જુદી - જુદી દિશાઓમાં શાખાની જેમ ફેલાતી જાય છે.

## 18.3.2 ક્રાંતિ

પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થા અને વ્યવસ્થા તંત્રનો અચાનક સમૂળગું ઉથલાવી દેવું એટલે ક્રાંતિ. તેનું ટૂંકા ગાળામાં આવેલું પરિવર્તન. એ ક્રાંતિનું લક્ષણ છે. તે હાલની વ્યવસ્થા કરતાં સાવ જ જુદી અને નવી વ્યવસ્થા સ્થાપે છે. જેમે કે ફ્રાંસની ક્રાંતિ એ રાજાના શાસનને એક ઝાટકે ખતમ કરી દીધું અને લોકશાહીની સ્થાપના કરી ભૂખ્યા અને ગરીબ લોકોએ સત્તા પર બેઠેલાઓ પર હુમલો કર્યો અને તેમને સાફ કરી દીધા.

> નજીકના ભૂતકાળમાં મહાત્માગાંધીને સાચા ક્રાંતિકારી કહી શકાય. શોષણ સામે તેમણે સફળતા પૂર્વક વિરોધ કર્યો અને અંગ્રેજ સત્તાને ઉથલાવી.

**સામાન્ય રીતે ક્રાંતિનો ઉદેશ્ય શોષણખોર અને જુલમી વ્યવસ્થામાંથી લોકોને મુક્ત કરવાનો હોય છે. અસંતોષના મુખ્ય કારણને દૂર કરીને તે લોકોની સામાજીક, સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક મુશ્કેલીઓ દૂર કરે છે.**

જો કે ચળવળો જૂની પારંપરિક પધ્ધતિઓની પુનઃસ્થાપના માટે થતી હોય છે. તેમને પ્રતિક્રાંતિ કહેવામાં આવે છે. જેમ કે, વેદોનો અભ્યાસ કરવા પર ભાર મૂકવા પાછળનો હેતુ પારંપરિક મૂલ્યોની પુનઃ સ્થાપનાનો છે. આ ચળવળ સામાજિક જવાબદારીઓ પ્રત્યે સારી લાગણી કેળવવા પર તેમજ સ્ત્રી -પુરૂષ સમાનતા પર ભાર મૂકે છે.

## 18.3.3 પ્રગતિ

આ પરિભાષા ભૂતકાળની સરખામણીએ વર્તમાનને જુએ છે. તે સાપેક્ષ વિચાર છે. પ્રગતિ એટલે સામાજિક બદલાવ નથી.

માનવીએ બદલાવ/ફેરફારને પ્રયત્ન પૂર્વક કઈ દિશામાં વાળ્યો , 'પ્રગતિ' તે બાબત સૂચવે

છે કે આ વિગત એમ સૂચવે છે કે આદર્શ ઉદ્દેશ્યો અને સીમાચિહ્નો અગાઉથી નક્કી કરાયેલાં છે. તેનો અર્થ એમ પણ થાય કે હજી અંતિમ લક્ષ્યે પહોંચવાનું બાકી છે. તેથી ચોક્કસ દિશા તરફી ચળવળ કરવી રહી. આમ કોઈ અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાની ચળવળ થાય છે તેને પ્રગતિ નામ આપી શકાય. બીજી રીતે કહીએ તો પ્રગતિ એટલે કેટલાક અપેક્ષિત ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે નિશ્ચિત દિશામાં થયેલા ફેરફારો. અપેક્ષિત અને લોકપ્રિય મૂલ્યોનું અમલીકરણ પણ પ્રગતિ કહી શકાય. કહી શકાય કે, જો અપેક્ષિત દિશામાં સામાજિક પરિવર્તન થાય તો તેને 'પ્રગતિ' કહેવાય. આ પરિભાષામાં મૂલ્ય અને ચુકાદો સમાયેલો છે.

શરૂઆતમાં અર્થતંત્ર અને સંદેશા વ્યવહારની વ્યવસ્થાઓ જેવી ટેક્નોલોજી બાબતોમાં થયેલ પ્રગતિને આધારે 'પ્રગતિ' નક્કી કરવામાં આવતી. પરંતુ પાછળથી લાગ્યું કે માત્ર આ વિગતોને આધારે પ્રગતિનું મૂલ્યાંકન કરી શકાય નહી. એક ક્ષેત્રમાં થતો વિકાસ બીજા ક્ષેત્રો સાથે સંકળાયેલો છે. અને બીજા ક્ષેત્રો પર આધારિત પણ છે. આમ, ધ્યાને આવ્યું કે 'પ્રગતિ' એ એક સંકુલ બાબત છે. ખાસ કરીને માનવ વિકાસનું દરેક ક્રમિક પગલું એ પ્રગતિ છે. તે જ રીતે, કોઈ પણ સંસ્થાની સંકુલતામાં વધારો અથવા કામની આયોજનપૂર્વકની વહેંચણી પણ પ્રગતિ જ કહેવાય. આમ,પ્રગતિ એટલે માત્ર સરળતાથી સંકુલતા તરફની ગતિ નહિ, તેમાં બીજા ઘણા પાસાં જોડાયેલાં છે.

ટૂંકમાં, પ્રગતિ બે પરિબળો પર આધારિત છે. :લક્ષ્યનો પ્રકાર અને લક્ષ્ય અને વર્તમાન પરિસ્થિતિ વચ્ચેનું અંતર.ભૌતિક સુવિધાઓ,વ્યકિતગત ક્ષમતામાં વધારો,માનવજીવનની પરિસ્થિતઓ પર વધુ કાબુ, સામાજિક કક્ષાએ વ્યવસ્થા અને સંવાદિતા તેમજ માનવીય સુખને હવે પ્રગતિના માપદંડો ગણવામાં આવે છે. આથી, જયારે આપણે કહીએ કે અમે પ્રગતિ કરી રહ્યા છીએ. ત્યારે આપણા કહેવાનો અર્થ એમ થાય કે આપણો સમાજ ભૌતિક તેમજ મૂલ્યોની રીતે ફૂલીફાલી રહ્યો છે. કોઈ ધોરણો વગર આપણે પ્રગતિ વિશે કશું કહી શકીએ નહી. વળી, આપણે જાણીએ છીએ. કે 'ધોરણો' વ્યકિતમૂલક હોય છે. કેમ કે એક સામાજિક પરિવર્તનને જુદી - જુદી વ્યકિતઓ જુદા - જુદા દષ્ટિકોણથી મૂલવતી હોય છે. કેટલાકને પ્રગતિ લાગતી હોય તે બાબત બીજા કેટલાકને ઔધોગિક ાગતી હોઈ શકે છે. જેમ કે, છોકરા - છોકરીઓ હવે ભળે તેમાં કેટલાક સુધારો લાગતો હોય જયારે કેટલાકને તેમાં મૂલ્યોની સાંસ્કૃતિક પડતી જણાતી હોય ટૂંકમાં, બધાને સહમત હોય તેવા ચોક્કસ અને સ્પષ્ટ ધોરણો નક્કી કવા અઘરું કામ છે. તેને પરિણામે, બધા સમાજ, સંસ્કૃતિ અને દરેક સમયને લાગુ પાડી શકાય તેવી પ્રગતિની સંકલ્પના ઘડવી મુશ્કેલ છે. એવું તો શકય નથી કે માણસને જે જોઈએ તે બધી સગવડો શાધાઈ ગઈ છે. તેથી હવે નવા સંશોધનો નહી થાય માણસની ઈચ્છાઓ અમર્યાદિત છે. આથી ભવિષ્યમાં પણ પરિવર્તનો તો થતાં જ રહેશે.

## 18.3.4. વિકાસ

વિકાસની સંકલ્પના બહુ જૂની નથી. વિકાસ એટલે અપેક્ષિત દિશામાં થયેલું પરિવર્તન સમાજના સભ્યો જે પ્રકારના સામાજિક બદલાવને યોગ્ય ગણે તે પ્રકારના પરિવર્તન માટે ચોક્કસ દિશામાં પગલાં લેવાનું આયાજન એટલે વિકાસ.

તે મૂળ સાપેક્ષ અને સંદર્ભવાળી સંકલ્પના છે. આથી, જુદા - જુદા સમાજોમાં વિકાસનો અર્થ જુદો - જુદો હોય છે. તે સમાજની સામાજિક - સાંસ્કૃતિક પ્રશ્ચાદભૂ, ભૌગોલિક તેમજ રાજકીય પરિસ્થિતિ પર આધાર રાખે છે. વિકાસની સંકલ્પના ઘણી બધી સંકલ્પનાઓમાં સુમેળ છે. તેમાં વ્યાપાર, ખેતી, ઉદ્યોગ, સ્વાસ્થ્ય, શિક્ષણ વગેરે જેવા બીજા ક્ષેત્રોનો વિકાસ પણ સમાયેલો છે.

ઉપરાંત સમાજના નબળા વર્ગો, સ્ત્રીઓ, બાળકો, વૃધ્ધો, અશક્તો, બીમાર, બેરોજગાર અને લઘુમતીનું કલ્યાણ પણ તેમાં નહિત છે. આમ, આપણે કહી શકીએ કે વિકાસની વ્યાખ્યા મૂલ્યોથી લથપથ છે. જેમાં ચોક્કસ સમાજ, પ્રદેશ અને લોકોની સામાજિક - સાંસ્કૃતિક તેમજ આર્થિક જરૂરિયાતોને ધ્યાને લેવામાં આવે છે. ગ્રામીણ લોકો, અનુસૂચિત જાતિ અને જનજાતિ, સ્ત્રીઓ, શહેરી લોકો, ખેતમજૂરો અને ઔદ્યોગિક કામદારોના ઉત્થાન માટે ઘણી નીતિઓ ઘડાઈ છે અને કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે.

"વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારને રસ્તે ચાલીને 'વિકાસ' થયો છે" એવું આપણે શા માટે કહીએ છીએ ? આ માટે આપણે સાયકલથી મોટર સાયકલ, રેલ્વેથી ઓટો મોબાઈલ સુધીની પ્રગતિ પર નજર નાંખીએ તો આ પ્રશ્નનો ખુલાસો મળે. આ પ્રગતિ માત્ર નાના મોટા સ્તર પૂરતી મર્યાદિત નથી. તેમાં સામાજિક, આર્થિક પાસાં પણ સમાવવા રહ્યાં. રેલ્વેનો કિસ્સો પકડીએ તો, વ્યાપાર માટે દૂર - દૂરના વિસ્તારો પરસ્પર સંપર્કમાં આવ્યાં તેનાથી માત્ર સ્થળો જ નહી, લોકો વચ્ચેનું અંતર પણ ઘટ્યું. બીજા શબ્દોમાં, જુદી - જુદી સાંસ્કૃતિવાળા અને જુદા સમાજના લોકોએ એકબીજામાં ભળવાનું શરૂ કર્યું. તેને પરિણામે સાંસ્કૃતિક આદાન - પ્રદાન શરૂ થયું. વાડાબંધી તૂટી અને પરસ્પર સમજણ વધી. તેની સમાંતર, સામાન્ય કામદારથી માંડીને કુશળ કારીગર સુધીના લોકો માટે રોજગારીની તકો ઊભી થઈ. આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે રેલ્વે માત્ર વાહન વ્યવહારનું સાધન ન બની રહેતાં વિકાસનું સાધન બન્યું.

## પાઠગત પ્રશ્નો-18.3

એક વાકયમાં જવાબ આપો.

1. સામાજિક પરિવર્તન એટલે શું ?

..........................................................................

..........................................................................

2. સામાજિક પરિવર્તનના પરિબળો જણાવો.

..........................................................................

..........................................................................

3. 'ઉત્ક્રાંતિ' એટલે શું ?

..........................................................................

..........................................................................

4. ક્રાંતિ અને પ્રતિ - ક્રાંતિમાં શું તફાવત છે ?

............................................................................

............................................................................

5. ‘પ્રગતિ’ અને ‘વિકાસ’ ના તફાવતના બે મુદ્દા જણાવો.

............................................................................

............................................................................

## 18.4 સામાજિક પરિવર્તનના સિધ્ધાંતો

સામાજિક બદલાવને સમજવા માટે આપણે સમાજશાસ્ત્રીઓએ રજૂ કરેલી સિધ્ધાંત સમજવા રહ્યાં. સામાજિક પરિવર્તનના મુખ્ય ચાર સિધ્ધાંતો છે :

1. ઉત્ક્રાંતિનો સિધ્ધાંત 2. ચક્રિય સિધ્ધાંત
3. હેતુલક્ષીતાનો સિધ્ધાંત 4. સંઘર્ષનો સિધ્ધાંત

1. **ઉત્ક્રાંતિનો સિધ્ધાંત :-** એવું માનવમાં આવે છે કે સમાજ પણ જૈવિક છે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિધ્ધાંત ‘ટકે તે વધે’ ની જેમ સમાજ પણ ઉત્ક્રાંત થાય છે, એટલે કે, સમાજો પણ એક પછી એક તબક્કા વટાવતાં જઈ. અસ્તિત્વના વધારે સંકુલ, વધુ વિકસિત અને વધુ ઉચ્ચસ્તર તરફ આગળ વધે છે. વર્તમાન તબક્કો આ પહેલાના તબક્કા કરતાં વધારે સારો છે. એવી ધારણાને આ સિધ્ધાંત ટેકો આપે છે. ચોકકસ તંત્રવ્યવસ્થામાં કયા પ્રકારના ક્રમિક ફેરફારો થતા હોય છે તે ઉત્ક્રાંતિ સમજાવે છે. આ ઉત્ક્રાંતિ એવી પ્રક્રિયા છે. જેમાં કોઈ ‘વસ્તુ’ કે અવ્યકત ગુણધર્મો આપમેળે પ્રગટ થાય છે. જે પરિવર્તનના પરિબળોની અસર હેઠળ જે એકમ પરિવર્તન પામે તેના પોતાનામાં પરિવર્તન થાય તે ઉત્ક્રાંતિની પૂર્વશરત છે.

2. **ચક્રીય સિધ્ધાંત :-**આ સિધ્ધાંતનો પાયો એ માન્યતામાં રહેલો છે કે સમાજ પણ પૂર્વનિધારિત જીવનચક્ર- જન્મ- વૃધ્ધિ - પુખ્તતા - મૃત્યુને અનુસરે છે. મહાસાગરોમાં મોજાંની જેમ સંસ્કૃતિઓ સર્જાય, વિકસે અને નાશ પામે, એવું બીજુ મોજું ફરીથી ઉઠે.કુદરત ઋતુચક્ર, રાત - દિવસ જેવી કુદરતી ઘટનાઓના લયની જેમ નિશ્ચિત પ્રવૃત્તિઓનું પુનરાવર્તન ચક્રિય ભાત બનાવે છે.

શિયાળો
પાનખર વસંત
ઉનાળો
**ઋતુચક્ર**


ઉદય
અસ્ત વિકાસ
પુખ્તતા
**સામાજની વૃદ્ધિ**

હિન્દુ માન્યતા પ્રમાણે, હાલ **કળીયુગ** ચાલી રહ્યો છે. જે ચક્રના અંતિમ સ્તર છે અને તેના પછી નવેસરથી **સતયુગ** શરૂ થશે. ઈજીપ્ત, ગ્રીક, રોમ જેવી સંસ્કૃતિઓના ઉદાહરણોમાં પણ આ બાબત વ્યકત થાય છે. આ સંસ્કૃતિઓ ઉદય -પુખ્તતા - અસ્તના ચક્રમાંથી પસાર થઈ. સમાજો રાજકીય ઉત્સાહના અને પતનના ચક્રમાંથી પસાર થતા અને તે ચક્રને અનુસરતા હોય તેવા ઉદાહરણો પણ જોવા મળે છે.

3. **હેતુલક્ષીતા સિધ્ધાંત :-** આ સિધ્ધાંત અનુસાર, સમાજમાં પરિવર્તન આવે છે, પણ સાથે - સાથે તે સ્થિરતા મેળવવા પણ મથે છે. વ્યવસ્થાતંત્ર ઊભી થયેલું કોઈ પણ ખલેલ ને વર્તમાન માળખું પચાવી જાણે છે. પરિવર્તનના આંતરિક તેમજ બાહ્ય સ્રોતો વ્યવસ્થાતંત્રને સ્થિરતાના એક સ્તર પરથી બીજા સ્તર પર લઈ જાય છે. વિકાસની સરખી ભાત અને યાંત્રિકતાને કારણે જુદા - જુદા માળખામાં એકબીજામાં ગૂંથાતા જાય છે. આથી નવા માળખા, નવી સંસ્થાઓ ઊભી થાય છે. જે જૂના એકમોને કામ કરે છે. જેમ કે, શિક્ષણનું કામ પહેલા કુટુંબ કરતું હતું. જે કામ હવે શાળા, મહાશાળા (કોલેજ), વિશ્વવિદ્યાલયો એ ઉપાડી લીધું છે.

4. **સંઘર્ષનો સિધ્ધાંત :-** આ સિધ્ધાંત પ્રમાણે, ક્રિયા, માન્યતા કે આંતર વ્યવહારની દરેક ભાત પોતાનાથી અવળી અસર જન્માવે જ છે. આમ, આ સિધ્ધાંત સામાજિક અવ્યવસ્થા વડે અસ્થિરતા ઊભી કરતાં પરિબળો તરફ ધ્યાન દોરે છે સત્તા અને હકની અસમાન વહેંચણીને તે સંઘર્ષનો મૂળભૂત સ્રોત માને છે જેમની પાસે સત્તા છે. તે સત્તા ટકાવવા માંગે છે અને બાકીના જૂથ તે પરિસ્થિતિ બદલાવ માંગે છે. આ સંઘર્ષના કારણે સમાજના માળખામાં કેટલાક પરિવર્તન આવે છે. જો કે, અ સંઘર્ષની ગહનતા અને તેના પરિણામો ઉપર ઘણા પરિબળો અસર કરે છે. દરેક સમાજીક માળખું તેના હાલના અસ્તિત્વને (સિધ્ધાંત Thesis) ઠરવી શરૂઆત કરે છે, પણ તેના આંતરવિરોધો અથવા આંતર જુદાપણું માળખા સામે પડકાર ઊભો કરે છે. આ પડકારને 'પ્રતિસિધ્ધાંત (Antithesis) કહે છે.

આ સંઘર્ષનો ઉકેલ thesis અને anthesis બંનેના કેટલાક તત્વોના સમન્વયથી બનેલા synthesis- સેન્દ્રિયતા માં આવે છે. જો કે, સમાજોમાં પ્રવર્તતી સ્થિરતા અંગે આ સિધ્ધાંત કોઈ





**આકૃતિ : સામાજિક પરિવર્તનનો ચંદો**

## 18.5 સામાજિક પરિવર્તનની ભાત

એવું જણાય છે કે સામાજિક પરિવર્તન ચોક્કસ રીતભાત અનુસરે છે. તેમાંની કેટલીક જાણીતી ભાત નીચે પ્રમાણે છે.

**1.ક્રમિક પરિવર્તન :-** આ પ્રકારના પરિવર્તનમાં પ્રગતિ સીધી લીટીમાં જોવા મળે છે. જેમાં એક સ્તરથી બીજું સ્તર ક્રમિક રીતે આવે છે.





આકૃતિ : સંખ્યાના આધારે ફળિયાથી શહેર સુધીની સતત વૃદ્ધિ.

સુધારાની દિશા પકડીને સમાજ ધીમે ધીમે સંસ્કૃતિના ઊંચા સ્તર તરફ ગતિ કરે છે. આમ તેમાં સુધારો ક્રમિક રીતે થાય છે. વળી, આવતીકાલે જે શોધ થશે તે માત્ર આજની વસ્તુસ્થિતિ પર જ આધારિત નથી હોતું. તે શોધના પાયામાં ભૂતકાળની ઘણી શોધો રહેલી હોય છે. સંદેશાવ્યવહાર ક્ષેત્રે થયેલો વિકાસ ક્રમિક ભાતને અનુસર્યો છે. લેન્ડ લાઈન ફોનથી શરૂ કરીને, કોર્ડલેસ ફોન પછી હવે મોબાઈલ ફોનના સ્તરે તે પહોંચ્યું છે.

**2. ચક્રિય પરિવર્તન :-** ઝડપથી થયેલા પરિવર્તનને ધ્યાનથી જોઈએ તો તેમાં કેટલીક ચોક્કસ પ્રવૃત્તિઓનું પુનરાવર્તન જોવા મળે છે. દિવસ - રાત, ઋતુચક્ર, રોપણી- ઉછેર - વાઢણી જેવા કુદરતી ચક્રની રીતને તે મળતું આવે છે. સમાજને પણ પૂર્વનિર્ધારિત જીવનચક્ર છે. જીવનના બધા તબક્કાઓમાંથી પસાર થયા પછી પરિવર્તન પાછું પોતાના મૂળભૂત સ્થાને પાછું ફરે છે અને એકડે એકથી નવું પરિવર્તન શરૂ થાય છે.

**3. દોલાયમાન પરિવર્તન :-** પ્રગતિ તરફ આગળ વધ્યા પછી પરિવર્તન એકદમ વિરુધ્ધ દિશામાં જાય ત્યારે તેને દોલાયમાન પરિવર્તન કહે છે. એટલે કે , આ તબક્કામાં પરિવર્તનનું સાતત્ય જળવાતું નથી અને તે બદલાતી પરિસ્થિતિઓ પ્રમાણે તેમાં ચઢ - ઉતર થાય છે. ખેતીમાં આવું ખાસ જોવા મળે છે. જો વરસાદ ઓછો પડે તો ખેતી નબળી પડે અને તે પછી સારું ચોમાસું આવે તો પાછી ખેતી સુધરી જાય. જ



આકૃતિ. ડાયાગ્રામ

## પાઠગત પ્રશ્નો-18.4

એક વાક્યમાં જવાબ આપો.

1. સામાજિક પરિવર્તનની ચક્રિય ભાતનું એક ઉદાહરણ આપો.

.....................................................................

2. અસ્થિર અથવા દોલાયમાન પરિવર્તન એટલે શું ?

.....................................................................

3. સામાજિક પરિવર્તનનો ચક્રિય સિધ્ધાંત સમજાવો.

.....................................................................

4. સામાજિક પરિવર્તનનો હેતુ લક્ષિતાનો સિધ્ધાંત સમજાવો.

.....................................................................

5. સામાજિક પરિવર્તન સમજાવતા ત્રણ સિધ્ધાંતો જણાવો.

.....................................................................

---

**અત્યાર સુધીમાં તમે સમજયા હશો કે સામાજિક પરિવર્તન સાર્વત્રિક છે. અને સમય સાથે તે જુદી - જુદી રીતે થતું રહે છે. તમે એ પણ જાણ્યું કે સમાજશાસ્ત્રીઓ કઈ કઈ સંકલ્પનાઓનો ઉપયોગ કરીને સામાજિક પરિવર્તન સમજાવે છે. છતાં, હજી એક પ્રશ્ન બાકી રહે છે. : સમાજન્માં પરિવર્તન લાવનારા મુખ્ય પરિબળો કયાં - કયાં ? આ પછીના પાઠમાં આપણે સામાજિક પરિવર્તનના કેટલાક પરિબળોની ચર્ચા કરીશું.**

## તમે જે શીખ્યા

- સમાજ અને તેની સંસ્કૃતિ સાથે સંકળાયેલા વિકલ્પો સાથે સામાજિક પરિવર્તન જોડાયેલું છે.
- જુદા - જુદા સમાજોમાં સામાજિક પરિવર્તનનો દર જુદો - જુદો હોય છે.
- સામાજિક પરિવર્તનના કેટલાક પાસા ઈરાદાપૂર્વક પ્રોત્સાહિત કરાયેલા હોય છે.
- સામાજિક પરિવર્તન વૈશ્વિક/સાર્વત્રિક છે.
- સામાજિક પરિવર્તન એક તટસ્થ સંકલ્પના છે.
- ઉત્ક્રાંતિ આંતરિક પરિવર્તનની બાબત છે. જેમાં માત્ર કદ જ નહી, માળખામાં પણ ફેરફાર

થાય છે. આમ, ઉત્ક્રાંતિ એ ચોક્કસ દિશામાં થતા સાતત્યપૂર્ણ પરિવર્તનની રજૂઆત છે.

- ક્રાંતિ એ પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થા અને તંત્ર અચાનક ઉથલાવી નાખતું પરિવર્તન સ્વરૂપ છે. તે ટૂંકા ગાળમાં આવતું પરિવર્તન છે.
- ક્રાંતિનો હેતુ જુલમી વ્યવસ્થામાંથી લોકોને મુક્ત કરવાનો હોય છે.
- ઈચ્છિત લક્ષ્ય તરફ થતા પરિવર્તનને પ્રગતિ કહે છે. તેને અપેક્ષિત મૂલ્યોનું અમલીકરણપણ કહી શકાય.
- સમાજના સભ્યો જેને યોગ્ય ગણે તેવા અને આયોજનપૂર્વક લેવાયેલા પરિવર્તનને વિકાસ કહે છે.
- વિકાસ એ મૂલ્ય સંચિત સંકલ્પના છે. જેમાં ચોક્કસ સમાજ, પ્રદેશ અને લોકોની સમાજીક
- સાંસ્કૃતિક અને આર્થિક જરૂરિયાતો ધ્યાનમાં લેવાય છે.
- સામાજિક પરિવર્તન કેટલીક ભાત અનુસરે છે. :

  (1) ક્રમિક પરિવર્તન (2) ચક્રિય પરિવર્તન
- સામાજિક પરિવર્તનના ચાર મુખ્ય સિધ્ધાંતો :

  (1) ઉત્ક્રાંતિનો સિધ્ધાંત (2) ચક્રિય સિધ્ધાંત

  (3) હેતુલક્ષિતાનો સિધ્ધાંત

  (4) સંઘર્ષનો સિધ્ધાંત.

## પાઠાંત પ્રશ્નો

1. સામાજિક પરિવર્તનના લક્ષણો જણાવો.
2. ઉત્ક્રાંતિ અને ક્રાંતિનો તફાવત સમજાવો.
3. પ્રગતિ અને વિકાસ વચ્ચેના તફાવતના ઓછામાં ઓછા છ મુદ્દા જણાવો.

4. સમાજમાં જોવા મળતી સામાજિક પરિવર્તનની મુખ્ય રીતભાતો વર્ણવો.

5. સામાજિક પરિવર્તનના સંઘર્ષના સિધ્ધાંતનું 125 શબ્દોમાં વર્ણન કરો.

## ટિપ્પણ

1. ભિન્નતા : સ્વરૂપનું જુદા પણું, બદલાતા રહેવું.
2. તટસ્થ : નિષ્પક્ષ, જે હકારાત્મક કે નકારાત્મક નથી તે નિરપેક્ષ.
3. પરિવર્તન : એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવું, એક સ્તર/તબક્કામાંથી બીજા સ્તર/ તબક્કામાં જવું.
4. રૂઢિમુક્તિ : સામાજિક પરંપરાઓથી બંધાયેલા ન હોવું.
5. નૈસર્ગિક : કુદરતી રીતે અનિવાર્ય વિગત સાથે સંકળાયેલું.
6. અપરિવર્તનીય : જે આગળ/જૂનું હતું તે તરફ પાછા જવું.
7. શોષણખોર : નિર્દય, અત્યાચારી, કબજાવાળું.
8. પુનઃસ્થાપના: જૂની - મૂળ સ્થિતિમાં પાછા ફરવું.
9. દૃઢીકરણ : મજબૂત કરવું. પાકું કરવું.
10. રણનીતિ : કાર્યયોજન, નીતિનું આયોજન.
11. મૂલ્યલચિત : મોટેભાગે હકારાત્મક અને સારા અર્થઘટનાથી ભરચક તારણ. /મૂલ્ય મંડિત
12. કલયુગ : ખરાબ સમયગાળો, બુરાઈ ભલાઈ પર હાવી થઈ જાય તે કાળ.
13. વેદ : હિન્દુ ધર્મગ્રંથી (ચાર)
14. સતયુગ : હિન્દુ માન્યતા પ્રમાણે ભલાઈ પ્રવર્તતી હોય તેવો કાળ.
15. સિધ્ધાંત : સાબિત થયેલો કે સાબિત કરવાનો હોય તેવી ધારણા.
16. પ્રતિસિધ્ધાંત :બે બાબતો વચ્ચેની વિરોધીતા.
17. સંકલિત સિધ્ધાંત : જુદા - જુદા વિચારોના એકત્રીકરણ - સંકલનની પ્રક્રિયા અથવા પરિણામ.
18. ડાયલેક્ટિસ : વિચારોનો સંઘર્ષ.
19. વિવિધતા : પ્રાકૃતિક અસમાનતા, ભિન્નતા.
20. તાર્કિક : તર્ક પર આધારિત, તર્ક સંગત વૈચારિક.

## પાઠગત પ્રશ્નોના

18.1 1. સ્થિર

2. મૂલ્ય નિરપેક્ષ

3. આંતરક્રિયા.

4. બંધારણીય    5. વિશ્વ.

18.2

1. ખોટું    2. સાચું

3. સાચું    4. ખોટું

18.3

1. સામાજિક પરિવર્તન એટલે સમાજ અને તેની સંસ્કૃતિના માળખા અને કાર્યપ્રણાલીમાં થયેલા ફેરફાર.

2. (અ) વૈશ્વિક પ્રક્રિયા છે.    (બ) તે એકધારું નથી.

   (ક) તેનો સમયગાળો જુદો - જુદો હોય છે.

   (ડ) તે મૂલ્ય નિરપેક્ષ છે.

3. ઉત્ક્રાંતિ એટલે સ્વરૂપ અને ક્ષમતામાં થયેલો પ્રગતિશીલ કાયમી ફેરફાર તે સમય સાથે સરળથી સંકુલ તરફ જાય છે અને તે ઉલટાવી શકતો નથી.

4. ચોક્કસ સામાજિક વ્યવસ્થાને અચાનક ઉથલાવી નવી વ્યવસ્થા સ્થપાય તેને ક્રાંતિ કહે છે. પ્રતિક્રાંતિ એટલે જૂની પારંપરિક વ્યવસ્થાનું પુનઃ સ્થાપન.

5. પ્રગતિ એટલે કોઈ ચોક્કસ 'અંતિમ લક્ષ્ય' પામવા માટે ગણતરી પૂર્વકના વિધાયક પગલાં લઈ અપેક્ષિત દિશામાં થઈ રહેલો ફેરફાર. વિકાસ એટલે સમાજના સભ્યો જેને યોગ્ય ગણે તેવું પરિવર્તન લાવવાની યોજના.

18.4

1. વ્યાપાર વિકસે, પછડાય, ધંધા ઊંચકાય અને ખોટમાં જાય અને પાછા નવેસરથી શરૂ થાય.

2. જયારે અપેક્ષિત દિશામાં થઈ રહેલું પરિવર્તન કરવટ બદલીને ઊંધી દિશા પકડે, પરિસ્થિતિને આધારે પરિવર્તનમાં ચઢ - ઉતર દેખા દે તેવા પરિવર્તનને.

3. ઉદાહરણ :- ખેતીની શરૂઆતે જૈવિક ખાતરોનો વપરાશ હતો, પછી રાસાયણિક ખાતર આવ્યા. હવે જૈવિક ખાતરો તરફ સમાજ વળી રહ્યો છે.

4. સમાજશાસ્ત્રીઓએ સૂચવેલા મુખ્ય સિધ્ધાંત :
   (અ) ઉત્ક્રાંતિનો સિધ્ધાંત
   (બ) ચક્રિય સિધ્ધાંત
   (ક) હેતુલક્ષિતાનો સિધ્ધાંત
   (ડ) સંઘર્ષનો સિધ્ધાંત.

# 19

# સમાજીકીકરણ : એક શૈક્ષણિક પ્રક્રિયા

દરેક સમાજને વિશિષ્ટ રીતરિવાજો, ધારાધોરણો, મૂલ્યો અને આચારસંહિતા હોય છે. અત્યાર સુધીમાં તમે સમજી શક્યા હશો કે દરેક સંસ્કૃતિમાં જે - તે સામાજિક સંદર્ભને અનુલક્ષીને યોગ્ય અને અયોગ્ય વર્તનનું સ્પષ્ટ સીમાંકન કરેલું હોય છે. તમે જે સંસ્કૃતિનો ભાગ હો તે પ્રમાણે તમારે પુત્ર કે પુત્રી, ભાઈ કે બહેન, ભાણીયા કે ભત્રીજા, મહેમાન કે યજમાન કે મિત્ર તરીકે કેવું વર્તન કરવું તે તમારી સંસ્કૃતિએ નક્કી કરેલું હોય છે. દરેક સંસ્કૃતિમાં આ સંબંધોને જાળવવાના આગવા વિકલ્પો હોય છે જેમ કે, આપણે વડીલોને પગે લાગીને, નમસ્કાર કરીને કે તેમની સમક્ષ માથુ નમાવીને તેમના તરફ આદર વ્યકત કરીએ છીએ. બંગાળમાં આશિર્વાદ લેવા દીકરીએ માતા - પિતાના પગને અડવું જરૂરી મનાય છે. જયારે, ઉત્તરપ્રદેશમાં દીકરીઓને પગે અડવા દેતા નથી. કેમ કે દીકરીને દેવી માનવામાં આવે છે. આપણે ત્યાં દીકરીને પરણાવવીએ કન્યાનું દાન ગણાય છે આવા ઘણા રીતરિવાજો છે જે સમાજે - સમાજે જુદા છે. સાંસ્કૃતિક પ્રણાલિકા પ્રમાણે પોતે વર્તન કરી શકે તે માટે જરૂરી છે કે દરેક સામાજિક વ્યકિત પોતાના સમાજના રીતરિવાજો અને સાંસ્કૃતિક અપેક્ષાઓ જાણતી હોય. આ પાઠમાં આપણે સામાજીકીકરણની પ્રક્રિયા વિશે અભ્યાસ કરીશું.

## હેતુઓ

આ પાઠને વાંચ્યા પછી તમે :

- સમાજિકીકરણનો અર્થ અને સંકલ્પના સમજાવી શકશો.

- (અ) સાંસ્કૃતિકરણ અને (બ) સમાંગીકરણ (એકરૂપ થવું)
- સાથે સમાજિકીરણનો આંતરસંબધ વર્ણવી શકશો.
- સમાજિકીકરણના જુદા - જુદા કારકો જણાવી શકશો.
- સમાજિકીકરણના તત્વોનું વર્ણન કરી શકશો.
- વ્યકિત વિકાસ થવામાં સમાજિકીકરણની ભૂમિકા સમજશો અને જુદી- જુદી ભારતીય સમુદાયોના સંદર્ભમાં સમાજિકીકરણની પ્રક્રિયા સમજાવી શકશો.

## 19.1 સમાજિકીકરણનો અર્થ અને સંકલ્પના

બાળક જ્યારે જન્મે ત્યારે તે મા એક 'જીવ' હોય છે. સમાજીકરણની પ્રક્રિયામાંથી પસાર થઈને તે 'પુરૂષ' કે 'સ્ત્રી' એટલે કે એક વ્યકિત બને છે. કુટુંબ, સમુદાય અને સમાજ તેનામાં બે સંસ્કારો સિંચે છે. તેના વડે તે બાળક 'માણસ' બને છે. બાળક પોતાની આસપાસના માનવીય તેમજ ભૌતિક પરિબળો સાથે સંવાદ - પ્રત્યાયન કરે છે. એક સમાજમાં મોટા થવાની પ્રક્રિયા એટલે બાળક જે સમાજનું હોય તે સમાજની સાંસ્કૃતિક રીતભાત, રિવાજો, શિસ્ત અને મૂલ્યો અપનાવવાની સાથે સાથે ઉંમર વધે તે. આ પ્રક્રિયામાં બાળક સાંસ્કૃતિક રીતભાત પચાવે છે અને પોતાની વ્યકિતગત તેમજ સામાજિક ભૂમિકાઓ ભજવવાનું શીખે છે સમાજના શિસ્ત સાથે અનુકૂળ થવાના બાળક પ્રયત્નો કરે છે. **સમાજિકીકરણ એક બહોળી અને સતત ચાલનારી પ્રક્રિયા છે. જે વ્યકિતના સમગ્ર જીવન દરમિયાન ચાલતી રહે છે.**

> કુટુંબ, સમુદાય અને સમૂહમાં ક્રમશ : નવજાત બાળકને સ્વીકારવાની, અપનાવવાની અને ઉછેરવાની પ્રક્રિયા એટલે સામાજીકીકરણ. આ પ્રક્રિયા બે સ્તર પર કામ કરે છે. એક તો બાળકની અંદર જેને આત્મસાતીકરણ (પોતાની આસપાસની બાબતોનું) કહે છે. અને બીજું બહારનું સ્તર, જ્યાં મા - બાપ, કુટુંબીજનો, મિત્ર વગેરે ભૂમિકા ભજવે છે.

### 19.1.1 સમાજિકીકરણ અને સમાંગીકરણનો સબંધ

સમાજના માન્ય રીત રિવાજો અને મૂલ્યો શીખવા અને અપનાવવાની પ્રક્રિયાને સામાજીકરણ કહે છે.

જે તે સમૂહના મૂલ્યો સાથે મેળ ખાતું હોય તેવા વર્તનની સમાજના સભ્ય પાસે અપેક્ષા રખાય છે. નવા જોડાયેલા સભ્યો આવું અપેક્ષિત વર્તન કરતા થાય તે પ્રક્રિયા એટલે સમાંગીકરણ આ નવા જોડાયેલા સભ્યો એટલે કાંઈ બહારથી આવેલા પ્રવાસી કે તે સમાજના જ બીજા વિભાગના નવા સભ્યો નહિ, નવા જોડયેલા સભ્યો એટલે નવજાત બાળકો . નવજાત બાળકની ભોજન અને હૂંફની

વિશિષ્ટ જરૂરિયાત તેની માતા સંતોષતી હોય છે. માતા બાળક પર આધારિત હોય છે અને પોતાનો માતાના સંદર્ભેજ ઓળખે છે. કેટલાક તો એમ પણ માને છે કે બાળક પોતાના વિશે સભાન બને તે પહેલા તે માતા વિશે સભાન બને છે.શરૂઆતમાં માતા અને બાળક ની ઓળખ એક જ હોય. ભોજન અને બીજી શારીરિક જરૂરિયાતોના સંતોષરૂપે નવજાત બાળક માતાને આત્મસાત કરી લેતું હોય છે. સમય જતાં, બાળક પોતાને માતાથી અલગ સ્વરૂપે ઓળખાતું થાય છે. તે સાથે તેની સમક્ષ પોતાને અને માતાને સમાજમાં મેળવવાની સમસ્યા ઊભી થાય છે. આ રીતે, સમાજમાં જુદી - જુદી વ્યકિતઓની જુદી - જુદી ભૂમિકાનું વ્યવસ્થાતંત્ર શરૂ થાય છે એવું માનવામાં આવે છે કે જેમ બાળક માતા સાથે એકરૂપતા અનુભવતું હોય છે. તેમ પાછળથી તે પિતા સાથે પણ એકરૂપતા અનુભવે છે. આમ, બાળક માતા કરતાં પિતા જુદા છે. તેમ ઓળખતું થાય અને પછી સમાજવ્યવસ્થામાં પિતાની ભૂમિકા ઓળખતું થાય છે. પોતાના પિતાનો જ સંબંધ નહિ તે પિતા અને માતાના સંબંધને પણ ઓળખતું થાય છે. આમ, સમાંગીકરણ અને સામાજીકીકરણ વચ્ચે સંબંધ સ્થપાય છે.

## 19.1.2. સાંસ્કૃતિકરણ અને સામાજીકીકરણ

એક પેઢી બીજી પેઢીને સાંસ્કૃતિક રીતભાત પહોંચાડે તે પ્રક્રિયા એટલે સાંસ્કૃતિકરણ. વળી તે દરમિયા નવી રીતભાત તો ઉમેરાતી જ હોય છે. આમ, સાંસ્કૃતિકરણ એ નવા પરિવર્તન સાથેની સાંસ્કૃતિક સંળગસૂત્રતા, સાંસ્કૃતિકરણ, સભાનતાથી, અજાણતાથી કે બંને રીતે થતું હોય છે જુની પેઢી ના સભ્યો નવી પેઢીને પોતાના રીતરિવાજો , વર્તનો અને માન્યતાઓ અપનાવવ આમંત્રણ આપે છે. પ્રેરણા આપે છે અથવા ફરજ પાડે છે. આમ, નવી પેઢી બીજા કોઈ સમાજના રીતરિવાજો ન અપનાવે તે માટે જૂની પેઢી (વડીલો ની આણ સ્વીકારવાના મુદ્દા પર સાંસ્કૃતિકરણ ઊભેલું છે. આમ વડીલો ખાસ કાળજી રાખે છે કે નવી પેઢીમાં સાંસ્કૃતિક મૂલ્યો બરાબર પચે અને એ રીતે તે મૂલ્યો મજબૂત થાય અને પરંપરા ચાલુ રહે.

### પાઠગત પ્રશ્નો-19.1

સાચા જવાબ સામે નિશાની કરો. :

1. સમાજીકીકરણ એ ............. પ્રક્રિયા છે.
   (ક) હંગામી
   (ખ) ટૂંકાગાળાની
   (ક) ત્રૂટક
   (ડ) આજીવન ચાલનારી.
2. સમાજીકીકરણની પ્રક્રિયાને સમાજ સાથે ................. ની પ્રક્રિયા કહેવામાં આવે છે

(અ) અનુકૂલન

(બ) સમાંગીકરણ (ભળી જવું)

(ક) શીખવા

(ડ) મોટા થવા

3. સામાજીકીકરણની પ્રક્રિયા ............... જાળવવામાં મદદરૂપ થાય છે.

(અ) લાગણીઓની સ્થિરતા

(બ) સામાન્ય ઓળખ

(ક) વ્યકિતગત ઓળખ

(ડ) સામાજીક વ્યવસ્થા

## 19.2 સમાજિકીકરણના કારકો

સમાજિકીકરણના કારકો શીખવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. શિક્ષણ એક હથ્થુ સત્તા અને સમતાવાદી પરિબળોનું પરિણામ છે. એક હથ્થુ સત્તા વાળા પરિબળો એટલે એ બધાં જેમની પાસે બાળકનો અધિકાર છે. તેમાં માતા - પિતા, કટુંબ, સાંસ્કૃતિક પરિબળો અને નિયત કાનૂનો સમાવેશ થાય છે. સમતાવાદી પરિબળોમાં સરખી ઉંમરના બીજા બાળકો, મિત્રો અને સાથીદારોને ગણવામાં આવે છે. રીતરિવાજો પાળવા કે ન પાળવા, ઈનામ કે સજા અંગે સમાજે નક્કી કરેલા ધારા ધોરણોનું આ ઘટકોપાલન કરે છે.

સમાજિકરણનો મુખ્ય હેતુ બાળક સ્થાપિત ધારાધોરણો અને વાણીવર્તન શીખે અને અપનાવે તે છે. બાળક તેને મળેલ પરિસ્થિતિઓમાં ઉછરતું હોય છે. સમાજમાં જે ધારાધોરણો , મૂલ્યો અને વાણી - વર્તન પ્રવર્તતા હોય તેને આધારે જ બાળક પોતાનું વર્તન ઘડે છે. પોતાની આસપાસના વાતાવરણ સાથે બાળક એકરૂપતા અનુભવે તે સાંસ્કૃતિકરણનું પહેલું પગથિયું. માન્ય રીતભાતથી બાળક ફંટાય તો સામાજીકીકરણના કારકો તેને તરત રોકે - ટોકે છે, જો કે તેઓ કિશોરો કે યુવાનોને ખાસ રોકી શકતા નથી. બાળકોમાં પણ માન્ય રીત - ભાતથી જુદું વર્તન જોવા મળતું હોય છે.



પિતા પાસેથી પાઘડી બાંધવાનું શીખી રહેલ બાળક.

## 19.2.1. કુટુંબ

બાળક જન્મે અસહાય અને આશ્રિત હોય છે.બાળકને ઘણી શારીરિક અને માનસિક જરૂરિયાતો હોય છે તે માટે તેણે મા -બાપ પર આધારિત રહેવું પડે છે.નવજાત બાળકની બધી જરૂરિયાત તેની ત્રણ પોષતી હોય છે. આપણે આગળ જોયું તેમ બાળક શરૂઆતમાં માતા સાથે અને પાછળથી પિતા સાથે લાગણીથી જોડાયેલું હોય છે. ધીમે - ધીમે તે માતા - પિતા અને દાદા - દાદી સાથેના પોતાના સંબંધને ઓળખતું થાય છે અને બધા સંબંધોને અલગ - અલગ રીતે પણ ઓળખતું હોય છે.

મા- બાપ પછી બાળક ભાઈ - બહેનની નજીક આવે છે જે તેને સાચવે છે, લાડ લડાવે છે. અને તેના પ્રત્યે પ્રેમ વ્યકત કરે છે. આમ, બાળક પોતાના ભાઈ - બહેનને પોતાની વિકસી રહેલ સામાજિક વ્યવસ્થામાં સમાવે છે.

ક્રમશ : બાળક પોતાના કુટુંબીજનોના સંપર્કમાં આવતું જાય છે. અને તેમના વાણી - વર્તનની નકલ કરતું થાય છે. પોતાના હાથ - પગ હલાવીને, રડીને, હસીને, ચીસો પાડીને બાળક પોતાને અભિવ્યકત કરવું શરૂ કરે છે. પોતાનો અંગચેષ્ટા અભિવ્યક્તિ વડે બાળક પોતાના કુટુંબ સાથે જોડાય છે અને કુટુંબમાં ભળે છે. આમ, માતા - પિતા અને કુટુંબના સભ્યોની ઉપસ્થિતિમાં બાળકનું શિક્ષણ થાય છે. જો બાળક સંયુકત કુટુંબમાં રહેતું હોય તો સામાજિક સંબંધની આ પ્રક્રિયા બહોળી ચાલે છે. આમ, બાળક પોતાના કુટુંબના રીતરિવાજો, ધારા - ધોરણો જાણતું જાય છે અને તેની સાથે અનુકૂલન સાધી તે અપનાવતું જાય છે.

## 19.9.2.પડોશ

જે વિસ્તાર કે ગામમાં બાળક ઉછેરતું હોય તે તેનું પડોશ બને છે. પડોશના ભૌતિક અને સામાજીક વાતાવરણમાં તેનું સમાજિકીકરણ થાય છે. તે પોતાની ઉંમરના બાળકો સાથે રમતાં - રમતાં પોતાના પડોશની ભૌતિક અને સામાજિક વિગતોનું જ્ઞાન મેળવે છે. પડોશના વાતાવરણની વિગતોના સ્વભાવ, ગુણધર્મ અને ઉપયોગિતા અંગે તે માહિતગાર થાય છે. તે જુદી - જુદી પરિસ્થિતિઓમાં તેમજ જુદી - જુદી જ્ઞાતિ સમુદાય, ધર્મ અને વ્યવસાયિક જૂથ સાથે અનુકૂળ થવાનું શીખે છે. આ રીતે બાળક જુદી - જુદી વ્યક્તિઓના જુદા - જુદા સ્વભાવ અને સમુદાયોનું જુદાપણું જાણીતું થાય છે. પડોશના ભૌતિક અને સામાજિક વાતાવરણ સાથે આંતરક્રિયા કરતાં કરતાં તે આર્થિક ઊપાર્જનના વિકલ્પો, જુદા - જુદા વ્યવસાયો અને ચોક્કસ વ્યવસાય માટે ઉપલબ્ધ ભૌતિક સગવડો વિશે પણ શીખતું જાય છે. સમાજના જુદા - જુદા સમૂહો, જુદા - જુદા વિસ્તારો, જુદા - જુદા પડોશ પરસ્પર કેવી રીતે આધારિત છે તે વિશે પણ બાળક માહિતગાર થતું જાય છે. ગામ/ વિસ્તારનું ઐકય કઈ રીતે ટકયું છે. તે પણ બાળક શીખે છે. પોતે જ સમૂહનો સભ્ય છે તેના ધારાધોરણ અને મૂલ્યો બાળક ધીમે ધીમે સ્વીકારતું જાય છે. અને તે પ્રમાણે વર્તન કરવાનું શરૂ કરે છે. તે બીજા લોકોના વર્તન સમજતું જાય છે. અને એ રીતે પોતાના વર્તન અંગે પણ સભાન બને છે. આમ,

સમાજિકરણની પ્રક્રિયાથી બાળક શિસ્ત, વ્યવસ્થિત વર્તન અને કૌશલ્ય કેળવણી આત્મસાત કરે છે.

### 19.2.3 શાળા - સંસ્થા

શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓ સમાજિકીરણનો મહત્વના કારકો છે.તેઓ બાળકને શિક્ષણ માટે જરૂરી વિશિષ્ટ પરિસ્થિતિઓ અને વાતાવરણ પુરું પાડે છે. તે ખાસ ક્ષમતાઓ અને શિસ્તની કેળવણીની તક ઊભી કરે છે. જે બાળકના વ્યકિતત્વ વિકાસમાં ઉપયોગી બને છે.આ રીતે બાળક પોતાની તેમજ પોતાના જૂથની જરૂરિયાતો અંગે સભાન બને છે. શાળા અને શિક્ષણ સંસ્થાના ધારાધોરણો સ્વીકારવાનું પણ તે શીખે છે.

માનવવર્તન વિકાસમાં શિક્ષણની ભૂમિકા મહત્વની બને છે. કુટુંબ પછી બાળક પર અસર કરતાં મુખ્ય પરિબળો તેના મિત્રો વર્ગખંડ અને શિક્ષકો છે. શિક્ષણ વ્યકિતને નૈતિક, બૌધ્ધિક તેમજ સામાજિક આંતરદષ્ટિ આપે છે. તે વ્યકિતને પોતાના વારસા સાથે જોડે છે અને તેની સમક્ષ એક ઉદાહરણ અથવા વિકલ્પ રજૂ કરે છે.


સ્વીકૃત સામાજીક વર્તન અને ચારિત્ર્યના અપેક્ષિત લક્ષણોનો પડઘો આ સંસ્થાઓમાં પ્રવર્તતા ધારાધોરણોમાં જોવા મળે છે. આ આચારસંહિતા આપણી સામાજીક વ્યક્તિત્વને આકાર આપે છે. આ ધારાધોરણોનો ભંગ આપણને સમાજમાં હાંસીપાત્ર, તિરસ્કૃત કે તેથી પણ વધુ સજાને પાત્ર ઠેરવે છે.

### 19.2.4 સમાજ

આપણે સમાજમાં જીવીએ છીએ. જુદા - જુદા નિયમોને અને ધારાધોરણો વડે આપણા બધા વર્તનો અને કાર્યો સંચાલિત થાય છે. સમાજ અને જીવનની સામાજીક નીતિ, રીતિ સાથે સંપૂર્ણ અસહમતિથી કોઈપણ વ્યક્તિ સ્વતંત્ર રહી શકે નહી. વ્યકિતના કાર્યો અને વર્તનો સમાજે નક્કી કરેલા રીતરિવાજો, મૂલ્યો અને ધારાધોરણો સાથે સુસંગત હોવા જોઈએ. જો વ્યક્તિ સમાજના ધારાધોરણોનું પાલન કરે અને તે પ્રમાણેનું જ વર્તન કરે તો સમાજ તેને વધાવે છે, નહી તો સમાજ તેને સજા કરે છે.

### 19.2.5 ઈનામ અને દંડ

બાળકમાં કાર્ય - કુશળતા અને સ્પર્ધાના ભાવનું દઢીકરણ કરવા ઈનામ અને સજા કરવાની બાબત પણ સામાજીકીકરણમાં સમાયેલી છે. ઈનામ અને દંડ સામાજીકીકરણ અગત્યના સાધનો છે. તેમની કાર્યપ્રણાલીના મૂળ જુદા છે અને તેમના હેતુ પણ જુદા છે. સુસંસ્કૃત પ્રાણી તરીકે માણસ મોટા ભાગે સંજ્ઞાઓ વડે પ્રત્યાયન કરે છે શક્ય હોય ત્યાં સુધી માણસ પ્રતિકોના જ ઉપયોગ કરે છે. જયારે પ્રતિકોના ઉપયોગ નિષ્ફળ થાય ત્યારે જ તે પ્રત્યાયનના બીજા વિકલ્પનો ઉપયોગ કરે છે. આમ સોટી બતાવવાથી સોટી વાપરવાની જરૂર રહેતી નથી. ઈનામ આપવાને બદલે પ્રશંસાભર્યા સ્મિતથી ઉદ્દેશ્ય પાર પડી જતો હોય છે. સામાન્ય રીતે, સામાજિક કાબુ રાખવા અને વ્યવસ્થા ભંગ કરનારાઓ માટેના મુખ્ય પગલાં તરીકે દંડ અજમાવાય છે. ઈનામ અને દંડ બન્નેની ભૂમિકા છે., અલગ અને જુદા.




આકૃતિ. 1. સામાજીકીકરણની પધ્ધતિ

## પાઠગત પ્રશ્નો-19.2

દરેક વિધાન સાચું છે કે ખોટું તે જણાવો.

1. સમાજિકીકરણનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકને પ્રસ્થાપિત ધારા ધોરણો અને વર્તનો શીખવવાનો છે.
2. શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સમાજીકીરણના અગત્યના કારકો છે.
3. આપણા બધા કાર્યો અને વર્તનો સમાજના જુદા - જુદા નિયમો અને ધારાધોરણો વડે સંચાલિત થાય છે.
4. ઈનામ અને દંડ સામાજિકીકરણના તેમજ સામાજિક કાબુના મહત્વના કારકો છે.

## 19.3 સામાજીકીકરણના ઘટકો

પ્રત્યાયન એ સામાજિકીરણનું એક મૂળભૂત ઘટક છે. પ્રત્યાયનના કૌશલ્ય વડે જ બાળક પોતાની લાગણીઓ અને સંવેદનાઓ બીજા સુધી પહોંચાડવાનું શીખે છે. પ્રત્યાયનની પ્રક્રિયા થકી જ શિક્ષણ શક્ય બને છે.

પોતાની ભૂમિકાની ઓળખ અને તે ભૂમિકા ભજવવી તે પણ સામાજિકીકરણ ઘટકો છે. સામાજિક ભૂમિકાઓ ભજવવા માટે સમાજિકીકરણ બાળકને તૈયાર કરે છે. આમ, સમાજે નક્કી

કરેલા ધારાધોરણો અને મૂલ્યો પ્રમાણે પોતાની ભૂમિકા ભજવવા માટે સમાજિકીકરણ બાળકના સામાજિક વર્તનો ઘડે છે.

સંસ્કૃતિ પણ સમાજિકીકરણનો એક ઘટક છે, જે એક પેઢી બીજી પેઢીને શિક્ષણ દ્વારા હસ્તાંતરિત કરે છે. સામાજિક સંસ્થાઓ થકી વ્યવસ્થિત સમાજ ઘડાય છે. સમાજના મૂલ્યો, કાર્ય, અને વિચારનું સારા કે યોગ્યપણું બાળક શીખતું જાય છે. શીખવાની પ્રક્રિયાઓ પણ સમાજીકીરણ જ છે.

## 19.4 વ્યકિતના વ્યકિતત્વ વિકાસમા સામાજિકીકરણની ભૂમિકા

એવી સામાન્ય માન્યતા છે કે ત્રણ થી આઠ વર્ષની ઉંમર સુધીમાં બાળક મોટા ભાગની વ્યકિતત્વ વિકાસની વિશેષતાઓ શીખી લે છે. આ ઉંમરગાળામાં ચારિત્ર્ય અને વ્યકિતત્વનો પાયો નંખાતો હોવાથી તે વ્યકિતના જીવનનો ખૂબ જ મહત્વનો સમય છે. તેના ઉછેર દરમિયાન માતા - પિતા અને ભાંડુઓના વર્તન, વ્હાલ અને પ્રેમ, લાગણીઓ અને ભાવનાઓને બાળક આત્મસાત કરે છે. ભૂમિકા એટલે અપેક્ષિત સામાજિક વર્તન. દરેક ભૂમિકા સાથે ચોકકસ અધિકાર અને ફરજ તેમજ દરજ્જો સંકળાયેલા હોય છે. બાળક આપમેળે સમજતું જાય છે કે લાગણીમાં કેન્દ્રિત થયેલી ભૂમિકા 'બોલકી' છે, શિસ્તમાંથી ઉઠતો વેશ 'ચાવીરૂપ' છે. કોણ કમાય છે. અને કોણ તેના જીવનની વ્યવસ્થાઓ સંભાળે છે. રમત દરમિયાન છોકરો તેના પિતા જેવી અને છોકરીતેની માતા જેવી ભૂમિકા ભજવતા હોય છે. બાળક જેમ - જેમ તેના ભાઈ - ભાંડુ, કુટુંબના સભ્યો સાથે ભળતું થાય છે. શાળાએ જતું થાય છે. તેમ તેમ વધુને વધુ ભૂમિકાઓ વિશે જાણતું થાય છે. બાળક તેના સ્વભાવ અનુસાર જે પ્રમાણમાં મિત્રો, શિક્ષકો,આચાર્ય, ગામ લોકો, સમાજના જુદા - જુદા સભ્યો સાથે ભળેલું છે. તે મુજબ તેની ભૂમિકાની ઓળખ સ્પષ્ટ થતી જાય છે. તે પોતાના ગામ, સમાજ અને કુટુંબમાં પ્રવર્તતા વ્યવસાયો અને કાર્યપ્રણાલીના સંપર્કમાં આવે છે. પોતાના પિતા અને કુટુંબ સાથેના નજીકના સંપર્કને કારણે તે ચોક્કસ વ્યવસાયના સિધ્ધાંતો, મુખ્ય વિચારધારા અને જુદા - જુદા કૌશલ્યો પણ કેળવી લે છે. આમ, બાળક કુટુંબ, સમાજ અને દેશનો એવો જવાબદાર સભ્ય બને છે જે જુદા - જુદા તબક્કા અને જુદી - જુદી પરિસ્થિતિઓમાં પોતાની ભૂમિકા ભજવી શકે છે.

બાળપણનું સમાજીકીકરણ ખૂબ મહત્વનું છે. જો બાળકનું સમાજીકીકરણ થયું હશે તો તે પોતાની જુદી - જુદી ભૂમિકાઓ ઓળખી શકશે. અને તે ભૂમિકાઓ સારી રીતે ભજવી શકશે.

પોતાની ભૂમિકા અપનાવવાની પ્રક્રિયામાં વ્યકિત પોતાની આગવી ઓળખ અને અહંભાવ કેળવે છે અને આત્મવિશ્લેષણ કરતાં શીખે છે. તે કુટુંબ અને સમાજના સભ્ય તરીકે પોતાની આગવી છાપ, સ્થાન અને સ્તર પ્રસ્થાપિત કરે છે.

આટલી ચર્ચા પછી સ્વંય સ્પષ્ટ છે કે સમાજિકીકરણ બાળકોને પોતાના સાંસ્કૃતિક અને સામાજિક ભૂમિકાઓ ઓળખવામાં તેમજ તે ભૂમિકાઓ ભજવવા માટે ઉપયોગી શિક્ષણ તકો પૂરી પાડે છે. ઉછરી રહેલા બાળકો જે ભૂમિકા અભિવ્યક્ત કરે છે. તેમાં સમૂહ અને સમાજના સ્વીકૃત ધારાધોરણો સાથે સહમતી સાધવાનું માનવીય વલણ જોવા મળે છે.

ભૂમિકા ભજવણીના પાયાના સિધ્ધાંતો આ પ્રમાણે છે.

1. ભૂમિકા : સંસ્કૃતિનો એકમ છે.


2. સ્થાન અને સ્તર : સમાજનો એકમ છે અને

3.સ્વ : વ્યક્તિત્વનો એકમ છે.

ભૂમિકાઓના સંદર્ભમાં વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે લેવડ - દેવડ સંબંધ ઊભા થાય છે તેમજ જુદી - જુદી ભૂમિકાઓ અને પોતાના વ્યક્તિત્વ વચ્ચે આંતરક્રિયા પણ થાય છે. સમકાલીન ભૂમિકા સિધ્ધાંત માનવીય વ્યવહારને જુદી- જુદી ભૂમિકાઓ અને સ્વ વચ્ચેની આંતરક્રિયાના પરિણામ તરીકે જુએ છે.

સમાજિકીકરણ સમૂહના કેટલાક ધારાધોરણોનો આગ્રહ રાખતું હોય છે સાથે સાથે તેણે જડ એકરૂપતાને ટાળવા માટે તે કેટલીક છૂટછાટ પણ સ્વીકારેલી હોય છે. જો કે, કેટલીક વ્યક્તિઓનું સમાજિકીકરણમાં થતું નથી અને તેવી વ્યક્તિઓના વર્તન - વ્યવહાર સામાજિક ધારાધોરણથી ફંટાયેલા હોય છે. પહેલાં આપણે એ સમજી લેવું રહ્યું કે સામાજીક ધારાધોરણને આત્મસાત્ કરવાથી સામાજિક વ્યવસ્થા જળવાય છે અને આ ધારાધોરણો શિક્ષણની પ્રક્રિયા મારફતે જૂની પેઢી અને નવી પેઢીને હસ્તાંતરિત કરે છે. સમાજમાં જે સાચાં અને યોગ્ય ઠર્યા હોય તેવા મૂલ્યો, વર્તનો અને વિચાર બાળક શીખે છે. એ રીતે જોઈએ, તો સમાજિકીકરણ વ્યક્તિત્વ વિકાસ અને ચારિત્ર્ય ઘડતર માટેની મહત્વની પ્રક્રિયા છે.

આકૃતિ સમાજિકીકરણની પ્રક્રિયા




## પાઠગત પ્રશ્નો- 19.3

યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો :

1. સમાજિકીકરણના કારક ....................માં મદદરૂપ થાય છે.

   (1) અનુકૂલન (2) વિચલન (3) શિક્ષણ (4) પ્રત્યાયન

2. સમાજિકીકરણની પ્રક્રિયા........... નું સંચાલન કરે છે.

   (1) સમાજ (2) માનવ - વ્યવહાર

   (3) સામાજિક કાબુ (4) સાંસ્કૃતિક વારસો

3. શું ઈનામ અને દંડ સમાજીકીકરણના સાધનો માની શકાય ?

   (1) હા (2) ના

4. સમાજિકીકરણના ત્રણ મૂળભૂત ઘટકોના નામ કહો.

(1) કુટુંબ (2) શાળા (3) સમાજ

(4) પ્રત્યાયન (5) સામાજિક ભૂમિકા (6) સંસ્કૃતિ

5. વ્યક્તિત્વની મોટાભાગની વિશેષતાઓ બાળક ઉંમરના આ સમયગાળામાં કેળવી લે છે.

(1) 1 થી 3 વર્ષ સુધીમાં (2) 3 થી 8 વર્ષ સુધીમાં

(3) 1 થી 14 વર્ષ સુધીમાં (4) 15 થી 20 વર્ષ સુધીમાં

6. સમાજિકીકરણની પ્રક્રિયા............... ઓળખ પ્રસ્થાપિત કરવામાં મદદ કરે છે.

(1) જૂથ/સમૂહ (2) સ્વ

(3) સામાજીક (4) સમુદાયિક

## તમે જે શીખ્યા

- સમાજિકીકરણ સામાજિક પ્રક્રિયા છે.
- તે બાળકના શારીરિક - માનસિક વિકાસમાં મદદ કરે છે. માનસિક અને શારીરિક વિકાસ ઉંમરની સાથે થાય છે.
- સમાજિકીકરણ બાળકને તેની આસપાસની વિગતો, રીતરિવાજો, રૂઢિઓ, સંસ્કૃતિ અને સમાજે સ્વીકારેલ ધારાધોરણો શીખવામાં અને આત્મસાત્ કરવામાં મદદ કરે છે.
- સમાજિકીકરણ જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે. તે પારણાથી સ્મશાન સુધી ચાલે છે અને ગર્ભાવસ્થા થી શરૂ થઈ જાય છે.
- તે ધ્યાને આપવા જેવી નવી પરિસ્થિતિઓ ઉજાગર કરે છે. અપેક્ષા અને આશાવાદનું વાતાવરણ સર્જે છે અને જીવનની વસંતનું સ્વાગત કરે છે.
- માતાપિતા, કુટુંબ, પડોશ, શાળા , સાંસ્કૃતિક પરિબળો, સામાજીક ધારાધોરણો અને સમાજના મૂલ્યો સમાજીકીકરણના કારક છે. તેઓ અધિકારવાદી બળો છે.
- રમતના સાથીદારો, મિત્રો અને સાથીદારો પણ સમતાવાદી બળો છે.
- સમાજિકીકરણનો મુખ્ય હેતુ બાળક પ્રસ્થાપિત સમાજીક ધારા - ધોરણો અને વર્તનો શીખે અને સ્વીકારે તે છે.
- પ્રત્યાયન, ભૂમિકાની ઓળખ, ભૂમિકા ભજવણી અને બાળકને ઉછરી રહયું હોય તે સંસ્કુતિ સમાજિકીકરણના મૂળભૂત ઘટકો છે.
- પ્રસ્થાપિત ધારાધોરણો અને મૂલ્યો પ્રમાણે બાળક વર્તન કરતું થાય તે બાબત પર સમાજિકીકરણના ઘટકો ભાર આપે છે. આમ, સમાજિકીકરણ ચારિત્ર્ય ઘડતર અને વ્યક્તિત્વ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- સમાજના કેટલાક ધારાધોરણો અંગે સમાજિકીકરણ આગ્રહ રાખે છે તેમ છતાં , ક્યાંક ખામી અને ભટકાવ સર્જાય છે આ બાબત સમાજિકીકરણની નિષ્ફળતા લેખાય છે.

- સમાજના મૂલ્યો, કાર્યપ્રણાલી અને વિચારવાની રીતે એક પેઢી બીજી પેઢીને પહોંચાડે છે.

## પાઠાંત પ્રશ્નો

1. સમાજિકીકરણની સંકલ્પના અને અર્થ સમજાવો.
2. સમાંગીકરણ, સાંસ્કૃતિકરણ અને સમાજિકીકરણના આંતરસંબંધોની ચર્ચા કરો.
3. સમાજિકીકરણના જુદા - જુદા કારકો જણાવો.
4. સમાજિકીકરણના મૂળભૂત ઘટકોની ઉદાહરણ સાથે સમજૂતી આપો.
5. ચર્ચા કરો : સમાજિકીકરણવ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

---

## ટિપ્પણ

1. આત્મસાત કરવું :- અજાણપણે વિગતો ચિત્તમાં બેસી જવી, શીખ્યા પછીનું વ્યક્તિનું વર્તન, દષ્ટિકોણ સ્વભાવ.
2. કારક :- અસર કરનારા વ્યક્તિઓ અથવા સમૂહો સામાજીકીકરણની પ્રક્રિયાને ટેકો કરનાર વ્યક્તિઓ અથવા સમૂહો.
3. ભૂમિકા ઓળખ :- બીજા વ્યક્તિના વર્તનને આધારે પોતાનું વર્તન નક્કી કરવું, બીજાની કાર્યશૈલી પોતાનામાં વણી લેવી.

## પાઠગત પ્રશ્નોના

19.1

1.(iv) 2.(ii) 3.(iv)

19.2

(i) - સાચું (ii) - ખોટું (iii) - સાચું (iv) ખોટું

19.3

1. (iii) 2.(iv) 3.(i) 4.(iv, v, vi)

5.(ii) 6.(ii)

# 20

# સામાજિક નિયંત્રણ

આપણને આપણા બાળપણની વાતો યાદ છે કે આપણા માતા-પિતા આપણને જમણા હાથે ભોજન કરતા શીખવા માટે કેવી રીતે સમજાવતા હતા અને કઈ રીતે આપણા વડીલો તથા શિક્ષકોનો આદર કરવો, જીવનમાં નિયમિત રહેવુ અને જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી વગેરે બાબતો શીખવાડતા હતા. ત્યાર પછી આપણે શીખ્યુ કે આપણે રસ્તા પર ડાબી તરફ ચાલવુ અથવા વાહન ચલાવવું જોઈએ અને આપણી માતૃભૂમિના નિયમોનું પાલન કરવું જોઈએ. ત્યાર પછી આપણને આપણા ઘરડા માતા-પિતા બાળકો તથા આપણા કાર્ય અનુસાર વ્યવસાયિક જવાબદારીઓની બાબતમાં જવાબદાર બનવાની શીખ આપવામાં આવી.

આ પરથી સ્પષ્ટ જણાય છે કે આપણો વ્યવહાર આપણા પરિવાર, પ્રચલિત પ્રથાઓ અને પરંપરાઓ, સમાજ અને રાજ્ય દ્વારા સંયમિત કરવામાં આવે છે. એ બાબત ખૂબ સ્પષ્ટ છે કે નિયંત્રણ રહિત સ્વતંત્રતાથી અરાજકતા ફેલાય છે અને સામાજિક વ્યવસ્થામાં મુશ્કેલી ઊભી થાય છે તેથી એક સમાજ માટે વ્યવસ્થા અને પ્રગિત જાળવી રાખવી ખૂબ જરૂરી છે.

## હેતુઓ

આ પ્રકરણના અભ્યાસ પછી તમે

- સામાજિક નિયંત્રણનો અર્થ અને જરૂરીયાત સ્પષ્ટ કરી શકશો.
- સામાજિક નિયંત્રણના અનૌપચારિક સાધનો જેવા કે સામાજિક નિયંત્રણ જાળવી રાખવા માટે રીતી-રિવાજો, રુઢિઓ, પ્રથાઓ તથા ધર્મની ભૂમિકાને સ્પષ્ટ કરી શકશે.

- સામાજિક નિયંત્રણના ઔપચારિક સાધનો જેવા કે કાયદાકીય શિક્ષા તથા રાજ્યની ભૂમિકાઓનું વર્ણન કરી શકશો અને
- સામાજિક નિયંત્રણ જાળવી રાખનાર એજન્સીઓ જેમ કે પરિવાર, પાડોશ તથા જનમતનું વિવેચન કરી શકશો.

## 20.1 સામાજિક નિયંત્રણનો અર્થ

એક સમાજનું સુવ્યવસ્થિત સંચાલન કરવા માટે એ ખૂબ જરૂરી છે તેના સભ્યોનું આચરણ અને વ્યવહાર એવા પ્રકારનો હોય કે જે એ સમાજના અન્ય સભ્યોને પસંદ હોય. રોજીંદા જીવનમાં આપણો વ્યવહાર પૂર્ણ પણે વ્યવસ્થિત અને અનુશાસિત હોય છે. સામાન્ય રીતે આપણે આપણા સંપર્કમાં આવનાર વ્યક્તિઓનો વિરોધ કરવાનું નથી ઇચ્છતા, આપણે આપણી શાળાઓ અથવા અન્ય સ્થાનો પર વિભિન્ન નિયમોનું પાલન કરવાનો પ્રયત્ન કરીએ છીએ અને અનુશાસન રાખીએ છીએ. જે વ્યક્તિઓ સમાજના ધારા-ધોરણો અથવા માપદંડોનું પાલન નથી કરતા તેમની આલોચના અથવા નિંદા કરવામાં આવે છે.

સામાજિક નિયંત્રણ સમાજ-સ્વીકૃત સામાજિક માપદંડોના માધ્યમથી સમાજમાં વ્યક્તિના વ્યવહારને નિયંત્રિત કરવાની એક સામાન્ય પધ્ધતિ છે જેથી વ્યક્તિ સ્વીકૃત સામાજિક માપદંડો અનુસાર વ્યવહાર કરે  સામાજિક નિયંત્રણની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવે છે - "એક પરિવર્તન સંતુલનના રુપમાં સંપૂર્ણ સામાજિક વ્યવસ્થા જે રીતે પરસ્પર મળીને કાર્ય કરે છે અને સ્વયંને જાળવી રાખે છે અથવા સંચાલિત કરે છે." તેને સામાજિક નિયંત્રણ કહેવામાં આવે છે.

આ સામાજિક નિયંત્રણ એ પ્રણાલીનું નામ છે જે આપણા વ્યવહારને નિયંત્રિત કરે છે. તે નિયંત્રણ આદર્શો અને રીતિ-રીવાજોના માધ્યમથી હોઈ શકે છે અથવા રાજ્ય અને તેના અનિવાર્ય કાયદાઓના માધ્યમથી પણ હોઈ શકે છે.

કોઈ પણ પ્રકારનું સામાજિક નિયંત્રણ મુખ્યત્વે બે રીતે થાય છે.
(અ) સમાજના સ્થાપિત માપદંડો તથા સામાજિક-મૂલ્યોને ધ્યાનમાં રાખીને અને
(બ) શક્તિના પ્રયોગ દ્વારા
સમાજશાસ્ત્રીઓ દ્વારા "સામાજિક નિયંત્રણ" શબ્દનો પ્રયોગ પહેલા પ્રકાર (અ) ના નિયમન માટે કરવામાં આવે છે.

### પાઠગત પ્રશ્નો- 20.1

(1) સામાજિક નિયંત્રણની વ્યાખ્યા આપો.

..........................................................................

(2) વ્યક્તિના વ્યવહારને સંયમિત રાખવા માટે વપરાતી બે પધ્ધતિઓ કઈ-કઈ છે ?

..........................................................................

## 20.2 સામાજિક નિયંત્રણની જરૂરીયાત અને હેતુ

**જરૂરીયાત :**

તમામ સામાજિક વિચારકોએ સામાજિક નિયંત્રણની જરૂરીયાત અને મહત્વતાનો સ્વીકાર કર્યો છે

પ્રત્યેક વ્યક્તિની રુચિઓ અને ક્ષમતાઓ અલગ-અલગ હોય છે. જો પ્રત્યેક વ્યક્તિને અનિયંત્રિત આઝાદીથી કાર્ય અને વ્યવહાર કરવા દેવામાં આવે તો તેનાથી સમાજમાં અરાજકતા અને અવ્યવસ્થા ફેલાય છે. વારંવારના સંઘર્ષો અને ઝઘડાઓથી સમાજની શક્તિ અને કાર્યકુશળતા નિરંતર ઘટતી જાય છે.

સરખામણી કરવા માટે આપણે કોઈ પ્રકારના ટ્રાફિક નિયમોની અને સંકેતોની ગેરહાજરીમાં થતી વાહનોની અવર-જવરને ઉદાહરણ તરીકે લઈ શકીએ. આ પરથી રસ્તા પર થતી અંધાધૂધીનું આપણે સહજ અનુમાન લગાવી શકીએ અને તેના પરિણામે ટ્રાફિક મજાની સમસ્યાનુ પણ અનુમાન કરવું સરળ છે. એ સમજવું ખૂબ સરળ છે કે આ સ્થિતિનું પરિણામ પૂર્ણ રીતે અનિચ્છનીય અને અપ્રિય હશે. એ વાત સત્ય છે કે ટ્રાફિકના નિયમોને લીધે વાહન વ્યવહાર સુચારુ રીતે ચાલે છે જે માત્ર નિયંત્રણ જાળવી રાખવાથી સંભવ બને છે.

જો સમાજમાં વર્તન-વ્યવહારની સ્વીકૃત પધ્ધતિઓ ના હોય તો તેની સ્થિતિ પણ ઉપરના ઉદાહરણથી અલગ ના હોય. તેથી લોકોએ સમાજમાં સહ અસ્તિત્વપૂર્ણ રીતે રહેવું જોઈએ. જેથી તેમને અને તેમની સાથે સમુદાયને પણ લાભ થાય. સામાજિક નિયંત્રણ નીચે મુજબના કારણો લીધે જરૂરીયાત બની જાય છે.

(1) **જુની વ્યવસ્થા જાળવી રાખવી :** એક સમાજ અને સમુદાયની સતતતા અને એકરૂપતા માટે એ ખૂબ જરૂરી છે કે તે પોતાની જુની વ્યવસ્થા જાળવી રાખે. આ કાર્ય પરિવાર દ્વારા સંપન્ન થાય છે. કુટુંબના વડીલો બાળકો અને યુવાનોમાં વ્યવહારની યોગ્ય પધ્ધતિઓ, પરંપરાઓ, જીવન-મૂલ્યો વગેરેનું સંસ્કાર સિંચન કરે છે અને તેમને સામાજિક બનાવે છે.

(2) **વ્યક્તિગત વ્યવહારનુ નિયમન કરવુ:** લોકોના વિચારો, રુચિઓ, દ્રષ્ટિકોણો, અને આદતો વગેરેમાં ભિન્નતાને કારણે તેમનામાં વિવિધતા જોવા મળે છે. ત્યાં સુધી કે એક જ માતા-પિતાના બાળકો અલગ-અલગ રીતે વિચારે અને વર્તનન કરે છે. તેથી તેમના વ્યવહારોને સ્વીકૃત માપદંડો અનુસાર નિયમિત કરવાની જરૂર હોય છે જેથી સમુદાયમાં એકરૂપતા અને નિરન્તરતા જળવાઈ રહે.

(3) **સાંસ્કૃતિક અપસમાયોજન અટકાવવું :** સમાજ તીવ્ર ગતિથી બદલી રહ્યો છે. આ પરિવર્તનો પ્રવર્તમાન સામાજિક પ્રણાલીને જડમૂળથી ઉખેડી નાખી નવી પ્રણાલી પ્રસ્થાપિત કરવા માંગે છે સારા અને ખરાબની ઓળખ કરવા, સંતુલન અને ન્યાયની ભાવનાને સુરક્ષિત રાખવા માટે એક પ્રભાવશાળી સામાજિક નિયંત્રણની જરૂરીયાત છે.

## હેતુ :

સમાજશાસ્ત્રીઓએ સામાજિક નિયંત્રણના ઘણા-બધા હેતુઓ દર્શાવ્યા છે. સામાજિક નિયંત્રણનું લક્ષ્ય એક ચોક્કસ સમાજ અથવા સમુદાયમાં સંવાદિતા લાવવાનું છે.

કેટલીક વખત અસમાનતાને કારણે લોકો એવા કાર્યો કરી બેસે છે કે જેથી તેમને લાભ થાય પણ ખરા અને ન પણ થાય સમાજનું હિત સામૂહિક સ્તરે નક્કી થાય છે. કેટલીક એવી પણ પરિસ્થિતિઓ હોય છે કે જેમાં વ્યક્તિ પોતાના કાર્યો ને લીધે સમાજ પર પડતી ખરાબ અસરોથી જાણકાર હોય છે પરંતુ તે પોતાનો વ્યવહાર બદલતી નથી કારણ કે તેમાં તેનો વ્યક્તિગત લાભ હોય છે. ઉદાહરણ તરીકે

એક ઉદ્યોગ નો માલિક પોતાના ઉદ્યોગ દ્વારા ફેલાતા પ્રદૂષણની હાનિકારક અસરોથી પૂર્ણ રીતે જાણકાર હોય છે પરંતુ તે પ્રદૂષક-નિયંત્રણ સામૂહિક હિતોની કાળજી રાખ્યા વિના સર્વાધિક નફો મેળવવા ઈચ્છે છે. સમાજ આ પ્રકારની વ્યક્તિઓના વ્યવહારને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરે છે. સામાજિક નિયંત્રણનો હેતુ વ્યક્તિ અને સમુદાય બંનેનું એ રીતે નિયમન કરવાનો છે કે જેથી બંનેને લાભ થાય.

### પાઠગત પ્રશ્નો-20.2

નીચેના વિધાનો માટે સત્ય/અસત્ય જણાવો.

(અ) સામાજિક નિયંત્રણ જુની વ્યસ્થાને જાળવી રાખવા માટે ખૂબ જરૂરી છે. (સત્ય/અસત્ય)

(બ) વર્તમાન સમયમાં સામાજિક નિયંત્રણની કોઈ જરૂરીયાત નથી (સત્ય/અસત્ય)

(ક) સામાજિક નિયંત્રણનો હેતુ વ્યક્તિ અને સમુદાયના હિતોનું નિયંત્રણ કરવાનો છે. (સત્ય/અસત્ય)

## 20.3 સામાજીક નિયંત્રણ એટલે ઔપચારિક અને અનૌપચારિક

પ્રત્યેક સમાજો પાસે પ્રત્યેક સમયમાં પોત-પોતાની પરિસ્થિતિઓ અનુસાર વ્યવસ્થા અને નિયંત્રણ જાળવી રાખવા માટે કેટલાક નિર્ધારીત માધ્યમો હોય છે.

પરિવાર, સગા-સંબંધીઓ, જાતિ, ગામ, શિક્ષણ, રાજ્ય, ધર્મ અને આર્થિક સંસ્થાઓ વગેરે દ્વારા વ્યક્તિ અને સમુદાય સામાજિક માપદંડો અનુસાર કાર્ય કરે છે. સમાજશાસ્ત્રીઓએ સામાજિક નિયંત્રણની સંરચનાઓને નીચે મુજબ વર્ગીકૃત કરી છે.

(અ) સામાજિક નિયંત્રણના અનૌપચારિક માધ્યમો અને

(બ) સામાજિક નિયંત્રણના ઔપચારિક માધ્યમો

**સામાજિક નિયંત્રણના અનૌપચારિક માધ્યમો**

પ્રાથમિક સમૂહોમાં સંબંધો એકદમ નજીક, પ્રત્યક્ષ અને ઘનિષ્ઠ હોય છે. સામાજિક નિયંત્રણ ઘણી વખત અનૌપચારિક માધ્યમો દ્વારા જાળવવામાં આવે છે જેમ કે પ્રથાઓ, રીતિ-રીવાજો, પરંપરાઓ તથા ધર્મ વગેરે આ અનૌપચારિક સમૂહો દ્વારા અપનાવવામાં આવેલા માધ્યમો છે.

સામાજિક નિયંત્રણની અનૌપચારિક સંરચનાઓમાં સમાજીકરણ, શિક્ષણ પરિવાર, લગ્ન તથા ધર્મ વગેરે સાથે સંકળાયેલ પ્રસ્થાપિત અને સ્વીકૃત સંસ્થાઓનો સમાવેશ થાય છે.

અનૌપચારિક માધ્યમોમાં સામાજિક નિયંત્રણ અનૌપચારિક સ્વીકૃતિઓ દ્વારા જળવાતુ હોય છે જે હકારાત્મક અથવા નકારાત્મક હોઈ શકે છે. હકારાત્મક સ્વીકૃતિઓમાં સ્મિત, સંમતિ આપવી, પુરસ્કાર અને પ્રમોશન વગેરેનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે પરીક્ષામાં સારી સફળતા



નોંધ

મેળવવા બદલ માતા-પિતા દ્વારા સંતાનને સાઈકલ અથવા ઘડીયાલ વગેરે જેવા પુરસ્કારો આપી શકાય છે. નકારાત્મક સ્વીકૃતિઓમાં ચહેરાના હાવ-ભાવ દ્વારા નારાજી કે અપ્રસન્નતા વ્યક્ત કરવી, ટીકા કરવી, શારીરિક દંડ આપવો વગેરેનો સમાવેશ થાય છે. શાળામાં તોફાની વ્યવહારનું પરીણામ શાળામાં બરતરફી અથવા કઠોર દંડ હોઈ શકે છે જે નકારાત્મક સ્વીકૃતિનું એક ઉદાહરણ છે.

## સામાજિક નિયંત્રણના ઔપચારિક માધ્યમો

સામાજિક નિયંત્રણના ઔપચારિક માધ્યમો રાજ્ય, કાયદો, શિક્ષણ વગેરે છે. ઔપચારિક સંસ્થાઓ સામાજિક નિયંત્રણ જાળવી રાખવા માટે બળ પ્રયોગ પણ કરી શકે છે. ઉદારણ તરીકે, કોઈ વ્યક્તિની સંપત્તિ હડપી લેનાર અપરાધીને જેલની સજા કરવામાં આવી શકે છે. અન્ય શબ્દોમાં, આ સંસ્થાઓ એક વ્યક્તિ અને સમુદાયના વ્યવહારને નિયંત્રિત કરવા માટે કાનૂની શક્તિનો પ્રયોગ કરે છે. હવે આપણે સામાજિક નિયંત્રણના અનૌપચારિક અને ઔપચારિક માધ્યમોના વિભિન્ન પ્રકારો વિશે ચર્ચા કરીશું.

### પાઠગત પ્રશ્નો- 20.3

કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(અ) પ્રાથમિક સમૂહોમાં સંબંધો ______________ હોય છે. (ઘનિષ્ઠ/ઔપચારિક)

(બ) સામાજિક નિયંત્રણના ઔપચારિક સાધનો ______________ દ્વારા લાગૂ કરવામાં આવે છે. (કુળ, રાજ્ય, પરિવાર)

(ક) અનૌપચારિક સામાજિક નિયંત્રણ ______________ દ્વારા જાળવી રાખવામાં આવે છે (કાયદાઓ, પ્રથાઓ)

(ડ) હકારાત્મક સ્વીકૃતિઓમાં ______________ નો સમાવેશ થાય છે. (અપ્રસન્નતા, સ્મિત)

## 20.4 સામાજિક નિયંત્રણના અનૌપચારિક માધ્યમો

(1) લોકરીતિઓ

(2) પ્રવેગો (મોરસ)

(3) પ્રથાઓ

(4) ધર્મ

એ ઉલ્લેખનીય છે કે આપણી જીવન શૈલીઓની સાથે સામાજિક નિયંત્રણના સાધનોમાં પણ વિવિધતા છે. સામાજિક નિયંત્રણ એક સમુદાય અથવા સમાજને અનુરૂપ ખાસ અને વિશિષ્ટ પ્રકારનુ હોય છે. નિયંત્રણની અનૌપચારિક સંરચનાઓ તેની અનુસાર ભિન્ન-ભિન્ન હોય છે. પરિવાર ઉપરાંત અનૌપચારિક સામાજિક નિયંત્રણ અન્ય સામાજિક સંસ્થાઓ દ્વારા પણ લાગૂ કરવામાં આવે છે જેમ કે પાડોશ, સગા-સંબંધીઓ, કુળ તથા ગામ વગેરે.

(1) **લોકરીતિઓ :-** લોક રીતિઓ એ આદર્શ માપદંડ છે કે જેના અનુસાર લોકો વ્યવહાર કરે છે. આ પ્રમાણે કરવું એ એક રીવાજ છે. લોક રીતિઓને અનુકૂળ ચાલંવુ અથવા વ્યવહાર કરવો એ કોઈ કાયદા અથવા સમાજની અન્ય એજન્સીઓ દ્વારા લાગૂ કરવામાં નથી આવતું. તે પ્રત્યેક સમાજ અથવા સમુદાયમાં સ્થાપિત રીતિ-રીવાજોની એક અનૌપચારિક માન્યતા અથવા સ્વીકૃતિ છે. રીતિ-રીવાજો અભિવાદન, વેષ ભૂષા, ભોજન રોજીંદી આદતો, ધાર્મિક પૂજા-પાઠ વેગેરે સ્વરૂપોમાં સ્પષ્ટ રૂપે જોવા મળે છે. ઉદાહરણ તરીકે ભારતમાં ઉત્તર અને દક્ષિણ રાજ્યોમાં ભોજનની પધ્ધતિઓ અલગ-અલગ છે અને તે પધ્ધતિ અથવા આદત ત્યારે પણ જળવાઈ રહે છે જ્યારે વ્યક્તિ પોતાના મૂળ સ્થાનથી ખૂબ દૂર અન્ય સ્થાન પર જાય છે.

(2) **પ્રવેગો** (મોરસ-Mores) વ્યક્તિના નૈતિક આચરણ સાથે સંબંધિત છે અને લોકરીતિઓથી તદ્દન અલગ છે. તે સમાજની મૂલ્ય પ્રણાલીને પ્રભાવિત કરે છે અને સામાજિક અધિનિયમોના રૂપમાં હોય છે, જેનો ઉદ્દેશ સામાજિક વ્યવસ્થા જાળવી રાખવાનો હોય છે. વિશિષ્ટ પરિસ્થિતિમાં વ્યક્તિઓના પરસ્પરના સંબંધોને સંયમિત કરવા એનું કામ છે જેમ કે પતિ-પત્ની, માતા-પિતા અને બાળકો તથા અન્ય નાના-મોટા વગેરેના પરસ્પર સંબંધોને સંયમિત કરવા તેમનો સંબંધ સામાન્ય સામાજિક સંબંધો સાથે પણ હોય છે જેમ કે ઈમાનદારી, કઠોર પરિશ્રમ અને અનુશાસન વગેરે.

(3) **પ્રથાઓ :** પ્રથાઓ લાંબા સમયથી સ્થાપિત એ લોક-રીતિઓ છે જે ધીમે-ધીમે પરંતુ સ્વયંભૂ બને છે. સામાજિક જીવનને નિયમિત કરવા ઉપરાંત તે લોકોને એક સાથે બાંધે છે આદિમ સમાજમાં પ્રથાઓ સામાજિક નિયંત્રણ શક્તિશાળી માધ્યમ હતી પરંતુ આધુનિક કાળમાં વ્યક્તિવાદ અને વિવિધતાના કારણે તે નબળી થતી જાય છે.

(4) **ધર્મ :** ધર્મ, તેમાં વિશ્વાસ ધરાવતા લોકો માટે શક્તિશાળી પ્રભાવનું કાર્ય કરે છે એમીલ દુર્ખિમ ધર્મને પવિત્ર વસ્તુઓ અથવા કાર્યોથી સંબંધિત વિશ્વાસ તથા રીતિ-રીવાજોની એકીકૃત પ્રણાલી તરીકે વ્યાખ્યાયિત કરે છે ધર્મના માધ્યમથી સમાન વિશ્વાસ અને રીતિ-રીવાજો ધરાવતા લોકો એક નૈતિક સમુદાયમાં એકઠા થાય છે. એક વ્યક્તિના જીવનમાં ધર્મનું મહત્વપૂર્ણ સ્થાન હોય છે અને તે વ્યક્તિની આધ્યાત્મિક સામાજિક તથા મનોવૈજ્ઞાનિક જરૂરીયાતો પૂરી કરે છે.

સામાજિક નિયંત્રણની પ્રક્રિયામાં ધર્મ નીચે પ્રમાણે સહાય કરે છે.

(અ) પ્રત્યેક ધર્મમાં 'પાપ' અને 'પુણ્ય'નો ખ્યાલ રહેલો હોય છે. બાળપણથી જ પ્રત્યેક વ્યક્તિને આ ખ્યાલો તથા સારા-ખરાબ વિચારોની જાણકારી આપવામાં આવે છે. આ બધી બાબતો વ્યક્તિના વ્યક્તિત્વનો એક હિસ્સો બની જાય છે અને જીવન પર્યન્ત કોઈ પણ નિર્ણય લેવામાં વ્યક્તિને માર્ગદર્શન આપે છે.

(બ) ધાર્મિક માન્યતાઓ તથા પ્રથાઓ દ્વારા લગ્નો, પરિવારના સભ્યોનો પરસ્પર સંબંધ, ઉત્તરાધિકાર, વારસો વગેરે નિર્ધારીત થાય છે.

(ક) ધર્મગુરુઓ લોકોને એક ચોક્કસ આચાર સંહિતાનું પાલન કરવાનો ઉપદેશ આપી તેમના વ્યવહારનું નિયમન કરે છે.

(ડ) સામુદાયિક પ્રવૃત્તિઓ, પ્રાર્થના-સભાસો તથા ધાર્મિક તહેવારો, ઉત્સવો વગેરેનું નિયમિત આયોજન કરી ધાર્મિક સંસ્થાઓ પણ આ પ્રક્રિયામાં પોતાનું યોગદાન આપે છે.

## પાઠગત પ્રશ્નો- 20.4

એક વાક્યમાં જવાબ આપો.

(1) લોકરીતિઓ એટલે શુ ?

..........................................................................

(2) પ્રવેગો (Mores) એટલે શું ?

..........................................................................

(3) પ્રથાઓ એટલે શું ?

..........................................................................

(4) ધર્મની વ્યાખ્યા આપો.

..........................................................................

## 20.5 સામાજિક નિયંત્રણના ઔપચારિક માધ્યમો

(1) કાયદાઓ

(2) શિક્ષણ

(3) રાજ્ય

**(1) કાયદાઓ :-** આદિમ સમાજમાં સમુદાયો અનુસાર વ્યવસાયો હતા અને લોકોમાં પરસ્પર પ્રત્યક્ષ, વ્યક્તિગત તથા ઘનિષ્ઠ સંબંધોનું અસ્તિત્વ હતુ. આ લોક-રિતિઓ, પ્રથાઓ વગેરે વ્યક્તિના વ્યવહારના નિયંત્રણ માટે પર્યાપ્ત હતા. સામાજિક નિયંત્રણની અનૌપચારિક સંરચનાનું પાલન ન કરવાનો કોઈ પ્રશ્ન જ એ સમયમાં ન હતો. આધુનિક સમાજ શ્રમ-વિભાજન તથા કાર્ય-ક્ષેત્રમાં વિભિન્નતા, નૈતિકતા અને જીવન-પધ્ધતિની વિશેષતાઓથી ભરપૂર છે.

શહેરીકરણ તથા લોકોની વધુમાં વધુ કમાવવાની વૃત્તિને પરિણામે માનવ-સમુદાયોનું ચરિત્ર બદલાઈ ગયું છે. પરસ્પર સંબંધો ઔપચારિક બની ગયા છે. વિવિધતાપૂર્ણ સમુદાયોને નિયંત્રિત કરવા માટે પ્રથાઓ અને લોક રીતિઓ અપર્યાપ્ત સાબિત થઈ રહી છે. હવે વ્યક્તિના વ્યવહારોને સમાન કાયદાઓ લાગૂ પાડીને નિયંત્રિત કરવાનું જરૂરી અને સંભવ બની ગયુ છે આ કાયદાઓને રાજ્યની ન્યાય પ્રણાલી, પ્રશાસનિક તથા રાજકીય પ્રણાલી દ્વારા સમર્થન પ્રાપ્ત હોય છે. પ્રથાઓ અને લોકરીતિઓના સ્થાન પર કાયદાઓ અને તેને લાગૂ કરનાર એજન્સીઓ વ્યક્તિઓના વ્યવહારની નિયામક બની ગઈ છે અને તે જ સામાજિક વ્યવસ્થા તથા નિયંત્રણને સુનિશ્ચિત કરે છે.

કાયદાઓની વ્યાખ્યા બે પ્રકારે કરવામાં આવે છે કેટલાક વિચારકોએ તેને 'આદર્શ વ્યવહારના માપદંડો' તરીકે વ્યાખ્યાયિત કર્યા છે જ્યારે બીજા વિચારકોએ તેમને રાજ્ય દ્વારા જાહેર કરાયેલ નિયમો તરીકે વ્યાખ્યાયિત કર્યા છે કે જેનું પાલન કરવું ફરજિયાત હોય છે.

લોકો કાયદાઓનું પાલન નીચેના બે કારણોને પરિણામે કરે છે.

(1) દંડ/સજાનો ભય - રાજ્ય દ્વારા દંડ/સજાનો ભય લોકોની જરૂરી સ્વતંત્રતાઓ પર નિયંત્રણ મૂકે છે અને તેથી જ તે લોકોને ગેરકાયદેસર કાર્યો કરતા રોકે છે.

(2) નિયમનું પાલન કરવાની આદત : ઘણા લોકોને વિશ્વાસ છે કાયદાઓનું પાલન તેમની કુશળતા અને સામાજિક સ્થિરતા તથા પ્રગતિ માટે જરૂરી છે. તેને "નિયમનું પાલન કરવાની આદત" કહેવામાં આવે છે. પરિવાર, શિક્ષણ સંસ્થાઓ તથા ધાર્મિક ઉપદેશકો વગેરે આ આદતને લોકોના જીવનમાં ઊતારવાની તથા જીવંત રાખવાની ભૂમિકા નિભાવે છે.

કાયદાઓની ઉત્પતિ પ્રથાઓ, પરંપરાઓ, ધર્મ અને ન્યાયાલયના નિર્ણયોથી થઈ છે. કાયદાઓના નૈતિક પાસાઓ પણ હોય છે. કાયદાઓનું નૈતિક પાસુ તથા સંસ્થાગત વ્યવસ્થાઓમાં સમર્પિત હોવાને કારણે કાયદાઓને માનવ વ્યવહારને નિયંત્રિત કરવા માટે યોગ્ય માનવામાં આવે છે. કાયદાઓને રૂઢિગત અને વૈધાનિક બંને પ્રકારનો સહયોગ હોવાથી તેમનો ઝડપથી સ્વીકાર થાય છે.

વર્તમાન સમયમાં કાયદાઓ વૈધાનિક સંસ્થાઓ દ્વારા ઘોષિત કરવામાં આવે છે અને સરકારના માધ્યમથી રાજ્યો દ્વારા લાગૂ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં સરકારમાં કાર્યરત તમામ એજન્સીઓ અને કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે જેના માધ્યમથી રાજ્ય પોતાનો લક્ષ્ય પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે કાયદાઓ એકરૂપતા અને અનુકૂળતા સુનિશ્ચિત કરી સામાજિક વ્યવહારને નિયંત્રિત અને નિયમિત કરે છે.

એ પણ ધ્યાન આપવા યોગ્ય બાબત છે કે કાયદાઓ પ્રથાઓથી નીચે મુજબના પરિબળોને લીધે અલગ અને ભિન્ન હોય છે.

(1) કાનૂનમાં બળ પ્રયોગ જોવા મળે છે. તેથી તે લોકોને ચોક્કસ પધ્ધતિથી કામ કરવાની ફરજ પાડે છે. બીજી તરફ પ્રથાઓનો આદર થાય છે અને તે પ્રચલિત રહે છે કારણકે તેમની સાથે પરંપરાઓની ભાવનાત્મક અને સામાજિક સ્વીકૃતિ જોડાયેલી હોય છે.


(2) પ્રથાઓ માત્ર સંબંધિત સમુદાયો અને કુળોમાં જ ખાસ મહત્વ ધરાવે છે જ્યારે કાનૂન સાર્વભૌમિક છે.

(3) કાનૂન ભંગ કરવાથી રાજ્ય દ્વારા દંડ થવાની શક્યતા રહે છે જ્યારે પ્રથાઓની ટીકા કરવાથી સમાજ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવે છે અને એક હદથી વધુ આવો વ્યવહાર કરનાર વ્યક્તિને બહિષ્કૃત કરવામાં આવે છે.

(4) કાનૂનનો ખ્યાલ પ્રથાની સાપેક્ષે નવો છે જે રાજ્ય અને તેની સંસ્થાઓના વિકાસ સાથે જોડાયેલ હોય છે. જ્યારે પ્રથાઓ એક અથવા બીજા રૂપમાં પ્રત્યેક સમયે પ્રત્યેક સમાજમાં અસ્તિત્વમાં રહી છે.

આધુનિક રાષ્ટ્ર અને રાજયના અસ્તિત્વમાં આવવાને કારણે રાજકીય, વ્યાપારિક અને સેના જેવા ક્ષેત્રોમાં સંબંધોને નિયમિત કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ જરૂરી બન્યા છે. જે પ્રમાણે રાષ્ટ્રીય કાનૂન દેશની પોતાની સીમાઓની અંદર વ્યવસ્થા અને નિયંત્રણ જાળવી રાખવા માટે હોય છે તે જ પ્રમાણે આંતરરાષ્ટ્રીય કાનૂન વિભિન્ન રાષ્ટ્રો વચ્ચે વ્યવસ્થિત વ્યવહાર જાળવી રાખવા માટે કાર્ય કરે છે.

**2. શિક્ષણ :** કાનૂનની સાથે શિક્ષણ પણ સામાજિક નિયંત્રણનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. શિક્ષણ વ્યક્તિને અનુશાસન, સહકાર, સહનશીલતા તથા એકતાનું મહત્વ અને મૂલ્ય સમજાવે છે. તમામ સ્તરોની શિક્ષણ સંસ્થાઓ (શાળા, કોલેજ અને યુનિવર્સિટી) પોતાના ઔપચારિક સંરચિત અભ્યાસક્રમોની સાથે વ્યવહારિક શિક્ષણ દ્વારા જ્ઞાન અને નૈતિકતા પણ પ્રદાન કરે છે. વિભિન્ન સમાજોમાં શિક્ષણ પ્રણાલી સામાજિક વિકાસ અને સામાજિક જરૂરીયાતો પર આધારિત હોય છે આ રીતે પ્રાચીન ભારતીય સમાજોમાં ધાર્મિક ગ્રંથો, દર્શન શાસ્ત્ર અને આધ્યાત્મના અધ્યયન પર ભાર આપવામાં આવતો હતો. સામાજિક વિકાસની તરફ ધ્યાન પરિવર્તિત થવાનું પરિણામ એ આવ્યુ કે હવે અન્ય ક્ષેત્રોના જ્ઞાનની માંગ વધી છે.



આકૃતિ. શાળા એક શિક્ષણનું માધ્યમ

લોકતંત્ર, ધર્મ નિરપેક્ષતા, સમાનતા અને રાષ્ટ્રીય લક્ષ્યોના વિચારો વિદ્યાર્થીઓ પોતાના ઈતિહાસ, સંસ્કૃતિ, વારસો, આદર્શો તથા નૈતિકતા, અનુશાસન અને સામાજિક શિષ્ટાચારની બાબતોની જાણકારી બાળકો સુધી પહોંચાડીને શિક્ષણ પ્રણાલી સામાજિક નિયંત્રણના એક માધ્યમ અથવા એજન્ટની ભૂમિકા નિભાવે છે.

**3. રાજ્ય :** સામાજિક નિયંત્રણને જાળવી રાખવા માટે રાજયનું ખૂબ મોટુ યોગદાન હોય છે. સમાજ શાસ્ત્રિઓએ રાજયને વ્યાખ્યાયિત કરતા કહ્યુ છે કે રાજ્ય સરકાર દ્વારા કાર્ય કરે છે. વર્તમાન રાજ્યો કલ્યાણકારી રાજ્યોના રૂપમાં કાર્યરત હોય છે. તેનો હેતુ એ હોય છે કે તે પોતાના નાગરિકોને ખૂબ મોટા પાયે સામાજિક સુવિધાઓ જેમ કે શિક્ષણ, સ્વાસ્થ્ય, વૃદ્ધા અવસ્થા પેંશન અને બેરોજગારી ભથ્થુ વગેરે પ્રદાન કરે. આ લક્ષ્ય જન-સહયોગ અને જન-સંચાર માધ્યમો, સમાજસેવી સંગઠનો તથા અન્ય સામાજિક સંસ્થાઓના માધ્યમથી પ્રાપ્ત કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે સરકારના પલ્સ પોલિયો પ્રોગ્રામને ટીવી ચેનલોનો, બિન સરકારી સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓનો સહયોગ મળે છે આ સંદર્ભમાં, સરકાર પોતાના બળ-પ્રયોગ ત્યાગીને સામાજિક નિયંત્રણની એક અનૌપચારિક એજન્સીના રૂપમાં કાર્ય કરે છે.

છતાં પણ ઘણી વખત કેટલાક કાર્યો જેવા કે કાનૂન તથા વ્યવસ્થા જાળવી રાખવા માટે, રક્ષા, વિદેશી સંબંધો વગેરેમાં ઔપચારિક અને ક્યારેક બળ પ્રયોગની પધ્ધતિનો પણ ઉપયોગ રાજ્યને કરવો પડે છે.

ભારત એક સંઘ રાજ્ય છે અને તેની સરકાર વિભિન્ન સ્તરો પર કાર્ય કરે છે જેમ કે ગામ, જિલ્લો, રાજ્ય અને રાષ્ટ્ર આ બધા સ્તરો પર તેના કાર્યકર્તાઓ નિયમો તથા કાનૂનો લાગૂ કરી શકે છે. આધુનિક સમાજોમાં રાજ્ય સામાજિક નિયંત્રણના માધ્યમના રૂપમાં ઉત્તરોત્તર મહત્વપૂર્ણ થઈ રહ્યુ છે.

## પાઠગત પ્રશ્નો- 20.5

એક વાક્યમાં ઉત્તર આપો

(1) તમે કાનૂન/કાયદાઓનું પાલન શા માટે કરો છો ?

..........................................................................

(2) કાનૂનના બે સ્રોતોના નામ જણાવો.

..........................................................................

(3) “સરકાર” શબ્દ વિશે તમારી સમજણ સ્પષ્ટ કરો.

..........................................................................

(4) કાનૂન/કાયદાઓ તથા પ્રથાઓ વચ્ચેનો તફાવત જણાવો.

..........................................................................

## 20.6 સામાજિક નિયંત્રણની એજન્સીઓ-પરિવાર, પાડોશ અને લોકમત

### (1) પરિવાર

બાળક પોતાના વંશ અને વાતાવરણની ઉપજ હોય છે. તે એક નિશ્ચિત રૂપથી સંક્રમિત ક્ષમતાઓ સાથે જન્મે છે. જે સમય જતા વધી જાય છે અથવા વાતાવરણની ઉત્તેજકતાને કારણે કુંઠિત થઈ જાય છે અથવા દબાઈ જાય છે. આ પરિસ્થિતિમાં તેની સ્થિતિ એક ફુલ સમાન હોય છે. યોગ્ય સિંચન અને કાળજીથી તે ખીલી ઉઠે છે પરંતુ જો યોગ્ય વાતાવરણ ના મળે તો તે મૂરજાઈ જાય છે. પરિવાર સામાજિક નિયંત્રણની ખૂબ જ મહત્વપૂર્ણ એજન્સી છે પ્રત્યેક બાળક પોતાની આસપાસના વાતાવરણમાંથી શીખે છે જે સર્વપ્રથમ તેને પરિવાર દ્વારા જ મળે છે. શિષ્ટાચાર, આદતો તથા દ્રષ્ટિકોણ સર્વપ્રથમ નજીકની વ્યક્તિઓ જેમ કે માતા-પિતા, ભાઈ-બહેન, પરિવારના અન્ય બાળકો-વડીલો વગેરે દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે.

ગામડાઓમાં પરિવાર દ્વારા વ્યક્તિ પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે. વ્યક્તિના વ્યક્તિત્વના નિર્માણમાં વડીલોની જે પ્રમુખ ભૂમિકા હોય છે તે જ વ્યક્તિના દ્રષ્ટિકોણો, રુચિઓ અને જીવન શૈલીઓ વગેરેમાં સ્પષ્ટ રૂપે જોવા મળે છે. બાળકોના લગ્નો મોટાભાગે વડીલો દ્વારા નક્કી કરવામાં આવે છે અને તેને માત્ર બે વ્યક્તિ વચ્ચેનો સંબંધ નહી પરંતુ બે પરિવાર વચ્ચેનો સંબંધ માનવામાં આવે છે. શહેરોમાં પરિવાર એક વ્યક્તિના વ્યક્તિત્વને ઘડવામાં એક મહત્વ પૂર્ણ ભૂમિકા નિભાવે છે.



ઔદ્યોગીકરણ, મર્યાદિત આવક અને જગ્યાની અછતે વિભક્ત પરિવારોના પ્રસારને જન્મ આપ્યો છે. ગામડામાં ઘટનારી ઘટનાઓથી આ તદ્દન ભિન્ન છે તેથી અહીંયા પરિવાર પોતાના પર જ વિશેષ ધ્યાન આપે છે. ગામડાઓમાં સામાન્ય રીતે પ્રચલિત સામૂહિકતાથી વિપરીત શહેરોમાં વ્યક્તિવાદને પ્રોત્સાહન આપનાર પ્રવૃત્તિઓ વધી રહી છે. શહેરોમાં સમાજીકરણનું જે કાર્ય પરિવાર દ્વારા થવું જોઈએ તે સંસ્થાઓ જેવી કે શાળાઓ, જન સંચાર માધ્યમો વગેરે દ્વારા કરવામાં આવે છે. ગ્રામીણ વાતાવરણથી વિપરીત શહેરમાં વ્યક્તિ પોતાનુ સામાજિક સ્થાન અચુક અંશે પરિવાર દ્વારા મેળવે છે પરંતુ વધુ મહત્વપૂર્ણ સ્થાન તે પોતાની ઉપલબ્ધિઓથી પ્રાપ્ત કરે છે. હજુ પણ શહેરોમાં માતા-પિતા તથા વડીલો લગ્નો નક્કી કરે છે. જોકે એ પહેલા છોકરા અને છોકરીની મંજૂરી લઈ લેવામાં આવે છે. જાતિ અને ધર્મની બહાર થતા લગ્નોની સંખ્યા પણ વધી રહી છે. આ પ્રકારે આપણે જોઈએ છીએ કે વ્યક્તિગત પસંદગી વધુ મહત્વપૂર્ણ બની રહી છે. છતાં પણ બંને તરફથી પરિવારના સમર્થનના અભાવમાં વ્યક્તિગત અસહમતિને કારણે પરિવારો તૂટવાની તથા છૂટા છેડાની ઘટનાઓ જોવા મળે છે. આનાથી વિપરીત ગામડાઓમાં સગા-સંબંધીઓની મદદથી આ પ્રકારના પરસ્પરના સંઘર્ષોને ઉકેલવા મોટની સામાજિક વ્યવસ્થા હોય છે.

## (2) પાડોશ

ગામડાઓમાં પડોશ સામાન્ય રીતે એક જ વંશ, સમુદાય અથવા જાતિના લોકોનો હોય છે તેથી આ પ્રકારના પડોશમાં નિયંત્રણ જાળવવું મુશ્કેલ હોય છે. એક ઘરનો જમાઈને પૂરા સમુદાયનો જમાઈ માનવામાં આવે છે અને ક્યારેક તો સમગ્ર ગામ તેને જમાઈ માને છે.

આનાથી વિપરીત શહેરી વાતાવરણમાં પડોશીઓના પરસ્પરના સંબંધો ઔપચારિક હોય છે. શહેરના સંબંધો ગ્રામીણ વાતાવરણમાં જોવા મળતા સંબંધોની સરખામણીએ વધુ નબળા અને નાજુક હોય છે. મોટા શહેરોમાં પડોશીઓ સાથેના સંબંધો મહત્વપૂર્ણ નથી હોતા. પડોશીઓ વચ્ચે ભાગ્યે જ કોઈ વાર્તાલાપ થાય છે. આ પ્રકારે ગામડામાં આસ-પડોશ લોકો અને દૈનિક પ્રવૃત્તિઓમાં પરસ્પર ઉત્સાહ પૂર્વક સહભાગી થાય છે. તેનાથી પરસ્પર એક રૂપતા અને અનુકૂળતા સુનિશ્ચિત થાય છે અને તેનાથી વિચલિત થયેલા લોકો સુધરે છે.

ઉદાહરણ તરીકે કોઈ ગામડામાં ઘરડા-માતા-પિતાની સંભાળ ન રાખનાર દીકરાનો પડોશીઓ બહિષ્કાર કરે છે અને તેને સુધારવાનો પ્રયત્ન કરે છે.

શહેરોમાં વ્યક્તિગત વ્યવહારોમાં ઘનિષ્ઠતા નથી હોતી તેથી, આટલી આત્મીય રોક-ટોક પણ નથી હોતી. ત્યાં સમૂહોને પ્રભાવિત કરનાર પ્રવૃત્તિઓ પર પડોશીઓ દ્વારા માત્ર નજર રાખવામાં આવે

છે જેમ કે કોઈ વ્યક્તિ ખુલ્લી જગ્યાએ કચરો ફેંકે છે તો પાડોશીઓ દ્વારા વાતાવરણને દૂષિત કરવા માટે તેની ટીકા કરવામાં આવે છે.

## (3) લોકમત

સામાન્ય રીતે સમુદાયના હિતોને પ્રભાવિત કરનાર બાબતો વિશે લોકોનો જે સામાન્ય અભિપ્રાય હોય છે તેને લોકમત કહે છે.

દુરના ગામડાઓમાં જ્યાં દૂરદર્શન અને વર્તમાન પત્રો નથી હોતાં ત્યાં લોકો પોતાની આસપાસના સમાચારો અને ઘટનાઓ માટે પરસ્પર ચર્ચા પર જ ભરોસો કરે છે. અને એ વિષયો પર પોતાના વિચારો પ્રગટ કરે છે છતાં, દૂરના સ્થાનોમાં રેડિયો ઘટનાઓનાં સમાચારો માટેનું મહત્વનું માધ્યમ બની ગયું છે અહીં સમૂહમાં બેસીને વર્તમાનપત્રો પણ વાંચવામાં આવે છે. આ દિવસોમાં ટીવી ગામડાઓમાં પહોંચી રહ્યુ છે. સ્વતંત્ર ભારતમાં પંચાયતી રાજ, આયોજીત વિકાસ પ્રક્રિયાઓ વગેરે ગામડાઓને ભારતીય રાજનીતિ અને અર્થવ્યવસ્થાની મુખ્ય ધારામાં લાવવા માટે પોતાનું વિશિષ્ટ યોગદાન આપ્યું છે.

શહેરોમાં પ્રિંટ મીડિયા અને ટીવી લોકમત મેળવવા માટે મુખ્ય ભૂમિકા નિભાવે છે કારણે દશ્ય અને શ્રાવ્ય માધ્યમ વધુ સશક્ત હોય છે તેથી ધીમે-ધીમે ટીવીએ વર્તમાન પત્રો પર વર્ચસ્વ જમાવી દીધુ છે. છતાં પણ વર્તમાન પત્રો શિક્ષિત લોકોના લોકમતને નિરંતર પ્રભાવિત કરી રહ્યા છે.

## પાઠગત પ્રશ્નો- 20.6

(1) ખાલી જગ્યા પૂરો :-

(અ) પરિવાર એક બાળકના વિકાસમાં _______________ ભૂમિકા નિભાવે છે.

(બ) શહેરોમાં પરિવારના સામાજીકરણ કાર્યની ક્ષતિ પૂર્તિ _______________ સંસ્થાઓ દ્વારા થાય છે.

(ક) શહેરી ક્ષેત્રોમાં વ્યક્તિ મુખ્ય રૂપે પોતાનું સ્થાન પોતાના _______________ દ્વારા પ્રાપ્ત કરે છે.

એક વાક્યમાં ઉત્તર આપો

(2) લોકમત એટલે શું ?

.....................................................................

(3) લોકમતની મુખ્ય એજન્સીઓ કઈ-કઈ છે ?

.....................................................................

## તમે જે શીખ્યા

- સામાજિક નિયંત્રણ એ સમાજ દ્વારા વ્યક્તિના વ્યવહારને નિયંત્રિત કરવાની પ્રક્રિયા છે જેથી લોકો સમાજના માપદંડોનું યોગ્ય રીતે પાલન કરે.
- લોક રીતિઓ, પ્રથાઓ તથા ધર્મ એવા અનૌપચારિક માધ્યમો છે કે જેના દ્વારા સમાજ સામાજિક નિયંત્રણ જાળવી રાખે છે. કાનૂન અને શિક્ષણ આ જ હેતુ માટે કાર્ય કરતી ઔપચારિક સંરચના છે.
- વર્તમાન સમાજોમાં રાજ્ય સામાજિક નિયંત્રણ જાળવી રાખવામાં એક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે રાજ્ય, સરકારી એજન્સીઓ તથા કાર્યકારી લોકો દ્વારા વિભિન્ન સ્તરો, જેમ કે ગામ, જિલ્લો, રાજ્ય વગેરે સ્તરો પર કાર્ય કરે છે.
- પરિવાર પડોશ તથા લોકમત પણ સામાજિક નિયંત્રણને પ્રભાવિત કરે છે.

- એક તરફ પ્રથાઓ અને પારિવારિક પરંપરાઓ ગ્રામીણ વાતાવરણમાં સામાજિક નિયંત્રણ જાળવી રાખવા માટે પર્યાપ્ત હોય છે. તો બીજી તરફ શહેરી કરણ અને તેના પરિણામ સ્વરૂપ શહેરના સામાજિક ચરિત્રની વિભિન્નતા ના કારણે રાજ્યતંત્ર દ્વારા લાગૂ કરવામાં આવેલ કાયદાઓ સામાજિક નિયંત્રણ પર આધારીત હોય છે.

## પાઠાંત પ્રશ્નો

(1) સામાજિક નિયંત્રણ એટલે શું ? આપણે તેની શું જરૂર છે ?

(2) સામાજિક નિયંત્રણના ઔપચારિક અને અનૌપચારિક માધ્યમો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(3) લોકરીતિઓ તથા પ્રવેગો (Mores) સામાજિક નિયંત્રમાં કેવી રીતે મદદરૂપ હોય છે?

(4) સામાજિક નિયંત્રણમાં ધર્મની ભૂમિકાની સમીક્ષા કરો.

(5) કાનૂન અને પ્રથાઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(6) સામાજિક નિયંત્રણ જાળવી રાખવામાં રાજ્યની ભૂમિકા વિશે ચર્ચા કરો.

(7) સામાજિક નિયંત્રણમાં શિક્ષણ કેવી રીતે સહાયતા કરે છે ?

(8) સામાજિક નિયંત્રણમાં પરિવાર અને પડોશની શું ભૂમિકા હોય છે?

(9) સામાજિક નિયંત્રણ જાળવી રાખવા માટે લોકમતની ભૂમિકાની સમીક્ષા કરો.

## શબ્દાવલી

**(1) શ્રમ વિભાજન :-** શ્રમ વિભાજન એટલે સામાજિક પ્રણાલીને અંદર કાર્યોની સીમાનું નિર્ધારિણ તેનો ઉપયોગ આર્થિક ઉત્પાદનના અભ્યાસ માટે કરવામાં આવે છે.

**(2) સમૂહ અથવા સમુદાય :** સમુદાય/સમૂહ એક સામાજિક પ્રણાલી હોય છે. જેમાં સમાજના સભ્યો અને સમૂહો વચ્ચે નિયમિત આદાન-પ્રદાન થાય છે.

**(3) પૂર્વ સાક્ષર સમાજ :** એ સમાજ જેમાં વાંચવા-લખવાની પરંપરા જન હોય આ શબ્દ સામાન્ય રીતે અહિમ સમાજ માટે વપરાય છે.

**(4) શહેરીકરણ :** એવી સામાજિક પ્રક્રિયા કે જેમાં મોટા ભાગના લોકો શહેરોમાં જઈએ મોટા-મોટા સમૂહોમાં કેન્દ્રિત થઈ વસવાટ કરે છે અને કૃષિ-રહિત વ્યવસાય કરે છે.

## પાઠગત પ્રશ્નોના

20.1

(1) સામાજિક નિયંત્રણ : એવી પ્રણાલી કે જે લોકોના વ્યવહારને નિયંત્રિત કરે છે, તે નિયંત્રણ આદર્શો અને રીતિ-રીવાજોના માધ્યમથી હોઈ શકે છે અથવા રાજ્ય અને તેના અનિવાર્ય કાયદાઓના માધ્યમથી પણ હોય શકે

(2)
(અ) સ્થાપિત સામાજિક માપદંડો અને જીવન-મૂલ્યો
(બ) બળ પ્રયોગ દ્વારા

20.2 (અ) સત્ય (બ) અસત્ય (ક) સત્ય

20.3 (અ) ઘનિષ્ઠ (બ) રાજ્ય (ક) પ્રથાઓ (ડ) સ્થિત

20.4

(1) લોકરીતિઓ એ એવા આદર્શ માપદંડો છે કે જેની સાથે પ્રત્યેક સમાજમાં લોકો જોડાયેલા હોય છે.
(2) પ્રવેગો (Mores) નૈતિક આચરણથી સંબંધિત હોય છે.
(3) પ્રથાઓ એ લોકો દ્વારા લાંબા સમયથી સ્થાપિત રીતિ-રીવાજો છે.
(4) ધર્મએ પવિત્ર બાબતો સાથે સંબંધિત માન્યતાઓ અને રીતિ-રીવાજોની એકીકૃત પ્રણાલી છે.

20.5

(1) (અ) સજા/દંડનો ભય (બ) નિયમનું પાલન કરવાની આદત
(2) (અ) પ્રથાઓ (બ) ધર્મ (3) કાયદો અથવા કાનૂન

(3) સરકારમાં એ તમામ એજન્સીઓ અને કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે કે જેમના દ્વારા રાજ્ય કાર્ય કરે છે.
(4)
(અ) પ્રથાઓ સમુદાયો અને વંશો પૂરતી સીમિત હોય છે જ્યારે કાયદાઓનું સ્વરૂપ સામાન્ય હોય છે.
(બ) પ્રથાઓનો આદર એટલા માટે હોય છે કે તે પરંપરા દ્વારા માન્ય અને સ્વીકૃત હોય છે અને તેને સમુદાયની સામાજિક સ્વીકૃતિ મળી હોય છે જ્યારે કાયદાઓનું પાલન એટલા માટે થાય છે કે તે બળ-પ્રયોગ પર આધારિત હોય છે.

20.6

(1) (અ) અતિ મહત્વપૂર્ણ (બ) માધ્યમિક (ક) ઉપલબ્ધિઓ
(2) વ્યક્તિઓ દ્વારા સામૂહિક હિતોને પ્રભાવિત કરનાર બાબતો માટે અપનાવવામાં આવેલા દ્રષ્ટિકોણોના સંકલિત સ્વરૂપને લોકમત કહે છે.
(3) જનમતની એજન્સીઓમાં વર્તમાન પત્રો, રેડિયો, ટીવી, ફિલ્મ, કાનૂની પત્ર, પૈમ્પલેટ વગેરેનો સમાવેશ થાય છે.

21

# સામાજિક વિચલન

આપણે બધા સમાજમાં રહીએ છીએ. સમાજ વિના આપણે જીવી ન શકીએ કારણ કે જીવનથી લઈને મૃત્યુ સુધી આપણે તેના પર નિર્ભર છીએ. દરેક સમાજના પોતાના ધારા - ધોરણો અને મૂલ્યો હોય છે. સમાજમાં રહેવા માટે આપણે એ ચોક્કસ ધારા - ધોરણો અને મૂલ્યોનું પાલન કરીએ છીએ. મોડયુલ - ૨ માં તમે ધારા - ધોરણો (પ્રતિમાનો ) અને મૂલ્યોના સંબંધ વિશે વાંચ્યું છે. સમાજ આપણી પાસેથી મૂલ્યો અને ધારા - ધોરણોની અપેક્ષા રાખે છે. આ એક સામાજિક સ્વીકૃતિ છે. તથા સમાજના પ્રત્યેક સદસ્ય પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે તે આ મૂલ્યો અને ધારાધોરણોનું પાલન કરે પરંતુ સમાજના કેટલાક સભ્યોનો વ્યવહાર સામાજિક અપેક્ષાઓને અનુરૂપ નથી હોતો. આ જ કારણે સામાજિક વિચલન જન્મે છે. ગુનો ,શાળામાં ગેરહાજર રહેવું. રખડપટ્ટી, અપરાધ, મદ્યપાન અને અન્ય પ્રકારનો નશો કરવાની આદત વગેરે સામાજિક વિચલનના ઉદાહરણો છે.

આ પ્રકરણમાં આપણે આ પ્રકારના કેટલાક સામાજિક વિચલનનો અભ્યાસ કરીશું.

## હેતુઓ

આ પ્રકરણનો અભ્યાસ કર્યા પછી તમે :

- અપરાધ શું છે તે સમજાવી શકશો.
- પ્લાયન વૃત્તિ અને રખડપટ્ટી/ આવારાપણું શું છે તે સમજાવી શકશો. તથા તેના પ્રકારો અને કારણો વર્ણવી શકશો.
- બાળ - અપરાધનું વર્ણન કરી શકશો.





- મદ્યપાન અને ડ્રગ વ્યસન વિશે સમજાવી શકશો.

## 21.1 અપરાધ

સામાજિક વિચલન એક એવું આચરણ છે કે જે સમાજના ધારા - ધોરણો, મૂલ્યો અને અપેક્ષાઓને અનુરૂપ નથી હોતું. આ આચરણોની સામાજિક સ્વીકૃતિ નથી હોતી. તેને અસમાનતા કહેવામાં આવે છે.

તમે અપરાધ અને અપરાધીઓ વિશે સાંભળ્યુ હશે કે તમે કદાચ ટી.વી. અને સિનેમામાં અપરાધ અને અપરાધીઓને જોયા પણ હશે. પરંતુ તમને ખબર છે કે અપરાધ ખરેખર શું છે ? અપરાધ એક અસામાજિક વ્યવહાર છે. કેટલીક વર્તણૂક અને વ્યવહાર એવા હોય છે કે જે સમાજમાં સ્વીકાર કરતાં નથી હોતા. સમાજ પોતાના સભ્યો પાસેથી આ પ્રકારના વ્યવહાર અપેક્ષા નથી રાખતો. આત્માહત્યા, હત્યા, ચોરી, લૂંટ, બળાત્કાર અને ગુનાહિત આગ વગેરે આ પ્રકારના સામાજિક વ્યવહારોના ઉદાહરણો છે. તેમને અસામાજિક આચરણ અથવા વ્યવહાર કહેવામાં આવ છે. આ પ્રકારના વ્યવહારો અથવા આચરણ સામાજિક ઉથલપાથલ અથવા અવ્યવસ્થા તરફ દોરી જાય છે. તેથી, અપરાધી એક સામાજિક રોગ છે. તે સમાજની અપેક્ષાઓ અને સમાજના કેટલાક સભ્યોની ઈચ્છાઓ વચ્ચેના સંઘર્ષને લીધે ઉત્પન્ન થાય છે. અન્ય શબ્દોમાં, જ્યારે સમાજના કેટલાક સભ્યો સમાજના ધોરણો અને મૂલ્યોને અનુકૂળ વ્યવહાર નથી કરતા ત્યારે અપરાધની સ્થિતિ ઉત્પન્ન થાય છે. તેઓ સમાજનાં ધારા - ધોરણો કે માપદંડો અને મૂલ્યોની ચિંતા નથી કરતા. તેઓ અસામાજિક પધ્ધતીથી વર્તવાનું શરૂ કરી દે છે. અપરાધ દબાયેલી ઈચ્છાઓને પૂર્ણ કરે છે. અપરાધ એક એવું માધ્યમ છે કે જેના દ્વારા વ્યક્તિ બદલો લે છે. ધન અને સંપત્તિ ઝુંટવી લે છે, અત્યાચાર કરે છે. અને પોતાના દુશ્મનોની હત્યા પણ કરે છે અને પોતાની અપૂર્ણ ઈચ્છાઓ પૂર્ણ કરે છે. અપરાધીઓન સજા આપવા માટેની પણ જોગવાઈ છે.

ગુનેગારો જન્મતા નથી. તેમને ગુનેગારો બનાવવામાં આવે છે. સમાજ જ વ્યક્તિને ગુનેગાર બનાવે છે. જ્યારે સમાજ કોઈ વ્યક્તિ સુરક્ષા આપવામાં તથા તેની જરૂરિયાતો પૂરી કરવામાં અસફળ થાય છે. ત્યારે તે વ્યક્તિ અપરાધની મદદ લે છે. આજકાલ અપરાધીઓ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી અપરાધ કરવા માટે તાલીમ આપવામાં આવે છે. આધુનીક શસ્ત્રોનો ઉપયોગ સંગઠિત અપરાધો જેવા કે લૂંટ, આંતકવાદી હુમલાઓ વગેરે માટે કરવામાં આવે છે. તેઓ આપણા સમાજના ધંધાદારી અપરાધીઓ છે. આપણા સમાજમાં સફેદપોશ ગુનાઓ પણ પ્રવર્તે છે.

અપરાધના સામાજિક, આર્થિક, રાજકીય,પ્રાકૃતીક તથા મનોવૈજ્ઞાનીક કારણો છે તે વસ્તી વિસ્ફોટ, ઔદ્યોગીકરણ તથા આધુનિકીકરણ સાંથે સંબંધિત છે. આપણા સમાજમાં દરેક જાતિઓને સમાન દરજજો પ્રાપ્ત નથી. સંપતિના ભાગલા સમયે ભાઈઓ વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થાય છે. જે અપરાધ તરફ દોરી જાય છે. સંશાધનોનું અસમાન વીતરણ પણ સમાજમાં અપરાધિક પ્રવૃત્તિઓને જન્મ આપે છે. અત્યારે સમાજમાં રાજનીતિનું અપરાધીકરણ થાય છે. અને અપરાધ તથા અપરાધીઓનું રાજનીતીકીકરણ થાય છે. સાંપ્રદાયીક રમખાણોનો સીધો સંબંધ વિવિધ પ્રકારના ગુનાઓ જેવા કે લૂંટ, હત્યા, બળાત્કાર, ગુનાહિત આગ વગેરે સાથે હોય છે. વિકૃત માનસિકતા ધરાવતા લોકો અપરાધો દ્વારા પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. અસામાન્ય અથવા વિકૃત વ્યક્તિઓ અપરાધ કરે છે. શહેરીકરણ, ઔદ્યોગીકીકરણ તથા આધુનિકીકરણ, લૂંટ, હત્યા તથા જાતીય હિંસાને જન્મ આપ્યો છે. અશ્લીલ પુસ્તકોનો અભ્યાસ પણ અપરાધિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. ન્યાયપાલીકા અને સજા આપનાર સંસ્થાઓમાં વ્યાપ્ત ભ્રષ્ટાચારે અપરાધિક ઘટનાઓમાં વૃદ્ધિકરી છે.

## પાઠગત પ્રશ્નો- 21.1

નીચે લખેલા વાક્યો માટ સત્ય અથવા અસત્ય વિકલ્પ પસંદ કરો.

1. અપરાધને સામાજિક સ્વીકૃતિ છે. (સત્ય/ અસત્ય)
2. અપરાધ એક અસામાજિક આચરણ અથવા વ્યવહાર છે. (સત્ય/ અસત્ય)
3. અપરાધ દબાયેલી ઈચ્છાઓને પૂર્ણ કરવાનું માધ્યમ છે. (સત્ય/ અસત્ય)
4. સમાજની અપેક્ષાઓ અને વ્યકિતની ઈચ્છાઓ વચ્ચે થતા સંઘર્ષને પરિણામે અપરાધ ઉત્પન્ન થાય છે. (સત્ય/ અસત્ય)
5. અપરાધીઓ જન્મતા નથી. તેમને બનાવવામાં આવે છે. (સત્ય/ અસત્ય)

## 21.2 પલાયનવૃત્તિ

તમે પલાયનવૃત્તિ/ ભાગેડૂવૃત્તિ અને ભાગેડૂઓ વિશે સાંભળ્યું છે.

ભાગેડૂ શબ્દનો ઉપયોગ એવા બાળકો માટે કરવામાં આવે છે કે જેઓ કોઈ પણ જાતની સૂચના કે માહિતી વિના શાળામાંથી ભાગી જાય છે. આ પ્રકારના વ્યવહારને કારણે બાળક શાળા અને માતા - પિતાની મંજૂરી વિના શાળામાં ગેરહાજર રહે છે. આ પ્રકારના બાળકો અસામાજિક પ્રવૃત્તિઓ જેવી કે રખડપટ્ટી, કામચોરી તથા જુગાર વગેરેમાં જોડાઈ જાય છે.

આ પ્રકારના બાળકો શાળાના સમય દરમિયાન શાળાએ પણ નથી જતાં અને પોતાના ઘરે પાછા પણ નથી ફરતા. તેઓ પત્તા રમે છે. સીનેમા હોલની મુલાકાત લે છે. હોટલો, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, બજાર તથા ભીડ - ભાડ વાળી જગ્યાઓ પર જાય છે. તેઓ રખડુંની જેમ વર્તન કરે છે. તેઓને લોકો અને પોલીસ દ્વારા સજા પણ કરવામાં આવે છે. તેઓ અપરાધીઓના સંપર્કમાં આવે છે. તેથી, પલાયનવૃત્તિ ના કારણે રખડુપણું આ બંને બાળ અપરાધને જન્મ આપે છે.

શાળામાં અનિયમિત રહેનાર બાળકો અલગ - અલગ પ્રકારના હોય છે. કેટલાક કયારેક શાળાએ નથી જતા. કેટલાક પ્રસંગોપાત શાળાએ જાય છે. કેટલાક શાળાએ જાય છે. પરંતુ વર્ગમાં નથી જતા. કેટલાક માત્ર હાજરી માટે શાળાએ જાય છે. અને કેટલાક મધ્યાહ્ન રીશેષમાં શાળાએથી જતા રહે છે. શાળાએથી નાસી જવાથી વ્યકિતત્વ અસંતુલન, સામાજિક અસંતુલન, કુસંગતિ, કુટેવો, કામચોરી, અનૈતિકતા અને ચરિત્રહીનતાને પ્રોત્સાહન મળે છે. ગરીબી, સમાજમાં નીચું સ્થાન, પરિવારની દયનીય સ્થિતિ, અનાકર્ષક રૂપ - રંગ, હીનતાની ભાવના, સહાધ્યાયીઓ સાથે લડાઈ - ઝઘડો, કુસંગત,શિક્ષક તથા માતા - પિતાનો અયોગ્ય વ્યવહાર, કોઈ બાબતને સમજવાની અયોગ્યતા તથા પરીક્ષાનો ભય વગેરે .... ના મુખ્ય કારણો છે. ગરીબ પરિવારના બાળકો વિચારે છે કે તેઓ અમીર પરિવારના બાળકો સાથે અનુકૂલન સાધી નહી શકે. આ પ્રકારની વિચારસરણી લઘુતાગ્રંથિને પ્રોત્સાહન આપે છે અને તેઓ શાળાએથી નાસી જવાનું શરૂ કરે છે. કેટલાક બાળકો કુસંગતતામાં ફસાઈ જાય છે. તેઓ સિનેમા જોવા અથવા બજારોમાં ફરવા માટે શાળામાંથી નાસી જાય છે. અને રખડુંની જેમ વર્તન કરે છે.

## પાઠગત પ્રશ્નો- 21.2

કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. પલાયનવૃત્તિ/ભાગેડુવૃત્તિ એક એવો વ્યવહાર છે કે જેને સામાજિક સ્વીકૃતિ ...... (પ્રાપ્ત છે./ પ્રાપ્ત નથી.)
2. ભાગેડૂએ ........... પ્રવૃત્તિઓમાં જોડાયેલા હોય છે. (સામાજિક/અસામાજિક)
3. પલાયનવૃત્તિ શૈક્ષણીક વિકાસ માટે............... છે. (હાનિકારક/ હાનિરહિત)
4. ભાગેડૂ બાળકો રખડુ અને અપરાધી ............... (બને છે. /નથી બનતા)
5. ભાગેડૂ બાળકો નિયમિત રીતે શાળાએ ....... (જાય છે./નથી જતા.)

## 21.3 રખડપણું/આવારાપણું

રખડપટ્ટી/ આવારાપણું એક એવો વિકૃત સામાજિક વ્યવહાર છે કે જે કોઈ કારણ વિના જયાં ત્યાં ભટકયા કરતા બાળકોમાં જોવા મળે છે. તેઓ પોતાના અસમાજીક કાર્યો દ્વારા સમાજના અન્ય સભ્યો માટે મુશ્કેલીઓ ઉત્પન્ન કરે છે.

તમે રખડુપણું/ આવારાપણું શબ્દ સાંભળયો હશે. આ પ્રકારના વ્યવહારમાં બાળકો કોઈ હેતુ વિના જયાં ત્યાં ભટકયા કરે છે. તેઓ રસ્તાઓ પર કોઈ પણ હેતુ વિના રખડયા કરે છે. તેઓ રસ્તાઓ પર ચાલનાર અન્ય લોકો અને ખાસ કરીને છોકરીઓ વિશે ગંદી ટીકા - ટિપ્પણ કરે છે. તેઓ કોઈપણ વ્યકિત સાથે સંઘર્ષ કરી શકે છે. તેમનો પોતાનો પરિવાર સાથે કોઈ સંબંધ નથી હોતો. તેમને માર ખાવાનો જેલ જવાનો કે મૃત્યુનો પણ ડર નથી હોતો. તેમના માતા - પિતા તેમની સાથે સંબંધ જાળવતા નથી. તેઓ જેલમાં જાય તો પણ તેમના માતા - પિતા તેમને મુક્ત કરવા પ્રયત્નો નથી કરતા. તેઓ પાડોશીઓ અને સમુદાયના અન્ય લોકોની ફરિયાદો પર પણ ધ્યાન નથી આપતા. આ પ્રકારના લોકોને પરિવાર, સમાજ તથા સમુદાય પ્રત્યે પોતાની જવાબદારીઓનું ભાન નથી હોતું. ઉલ્ટું તેઓ પોતાના અસમાન્ય વ્યવહાર દ્વારા સમાજમાં મુશ્કેલીઓ ઉત્પન્ન કરે છે. તેઓ સમાજ પર એક બોજ હોય છે. સિનેમા હોલ, રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેશન, પાર્ક, ઝૂંપડપટી વિસ્તાર, બજારો, શાળા અને કોલેજના ગેટ પર, શાકભાજી બજારમાં, ભીડ - ભાડ વાળા સ્થળ પર, ધાર્મિક સરઘસ, રાજકીય સરઘસ વગેરે સ્થળોએ આ પ્રકારના લોકો જોવા મળે છે. તેઓ ચોરી કરીને, લૂંટ ચલાવીને, ભીખ માંગીને, જુગાર રમીને, ખિસ્સા કાપીને, વેશ્યાવૃત્તિ વગેરે દ્વારા પોતાનું જીવન વ્યતીત કરતા હોય છે. આ પ્રકારે લોકો પોતાનું જીવન વ્યતીત કરતા હોય છે. આ પ્રકારના લોકો પોતાનો વ્યવહાર બદલી નથી શકતા એવું નથી. આ પ્રકારના અનેક લોકોએ પોતાના પરિવાર, સમુદાય, સમાજ અને પોલિસનાં દબાવમાં પોતાનો વ્યવહાર બદલ્યો છે.

કુટુંબની પૃષ્ઠભૂમિ, માતા - પિતાનો વ્યવહાર, કુસંગત, જ્ઞાતિ પ્રથા, સમાજમાં નીચું સ્થાન અને સગાઓ તથા કુટુંબીઓનો અયોગ્ય વ્યવહાર વગેરે રખડુપણું/ આવારાપણું ઉત્પન્ન થવાના મુખ્ય કારણો છે.

## પાઠગત પ્રશ્નો- 21.3

નિમ્નલિખિત વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

1. રખડુપણું/આવારાપણું સંબંધિત છે.

   (અ) પૈસા કમાવવા સાથે (બ) શિક્ષણ પ્રાપ્ત કરવા સાથે

   (ક) પોતાનું સ્તર/સ્થાન ઉચ્ચ કરવા સાથે (ડ) સામાજિક રોગો સાથે

2. આવારાપણાને .........

   (અ) સમાજની સ્વીકૃતિ હોય છે. (બ) પ્રશાસનનો સહયોગ હોય છે.

   (ક) લોકોનો સહયોગ હોય છે. (ડ) સમાજની સ્વીકૃતિ નથી હોતી.

3. રખડું લોકો ............... માં જોડાયેલા હોય છે.

   (અ) સમાજ વિકાસ કરવા (બ) શિક્ષણનો વિકાસ કરવા

   (ક) સામાજિક સંરચના (ડ) અસમાજીક વ્યવહાર

4. રખડું લોકો ............

   (અ) પરિવારની જવાબદારીમાં ભાગીદાર હોય છે.

   (બ) સામાજિક ફરજો નિભાવે છે.

   (ક) ધાર્મિક કાર્યોમાં જોડાયેલા હોય છે.

   (ડ) સમાજમાં કોઈ જવાબદારી નિભાવતા નથી.

5. રખડું લોકો ............ દ્વારા જીવન વ્યતીત કરે છે.

   (અ) બાળ - મજૂરી (બ) નાના કાર્યો

   (ક) કચરો વીણીને (ડ) ભીખ માંગીને તથા ગેરકાનૂની વસૂલી કરીને

## 21.4 બાળ - અપરાધ

તમે કોઈ બાળક દ્વારા કરવામાં આવેલા અપરાધ વિશે સાંભળ્યુ હશે. તમે કોઈ બાળકને ટીવી સીરિયલમાં અથવા ફિલ્મોમાં અપરાધ કરતાં જોયું પણ હશે. બાળકો દ્વારા કરવામાં આવતા અપરાધને બાળ - અપરાધ કહે છે. બાળ અપરાધને સામાજિક અને કાયદાકીય દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. સામાજિક દૃષ્ટિકોણ કોઈ બાળક દ્વારા સમાજના ધારા - ધોરણો, મૂલ્યો, રિવાજો અને પંરપરાઓ પ્રત્યે અનાદર, બાળ - અપરાધ તરીકે ઓળખાય છે. કાયદાકીય ભંગ બાળ - અપરાધ તરીકે ઓળખાય છે. જે બાળકો બાળ - અપરાધમાં જોડાયેલા હોય તેમને બાળ - અપરાધીઓ કહે છે. બાળ - અપરાધ એક વિકૃત સામાજિક વ્યવહાર છે જેમાં એક બાળક - અપરાધ કરે છે. આ એક સામાજિક રોગ છે. જે સામાજિક વિઘટનને જન્મ આપે છે.

અપરાધ અને બાળ - અપરાધ બંને અસામાજિક વ્યવહાર બંને સામાજિક અને વ્યકિતગત અડચણ ઉત્પન્ન કરે છે. પરંતુ આ બંને ખ્યાલો વચ્ચે તફાવત છે. અપરાધ પુખ્ત લોકો દ્વારા કરવામાં આવે છે. આપણા દેશમાં 7 થી 17 વર્ષની ઊંમરના બાળકો દ્વારા કરવામાં આવતા અપરાધને બાળ

અપરાધ કહેવામાં આવે છે. બાળ - અપરાધીઓને સુધારવામાં આવે છે. જ્યારે પુખ્ત વયના અપરાધીઓને સજા ફટકારવામાં આવે છે.

બાળ - અપરાધીઓ લૂંટ, ચોર, વૈશ્યાવૃતિ, મારપીટ, હત્યા વગેરે જેવા અપરાધોમાં સંકળાયેલા હોય છે. તેઓ મદ્યપાન અને ધ્રુમપાન કરે છે. તેઓ લૂંટ, ચોરી તથા હત્યા દ્વારા પૈસા પ્રાપ્ત કરે છે. અને અપરાધ કરવા માટે આધુનિક શસ્ત્રો ખરીદવામાં તેનો ઉપયોગ કરે છે.

બાળ અપરાધીઓ સમાજના ધારા - ધોરણો અને મૂલ્યોની ચિંતા નથી કરતા. તેમને મૃત્યુનો પણ ડર નથી હોતો. તેમનો પોતાના માતા - પિતા સાથે પણ સંબંધ નથી હોતો. બાળ - અપરાધીઓના વ્યવહારમાં બદલાવ ન આવે તેવું નથી. તેમની સાથે યોગ્ય રીતે વર્તન કરવામાં આવે તો ઘણા બાળ - અપરાધીઓનો વ્યવહાર બદલી શકે છે અને તેઓ સામાન્ય જીવન વ્યતીત કરી શકે છે. પરંતુ કેટલાક બાળ અપરાધીઓ મોટા અપરાધીઓના સંપર્કમાં આવે છે. અને તેમના ગ્રુપમાં ભળી જાય છે. પાછળથી તેઓ કુખ્યાત અપરાધીઓ બની જાય છે.

કોઈ પણ બાળક જન્મથી અપરાધી નથી હોતું. પરંતુ સમાજનો વ્યવહાર તેને અપરાધી બનાવે છે. માતા - પિતાનો દુર્વ્યવહાર, સગા - સંબંધીઓ, પાડોશી તથા સમુદાયના સભ્યો પણ તેમને અપરાધી બનાવવા પાછળ જવાબદાર છે. ગરીબી તથા મૂળભૂત સુવિધાઓનો અભાવ પણ બાળ - અપરાધને જન્મ આપે છે. પિતાની સંપત્તિમાં ભાગીદારીથી વંચિત રાખવાથી પણ બાળ - અપરાધી જન્મે છે. સહાધ્યાયીઓ અને શિક્ષકોનું અયોગ્ય વર્તન પણ બાળ - અપરાધનું કારણ બની શકે છે શારીરિક વિકાર અથવા ખોડ - ખાંપણ પણ બાળ - અપરાધ ઉત્પન્ન થવાનું એક કારણ છે. ઔદ્યોગીકરણ, શહેરીકરણ તથા આધુનિકીકરણે આપણા દેશમાં બાળ - અપરાધની ઘટનાને પ્રોત્સાહન આપ્યું છે.

## પાઠગત પ્રશ્નો- 21.4

નિમ્નલિખિત વિધાનો માટે હા કે ના માં જવાબ આપો.

1. બાળ - અપરાધ બાળકો દ્વારા કરવામાં આવતો અસામાજિક વ્યવહાર છે. (હા/ના)
2. સામાજિક દષ્ટિકોણથી બાળક દ્વારા ધારા - ધોરણો અને મૂલ્યોનો અનાદર બાળ - અપરાધ તરીકે ઓળખાય છે. (હા/ના)
3. કાયદાકીય દષ્ટિકોણથી કાયદાની દષ્ટિએ બાળકો દ્વારા કરવામાં આવતો અપરાધ બાળ - અપરાધ છે. (હા/ના)
4. બાળ - અપરાધીઓને સુધારવામાં આવે અને તેના પુનઃ વસવાટ માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. (હા/ના)
5. કોઈ પણ બાળક જન્મથી અપરાધી નથી હોતું. (હા/ના)

## 21.5 મદ્યપાન

તમે મદ્યપાન વિશે સાંભળ્યુ હશે. મદ્યપાન કરીને રસ્તા પર પડેલા લોકોને પણ તમે જોયા હશે. મદ્યપાનનો સામાન્ય અર્થ થાય છે. દારૂ પીવો. મદ્યપાન એટલું જ જુનું છે. જેટલી સભ્યતા.

એવા પણ કેટલાક સમાજ છે જ્યાં સ્થાનિક દારૂ પીવાની છૂટ છે. ઉદાહરણ તરીકે જનજાતીય સમાજ. આ લોકો 'હડિયો' (ચોખાનો દારૂ) બનાવે છે. પુરુષો, સ્ત્રીઓએ, બાળકો એ તહેવારો અથવા સમારોહમાં ભેગા મળીને 'હડિયો' પીવે છે. તેઓ ' મહુઆ' દારૂ પણ બનાવે છે. હિન્દુ સંસ્કૃતિ પુરૂષોને ભાંગ તથા 'મહુઆ' દારૂ પીવાની છૂટ છે. આ લગ્ન સમાંરભમાં અને પાર્ટીઓમાં દારૂ પીવો એક ફેશન બની ગઈ છે. ગરીબ વ્યકિત નિમ્ન ગુણવત્તાનો દારૂ પીવે છે જે ઓમર વ્યકિત વિદેશમાં બનેલા ઉચ્ચ ગુણવત્તાનો દારૂ વ્હીસ્કી, રમ તથા સ્કોચ પીવે છે. ઠંડા પ્રદેશમાં રહેતા લોકો માટે દારૂ પીવો જરૂરી હોઈ શકે છે. તેઓ રાત્રે ભોજન પહેલા નિયમિત રીતે દારૂનું સેવન કરે છે. સૈનિકો, વિદેશી, રાજદૂતો,ડોકટરો, પ્રતિષ્ઠિત વકીલો, ઉદ્યોગપતિઓ અને અધિકારીઓના અમલદારો દ્વારા દારૂનું સેવન સ્વીકાર્ય છે. તહેવારોમાં, સમારોહમાં, લગ્ન સમારંભમાં તથા પાર્ટીઓમાં દારૂનું સેવન પ્રતિષ્ઠા અને ધનાઢ્યતાનું પ્રતીક છે. દારૂનું સેવન કરનાર માને છે કે દારૂ પીવાથી વ્યક્તિગત સુખ મળે છે. અને ભાવનાઓમાં લાગણીઓ ઉન્નત થાય છે. તેથી કેટલાક પ્રસંગોમાં દારૂ પીવો સામાજિક રૂપથી સ્વીકાર્ય છે. પરંતુ સામાજિક વિચલન તરીકે 'મદ્યપાન' ને સામાજિક સ્વીકૃતિ નથી. તેને એક ખરાબ આદત તરીકે જોવામાં આવે જે વ્યકિતગત અવ્યવસ્થા, કૌટુંબિક અવ્યવસ્થા અને સામાજિક અવ્યવસ્થા તરફ દોરી જાય છે.

જ્યારે કોઈ વ્યકિતને દારૂની લત લાગી જાય છે ત્યારે તે શરાબી/દારૂડિયો કહેવામાં આવે છે. તે પરિવાર અને સમાજમાં પોતાનું સમ્માન ગુમાવી બેસે છે. તે પોતાના બાળકોની કાળજી નથી લેતા. તે પત્નીના આભૂષણો/ ઘરેણાઓ મેળવવા માટે તેની સાથે માર - પીટ કરે છે. દારૂ પીવા માટે તે આ આભુષણોને વેચી દે છે. આ પ્રકારનાં લોકોનું અકાળે મૃત્યુ નીપજે છે. તેઓ પોતાની જમીન અને સંપત્તિ પણ વેચી નાંખે છે. તેઓ પોતાના બાળકો, પત્ની તથા પરિવારના અન્ય સભ્યોને તેમના ભાગ્ય પર છોડી દે છે. તેઓ અનેક પ્રકારની મુશ્કેલીઓ સર્જે છે. તેઓ ચોરી, લૂંટ, જાતીય હિંસા, માર- પીટ, હત્યા તથા આત્મહત્યા પણ કરી શકે છે.

લોકો સમારોહ, તહેવારો, પાર્ટીઓ તથા સભાઓમાં આનંદ મેળવવા માટે દારૂનું સેવન કરે છે. તેઓ નિરાશા તથા તણાવ મુક્ત થવા માટે પણ દારૂનું સેવન કરે છે. કેટલાક લોકો થાક ઉતારવા માટે પણ પીવે છે. તથા લોકો પોતાની પ્રતિષ્ઠા અને સંપન્નતાનું પ્રદર્શન કરવા માટે પણ પીવે છે. કેટલાક લોકો માત્ર ફેશન માટે પીવે છે. પરંતુ જ્યારે તેઓ દારૂની આદતના શિકાર થઈ જાય છે. ત્યારે તેઓ કોઈપણ જવાબદારી કે કર્તવ્યનું પાલન નથી કરતા.તેઓ સામાજિક ધારક ધોરણો તથા મૂલ્યોથી વિચલિત થઈ જાય છે. તેઓ અસામાજિક વ્યવહારો/ પ્રવૃત્તિઓમાં સંકળાય છે. આબકારી વિભાગ શરાબ ઉત્પાદન અને વેચાણને નિયંત્રિત કરે છે.પરંતુ સરકારની નીતિઓ અને ઉદ્યોગપતિઓ તથા વ્યાપક દબાણ દારૂબંધીમાં અડચણો ઉત્પન્ન કરે છે. ઔદ્યોગીકરણ અને આધુનિકીકરણે દારૂના ઉપભોગને પ્રોત્સાહન આપ્યું છે. સરકાર માટે તે કમાણીનું એક ઉત્તમ સાધન છે.

## પાઠગત પ્રશ્નો- 21.5

જોડકાં જોડો. :

| 'અ' | 'બ' |
|---|---|
| 1. મદ્યપાન | (અ) વ્યક્તિગત, સામાજિક અને કૌટુંબિક અવ્યવસ્થાપન તરફ |
| 2. સ્થાનીક દારૂ પીવો સ્વીકાર્ય છે. | (બ) પરંતુ અમીર લોકો વિદેશ બનેલો ઉચ્ચ ગુણવત્તાનો દારૂ |
| 3. દારૂની લત વાળા લોકો | (ક) લગભગ દરેક સમાજમાં જોવા મળે છે. |
| 4. ગરીબ લોકો નિમ્ન ગુણવત્તાનો દારૂ પીવે છે. | (ડ) સામાજિક મિલન સમારોહ, તહેવારો અને ખાસ પ્રસંગો પર |
| 5. મદ્યપાન | (ઈ) દારૂનો નશો. |

## 21.6 ડ્રગ વ્યસન

તમે જાણો છો ડ્રગ વ્યસન એટલે શું ? દારૂ સિવાય અન્ય માદક દ્રવ્યોનું સેવન કરવું એ ડ્રગ વ્યસન છે. ડ્રગ વ્યસન આપણા તમામ ભાગોમાં એક અથવા બીજા રૂપથી પ્રવર્તે છે. આપણા દેશમાં 70 ટકા લોકો ડ્રગની આદતના શિકાર છે. માત્ર દિલ્હીમાં ૨૫ ટકા લોકો ડ્રગ વ્યસની છે. અહીં લોકોને તમાકું, ગાંજો, ભાંગ, ચરસ તથા અફીણની આદત હોય છે. તમાકું, ગાંજો, ભાંગ તથા ચરસના છોડવાઓ આપણા દેશમાં અનંતકાળથી પ્રાપ્ય છે. સાંસ્કૃતિક રૂપથી સમારોહ અને તહેવારો પર આ માદક દ્રવ્યોનું સેવન સ્વીકાર્ય હતું. તેમનો ઉપયોગ દવાઓ બનાવવા માટે પણ થાય છે. પરંતુ આજે ઘણા લોકો આ દ્રવ્યોના વ્યસની બની ગયા છે. આ દ્રવ્યોનું સેવન કર્યા વિના તેઓ રહી શકતા નથી. પારંપરિક દ્રવ્યોના સેવન ઉપરાંત આપણા દેશનો યુવા વર્ગ કેટલાક આધુનિક દ્રવ્યો જેવા કે હેરોઈન, મોરફીમ, સ્મૈક, મેન્ડ્રેક્સ તથા એલ.એસ.ડી.ના વ્યસની બની ગયા છે.

નિયમિત ડ્રગનું સેવન ડ્રગ વ્યસન તરીકે ઓળખાય છે. આપણા દેશના લોકો બે પ્રકારના ડ્રગના વ્યસની છે. - પારંપરિક ડ્રગ અને આધુનિક ડ્રગ તમાકું, ગાંજો, ભાંગ, ચરસ તથા અફીણ પારંપરીક ડ્રગ છે. હેરોઈન, મોરફીન ,હશીશ, સ્મૈક , મેન્ડ્રેક્સ તથા એલ.એસ.ડી. આધુનિક ડ્રગ છે.

ડ્રગનું વ્યસન ઘણા પ્રકારે હાનિકારક છે. તે વ્યક્તિને માનસિક રૂપથી નબળો બનાવી દે છે તેનાથી અકાળે મૃત્યુ નીપજે છે. તે વ્યક્તિગત, પારિવારિક તથા સામાજિક અવ્યવસ્થાપનનું કારણ છે તે પ્રશાસન માટે સમસ્યા ઉત્પન્ન કરે છે. ડ્રગ, વ્યસન અને અપરાધનો ખૂબ નીકટનો સંબંધ છે. ડ્રગ વ્યસની વ્યક્તિઓ અનેક અપરાધો જેવા કે આત્મહત્યા, લડાઈ - ઝઘડા, જાતીય હિંસા તથા હત્યા

વગેરેમાં સંકળાયેલા હોય છે.

ડ્રગ વ્યસન ગ્રામીણ તથા શહેરી બંને ક્ષેત્રોમાં પ્રચલિત છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઘણા યુવાઓ તમાકું, ગાંજો, ભાંગ, સિગારેટ, વગેરેના વ્યસની છે. શહેરી ક્ષેત્રોમાં યુવાઓ ચરસ, અફીણ, હેરોઈન, મોરફીમ, હશીશ, સ્મૈક, મેન્ડ્રક્સ તથા એલ.એસ.ડી. ના વ્યસની છે. પરંતુ ધીમે - ધીમે આધુનિક ડ્રગનું વ્યસન ગ્રામ્ય વિસ્તારોમાં પણ પ્રવેશી રહ્યું છે. આપણા દેશમાં યુવાઓ ડ્રગ વ્યસનની શરૂઆત ફેશન માટે, કુસંગતમાં, હતાશા દુર કરવા માટે અથવા આનંદ પ્રાપ્ત કરવા માટે કરે છે. ગરીબી અને બેરોજગારીના પ્રભાવથી તે ડ્રગ વ્યસનનો પ્રારંભ કરે છે. ટી.વી. તથા સિનેમા જોઈને પણ તેઓ આધુનિક ડ્રગના વ્યસન તરફ આકર્ષાય છે.

ગરીબ તથા અમીર બંને પૃષ્ઠભૂમિના યુવાનો આમાં સામેલ છે. શિક્ષિત તથા અશિક્ષિત બંને પ્રકારના યુવાનો આ વ્યસનો શિકાર હોય છે. આજકાલ યુવાન છોકરીઓ પણ વ્યસનનો શિકાર બની રહી છે.

પરંતુ સરકાર માટે આ કમાણીનો એક સ્ત્રોત છે. રાજનેતાઓ એવા ઉદ્યોગપતિઓને દબાણ પણ ડ્રગ વ્યસનના નિયંત્રણમાં એક અડચણ છે. આ પ્રકારના માદક પદાર્થોની આપણા દેશમાં ખૂબ મોટા પાયે દાણચોરી થાય છે. કુખ્યાત અંડરવર્લ્ડ અપરાધી આ માદક દ્રવ્યોની દાણચોરી કરી કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે. તેઓ આ માટે અધિકારીઓને મોટી લાંચ આપે છે. તેઓ રાજકીય જૂથોને પણ પૈસા આપે છે. તથા ચૂંટણી સમયે તેમની મદદ કરે છે. રાજનેતાઓ તથા અધિકારીઓ/અમલદારો તેમણે રક્ષણ પુરું પાડે છે.

## પાઠગત પ્રશ્નો- 21.6

જોડકા જોડો.

| અ | બ |
|---|---|
| 1. ડ્રગ વ્યસની | (અ) આપણા દેશમાં ખૂબ મોટા પાયા પર થાય છે. |
| 2. તમાકું, ગાંજા, ભાંગ, ચરસ અને અફીણ | (બ) આધુનિક ડ્રગ છે. |
| 3. હેરોઈન, સ્મૈક, મેન્ડ્રેક્સ તથા એલ.એસ.ડી. | (ક) માનસિક વિલંબ ઉત્પન્ન થાય છે. |
| 4. ડ્રગની દાણચોરી | (ડ) પારંપરિક ડ્રગ છે. |
| 5. ડ્રગ વ્યસનથી | (ઈ) નિયમિત ડ્રગ ઉપયોગ કરનારને કહેવામાં આવે છે. |

## તમે જે શીખ્યા

- સામાજિક વિચલન અંતગર્ત એવા વ્યવહારો આવે છે જે સમાજના ધારા - ધોરણો અને મૂલ્યોને અનુકળ નથી હોતા. આ વ્યવહારોને અસામાજિક કહેવામાં આવે છે. તથા તેમને સામાજિક

નોંધ

સ્વીકૃતિ પ્રાપ્ત નથી હોતી.

- એવા વ્યવહારો કે જે સમાજના ધારા - ધોરણો અને મૂલ્યો ને અનુકળ નથી હોતા અને રાજયના કાયદાઓ અનુસાર નથી હોતા. તેમને અપરાધ કહેવામાં આવે છે. અપરાધીઓને અપરાધ માટે સજા કરવામાં આવે છે.
- એવા વ્યવહાર કે જેમાં બાળક માતા - પિતા અથવા શાળાની મંજૂરી વિના શાળામાં ગેરહાજર રહે છે. તેને ભાગેડુવૃત્તિ કહેવાય છે. ભાગેડુવૃત્તિ થી છેવટે અપરાધ, જુગાર, દારૂની લત તથા ડ્રગની લત ઉત્પન્ન થાય છે.
- એવો વ્યવહાર કે જેમાં બાળક કોઈ પણ હેતુ વગર જયાં -ત્યાં ભટકયા કરે તેને આવારાપણું કહેવાય છે. આવારાપણું લડાઈ - ઝઘડા, અપરાધ, દારૂની આદત તથા ડ્રગ વ્યસનને પ્રોત્સાહન આપે છે.
- વિભિન્ન પ્રકારના દારૂનું સેવન, મદ્યપાન કહેવાય છે. તે વ્યકિતક, કૌટુંબિક અને સામાજિક અવ્યવસ્થાને જન્મ આપે છે.
- અપરાધ, ભાગેડુવૃત્તિ, આવારાપણું, બાળ -અપરાધ, કામચોરી તથા મદ્યપાન અને ડ્રગ વ્યસન નિયંત્રિત કરવા માટે ઘણી સંસ્થાઓ છે.

## શબ્દાવલી

| | |
|---|---|
| મદ્યપાન | - દારૂનું નિયમિત સેવન. |
| અપરાધ | - સમાજ તથા રાજયના કાયદાની દષ્ટિએ અસ્વીકાર્ય વ્યવહાર. |
| અપરાધી | - અપરાધમાં સંકળાયેલ વ્યકિત. |
| બાળ - અપરાધ | - બાળકો દ્વારા કરવામાં આવતો અપરાધ. |
| બાળ - અપરાધીઓ | - અપરાધ કરનાર બાળકો. |
| પલાયનવૃત્તિ | - બાળકોની શાળાએથી ભાગી જવાની આદત. |
| સામાજિક વિચલન | - સમાજના ધારા - ધોરણો અને મૂલ્યોથી વિચલન. |
| રખડુંપણું/આવારાપણું | - કોઈ પણ કાર્ય અથવા હેતુ વગર રસ્તા પર ભટકવું. |

## પાઠાંત પ્રશ્નો

1. સામાજિક વિચલન એટલે શું ?
2. અપરાધ દ્વારા તમે શું સમજો છો ? અપરાધના પાંચ કારણો જણાવો.
3. પલાયનકૃતિ દ્વારા તમે શું સમજો છો ? પલાયતવૃત્તિના પાંચ કારણો જણાવો.
4. રખડુંપણું/ આવારાપણું એટલે શું ? આવારાપણાના પાંચ કારણો જણાવો.
5. બાળ - અપરાધ એટલે શું ? બાળ - અપરાધના પાંચ કારણો જણાવો.
6. મદ્યપાન એટલે શું ? મદ્યપાનના પાંચ દુષ્પરિણામો જણાવો.

7. ડ્રગ વ્યસન એટલે શું ? ડ્રગ વ્યસનના પાંચ દુષ્પરિણામો જણાવો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

21.1. (1) અસત્ય (2) સત્ય (3) સત્ય (4) સત્ય
(5) સત્ય

21.2. (1) પ્રાપ્ત નથી. (2) અસામાજિક (3) હાનિકારક (4) બને છે.
(5) નથી જતા.

21.3. (1) ડ (2) ડ (3) ડ (4) ક (5) ડ

21.4. (1) હા (2) હા (3) હા (4) હા (5) હા

21.5. (1) ઈ (2) ડ (3) ક (4) બ (5) અ

21.6. (1) ઈ (2) ડ (3) બ (4) અ (5) ક

# 22

# સમાજ અને પર્યાવરણ

પર્યાવરણને ભૂમિ, જળ, વાયુ, વનસ્પતિ તથા પ્રાણી જગત જે આપણી આસપાસ અસ્તિત્વ ધરાવે છે. તેના પ્રાકૃતિક જગત તરીકે વર્ણવી શકાય છે. શબ્દકોશમાં પર્યાવરણનો અર્થ છે. - પરિવેશ (આસપાસ) એ બાહ્ય દશા જે મનુષ્યો, જન્તુઓ અથવા વનસ્પતીઓના વસવાટ અથવા કામ - કાજની દશાના વિકાસ અને વૃધ્ધિને પ્રભાવિત કરે છે. પ્રારંભમાં પૂર્વકાલીન માનવોના પર્યાવરણમાં પૃથ્વીના માત્ર ભૌતિક પાસાઓ (ભૂમિ, જળ, હવા) તથા જૈવિક સમુદાય (વૃક્ષો, છોડવાઓ તથા પ્રાણીજગત જેમાં મનુષ્ય તેના કાર્યો, સંગઠનો અને સંસ્થાઓ પણ સામેલ છે.) અસ્તિત્વ ધરાવતાં હતા. પરંતુ સમય અને સમાજના વિકાસ સાથે મનુષ્યે પોતાના પર્યાવરણનો વિસ્તાર સામાજિક , આર્થિક અને રાજનૈતિક કાર્યો દ્વારા વધાર્યો. તેથી પર્યાવરણનો સંબંધ એ સમગ્ર દશા સાથે છે જે કોઈ નિશ્ચિત સમયે મનુષ્યની આસપાસ રહે છે.

આ પ્રકરણમાં આપણે પર્યાવરણ વિશે શીખીશું. પર્યાવરણ કે જેને પ્રારંભમાં ભુગોળ સાથે સાંકળીને અભ્યાસ કરવામાં આવ્યો. જેની ઉપેક્ષા કરવામાં આવી જેને મહત્વહીન સમજવામાં આવ્યું તે આજે ભૂગોળ તથા અન્ય વિષયોમાં જ સીમિત નથી. પર્યાવરણના મુદ્દાઓને જન - સાધારણનું ધ્યાન પણ આકર્ષિત કર્યું છે.

## હેતુઓ

આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ તમે :

- પર્યાવરણના અર્થની વ્યાખ્યા કરી શકશો.

- મનુષ્ય અને પર્યાવરણ વચ્ચેના સંબંધને સમજાવી શકશો.
- જૈવિક ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રને સમજાવી શકશો.
- માનવ સમાજ પર થતી પર્યાવરણની અસરોને સમજાવી શકશો.

## 22.1 પર્યાવરણનો અર્થ

પર્યાવરણને વિભિન્ન વ્યકિતઓ દ્વારા તથા વિષયોને અનુસાર અલગ - અલગ રૂપો અને દૃષ્ટિકોણથી જોવામાં આવ્યું છે. એક વાત ચોક્કસ પણે કહી શકાય કે, પર્યાવરણ એક અવિભાજ્ય એકમ છે. જેનું બંધારણ ભૌતિક, જૈવિક અને સાંસ્કૃતિક તત્વો દ્વારા ઘડાયું છે કે, જે અનેક રીતે એકબીજા સાથે વ્યકિતગતરૂપથી અને સામૂહિક રૂપથી જોડાયેલા છે.

ભૌતિક તત્વો (આકાશ, ભૂ - સંરચના, જળ સ્રોત, જલવાયુ, ભૂમિ, ખડકો અને ખનીજ) માનવ વાસના પરિવર્તનશીલ સ્વરૂપ,તેના અવસરો અને સાથે - સાથે તેની સીમાઓનું પણ નિર્ધારણ કરે છે. જૈવિક તત્વો (વૃક્ષો,છોડવાઓ, જીવ - જંતુ, સૂક્ષ્મજીવ, તથા માનવ) જૈવિક મંડળની સંરચના કરે છે સાંસ્કૃતિક તત્વો (આર્થિક, સામાજિક, રાજકીય)અનિવાર્યપણે માનવ નિર્મિત લક્ષણો છે જે સાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ કરે છે.

> પર્યાવરણ શબ્દ અંગ્રેજી શબ્દ Environment નું ગુજરાતી રૂપાંતરણ છે. તેની ઉત્પત્તિ ફ્રેંચ શબ્દ Environment (એનવાયરમેન્ટ) પરથી થઈ છે. જેનો અર્થ 'પરિવેશ અથવા આસપાસ' અથવા 'ચારે - તરફ' એવો થાય છે.

## 22.2 પર્યાવરણના પ્રકારો

પર્યાવરણ ભૌતિક તથા જૈવિક ખ્યાલ છે. જેમાં પૃથ્વીના બંને ઘટકો સજીવ તથા નિર્જીવ સામેલ છે. તેથી મૂળભૂત સંરચનાના આધારે પર્યાવરણને મુખ્યત્વે બે ભાગમાં વિભાજીત કરી શકાય છે.

1. ભૌતિક અથવા અજૈવિક વાતાવરણ (પર્યાવરણ)
2. જૈવિક અથવા સજીવ વાતાવરણ (પર્યાવરણ)

ભૌતિક લક્ષણ અને અવસ્થા અનુસાર અજૈવિક અથવા ભૌતિક વાતાવરણને ત્રણ પેટા વિભાગોમાં વિભાજીત કરી શકાય છે.

1. શિલાવરણ (પૃથ્વી)
2. જલાવરણ ( જલ સ્રોત) અને
3. વાયુમંડળ (ગેસ)

પર્યાવરણના જૈવિક ઘટકોમાં વૃક્ષો, છોડવાઓ (વનસ્પતિ) તથા જીવ - જંતુ (પ્રાણી જગત) જેમાં

મનુષ્ય એક મહત્વપૂર્ણ ઘટક છે. તથા સૂક્ષ્મજીવોનો પણ સમાવેશ કરવામાં આવે છે.

## 22.3 માનવ તથા પર્યાવરણના વચ્ચેનો સંબંધ

માનવ તથા પર્યાવરણ વચ્ચેના સંબંધના અભ્યાસે હંમેશા બધાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. માનવ તથા પર્યાવરણ વચ્ચેના સંબંધે માનવ સમાજના વિકાસને અત્યંત પ્રભાવિત કર્યો છે. એ બાબત ધ્યાન આપવા યોગ્ય છે કે, બધા જીવોમાં મનુષ્ય સર્વાધિક કુશળ અને સુસંસ્કૃત છે તેથી અહીં મનુષ્યના નિમ્નલિખિત ત્રણ પાસાઓનો ઉલ્લેખ કરવો સાર્થક છે.

1. ભૌતિક માનવ જૈવિક સમુદાયનો એક ઘટક છે, અને તેને અન્ય જૈવિક સુમદાયની જેમ ભૌતિક પર્યાવરણના મૂળભૂત તત્વો જેમ કે હવા, પાણી, ભોજન તથા આવાસ વગેરેની જરૂરિયાત હોય છે. તથા તે દ્રવ્યોને પારિસ્થિતિક તંત્રમાં વિસર્જીત કરે છે.

2. સામાજિક માનવ સામાજિક સંસ્થાઓની સ્થાપના કરે છે. સામાજિક સંગઠનોની સંરચના કરે છે તથા પોતાના અસ્તિત્વ, હિત અને કલ્યાણની રક્ષા માટે કાયદાઓ તથા નીતિઓ ઘડે છે.

3. આર્થિક માનવ ભૌતિક તથા જૈવિક વાતાવરણમાંથી કૌશલ્યો અને ટેકનોલોજી દ્વારા સંશાધનો ઉત્પન્ન કરે છે.

પૂર્વ ઐતિહાસિક કાળથી આધુનિક કાળ સુધી માનવ તથા પર્યાવરણ વચ્ચે બદલાતાં સંબંધોને નીચેના ચાર કાળખંડોમાં વિભાજીત કરી શકાય છે.

1. શિકાર અને ભોજન સંગ્રહ
2. પશુપાલન તથા ગ્રામ્ય જીવન
3. વૃક્ષ પાલન તથા ખેતીવાડી
4. વિજ્ઞાન, ટેકનોલોજી અને ઔદ્યોગિકરણ

### 1. શિકાર તથા ભોજન સંગ્રાહક કાળ

આ કાળ ઘોર આદિ માનવ સાથે સંબંધિત છે. જ્યારે તે મુખ્ય રૂપથી પ્રાકૃતિક પર્યાવરણનો એક હિસ્સો હતો. તથા કાર્યાત્મક રૂપથી એક 'જૈવિક માનવ' અથવા " ભૌતિક માનવ" હતો. કારણ કે તેની મૂળભૂત જરૂરિયાતો ભોજન તથા આવાસ સુધી જ સીમિત હતી. માનવ અને પર્યાવરણ વચ્ચે અત્યંત મૈત્રીપૂર્ણ સંબંધ હતો. મનુષ્ય ભ્રમણશીલ જીવન વ્યતીત કરી રહયો હતો ત્યાર પછીના તબક્કામાં તે શિકાર કરતાં શીખ્યો. 'આગ' ની શોધ કે, જે એક સંયોગાત્મક શોધ હતી, તેણે મનુષ્યોને જાનવરોના માંસને ખાતા પહેલા આગ ઉપર પકવતા શેકતા શીખવ્યું. આ આધાર પર આપણે કહી શકીએ કે, આગની શોધ તથા સાથે ઓજારો તથા હથિયારોની શોધે મનુષ્યને લાયક બનાવી દીધો કે તે પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ પોતાના હિત માટે કરી શકે છે. કેટલાક

લોકો એવો પણ નિષ્કર્ષ કાઢે છે કે આગ, એ સર્વપ્રથમ પરિસ્થિતિકીય સાધન હતું , કે જેનો ઉપયોગ મનુષ્યે પર્યાવરણને પોતાના હિત બદલવા માટે કર્યો.

### 2. પશુપાલન તથા ગ્રામ્ય જીવન કાળ

સમય સાથે આદિ માનવ પોતાના લાભ માટે પશુપાલન કરતા શીખ્યો. પ્રારંભમાં સંભવત : તેણે દૂધ દેનારો ગાય - ભેંસ તથા અન્ય જાનવરોને માંસ પ્રાપ્ત કરવા માટે પાળ્યા હશે અને પછી ધીમે - ધીમે પાલતું જાનવરોની સંખ્યા વધી હશે. પહેલાના મનુષ્યોમાં પશુપાલન દ્વારા જ સમૂહ અથવા સમુદાયની ઉત્પત્તિ થઈ હશે. જેનાથી માનવ પોતાની તથા પશુધનની જંગલી જાનવરોથી રક્ષા કરી શકે. પરંતુ ત્યારે પણ તેઓ ભ્રમણશીલ જીવન જ વ્યતીત કરી રહયા હતા. કારણ કે તેમણે પોતાના માટે પાણી, ભોજન તથા પશુઓ માટે ચારો વગેરે માટે એક સ્થાનથી બીજા સ્થાન સુધી વિચરણ કરવું પડતું હતું.

### 3. વૃક્ષપાલન તથા કૃષિકાળ

ભોજન માટે વૃક્ષપાલન આરંભ કરવાની વ્યવસ્થાએ માનવના પશુપાલન કૌશલ્ય તથા પ્રાકૃતિક પર્યાવરણ તંત્રના જૈવિક ઘટકોને નિયંત્રિત કરવાની ક્ષમતાએ પ્રામાણિકતા આપી. વૃક્ષ પાલન સાથે જ પુરાતન કૃષિ પ્રણાલી પ્રારંભ થઈ તથા ભ્રમણશીલ માનવી એ સ્થાયી વ્યવસ્થિત જીવન પ્રારંભ કર્યું. ખાદ્ય પદાર્થોની ખેતીના ફળ સ્વરૂપે સામાજિક સમૂહ તથા સંગઠનોની રચના થઈ. હવે માનવો એ જળ તેમજ ઉપજાઉ ભૂમિની ઉપલબ્ધતાને કારણે નદી ઘાટ પર સ્થાયી રૂપથી રહેવાનું શરૂ કર્યું જેને સભ્યતા કહેવાય છે. અહીંથી માનવ દ્વારા પોતાની આસપાસના પ્રાકૃતિક વાતાવરણનો જ સંશાધનો ને ઉન્નત ખેતી દ્વારા પરિવર્તીત કરવાનું શરૂ થયું. જેના ફળ સ્વરૂપ માનવ આબાદીમાં ધીમે - ધીમે વૃધ્ધિ શરૂ થઈ તેના પરિણામ સ્વરૂપ વધુને વધુ કૃષિ યોગ્ય ભૂમિ પ્રાપ્ત કરવા માટે જંગલોની કાપણી થવા લાગી. સમય સાથે મનુષ્યોએ ગૃહ - નિર્માણ કરી, નગરો તથા શહેરોની સ્થાપના કરી તથા સડક તથા પુલ બનાવીને પોતાના સાંસ્કૃતિક વાતાવરણની રચના કરી.

### 4. વિજ્ઞાન, ટેકનોલોજી તથા ઔદ્યોગીકરણ કાળ

ઓગણીસમી સદીના અંતમાં ઔદ્યોગિક ક્રાંતિ તથા વિજ્ઞાનના આવિષ્કાર અને પારિષ્કૃત ટેકનોલોજીનો વિકાસના પરિણામ સ્વરૂપ માનવ અને તેના પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે મૈત્રી સંબંધોમાં કટુતા વધી. પ્રાકૃતીક પર્યાવરણ પર આધુનીક ટેકનોલોજીનો પ્રભાવ અત્યંત જટીલ અને વિવાદાસ્પદ છે. અત્યંત ઉન્નત ટેકનોલોજી તથા વૈજ્ઞાનિક પધ્ધતિઓના કારણે પ્રાકૃતિક વાતાવરણનું અસંતુલિત શોષણ શરૂ થયું. જેના કારણે આજની મોટા ભાગની પર્યાવરણની સમસ્યાઓ ઉત્પન્ન થઈ.

આદિમાનવના સમયથી લઈને આજ સુધી માનવે પ્રકૃતિની ઉપાસના વિભિન્ન રૂપોમાં કરી છે. (વૃક્ષો, છોડવાઓ, જાનવર, નદીઓ, પર્વતો વગેરે.) પ્રાકૃતીક ઉપાસનાને અનેક સમુદાયોમાં અત્યંત પવિત્ર માનવામાં આવે છે. અનેક સમુદાયો એવા છે કે, જેમાં પ્રકૃતિ માટે અસીમ આદર છે. ભારતના રાજસ્થાનનો 'બિશ્નોઈ' સમુદાય આવા જ સમુદાયોમાંનો એક છે. ભારતીય પરંપરામાં પ્રકૃતિ અને મનુષ્ય, જીવન - સહાય પ્રણાલીના અવિભાજ્ય ભાગ છે. હવા, પાણી, ભૂમિ, વનસ્પતિ તથા પ્રાણી સમુદાય એ પાંચેય તત્વો સંકળાયેલા અન્યોન્યાશ્રિત છે.

## પાઠગત પ્રશ્નો- 22.1


કૌસમાં આપેલ શબ્દો દ્વારા ખાલી જગ્યા પૂરો.

1. 'પર્યાવરણ (Environment) શબ્દની ઉત્પત્તિ ............... શબ્દથી થઈ છે. (લેટિન, અંગ્રેજી, ફ્રેંચ)
2. પર્યાવરણ ને .......... ભાગોમાં વિભાજીત કરી શકાય છે. (2,4,6,7)
3. જૈવિક ઘટકોમાં ............ સામેલ છે. (સજીવ, નિર્જીવ બંને ઘટકો.)
4. માનવ તથા પર્યાવરણ વચ્ચેના સંબંધને ......... ચરણોમાં વિભાજીત કરવામાં આવ્યો છે. (2,6,8,4,5)

## 22.4 જીવમંડળ તથા સામાજિક મંડળ

### 22.4.1 જીવમંડળ

જીવમંડળ એક જીવન સહાય સ્તર છે જે પૃથ્વીને ઘેરી લે છે. તેના દ્વારા કોઈ રક્ષાત્મક ઉપાય વિના પૃથ્વી પર વનસ્પતિ તથા જીવ - જન્તુઓનું જીવન સંભવ બની શકે છે. તેમાં બધા જૈવિક ઘટકો ઉર્જા ઘટકો તથા નિર્જીવ ઘટકો સામેલ હોય છે. જીવિત પ્રાણીઓ તથા ભૌતિક વાતાવરણ વચ્ચે તથા જીવિત પ્રાણીઓ વચ્ચે પણ હંમેશા પરસ્પર આંતરક્રિયા થતી રહે છે. જીવમંડળની સરેરાશ ઊંડાઈ 30 કિ.મી. હોય છે.



પૃથ્વીનું જીવમંડળ

જેમાં જળ, માટી તથા ખડકો સામેલ હોય છે. જીવ મંડળ ઉપરી સીમા ઓક્સિજન ભેજ, તાપમાનની ઉપલબ્ધતા તથા ઉંચાઈની સાથે હવાનું દબાણ ઓછું થવાથી માપી શકાય છે. કારણ કે તેનાથી જ જીવમંડળની પરિસીમા નિર્ધારિત થાય છે. જીવમંડળની નીચેની સીમા હવા તથા પ્રકાશની ઉપલબ્ધતા થી નિર્ધારિત કરવામાં આવે છે. જે જીવનને સંભવ બનાવે છે. તેથી જીવમંડળની ઊંડાઈ, ભૂમિ પર કોઈ વૃક્ષની જમીનની નીચે સૌથી ઉંડા મૂળ સુધી છે અથવા ત્યાં સુધી છે જ્યાં દર વાસી જંતુ રહે છે. અથવા ત્યાં સુધી છે જ્યાં મૂળ આધારશીલ ખડકો છે. જીવ મંડળનો પ્રસાર સમુદ્રની નીચે ખૂબ ઊંડાઈ સુધી છે.

જીવનનું અસ્તિત્વ મહાસાગરમાં તથા ઊંડા સમુદ્રની સપાટી પર 9000 મી.ની ઉંડાઈ સુધી જોવા મળ્યું છે.

### 22.4.2 સામાજિક મંડળ

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. જેમાં સમૂહની સાથે રહેવાની નૈસર્ગિક પ્રકૃતિ રહેલી હોય છે. મનુષ્ય સૌથી વધુ અભિવ્યક્તિશીલ છે તેથી તેનું આચરણ અન્ય મનુષ્યોનો સાથે સંબંધ ધરાવે છે આ પ્રકારે મનુષ્યનો જીવન તરફનો દૃષ્ટિકોણ તથા મૂલ્ય - પ્રણાલીનું નિર્ધારણ તે સમૂહના આકાર અને ગુણ અનુસાર થાય છે. જ્યાંથી તે આવેલ હોય છે.

કોઈ નિશ્ચિત ક્ષેત્રમાં સાથે રહેનાર વ્યક્તિઓનો સમૂહ એક સમુદાયનું નિર્માણ કરે છે. તેથી સમુદાય પરિસ્થિતિ તંત્રના જૈવિક ઘટકો દ્વારા નિર્મિત થાય છે. સમયની સાથે પ્રત્યેક સમુદાયની પ્રજાતિઓએ પોતાના માટે એક વિશેષ સ્થાન બનાવ્યું છે. સમુદાય સ્થિર નહી ગતિશીલ હોય છે. તથા સમય અને સ્થાન અનુસાર પરિવર્તિત થયા કરે છે. કોઈ સમુદાયની પોતાની રચના, બનાવટ તથા પ્રગતિશીલ ઈતિહાસ હોય છે. પર્યાવરણ તથા સમાજ પરસ્પર સંબંધિત તથા અન્યોન્યાશ્રિત હોય છે. વિભિન્ન સામાજિક સમૂહો તથા સામાજિક સંરચનાઓ જેમ કે ઔદ્યોગિક, કૃષિ, રાજકીય, સાંસ્કૃતીક, ધાર્મિક તથા સૌંદર્યશાસ્ત્ર વગેરેની ઉત્પત્તિ તથા વિકાસ માનવ સભ્યતાના વિકાસ દરમિયાન વિભિન્ન તબકકાઓમાં થયો છે. તથા આ સામાજિક સંરચનાઓ માનવના સંગ્રહિત સાંસ્કૃતિક સંસાધનોના નિર્દેશકો છે. જે મૂળરૂપથી પ્રાકૃતિક વાતાવરણ પર આધારિત છે. પર્યાવરણમાં સમયની સાથે નિરંતર પરિવર્તન થતું રહે છે. જેનું કારણ છે.

1. જળવાયુ તથા ભૂ - આકૃતિમાં પરિવર્તન તથા
2. સમુદાયની અંદર પ્રજાતિઓની ગતિવિધી.

આ પ્રભાવોને કારણે અસ્તિત્વ ધરાવતા સમુદાયોના પ્રભુત્વમાં વિશિષ્ટ પરિવર્તન થયું છે. માનવ વ્યવહાર ભૌગોલિક વાતાવરણ અનુસાર પોતાની વિશિષ્ટતા ,સામાજિક સંગઠન, સામાજિક પ્રક્રિયાઓ, આર્થિક વ્યવસ્થા, અને સંસ્કૃતિ દ્વારા ઓળખાય છે. જનસંખ્યાનું ઘનત્વ અને વિતરણ, સામાજિક ભેદભાવ, સાંસ્કૃતિક અસમાનતા, આર્થિક, રાજકીય, સામાજિક, ધાર્મિક સંગઠનોની વિશેષતાઓ, અને દરેક સામાજિક ઘટનાઓ સામાજિક મંડળના વિકાસમાં યોગદાન આપે છે.

### પાઠગત પ્રશ્નો- 22.2

નીચે આપેલા વિધાનો સત્ય કે અસત્ય છે તે જણાવો.

1. જીવમંડળ એક જીવન સહાય સ્તર છે. જે પૃથ્વીને ઘેરી રાખે છે. (સત્ય/ અસત્ય)
2. જીવમંડળની સરેરાશ જાડાઈ 50 કી.મી. છે. (સત્ય/ અસત્ય)
3. જીવમંડળમાં ભૌમિક અને જલીય જૈવિક પ્રણાલીઓ સામેલ છે. (સત્ય/અસત્ય)

4. વ્યક્તિઓ સમૂહ કે જે કોઈ નિશ્ચિત ક્ષેત્રમાં સાથે રહે છે તે સમુદાયનું નિર્માણ કરે છે. (સત્ય/અસત્ય)

5. પર્યાવરણ સંતુલિત અવસ્થામાં અને ગતિશીલ છે. (સત્ય/ અસત્ય)

## 22.5 માનવ સમાજ પર પર્યાવરણનો પ્રભાવ

કેટલાક સમયથી માનવ સમાજ પર પર્યાવરણનો પ્રભાવ અત્યંત પડકારજનક રીતે પ્રગટ થઈ રહયો છે. વિકાસને ઘણા સમયથી પ્રાકૃતિક સંશોધનોના અલ્પ ઉપયોગથી જોડવામાં આવે તો તો એ વાત પર ઓછું ધ્યાન આપવામાં આવ્યું કે અંશતઃ શોષણના સતત વિચારો અત્યાધિક શોષણમાં પરિણમવા સંભવ છે. આપણે એવું માની લીધું હતું કે, પ્રાકૃતિક સંશાધન અસીમ પ્રમાણમાં છે. પર્યાવિરણ પ્રક્રિયામાં એ તમામ ભૌતિક પ્રક્રિયાઓ સામેલ છે. જે પૃથ્વીની સપાટી પર બાહ્ય તથા આંતરિક બંને રૂપોમાં ક્રિયાન્વિત હોય છે. જો, કે માનવે પ્રાકૃતિક પ્રક્રિયાઓ સાથે હસ્તક્ષેપ અથવા સ્થાયી જીવનના પ્રારંભમાં જ કરી દીધી હતી. પરંતુ તેની સર્વાધિક ઝડપ ઔદ્યોગિક ક્રાંતિ પછી શરૂ થઈ.

આધુનિક ટેક્નોલોજીનો અનેક રૂપોથી પર્યાવરણ પર પ્રભાવ પડે છે. તથા અત્યંત જટીલ હોય છે. કારણ કે, આપણી પ્રાકૃતિક અવસ્થા અને પ્રક્રિયાનાં પરિવર્તન અને રૂપાતંરણથી પર્યાવરણના જૈવિક અને અજૈવિક ઘટકોમાં પરિવર્તનની ક્રમબધ્ધ પ્રક્રિયા થાય છે. આપણે જોઈએ છીએ કે , આધુનિક ટેકનોલોજી અને ઉન્નતિશીલ વિજ્ઞાનના જ્ઞાનથી સભર માનવ પર્યાવરણ પ્રક્રીયાને બદલવાનું એક મહત્વપૂર્ણ ઘટક બની ગયો છે. એ વાતને પણ પૂર્ણ રીતે સમજવી પડશે, કે પ્રકૃતિના કોઈ પણ એક અવયવ (જેમ કે વાયુ, ભૂમિ, જળ, વનસ્પતિ તથા પ્રાણી) ની અડચણથી પ્રકૃતિમાં અસંતુનલનની સંભાવના વધી જાય છે. પ્રાકૃતિક પ્રક્રિયાઓ અથવા માનવીય ઘટકા કયારેક પ્રાકૃતીક વાતાવરણ ને બગાડી દે છે. જે માનવ સમાજ માટે મુશ્કેલીઓ (જેમ કે જ્વાળામુખી, ભૂંકપ, પૂર, વાવાઝોડું) નું કારણ બની જાય છે. આના પરિણામ સ્વરૂપ જાન -માલને ખૂબ નુકશાન થાય છે. પર્યાવરણની સમસ્યા મનુષ્યના સ્વાસ્થ્યને નીચેની રીતે પ્રભાવિત કરે છે.



આકૃતિ. પાણી પ્રદૂષણ .....

1. હવાનું પ્રદૂષણ શ્વાસના રોગોનું કારણ બને છે.
2. પાણીનું પ્રદૂષણ આંતરડાના રોગોનું નિમિત્ત બને છે.
3. ગંદકીનું પ્રદૂષણ જંતુઓ દ્વારા ફેલાતા રોગોનું કારણ બને છે.
4. નશીલા દ્રવ્યોનું પ્રદૂષણ કેન્સર અને જ્ઞાનતંતુઓને લગતા રોગોનું નિમિત્ત બને છે.

તેથી, શિક્ષણે પર્યાવરણની અસરો વિશે જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરવું જોઈએ. કારણ કે માનવ સમાજ માટે સ્વચ્છ પર્યાવરણ મૂલ્યવાન છે.

## પાઠગત પ્રશ્નો- 22.3

આપેલા વિધાનો સત્ય કે અસત્ય જણાવો.

1. મનુષ્ય કદી પણ પર્યાવરણને ખલેલ પહોંચાડતો નથી. (સત્ય/અસત્ય)
2. સમાજ પરક પર્યાવરણની અસરો હંમેશા હકારાત્મક હોય છે. (સત્ય/અસત્ય)
3. અસામાન્ય ઘટનાઓ માનવ સમાજ માટે વિનાશક નથી. (સત્ય/અસત્ય)
4. શિક્ષણનો આધાર એટલો વિશાળ હોવો જોઈએ કે, જે પર્યાવરણની અસરો વિશે જાગૃતિ લાવી શકે. (સત્ય/અસત્ય)

---

## તમે જે શીખ્યા

- પર્યાવરણ એવી સ્થિતિઓ સરવાળા સમૂહો સૂચવે છે કે જે ચોક્કસ સમયે અને ચોક્કસ સ્થળે મનુષ્યની આસપાસ હોય છે.
- ભૂતકાળમાં મનુષ્યના પર્યાવરણમાં માત્ર પૃથ્વીની ભૌતિક બાબતો (હવા, પાણી, અને જમીન) તથા જૈવિક સૃષ્ટિનો સમાવેશ થતો હતો.
- તેમ છતાં, સમય જતા સમાજના વિકાસ સાથે મનુષ્યએ પોતાના પર્યાવરણના ખ્યાલના સામાજિક, આર્થિક અને રાજકીય બાબતોનો પણ સમાવેશ કર્યો.
- પર્યાવરણ એ ભૌતિક અને જૈવિક બંને ખ્યાલોનો સમાવેશ કરે છે. જેમાં પૃથ્વીના નિર્જીવ અને સજીવ ઘટકોનો સમાવેશ થાય છે.
- આ માળખાને આધારે પર્યાવરણને બે પ્રકારમાં વહેંચવામાં આવે છે.
  (1) ભૌતિક અથવા અજૈવિક પર્યાવરણ.
  (2) જૈવિક અથવા સજીવ પર્યાવરણ.
- સમયની સાથે માણસ અને પર્યાવરણનો સંબંધ બદલ્યો છે. પર્યાવરણના સંબંધમાં મનુષ્યના ત્રણ પાસાંઓ (1) ભૌતિક(2) સામાજિક (3) આર્થિક નોંધવા જેવા છે.
- પૂર્વ ઐતિહાસિક સમયથી આધુનિક સમય સુધીમાં મનુષ્ય અને પર્યાવરણ વચ્ચેના સંબંધમાં થયેલા ફેરફારોને ચાર તબક્કામાં વહેંચી શકાય.
  1) શિકાર અને ભોજન સંગ્રહ

2) પશુપાલન તથા ગ્રામ્ય જીવન
3) વૃક્ષપાલન તથા ખેતીવાડી
4) વિજ્ઞાન, ટેકનોલોજી અને ઔદ્યોગીકીકરણ

- જીવમંડળ એક જીવન સહાય સ્તર છે કે જે પૃથ્વીની આસપાસ રહેલું છે અને વનસ્પતિ તથા પ્રાણીઓના જીવનને કોઈ પણ રક્ષાત્મક સાધનો વગર શકય બનાવે છે. સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય તત્વો સામાજિક મંડળનું નિર્માણ કરે છે.

- પર્યાવરણ પરિવર્તન પ્રક્રિયાનું એક સક્રિય ઘટક હોવાને કારણે મનુષ્ય કુદરતી સ્ત્રોતોના શોષણ દ્વારા પર્યાવરણ પ્રણાલીને બદલે છે.માનવ સમાજ પર પર્યાવરણની અસરો એ એક મોટો પડકાર છે. આધુનિક ટેકનોલોજી અને વૈજ્ઞાનિક જ્ઞાન એ પર્યાવરણમાં પરિવર્તન લાવતા અગત્યના પરિબળો બન્યાં છે.

## શબ્દાવલી

1. પર્યાવરણ - બાહ્ય દશાનું એવું આવરણ છે કે જે મનુષ્ય, પ્રાણી અથવા વનસ્પતિના વિકાસ અને જીવન તથા કાર્ય કરવાની સ્થિતિને પ્રભાવિત કરે છે.
2. જૈવિક - પૃથ્વીના જીવીત અથવા સજીવ તત્વો.
3. અજૈવિક - પૃથ્વીના નિર્જીવ તત્વો.
4. શિલાવરણ- પૃથ્વી પરનું નક્કર આવરણ.
5. જલાવરણ - પૃથ્વી પર રહેલું જળનું આવરણ.
6. વાયુમંડળ - પૃથ્વીની ફરતે રહેલ વાયુનું આવરણ.
7. વનસ્પતિ જગત - નિશ્ચિત વિસ્તાર અને નિશ્ચિત સમયે રહેલા વૃક્ષો અને છોડવાઓ.
8. પ્રાણી જગત - નિશ્ચિત વિસ્તારમાં અને નિશ્ચિત સમયે રહેલાં પ્રાણીઓ કે જીવ- જંતુઓ.
9. પશુપાલન- પશુઓના પાલનની પ્રક્રિયા.
10. સ્થળચર :- જમીન પર જોવા મળતી વનસ્પતિ અને પ્રાણીઓ.
11. જળચર - પાણીમાં વિકસતાં, રહેતા અને જોવા મળતા વનસ્પતિઓ અને પ્રાણીઓ
12. પર્યાવરણ પ્રણાલી - પર્યાવરણ અને તેની આસપાસના વાતાવરણ વચ્ચેનો સંબંધ.
13. બાયોમ્સ :- કોઈ ચોક્કસ પ્રકારના વૃક્ષો જે પ્રાણીઓનો સમૂહ.
14. પ્રજાતિઓ :- પ્રાણીઓ, વનસ્પતિ તથા મનુષ્યનો એવો સમૂહ કે જે સમાન ગુણો ધરાવતો હોય.

## પાઠાંત પ્રશ્નો

100-250 શબ્દોમાં જવાબ લખો.

1. પર્યાવરણ એટલે શું ? (100 શબ્દો)
2. મનુષ્ય અને પર્યાવરણ વચ્ચેના સંબંધના તબક્કાઓનું વર્ણન કરો.
3. જીવમંડળ શું છે ? જીવમંડળની બે પેટા પ્રણાલીઓના નામ આપો.
4. સામાજિક મંડળ એટલે શું ? (100 શબ્દો )
5. પર્યાવરણની માનવ સમાજ પર અસરો સમજાવો.

## પાઠગત પ્રશ્નોના

**22.1**

1. ફ્રેંચ
2. 2
3. નિર્જીવ
4. 4

**22.2**

1. સત્ય
2. અસત્ય
3. સત્ય
4. સત્ય
5. અસત્ય

**22.3**

1. અસત્ય
2. અસત્ય
3. અસત્ય
4. સત્ય

# ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમ
# સમાજશાસ્ત્ર

## મહત્વ :

*માધ્યમિક ધોરણના અભ્યાસ પછી, વિદ્યાર્થીમાં થોડી નૈસર્ગિક અને વ્યકિત જે સમાજમાં રહે છે. તેની સમજણ વિકસે છે.*

*સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોને સમજવામાં મદદ કરે છે. માણસ સમાજની રચના કેવી રીતે કરે છે તથા અન્ય વ્યકિતઓ તથા સમૂહો સાથે કેવી રીતે વર્તે તેની સમજૂતી સમાજશાસ્ત્રનાં અભ્યાસથી મળે છે. સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાઓ જેવી કે અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર , ઈતિહાસ, મનોવિજ્ઞાન, ભૂગોળ, નૃવંશશાસ્ત્ર વગેરેને ધ્યાનમાં લઈ સમાજનો અભ્યાસ કરે છે. આ ઉપરાંત સમાજશાસ્ત્ર માનવ - સમાજના વૈવિધ્યને તપાસે છે. જેવા કે જ્ઞાતિ, જાતિ, વર્ગ વગેરે સંબંધોમાં રહેલું વૈવિધ્ય.*

*સમાજ વિશેનું અજ્ઞાન દરેક પ્રકારના સામાજિક દૂષણનું મૂળ છે. યોગ્ય વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા સમાજનો અભ્યાસ કરવામાં આવે તો આપણે એક સુંદર સમાજની રચના કરી શકીએ. ઓગસ્ટ કોમ્ટે, સમાજશાસ્ત્રના પીતા એવું જણાવે છે કે જયારે માણસને સમાજનું વિજ્ઞાન ઘડી કાઢશે ત્યારે તે જે તે સમાજનાં ભાગ્ય વિધાતા બની જશે.*

*પરિવર્તન સતત અને શાશ્વત છે આજના જગતમાં આવી રહેલા પરિવર્તનો સમાજશાસ્ત્રને એક ખૂબ જ મહત્વનો વિષય બતાવે છે. સમાજશાસ્ત્રનો આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને સામાજિક પરિવર્તન અને વિકાસ અંગે માહિતગાર કરશે. ખાસ કરીને ભારતીય સમાજના સંદર્ભમાં તે ઊંડી સૂઝ કેળવશે. વિદ્યાર્થીને ભારતના એક નાગરિક તરીકે સમાજ જીવનની વાસ્તવિકતાનો ચિતાર મળવો જોઈએ અને તેથી આ અભ્યાસ ક્રમ તેમને ખૂબ જ ઉપયોગી નીવડશે.*

## હેતુઓ

*પાઠયક્રમના હેતુઓ નીચે મુજબ છે.*

- *વિદ્યાર્થીને સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો વિશે માહિતગાર કરવા.*
- *તેમને સમાજની વિવિધ સંસ્થાઓ અને સમાજના વિવિધ ભાગો વિશે માહિતગાર કરવા.*
- *તેમને પરિવર્તનની પ્રક્રિયા અને સમાજમાં થતો વિકાસ અને ભારતીય સમાજને કેન્દ્રમાં રાખીને માહિતગાર કરવા.*
- *ભારતીય સમાજના વિવિધ વિસ્તારો વિશે પરિચિત કરવા.*

**સમય અને ગુણ વિભાજન**

| મોડ્યુલ | ગુણ | અભ્યાસનો સમય |
|---|---|---|
| 1. સમાજશાસ્ત્ર : મૂળભૂત ખ્યાલો | 30 | 70 |
| 2. સામાજીક સંસ્થાઓ અને સામાજીક સ્તરીકરણ | 12 | 35 |
| 3. સામાજિક પરિવર્તન, સામાજીકરણ અને સામાજિક નિયમન | 13 | 35 |
| 4. ભારતીય સમાજ | 30 | 60 |
| 5. વૈકલ્પિક (કોઈ પણ એક) સ્ત્રીઓનો દરજ્જો અથવા સંસ્કૃતિ | 15 | 40 |
| **કુલ** | **100** | **240** |

## મોડ્યુલ - 1

### શીર્ષક : સમાજશાસ્ત્ર : મૂળભૂત ખ્યાલો

**સમય : 70 કલાક** **કુલ ગુણ : 30**

**અભિગમ :**

આ મોડ્યુલ વિદ્યાર્થીને સમાજશાસ્ત્ર વિશે માહિતગાર કરવા માટે છે તે વિદ્યાર્થીને સમાજશાસ્ત્રની વ્યાખ્યા, તેનો વિકાસ અને વૃદ્ધિ તેમજ સામાજિક વિજ્ઞાન સાથેનો સંબંધં, વિશે માહિતગાર કરે છે. એના ઉપરાંત વિદ્યાર્થીને સામાજીક સંશોધનમાં ઉપયોગ થતી રીતો વિશે માહિતગાર કરે છે. સામાજીક મૂળભૂત ખ્યાલોનું મહત્વ પણ આ મોડ્યુલ સમજાવે છે.

**વિષય વસ્તુ :**

1.1 સમાજશાસ્ત્રની પ્રસ્તાવના
1.2 સમાજશાસ્ત્રનો ઉદ્દભવ અને વિકાસ
1.3 સમાજશાસ્ત્ર : અન્ય સામાજીક વિજ્ઞાન સાથે સંબંધ
1.4 સમાજશાસ્ત્રના સંશોધનમાં પધ્ધતિઓ અને રીતો
1.5 સમાજ,............., સંગઠન અને સંસ્થા
1.6 સામાજીક સમુદાય
1.7 સામાજીક માળખુ અને સામાજિક વ્યવસ્થા
1.8 ધોરણો અને મૂલ્યો
1.9 દરજ્જદ અને ભૂમિકા
1.10 સાહચર્ય, સ્પર્ધા અને સંઘર્ષ
1.11 સંસ્કૃતિકરણ, સંમિશ્રણ અને એકત્રીકરણ

## મોડ્યુલ - 2

### શીર્ષક : સામાજીક સંસ્થાઓ અને સામાજીક સ્તરીકરણ

**સમય : 35 કલાક** **ગુણ - 12**

**અભિગમ : -**

આ મોડ્યુલ વિદ્યાર્થીને સામાજીક સંસ્થાઓ વિશે અને સામાજીક વિભાગો જે અધિક્રમ, ભેદભાવ અને અસમાનતા પર આધારીત છે તેના વિશે પરિચિત કરશે.

**વિષયવસ્તુ :**

2.1 લગ્ન
2.2 કુટુંબ
2.3 રાજાશાહી
2.4 અર્થતંત્ર, રાજયવ્યવસ્થા અને ધર્મ
2.5 સામાજીક સ્તરીકરણ, સ્તરીય વ્યવસ્થા, ભેદભાવ અને અસમાનતા

**મોડ્યુલ - 3**

**શીર્ષક : સામાજીક પરિવર્તન, સામાજીકરણ અને સામાજીક નિયંત્રણ**

**સમય : 35 કલાક** **ગુણ - 13**

**અભિગમ : -**

*આ મોડ્યુલ સામાજીકરણ દ્વારા સમાજના સભ્ય બનવું અને સમાજમાં થતી સામાજિક પરિવર્તનોની પ્રક્રિયા વિશે માહિતગાર કરશે. સામાજિક નિયંત્રણ, સમાજ અને પર્યાવરણ વચ્ચેના સંબંધ વિશે પરીચીત કરશે.*

**વિષયવસ્તુ :**

3.1 સામાજીક પરિવર્તનના પાસાઓ
3.2 સામાજીક પરિવર્તનની પ્રક્રિયાઓ
3.3 સામાજીકરણ
3.4 સામાજીક નિયંત્રણ
3.5 સામાજીક વિઘટન
3.6 સમાજ અને પર્યાવરણ

**મોડ્યુલ - 4**

**શીર્ષક : ભારતીય સમાજ**

**સમય : 60 કલાક** **ગુણ : 30**

**અભિગમ :**

*આ મોડ્યુલ વિદ્યાર્થીને ભારતીય સામાજીક વિચારકો અને ભારતીય સમાજના વિવિધ પાસાઓ વિશે પરિચિત કરશે આ વિષય વિદ્યાર્થીને ભારતીય સમાજની મુખ્ય સમસ્યાઓ અને નબળી સમસ્યાઓ વિશે પરિચિત કરશે.*

**વિષય વસ્તુ :**

4.1 ભારતીય સામાજિક વિચારકો
4.2 એકતા અને વૈવિધ્ય
4.3 રાષ્ટ્રીય એકત્રીકરણ, ખ્યાલ અને પડકાર
4.4 ભારતીય સમાજ : આદિજાતિ, ગ્રામ્ય અને શહેરી
4.5 ભારતમાં જ્ઞાતિવ્યવસ્થા
4.6 ભારતમાં મુખ્ય ધાર્મિક જૂથો
4.7 ભારતની મુખ્ય સામાજિક સમસ્યા
4.8 અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની સમસ્યાઓ
4.9 અન્ય પછાત વર્ગોની સમસ્યાઓ

મોડ્યુલ - **5**

## વૈકલ્પિક રજૂઆત

**સમય : - 40** **ગુણ - 15**

**અભિગમ : -**

*આ મોડ્યુલ વિદ્યાર્થીની રૂચિ પ્રમાણે ચોક્કસ વિષયના જ્ઞાનમાં વધારો કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. સંસ્કૃતિ અથવા સ્ત્રીઓના દરજ્જા વિશે, વિદ્યાર્થી અભ્યાસ અથવા પરીક્ષા માટે બે માંથી એક મોડ્યુલ પસંદ કરી શકે છે.*

**(અ) સ્ત્રીઓનો દરજ્જો : -**

**અભિગમ : -**

*આ મોડ્યુલ વિદ્યાર્થીને ઐતિહાસિકથી અત્યાર સુધીના સ્ત્રીઓના દરજ્જાના પરિચય માટે તૈયાર કરવામાં આવ્યો છે જાતીય અસમાનતા અને સ્ત્રીઓની સમસ્યા અને તેઓની સમાનતા અને સ્ત્રી સશક્તિકરણના પ્રયાસો પણ વર્ણવે છે.*

5.1 *સમાજ અને પર્યાવરણ*

5.2 *ઐતિહાસીક અને સાંસ્કૃતિક દ્દષ્ટિકોણ*

5.3 *જાતીય અસમાનતા*

5.4 *સ્ત્રીઓની સમસ્યાઓ*

5.5 *સમાનતા અને સ્ત્રી સશક્તિકરણના પ્રયાસો*

**અથવા**

**(બ) સંસ્કૃતિ :**

**અભિગમ :**

*આ મોડ્યુલ વિદ્યાર્થીને સંસ્કૃતિના ખ્યાલ અને તેની લાક્ષણિકતાઓ વિશે પરિચીત કરવા માટે તૈયાર કરેલ છે. ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાઓ અને ભારતીય સાંસ્કૃતિક વારસા વિશે માહિતગાર કરશે. સંસ્કૃતિ ઉપર સમૂહ સંચારના માધ્યમની અસર ટૂંકમાં વર્ણવશે.*

5.1 *સંસ્કૃતિ : ખ્યાલ અને લાક્ષણિકતાઓ*

5.2 *ભારતીય સાંસ્કૃતિક વારસો*

5.3 *સાંસ્કૃતિક વૈવિધ્ય*

5.4 *સમૂહ સંચાર માધ્યમો અને સંસ્કૃતિ*

પુર્ણ કરી આજે પ્રતિકિયા ફોર્મ પોસ્ટ કરો

અંતિમ ફોલ્ડ અને સીલ

## પ્રતિક્રિયા અને પાઠો

| પાઠ નં. | પાઠનું નામ | વિષયવસ્તુ | | | ભાષા | | ચિત્ર | | તમે શું શીખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મુશ્કેલ | મનોરંજક | મુંઝવતું | સાદી | જટિલ | ઉપયોગી | બિન ઉપયોગી | ખુબ જ ઉપયોગી | બિન ઉપયોગી |
| 1. | | | | | | | | | | |
| 2. | | | | | | | | | | |
| 3. | | | | | | | | | | |
| 4. | | | | | | | | | | |
| 5. | | | | | | | | | | |
| 6. | | | | | | | | | | |
| 7. | | | | | | | | | | |
| 8. | | | | | | | | | | |
| 9. | | | | | | | | | | |
| 10. | | | | | | | | | | |
| 11. | | | | | | | | | | |
| 12. | | | | | | | | | | |
| 13. | | | | | | | | | | |

---ચોથું ફોલ્ડ---

---ત્રીજો ફોલ્ડ---

વિદ્યાર્થી મિત્રો,

તમે આ આખા સ્વાધ્યાય પુસ્તકને ચોકકસપણે આનંદથી માણ્યું હશે. અહી અમારો પ્રયત્ન આ અભ્યાસ સામગ્રીને સુસંગત, અસરકારક અને રસપ્રદ બનાવવાનો રહ્યો છે. અભ્યાસ સામગ્રી તૈયાર કરવી એ દ્વિમાગી પ્રક્રિયા છે. તમારા પ્રતિભાવો અમને આ અભ્યાસ સામગ્રીને સુધારવામાં મદદરૂપ થશે. થોડો સમય કાઢીને અહી આપેલ પ્રતિભાવપત્રક ભરો જેથી વધુ રસપ્રદ અને ઉપયોગી સામગ્રી બનાવી શકાય.

આભાર

કો–ઓર્ડિનેટર

(**નામા પધ્ધતિ**)

## પ્રતિક્રિયા ઉપર પ્રશ્નો

| પાઠ નં. | પાઠનું નામ | Intext પ્રશ્નો | | ટર્મિનલપ્રશ્નો | | |
|---|---|---|---|---|---|---|
| | | ઉપયોગી | બિનઉપયોગી | સહેલા | મુશ્કેલ | ખુબ મુશ્કેલ |
| 1. | | | | | | |
| 2. | | | | | | |
| 3. | | | | | | |
| 4. | | | | | | |
| 5. | | | | | | |
| 6. | | | | | | |
| 7. | | | | | | |
| 8. | | | | | | |
| 9. | | | | | | |
| 10. | | | | | | |
| 11. | | | | | | |
| 12. | | | | | | |
| 13. | | | | | | |

બીજો ફોલ્ડ

તમારું સુચન

શું તમે મનોવિજ્ઞાનના અભ્યાસ માટે બીજા કોઈ પુસ્તકનો ઉપયોગ કર્યો ?
હા / ના
જો હા, તો ઉપયોગ કરવાનું કારણ આપો.

નામ : ______________________

એનરોલમેન્ટ નં. ______________________

સરનામું : ______________________

______________________

વિષય : ______________________

પુસ્તક નં. : ______________________

ટપાલ
ટિકિટ

**મદદનીશ નિયામક (શૈક્ષણિક)**
રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન
(MHRD), ભારત સરકાર હસ્તક (સ્વાયત્ત) સંસ્થા)
એ-૨૪-૨૫, ઇન્સ્ટિટયૂશનલ વિસ્તાર, સેક્ટર- ૬૨, નોઈડા-
૨૦૧૩૦૯ (યુ. પી. )

કોઈ જોડાણ માન્ય નથી